
# બ્રહ્મોપદેશ


(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનાં ૧૯૭૫-૭૬ના અક્ષરશઃ સળંગ પ્રવચનો)

## ભાગ ૬













પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૬)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૭૫ના જીવ અધિકાર ગાથા-૧૩ થી ૧૯, શ્લોક-૧૮ થી ૩૨, વ્યવહારચારિત્ર અધિકાર ગાથા-૫૬ થી ૭૬, શ્લોક-૭૬ થી ૧૦૭ ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત ૨૦૮૦ | વીર સંવત ૨૫૫૦ | ઈ. સન ૨૦૨૪

**પ્રકાશન તિથિ**

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૧૧૧મો
જન્મજયંતિ મહોત્સવ, સોનગઢ, તા. ૨૧-૮-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયે'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુધ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુધ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



**સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા**

જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર



**સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા**

જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## બ્રહ્મોપદેશ ભાગ-૬ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૭૦, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૫૬ | ૧૯–૦૧–૧૯૭૬ | શ્લોક–૧૮ થી ૨૦ | ૦૦૧ |
| ૧૫૭ | ૨૦–૦૧–૧૯૭૬ | ગાથા–૧૩, શ્લોક–૨૧–૨૨ | ૦૧૪ |
| ૧૫૮ | ૨૧–૦૧–૧૯૭૬ | ગાથા–૧૩, શ્લોક–૨૩ | ૦૨૮ |
| ૧૫૯ | ૨૨–૦૧–૧૯૭૬ | ગાથા–૧૫, શ્લોક–૨૪–૨૬ | ૦૪૧ |
| ૧૬૦ | ૨૩–૦૧–૧૯૭૬ | ગાથા–૧૫ | ૦૫૨ |
| ૧૬૧ | ૨૫–૦૧–૧૯૭૬ | ગાથા–૧૫ થી ૧૭, શ્લોક–૨૭ | ૦૬૫ |
| ૧૬૨ | ૨૬–૦૧–૧૯૭૬ | ગાથા–૧૬થી૧૮, શ્લોક–૨૮થી૩૦ | ૦૭૮ |
| ૧૬૩ | ૨૭–૦૧–૧૯૭૬ | ગાથા–૧૮, શ્લોક–૩૧ થી ૩૪ | ૦૯૦ |
| ૧૬૪ | ૨૮–૦૧–૧૯૭૬ | ગાથા–૧૯, શ્લોક–૩૫ | ૧૦૧ |
| ૧૬૫ | ૨૯–૦૧–૧૯૭૬ | ગાથા–૧૯ | ૧૧૩ |
| ૧૬૬ | ૩૦–૦૧–૧૯૭૬ | ગાથા–૫૬, શ્લોક–૩૬ | ૧૨૬ |
| ૧૬૭ | ૦૧–૦૨–૧૯૭૬ | ગાથા–૫૬, શ્લોક–૭૬ | ૧૩૮ |
| ૧૬૮ | ૦૨–૦૨–૧૯૭૬ | ગાથા–૫૭થી૫૯, શ્લોક–૭૭ થી ૭૯ | ૧૫૦ |
| ૧૬૯ | ૦૩–૦૨–૧૯૭૬ | ગાથા–૬૦ | ૧૬૦ |
| ૧૭૦ | ૦૪–૦૨–૧૯૭૬ | ગાથા–૬૧, શ્લોક–૮૦ | ૧૭૧ |
| ૧૭૧ | ૦૫–૦૨–૧૯૭૬ | ગાથા–૬૧, શ્લોક–૮૧–૮૨ | ૧૮૨ |
| ૧૭૨ | ૦૬–૦૨–૧૯૭૬ | ગાથા–૬૨, શ્લોક–૮૩–૮૪ | ૧૯૩ |
| ૧૭૩ | ૦૮–૦૨–૧૯૭૬ | ગાથા–૬૩, શ્લોક–૮૫ | ૨૦૫ |
| ૧૭૪ | ૦૯–૦૨–૧૯૭૬ | કળશ–૮૬ | ૨૧૮ |
| ૧૭૫ | ૧૦–૦૨–૧૯૭૬ | ગાથા–૬૪–૬૫, શ્લોક–૮૭ થી ૮૯ | ૨૨૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૬ | ૧૧–૦૨–૧૯૭૬ | ગાથા–૬૬–૬૭, શ્લોક–૯૦થી૯૨ | ૨૪૨ |
| ૧૭૭ | ૧૨–૦૨–૧૯૭૬ | ગાથા–૬૮, શ્લોક–૯૨–૯૩ | ૨૫૪ |
| ૧૭૮ | ૧૩–૦૨–૧૯૭૬ | ગાથા–૬૮–૬૯, શ્લોક–૯૩–૯૪ | ૨૬૭ |
| ૧૭૯ | ૧૫–૦૨–૧૯૭૬ | ગાથા–૭૦–૭૧, શ્લોક–૯૫–૯૬ | ૨૮૦ |
| ૧૮૦ | ૧૬–૦૨–૧૯૭૬ | ગાથા–૭૨, શ્લોક–૯૭ થી ૧૦૨ | ૨૯૨ |
| ૧૮૧ | ૧૭–૦૨–૧૯૭૬ | ગાથા–૭૩, શ્લોક–૧૦૩–૧૦૪ | ૩૦૫ |
| ૧૮૨ | ૧૮–૦૨–૧૯૭૬ | ગાથા–૭૪, શ્લોક–૧૦૪ | ૩૧૭ |
| ૧૮૩ | ૧૯–૦૨–૧૯૭૬ | ગાથા–૭૫, શ્લોક–૧૦૫ | ૩૨૯ |
| ૧૮૪ | ૨૦–૦૨–૧૯૭૬ | ગાથા–૭૫–૭૬, શ્લોક–૧૦૬–૧૦૭ | ૩૪૦ |

# બ્રહ્મોપદેશ

(ભાગ–૬)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**પોષ વદ-૨, સોમવાર, તા. ૧૯-૦૧-૧૯૭૬**
**કળશ-૧૮ થી ૨૦, પ્રવચન નં. ૧૫૬**

૧૮મો કળશ ચાલે છે. નિયમસાર. ૧૧-૧૨ ગાથા પછી છેને ૧૮મો કળશ? એ છેને? '**આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.**' ત્યાંથી શરૂ છે. શું કહ્યું એ? સંસારરૂપી રાગ અને દ્વેષ અને મિથ્યાત્વ એ સંસારરૂપી લતાની વેલડી. વેલડી કહે છેને? એનું મૂળ છેદવાને. એનું મૂળ. દાતરડારૂપ. દાતરડું સમજ્યા? શું કહે છે? ખુરપો. '**આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.**' શું કહ્યું એ? કે આ આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ અને અનંત ચારિત્ર અને અનંત સુખરૂપ જે દ્રવ્યસ્વભાવ ભરેલો છે. આહા..હા..! એની અંતર ભાવના કરવી એ બ્રહ્મોપદેશ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ લોકો વ્રત ને દયા ને દમન ને તપને કરે છે એ તો બધો રાગ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! ધર્મ તો અહીંયાંથી ઉત્પન્ન થાય છે કે ભગવાન આત્મા અનંત આનંદ, અનંત.. આવ્યુંછેને માથે? ચતુષ્ટય આવી ગયું એમાં. સુખામૃતથી ભરેલો આત્મા અનંત ચારિત્ર, અનંત ચિત્શક્તિ, વીર્ય અને દૃષ્ટિ ત્રિકાળ. છેને?

'(**અતુટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપી શ્રદ્ધા...**' વસ્તુમાં શ્રદ્ધા સ્વભાવ હોં ત્રિકાળ. આહા..હા..! એવા '**અનંતચતુષ્ટયથી જે સનાથ છે...**' આત્મા.

આહા..હા..! પોતાના સ્વભાવમાં અનંત સુખ છે, અનંત ચારિત્ર છે. સ્વભાવ-સ્વભાવ ચારિત્ર પર્યાય ભિન્ન. આહા..હા..! ચારિત્ર છે અનંત દૃષ્ટિ છે. ચૈતન્યરૂપ શ્રદ્ધાની અંતર દૃષ્ટિ ત્રિકાળમાં પડી છે. આહા..! એવા અનંતચતુષ્ટય સહિત આત્મા સનાથ છે. આહા..હા..! એમાં અનંતચતુષ્ટય પડ્યો છે એ કારણે આ આત્મા સનાથ છે-રક્ષાસહિત છે. આહા..હા..! મૂળચીજની દૃષ્ટિ અને અનુભવ વિના બધા થોથા છે. એ વ્રત ને તપ ને જે ત્યાગ ને એકડા વિનાના મીંડા છે, સંસાર છે એ. એવી વાત છે. જ્યાં અનંત આનંદ, અનંત ચારિત્રસ્વરૂપ લીનતા, રમણતા. અંદર શક્તિ હોં. એવા અને અત્યંત નિકટ શ્રદ્ધા, અતુટક ત્રિકાળી અંદર શ્રદ્ધા ચૈતન્યના સ્વભાવમાં હોં ત્રિકાળમાં. એવા સ્વચતુષ્ટયસહિત આત્મા સનાથ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ દ્રવ્યસ્વભાવમાં સ્વચતુષ્ટય પડ્યું છે એ કારણે આત્મા સનાથ છે. આહા..હા..! એ કારણે આહા..હા..! આવ્યુંને? **'અનાથ મુક્તિસુંદરીના નાથને ભાવવો...'** આહા..હા..! મુક્તિસુંદરીને જે વરે એ ત્રિકાળ અનાથ છે. જે કોઈ એને વરી શકે.. સનાથ આત્મા એને વરી શકે છે. આહા..હા..! અંતર અનંત આનંદ સુખસ્વભાવ પડેલો છે. અનંત ચિત્શક્તિ ધ્રુવમાં પડી છે. અનંત નિકટ અત્રુટ શ્રદ્ધા અંદર પડી છે અને અનંત ચિત્શક્તિ અંદરમાં પડી છે. આહા..હા..! એવો ભગવાન આત્મા શક્તિથી, સ્વભાવથી સનાથ છે. આ વ્યાખ્યા કેવી? એ સનાથ આત્મા મુક્તિ જે અનાથ છે એને વરી શકે, પ્રાપ્ત કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને...'** સંસારરૂપી વેલડીનું મૂળ નાશ કરવાને માટે દાતરડું. શું કહેવાય એ તમારા ભાષામાં? દાંતા. લોઢાનું હોય છેને. મૂળ છેદવાને માટે. **'આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.'** બ્રહ્મ ઉપદેશ કર્યો. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો ઉપન્યાસ એની કથા કરી. આહા..હા..! હવે ૧૮.

**'(હવે, આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :)'** ગાથા બે એના શ્લોક પાંચ. આહા..હા..! દિગંબર મુનિ છેને મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ વનવાસમાં હતા. આનંદ-આનંદ અતીન્દ્રિય આનંદનું વેદન હતું. આહા..હા..! અતીન્દ્રિય આનંદના ભરચક ભરપૂર ભગવાન આત્મા એમાં ડૂબકી મારતા હતા. જેમ સ્નાન કરવા પાણીમાં ડૂબકી મારે, એમ મેલ કાઢવા આનંદસ્વરૂપમાં અનંત સ્વરૂપમાં ડૂબકી મારતા હતા. આહા..હા..! એમ વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર લખી નાખ્યા. એ ૧૮મો શ્લોક કહે છે.

(मालिनी)

इति निगदितभेदज्ञानमासाद्य भव्यः<br>
परिहरतु समस्तं घोरसंसारमूलम्।

सुकृतमसुकृतं वा दुखमुच्चैः सुखं वा
तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति।।१८।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- આ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને...**' પરવસ્તુથી ભિન્ન અને રાગ દયા, દાનના વિકલ્પથી પણ ભગવાન ભિન્ન છે. આહા..હા..! આ શરીરથી ભિન્ન. ધૂળ આ પૈસા-બૈસા છેને? એ જડ-માટી-ધૂળ એનાથી પણ ભગવાન ભિન્ન અને અંદરમાં પુણ્ય અને પાપનો સુકૃત-દુષ્કૃતનો વિકલ્પ ઉઠે છે વ્રતનો, ભક્તિનો, પૂજાનો એનાથી પણ રાગથી ભગવાન ભિન્ન અંદર છે. આહા..હા..!

'**ભેદ જ્ઞાનને પામીને...**' પરથી ભિન્ન પોતાના સ્વભાવમાં અભિન્ન એવા ભેદજ્ઞાનને પામીને. આહા..! '**ભવ્યજીવ...**' આહા..હા..! '**ઘોર સંસારના મૂળરૂપ સુકૃત અને દુષ્કૃત,...**' નીચે છે. '**શુભ કે અશુભ.**' એ શુભભાવ અને અશુભભાવ એ સંસારનું મૂળ છે. આહા..હા..! ઘોર સંસારનું મૂળ. રાડ નાખે આ. એને તો ધર્મ માને. દયા, દાન, વ્રત, તપ, જાત્રા, ભક્તિ આદિના શુભભાવ છેને એ ઘોર સંસારનું મૂળ છે. નાનુમલજી! આકરી વાત. આહા..હા..! છે? નીચે છે? સુકૃત અને દુષ્કૃત. સુકૃત એટલે શુભ અને દુષ્કૃત એટલે અશુભ. બેય ભાવ ઘોર સંસારનું મૂળ છે. આહા..હા..! રાડ નાખે. અહીં તો હજી તો વ્રત પાળે ને ભક્તિ કરે ને પૂજા કરે ને શાસ્ત્ર લખે એ ભાવને ધર્મ માને. મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આકરી વાત, ભાઈ! વર્તમાન જૈનદર્શનને એક એવું વિકૃત કરી નાખ્યું છે જગતે. ખબર નથી કે જૈનદર્શનનો માર્ગ શું છે? સમજાણું કાંઈ?

શું કહે છે? આ રીતે રાગ પુણ્યનો ભાવ એનાથી ભિન્ન ભગવાન આત્મા અંદર શરીર અને લક્ષ્મી, આબરૂ, કીર્તિ તો જડ ક્યાંય રહી ગયા, એ તો આત્મામાં છે નહિ. આહા..હા..! અહીંયાં તો પુણ્ય અને પાપના બે ભાવ એનાથી ભેદજ્ઞાન કરીને. આહા..હા..! એનો ભેદ કરીને એનો અર્થ? સ્વભાવ ઉપર દૃષ્ટિ પડવાથી રાગથી ભિન્ન થઈ જાય છે. ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળમાં કર્યું નથી. વ્રત ને તપ ને ભક્તિ એવું અનંતવાર કર્યું, એ કોઈ ચીજ નથી, એ તો સંસાર છે. આહા..હા..!

'**ભેદોના જ્ઞાનને પામીને...**' ભિન્ન પામીને. રાગના વિકલ્પથી ભિન્ન ભગવાનને પામીને. આહા..હા..! '**ભવ્યજીવ...**' ભવ્યજીવ મોક્ષને માટે લાયક આત્મા. આહા..હા..! '**ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃતને...**' સમસ્ત સુકૃત કે દુષ્કૃત. ગમે તે પ્રકારના શુભભાવ હોય અને અશુભભાવ હોય એ તો સંસારનું મૂળ છે, એ તો સંસાર છે. આહા..હા..! આ પણ લોકોને અત્યારે સંપ્રદાયમાં તો આ ચાલે આટલી વાત. એય..! નનુમલજી! સાંભળ્યું છે કે નહિ તમે? આ તો સાંભળ્યું હતું કે તમારા ફઈએ દીક્ષા લીધી છે. જ્ઞાનમતિજી. તમારા બુઆ થાયને? ફઈ. હા, એ અમારે ફઈ કહે છે. કહે છે કે નનુમલજીના ફઈ થાય. અમારે ફઈ કહે છે. તમારે હિન્દીમાં બુઆ કહે છે. અહીંયાં તો કહે છે કે ભગવાન! એકવાર સાંભળતો

ખરો ભાઈ! તે સાંભળ્યું નથી. આહા..હા..! કહે છે કે શુભભાવ ગમે તેટલા હોય, ચાહે ગુણગુણીનો ભેદનો શુભ વિકલ્પ હોય. આહા..હા..! ચાહે તો પંચમહાવ્રતના શુભભાવ હોય, ચાહે તો ભગવાનની ભક્તિ કરવાનો શુભભાવ હોય, ચાહે તો ભગવાન નમો અરિહંતાણં એવું સ્મરણ કરવાનો શુભભાવ થાય અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભભાવ એ બેય ભાવ ઘોરસંસારનું મૂળ છે. છે?

આ દિગંબર સંતોની કથની તો જુઓ, '**આ રીતે કહેવામાં આવેલા...**' આહા..હા..! '**ભેદોના જ્ઞાનને પામીને...**' શુભ-અશુભ વિકલ્પથી ભિન્ન આત્માને પામીને '**ભવ્યજીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત અને દુષ્કૃત...**' શુભના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર. આહા..હા..! શુભભાવ, પુણ્યભાવના અસંખ્ય પ્રકાર છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, નામ સ્મરણ અસંખ્ય પ્રકાર. એ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, માન, માયા, લોભ આદિ અશુભના અસંખ્ય પ્રકાર છે. એ બધા શુભ અને અશુભ ઘોર સંસારનું મૂળ છે. આહા..હા..!

અને '**સુખ કે દુઃખ...**' હવે પાછું લે છે. કલ્પનામાં ઠીક સુખ છે ઈન્દ્રિયનું. પૈસાનું, સ્ત્રીનું એ સુખની કલ્પના અને દુઃખ રાગ. '**અત્યંત પરિહરો.**' સુખ-દુઃખની કલ્પના અને સુકૃત અને દુષ્કૃત એવો શુભ-અશુભભાવ દૃષ્ટિમાંથી છોડી દ્યો. અંદર ભગવાનને પ્રાપ્ત કરો. આહા..હા..! આવી વાત એટલે પછી આકરી લાગેને લોકોને. સમજાણું કાંઈ? એ દૃષ્ટિમાંથી પામીને થયુંને? એને પામીને ભગવાન આત્માને પામીને ભેદજ્ઞાનથી પામીને એમ આવ્યુંને? તો રાગથી, પર્યાયથી પણ ભિન્ન ભગવાન આત્મા એના અનંતચતુષ્ટય સ્વભાવને પામીને. આહા..હા..! આ તો સંતોની અધ્યાત્મવાણી છે. એ કાંઈ કથા-વાર્તા નથી આ. આહા..હા..!

**શ્રોતા :-** દર્શન, જ્ઞાન, ચારિત્ર બધાની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં તો બધું આવી જાય છે. ભેદજ્ઞાનમાં દર્શન, જ્ઞાન, સ્થિરતા બધું આવી ગયું પરથી ભિન્ન થઈને, પણ એને પામીને સંસારના મૂળને નાશ કરવાની ચીજ શું? એમ. ભગવાન અનંતચતુષ્ટય સંપન્નને અંદર પામીને સંસારનું મૂળ શુભ-અશુભભાવ '**સુખ કે દુઃખને અત્યંત પરિહરો.**' એને પામો અને આ સુખ-દુઃખની કલ્પના અને શુભ-અશુભભાવને છોડો. આહા..હા..! ભગવાન આત્મા અંદર અનંત આનંદ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ છલોછલ ભરેલો છે. છલોછલ શું કહે છે? લબાલબ. આહા..હા..! પ્રભુ અંદર આત્મા જે છે એ અતીન્દ્રિય આનંદથી લબાલબ ભરેલો છે. એને અંદર ભિન્ન કરીને પામીને. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ બધા પૈસા-બૈસા મૂકે એમાં કિંમત આવતી જ નથી. આ બધા મહાજન લોકો બહુ કરોડોપતિ થઈ ગયા છે આફ્રિકામાં જઈને. ધૂળના ધણી છે બધા. એ ધૂળ વિના જ ચાલે છે. એ તો કહ્યું હતુંને એકવાર. દસની સાલ. ૨૨ વર્ષ થયા. બોટાદ ગયા હતાને બોટાદ? મ્યુનિસિપાલિટીમાં વ્યાખ્યાન ચાલ્યું હતું. આપણું મકાન તૈયાર નહોતુંને.

તો હરજીવનભાઈ છેને. સમઢિયાળા નાગરભાઈ નહોતા? એના મોટાભાઈ હતા. અહીં ધર્મ હતો. નાગરભાઈ આ બાજુ. એ કહે કે મહારાજ! સાંભળવા આવે બધાય. બધાયને પ્રેમ. મહારાજ પૈસાની .. પૈસા વિના તો એક ઘડીપણ ન ચાલે. એવો પ્રશ્ન કર્યો હતો. ૨૨ વર્ષ થયા દસની સાલ. કીધું ભાઈ! શીવલાલભાઈ! ખબર નહિ હોય તમને. હતા? દીપચંદભાઈ હતા. કે સાંભળો, આ એક આંગળીએ આ આંગળી વિના ચલાવ્યું કે નહિ? આ આંગળી આંગળીપણે છે અને આ પણે નથી. તો એણે પર વિના જ ચલાવ્યું છે. એમ ભગવાન આત્મા પોતાથી છે અને પરથી નથી. તો પરથી નથી એમ જ ચલાવ્યું છે એણે.

**શ્રોતા :-** લોજિક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોજિક. નિ ધાતુ. આ મૂકવું અંદરમાં. નિ ધાતુ છે. ન્યાયમાં નિ ધાતુ છે. નિ ધાતુમાં લઈ જવું. સત્ય વસ્તુ કેવી છે ત્યાં જ્ઞાન લઈ જવું. અંતરમાં લઈ જવું કે હું આત્મા છું અને રાગાદિ કે શરીરાદિ લક્ષ્મી આદિ મારામાં નથી. એનું નામ પર વિના આત્માએ ચલાવ્યું છે. માન્યતામાં એની મોટી ભૂલ છે. એ વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ, ધૂળ વિના ચાલે નહિ—એ તો માન્યતા ભ્રમ છે. સમજાણું કાંઈ? આવી કડક ભાષા છે દિગંબર સંતોની.

'**આ રીતે કહેવામાં આવેલા...**' ઉપર કહ્યુંને? '**ભેદોના જ્ઞાનના પામીને...**' રાગથી, પુણ્યથી, ક્રિયા દયા, દાનના વિકલ્પથી પણ ભેદજ્ઞાન કરીને. '**ભેદોના જ્ઞાનના પામીને,...**' ભેદજ્ઞાનને પામી. તો એમાં આત્મા આવ્યો શુદ્ધ ચૈતન્યઘન. '**ભવ્યજીવ ઘોર સંસારના મૂળરૂપ...**' આહા..હા..! જેને આ શુભ ક્રિયાકાંડને લોકો ધર્મ માને. .. પંચ મહાવ્રત. હજી તો એને પાંચ મહાવ્રત પણ ક્યાં છે. હજી સમ્યગ્દર્શન નથી ત્યાં પાંચ મહાવ્રત ક્યાંથી હોય? અને પાંચ મહાવ્રત પણ ક્યાં છે? એના માટે ભોજન બનાવેલું લે, ચોકા બનાવેલા લે એ પંચમહાવ્રતના પરિણામ વ્યવહારે પણ નથી. સમજાણું કાંઈ? આ વાત છે. સત્ય જ આવું છે. જગતને રુચે ન રુચે એ જગત પાસે રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? અમે તો પહેલા એ સંપ્રદાયમાં તો એવી કડક ક્રિયા હતી. બહુ કડક ક્રિયા. અમે તો એવું માનતા હતાને આ સાધુ માટે બનાવ્યું હોય એ લેવું, ન લેવું. તો એક પાણીનું ટીપું ન લેતા. નાના ગામડામાં જાતા. સાત-આઠ ઘર હોય તો ત્યાં સાડા નવ વાગે જઈએ અંદર. વહેલા ન જઈએ. કેમકે વહેલા જઈએ અને પછી બનાવે તો? પછી દાળ-ભાત ઉતરી ગયા હોય અને રોટલીનો લોટ બંધાઈ ગયો હોય અને રોટલી બનાવતા હોય ત્યાં જઈએ. નિર્દોષ હોય એ લઈ લે. અમારા માટે એક રોટલી પણ બનાવે કે કાંઈપણ પાણી બનાવ્યું. એટલા કડક વ્રત હતા. પણ એ ક્રિયાકાંડ હતી.

**શ્રોતા :-** ધર્મ નથી એમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મબર્મ બિલકુલ નથી. આહા..હા..! ઘણી સખત ક્રિયા હતી.

શરીર ઉપર મેલા કપડા બહુ હતા. ધોતા નહિ. આઠ મહિને એકવાર ધોઈએ. ચોમાસું આવેને ઓલું ત્યારે .. હોયને મેલ. દેખાવ સારો લાગે. શરીર સારું ખરુંને એટલે. કપડું મેલું પણ લાગે રેશમ જેવું.

**શ્રોતા :-** આ તો બધા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો બધા કરે છે. અમને ખબર છેને, ભાઈ! આહા..હા..! અમે તો આઠ-આઠ મહિના સુધી ધોતા નહિ. છતાં કપડા લાગે સારા હોં. શરીર ઓલું છેને એટલે સાટમ-સાટમ જેવું લાગે. ... પણ એમાં એક તો ક્રિયાકાંડ, રાગની મંદતા મિથ્યાત્વસહિત. ભ્રમણા, આ ધર્મ છે એમ માનતા હતા. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એકવાર સાંભળતો ખરો નાથ. અનંત શક્તિનો સનાથ પરમાત્મા તું છો. અનાથ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તું અનાથ નથી. અનંત આનંદ અને અનંત જ્ઞાન, શાંતિથી ભરેલો પ્રભુ ભંડાર છોને. આહા..હા..! એમ તું સનાથ. એવી શક્તિને પરથી ભિન્ન છે એવા આત્માને પામીને ઘોર સંસારનું મૂળ પુણ્ય અને પાપના ભાવ અત્યંત પરિહરો. આહા..હા..! છે? '**અત્યંત પરિહરો.**' પહેલી દૃષ્ટિમાંથી તું નિર્ણય કર કે શુભાશુભભાવ એ સંસારનું મૂળ છે. થાય છે જ્યાં સુધી વીતરાગ ન થાય તો શુભભાવ, પણ છે સંસાર એ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. સમજાણું કાંઈ? આહા..! '**અત્યંત પરિહરો.**' ભાષા જુઓ, પરિહરો એકલો શબ્દ નથી લીધો. '**અત્યંત પરિહરો.**' સંપૂર્ણ નહિ. સંપૂર્ણ એટલે પૂરા પરિહરો, અત્યંત છોડી દે. શુભભાવને લેશ પણ અંદર ન રાખો. આહા..હા..! શ્રીપાળજી! એવું છે, ભગવાન! વીતરાગનો માર્ગ સર્વજ્ઞ દેવ ત્રિલોકનાથ જિનેન્દ્રનો માર્ગ એવો છે. વીતરાગભાવ. જેમાં રાગનો અત્યંત પરિહાર અને પૂર્ણાનંદનું અત્યંત શરણ. એનો આદર અને એનો ત્યાગ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત-અનંત આનંદ ને જ્ઞાનથી ભરેલો પ્રભુ પૂર્ણ એની ખબર નથી. કેમકે એક સમયની પર્યાય જે છે પ્રગટ વ્યક્ત એની પાછળ આખી ચીજ અવ્યક્ત પડી છે. પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે. સ્વભાવની અપેક્ષા વ્યક્ત વસ્તુ પ્રગટ જ છે. એવી ચીજ પણ કોઈ દિ' નજર કરી નથી અને સાંભળવામાં પણ એ ક્રિયાકાંડ કરો અને એમાં ધર્મ થશે એવું સાંભળ્યું એ તો બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માંગીલાલજી! કેટલું ટૂંકું!

'**આ રીતે કહેવામાં આવેલા...**' આટલો ઉપદેશ કર્યોને ૧૧-૧૨ ગાથા ઉપર. '**ભેદોના જ્ઞાનને પામીને ભવ્યજીવ....**' લાયક જીવ. અભવિ તો પામી શકતા નથી. આહા..હા..! '**ઘોર સંસાર...**' આહા..હા..! ચાહે તો સ્વર્ગ મળે એ સંસાર. સ્વર્ગમાં દુઃખ છે, આકુળતા. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં સુખ નથી. સુખ તો ભગવાન આત્મામાં છે. આહા..હા..! સ્વર્ગમાં પણ દુઃખ છે. આ શેઠિયાઓ બધા કરોડોપતિ અને અબજોપતિ કહેવાય એ બધા દુઃખી પ્રાણી બિચારા છે. નનુમલજી! તમારા સાસરા પૈસાવાળા છે. ઘણા પૈસા ખર્ચ્યા હતા.

૩૨ સૂત્ર. નરમ છે. જોયા છે. પ્રકૃતિ નરમ છે. વિનંતી કરવા આવ્યા હતા. પણ પછી આ ચીજ .. એની ખબર નથી. દિલ્હીથી જામનગર આવ્યા હતા વિનંતી કરવા. ૮૮ની સાલ. એ ગોકુળચંદજી એક ઝવેરી હતા એ હુશિયાર હતા એમાં. મહારાજ કાંઈક વાત બીજી કરે છે. આપણે જે સંપ્રદાયમાં ચાલે છે એનાથી બીજી વાત કરે છે. આ સંપ્રદાયમાં રહી નહિ શકે. વીરજીભાઈને કહ્યું હતું ૮૭માં. આ સંપ્રદાયમાં નહિ રહી શકે. સંપ્રદાયમાં આ વાત છે નહિ. હુશિયાર હતાને. પાઘડી બાંધતાને. ગોકુળચંદ ઝવેરી. શુકલચંદ ઝવેરી હતા ખબર છે? .. નહિ જાણતા. ૪૪ વર્ષ થઈ ગયા. ઘણો ટાઈમ થઈ ગયો. આહા..હા..! અમને તો હજી કાલે આવ્યું હોય એવું લાગે. કેમકે એ વખતે ૪૨ વર્ષની ઉંમર શરીરની. ૪૨ અને ૪૪ આ. ૪૩ થયા. ૮૬ થયા. આહા..હા..!

કહે છે કે એ ભગવાન એકવાર તું રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપને પામીને સંસારના સુકૃત, દુષ્કૃત મોહ એને અત્યંત પરિહરો. '**તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં), જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.**' લ્યો! આહા..હા..! ઉપર-ઉપર એટલે એને ઓળંગી જતાં. જીવ સંપૂર્ણ ભગવાન અનંત આનંદનો નાથ એની અંતર એકાગ્ર થઈને, એને પ્રાપ્ત કરીને અને પુણ્ય-પાપના ભાવને અત્યંત છોડીને અત્યંત સુખને પામે છે. '**(પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.**' લ્યો, એક ગાથામાં તો સંસારનો નાશ, મોક્ષની ઉત્પત્તિ, પૂર્ણાનંદને પ્રાપ્ત. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો કાયરના કામ નથી અહીં તો. વીરના કામ છે. આહા..હા..! ઝીણી વાત છે. સાધારણને તો એવું લાગે એ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... વ્યવહાર શું? વ્યવહાર કેવા તારા, જોને! નિશ્ચય વિના વ્યવહાર આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? અહીં તો વીતરાગ સંત મુનિ જંગલમાં રહેતા હતા અને આ ટીકા બનાવી. એ એમ કહે છે '**શાશ્વત સુખને પામે છે.**' લ્યો! એ ૧૮મી થઈ. ૧૯. ૧૯ કળશ છેને?

(अनुष्टुभ्)

**परिग्रहाग्रहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे।**
**निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं भावयेद् बुधः।।१९।।**

'**શ્લોકાર્થ :- પરિગ્રહનું ગ્રહણ છોડીને...**' રાગાદિભાવ એ પરિગ્રહ છે. પૈસા ને ધૂળ તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! શરીર, માટી આ તો ધૂળ છે. રાગાદિનો પરિગ્રહ છોડીને. આહા..હા..! '**શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને...**' આહા..હા..! શરીરમાં શું થાય છે એની ઉપેક્ષા કરીને, એની પર્યાય પર્યાયને કારણે થાય છે. આહા..હા..! '**ઉપેક્ષા કરીને બુધ પુરુષે...**' આહા..હા..! સમ્યગ્જ્ઞાની પુરુષને, ધર્મી જીવને. આહા..હા..! '**અવ્યગ્રતાથી ભરેલું...**' નિરાકુળતાથી ભરેલું ચૈતન્ય. આહા..હા..! અંદર ચૈતન્ય ભગવાન નિરાકુળ આનંદથી ભરેલો છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

એ દૃષ્ટાંત આપે છેને શક્કરિયાનો? શક્કરિયું કહે છેને? એ શક્કરિયું નહિ? ભાઈ! શક્કરિયું.

ઉપર લાલ છાલ અને અંદર આખું શક્કરિયું. સાકર નામ મીઠાશનો પિંડ છે. એટલું હોય છેને. ઉપર લાલ જરી છાલ. છાલ શું કહે છે? છિલકા. જરીક છાલ. એ સિવાય આખું શક્કરકંદ છે. શક્કર નામ સાકરનો કંદ, મીઠાશનો કંદ છે. શક્કરકંદ કહે છેને? શક્કરકંદ. આહા..હા..! એમ આ ભગવાન આત્મા પુણ્ય અને પાપની છાલનું લક્ષ છોડી દે તો અંદરમાં એકલા અનાકુળ, નિરાકુળ આનંદથી ભરપૂર ભરેલો છે. એ શક્કરિયાની જેમ ભગવાન અનંત આનંદનો કંદ પડ્યો છે અંદર. આહા..હા..! નવ વાગ્યા. આહા..હા..! સમભાવનો આનંદ એવો હોય છે એમ. આહા..હા..!

**'પરિગ્રહનું ગ્રહણ છોડીને...'** રાગાદિ. **'શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને બુધ પુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું...'** પ્રાયઃ પ્રશ્ન પૂછ્યો હતો ભાઈને. પ્રાયઃ શબ્દ છેને. ભરેલો. એ શક્કરિયામાં જેમ એકલી મીઠાશનું દળ પડ્યું છે. નથી અંદર લાકડાની કટકી, પત્થરની કટકી, એકલો મીઠાશનો પિંડ. માટે શક્કરકંદ કહે છે. સાકરનો કંદ. એમ ભગવાન અનાકુળ આનંદનો કંદ છે. આહા..હા..! કેમ બેસે? સમ્યગ્દૃષ્ટિને અનાકુળ આનંદનો કંદ આત્મા ભાસે છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ એવો છે, ભાઈ! જિનેન્દ્રદેવ એવો માર્ગ બીજે ક્યાંય નથી. એ વાત સાંભળવા મળે નહિ એ ક્યાંથી લાવે માર્ગ? આહા..હા..!

કહે છે ભગવાન આત્મા **'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્યમાત્ર જેનું શરીર છે...'** ચૈતન્ય શરીર આત્માનું એમ. આ શરીર નહિ, પણ આ શરીર. ચૈતન્યમાત્ર આનંદકંદનું જેનું શરીર છે. આહા..હા..! શરીર નામ સ્વરૂપ. આહા..હા..! આ શરીરની ઉપેક્ષા કરીને ચૈતન્યમાત્ર શરીરને પકડી લે. આહા..હા..! આવો ધર્મ કેવો હશે? ઓલું તો કહે ભાઈ જાત્રા કરવી, ભક્તિ કરવી, દાન કરવા, પૈસાવાળા હોય તો વળી પાંચ-પચાસ લાખ, બે લાખ ખર્ચવા. ધર્મ થશે. લ્યો, આ ૨૬ લાખ ખર્ચ્યા જુઓ આમાં. અમે તો કહીએ છીએ કે ભાઈ આમાં કાંઈ ધર્મબર્મ નથી. અમે તો પહેલેથી કહીએ છીએ. સમજાણું કાંઈ? આટલા પૈસા ખર્ચ્યા માટે કરનારને ધર્મ થશે (એમ નથી). રાગ મંદ થાય તો શુભ છે.

**શ્રોતા :-** ધર્મ નથી પણ ધર્મનું સાધન તો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધન-બાધન નથી. બહારમાં સાધન નથી. સાધન અંદર છે. સમજાણું કાંઈ? અંદર સાધન છેને. આત્મામાં એ સાધન નામની શક્તિ પડી છે. .. કર્તા, કર્મ, કરણ. કરણ એ સાધન છે. ષટ્કારક છેને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકારણ. પ્રકાર એટલે ક્રિયા. ક્રિયાનું કારણ. એમાં કરણ નામનો એક ગુણ આત્મામાં છે સાધન. ત્રિકાળ હોં. જેમ આનંદ ત્રિકાળ છે એમ કરણ નામનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. એ ૪૭ શક્તિમાં આવી ગયું. આહા..હા..! એ અંદર સાધન નામનો ગુણ છે એને પકડી વીતરાગી નિર્મળદશા થાય એ મોક્ષનું સાધન છે. આહા..હા..! બહુ બાપુ માર્ગ આખો જુદો! પહેલી પાક્કી શ્રદ્ધામાં તો લે કે ચીજ આ છે. અને એ ચીજમાં પ્રાપ્ત કરીને એમાં રમણતા કરવી એ મોક્ષનો

માર્ગ છે. બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહે છે? '**(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્યમાત્ર જેનું શરીર છે...**' બેય લીધા-જ્ઞાન અને આનંદ. બેય બધે ઠેકાણે એ જ લે છે અહીંયાં. અંતર અતીન્દ્રિય આનંદ અને ચૈતન્ય જાણનસ્વભાવ એનાથી ભરેલું શરીર એ ચૈતન્યશરીર છે. આ શરીરથી ભિન્ન એ ચૈતન્યશરીર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેવા (-આત્માને) ભાવવો.**' એવા નિરાકુળતાથી ચૈતન્યમાત્ર સ્વરૂપ જેનું શરીર એની ભાવના કરવી જોઈએ. એની દૃષ્ટિ કરીને એને દૃષ્ટિમાં પ્રાપ્ત કરીને એમાં એકાગ્રતાની ભાવના કરવી જોઈએ એ મોક્ષનો ઉપાય છે. બહુ ટૂંકામાં પણ એકલો માલ ભર્યો છે માલ.

ઓલામાં આવે છેને અન્યમતિ નહિ ઓલા ગાય છે. .. ભાષા ભૂલી ગયા. નામ બધા ભૂલી જઈએ છીએ. ઓલા અન્યમતિ નહિ? ..ભાઈ! 'દાદુ કહે દુંદ ફાટી અવળી ચાલી સેર, ભટકવું તો મટી ગયું અને વસ્તુ જડી ઘેર.' અન્યમતિ એક છે. 'દાદુ કહે...' દાદુ નામ છે એનું. દાદુ. દાદુ નામ. 'દાદુ કહે દુંદ ફાટી' આ દુંદ હોય છેને શરીર મોટી દુંદ. એમ આત્મામાં અનંત આનંદની દુંદ પડી છે અંદર. આહા..હા..! દુંદ .. કહે છે. 'દાદુ કહે દુંદ ફાટી સવળી ચાલે સેર.' અંદર આત્મા અંદર આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન જ્યાં અંતરમાં જાય ત્યાં એની શક્તિ ફાટી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ થઈ. આહા..હા..! 'દાદુ કહે દુંદ ફાટી' દુંદ એટલે આ ઉંચું શરીર હોયને જાડું? એને દુંદ કહે છેને? એમ આત્મા મોટી દુંદ છે અનંત આનંદ છે. 'સવળી ચાલી સેર' સેર ચાલેને? ધારા. નિર્મળધારા અંદરમાંથી નીકળી. 'ભટકવું તો મટી ગયું અને વસ્તુ જડી ઘેર.' અંદરમાં. અન્યમતિમાં આવે છે. એ વેદાંતને માનનારા. વસ્તુની ખબર નહિ, પણ વેદાંતનું કાંઈક એવું ઘણું ગાયું છે લોકોએ. વસ્તુ નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે '**તેને (આત્માને) ભાવવો.**' એવા આત્માની ભાવના કરવી જોઈએ. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ચૈતન્યમાત્ર જેનું શરીર અને શરીરમાં પરિગ્રહનો આગ્રહ છોડીને, રાગાદિનો પણ આગ્રહ છોડીને સ્વરૂપની ભાવના કરવી જોઈએ. આહા..હા..! સ્વરૂપ આનંદના નાથને ભાવવો જોઈએ. એમાં એકાગ્રતાની ભાવના કરવી જોઈએ. એ ભાવના મોક્ષનું કારણ છે. ઓહો..હો..! શ્લોક બનાવ્યા છેને! દિગંબર સંતોનું શું કહેવું! ૨૦. બે શ્લોક થયાને? ૨૦મો.

(शार्दूलविक्रीडित)

शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्
द्वेषाम्भःपरिपूर्णमानसघटप्रध्वंसनात् पावनम्।
ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं
भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम्।।२०।।

'महीज' એટલે વ્રતને? 'महीज' મહીમાં ઉત્પન્ન થતું. આહા..હા..!

'**શ્લોકાર્થ :- મોહને નિર્મૂળ કરવાથી,...**' કહે છે કે ભગવાન પૂર્ણાનંદના નાથની પ્રતીતિ, અનુભવ કરવાથી '**મોહને નિર્મૂળ કરવાથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો...**' પ્રશસ્ત નામ શુભરાગ અને અપ્રશસ્ત નામ અશુભરાગ. એ ત્યાં કહ્યા હતાને સુકૃત-દુષ્કૃત? એ પ્રશસ્ત નામ શુભરાગ. આહા..હા..!

**શ્રોતા :-** રાગને શુભ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ શુભ કહેવાયને અપ્રશસ્તની અપેક્ષાએ. એ પાપરાગ એ અશુભ, પુણ્ય રાગ એ શુભ—બેય બંધનું કારણ. છે? '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત...**' ભાષા જુઓ ત્રણેય. '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત...**' એમાં પણ એ આવ્યું હતું ઓલાપણે સુકૃત-દુષ્કૃત સમસ્ત. એમાં પણ આવ્યું હતું સમસ્ત. શુભ અને અશુભભાવ. '**સમસ્ત રાગનો વિલય કરવાથી...**' એવા પ્રશસ્ત-અપ્રશસ્ત બધા રાગ છે. આહા..હા..! દયા પાળવી, સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળવું એ બધો ભાવ શુભરાગ છે. આહા..હા..! અને હિંસા, જૂઠું, વિષય, ભોગ, વાસના એ અશુભરાગ છે. એ '**સમસ્ત રાગનો વિલય કરવાથી...**' વિલય નામ નાશ કરવાથી. વિ-લય. વિશેષે લય-નાશ. આહા..હા..! શાસ્ત્રનો સ્વાધ્યાય આવો અધ્યાત્મનો કરે તો કાંઈક ખબર પડે. સ્વાધ્યાય કરે નહિ એમ ને એમ ઉપરથી માની લે. થોડું શું કહે છે આચાર્ય? શાસ્ત્ર અને સંતો વારસો મૂકી ગયા છે. બાપનો વારસો મૂક્યો હોય તો દીકરો તરત તપાસ કરે. પૈસા કેટલા છે? દસ લાખ છે? વીસ લાખ છે? ધૂળના. અહીં કુંચી મૂકી છે. મરી ગયો હોય તો તરત કુંચી ઉપાડી લે ત્યાંથી. આ સંતો વારસો મૂકી ગયા છે. આહા..હા..!

**શ્રોતા :-** ભેગા થોડા રૂપિયા મૂકી ગયા હોત તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ રૂપિયા અનંતી લક્ષ્મી પડી છે અંદર. ઓલા રૂપિયા તો બે કરોડ, બે કરોડ, પાંચ કરોડ કે અબજ, બે અબજ, પાંચ અબજ.

**શ્રોતા :-** એ બધું સમજ્યા જેવું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજ્યા જેવું હોય. પોપટભાઈ! આ પોપટભાઈ રહ્યા. એમના સાળા બે અબજ ચાલીસ કરોડ. ..ભાઈ આવ્યા જુઓ લીંબડીથી. ખુશાલ કેવા કીધું? શાંતિલાલ ખુશાલ. આમના સાળા. આ બનેવી છે એમના. લીંબડી જો બેઠા. એમના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ. ગોવામાં છે ગોવા. મરી ગયો હમણા દસ મહિના પહેલા.

**શ્રોતા :-** મૂકીને ગયા કે લઈને ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂકીને ગયા અને રાડ નાખીને ગયા દસ મિનિટમાં. હાય... હાય.. મને દુઃખે છે. આ એના બનેવી બેઠા. એકલા આવ્યા છે? બૈરા આવ્યા છે? નથી આવ્યા. એના એ બનેવી છે. એના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ ૨૪૦ કરોડ. દસ મહિના પહેલા ગુજરી ગયા. એની વહુને જરી આ થયું હતું શું કહેવાય? હેમરેજ. ગોવામાં રહે છે.

બધા મોટા શેઠિયા ૪૦-૪૦ લાખના બંગલા છે. ૧૦-૧૦ લાખના બે, એક ૪૦ લાખનું છે. પણ એ બે અબજ અને ચાલીસ કરોડ પાછા મરતા એય..! ચંદુભાઈ! સાંભળ્યું નહિ હોય એ. મરતા ૨૦ લાખ દોઢ ટકાના વ્યાજે લીધેલા. ઓલામાં રૂપિયા ગરી ગયેલા જમીન અને સંચામાં. સંચા ઘણા. એ બધા જમીનમાં અને સંચામાં પૈસા વયા ગયા. એટલે વાપરવા જોઈએ બહારના. એટલા લીધા હતા. ધૂળમાંય ક્યાંય નથી. એવા અબજોપતિ અત્યારે છે. પણ ધૂળમાં શું છે? આહા..હા..!

**શ્રોતા** :- પણ આપના જેવા તો એને યાદ કરે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ દુનિયાને બતાવવા કે જુઓ, આવા અબજોપતિ પણ મરી ગયા. દસ મિનિટમાં મરી ગયો. એ ડોક્ટરને બોલાવો કહે. મને દુઃખે છે. ભાઈ કહેતા હતા ઓલા નહિ? એમના સગા મુંબઈમાં નથી? એ ગયા હતા એને ઘરે અમે. એ શ્વેતાંબર મંદિર છેને મુંબઈ? એના પછી મકાન છે. એના ઘરે ગયા હતા અમે. એ કહે, હું ઉભો હતો. એના સગા થાય છે. રાતે એને દોઢ દુઃખવા આવ્યું. એકદમ દુઃખાવો ઉપડ્યો. ૬૧ વર્ષની ઉંમર. ૬૦ અને ૧. નામ ભૂલી ગયા નહિ આપણે. કાંતિભાઈ. કાંતિભાઈ. નથી તમે ઓળખતા? એમના સગા છે. મુંબઈ છે. શ્વેતાંબરનું મંદિર છે આ બાજુ એની આ બાજુ એનું મકાન છે. ત્યાં ગયા હતા એને ઘરે. એ પણ કહેતા હતા. હું ઉભો હતો કહે. ભાઈ! મને દુઃખે છે. હું ડોક્ટરને બોલાવા ગયો. ડોક્ટર જ્યાં આવ્યા ત્યાં ભાઈસાહેબ ઉકલ્યા. વયા ગયા. .. ત્યાં ડોક્ટર .. નાખી દે છે એમ કહે છે આ.

**શ્રોતા** :- ... ક્યાં હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં વહેલો અને મોડો હોય છે ક્યાં? આહા..હા..! ખલાસ થઈ ગયા દસ મિનિટ કે પાંચ કલાકમાં તો દેહ છૂટી ગયેલો. અબજો રૂપિયા અને કુટુંબ કબીલા બધું ઘણું. આહા..હા..! લઈ ગયા ત્યાં. ગૃહસ્થ માણસ હતાને. મુંબઈ ગુજરી ગયા અને લઈ ગયા ગોવા. મોટી આબરૂવાળા ખરાને.

**શ્રોતા** :- પ્લેનમાં લઈ ગયા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લઈ જ જાયને. ધૂળમાં શું? એ મરીને વયો ગયો ક્યાંક. આહા..હા..!

અહીં તો કહે છે કે એકવાર પ્રભુ! તું સાંભળતો ખરો, તારી લક્ષ્મી તારામાં અનંત પડી છે. આહા..હા..! આ તો અબજો અને કરોડ કાંઈક ખર્વ, નિખર્વ આવે છેને? એ તો અત્યારે ન હોય. અમારા વખતમાં આવતું. પ્રાગલ્ભ ઉપર આવતું. ખર્વ, નિખર્વ, .. અને પ્રાગલ્ભ. અબજ ઉપરના બોલ આવતા અમારી નિશાળ વખતે. આ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. અબજ પછી ખર્વ, નિખર્વ આવે છેને? સો કરોડનું એક અબજ, સો અબજનું એક ખર્વ, સો ખર્વનું એક નિખર્વ. એ ખર્વ, નિખર્વ ... પછી ભૂલી ગયા. .. અંત્ય, મધ્યમ અને પ્રાગલ્ભ એવા બોલ આવતા. એ બધા એકડા હોય. કરોડ અબજનું એક ખર્વ, કરોડ.. લાખ.

લાખને? લાખ. આહા..હા..! એમાં ક્યાં .. ૧૮નો આંકડો આવતો તે દિ'. તો પણ શું? ધૂળમાં છે શું? આહા..હા..! આ તો અનંત આંકડો. આત્મામાં તો અનંત આનંદ. આહા..હા..!

જેનો સ્વભાવ છે એ શક્તિના સામર્થ્યની હદ શું? આહા..હા..! ભગવાન આત્મા એનો આનંદ સ્વભાવ, અતીન્દ્રિય આનંદ સ્વભાવ. એ સ્વભાવની શક્તિનું સામર્થ્યનું માપ શું? અમાપ... અમાપ... અમાપ... આહા..હા..! એવા અનંતગુણનો પિંડ ભગવાન નિજલક્ષ્મીનો સનાથ છે એ. નિજલક્ષ્મીથી ભરેલો છે એ. આહા..હા..! એ લક્ષ્મી આગળ આ ધૂળની લક્ષ્મી એ કાંઈ મફતના ભિખારા છે. રાંકા માણસ અંતરની લક્ષ્મી છોડીને બહારની લક્ષ્મી માટે હેરાન થાય છે. એય..! શાસ્ત્રમાં એને વરાંકા કહ્યા છે. વરાંકા એટલે રાંકા. સ્વરૂપલક્ષ્મીનું જ્યાં ભાન નથી અને પરલક્ષ્મીની જ્યાં ભાવના અને ગરજ છે એ રાંકા છે, વરાંકા છે. આહા..હા..! ભિખારી છે. એવી વાત છે અહીંયાં, ભાઈ! એય..! લાલજીભાઈ!

અહીં કહે છે '**મોહને નિર્મૂળ** કરવાથી,...' મિથ્યાત્વ નાશ કરવાથી. આહા..હા..! પરની કિંમતની દૃષ્ટિ છે એને છોડીને. '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત** રાગનો **વિલય** કરવાથી **અને દ્વેષરૂપી** જળથી **ભરેલા મનરૂપી** ઘડાનો **નાશ** કરવાથી,...' આહા..હા..! મનરૂપી ઘડો. ઘટ. એમાં દ્વેષરૂપી જળ ભર્યું છે. એનો નાશ કરવાથી. આહા..હા..! '**પવિત્ર**,...' ભગવાન આત્મા પવિત્ર અંદર. આહા..હા..! '**અનુત્તમ = જેનાથી બીજું** કાંઈ **ઉત્તમ નથી એવી; સર્વશ્રેષ્ઠ**.' '**નિરુપધિ = ઉપધિ વિનાની; પરિગ્રહ રહિત; બાહ્ય સામગ્રી રહિત; છળકપટ રહિત—સરળ**.' નીચે અર્થ છે. '**અને નિત્ય-ઉદિત** (**સદા પ્રકાશમાન**) **એવી જ્ઞાનજ્યોતિ**...' સદા પ્રકાશમાન ભગવાન ચૈતન્યજ્યોતિ પ્રગટે છે. પર્યાયમાં પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પવિત્ર, અનુત્તમ, નિરુપધિ, નિત્ય-ઉદિત એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે**,...' આહા..હા..! શું કહે છે? કે જ્ઞાનજ્યોતિ ઝળહળ ભગવાન આનંદનો નાથ, રાગનો નાશ કરીને.. આહા..હા..! દ્વેષનો નાશ કરીને પવિત્ર ઉત્તમ વીતરાગી સ્વરૂપ '**નિરુપધિ**...' રાગ વિનાની ચીજ નિત્ય પ્રકાશમાન એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. પર્યાયમાં ઝળહળ જ્યોતિ પ્રગટ પ્રકાશમાન છે. આહા..હા..!

'**ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે**,...' આહા..હા..! ત્રિકાળમાંથી એકાગ્ર થઈને પરનો નાશ કરીને જે આનંદનું ફળ આવ્યું એ ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે. આહા..હા..! રાગનો નાશ કરીને, સ્વભાવના શરણનો આશ્રય કરીને જે પર્યાયમાં નિર્મળ આનંદની દશા પ્રગટી એ ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું એ ફળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ. ઓલા તો ભાઈ કહે દયા પાળવી, વ્રત કરવા, છ કાયના જીવની દયા પાળવી એ તો રાગની ક્રિયા છે. એને પાળી ક્યાં શકે છે? ઓલા દાળ, ભાત, શાક બધા ખાય છે કે નહિ? ગંજના ગંજ ખાય છે કે નહિ બધા?

**શ્રોતા** :- એક દાણોય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાણોય નહિ, કોણ ખાય છે? ભાન ક્યાં છે તને? એટલા ડાંગર પાકે છે, ચોખા પાકે છે, જમરૂખ, દાડમ શું કહેવાય? કેળા. એ બધું ખાય છે કે નહિ માણસ? જડને કોણ ખાય? એ તો એ વખતે રાગ ખાય છે, રાગનો અનુભવ કરે છે. એ તો જડની ક્રિયા છે. જડની ક્રિયા કરે કોણ? આહા..હા..! દુનિયાને ખબર નથી. ચીજની ખબર નહિ અને ચાલી નીકળ્યા છે સાધુ થઈને, ત્યાગ કરીને. આહા..હા..!

કહે છે કે ભાઈ! ૨૦મી. '**સત્યફળ વંદ્ય છે, જગતને મંગળરૂપ છે.**' આહા..હા..! મંગળ. મમ નામ અહંકાર અને ગળ નામ મોહનો નાશ કરીને, મંગ નામ પવિત્રતા અને લ નામ લાવે. મંગ અને લ. અંતર પવિત્ર સ્વરૂપ મંગ એને લ નામ પર્યાયમાં પ્રાપ્ત કરી અને મમ નામ પરના અહંકારનો ગળ નામ નાશ કર્યો. આહા..હા..! એ મંગળ છે. આહા..હા..! '**જગતને મંગળરૂપ છે.**' આહા..હા..! આવા મુનિરાજ પણ... '**ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...**' રાગથી ભિન્ન થઈને પૂર્ણાનંદના નાથની અનુભવ દશાને પામીને જે આનંદની દશા થઈ એ સત્ફળ વંદ્ય છે. એ સાચું ફળ એ વંદનિક છે અને એ જગતને મંગળરૂપ છે. અતીન્દ્રિય આનંદની પર્યાયમાં પ્રાપ્ત થાય એ મંગળ છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આનંદરૂપ દશા છે. એ અંતરના આશ્રયે જે પ્રગટી થઈ એ સત્ફળ એ મંગળ છે અને એ વંદ્ય છે. એ વંદનિક છે, કહે છે. રાગભાવ આવે છે એ વંદનિક, ફંદનિક.. એ .. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સાધારણના કામ નહિ એમાં. આહા..હા..!

૯૦૦ વર્ષ પહેલા ટીકા થઈ છે. પદ્મપ્રભમલધારિદેવ ૯૦૦ વર્ષ પહેલા થયા છે. આ મૂળ શ્લોક બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય. સમજાણું કાંઈ? ઓહો..હો..! અમૃત ભર્યા છે અમૃત. કહે છે કે અમૃતનું સાગર તારું શરીર. હું આત્મા શરીર આ શરીરમાં ભિન્ન અમૃતનો સાગર તારું શરીર, ચૈતન્યશરીર. આહા..હા..! એનો અનુભવ કરીને, પરથી ભિન્ન ભેદજ્ઞાન કરીને તારો અનુભવ કરીને, રાગનો અનુભવ છોડીને તારો અનુભવ કરીને જે આનંદનું ફળ આવ્યું એ વંદ્ય છે. આહા..હા..! એ જગતને મંગળિક છે. આહા..હા..! એને કેવળજ્ઞાન લેવાની તૈયારી થઈ ગઈ હતી. મંગળિક કર્યું એણે. સિદ્ધપદ થવાની તૈયારી થઈ ગઈ એને. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આવો ઉપદેશ.

**શ્રોતા :-** બ્રહ્મ ઉપદેશ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** '**બ્રહ્મ ઉપદેશ!**' એ પહેલા આવ્યુંને બાર ગાથામાં. બાર ગાથામાં '**બ્રહ્મ ઉપદેશ**' કર્યો. ઓલામાં આવેને આપણે બાર ગાથા? પીઠીકા. સમયસાર બાર. સમયસાર પીઠીકા એમ આ પીઠીકા. આહા..હા..!

'**જગતને મંગળરૂપ છે.**' આહા..હા..! શું મંગળરૂપ છે? કે મિથ્યાત્વનો નાશ કરીને. દયા, દાન, વ્રત, વિકલ્પથી ધર્મ થાય એવો મિથ્યાત્વભાવ એનો નાશ કરીને અને અંતરમાં

સ્વરૂપનું શરણ લઈને દ્વેષરૂપી ઘડાનો નાશ કરીને '**પવિત્ર, અનુત્તમ, નિરૂપધિ...**' જેમાં રાગની ઉપધિ નથી એવું વીતરાગસ્વરૂપ. '**નિત્ય-ઉદિત એવી જ્ઞાનજ્યોતિ...**' ત્રિકાળ એને પ્રગટ કર. દિવાસળીમાંથી આમ અગ્નિ પ્રગટે છે એમ ભગવાન શક્તિમાં આનંદ પડ્યો છે. એને ઘસીને પર્યાયમાં આનંદ કાઢ. નવરંગભાઈ! આવું છે. આહા..હા..!

**શ્રોતા :-** દિવાસળી ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ દિવાસળી આ દિવાસળી. દિવાસળીમાં અગ્નિ પડે છે કે નહિ? તો ઘસવાથી પ્રગટે છેને? અંદર હોય ઈ આવે કે ન હોય ઈ આવે? એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદરૂપી શક્તિ પડી છે. અતીન્દ્રિ જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અનંતી સ્વચ્છતા, અનંત પ્રભુતા એ શક્તિમાં એકાગ્ર થઈને ઘસારો કર. પરથી ભિન્ન થઈને એમાં .. લગાડી દે. અંદરમાં ભડકો નીકળશે. શક્તિમાંથી આનંદની વ્યક્તિ થશે તને. એ સત્ય વંદ્ય છે, એ ફળ વંદ્ય છે અને એ ફળ આનંદદાયક છે, એ મંગળિક છે. ભારે વાત કરી, ભાઈ! વિશેષ કહેશે લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૩, મંગળવાર, તા. ૨૦-૦૧-૧૯૭૬
## ગાથા-૧૩, કળશ-૨૧-૨૨, પ્રવચન નં. ૧૫૭

આ નિયમસાર, જીવ અધિકાર, ૧૩મી ગાથાની ઉપર ૧૨મી ગાથાના છેલ્લા બે કળશ છેને? ૨૧ અને ૨૨.

(मन्दाक्रांता)

मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं
निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।
लीनं स्वस्मिन्सहजविलसच्चिच्चमत्कारमात्रे
स्वस्य ज्योतिःप्रतिहततमोवृत्ति नित्याभिरामम्।।२१।।

મોક્ષની પર્યાયની વાત કરે છે જ્ઞાન આનંદ.

'**શ્લોકાર્થ :- આનંદમાં જેનો ફેલાવ છે,...**' ભગવાન મોક્ષની દશામાં જેનો આનંદ વિસ્તાર છે. કેવળજ્ઞાનની સાથે પૂર્ણ આનંદનો વિસ્તાર શક્તિ પ્રગટ થઈ ગઈ છે. અતીન્દ્રિય આનંદ જે સ્વરૂપ છે અંતર એમાંથી અતીન્દ્રિય આનંદ, અનાકુળ અતીન્દ્રિય આનંદનો વિસ્તાર પ્રગટ થઈ ગયો છે. આહા..હા..! '**જે અવ્યાબાધ...**' જેને કોઈ બાધા, પીડા, વિઘ્ન છે નહિ એવી દશા કેવળજ્ઞાન. '**જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે,...**' કેવળ સહજ

જ્ઞાનસ્વરૂપ મોક્ષદશાની વાત છે હોં. ખીલી નીકળી છે. પૂર્ણ સ્વભાવિક દશા પ્રગટ થઈ ગઈ છે અને પર્યાય '**જે અંતર્મુખ છે, જે પોતામાં**—' જુઓ, કેવળજ્ઞાનને પણ અહીંયાં તો અંતર્મુખ કહ્યો. આહા..હા..! '**પોતામાં—સહજ વિલસતા (ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાં—લીન છે,...**' કેવળજ્ઞાન ચિત્ચમત્કારમાત્રમાં પર્યાયમાં લીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અથવા '**(ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાંત્રમાં—લીન છે,...**' એમ કહે છેને પર્યાયમાં? આહા..હા..! ભાષા અલૌકિક છે.

'**જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (-અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને) નષ્ટ કરી છે...**' જેણે કેવળજ્ઞાનની જ્યોતથી અંધકારદશા, અજ્ઞાનપરિણતિને નાશ કરી છે '**અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે, એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.**' આહા..હા..! મોક્ષની દશા. '**એવું સહજજ્ઞાન...**' પર્યાયની વાત છે હોં. '**સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.**' આ મોક્ષનું તત્ત્વ, આ મોક્ષની દશા. ૨૨.

(अनुष्टुभ्)

सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम्।
ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम्।।२२।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...**' ત્રિકાળી. સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ '**સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવો શુદ્ધચૈતન્યમય...**' આહા..હા..! એવું શુદ્ધ ચૈતન્યમય. ત્રિકાળીની વાત છે. '**મારા આત્માને જાણીને,...**' આહા..હા..! મુનિરાજ કહે છે કે અમે શું કરીએ છીએ અત્યારે? ધર્મરૂપી મોક્ષદશા મોક્ષનું કારણ. કે '**સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...**' એ આત્મા. '**એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને...**' એવા આત્માને જાણીને સ્વભાવિક જ્ઞાનરૂપી રાગ જેનું સર્વસ્વ સામ્રાજ્ય છે. આહા..હા..! '**એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં.**' બસ. જાણીને હું એમાં સ્થિર થઈ જાવ. વીતરાગી પર્યાય પ્રગટ કરીને નિર્વિકલ્પ થાઉં એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આત્માની ત્યાં સુધી ત્રિકાળની વાત કરી. જાણીને વર્તમાન પર્યાયમાં. હું આ નિર્વિકલ્પ વીતરાગ પર્યાય(માં સ્થિર) થાઉં. આહા..હા..! એ તો સજ્યા.

હવે થોડો ઝીણો અધિકાર આવશે. ૧૩મી ગાથા છે. થોડો ઝીણો અધિકાર છે. '**આ દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.**' એ જ્ઞાનની વ્યાખ્યા થઈ. મોક્ષમાં અને ત્રિકાળમાં બેયની વાત થઈ ગઈ. '**तह**' નામ જ્ઞાનની વાત કરી, હવે દર્શન.

तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।
केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं।।१३।।

**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઈંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

**'ટીકા :- આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.' 'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે,...'** જ્ઞાનની વ્યાખ્યા આવી ગઈને? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન. મતિજ્ઞાનમાં એ બહુવિધ આવ્યું. એ આવી ગયું. **'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે.'** થોડું ઝીણું છે. ધ્યાન રાખજો. **'(ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે :)'** દર્શનોપયોગના બે ભેદ—એક **'સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.'** અંતરમાં કારણસ્વભાવદર્શનોપયોગ એ ત્રિકાળી સહજ અને એમાં કાર્ય પ્રગટે એ કેવળદર્શન એ કાર્યસ્વભાવદર્શનોપયોગ. શું કહ્યું? દર્શન—જોવું અને શ્રદ્ધવું એમ બે પ્રકાર લીધા. દર્શન જે જ્ઞાનોપયોગની વાત કરી ત્રિકાળની અને કાર્યની. હવે અહીંયાં દર્શનોપયોગ ત્રિકાળમાં છે એ કારણસ્વભાવદર્શનોપયોગ છે. દર્શનોપયોગના બે ભેદ—કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવ. કાર્ય નામ પર્યાયમાં સ્વભાવ ઉપયોગ.

કારણસ્વભાવ-ઉપયોગ એ બે પ્રકારના છે. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારના છે : એક કારણસ્વભાવદર્શનોપયોગ, એક કાર્યસ્વભાવદર્શનોપયોગ. ત્રિકાળ છે એ કારણસ્વભાવદર્શનોપયોગ અને પર્યાયમાં પ્રગટ છે એ કાર્યસ્વભાવદર્શનોપયોગ. આહા..હા..! .. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? હવે જરી દર્શનોપયોગની વાત તો એની ચાલે છે, પણ અંદર કારણદૃષ્ટિ પણ સાથે લઈ લીધી. સમ્યગ્દર્શન જે પર્યાયમાં પ્રગટે છે. એની અંતરમાં કારણદર્શન ત્રિકાળ એક શ્રદ્ધા છે. કારણશ્રદ્ધા દૃષ્ટિ ત્રિકાળ એક અંદર છે. શું કહ્યું? જેમ સ્વભાવ કારણોપયોગ ત્રિકાળ છે એમાંથી કાર્યસ્વભાવોપયોગ પ્રગટ થાય છે. એમ આત્મામાં સમ્યગ્દર્શન, દર્શન શ્રદ્ધા, એવી કારણદૃષ્ટિ ત્રિકાળ આત્મામાં છે. કહો, ચંદુભાઈ! આ કોઈ દિ' નહિ સાંભળ્યું હોય એવી વાત છે જરી. દર્શન નામ જોવું અને દર્શન નામ શ્રદ્ધા અહીં બે ભાગ લેવા. ત્રિકાળ દર્શનોપયોગ જે છે એ સ્વભાવ એ ત્રિકાળ છે અને એમાંથી કેવળદર્શન જે ઉત્પન્ન થાય છે પરમાત્માને એ કાર્યદર્શનોપયોગ છે. પર્યાયને કાર્યદર્શનોપયોગ કહે છે અને ગુણને કારણદર્શનોપયોગ કહે છે.

હવે અહીંયાં દર્શનોપયોગમાં કારણદૃષ્ટિ નાખી. એ શું? **'ત્યાં કારણદૃષ્ટિ તો,...'** ત્રિકાળી શ્રદ્ધાને કારણદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા અનંત ચારિત્ર આદિથી સંપન્ન ત્રિકાળ હોં. એની શ્રદ્ધામાત્રને અંતર કારણદૃષ્ટિ કહેવામાં આવે છે. પ્રગટ સમ્યગ્દર્શનની અહીંયાં વાત નથી. જેમ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે છે તો અંતરમાં કારણ દૃષ્ટિ પણ ત્રિકાળ છે. એ એમાંથી સમ્યગ્દર્શનની પર્યાય આવે છે. આહા..હા..! કારણદર્શનોપયોગ જે ત્રિકાળ છે એમાંથી અનંત કેવળદર્શનનો ઉપયોગ એમાંથી પ્રાપ્ત થાય છે. આહા..હા..! ત્રિકાળમાં ચારિત્ર સંવર રમણતા, ચારિત્રરૂપી અકષાયભાવ ત્રિકાળ પડ્યો છે આત્મામાં. એમાંથી

યથાખ્યાત ચારિત્રની પર્યાય પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણદષ્ટિ તો,...**' નીચે ખુલાસો કર્યોને? '**દર્શન.**' દષ્ટિ એટલે દર્શન લેવું. '**(દર્શન અથવા દષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ, અને (૨) શ્રદ્ધા.**' દર્શનના બે અર્થ છે. એક સામાન્ય પ્રતિભાસ અને એક શ્રદ્ધા. દર્શનોપયોગના બે ભેદ છે. એ દર્શનના ભેદ. એક સામાન્યદર્શનોપયોગ અથવા સામાન્ય શ્રદ્ધા, ત્રિકાળ. ઝીણી વાત બહુ! ધ્યાન રાખે તો સમજાય. આ તો નવી વાત છે. ક્યાંય છે નહિ. આ સિવાય, નિયમસાર સિવાય આ વાત બીજે ક્યાંય આવતી નથી. સમજાણું કાંઈ? અને એનો અભ્યાસ પણ અત્યારે ઘણો ઓછો થઈ ગયો છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રતિભાસ અને... ફેર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રતિભાસ તો દર્શન કીધું. દર્શન જુઓને. દેખવું. એ દેખવું એ દર્શનોપયોગ અને શ્રદ્ધા એ શ્રદ્ધાનો ભાવ બીજી ચીજ. સામાન્ય પ્રતિભાસ દર્શન. ત્રિકાળમાં દર્શન જે સ્વભાવ છે. ત્રિકાળદર્શનસ્વભાવ એને સામાન્ય પ્રતિભાસ કહે છે અને ત્રિકાળમાં જે શ્રદ્ધા છે એને દષ્ટિ કહે છે. ત્રિકાળમાં, આત્મામાં અંદર પડી છે એની વાત છે. આહા..હા..! છે?

'**જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.**' દર્શનોપયોગની વાત તો ચાલે છે. તો દર્શનોપયોગના બે પ્રકાર— એક કારણદર્શનોપયોગ ત્રિકાળસ્વભાવ અને કાર્યદર્શનોપયોગ પર્યાય. હવે એ રીતે શ્રદ્ધાના બે પ્રકાર લેવા. દર્શનમાં શ્રદ્ધા સાથે લીધી કે ત્રિકાળી કારણ શ્રદ્ધારૂપી દષ્ટિ એ ત્રિકાળ. પૂર્ણ આત્મા અનંત આદિ લેશે. પૂર્ણ સ્વભાવરૂપ પરમપારિણામિકભાવસ્વરૂપ ચારિત્રમાં લીન ત્રિકાળ હોં. એવા આત્માની, એવા આત્માની ત્રિકાળમાં પડી એવી કારણસ્વરૂપ શ્રદ્ધાન માત્ર દષ્ટિને કારણદષ્ટિ કહે છે. એ છેને? '**કારણદષ્ટિ તો,...**' આ શ્રદ્ધાની અપેક્ષા લીધી અને દર્શનોપયોગ પણ લેવો હોય તો સાથે લઈ શકે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એ બેય શ્રદ્ધાગુણની પર્યાય છેને? આ બન્ને સામાન્યપ્રતિભાસ અને શ્રદ્ધા બેય શ્રદ્ધાગુણપર્યાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયની ના પાડી. પર્યાયની ક્યાં વાત ચાલે છે? આ તો ત્રિકાળની વાત ચાલે છે. ધ્યાન રાખો. ધ્યાન રાખો. આ તો બીજી ચીજ છે. આ પર્યાયની વાત નથી.

**શ્રોતા :-** બંને ગુણ છે આત્મામાં સાથે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય ગુણ સાથે છે. બેય ગુણ સાથે છે. દર્શનોપયોગ અને કારણદષ્ટિ બેય ધ્રુવમાં સાથે, પર્યાયમાં નથી. પર્યાયની વાત અહીંયાં છે નહિ. આ તદ્દન ઝીણી વાત છે. અત્યારે સમ્યગ્દર્શન અને એનો વિષય શું એ વાત તો ગુપ્ત થઈ ગઈ છે. આ વ્રત પાળવા,

તપ કરવા એવું અજ્ઞાનમાં ચાલ્યું છે બધું. આહા..હા..!

**શ્રોતા :-** એ સહેલું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલું શું હતું? એ તો અનંતવાર કર્યું છે. અને એ જે અનંતવાર કર્યું છે એવું ક્યાં છે અહીં. નવમી ગ્રૈવેયક ગયો હતો અને કર્યું એવું તો અત્યારે છે જ નહિ. મિથ્યાદષ્ટિસહિત હોં! એવું પણ ક્યાં છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! ભગવાન! અહીંયાં તો કહે છે કે જેમ જ્ઞાનોપયોગના બે ભેદ લીધા કે ત્રિકાળી કારણસ્વભાવોપયોગ અને કાર્યપર્યાય કાર્યજ્ઞાન કેવળજ્ઞાન, એમ દર્શનમાં એક કારણદર્શનોપયોગ, એક કાર્યદર્શનોપયોગ. હવે કારણદર્શનોપયોગમાં એક કારણદષ્ટિ સાથે લીધી દર્શનની અપેક્ષાએ. તો જેમ આત્મામાં ત્રિકાળી કારણદર્શનોપયોગ ધ્રુવ છે એવી એક કારણદષ્ટિ આત્મામાં ધ્રુવ છે. આહા..હા..! ધીરે-ધીરે સમજો આ તો...

જેમ આ ભગવાન આત્મા દેહ, વાણી, મન તો ભિન્ન રહી ગયા, પુણ્ય-પાપની રાગની ક્રિયા છે એ પણ ભિન્ન રહી ગઈ. એની એક સમયની પર્યાય પણ કાર્ય છે. એમાં ત્રિકાળી વસ્તુ એ કારણ છે. એ ત્રિકાળી કારણપરમાત્મા અથવા કારણઆત્મા એમાં કારણદષ્ટિ ત્રિકાળ પડી છે. ફરીને. આ તો બહુ વાત કરે ત્યારે માંડ પકડાય એવી વસ્તુ છે. આહા..હા..! આ આત્મા છે એ જ્ઞાનોપયોગ પણ છે અને દર્શનોપયોગ પણ છે. તો જ્ઞાનોપયોગ જે ત્રિકાળ છે આત્મામાં ત્રિકાળ જ્ઞાન છે એ કારણજ્ઞાનોપયોગ એ ત્રિકાળ જ્ઞાન છે અને વર્તમાન કેવળજ્ઞાનની પર્યાય કાર્ય ઉપયોગ છે.

હવે દર્શનોપયોગની વ્યાખ્યા. ભગવાન આત્મામાં જેમ જ્ઞાનોપયોગ ત્રિકાળ છે એવો એક દર્શનોપયોગ ત્રિકાળ છે. એ દર્શનોપયોગને કારણ ઉપયોગ, કારણ સ્વભાવોપયોગ કહેવામાં આવ્યો છે. આહા..હા..! એમ એની સાથે એ કારણદષ્ટિ ત્રિકાળ આત્મામાં પડી છે ધ્રુવ.

**શ્રોતા :-** શ્રદ્ધાના ગુણરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, શ્રદ્ધાના ગુણરૂપ. શ્રદ્ધા ગુણરૂપ. દર્શનગુણ તો દર્શનોપયોગમાં વાત ગઈ. આ તો શ્રદ્ધાગુણરૂપ એક ત્રિકાળ છે.

**શ્રોતા :-** .. બેયે ભિન્ને ભિન્ન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભિન્ન-ભિન્ન છે. આ શ્રદ્ધા છે અને ઓલો ઉપયોગ ગુણ વેપાર ઉપયોગ છે. પણ એટલો ફેર લાવવો. અનંતગુણો ફેર છે. આ તો શ્રદ્ધામાત્રની વાત છે. કારણદષ્ટિ. એમાં દર્શનોપયોગ. જોવું એ તો વેપાર છે, એ ઉપયોગ છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત! શું કહે છે?

**શ્રોતા :-** આત્મામાં અનંત શક્તિ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંતમાં બેય શક્તિ ભિન્ન છે. બેય ભિન્ન છે. એક જોવાની.. આહા..હા..! એક જોવાની અને એક શ્રદ્ધાની. બે વિશેષતા.. ભિન્ન છે. બે ગુણ છેને? કહ્યુંને?

બે ગુણ ભિન્ન છે. એક દર્શનગુણ છે, એક શ્રદ્ધાગુણ છે. બે ભિન્ન છે. એ તો પહેલેથી વાત ચાલે છે. આહા..હા..! નવી વાત. ધીમે-ધીમે કહીએ છીએને. તેથી તો ધીમે-ધીમે કહીએ છીએ.

આત્મામાં એક દર્શનશક્તિ ત્રિકાળ પડી છે એવી આત્મામાં શ્રદ્ધા શક્તિ ત્રિકાળ પડી છે. બેય ભિન્ન ગુણ છે. સમજાણું કાંઈ? ધીમે-ધીમે જુઓ, બાપુ! આ તો સમ્યગ્દર્શનનો વિષય આત્મા કેવો છે એની અહીં વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે '**કારણદૃષ્ટિ તો...**' કારણદૃષ્ટિ નામ ત્રિકાળી શ્રદ્ધા દૃષ્ટિ તો. કારણદૃષ્ટિનો અર્થ ત્રિકાળી શ્રદ્ધા દૃષ્ટિ તો ત્રિકાળી. '**સદા પાવનરૂપ...**' હવે આ વિશેષણો આત્માના છે. '**સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**' આત્મા. આત્માની વાત આવી. છેલ્લે છેને? '**એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...**' છેલ્લી લીટી છે. છેલ્લી શું કહે છે? આખરી.

આ ગાથા અને અર્થ તો અલૌકિ ક્યાંય બીજે છે નહિ. આહા..હા..! ત્રિકાળમાં દર્શનોપયોગ પ્રતિભાસરૂપ કહ્યોને? દર્શન ત્રિકાળ. દર્શનોપયોગ પ્રતિભાસરૂપ અને શ્રદ્ધામાત્ર પ્રતીતરૂપ એ ત્રિકાળ. બેય ગુણ ત્રિકાળ ભિન્ન છે. ચંદુભાઈ! આહા..હા..! આહા..! હવે અહીંયાં જરી કારણદૃષ્ટિ કોની શ્રદ્ધા કરે છે? ત્રિકાળ હોં. ત્રિકાળમાં શ્રદ્ધા કોની છે એને? સદા પાવનરૂપ પરમપારિણામિકભાવ. ત્રિકાળી સ્વભાવભાવ '**સદા પાવનરૂપ...**' સદા પાવનરૂપ. અંદર જે પરમપારિણામિકભાવ પર્યાય સિવાયનો ત્રિકાળી ભાવ એ પરમ '**સદા પાવનરૂપ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોથી અગોચર...**' આહા..હા..! શું કહે છે? આ લેવું છે એમ કે આવા આત્માની શ્રદ્ધામાં પણ કારણદૃષ્ટિ એમ લેવું. પણ ઈ આત્મા કેવો છે? કે '**સદા પાવનરૂપ...**' ઉદય રાગાદિની ક્રિયાથી, ઉપશમભાવ સમકિત આદિ, ક્ષાયિકભાવ કેવળજ્ઞાનાદિ કે સમકિત આદિ અને ક્ષયોપશમ એ ચાર વિભાવસ્વભાવ છે.

આત્મામાં ત્રિકાળ સ્વભાવ છે એ પરિણામિક સ્વભાવભાવ છે અને પર્યાયમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર છે એ પર્યાયભાવને વિભાવસ્વભાવ કહેવામાં આવ્યો છે. સ્વભાવોપયોગ ત્રિકાળની અપેક્ષાએ પરમભાવની અપેક્ષાએ ચાર પર્યાયને વિભાવસ્વભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! એક તો કારણદૃષ્ટિ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કોની? કે આત્માની. એ આત્મા કેવો છે? એ '**સદા પાવનરૂપ...**' આત્મા. પારિણામિકભાવ અને '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**' નીચે લખ્યું છે. બગડો છેને નીચે? ક્ષાયિકભાવ કેવળજ્ઞાન ક્ષાયિકભાવ. યથાખ્યાત ચારિત્ર ક્ષાયિકભાવની પર્યાય. એ બધાને અહીંયાં વિભાવભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! કેમકે એ વિશેષ પર્યાયભાવ છે, સામાન્ય સ્વભાવભાવ નથી. આહા..હા..! આ સામાન્ય ને વિશેષ. જૈનદર્શન બહુ સૂક્ષ્મ, ભાઈ! એમાં સમ્યગ્દર્શન અને એનો વિષય અલૌકિક વાત છે. આહા..હા..! અત્યારે તો એ વાત ચાલતી નથી.

સમ્યગ્દર્શનની વાત નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યક્ જાઓ. આહા..હા..!

**શ્રોતા** :- અમારા માટે વર્તમાનમાં ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો ચાલે છે બધું. અહીં ક્યાં? આહા..હા..!

આ આત્મા જે છે એ '**સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**' આત્માનો. છે? એ અપેક્ષાએ નીચે '**વિભાવ = વિશેષ ભાવ; અપેક્ષિત ભાવ.**' કર્મના નિમિત્તની અપેક્ષા અને નિમિત્તના અભાવની અપેક્ષા. અપેક્ષિત ભાવનો અર્થ એ. '**ઔદયિક,...**' દયા, દાનનો વિકલ્પ છે એને ઔદયિકભાવ કહેવામાં આવે છે. '**ઔપશમિક,...**' સમ્યગ્દર્શનની ઉપશમ દશાને ઉપશમ કહે છે. '**ક્ષયોપશમિક...**' જ્ઞાન વીર્યનો ઉઘાડ થોડો અને થોડું વિઘ્ન એ ક્ષયોપશમ કહે છે. '**અને ક્ષાયિક...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એને ક્ષાયિકભાવ કહે છે. '**એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી...**' અપેક્ષિત એટલે જેમાં કર્મનું નિમિત્ત પડે છે. ઉદયભાવમાં અને ત્રણમાં નિમિત્તનો અભાવ પડે છે એટલી અપેક્ષા આવે છે. આ આખો અધિકાર ઝીણો છે, ભાઈ! એ માટે કેવળજ્ઞાન ક્ષાયિકભાવને પણ વિભાવભાવ કહેવામાં આવ્યો છે. કેમકે એ પર્યાયભાવ છે અને એમાં કેવળજ્ઞાનાવરણીયના અભાવની અપેક્ષા આવે છે. ઉદયમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે. એ કારણે ચારેય ભાવને વિભાવભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! એકકોર રાગને વિભાવભાવ કહેવો અને એકકોર ચાર ભાવને વિભાવભાવ કહેવો. અપેક્ષિત વાત છે. કેમ? કે ત્રિકાળી ભગવાન પરમસ્વભાવભાવનો પિંડ જે ધ્રુવ છે એ અપેક્ષાએ સ્વભાવભાવ વસ્તુ એ અપેક્ષાએ પર્યાય જેટલી પ્રગટ થઈ વિકારી કે અવિકારી, એ પર્યાયમાં કર્મના નિમિત્તની હાજરી કે અભાવ એવી અપેક્ષા થઈને ચાર ભાવને વિભાવસ્વભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! ચંદુભાઈ! આવું છે આ.

**શ્રોતા** :- કાર્યદર્શનોપયોગને સ્વભાવભાવ કીધો હતો. અહીં પાછો વિભાવભાવ કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો કહ્યુંને. સ્વભાવ કઈ અપેક્ષાએ કહ્યું? કે નિર્મળ પૂર્ણ થયું એ અપેક્ષાએ સ્વભાવભાવ કહ્યો અને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા લઈને એને વિભાવભાવ કહ્યો. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! અને આત્માની વાત જ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે-ધીમે સમજવું. આ ધીમે-ધીમે વાત ચાલે છે. કે આત્મા જે છેને વસ્તુ એ તો પરમસ્વભાવભાવ પરમપારિણામિક સ્વભાવભાવ એ તો ધ્રુવ. અને પર્યાયમાં જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યય, અવધિ આદિ કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન થાય છે એ પર્યાય છે. અને પર્યાયમાં કર્મનું ઉદયમાં નિમિત્ત છે. ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તનો અભાવ છે. એટલી અપેક્ષા આવે છે. એ કારણે કેવળદર્શનોપયોગને પણ, પર્યાયને પણ વિભાવસ્વભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં જે સ્વયં ઘટિત થતું હોય તે અર્થ સમજવો. બેય અર્થમાં

કારણદર્શનોપયોગમાં કારણદૃષ્ટિ નાખી તો એ દૃષ્ટિ લેવું અને દર્શનોપયોગ લેવો હોય તો દર્શનોપયોગ લેવો. બેય લઈ શકો છો. આહા..હા..! છેને નીચે?

'**ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો...**' પરભાવ. આહા..હા..! પાઠ છેને? વિભાવસ્વભાવ પરભાવ. આ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ એ તો પરભાવ છે જ, એ તો વિકાર છે. પણ ચાર પર્યાય છે એને પણ વિભાવભાવ કહીને પરભાવ. ત્રિકાળી પરમસ્વભાવભાવની અપેક્ષાએ ચારભાવને પરભાવ કહેવામાં આવ્યો છે. ફરી. આ કાંઈ... આ આત્મા જે વસ્તુ છે ત્રિકાળ એ પરમસ્વભાવભાવરૂપ. પારિણામિકભાવ કહ્યોને? '**સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**' એ આત્માનો. આત્માનો ત્રિકાળી સ્વભાવિક પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે. એ ભાવ વિભાવસ્વભાવથી, પરભાવથી અગમ્ય છે. પરમસ્વભાવભાવ એ ચાર વિભાવસ્વભાવના આશ્રયે અગમ્ય છે. આશ્રયે. ચાર પર્યાયનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવ પ્રાપ્ત નથી થતો. આહા..હા..! ગમ્ય તો ક્ષયોપશમ અને ક્ષાયિક ગમ્ય જ એ આત્મા છે, પણ ક્ષયોપશમ અને ક્ષાયિકને આશ્રયે ગમ્ય નથી થતો. એ અપેક્ષાએ ચાર ભાવથી અગમ્ય છે એમ કહેવામાં આવ્યું છે. ત્રિકાળી ભગવાન આત્મા એ ધ્રુવસ્વરૂપ છે, પરમપારિણામિકસ્વભાવભાવ છે. એને આશ્રયે પરમપારિણામિક સ્વભાવનું ભાન થાય છે. એ ચાર પર્યાયને આશ્રયે પરમપારિણામિક આત્માના સ્વભાવનું ભાન થતું નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ વિકલ્પ રાગ છે, વિકાર છે, એનાથી તો આત્મા જણાતો નથી. પણ અહીંયાં તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે નિર્મળ પર્યાય છે, એ નિર્મળ પર્યાયને આશ્રયે જણાતો નથી. નિર્મળ પર્યાયથી જણાય છે, પણ નિર્મળ પર્યાયના આશ્રયે જણાતો નથી.

**શ્રોતા :-** કેટલો ફેર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉગમણો-આથમણો ફેર છે. આહા..હા..! સમજાણું? કૈલાસચંદ ક્યાં બેઠા છે? ... સમજાણું કાંઈ? આહા..હા..! ધીમે-ધીમે કહેશું હોં. એકદમ કાંઈ બોલી નથી જતા. અહીંયાં વાત શું કરવી છે? કે કારણદૃષ્ટિ. અહીં કારણદર્શનોપયોગની વ્યાખ્યા ચાલે છેને? તો દર્શનમાં શ્રદ્ધા પણ સાથે લઈ લીધી. દર્શન જેમ જોવાથી છે એવી દૃષ્ટિ શ્રદ્ધામાત્ર છે. એ અંદર જેમ દર્શન ત્રિકાળ દર્શન ઉપયોગમાં ધ્રુવ છે પરમપારિણામિક સ્વભાવભાવ, એવી કારણદૃષ્ટિ-શ્રદ્ધા દૃષ્ટિ ત્રિકાળ એક છે. એ પણ પરમપારિણામિકભાવ સ્વરૂપ છે.

'**કારણદૃષ્ટિ તો,...**' ત્યાં એટલું રાખવું. '**સદા પાવનરૂપ...**' કોણ? આત્મા. '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**' એટલે કે ચાર પર્યાયને આશ્રયે ગમ્ય નથી. પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી ગમ્ય થાય છે. આહા..હા..! '**ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**' પરભાવ અને અગમ્ય બે ભાષા. આ કઠણ છે.

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક—ચારને વિભાવસ્વભાવ કહ્યો, ત્રિકાળી પરમસ્વભાવની અપેક્ષાએ ચારને પરભાવ કહ્યો, તો એ પરભાવને આશ્રયે સ્વભાવનું ભાન નથી થતું. આહા..હા..! પરભાવથી થાય છે, પણ પરભાવને આશ્રયે નથી થતો. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવથી ભાન થાય છે, પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને આશ્રયે ભાન નથી થતું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આ તો અગમ-નિગમની વાતું છે, ભાઈ! જિનેશ્વરદેવની વાતું ઝીણી બહુ! આહા..હા..! આખો અધિકાર ઝીણો છે.

‘**કારણદૃષ્ટિ તો,...**’ એટલી વાત. ‘**સદા પાવનરૂપ...**’ કોણ? આત્મા. ‘**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**’ અગમ્યનો અર્થ ચાર ભાવના આશ્રયે અગમ્ય એમ. એમ લેવું. ‘**એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**’ આત્માનો. કેવો ત્રિકાળી આત્મનો સ્વભાવ છે? સ્વભાવિક પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે આત્માનો. આહા..હા..! અહીં લેવું છે કે કારણદૃષ્ટિ એવા આત્માની સ્વરૂપ શ્રદ્ધામાત્ર ત્રિકાળ છે. એમ લેવું છેને. સમજાણું કાંઈ? શું કહ્યું? કારણદૃષ્ટિ એટલે ત્રિકાળ પડી શ્રદ્ધા દૃષ્ટિ. ત્રિકાળમાં ધ્રુવ. ધ્રુવ કારણદૃષ્ટિ, ત્રિકાળ કારણદૃષ્ટિ એ તો... એટલી વાત. કોની શ્રદ્ધામાત્ર છે? એ કારણદૃષ્ટિ કોની શ્રદ્ધામાત્ર છે? કે આત્માની. એ આત્મા કેવો છે? કે ચાર વિભાવસ્વભાવથી અગમ્ય. આહા..હા..! એ પર્યાય. પર્યાય છેને? ક્ષાયિક પણ પર્યાય છે કેવળજ્ઞાન. ક્ષાયિકસમકિત હોય, ક્ષાયિકચારિત્ર હોય કે રાગ હોય એ બધી પર્યાય છે. અને પર્યાયના આશ્રયે દ્રવ્યનું ભાન નથી થતું. એમ સિદ્ધ કરવું છે. દ્રવ્યના આશ્રયે દ્રવ્યનું ભાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું ઝીણું છે. અંદર વિચાર કરે તો પકડી શકે, પણ ધીમે-ધીમે વિચાર પણ કરવો જોઈએ.

‘**કારણદૃષ્ટિ તો,...**’ એટલે સ્વરૂપ જે ત્રિકાળી ભગવાન આત્મા એમાં એક સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર દૃષ્ટિ ત્રિકાળ પડી છે. સ્વરૂપ-શ્રદ્ધાનમાત્ર દૃષ્ટિ ત્રિકાળ છે. એ દૃષ્ટિ તો ‘**સદા પાવનરૂપ...**’ આત્મા ધ્રુવસ્વરૂપ સદા પાવનરૂપ આત્મા ધ્રુવસ્વરૂપ ‘**સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**’ એ ચાર ભાવની પર્યાયને આશ્રયે, પર્યાયને આશ્રયે અગમ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! ‘**એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**’ આત્માનો. ‘**સહજ પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે,...**’ ત્રિકાળ આત્મા. જે કારણસમયસારસ્વરૂપ આત્મા. કારણપરમાત્મા કહો, કારણસમયસારસ્વરૂપ આત્મા ત્રિકાળ હોં ત્રિકાળ. પર્યાય વિનાનો. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે-ધીમે મંથન કરવું, વિચાર કરવો, ભાઈ! અંદર આ તો વસ્તુ ભગવાન અગમ્ય વસ્તુ છે. આહા..હા..! એને ગમ્ય કરવાની વાત છે. આહા..હા..!

સ્વભાવિક પરમપારિણામિકભાવરૂપ. હવે પરમપારિણામિક શું એ પણ એણે સાંભળ્યું ન હોય. અંદર સ્વભાવભાવ જે ત્રિકાળ છે એ પરમપારિણામિકભાવ છે, જેને કોઈ અપેક્ષા

કર્મની અને અભાવની અપેક્ષા નથી. એવા '**પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**' આત્માનો. '**જે કારણસમયસારસ્વરૂપ છે,...**' ભગવાન આત્મા. સમજાણું કાંઈ? '**નિરાવરણ જેનો સ્વભાવ છે,...**' ધ્રુવ ભગવાન આત્મા તો નિરાવરણ જેનો સ્વભાવ છે. આવરણ-ફાવરણ એમાં નથી. '**જે નિજસ્વભાવસત્તામાત્ર છે,...**' જે ભગવાન આત્મા નિજસ્વભાવ સત્તા, નિજ-પોતાનો સ્વભાવ સત્તામાત્ર આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને '**જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...**' એ આત્મા પરમચૈતન્ય સામાન્ય ધ્રુવસ્વરૂપ છે. પરમચૈતન્ય ધ્રુવસ્વરૂપ છે. આહા..હા..! અને '**જે અકૃત્રિમ પરમ સ્વસ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' ત્રિકાળ-ત્રિકાળ. અકૃત્રિમ-નહિ કરાયેલી દશા. ચારિત્ર ત્રિકાળ છે એ નહિ કરાયેલી છે. '**પરમ સ્વસ્વરૂપમાં અવિચળસ્થિતિ...**' ભગવાન પૂર્ણાનંદના નાથમાં અવિચળ સ્થિતિ ચારિત્રની ત્રિકાળ હોં ત્રિકાળ. પર્યાયના ચારિત્રની વાત નથી. આહા..હા..! આચાર્યોએ શું કામ કર્યું છે! આહા..હા..! લોકોને સમજવી મુશ્કેલ પડે એવી વાતુ કરી છે. પણ સમજવું સહેલું પડે એ રીતે કરી છે. આહા..હા..!

કારણશ્રદ્ધાને ત્રિકાળી સ્વભાવમાં કારણશ્રદ્ધા નામની શક્તિ ગુણ પડ્યો છે. એ કારણ શ્રદ્ધા એ શ્રદ્ધા કરે છે કે જે પરમપારિણામિકભાવસ્વરૂપ અને જે કારણસમયસારસ્વરૂપ ભગવાન કારણપરમાત્મા નિરાવરણ જેનો સ્વભાવ છે આત્માનો. '**નિજ સ્વભાવસત્તામાત્ર છે,...**' પોતાના સ્વભાવનું હોવું પણ એ જેની સત્તા છે. આહા..હા..! '**જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...**' ભગવાન આત્મા પરમચૈતન્ય સામાન્યસ્વરૂપ. પરમ સામાન્ય ધ્રુવસ્વરૂપ છે. સામાન્યસ્વરૂપ છે. '**અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' ત્રિકાળ-ત્રિકાળ. નહિ કરાયેલા પરમસ્વભાવ, ટળ્યા વિનાની સ્થિતિ સ્થિરતારૂપ ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા..! '**જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...**' આહા..હા..! નિત્ય, શુદ્ધ અને અંજન વિનાનું, મેલ વિનાનું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ આત્મા છે.

**શ્રોતા** :- ત્રિકાળના ભેદ...?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધા ગુણો લીધા છેને. ભેદ નહિ. આ ગુણ જુદાં-જુદાં છે કે નહિ? પણ ગુણનું સ્વરૂપ ત્રિકાળ એક છે. એક ગુણમાત્ર આત્મા છે? અનંતગુણ છે. તો અનંતગુણ... આહા..હા..!

**શ્રોતા** :- એક વાક્યમાં બધું સમાડી દીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં તો સમાડી દીધું છે ઘણું. આહા..હા..! આટલો પેરેગ્રાફ અલૌકિક છે. આહા..હા..!

'**પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...**' આત્મામાં. '**અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા**

**આત્માને...'** એવો આત્મા. પહેલાથી લીધું. **'સદા પાવનરૂપ અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે...'** એટલે કે એમાં પાપ છે જ નહિ. અને એનો આશ્રય કરે છે એના પુણ્ય-પાપનો નાશ થાય છે.

**શ્રોતા :-** દસ બોલ લીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણા છે. આહા..હા..! હજી તો શું કહેવું છે? **'એવા આત્માને...'** કેવા આત્માને? કે સદા પવિત્ર, ચાર ભાવને અગમ્ય. આહા..હા..! ક્ષાયિકસમકિતને પણ અગમ્ય. ક્ષાયિકસમકિતથી એને આશ્રયે અગમ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયનું લક્ષ કરે એને આત્મા જ્ઞાનમાં જણાય એવી વાત નથી. સમજાણું કાંઈ? ધીમે-ધીમે સમજો ભાઈ આ તો પેરેગ્રાફ ઝીણો આવ્યો છે. લ્યો, તમારી હાજરીમાં આજે ઉંચી વાત આવી. ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે, ભાઈ! આહા..હા..!

**'એવા આત્માને...'** કેવા? **'સદા પાવનરૂપ...'** થી માંડીને અહીં સુધી. આહા..! ... **'ખરેખર સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે...'** કોણ? **'એવા આત્માને...'** કારણદૃષ્ટિ તો, પહેલેથી શરૂઆત કરી તે. ભગવાન આત્મામાં ત્રિકાળ કારણશ્રદ્ધા પડી છે. **'એવા આત્માને ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** એવા આત્મામાં કારણદૃષ્ટિ સ્વરૂપ-શ્રદ્ધાનમાત્ર જ છે. ત્રિકાળ સ્વરૂપની શ્રદ્ધાનમાત્ર ત્રિકાળ છે. સમજાણું કાંઈ? **'(અર્થાત્ કારણદૃષ્ટિ તો...'** જુઓ, આવ્યુંને પહેલેથી? **'ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે).'** ત્રિકાળ હોં. સમ્યગ્દર્શન વર્તમાનની વાત નથી. ત્રિકાળ એવા આત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર અંદર શક્તિ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીને. ફરીને લઈએ ભાઈ! આ અમારે સુજાનમલજી કહે ફરીને લેવું. જુવાનિયાને ઝટ બેસે એમ કહે છે. એમ નહિ, અહીં તો બધા આત્મા છે. બધાને બેસે એવું છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ. જેની પ્રતીતિનું માહાત્મ્ય આવે તો બધાને બેસી જાય. આહા..હા..! અધિકાર શું ચાલે છે? દર્શનોપયોગનો. જ્ઞાનોપયોગનો વેપાર ૧૧-૧૨માં ગયો. ૧૩માં દર્શનોપયોગની વ્યાખ્યા ચાલે છે. દર્શનોપયોગ એટલે દેખવારૂપ ભાવ. દેખવારૂપ ભાવ. એ દેખવારૂપ ભાવના બે પ્રકાર. એક સ્વભાવ દેખવારૂપ ભાવ, એક વર્તમાન પર્યાયમાં કાર્યસ્વભાવ ઉપયોગભાવ. સ્વભાવ. સમજાણું કાંઈ? એમાંથી કારણસ્વભાવોપયોગ એ ચાલે છે. તો કારણસ્વભાવોપયોગમાં કારણદર્શન નાખ્યું. દૃષ્ટિ એ છેને. કારણ ઉપયોગ પણ સાથે લેવો

અને સાથે કારણદષ્ટિ પણ અંદર લેવી. શ્રદ્ધાની અપેક્ષાએ કારણદષ્ટિ, ઉપયોગની અપેક્ષાએ કારણદર્શનોપયોગ. ત્રિકાળ. આહા..હા..! આચાર્ય ગજબ કામ કરે છેને!

**શ્રોતા :-** ઉપયોગ એ ત્રિકાળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપયોગ ત્રિકાળ છે. આ કારણદષ્ટિ પણ ત્રિકાળ છે. બધા ગુણ ત્રિકાળ છે. અત્યારે દર્શનોપયોગ અને કારણદષ્ટિની વાત ચાલે છે. આહા..હા..! જુઓ, શું કહ્યુ જુઓને પહેલા. '**જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે, તેમ દર્શનોપયોગ પણ...**' અહીં જુઓને. ચાલે છે દર્શનોપયોગની વાત. તો એમાં '**સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : કારણસ્વભાવદર્શનોપયોગ અને...**' વર્તમાનમાં '**કાર્યસ્વભાવદર્શનોપયોગ.**' જેને અહીંયાં કાર્યસ્વભાવદર્શનોપયોગ કહ્યો એને અહીંયાં પરભાવ કહ્યો. કઈ અપેક્ષાએ પણ? કાર્યદર્શન જે કેવળદર્શનોપયોગ ભગવાનને છે એ સ્વભાવ કાર્યદર્શનોપયોગ કહ્યો. ત્રિકાળમાં એ કારણસ્વભાવદર્શનોપયોગ. કાર્યરૂપ એ પર્યાયમાં આવ્યું. એ કાર્યદર્શનોપયોગને પરભાવ કહીને વિભાવ કહ્યો છે. કોની અપેક્ષાએ? ત્રિકાળી પરમસ્વભાવની અપેક્ષાએ ચારને વિભાવ કહીને પરભાવ કહેવામાં આવ્યો અને ચાર ભાવને આશ્રયે ત્રિકાળી પરમપારિણામિકભાવ અનુભવમાં, ખ્યાલમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે અહીંયાં '**કારણદષ્ટિ તો,...**' લ્યો, સુજાનમલજી! ફરીને લઈએ છીએ. ચાલે છે કારણદર્શનોપયોગ અને કાર્યદર્શનોપયોગ, પણ એમાં આચાર્ય મુનિરાજે અંદર દર્શનમાં સાથે શ્રદ્ધા લઈ લીધી. એક ત્રિકાળી શ્રદ્ધા દષ્ટિ તો. ત્રિકાળીની શ્રદ્ધાદષ્ટિ ત્રિકાળમાં જે છે એ '**સદા પાવનરૂપ...**' કોણ? આત્મા. એવો આત્મા છેને? જુઓને એવો આત્મા. છેલ્લે. '**સદા પાવનરૂપ...**' '**આવા આત્માને...**' '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો...**' આત્મા. આહા..હા..! ..લાલજી! આહા..હા..! '**એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**' આત્માનો. સ્વભાવિક પરમ-પારિણામિકભાવસ્વરૂપ જેનો સ્વભાવ એ આત્માને. '**જે કારણસમયસારસ્વરૂપ છે,...**' એ ભગવાન આત્મા. '**નિરાવરણ જેનો સ્વભાવ છે,...**' એ ભગવાન આત્મા. '**જે નિજ સ્વભાવસત્તામાત્ર છે,...**' એ આત્મા. '**જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...**' એ આત્મા. '**જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપ...**' એ આત્મા. અકૃત્રિમ એટલે ચારિત્ર પર્યાય જે થાય છે એ કરાયેલી નવી. રમણતા વીતરાગી, પણ આ તો અકૃત્રિમ એટલે નહિ કરાયેલું ચારિત્ર ત્રિકાળ છે આત્મામાં. આહા..હા..! ઓહો..! આવી વાત!

'**પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ...**' ત્રિકાળ '**અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ...**' આત્મા એટલે કે એ આત્મામાં છે નહિ. પાપાદિ આત્મામાં છે

નહિ. **'એવા આત્માના...'** કેવા આત્માના? **'સદા પાવનરૂપ...'**થી માંડીને **'એવા આત્માના...'** આહા..હા..! **'ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** કોણ? કારણદષ્ટિ. ભગવાન આનંદગુણનો પિંડ પ્રભુ એમાં કારણદષ્ટિ પણ એક ત્રિકાળ શક્તિ પડી છે. એ કારણદષ્ટિ કેવી છે? કે **'એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ...'** કારણદષ્ટિ છે. સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળની વાત છે હોં. ગુણરૂપ ત્રિકાળ. આત્મામાં જેવો જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, દર્શનગુણ છે, પ્રભુત્વ ગુણ છે, જીવત્વ ગુણ છે એવો એક કારણદષ્ટિ નામનો ગુણ છે અંદરમાં. કારણશ્રદ્ધા. કારણદષ્ટિ કહો, કારણશ્રદ્ધા કહો, એ ત્રિકાળી આત્મામાં ગુણ છે. એવા સર્વસ્વગુણનો આત્મા ધરનાર એવા આત્માની અંતરમાં સ્વરૂપશ્રદ્ધાનમાત્ર એ કારણદષ્ટિ છે. આહા..હા..! લ્યો, હજી તો એટલામાં આટલો વખત ગયો. ઝીણું છેને, ભગવાન! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય એ અલૌકિક વસ્તુ છે. લોકોને સમ્યગ્દર્શન પહેલાની ખબર ન મળે હજી અને એના વિના ચારિત્ર અને વ્રત અને તપ બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા..!

**'સ્વરૂપશ્રદ્ધાનમાત્ર...'** સ્વરૂપશ્રદ્ધાન એટલે જુઓ નીચે. **'સ્વરૂપશ્રદ્ધાન = સ્વરૂપ-અપેક્ષાએ શ્રદ્ધાન.'** છે નીચે નોટ? ત્રિકાળી જે કારણપરમાત્મા જેવું સ્વરૂપ કહ્યું જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સ્વરૂપ એવા સ્વરૂપની શ્રદ્ધાનમાત્ર ત્રિકાળી હોં. **'(જેમ કારણસ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે,...'** જુઓ, સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું. જ્ઞાન અંદર સ્વરૂપ પ્રત્યક્ષ ધ્રુવ એક છે. ધ્રુવ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન છે. આહા..હા..! **'તેમ કારણસ્વભાવદષ્ટિ અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.)'** દર્શનસ્વરૂપ પણ લેવું અને શ્રદ્ધામાત્ર પણ લેવું, બેય ગુણ લેવા એમાં. આહા..હા..! બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવની વાણી કેવી છે! એ કોઈ વાર્તા નથી. આહા..! ત્યાં પહોંચવામાં ઘણો પુરુષાર્થ જોઈએ. એકલી ક્રિયાકાંડ કરવાથી ... થતી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, આવ્યું કે નહિ? સુજાનમલજી! ભાઈ!

**શ્રોતા :-** પૂરું ક્યાં થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૂરું તો ભગવાન કરે ત્યારે પૂરું થાય. આહા..હા..! આ બાળકો બેઠા છે જુઓ, કેટલા પ્રેમથી સાંભળે છે. એ તો આત્મા છેને, ભગવાન! આહા..હા..! દેહ દેવળમાં ભગવાન આનંદમૂર્તિ બિરાજે છે. આહા..હા..! એ પહેલા કહ્યુંને આનંદનો વિસ્તાર કેવળજ્ઞાનનો હોં. મોક્ષમાં આનંદનો વિસ્તાર થઈ ગયો છે. આહા..હા..! જે આનંદ શક્તિરૂપ હતો એ પર્યાયમાં વિસ્તારરૂપ થઈ ગયો. આહા..હા..! આ મુનિરાજ જુઓ તો ખરા ટીકા. આ દિગંબર સંતો. આહા..હા..! એની લાઈન જ જુદી. એવી લાઈન શ્વેતાંબરમાં ૩૨ વાંચે, ૪૫ વાંચે તોપણ એમાં ક્યાંય મળે એવું નથી. બહેને પૂછયું હતું મને. એમના ઘરેથી બહેન. કે મહારાજ! આ ૩૨માંથી કયું સૂત્ર વાંચવું? ખબર છે? કીધું, ૩૨માં એકેય સૂત્ર સત્ય નથી. ... એ વખતે તો આ વાત હતી નહિને. આહા..હા..! ભાઈ! આ તો મહાસિદ્ધાંત

છે. દિગંબર શાસ્ત્રો તો મહા પરમસત્ય સિદ્ધાંત છે. એને સમજવો અને અંતરદૃષ્ટિ એ તો અલૌકિક ચીજ છે. આહા..હા..! અહીં તો ત્યાં સુધી કહ્યું...

**શ્રોતા :-** બીજા દિગંબર શાસ્ત્રોમાં પણ આવી વાત નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વાત ક્યાંય નથી. આ તો મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર છેને.

**શ્રોતા :-** પદ્મપ્રભમલધારિદેવે આ વાત કાઢી ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું નથી પહેલું? જુઓ પહેલા લખ્યું છે વાંચો. ગણધરથી ચાલી આવી છે. પણ એ ન હોય. એક ઠેકાણે બધી વાત ન હોય. ઈ છે. જુઓ, આવ્યું? '**ગુણના ધરનાર ગધણરોથી રચાયેલા શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' પરંપરાગત મુનિઓ દિગંબર પરંપરાથી આવી છે. હું કોણ કરનારો? એમ કહે છે. છે? '**આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?**' મુનિરાજ કહે છે. અમે તો મંદબુદ્ધિ કોણ? ગણધર અને આચાર્યથી ભગવાનની પરંપરાથી ચાલી આવતી ટીકા. આ તો ચંદુભાઈ પૂછે છે. આહા..હા..!

એ કારણદૃષ્ટિની વ્યાખ્યા થઈ. કારણદર્શનોપયોગની વ્યાખ્યા પણ એમ જ છે. જે ત્રિકાળી આત્મા કહ્યો એને કારણ ઉપયોગ અંદર દેખે છે એનું નામ કારણ ઉપયોગ ત્રિકાળ અને આ આત્મા કહ્યો એની શ્રદ્ધા માત્ર એ કારણદૃષ્ટિ ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં છેને. આ શુભભાવની વાત કરીને નીચે? પરભાવ કહ્યો છે. એક નીચે નોટ છે જુઓ. '**એક સહજપરમપારિણામિક ભાવને જ સદા-પાવનરૂપ...**' નીચે નોટ. '**નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી.**' આહા..હા..! પર્યાયનો આશ્રય કરવાથી ત્રિકાળીનો આશ્રય થતો નથી. આહા..હા..! '**પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને...**' જુઓ, ત્યારે સમકિત પ્રગટે છે. પરમસ્વભાવનો આશ્રય કરવાથી સમકિત પ્રગટે છે. આહા..હા..! છે? '**પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને...**' સમકિતથી માંડીને કેવળજ્ઞાનની ઉત્પત્તિ ત્રિકાળી પરમસ્વભાવને આશ્રયે થાય છે. '**દશાઓ પ્રાપ્ત થાય છે.**' આહા..હા..! લ્યો! પૂરું થઈ ગયું. કલાક થઈ ગઈ.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૪, બુધવાર, તા. ૨૧-૦૧-૧૯૭૬
## ગાથા-૧૩, કળશ-૨૩, પ્રવચન નં. ૧૫૮

નિયમસાર, જીવ અધિકાર, ૧૩મી ગાથા ચાલે છે. દર્શનોપયોગનું સ્વરૂપ છે. જેમ જ્ઞાનોપયોગ બે પ્રકારના છે : કારણસ્વભાવોપયોગ અને કાર્યસ્વભાવોપયોગ. જ્ઞાનમાં કારણસ્વભાવોપયોગ ત્રિકાળ છે અને કાર્યસ્વભાવોપયોગ એ વર્તમાન પર્યાય છે. સમજાણું કાંઈ? એમ વિભાવજ્ઞાનોપયોગની વાત ચાલીને? ચાર જ્ઞાન છે એ વિભાવજ્ઞાન છે. હવે અહીં દર્શનની વાત છે. દર્શન પણ બે પ્રકારના છે—એક સ્વભાવદર્શનોપયોગ, એક વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગના પણ બે પ્રકાર છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન દર્શન સ્વભાવ ત્રિકાળ એ સ્વભાવ કારણોપયોગ અને વિભાવદર્શનોપયોગ એ ચક્ષુ-અચક્ષુ આદિ. અને કાર્યસ્વભાવોપયોગ એ કેવળદર્શન. કેવળજ્ઞાનીને કેવળદર્શન ઉત્પન્ન થાય છે એ કાર્યસ્વભાવદર્શનોપયોગ. સમજાણું કાંઈ?

અહીંયાં દૃષ્ટિને લઈને કારણસ્વભાવોપયોગમાં દૃષ્ટિ લીધી છે. આત્મામાં કારણદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ કારણશ્રદ્ધા ત્રિકાળ છે. ત્યાં દર્શનોપયોગના સ્થાનમાં કારણદૃષ્ટિ ત્રિકાળ લીધી છે. અને હવે આ કાર્યદૃષ્ટિમાં એ દર્શનોપયોગ લેશે. આહા..હા..! આ બધા ભેદ જાણીને પણ. ત્રિકાળી જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ અથવા ત્રિકાળી કારણદૃષ્ટિ એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. શું કહ્યું એ? આત્મામાં જ્ઞાનસ્વભાવ કારણોપયોગ ત્રિકાળ પડ્યો છે, એમ દર્શન કારણસ્વભાવોપયોગ પણ ત્રિકાળ છે. એમ કારણદૃષ્ટિ આત્માની સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર ત્રિકાળ પડી છે એને કારણ દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? એ કારણસ્વરૂપ દૃષ્ટિ એ ત્રિકાળી આત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ધ્રુવમાં પડી છે. આવો ઉપદેશ શું હશે આ તે? લોકોને તત્ત્વની મૂળ ચીજની ખબર નથી. ભગવાન એક સમયમાં પૂર્ણાનંદને કારણજ્ઞાનોપયોગ, કારણદર્શનોપયોગ, કારણદૃષ્ટિ સમ્યક્ શ્રદ્ધા એ સહિત અનંત શક્તિસંપન્ન ભગવાન આત્મા છે. એ આત્માનો આશ્રય કરવાથી એવું કારણજ્ઞાન, કારણદર્શન, કારણ સમ્યગ્દૃષ્ટિ આદિ, કારણ આનંદસ્વરૂપ, કારણ યથાખ્યાત ચારિત્રસ્વરૂપ ત્રિકાળ હોં. આહા..હા..! એવા આત્માનો આશ્રય કરવાથી, એનું અવલંબન કરવાથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિથી માંડીને કેવળજ્ઞાન, કેવળદર્શનની ઉત્પત્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમપારિણામિકસ્વભાવભાવ નિત્યાનંદ પ્રભુ. એક સમયની પર્યાયથી રહિત. રાગ-દ્વેષથી તો રહિત, પણ એક સમયની પ્રગટ વ્યક્ત પર્યાય છે અવસ્થા એનાથી રહિત. આહા..હા..! ત્રિકાળ કારણ ભગવાન, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો અને એ કારણપરમાત્મામાં રહેલ

કારણદર્શનોપયોગ કહો. ઉપયોગ. કારણજ્ઞાનોપયોગ કહો એનાથી રહિત કારણ સમ્યક્‌શ્રદ્ધારૂપી ત્રિકાળ શ્રદ્ધાનમાત્રદષ્ટિ કહો એ બધું કારણરૂપ છે. આહા..હા..! આવો ઉપદેશ. આહા..હા..! જૈનદર્શન પરમસત્ય વસ્તુ બહુ અલૌકિક છે. આહા..હા..! કહે છે એ કારણદષ્ટિની વ્યાખ્યા તો આવી ગઈ. હવે બીજી કાર્યદષ્ટિ. હવે કાર્યદષ્ટિમાં દર્શનોપયોગ લે છે. કારણદષ્ટિમાં ત્રિકાળી આત્માનો સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર કારણ લીધું હતું. સમજાણું કાંઈ?

કારણદષ્ટિમાં ત્રિકાળી ભગવાન અનંતગુણ સંપન્ન પ્રભુ એની સ્વરૂપ શ્રદ્ધાન કારણદષ્ટિ ત્રિકાળ એને લીધો હતો. ચાલે છે દર્શનના ઉપયોગની વ્યાખ્યા. તો એમાં દષ્ટિ નાખી દીધી. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ ત્રિકાળી જ્ઞાનોપયોગસ્વરૂપ છે તો એમાંથી કાર્યજ્ઞાનોપયોગ ઉત્પન્ન થશે. કેવળજ્ઞાનરૂપી કાર્ય એ ત્રિકાળી જ્ઞાનોપયોગમાંથી ઉત્પન્ન થશે. ત્રિકાળી દર્શનોપયોગમાંથી કેવળદર્શનની પર્યાય કાર્યકેવળદર્શનોપયોગ ઉત્પન્ન થશે. ત્રિકાળી કારણદષ્ટિમાંથી સમ્યગ્દષ્ટિની ઉત્પત્તિ થશે. આહા..હા..! વીતરાગનું તત્ત્વજ્ઞાન બહુ ઝીણું છે. લોકોને બહારની પ્રવૃત્તિ આડે આ તત્ત્વ ગુમ થઈ ગયું. જે આખું તત્ત્વ પરમાનંદ મૂર્તિ પ્રભુ, જેમાં એવો અનંતગુણ કારણરૂપ અંદર પડ્યું છે તો એ આખા આત્માને કારણપરમાત્મા કહેવામાં આવે છે. આહા..હા..! તો અહીંયાં ચાલે છે દર્શનોપયોગની વ્યાખ્યા, પણ એમાં કારણદષ્ટિ પણ ભેગી લીધી. જોવું છેને? તો શ્રદ્ધા પણ એમાં લીધી. કારણદષ્ટિ એ સમ્યગ્દર્શન. પર્યાય ઉત્પન્ન થાય છે એ એનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ કાર્યદષ્ટિમાં દર્શનોપયોગ લે છે. સમજાણું કાંઈ?

**'બીજી કાર્યદષ્ટિ...'** ભાઈ! આ તો અભ્યાસ થોડો હોય (તો સમજાય એમ છે). આ તો અલૌકિક વાત છે. બાકી તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા તો અનંત-અનંતવાર કરી, પણ વાસ્તવિક કારણપરમાત્મા આત્મા કેવો છે એ એની દષ્ટિમાં, લક્ષમાં આવ્યું જ નથી. સમજાણું કાંઈ? તો એક સમયની પ્રગટ પર્યાય છે એ લક્ષમાં આવીને એમાં રમણતા કરી, પણ પર્યાય એક સમયની છે, અવસ્થાની પાછળ. પાછળ નામ? પર્યાય પ્રગટ છે અને વસ્તુ અપ્રગટ છે પર્યાયની અપેક્ષાએ. વસ્તુની અપેક્ષાએ વસ્તુ અંદર પ્રગટ છે સત્તા. એની દષ્ટિ કદી કરી જ નથી. જૈન સાધુ અનંતવાર થયો, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. સમજાણું કાંઈ? પણ એ વસ્તુ અંદર પરમાત્મસ્વરૂપ જેમાં સિદ્ધ પરમાત્મપદશા અને જેમાં અનંત-અનંત શક્તિઓ પડી છે. તો એવું પરમાત્મસ્વરૂપ કારણપરમાત્મા પરમપારિણામિકભાવસ્વરૂપ એની દષ્ટિ દીધી નથી. આહા..હા..! એ વિના બધું ફોગટ ગયું. સમજાણું કાંઈ?

'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો' આ દુકાન ઉપર અમે વાંચતા હતાને તો આ આવ્યું હતું. આ તો ૬૫-૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૫-૬૬. એમ આવ્યું. શ્વેતાંબરની ચાર સજ્ઝાયમાળા છે. એક-એક સજ્ઝાયમાળામાં સજ્ઝાય નથી હોતી? સજ્ઝાય એવી?

૨૫૦-૩૦૦, ૨૫૦-૩૦૦ એક-એકમાં. એવી ચાર સજ્ઝાયમાળા છે. અમારે તો ઘરની દુકાન હતીને પિતાજીની. તો ચારેય પુસ્તક મગાવ્યા હતા. દુકાન ઉપર ચારેય વાંચ્યા હતા. એમાં આ એક બોલ આવ્યો હતો, 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' આ શું? ત્યારે સાંભળ્યું નહોતું. નાની ઉંમર. ૧૮-૧૯ વર્ષની ઉંમર. તો ત્યાં એમ કહે છે કે દ્રવ્ય સંયમ. આ ઇન્દ્રિયદમન, પરજીવને નહિ મારવા, જૂઠું ન બોલવું એવું દ્રવ્યસંયમ અનંતવાર લીધું. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો,...' આપણે છ ઢાળામાં આવ્યું નહિ એ? 'મુનિવ્રત ધાર...' એ ભાષા આપણે દિગંબરની છે, એ ભાષા શ્વેતાંબરની. સમજાણું કાંઈ?

આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન એ શું ચીજ છે એની ખબર નથી અને સમ્યગ્દર્શનનો વિષય પરમસ્વભાવભાવ એકલો શુદ્ધ ચૈતન્યઘન એ ચીજની દૃષ્ટિ કદી કરી નથી અને એ વિના દ્રવ્યસંયમ લીધું. દ્રવ્ય સંયમથી ગ્રૈવયક ગયો, ફરીને પડ્યો ...નીચે આવ્યો મનુષ્યમાં, ત્યાંથી નિગોદમાં, ત્યાંથી ઢોરમાં ચાલ્યો જશે. આહા..હા..! સમજાણું કાંઈ? બે વાત ત્યાં એ વખતે ગૃહસ્થાશ્રમમાં દુકાનમાં બે વાત આવી હતી. એક 'દ્રવ્ય સંયમસે...' બીજી. 'કેવળી આગળ રહી ગયો કોરો.' એ કોઈ વખતે વ્યાખ્યાનમાં કહ્યું હતું. 'કેવળી આગળ રહી ગયો કોરો' એવો શબ્દ છે એક સજ્ઝાયમાં. કે સર્વજ્ઞની સભામાં પણ અનંતવાર ગયો. નવરંગભાઈ! કેવળી આગળ એ ગુજરાતી ભાષા છે. 'કેવળી આગળ કોરો.' કોરો નામ લૂખ્ખો રહી ગયો. કેવળીની વાત સાંભળી ખરી પણ શું છે એ ચીજ દૃષ્ટિમાં ન આવી. આહા..હા..! સમવસરણમાં અનંતવાર ગયો, ભગવાનની વાણી સાંભળી, પણ કેવળી આગળ રહી ગયો કોરો. કોરોને શું કહે છે? લૂખ્ખો—લૂખ્ખો. અંદર આત્મા આનંદકંદ છે એની દૃષ્ટિ નથી થઈ. આહા..હા..! રાગની મંદતાથી ક્રિયા કરી અને ફરીને ચાર ગતિમાં રોકાઈ ગયો. આહા..હા..!

અહીં કહે છે ભગવાન આત્મામાં એક કારણદર્શન દેખવાનો સામાન્ય પ્રતિભાસ થવો એવી એક શક્તિ પડી છે અંદર આત્મામાં ત્રિકાળ. એ ત્રિકાળ દર્શનને કારણદર્શનોપયોગ કહે છે અને એને આશ્રયે કેવળદર્શન જે કેવળજ્ઞાનીને થાય છે એને અહીંયાં કાર્યદર્શનોપયોગ કહેવામાં આવે છે. આહા..હા..! એને અહીંયાં કાર્યદૃષ્ટિ લીધી. ઓલી કારણદૃષ્ટિ હતીને તો કાર્ય. પણ અહીં કહેવું છે દર્શનોપયોગ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કાર્યદૃષ્ટિ...**' એટલે આત્મામાં કેવળદર્શન જે કેવળજ્ઞાનની સાથે પ્રગટે છે એ કાર્યદર્શનોપયોગને અહીંયાં કાર્યદૃષ્ટિ કહીને વર્ણન કર્યું છે. એ '**કાર્યદૃષ્ટિ...**' અથવા કાર્યદર્શનોપયોગ '**દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.**' સર્વજ્ઞ પરમાત્માને કેવળદર્શન ચાર ઘાતિકર્મનો નાશથી ઉત્પન્ન થાય છે. ઘાતિકર્મ નિમિત્તથી કથન છે, પણ પોતાની અપૂર્ણ પર્યાયનો નાશ કરીને પૂર્ણ પર્યાય પ્રગટ કરી તો કર્મનો નાશ એને કારણે થયો. '**આ ક્ષાયિકજીવને—જેણે...**' દર્શન ત્રિકાળ. કારણદર્શનોપયોગ ત્રિકાળી શક્તિ સ્વભાવ. એનો આશ્રય કરીને જેને કાર્યદર્શનોપયોગ કેવળજ્ઞાનની સાથે ઉત્પન્ન થયો એ '**ક્ષાયિકજીવને...**' ક્ષાયિક

જીવ. ક્ષાયિક એ પર્યાય છે. જીવ એ ત્રિકાળ છે. આહા..હા..! એ '**ક્ષાયિકજીવને...**' છે શબ્દ? ભાઈ! આ તો અધ્યાત્મ વાત છે. સંતોના પેટની ગર્ભ વાત છે. '**ક્ષાયિકજીવને...**' લ્યો! ક્ષાયિકજીવ કહ્યો. પરમપારિણામિક જીવને એ ત્રિકાળ. પરમપારિણામિકભાવ જીવને એ ત્રિકાળ અને ક્ષાયિકજીવને એ ક્ષાયિક વર્તમાન પર્યાય જીવને. દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન રહ્યું નથી. બધા એમ ને એમ ઢસરડા કરીને. ઢસરડા એટલે શું? ભાન વિનાની ભક્તિ અને પૂજા ને દાન ને વ્રત ને તપ કરીને ચાલ્યો ગયો. આહા..હા..!

**શ્રોતા :-** એમ કરતાં-કરતાં ભાન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરતાં-કરતાં ભાન થાય? લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે એમ છે? એ રાગ કરતાં-કરતાં વીતરાગતા ઉત્પન્ન થાય છે?

**શ્રોતા :-** કરતાં-કરતાં મનુષ્ય થતાં-થતાં સારું થતું જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાશ થઈ જાય રાગ. રાગનો નાશ કરે ત્યારે આત્માની ઉત્પત્તિ થાય છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સર્વજ્ઞપરમેશ્વર કહે છે કે સર્વજ્ઞપણું પ્રગટ થયું એ કાર્યજ્ઞાનોપયોગ કહેવામાં આવે છે. સર્વજ્ઞ પર્યાય જે પ્રગટ થઈ એને કાર્યજ્ઞાનોપયોગ, વર્તમાન પર્યાયને કાર્ય કહીને કાર્ય ઉપયોગ કહેવામાં આવ્યો છે અને ત્રિકાળી આત્મામાં જે કારણજ્ઞાનોપયોગ પડ્યો છે એ ધ્રુવ છે. આહા..હા..! એમ અહીંયાં કાર્યદૃષ્ટિ, કાર્ય ઉપયોગ. આહા..હા..!

'**આ ક્ષાયિકજીવને—જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...**' આહા..હા..! કેવળજ્ઞાનમાં ભગવાન પરમાત્માએ ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ જાણ્યા છે. સમજાણું કાંઈ? '**ક્ષાયિકજીવને—જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવન...**' ત્રણ ભુવન નામ ત્રણલોક અને લોકાલોક. ત્રણ ભુવન તો આ ઊર્ધ્વ, મધ્ય અને અધઃ એ ત્રણ આવે છે, પણ એમાં અલોક પણ આવી ગયો. લોક-અલોક '**ત્રણ ભુવનને જાણ્યા છે,...**' ભગવાન કેવળજ્ઞાનીએ. આહા..હા..! '**નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે,...**' આહા..હા..! કહે છે કે એ કેવળજ્ઞાનમાં ત્રણકાળ જોયા એની સાથે કેવળજ્ઞાનની સાથે '**પરમવીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે,...**' પર્યાય. આહા..હા..! જેમ કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે છે એવી પર્યાય સમુદ્ર જેવી મહા એવી ભગવાન કેવળજ્ઞાનીને આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃત. પરમવીતરાગીસુખના અમૃતનો પૂર્ણ સ્વાદ ભગવાનને ઉત્પન્ન થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ આત્માથી ઉત્પન્ન થતા...**' ભાષા જુઓ, પર આત્માથી નહિ, રાગથી નહિ, પર્યાયથી નહિ, નિજ આત્મા. આહા..હા..! '**નિજ આત્માથી ઉત્પન્ન થતા...**' પર્યાય. '**પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે,...**' આહા..હા..! કેવળજ્ઞાનની સાથે પરમ સુખામૃત

વીતરાગ અમૃતનો સમુદ્ર પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? '**યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' ભગવાનને કેવળજ્ઞાનમાં એવું જોયું અને વીતરાગ સુખામૃત જેવું સમુદ્ર પ્રગટ્યો અને યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રરૂપ છે. આહા..હા..! પર્યાયમાં યથાખ્યાત જેવું અંદર ચારિત્ર એ શુદ્ધ પૂર્ણ હતું સ્વરૂપમાં એવું પ્રગટ કાર્યશુદ્ધચારિત્રરૂપ પ્રગટ થયું. આહા..હા..!

'**જે સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા...**' ભગવાનને કેવળજ્ઞાનની સાથે વીતરાગસુખામૃત સમુદ્ર પ્રગટ્યો અને યથાખ્યાત કાર્યશુદ્ધચારિત્ર પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ અને સાદી-અનંત. એ કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થયો એ સાદી થઈ. સાદી નામ આદિ. આદિ નામ શરૂઆત. કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગસુખામૃત આદિ એને ઉત્પન્ન થવામાં આદિ થઈ. તમારે શાદી લગનને કહે છે. અહીં તો સ-આદી. આદિસહિત નવી દશા પ્રગટી. કેવળજ્ઞાન અનાદિનું નહોતું. નવી ઉત્પન્ન થઈ. કેવળજ્ઞાન સુખામૃત સમુદ્ર પર્યાય અને યથાખ્યાત ચારિત્ર એ બધું સાદિ-અનંત. આદિ ઉત્પન્ન થઈ પણ અનંતકાળ રહેશે એ. આહા..હા..! '**અમૂર્ત...**' આહા..હા..! એ અમૂર્ત છે પર્યાય. જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. અતીન્દ્રિય સ્વભાવવાળા. આહા..હા..! એ અતીન્દ્રિય સ્વભાવ પ્રગટ થયો છે અતીન્દ્રિય સ્વભાવ.

'**શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે,...**' ભાષા જુઓ, કેવળજ્ઞાની પરમાત્મા શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. વ્યવહારનયનો વિષય એમ નથી લીધું. '**भूदत्थो देसिदो**' કહ્યુંને ૧૧મી ગાથા. ભૂતાર્થ તે શુદ્ધનય છે. ભૂતાર્થ તે શુદ્ધનય છે. ત્રિકાળી સત્યાર્થ પ્રભુ ભગવાન એ શુદ્ધનય છે. એમ આ ભગવાન જે આત્મા કેવળજ્ઞાની છે એ શુદ્ધસદ્ભૂત વ્યવહારનયસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ ત્રિકાળી ભૂતાર્થ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ સત્ય ત્રિકાળ. એને જ શુદ્ધનય કહ્યો એમ વર્તમાન પ્રગટ પર્યાયવાળા જીવને શુદ્ધસદ્ભૂતવ્યવહારનય કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ ત્રિકાળી ૧૧મી ગાથામાં આવ્યુંને? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ત્રિકાળી ભગવાન સત્યાર્થ પ્રભુ કારણપરમાત્મા, કારણજીવ પરમસ્વભાવભાવસ્વરૂપ એને અહીંયાં શુદ્ધનય કહ્યો. નય તો જ્ઞાનનો ભાગ છે અને એનો વિષય ભૂતાર્થ છે, પણ વિષય અને નય એમ બે ભેદ ન કરતાં એ ત્રિકાળીસ્વરૂપને જ શુદ્ધનય કહ્યું. એમ કેવળજ્ઞાનીપર્યાય કેવળજ્ઞાન યથાખ્યાત ચારિત્ર આદિ ઉત્પન્ન થયા એ વ્યવહારનયનો વિષય છે. શુદ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય એમ (ભેદ) ન કરતાં શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ જ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નીચે લખ્યું છે જુઓ, બગડો છેને બગડો? '**તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે,...**' નયનો વિષય ન કહેતા નયસ્વરૂપ જ છે. આહા..હા..! હવે આ તો થોડું જ્ઞાન હોય તો એને.. આ કાંઈ રમત નથી. આ તો તીર્થંકરના અંદર પેટમાં જાણ્યું એવી ચીજ છે. આહા..હા..! '**તીર્થંકરપરમદેવ...**' નીચે છેને? '**શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે,...**' જુઓ, શુદ્ધસદ્ભૂત. શુદ્ધ કેમ કહ્યું? કે પવિત્ર છે. સદ્ભૂત કેમ કહ્યું? કે એની પર્યાય છે.

વ્યવહાર કેમ કહ્યો? કે દ્રવ્યનો ભેદ છે એ પર્યાય. આહા..હા..! શું કહે છે? '**તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે, કે જે શુદ્ધસદ્ભૂતવ્યવહારનય...**' એ શુદ્ધસદ્ભૂત વ્યવહારનય શું છે? કે '**સાદિ-અનંત,...**' છે. એ શુદ્ધસદ્ભૂતવ્યવહાર કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું એની આદિ, ભવિષ્યમાં અંત નથી. '**અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવવાળો છે.**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે, કે જે શુદ્ધસદ્ભૂતવ્યવહારનય સાદિ-અનંત, અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવવાળો છે.**' આહા..હા..! આવું શું પણ આ બધું? ભાઈ! વસ્તુનું સ્વરૂપ એ રીતે છે. જે રીતે છે એ રીતે જાણે તો એને યથાર્થતા થશે. આહા..હા..! ઓલું તો સહેલુંસટ હતું કે દયા પાળવી, વ્રત પાળવા અને અપવાસ કરવા જા.

**શ્રોતા** :- આપે એમ કહ્યુંને કે એ બધું ખોટું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખોટું, ખોટું તે કેવું ખોટું? એકડા વિનાના મીંડા. શું કહે છે?

**શ્રોતા** :- એકડા વિનાના મીંડા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એકડા વિનાના મીંડા. આહા..હા..! ભગવાન અંદર પૂર્ણાનંદસ્વરૂપ કારણપરમાત્મા એના આશ્રયે પ્રગટ થયું કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર એ સ્વરૂપ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે એ. જેમ ત્રિકાળી વસ્તુ શુદ્ધનયસ્વરૂપ છે એમ આ પર્યાય શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને જે ત્રિલોકના ભવ્યજનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...**' સિદ્ધ ભગવાન તો ઉપર છે. પ્રત્યક્ષ વંદનયોગ્ય ન રહ્યા, એ તો પરોક્ષ વંદનયોગ્ય રહ્યા છે. અને ભગવાન જે છે એ તો સમવસરણમાં બિરાજે છે. તીર્થંકર પરમદેવ. આહા..હા..! '**ભવ્યજનોને...**' '**ત્રિલોકના ભવ્યજનોને...**' આહા..હા..! ત્રિલોકના ભવ્યજનો. બધાય ભવ્યજનો. પણ જે લાયક છે એ ત્રિલોકજનોને. ત્રિલોકના લાયક જનોને પ્રત્યક્ષ વંદનયોગ્ય છે તીર્થંકર પરમદેવ. સમવસરણમાં બિરાજે છે. આહા..હા..! એ તીર્થંકર લીધા છે. સમજાણું કાંઈ? ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા છે, પણ જ્યારે સમવસરણમાં હતા એ રીતે લક્ષમાં લઈને વાત કરી છે. એવા ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સાક્ષાત્ બિરાજે છે. સમવસરણમાં મનુષ્ય ક્ષેત્રમાં. એ તીર્થંકર પરમદેવ. આહા..હા..! '**ત્રિલોકના ભવ્યજનોને...**' ઉત્તમ-ઉત્તમ જીવોને વંદનીય છે એમાં બધા આવી ગયા. ત્યાં બધા પ્રાણી ક્યા ભગવાનને વંદન કરતા હતા. પણ મુખ્ય-મુખ્ય મહાપુરુષો, ઈન્દ્રો, ગણધરો, નાગ, વાઘ, સિંહ ભગવાનને પૂજે છે. ત્રણલોકના ભવ્ય જીવોને પ્રત્યક્ષ વંદનયોગ્ય છે. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજે છે તો પ્રત્યક્ષ વંદનયોગ્ય છે. આહા..હા..!

'**એવા તીર્થંકરપરમદેવને...**' એવા તીર્થંકરપરમદેવને '**કેવળજ્ઞાનની માફક...**' કેવળજ્ઞાનની

પેઠે **'આ (કાર્યદૃષ્ટિ) પણ...'** લીધું છે કાર્યદૃષ્ટિ. પણ કાર્યદર્શનોપયોગ. **'યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.'** ભાષા જુઓ, લોકાલોકમાં વ્યાપનારી અથવા લોકાલોકને દેખનારી છે. સમજાણું કાંઈ? લોકાલોકમાં દર્શનોપયોગ જાતું નથી. ઓલા વેદાંત કહે છે સર્વવ્યાપક એમ નથી, પણ લોકાલોકને દર્શનોપયોગ કાર્યભાવ લોકાલોકને દેખે છે. આહા..હા..! અરે! આત્માની શું શક્તિ અને આત્માની પર્યાય પ્રગટ મહિમા હોય (એ) કદી સાંભળી નથી, સમજ્યા નથી. આહા..હા..!

**શ્રોતા :-** સાંભળેલું એ પણ ન મળ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પાત્ર હોય તો મળ્યા વિના રહે નહિ, ભગવાન બિરાજે છે. ત્યાં કેમ ન ગયા? ભગવાન સાક્ષાત્ બિરાજે છેને. વાણી અત્યારે સવસરણમાં છે. ઈન્દ્રો ગણધર જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'કેવળજ્ઞાનની માફક...'** ભગવાન તીર્થંકરને જેવું કેવળજ્ઞાન છે એવું આવ્યું કેવળદર્શન **'યુગપદ્ લોકાલોકમાં...'** યુગપદ્ લોકાલોકમાં વ્યાપ્ત, યુગપદ્ લોકાલોકને જાણનારો બસ એટલું. જોનાર. કેવળજ્ઞાન લોકાલોકને જાણનારા છે. એ પહેલા આવી ગયું. કેવળજ્ઞાન વડે ત્રણ ભૂવનને જાણ્યા છે. એ આવી ગયું. એ રીતે દર્શનથી **'યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.'** આહા..હા..! લ્યો, **'આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે...'** લ્યો, શું કહ્યું એ? દર્શનોપયોગ કાર્યરૂપ જે કેવળજ્ઞાનની સાથે દર્શન છે એ અને કારણરૂપે ત્રિકાળ દર્શનોપયોગ છે એ. એ સ્વભાવદર્શનોપયોગ કહ્યો. બેયને સ્વભાવદર્શનોપયોગ કહ્યો. એક કેવળદર્શન કાર્યરૂપ જે સ્વભાવદર્શનોપયોગ અને ત્રિકાળમાં કારણદર્શનોપયોગ એ સ્વભાવદર્શનોપયોગ. આહા..હા..! સમજાણું કાંઈ?

'આ રીતે કાર્યરૂપે...' એટલે પર્યાયરૂપ. 'કારણરૂપે...' એટલે દ્રવ્યરૂપ. **'સ્વભાવદર્શનોપયોગ કહ્યો.'** આહા..હા..! સ્વભાવદર્શનોપયોગના બે ભેદ કહીને બે પ્રકારનું વર્ણન કર્યું. **'વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં)...'** આવશે. ૧૪માં આવશે. **'ત્યાં જ દર્શાવવામાં આવશે.'** ૧૪મી ગાથામાં દર્શાવવામાં આવશે. **'(હવે, ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)'**

(इन्द्रवज्रा)

दृग्ज्ञप्तिवृत्त्यात्मकमेकमेव<br>
चैतन्यसामान्यनिजात्मतत्त्वम्।<br>
मुक्तिस्पृहाणामयनं तदुच्चै-<br>
रेतेन मार्गेण विना न मोक्षः।।२३।।

**'શ્લોકાર્થ :- દૃશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શનજ્ઞાનચારિત્રરૂપે...'** આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદની પ્રતીતિ, પૂર્ણાનંદનું જ્ઞાન અને પૂર્ણાનંદમાં રમણતા અથવા પૂર્ણાનંદસ્વરૂપ ભગવાનનું દર્શન-દેખવું, જાણવું અને રમણતા—એવો ત્રણ(રૂપ એક) મોક્ષમાર્ગ છે. આહા..હા..!

'**(દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ...**' આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી પર્યાય પરિણમે '**એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' આહા..હા..! '**એવું જે એક જ...**' ચૈતન્યસામાન્ય ત્રિકાળ. '**નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' એ મોક્ષના અભિલાષીનો આ પ્રસિદ્ધ માર્ગ છે.

'**ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ...** ' એ જે દર્શન-જ્ઞાનરૂપ પરિણમ્યું '**તે મોક્ષેચ્છુઓને પ્રસિદ્ધ માર્ગ છે;...**' મોક્ષના અભિલાષીનો આ પ્રસિદ્ધ પ્રગટ માર્ગ છે. આહા..હા..! લ્યો, આમાં વિકલ્પને વ્રત ને તપ ને કાંઈ ન લીધું આમાં. વ્રતાદિ તો વિકલ્પ છે, પુણ્ય છે, શુભ છે, મોક્ષમાર્ગ.. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ બીજા શાસ્ત્રમાં લીધા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ત્યાં તો નિમિત્તનું કથન, જ્ઞાન કરાવે એને ત્યાં. એનું જ્ઞાન કરવા માટે કહ્યું છે. મોક્ષમાર્ગ તો એક જ છે, બે મોક્ષમાર્ગ નથી. બેનું કથન છે, પણ બે માર્ગ નથી. બેનું નિરૂપણ છે. ટોડરમલે સાતમા અધ્યાયમાં ઘણો ખુલાસો કર્યો છે. ઘણો ખુલાસો. સાતમા અધ્યાયમાં નિશ્ચય-વ્યવહારની વ્યાખ્યા કરી છે બહુ! ઓહો..હો..! અમે જ્યારે પહેલા જોયું હતું એ ૮૨ની સાલ. મોક્ષમાર્ગપ્રકાશક. ૮૨ની સાલ. કેટલા વર્ષ થયા? ૧૮ ને ૩૨, ૫૦ થયા. પહેલા જ્યારે જોયું હતું રાજકોટમાં ત્યારે તો ખાવું-પીવું ગમે નહિ, વ્યાખ્યાનમાં ન ગમે. એટલો રસ લાગી ગ્યો હતો અંદરથી. મોક્ષમાર્ગપ્રકાશક મેડી ઉપર વાંચતો હતો રાજકોટમાં. પછી ૮૪ની સાલમાં બગસરા અહીંયાં. ધારી બગસરા. એમાં એ સાતમો અધ્યાય લખાવી લીધો. પુસ્તક સાથે નથી રાખતા અમે. .. ૮૪ની સાલમાં. સાતમા અધ્યાયમાં. આખો સાતમો અધ્યાય લખાવી લીધો. અમારા જીવણલાલજી હતાને એણે લખી લીધું, હું તો કાંઈ ન લખું. જીવણલાલજીએ. આવો સાતમો અધ્યાય છે. મોક્ષમાર્ગપ્રકાશકનો સાતમો અધ્યાય. ૮૪ની સાલ. ૪૮ વર્ષ થયા. ૪૦ અને ૮. આ તો ઘણા વર્ષો પહેલાથી ચાલે છેને, ભાઈ! આ કાંઈ આજકાલની વાત નથી. આહા..હા..!

કહે છે, શું કહ્યું આમાં? એમાં મોક્ષમાર્ગ એક જ કહ્યો છે, બે નથી. બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યો છે એમ કહ્યું. ત્યારે અહીંયાં રતનચંદજી કહે છે. રતનચંદજી છેને આ મુખત્યાર. બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા એમ કહે છે. ભાઈ! એ તો સ્વતંત્ર છેને. સાતમા અધ્યાયમાં, સમજાણું કાંઈ? '..નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર નિરૂપણ એ વ્યવહાર. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકાર જાણવા, પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ અને એક વ્યવહારમોક્ષમાર્ગ-બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.' સાતમો અધ્યાય. સમજાણું કાંઈ? 'વળી તે નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે, તે પણ ભ્રમ છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ પરસ્પર વિરુદ્ધતા થઈ છે.' આહા..હા..! જુઓ, એ ગાથામાં કહ્યુંને ૧૧મી. વ્યવહાર અભૂતાર્થ છે, સત્યસ્વરૂપને નિરૂપતો

નથી. પણ અપેક્ષાએ ઉપચારથી નિરૂપે છે. નિશ્ચય શુદ્ધ અને ભૂતાર્થ છે. કારણ કે તે વસ્તુનું સ્વરૂપ તેવું એમ કહે છે. બંનેનું સ્વરૂપ તો વિરુદ્ધતાસહિત છે. તો બંને ઉપાદેય કેમ હોઈ શકે? બહુ સરસ વાત મૂકી છે. છેને? સાતમો અધ્યાય. આહા..હા..! ટોડરમલે પણ ઘણું મોક્ષમાર્ગ પ્રકાશક કરીને સામાન્યમાં રહસ્યને ખોલીને બતાવ્યું છે. ટોડરમલજી બહુ...

'**દશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને પ્રસિદ્ધ માર્ગ છે;...**' એ આત્મતત્ત્વમાં એકાગ્રતા એ પ્રસિદ્ધ માર્ગ છે. આહા..હા..! વ્યવહાર વિકલ્પ જે છે એ માર્ગ નથી. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાન, દર્શન, આનંદના કારણરૂપ પૂર્ણ સ્વભાવથી ભરેલું. એ તત્ત્વ પરમગતિને પ્રાપ્ત કરનારા જીવો પરમપારિણામિકભાવનું સ્મરણ કરવું. આવે છે? નિયમસારમાં આગળ આવે છે. પંચમગતિ, મોક્ષગતિની પ્રાપ્તિના ઈચ્છુકોને પરમપારિણામિકભાવ સ્વભાવને સ્મરણ કરવો, એને યાદ કરીને શ્રદ્ધા-જ્ઞાન કરવા. આહા..હા..! શું પરમપારિણામિકભાવ એ કાંઈ... મૂળ વાત બહુ ગુપ્ત થઈ ગઈ. આહા..હા..!

'**આ માર્ગ વિના મોક્ષ નથી.**' છે? નિજ આત્મતત્ત્વની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ સિવાય બીજો મોક્ષમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ? છે? પાઠમાં છેને? '**एतेन मार्गेण विना न मोक्षः**' સંસ્કૃત ટીકા છે કળશમાં. આહા..હા..! '**ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' ત્રણપણે પરિણમિત. એમ આવ્યુંને? ચૈતન્યસામાન્યરૂપ ત્રિકાળ એવું નિજ આત્મતત્ત્વ. એ '**(દર્શનજ્ઞાનચારિત્રપણે પરિણમતું)...**' તે મોક્ષેચ્છુને મોક્ષનો માર્ગ છે. શું કહ્યું? જે એક ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ ત્રિકાળ એ જે દર્શન, જ્ઞાન અને ચારિત્રથી પરિણમિત. એ મોક્ષની ઈચ્છા કરનારને એ પ્રસિદ્ધ માર્ગ છે. નિજ આત્મતત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પરિણતિ એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ માર્ગ વિના મોક્ષ નથી.**' અંતર સામાન્ય ચૈતન્યસ્વરૂપ ભગવાન, એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા એક જ મોક્ષનો માર્ગ, મોક્ષેચ્છુને પ્રસિદ્ધ માર્ગ છે. એ સિવાય બીજો માર્ગ છે નહિ. સમજાણું કાંઈ? લ્યો, અહીં તો મોક્ષમાર્ગ એક કહ્યો, બે નથી. ઓલા કહે બે માનો નહિ તો ભ્રમમાં છે. એમ કહે છે જુઓ.

**શ્રોતા :-** પંડિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંડિત તો આ ફુચંદજી પંડિત નથી?

**શ્રોતા :-** એ નોખી નાતના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નોખી નાતના છે. આહા..હા..! એ ૧૩ ગાથા થઈ. સમજાણું કાંઈ? બહુ સરસ વાત લીધી છે.

કે '**(દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ...**' એમ. જોયું? ચૈતન્યસામાન્ય નિજ તત્ત્વ દ્રવ્ય, પણ એ દ્રવ્ય દર્શન-જ્ઞાન-

ચારિત્રરૂપે પરિણમિત. આહા..હા..! એ એક જ પ્રસિદ્ધ માર્ગ છે. આહા..હા..!

**શ્રોતા :-** ચૈતન્ય સામાન્ય... આ પણ પડ્યું હશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પણ પડ્યું છે. એનું પરિણમન કીધુંને આ? આ તો પરિણમન. ધ્રુવ ચૈતન્યસામાન્ય ભગવાન આત્મતત્ત્વ એ દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત એવો જે આત્મા. આહા..હા..! જુઓને કેટલી વાત લીધી! ઓહો..હો..!

'**મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' મોક્ષેચ્છુઓને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. '**આ માર્ગ વિના મોક્ષ નથી.**' આહા..હા..! એ વ્યવહાર વ્રત ને તપ ને વિકલ્પ ને ભક્તિ ને પૂજા એ મોક્ષમાર્ગ નથી એમ કહે છે. આહા..હા..! એ ૧૩ થી લ્યો. ૧૩ ગાથા અને ૨૩ કળશ.

૧૪. '**આ, અશુદ્ધદર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.**' એ ૧૪માં. '**આ, અશુદ્ધદર્શનની....**' ચક્ષુ, અચક્ષુ, અવધિ એ બધા અશુદ્ધ છે. અને શુદ્ધ-અશુદ્ધ પર્યાય. નિર્મળ પર્યાય અને મલિન પર્યાય એનું અહીં સૂચન-કથન છે. ૧૪મી ગાથા.

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहावदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो।।१४।।**

**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષએ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

અન્વયાર્થ લ્યો પહેલો. '**ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન...**' છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન '**ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યા છે.**' ભગવાનની વાણીમાં. '**પર્યાય દ્વિવિધ છે : સ્વપરાપેક્ષ...**' આહા..હા..! એક પર્યાય સ્વયં ઉત્પન્ન થાય છે એ નિમિત્ત સાપેક્ષ છે. એ સ્વપરાપેક્ષ. '**(સ્વ ને પરની અપેક્ષા યુક્ત) અને નિરપેક્ષ.**' પર્યાય છે. કારણપર્યાય લેશે અને સ્વભાવ અગુરુ-લઘુ આદિ.

'**ટીકા :- આ, અશુદ્ધદર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.**' '**જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે,...**' બતાવવો છે ચક્ષુદર્શનનો ક્ષયોપશમ. અને પહેલું આ લઈને બતાવ્યું. '**જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે,...**' એ સમયે લે કે જુઓ, મતિજ્ઞાનાવરણીય ક્ષયોપશમ હોય તો એમ જાણે છે. એ તો નિમિત્તનું કથન છે. પોતાની પર્યાયમાં એટલી ક્ષયોપશમની લાયકાત ઉત્પન્ન થયું હોય તો એ મતિજ્ઞાનાદિનો ક્ષયોપશમ નિમિત્તરૂપે છે. મોટી ચર્ચા થઈ હતીને. એ જ્ઞાનની પોતાની યોગ્યતાથી ઉત્પત્તિ થાય છે. ત્યારે બીજા કહે, નહિ, જ્ઞાનાવરણીય કર્મ છે એનો ક્ષયોપશમ થાય તો ઉત્પન્ન થાય અને જ્ઞાનાવરણીયના નિમિત્તથી આવરણ થઈ જાય. એ તો નિમિત્તનું કથન છે. પરદ્રવ્ય આવરે શું અને પરદ્રવ્ય... સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' ભક્તિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન?' એ

તો જડ છે, ધૂળ છે, માટી છે. આહા..હા..! 'ભૂલ મેરી અધિકાઈ.' એ ભૂલને કરનારો પણ આત્મા અને ભૂલને ટાળનારો પણ આત્મા. કર્મ રહે તો નુકસાન થાય અને ટળે તો લાભ થાય એમ નથી. આહા..હા..! મોટી ચર્ચા રતનચંદજી કહે આવું આવેને કહે જુઓ, મતિજ્ઞાનવરણીય ક્ષયોપશમથી જ થાય છે. એ તો નિમિત્તનું કથન છે. ક્ષયોપશમ તો પોતાની યોગ્યતાથી મતિજ્ઞાનનો ક્ષયોપશમની પર્યાય પ્રગટ છે. પોતાના પુરુષાર્થથી પ્રગટ છે એટલું. આહા..હા..! ત્યારે મતિજ્ઞાનાવરણીયના નિમિત્તે ક્ષયોપશમ છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

એ 'ક્ષયાત' આવતું નથી તત્ત્વર્થસૂત્રમાં? જ્ઞાનાવરણી, દર્શનાવરણીય, અંતરાય ક્ષયાત કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ પ્રશ્ન નાખ્યો છે જૈનતત્ત્વમીમાંસામાં, પંડિતજી! છે? વાંચ્યું છેને? કે ક્ષયાતનો અર્થ? એ તો કર્મની પર્યાય હતી એ અકર્મરૂપ થઈ. પંડિતજી! લખ્યુંને જૈનતત્ત્વમીમાંસામાં? એની પર્યાય અકર્મરૂપ થઈ પણ કર્મરૂપી પર્યાય બદલી માટે અહીં ઉઘાડ થયો એમ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીયનો ક્ષયાત કેવળજ્ઞાન. એમ શબ્દ પડ્યો છે. ત્યારે કેવળજ્ઞાનાવરણીયના ક્ષયાતથી ક્ષયથી શું થયું? કે એ પરમાણુ કર્મરૂપી પર્યાય હતી તે અકર્મરૂપ થઈ, પણ એના ક્ષયથી કેવળજ્ઞાન થયું એમ ક્યાં છે?

**શ્રોતા :-** શબ્દાર્થમાં ફેર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શબ્દાર્થ પણ એનો ભાવાર્થ સમજવો જોઈએને. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્રમાં પાઠ એવો છેને કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય ક્ષયાત કેવળજ્ઞાનાદિ. તો ક્ષયાતનો અર્થ એનો ક્ષય થયો ત્યારે કેવળજ્ઞાન થયું? એનું ક્ષય નામ પરમાણુ કર્મની પર્યાય હતી એ અકર્મરૂપ થઈ. બસ, એનું પરિણામ એટલું આવ્યું. સમજાણું કાંઈ? વાંચ્યું છે કે નહિ? જૈનતત્ત્વમીમાંસા છે કે નહિ? છે? ઠીક. નવું છપાય છે. નવું છાપે છેને? નવું છાપે છે. કરે છે નવું. તત્ત્વાર્થસૂત્ર શાસ્ત્રમાં એમ આવ્યું છે કે મોહ ક્ષયાત, જ્ઞાનાવરણીય ક્ષયાત આ કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે, પણ એનો અર્થ શું? પોતાની પુરુષાર્થની જાગૃતિથી ભાવકર્મનો, ભાવઘાતિ કર્મની પર્યાય હતી એનો નાશ કરીને ઉત્પન્ન થયો છે. દ્રવ્ય ઘાતિકર્મને આત્મા નાશ કરી શકતો નથી, એ તો એને કારણે નાશ પામે છે. આહા..હા..!

**શ્રોતા :-** ભાવઘાતિ નાશ કરવો એ પરિણામમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય છેને? નાશ કરવાની પર્યાય છેને?

**શ્રોતા :-** .. એની મેળે થઈ જાય છેને. એ..માં જ આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાઠ છે. ૧૬મી ગાથા. પ્રવચનસાર ૧૬મી ગાથા. દ્રવ્યભાવ ઘાતિકર્મના નાશથી ઉત્પન્ન થાય છે... બધા સાક્ષી એ તો પાઠની. ભાવઘાતિનો નાશ... અહીં તો એમ લેવું છેને! બાકી તો સ્વરૂપની એકાગ્રતા થઈ તો ભાવઘાતિ પર્યાય ઉત્પન્ન ન થઈ, નાશ થઈ એમ કહેવામાં આવે છે. નહિ થવું એ જ નાશ, બીજું શું નાશ? આહા..હા..!

એ તો કથનશૈલી છે. આહા..હા..! બહુ સમજવામાં અત્યારે ગડબડી, કર્મને નામે બહુ ગડબડી છે. બધા કર્મથી થાય છે, કર્મથી થાય છે. હવે કર્મ તો જડ છે. આત્માને શું કરે જડ? આત્મા કર્મને અડતો જ નથી અને કર્મ આત્માને અડતું નથી. બે ભિન્ન-ભિન્ન ચીજ છે. આહા..હા..! પોતાના ઉલટા પુરુષાર્થથી વિપરીત થાય છે અને સુલટા પુરુષાર્થથી અવિપરીત થાય છે. સમજાણું કાંઈ?

તો અહીંયાં કહ્યું કે '**જેમ મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી...**' એ નિમિત્તથી કથન છે. '**(જીવ) મૂર્ત વસ્તુને જાણે છે, તેમ ચક્ષુદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને દેખે છે.**' એ જાણે છે, આ દેખે છે. પોતાના ક્ષયોપશમની દશાથી મૂર્ત પદાર્થને દેખે છે. જ્ઞાન મૂર્તપદાર્થને જાણે છે. આ દેખવાની વાત છેને દર્શનની? દેખવું. નીચે છે. '**સામાન્યરૂપે અવલોકવું; સામાન્ય પ્રતિભાસ થવો.**' દર્શનમાં સામાન્યનું ભાન થવું, દેખવું. એ ચક્ષુદર્શનાવરણીયની વાત કરી. '**જેમ શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...**' લ્યો! '**શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે, તેમ...**' હવે જ્ઞાનની સાથે દર્શનને મેળવે છે. '**અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને યોગ્ય વિષયોને દેખે છે.**' બસ, જેમ શ્રુતજ્ઞાવારણીયના ક્ષયોપશમથી જાણે છે, એમ અચક્ષુદર્શનાવરણીયના ક્ષયોપશમથી દેખે છે. એની સાથે મેળવ્યું છે. પાંચ ઇન્દ્રિયથી યોગ્ય વિષયોને દેખે છે. આહા..હા..! આ અશુભદર્શનની વ્યાખ્યા ચાલે છે.

'**જેમ અવધિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી (જીવ) શુદ્ધપુદ્ગલપર્યંત મૂર્તદ્રવ્યને જાણે છે,...**' એક પરમાણુને પણ ત્યાં સુધી જાણે છે. '**તેમ અવધિદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.**' એ જાણે છે અને દેખે છે. બે ભિન્ન ગુણ છેને? જાણવું અને દેખવું બેય ભિન્ન ગુણ છે. જાણવામાં કેવળજ્ઞાન આવે છે અને દેખવામાં કેવળદર્શન સ્વભાવ આવે છે અને આમાં ચક્ષુદર્શનમાં અવધિ દેખવામાં આવે છે અને મતિ, શ્રુત અને અવધિ એ જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ?

'**(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે :**' છેને ત્યાં? '**पज्जाओ दुवियप्पो**' પાઠ. હવે '**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः।**' આહા..હા..! પર્યાયનો અર્થ શું? '**परि समन्तात् भेदमेति**' ભેદ પડે એને પર્યાય કહેવામાં આવે છે. અભેદ એ ત્રિકાળી ચીજ છે. સમજાણું કાંઈ? એમાં ભેદ એક સમયની પર્યાય ભેદ એને પર્યાય કહે છે. આહા..હા..! દ્રવ્યગુણ છે એ ત્રિકાળ અભેદ છે. આહા..! દ્રવ્ય ને ગુણ ને પર્યાયનું જ્ઞાન જ ઘટી ગયું છે.

ઓલા આવ્યા હતા, નહિ? કીધું ..શાસ્ત્રી. મહારાષ્ટ્રના. અહીં આવ્યા હતા. આઠમી સાલ

ઉદ્‌ઘાટન હતુંને.

**શ્રોતા :-** પર્યાય એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય શું છે? લ્યો, પંડિત! પણ માણસ નરમ હોં. સરળ માણસ. પર્યાય શું? પણ તમે પંડિત છો ને પર્યાય.. શાસ્ત્રી છે મહારાષ્ટ્રના. ઘણા નરમ છે. એ અહીં આવ્યા હતા. આપણે ઉદ્‌ઘાટન થયુંને એ. વચ્છરાજજી હતા. ઉદ્‌ઘાટન થયુંને ત્યારે. કઈ સાલ? (આઠ)મી સાલ લ્યો. આઠ. ૨૪ વર્ષ થયા. ત્યારે આવ્યા હતા. પર્યાય શું છે? અરે! પંડિતજી! તમને પર્યાયની ખબર નહિ? અને એ આગ્રા ઓલા વીસપંથી ખરાને એ એટલે જરી કેસરને પાણીમાં નાખીને ભગવાનને... કીધું ભાઈ અહીં એ રીવાજ નથી. ભગવાન ઉપર કેસર અને ચંદન. નરમ હતા માણસ. ... ત્યાં તો બહુ મહારાષ્ટ્રમાં.

અહીં કહે છે '**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः।**' '**અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.**' આહા..હા..! ત્રિકાળીમાંથી પર્યાયના ભેદ પડે છેને? '**परि**' '**परि**' પર્યાય. '**परि समन्तात् भेदमेति**' એક સમયની પર્યાય ભેદ છે. એ ભેદનયનો વિષય છે. એ વ્યવહારનયનો વિષય છે. કોણ? જે પ્રગટપર્યાય છે એ. શુદ્ધકારણપર્યાય બીજી લેશે.

**શ્રોતા :-** ઈ હવે પછી આવસે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ પછી આવશે.

હવે '**તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે,...**' અર્થ પર્યાય છે. એ સ્વભાવપર્યાય અર્થપર્યાય છે. '**વાણી અને મનને અગોચર છે,...**' ભગવાને કહ્યું એમ જાણવું. '**અતિ સૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય...**' છે. અગુરુ-લઘુ અર્થપર્યાય. '**તેમ જ છ હાનિવૃદ્ધિના ભેદો સહિત...**' છ હાનિવૃદ્ધિના ભેદો સહિત '**અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ,...**' જાણવાની ચીજ છે. '**સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.**' એ અગુરુ-લઘુની પર્યાય થોડી ઝીણી છે. એ આગમની વાત છે. એ કાંઈ સાધારણ માણસને કામનું નહિ. શું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એટલી નિરપેક્ષ છે. અગુરુ-લઘુ સ્વભાવ છે. પરની અપેક્ષા એમાં નથી.

'**અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.**' એની હવે ટીકાનો શ્લોક કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૫, ગુરુવાર, તા. ૨૨-૦૧-૧૯૭૬**
**ગાથા-૧૫, કળશ-૨૪-૨૬, પ્રવચન નં. ૧૫૯**

આના ત્રણ કળશો છેને? ૨૪મો કળશ.

(मालिनी)

अथ सति परभावे शुद्धमात्मानमेकं
सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।
भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः
स भवति परश्रीकामिनीकामरूपः।।२४।।

'**શ્લોકાર્થ :- પરભાવ હોવા છતાં,...**' શું કહે છે? આત્માની પર્યાયમાં પુણ્ય અને પાપના, રાગ-દ્વેષના ભાવ હોવા છતાં પણ '**સહજગુણમણિની ખાણરૂપ...**' ભગવાન આત્મા સ્વભાવિક ગુણમણિની ખાણ છે. આહા..હા..! વિકાર ભલે હોય, પણ એના ઉપરની દૃષ્ટિ છોડી દે અને ભગવાન આત્મા સહજગુણમણિની ખાણ છે. આહા..હા..! સ્વભાવિક ગુણમણિનું નિધાન છે. '**અને પૂર્ણજ્ઞાનવાળા...**' પૂર્ણજ્ઞાનવાળા '**શુદ્ધ આત્માને...**' બે વાત. ત્રણ વાત થઈ કે આત્મામાં શુભ-અશુભભાવ વિકાર હોવા છતાં અને ત્રિકાળ સહજગુણમણિની ખાણ ભગવાન આત્મા અને શુદ્ધ જ્ઞાનવાળા, પૂર્ણજ્ઞાનવાળા. પૂર્ણજ્ઞાન અંદર પડ્યું છે. આહા..હા..! એવા '**પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને...**' ત્રિકાળી દ્રવ્યને '**એકને જ તીક્ષ્ણ...**' એકને જ. એવો ત્રિકાળી જ્ઞાયકભાવ જ્ઞાનથી પૂર્ણ છે અને સહજગુણમણિની ખાણ છે એ એકને જ. આત્મા એકને, એવા આત્મા એકને જ '**તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ...**' ઓહો..! સમ્યગ્દૃષ્ટિ સૂક્ષ્મ તીક્ષ્ણબુદ્ધિવાળો કહેવામાં આવે છે. આહા..હા..! જેની દૃષ્ટિ સહજગુણમણિની ખાણ અને પૂર્ણજ્ઞાનસ્વરૂપ એવા એક આત્માએ જેણે દૃષ્ટિમાં પકડ્યો, દૃષ્ટિથી એકરૂપ પકડ્યો એ તીક્ષ્ણબુદ્ધિવાળો છે. આહા..હા..!

ધ્રુવ જે આત્માનો સ્વભાવ છે એમાં જે તીક્ષ્ણબુદ્ધિથી એને પકડ્યો. આહા..હા..! '**શુદ્ધદૃષ્ટિ પુરુષ...**' એ શુદ્ધસમ્યગ્દૃષ્ટિપુરુષ. '**ભજે છે,...**' ત્રિકાળી સહજગુણમણિની ખાણ અને પૂર્ણજ્ઞાનસ્વરૂપ એને '**એકને જ...**' તીક્ષ્ણબુદ્ધિસંપન્ન અંદર દ્રવ્યસ્વભાવને પકડવાથી '**શુદ્ધદૃષ્ટિ પુરુષ...**' એ શુદ્ધ ત્રિકાળની જેને દૃષ્ટિ થઈ છે એવો શુદ્ધદૃષ્ટિપુરુષ એ ત્રિકાળી જ્ઞાયકને ભજે છે, સેવા કરે છે, ત્રિકાળી જ્ઞાયકભાવની રમણતા કરે છે. આહા..હા..! એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિરાજે કેટલી શૈલી.. આ આત્મા વસ્તુ છે ઈ સ્વભાવિક ગુણમણિની ખાણ છે ત્રિકાળી અને પૂર્ણજ્ઞાનસ્વરૂપ શુદ્ધ છે અને પર્યાયમાં

પુણ્ય-પાપનો ભાવ હોવા છતાંપણ એ પરભાવ, વિભાવ છે. એમ હોવા છતાંપણ આ એમાં દૃષ્ટિ કરીને શુદ્ધ આત્માને સૂક્ષ્મ તીક્ષ્ણ બુદ્ધિવાળો સમ્યગ્દૃષ્ટિ એને ભજે છે. આહા..હા..!

'**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો** (**મુક્તિસુંદરીનો**) **વલ્લભ બને છે.**' એટલે કે વિકારનું પુણ્ય દયા, દાન, વિકલ્પ કામ, ક્રોધના ભાવ હોવા છતાં પણ ... એ સ્વભાવમાં નથી. અને એના સ્વભાવમાં તો સ્વભાવિક ગુણમણિનું નિધાન આત્મા છે. અને પૂર્ણજ્ઞાન. કેવળજ્ઞાનની અહીં વાત નથી. પૂર્ણજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. એવા શુદ્ધ એકને જ ભજે છે. અંતરમાં એક તીક્ષ્ણ બુદ્ધિવંત. આહા..હા..! એ ભજે છે એ મોક્ષમાર્ગ.

**શ્રોતા :-** ભજે છે એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સેવા કે એકાગ્ર થાય છે. ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ પૂર્ણસ્વભાવમાં એકાગ્ર થાય છે. ભજે નામ એની સેવા કરે છે.

**શ્રોતા :-** .. ભજનો કરવા એમને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભજન-બજન ક્યાં છે? એ તો વિકલ્પ છે.

અહીંયાં તો આનંદમૂર્તિ શુદ્ધ જ્ઞાન પૂર્ણ પ્રભુ અને સહજ.. અહીં તો જ્ઞાનની પ્રધાનતા લીધી. બાકી બધી સહજગુણમણિની ખાણ એ આત્મા છે. આહા..હા..! એને શુદ્ધ આત્માને એકને જ ત્રિકાળને. આહા..હા..! '**તીક્ષ્ણબુદ્ધિવાળો...**' જેની બુદ્ધિ પકડવામાં .. એને અહીંયાં તીક્ષ્ણબુદ્ધિવાળો કહેવામાં આવ્યો છે. '**શુદ્ધદૃષ્ટિ...**' સમ્યગ્દૃષ્ટિ. અહીં કહ્યું હતુંને પહેલું કે પૂર્ણ જ્ઞાનવાળો શુદ્ધવાળો. તો શુદ્ધ આત્માની દૃષ્ટિ એ સુદૃષ્ટિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અધ્યાત્મની વાત ઝીણી છે. આહા..હા..! મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ ભાવલિંગી સંત. કહે છે કે એવા આત્માને વસ્તુ જે અનંતગુણની ખાણ પૂર્ણ જ્ઞાન એવા આત્માને શુદ્ધ એકને. એ શુદ્ધ એ એકને. તીક્ષ્મબુદ્ધિવાળો જ્ઞાનની સૂક્ષ્મ-ઝીણી બુદ્ધિથી એને ભજે છે. શુદ્ધદૃષ્ટિ આત્માની સેવા કરે છે. એવા આત્મામાં એકાગ્ર થાય છે એ મોક્ષને પામે છે. મોક્ષનો માર્ગ, એનું કારણ અને એનું કાર્ય ફળ મોક્ષમાર્ગ. ત્રણે વાત લઈ લીધી. આહા..હા..! મોક્ષનો માર્ગ, એનું કારણ ત્રિકાળી જ્ઞાયકભાવ. આહા..હા..! ત્રિકાળ આનંદકંદ પ્રભુ એ મોક્ષમાર્ગનું એક કારણ અને એ ત્રિકાળીનું સેવન કરવું એ મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગનું ફળ. '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો...**' મોક્ષ. પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી સ્ત્રી-પરિણતિ એનો '**વલ્લભ બને છે.**' નામ પર્ણાનંદની પ્રાપ્તિ એને છોડતી નથી. પૂર્ણાનંદની પ્રાપ્તિ સદા એને રહે છે. આહા..હા..! આવી વાત હવે આ શું કહે છે?

**શ્રોતા :-** આમાં કરવું શું પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કરવાનું આવ્યું નહિ? શરીર, વાણી, મન તો ક્યાંય દૂર રહ્યા. એ તો આત્મામાં છે જ નહિ. પણ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાનના ભાવ જે વિકલ્પ છે એ પણ આત્મામાં નથી. એ તો પરભાવ વિકાર છે.

**શ્રોતા :-** એ તો બધા પરભાવમાં આવ્યાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરભાવમાં આવ્યા. અહીંયાં પરભાવમાં ઓલી પર્યાય નિર્મળ એમ ન લેવું અહીંયાં. અહીં તો પરભાવ વિકારીપર્યાય પરભાવ. એની સ્વભાવની પર્યાય ત્રિકાળને પકડીને સેવા કરે એ સ્વભાવપર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીને. આ તો અધ્યાત્મસ્વરૂપ છે ઝીણું. '**તે પુરુષ પરમશ્રીરૂપી...**' જેણે ભગવાન આત્મા સહજાનંદ પૂર્ણજ્ઞાનસ્વરૂપ અને અનંતગુણનું નિધાન એવી એક નામ અભેદ ચીજ એવા એકને પોતાની તીક્ષ્ણબુદ્ધિથી શુદ્ધદૃષ્ટિપુરુષ એકાગ્ર થાય છે. એ એકાગ્ર થાય છે એ મોક્ષનો માર્ગ. એનાથી મોક્ષ મળે છે. એ મોક્ષ આ. '**તે પુરુષ પરમશ્રીરૂપી...**' પરમલક્ષ્મી. કેવળજ્ઞાન, અનંત આનંદ આદિ પરમલક્ષ્મી. મુક્તિ-મોક્ષ. '**પરમશ્રીરૂપી કામિની...**' એટલે શુદ્ધ પરિણતિ, મુક્તિ સુંદરી એનો વલ્લભ થાય છે. એટલે મુક્તિસુંદરીની પર્યાય એને દૂર નહિ રહે, અભેદપણે અનુભવમાં રહેશે. આહા..હા..! છે તો ત્રણ લીટી. ત્રણ લીટી છે.

**શ્રોતા :-** ભંડાર ભર્યો છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભંડાર ભર્યો છે. આહા..હા..! એક તો એ સિદ્ધ કર્યું કે વિકાર પરિણામ પર્યાયમાં તો છે. થોડામાં ગાગરમાં સાગર કહે છે કે નહિ? ગાગરમાં સાગર એમ ભરી દીધું છે. આહા..હા..! જંગલમાં નગ્નમુનિ દિગંબર આનંદમાં જુલવાવાળા અનુભવ. એ કહે છે કે ભગવાન! આ તારી ચીજ જ ભગવાનસ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન છે અને અનંતગુણમણિનું નિધાન છે. એને વર્તમાન જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી શુદ્ધદૃષ્ટિ એટલે ત્રિકાળની દૃષ્ટિવંત. એવો પુરુષ એને ભજે છે, એમાં એકાગ્ર થાય છે. એ મોક્ષરૂપી સુંદરી. આવ્યુંને? પરમશ્રી... પરમશ્રી... પરમશ્રી... પૂર્ણલક્ષ્મી... શ્રી એટલે લક્ષ્મી. અતીન્દ્રિય આનંદ આદિ મુક્તિની પરમલક્ષ્મી એને પામે છે. એનો વલ્લભ થાય છે એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિ એને થાય છે. લ્યો, એ ૨૪ થયો ૨૪. ૨૫.

(मालिनी)

इति परगुणपर्यायेषु सत्सूत्तमानां<br>
हृदयसरसिजाते राजते कारणात्मा।<br>
सपदि समयसारं तं परं ब्रह्मरूपं<br>
भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- એ રીતે પર-ગુણપર્યાયો હોવા છતાં,...**' પર્યાયમાં રાગાદિ હોવા છતાં પણ. એ પર-ગુણપર્યાય વિકારીભાવ. '**ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...**' ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં '**કારણ-આત્મા વિરાજે છે.**' આહા..હા..! જ્ઞાનની નિર્મળ પર્યાયરૂપી કમળમાં ભગવાન ત્રિકાળ બિરાજમાન છે. આહા..હા..! આત્મા બિરાજમાન છે. હૃદયકમળનો અર્થ? જ્ઞાનની નિર્મળ પર્યાયમાં આખો આત્મા બિરાજે છે. આહા..હા..! સમ્યગ્દર્શન અને

સમ્યગ્જ્ઞાનરૂપી કમળ, એમાં આખા ભગવાનને બિરાજમાન કરી દીધા છે. પૂર્ણ ભગવાનનો આશ્રય લીધો છે. પૂર્ણ ભગવાનનું અવલંબન લીધું છે. આહા..હા..!

'**પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને**—' પોતાથી છે. ઉત્પન્નનો અર્થ એ લેવો. આત્મા.. એવા પરમબ્રહ્મસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય આનંદને. આહા..હા..! '**કે જેને તું ભજી રહ્યો છે...**' મુનિરાજ કહે છે. આહા..હા..! પૂર્ણ કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુને તું સેવી રહ્યો છે, ભજી રહ્યો છે. આહા..હા..! આ મુનિપણું. વ્રત લેવા, નગ્નપણું એ મુનિપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**પર-ગુણપર્યાયો હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...**' જ્ઞાનકમળમાં. '**કારણ-આત્મા વિરાજે છે,...**' કારણપરમાત્મા કહો એમ અહીં કારણ આત્મા લીધો છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાનની કમળદશામાં આખો આત્મા બિરાજે છે. પૂર્ણ આત્માનો સ્વીકાર કર્યોને? જ્ઞાને પૂર્ણ આત્માનો સ્વીકાર કર્યો, તો જ્ઞાન કમળમાં આત્મા રહે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- એના પ્રયોગો બતાવો..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રયોગો કહે છેને, અંદરમાં જાવું એ. ત્રિકાળી જ્ઞાયકભાવ પાસે જાવું એનો એ પ્રયોગ. વિકારથી ખસીને ત્રિકાળની પાસે જાવું એ પ્રયોગ.

**શ્રોતા** :- કસરત કરાવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ આ કસરત છે. આહા..હા..! શુદ્ધ જ્ઞાનઘન ધ્રુવ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' ઈ પૂર્ણ ચીજ આખી. એમાંથી ઉત્પાદ-વ્યયની પર્યાય ત્રિકાળ ધ્રુવને અવલંબે છે એ પ્રયોગ. આહા..હા..! માર્ગ આ છે, ભાઈ! આહા..હા..! જૈનદર્શન વસ્તુદર્શન વિશ્વદર્શન છે. આખા વિશ્વનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..!

'**એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને...**' ત્રિકાળની વાત છે હોં! '**કે જેને તું ભજી રહ્યો છે...**' આહા..હા..! મુનિરાજ કહે છે કે હું તો ત્રિકાળી આનંદકંદને ભજું છું. એકાગ્ર થાવ છું. આહા..હા..! એ મારું મુનિપણું અને એ મારો મોક્ષનો માર્ગ છે. આહા..હા..! ભારે! હજી પકડવું કઠણ. સાંભળવું મળે નહિ. આ બધી વાતું બહારની. આ કરો ને આ કરો ને આ કરો.

**શ્રોતા** :- આપ પણ કરવાનું તો કહો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અંદરનું કરવાની વાત છે આ તો. આહા..હા..! દિશાને ફેરવીશ તો દશા ફરશે. પરતરફની જે દિશા છે એની એ દશાને દશા .. દિશા ફેરવવી પડશે. એની ત્રિકાળ ઉપર દિશા જતાં એની દશા સમ્યક્ થશે. સમજાણું કાંઈ? પોતે કહે છે. તમે શું કરો છો? કે હું પરમાનંદસ્વરૂપ ભગવાનની એકાગ્રતા કરું છું. ..નગ્નપણું પાળું એ હું નહિ. આહા..હા..! એ તો એમાં લીધું છે. પંચમહાવ્રત. પરગુણપર્યાય હોવા છતાં, પરભાવ હોવા છતાં. આહા..હા..! પરગુણપર્યાયમાં લીધું. આહા..હા..!

'**ઉત્તમ પુરુષોના...**' જ્ઞાનકમળમાં. હૃદય નામ અંદર જ્ઞાનકમળ. ખીલી છેને. જ્ઞાનપર્યાય ખીલી છે. '**કારણ-આત્મા વિરાજે છે.**' આહા..હા..! જ્ઞાનની નિર્મળ પર્યાયમાં કારણપરમાત્માનો સ્વીકાર થઈ ગયો એટલે બિરાજમાન છે. એ '**પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને...**' અનાદિનો છે. '**કે જેને તું ભજી રહ્યો છે...**' આહા..હા..! ભગવાનને ભજવા કે તીર્થંકરને ભજવા એમ ન કહ્યું. આ તો તું ભજી રહ્યો છે. આહા..હા..! ઓહો..! આ સિદ્ધાંત કહેવાય. સમજાણું કાંઈ? જેમાં થોડામાં ઘણું ભરી દીધું છે. સમજાણું કાંઈ? આ બધું લખાઈ ગયું છે. આ બધી ટીકા થશે. આહા..હા..!

અહીં તો હવે અંતર આગળ વધશે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર, વાણી, મન રહ્યા પર, શુભાશુભભાવ રહ્યા પર. સ્વ અનાદિ-અનંત સમયસાર ધ્રુવ ચૈતન્ય ભગવાન તે સ્વ, એને તું ભજે છો, એમાં તું એકાગ્ર થા છો, એ તારું મુનિપણું છે. પણ હવે કહે છે '**શીઘ્ર ભજ;...**' એકદમ અંદર એકાગ્ર થા એમ કહે. આહા..હા..! ... આહા..હા..! સમજાણું કાંઈ? શ્લોકમાં આ તો કથન કરવું અને બોલવું એ જુદી વસ્તુ છે. આ તો અંદર વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન, પૂર્ણ ઘન પરમસમયસાર. સમયસાર એટલે ત્રિકાળી આત્મા. ..લાયક ઉત્તમ પુરુષ આત્મા. આહા..હા..! તું શીઘ્ર ભજને! આહા..હા..! અંતરમાં ઉતાવળ કરીને અંદર વિશેષ એકાગ્ર થા. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ દિગંબર સંતોની વાણી! આહા..હા..! ભગવાનના કેડાયતો, ભગવાનને કેડે ચાલનારા. આહા..હા..! આ નગ્નપણું, પંચમહાવ્રત એ કાંઈ સાધુપણું નથી. આહા..હા..! સ્વરૂપને સાધે તે સાધુ. એ તો સ્વરૂપ જે ત્રિકાળી આત્મા આનંદકંદ છે એમાં એકાગ્રતા ભજન કરવું તે સાધન છે, તે સાધુ. આહા..હા..! ભજ એ તો આત્માને કહે છે. પોતે પોતાને કહે છે. હે ભગવાન! હે ઉત્તમ આત્મા! એમ. આહા..હા..! મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ. આહા..હા..!

'**તું શીઘ્ર ભજ;...**' કેમ? કે '**તું તે છે.**' જેને તું ભજે છે તે તું છો. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ કારણપરમાત્મા, કારણજીવ, કારણ-આત્મા બધી એક જ વાત છે. એને ભજ કેમકે એ તું છો. એને ભજ કેમકે એ તો તું છો. આહા..હા..! એ કોઈ પર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ વાતું છેને. આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા. આહા..! માણસને આ અંતરની વાતું સાંભળી નથીને એટલે એને એવું લાગે કે આ કઈ હશે આ તે? કાંઈક પાળું, દયા પાળું, મહાવ્રત કરું. હવે એ તો અનંતવાર કર્યું છે સાંભળને. એ ધર્મ ક્યાં છે? આહા..હા..! ધર્મી એવો ભગવાન સહજગુણમણિની ખાણ એમાં એકાગ્ર થવું તે ધર્મ છે. ધર્મી એવો આત્મા એમાં એકાગ્ર થવું તે ધર્મ છે. આહા..હા..! '**તું તે છે.**' એમ છેને અંદર? '**भव्यशार्दूल स त्वम्**' એમ છેને? '**स त्वम्**' છેલ્લો શબ્દ છે. તે તું છો. આહા..હા..! જ્ઞાનથી પરિપૂર્ણ ભગવાન પોતે અને અતીન્દ્રિય આનંદ અને સહજગુણમણિની ખાણ એનું ભજન કર, એમાં એકાગ્ર થા. કેમ? કે એ તું છો. આહા..હા..!

તને તું ભજ! એમ કહે છે. સમજાણું કાંઈ? એ બે શ્લોક થયા. આહા..હા..!

(પૃથ્વી)

क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः
क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।
सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं
नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा।।२६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જીવતત્ત્વ...**' એટલે ભગવાન આત્મા '**કદાચિત્ સદ્ગુણો સહિત વિલસે છે...**' કેવળજ્ઞાનાદિ ગુણોસહિત વિલસે છે. ક્વચિત્ ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ પર્યાયમાં સદ્ગુણ નામ કેવળજ્ઞાનાદિ સહિત પ્રગટે છે. છે નીચે? '**વિલસવું = દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભુત થવું; પ્રગટ થવું.**' આહા..હા..! આ સદ્ગુણો એટલે પર્યાય. પ્રગટ થવું છેને? ત્રિકાળની વાત નથી. ત્રિકાળ તો વસ્તુ છે. હવે સદ્ગુણોસહિત કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ ગુણોને સદ્ગુણ કહેવામાં આવ્યા છે. છે પર્યાય. આહા..હા..! '**સદ્ગુણો સહિત વિલસે છે—દેખાય છે,...**' આહા..હા..! '**ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...**' મતિજ્ઞાનાદિ વિભાવગુણોને અશુદ્ધ ગુણ કહેવામાં આવ્યો છે. મતિ, શ્રુત, મનઃપર્યાય, અવધિ ચાર એ '**અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...**' પર્યાયમાં ચાર જ્ઞાનસહિત પ્રગટ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...**' અગુરુલઘુ આદિ. અગુરુલઘુ ષટ્ગુણ વૃદ્ધિ છેને? '**સહજ પર્યાયો સહિત વિલસે છે...**' એ તો અશુદ્ધ પર્યાયસહિત વિસે છે વ્યંજનપર્યાય. સમજાણું કાંઈ? જીવ તત્ત્વ જે ત્રિકાળ .. પ્રભુ પૂર્ણ જ્ઞાયક કેવળજ્ઞાનાદિ ગુણોથી દેખાય છે. કોઈ વખતે મતિજ્ઞાનાદિ અશુદ્ધ ગુણોથી બિરાજમાન છે-દેખે છે પર્યાયમાં, સાધક (અવસ્થામાં) અગુરુલઘુ આદિ ષટ્ગુણ હાનિવૃદ્ધિ પર્યાયથી દેખાય છે. ક્વચિત્ અશુદ્ધ પર્યાયો વ્યંજન પર્યાય નારકી, મનુષ્ય આદિ જે ચાર ગતિ એ અશુદ્ધ પર્યાય. અશુદ્ધ પર્યાય નરક–નારક આદિ વ્યંજન પર્યાય. સમજાણું કાંઈ? છે તો એ જ પર્યાય. કોણ? આ ષટ્ગુણ. પણ કેવળજ્ઞાનાદિને ષટ્ગુણ કહીને બધી પર્યાય છે. છે તો પર્યાય. મતિ, શ્રુત, અવધિ ચાર, પણ એના ગુણ છે એમ કહીને અશુદ્ધરૂપ ગુણોસહિત ત્યાં દેખે છે. આહા..હા..! વિલસે છે.

'**આ બધાથી સહિત હોવા છતાં પણ...**' આહા..હા..! '**જે એ બધાથી રહિત છે...**' ભગવાન તો ત્રિકાળ. આહા..હા..! કેવળજ્ઞાનાદિ પર્યાય, મતિજ્ઞાનાદિ ચાર પર્યાય, અગુરુલઘુ આદિની ષટ્ગુણ હાનિ-વૃદ્ધિની પર્યાય અને અશુદ્ધ વ્યંજન પર્યાય સહિત હોવા છતાં વસ્તુ એનાથી રહિત છે. સમજાણું કાંઈ? પરથી સહિત હોવા છતાં જે આ બધાથી રહિત. વસ્તુ છે એ તો ચાર પ્રકારના પર્યાયથી રહિત છે, ..આદિની પર્યાયથી રહિત છે,

અગુરુલઘુની ષટ્ગુણ વૃદ્ધિ પર્યાય એનાથી પણ દ્રવ્ય તો રહિત છે અને અશુદ્ધ વ્યંજનપર્યાયથી પણ દ્રવ્ય તો રહિત છે. આહા..હા..!

**શ્રોતા :-** અશુદ્ધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના નારકીની. વ્યંજન પર્યાય. ... આ મતિજ્ઞાનાદિ વિકાર છે એ અહીં ન લેવું. અહીં તો આ જ ... દેખાય છે. અગુરુલઘુની પર્યાયથી દેખાય છે, નારકી આદિની વ્યંજન પર્યાયથી દેખાય છે. આહા..હા..!

**'આ બધાથી સહિત હોવા છતાં...'** આહા..હા..! **'જે બધાથી રહિત છે...'** ..જ્ઞાનાદિ પર્યાય, મતિ આદિની પર્યાય, અગુરુલઘુની પર્યાય અને અશુદ્ધ પર્યાય ચાર જે વસ્તુ છે એનાથી તો રહિત છે. જ્ઞાયકભાવ ચિદાનંદનો .. લે છે આમાં. વ્યંજન પર્યાયમાં નારકી આદિને. રાગાદિને નહિ. એ તો કહ્યું પહેલું પરગુણપર્યાય હોવા છતાં. હોય, હવે એનું કાંઈ કામ નથી. આહા..હા..! **'એવા આ જીવતત્ત્વને...'** કેવા? કે ચાર પ્રકાર પર્યાયમાં હોવા છતાં વસ્તુ જે જીવતત્ત્વ ધ્રુવ જ્ઞાયક પ્રભુ છે. તો જીવતત્ત્વ એનાથી રહિત છે. એનાથી રહિત હું. આહા..હા..! મુનિરાજ કહે છે કે એવું જે જીવતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ, કારણપરમાત્મા શુદ્ધ અખંડાનંદ અભેદ વસ્તુ. **'હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** આહા..હા..! મારા અર્થની સિદ્ધિ મોક્ષની પર્યાય પ્રગટ કરી માટે અર્થસિદ્ધિ છે. એ અર્થસિદ્ધિ. આ પૈસાની અર્થ સિદ્ધિ નહિ. શું કહે છે?

**શ્રોતા :-** ભેગા પૈસાની સિદ્ધિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**હવે અહીં ધૂળને શું કરવું? ધૂળ તો એની પર્યાયમાં નથી. એ શું કહ્યું? સાંભળો, કે પૈસા લક્ષ્મી તો એની પર્યાયમાં પણ નથી. એની તો વાત અહીંયાં છે નહિ, પણ એની પર્યાયમાં છે એ દ્રવ્યમાં નથી. આહા..હા..! આ શરીર, વાણી, મન, લક્ષ્મી એ તો ભગવાન આત્માની પર્યાયમાં પણ એ નથી. એટલે એની તો વાત નથી. અહીં તો પર્યાયમાં જે છે કેવળજ્ઞાન, અશુદ્ધ મતિજ્ઞાન, અગુરુલઘુ પર્યાય અને આ વ્યંજન પર્યાય. એ છે ઈ ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે. અરે! સત્ય ક્યાં છે? ભાઈ! પૂર્ણ સત્ય પ્રભુ અંદર બિરાજે છે. આહા..હા..! પૂર્ણ સત્ય પ્રભુ! સત્સાહેબો કારણસમયસાર ભગવાન એ જીવતત્ત્વ છે. આહા..હા..! એને તું ભજ.

**'આ જીવતત્ત્વને હું...'** મુનિરાજ કહે છે. એવા જીવતત્ત્વને હું **'સકળ અર્થની સિદ્ધિ...'** મોક્ષરૂપી પર્યાયની પ્રાપ્તિ માટે **'સદા નમું છું,...'** આહા..હા..! એવી ત્રિકાળી ચીજમાં મારી નમનદશા છે. આહા..હા..! જુઓ તો આ શ્વેતાંબરના ૩૨ સૂત્રો વાંચે તો આની એક કડી હાથ ન આવે. અમારે બહેન પૂછતા હતાને. આ તો એક-એક કડી! આ તે શું ચીજ છે! આહા..હા..! સંતોની વાણી કેવળજ્ઞાનના કેડાયેતો. આહા..હા..! ભગવાન! એકવાર સાંભળને કહે છે. આહા..હા..! તું જેને ભજે છે એને હું હવે ભજું છું સર્વ અર્થની સિદ્ધિ માટે.

મારે કેવળજ્ઞાનરૂપી પ્રયોજન એ મારું પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વસ્તુમાં નથી એને કરવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી એ તો વસ્તુમાં નથી, પણ પર્યાય તો કાર્ય કરવાનું છેને કાર્ય? કાર્ય તો એ કરવાનું છે. કેવળજ્ઞાન મોક્ષ એ કાર્ય. વસ્તુમાં નથી, પણ વસ્તુના આશ્રયે કાર્ય તો આ કરવાનું છેને. આહા..હા..! વસ્તુમાં નથી, પણ વસ્તુને આશ્રયે કાર્ય આ કરવાનું છે. આહા..હા..! એવી સાધ્ય કેવળજ્ઞાન, ધ્યેય દ્રવ્ય. કાલે કહ્યું હતું પંડિતજીને રાતે, નહિ? કે ધ્યેય દ્રવ્ય, સાધ્ય કેવળજ્ઞાન મોક્ષ, સાધન આ અંદર દ્રવ્યની એકાગ્રતા એ એનું સાધન. આહા..હા..!

**'એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને...'** જુઓ, એ તો ચાર પર્યાયથી રહિત છે. **'સકળ અર્થની સિદ્ધિને માટે...'** પૂર્ણાનંદની પ્રાપ્તિ **'માટે સદા નમું છું,...'** એ જ્ઞાયકભાવમાં મારું વલણ છે નમન અને એને **'ભાવું છું.'** એ ત્રિકાળ.. ભજન, ભાવના કરું છું. આહા..હા..!

**શ્રોતા :-** સદા નમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નમે જ છે અંદર. વિકલ્પ વિકલ્પને ઘરે રહ્યો. ઝીણી વાત છે. આ મુનિ છે હોં, આચાર્ય નથી. અમૃતચંદ્રાચાર્ય છે. આ મુનિરાજ છે, આચાર્ય નથી. આહા..હા..! જુઓને, આ તો બહારની વાત છે. ખરું આચાર્યપણું તો આત્માનું સ્વરૂપ છે ઈ. પાંચ પદ આત્માનું સ્વરૂપ.. સમજાણું કાંઈ? પાંચેય પરમેષ્ઠીની પર્યાય તે નિર્મળ વીતરાગી પર્યાય તે પંચપરમેષ્ઠી છે. એ કાંઈ નગ્નપણું અને પાંચ મહાવ્રત એ કાંઈ પરમેષ્ઠીપણું નથી. પરમેષ્ઠી સ્વરૂપ જ છે. આહા..હા..! .. વીતરાગી પરિપૂર્ણ પર્યાય અરિહંત અને સિદ્ધની. આચાર્ય, ઉપાધ્યાય, સાધુને અપૂર્ણ નિર્મળ પર્યાય. આહા..હા..! પણ વાત ઈ કે આ બધા દેહને .. બધા મારા જડની. એની સાથે વળગ્યો, ઓલી ચીજ પડી રહી.

**શ્રોતા :-** આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—એ ત્રણ પર્યાયમાં કાંઈ ભેદ ખરો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ત્રણે પૂર્ણ ગણાય એક ન્યાયે. થોડો ફેર છે. નિયમસારમાં આવી ગયું છે કે કેવળજ્ઞાની અને મોક્ષમાર્ગી સાધુમાં થોડો ફેર છે. પછી એકવાર કહ્યું કે ફેર માને એ જડ છે. એ કળશ છે. બે કળશ છે. નિયમસાર. પૂર્ણાનંદનો નાથ પ્રભુ! આ નિયમસાર ચાલે. છે? ક્યાં છે? ૨૮૮ પાનું. **'આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...'** આનંદની દશારૂપી તપસ્યા. એ આમાં. તપશ્ચર્યા. **'તે જડમતિ અરેરે! કળિથી હણાયેલો છે.'** **'જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવને કરતાં જરાક જ ઊણપ છે).'** બસ, મુનિરાજની દશા જિનેશ્વરથી થોડી ઓછી છે. આ તો જડબુદ્ધિ છે એમ લખ્યું

છે. શું કહે છે?

**શ્રોતા** :- ૨૯૬ પાનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ ખ્યાલ છે. ઈ. ઈ. એ ૨૫૩ કળશ. ૨૯૬ પાનું.

'**સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં...**' સંત, મુનિઓ ભાવલિંગી અંદર આનંદના કંદમાં... '**ક્યારેય કાંઈ પણ ભેદ નથી;...**' છે? '**છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.**' આહા..હા..! પૂર્ણાનંદની દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી અંતર દશા પ્રગટ છે. તો કેવળજ્ઞાનીને અને એને પહેલા થોડો ફેર કહ્યો હતો. સર્વજ્ઞ.. હવે ફેર. એ તો વીતરાગપણાની તૈયારી થઈ ગઈ. કેવળજ્ઞાન લેવાની તૈયારી એ ફેર કાંઈ છે નહિ જાઓ. આહા..હા..! મોક્ષ. મોક્ષતત્ત્વ કહ્યું પ્રવચનસારમાં. ભાઈ! હજી સાધકપણે જ મોક્ષતત્ત્વ કહી દીધું પ્રવચનસારમાં. છેને ચારેબાજુથી લખાણ આહા..હા..! એકસરખું. જૈનસિદ્ધાંત. અલૌકિક વાણી છે. ક્યાંય છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- જૈન સિદ્ધાંત આમ બે વાત કરે. એક બાજુથી કહે કે કિંચિત્ ન્યૂન... એક બાજુથી કહે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ કઈ અપેક્ષાએ? જ્ઞાન યથાર્થ કરાવ્યું છે. કિંચિત્ ન્યૂન છે એવો તદ્દન પૂર્ણ છે એમ પણ નહિ અને પૂર્ણ થવાની તૈયારી છે માટે એને પૂર્ણ છે એમ કહ્યું. આહા..હા..! એ ૧૪ ગાથા થઈ. બે ભાષા કરી હોં. '**નમું છું, ભાવું છું.**' ત્રિકાળી આનંદકંદમાં હું નમું છું. અંદર એકાગ્ર છે એની મને ભાવના છે. ભાવના એની છે. રાગની ભાવના એ મારી ભાવના નથી. સમજાણું કાંઈ? હવે ૧૫મી ગાથા.

**શ્રોતા** :- આપને ઈષ્ટ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... ૩૨ વર્ષ થયા આ ગાથાને. જુઓ શું આવે છે.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

એ ઓલી વ્યંજનપર્યાય કીધી હતીને?

'**અન્વયાર્થ** :- **મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો...**' વ્યંજનપર્યાય વિભાવ '**કહેવામાં આવ્યા છે;...**' ભગવાને એમ કહ્યું છે અને '**કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો...**' એ સ્વભાવપર્યાયના ભેદો પાડશે હવે.

'**ટીકા** :- **આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.**' સ્વભાવિક પર્યાય અવસ્થા હોં. અને વિભાવી અવસ્થાનું સંક્ષેપકથન છે. '**ત્યાં સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારની કહેવામાં આવે છે** :- '

સ્વભાવપર્યાય બે પ્રકારની કહેવામાં આવે છે. '**કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' સમજાણું કાંઈ? આ અધિકાર શ્વેતાંબરમાં તો છે જ નહિ, પણ દિગંબરમાં આ સિવાય બીજે નથી. કારણ કે મોક્ષમાર્ગનો અધિકાર છેને આ? મોક્ષમાર્ગ. નિયમસાર એટલે મોક્ષમાર્ગ, પર્યાયનો અધિકાર.

**શ્રોતા :-** મોક્ષમાર્ગ એ કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ છે. એમાંથી આ કારણપર્યાય કાઢી ત્રિકાળી. આહા..હા..! મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધકારણપર્યાયમાંથી પમાય છે. શુદ્ધકારણપરમાત્મા અને શુદ્ધકારણપર્યાય એમાંથી મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે માટે એ ત્યાં નાખ્યું. અને તે પણ કહ્યું છે કે આ ટીકા કાંઈ મેં કરી મંદબુદ્ધિ શું કરે? ગણધરદેવોથી ચાલી આવતી ટીકા છે. ગણધરદેવથી અને આચાર્યની પરંપરા નગ્નમુનિ સંતો, અનુભવી સંતોની પરંપરાથી આ ટીકા ચાલી આવી છે. હું મંદબુદ્ધિ કોણ? બતાવ્યું હતું પહેલા શ્લોકમાં છે.

**શ્રોતા :-** વિનયથી એમ જ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એમ જ કહે, પણ પરંપરાથી ચાલી આવે છે. છે એ અધિકાર. વસ્તુ મળી છે એને. વિસ્તાર પછી પોતે કર્યો ભલે, પણ વસ્તુ એને મળી હતી.

'**કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' હવે કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા. '**અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...**' સ્વભાવિક શુદ્ધ નિશ્ચયથી ત્રિકાળ. '**અનાદિ-અનંત,...**' આદિ નહિ, અંત નહિ, '**અમૂર્ત,...**' રંગ, ગંધ, રસ, સ્પર્શરહિત '**અતીન્દ્રિયસ્વભાવવાળાં...**' ઇન્દ્રિયથી રહિત અતીન્દ્રિયસ્વભાવવાળાં. '**અને શુદ્ધ એવાં સહજજ્ઞાન...**' ત્રિકાળી. સ્વભાવિક જ્ઞાન ત્રિકાળી અનાદિ-અનંત. સહજદર્શન ત્રિકાળી અનાદિ-અનંત. '**સહજચારિત્ર...**' ત્રિકાળી અનાદિ-અનંત અંદર સ્વભાવ હોં. પ્રગટ ચારિત્રની આ વાત નથી. '**સહજપરમવીરાગસુખાત્મક...**' સ્વભાવિક પરમવીતરાગ અમૃતસ્વરૂપ. આહા..હા..! ત્રિકાળી. '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' એવું શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ. આહા..હા..! '**જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...**' જે અંતઃતત્ત્વસ્વરૂપ '**જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...**' ચાર કીધાને? જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ. એવા અનંતચતુષ્ટયસ્વરૂપ '**તેની સાથેની...**' હવે આ કારણપર્યાયો. આહા..હા..!

'**જે પૂજિત પંચમભાવપરિણતિ...**' આહા..હા..! '**(-તેની સાથે તન્મયપણે રહેલી...**' અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી '**જે પૂજ્ય...**' કારણપર્યાય '**એવી પારિણામિકભાવની પરિણતિ)...**' ત્રિકાળી પરિણામભાવની પર્યાય. '**તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' આવી વાત છે. એમ કેમ છે? એ વખતે કહ્યું હતું. બે હજારની સાલ. ૧૯ ગાથામાં વ્યાખ્યાન આવી ગયું. પહેલા ૧૯ ગાથા છેને. કે ખરેખર તો વસ્તુનું સ્વરૂપ એવું છે કે પુદ્ગલ એકકોર રાખો. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ—એના દ્રવ્ય પારિણામિકભાવે, એના ગુણ પારિણામિકભાવ અને એની પર્યાય પારિણામિકભાવે. ચારની. પારિણામિકભાવે

તો ઠીક. એ તો અહીં આત્માના રાગને પણ પારિણામિકભાવ કહ્યો છે. નિમિત્તની અપેક્ષાએ ઉદયભાવ, પણ આત્મા પારિણામિકભાવ છે તેની પરિણતિ રાગની થઈને એને પારિણામિકભાવ કહ્યો છે જયધવલમાં. જયધવલમાં. તો ચારેયની પર્યાય—ઉદય, ઉપશમ, ક્ષયોપશમિક એને પારિણામિક કહ્યો છે અને ત્રિકાળીને પરમપારિણામિકભાવ કહ્યો છે.

હવે અહીંયાં જ્યારે ચાર દ્રવ્યમાં એની ઉત્પાદ-વ્યયની પર્યાય. દ્રવ્ય પણ પૂર્ણ, ગુણ પણ પૂર્ણ અને પર્યાયમાં એકરૂપી એક સદૃશ્ય પર્યાય પૂરી અનાદિ-અનંત. ઓછી ને વિપરીત ને પૂર્ણ એવા ભેદ નથી. સમજાય છે કાંઈ? એટલે કે ચાર દ્રવ્યમાં પર્યાય એક સરખી, પરિપૂર્ણ એકસરખી છે ત્યારે એ પારિણામિકભાવ પૂરો થયો. એમ આત્મામાં દ્રવ્ય ત્રિકાળી, ગુણ ત્રિકાળી પારિણામિકભાવે અને પર્યાય એક સરખી ઉત્પાદ-વ્યયવાળી નથી. સંસારમાં રાગનો ઉત્પાદ પછી એ પણ .. પછી મોક્ષમાર્ગમાં નિર્વિકારી પર્યાયની ઉત્પત્તિ, પછી મોક્ષમાં નિર્વિકારી પૂર્ણની ઉત્પત્તિ. તો એકરૂપ ન રહ્યું. ભેદ થઈ ગયો. તો એમાં એકરૂપ કારણપર્યાય હોવી જોઈએ. જરી ઝીણું છે.

કે ચાર દ્રવ્યમાં જ્યારે એકરૂપ ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યયરૂપે છે સરખી અને આત્મામાં ઉત્પાદ-વ્યય એકસરખી નથી. એ સરખી છે. મોક્ષમાર્ગની એવી. તો એ પારિણામિકભાવની એક પર્યાય જેમ એમાં એકસરખી છે એવી આમાં એકસરખી હોવી જોઈએ. એ કારણ પર્યાયમાં નાખ્યું છે. એક ન્યાય એવો છે અને વેદાંત એમ કહે છે કે પર્યાય છે નહિ. એકલો તો ધ્રુવ છે. તો અહીં તો એની પર્યાય છે. ધ્રુવની જેવી ત્યાં એક કારણપર્યાય પણ ત્રિકાળ છે. ઉત્પાદ-વ્યયવાળી પર્યાય તો છે, પણ એક કારણપર્યાય પણ અનાદિ-અનંત છે કે જેમાં પારિણામિકભાવ પૂરો થયો પર્યાય વિનાનો. ઉત્પાદ-વ્યય પર્યાય વિનાનો. આહા..હા..!

દ્રવ્યે શુદ્ધ એકરૂપ, ગુણે શુદ્ધ એકરૂપ અને પર્યાય શુદ્ધ એકરૂપ તો ઉત્પાદ-વ્યય આમાં છે નહિ. એટલે કારણશુદ્ધપર્યાય એકરૂપ ત્રિકાળ છે એમ ભગવાને સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત પંદરમી ગાથા સિવાય બીજે ક્યાંય નથી. બીજે તો શ્વેતાંબરમાં ૩૨-૪૫(સૂત્ર)માં તો નથી. આહા..હા..! એવી વાત છે. આહા..હા..! અહીં કારણશુદ્ધપર્યાય કેમ કહી? પુદ્ગલની વાત ન લેવી. કારણ કે પુદ્ગલમાં પૂરણ-ગલનસ્વભાવ છે. ચાર દ્રવ્યમાં એકસરખી પારિણામિકભાવની પર્યાય છે. ત્યારે આત્મામાં પારિણામિકભાવની પર્યાય અથવા ઉત્પાદ-વ્યયની પર્યાય સરખી નથી. તો એક સરખી અંદર હોવી જોઈએ જેમાં દ્રવ્યની પૂર્ણતા થાય. દ્રવ્યની પૂર્ણતા હોં. દ્રવ્ય પોતે પૂર્ણ, એના ગુણ પૂર્ણ અને આ કારણપર્યાય પણ છે ધ્રુવ, ઉત્પાદ-વ્યય નહિ. એ ધ્રુવ જ્યારે પરમપારિણામિકભાવ ત્યાં પૂરો થાય. જેમ ધર્માસ્તિ-અધર્માસ્તિની એકરૂપ પર્યાય પૂર્ણ થાય છે, ત્યારે આનું એમાં કારણપર્યાયસહિતનું એકરૂપપણું થાય છે. સમજો આ તો .. વાત છે. સમજાય છે કાંઈ?

એ ૧૯મી ગાથામાં કહેવાઈ ગયું છે. ૧૯ ગાથાના વ્યાખ્યા થયાને પહેલા બે હજારની

સાલમાં. ૩૨ વર્ષ થયા. સમજાય છે કાંઈ? એથી દ્રવ્ય જ્યારે પૂર્ણ, ગુણ પૂર્ણ એક સરખો. પર્યાય એક સરખી પૂર્ણ ઉત્પાદ-વ્યયમાં છે નહિ. એથી એક કારણપર્યાય પૂર્ણ અનાદિ-અનંત છે એમ કરીને ભગવાને એક દ્રવ્ય-ગુણ-પર્યાયને સિદ્ધ કર્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એથી એ કહ્યું કે આ આત્મામાં સ્વભાવિકજ્ઞાનદર્શન-સુખ-આનંદ જે ચતુષ્ટય એની સાથે રહેલી. એની સાથે પરમપારિણામિકભાવ જે ત્રિકાળ એની સાથે રહેલી કારણપર્યાય એ પરમપારિણામિકભાવની પર્યાય છે. ચાર પર્યાય પરમપારિણામિકભાવની નહિ. ચાર ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ તો પારિણામિકભાવની પર્યાય છે. આ ત્રણ થઈને પરમપારિણામિકભાવની વાત છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૬, શુક્રવાર, તા. ૨૩-૦૧-૧૯૭૬
## ગાથા-૧૫, પ્રવચન નં. ૧૬૦

કારણપર્યાય જુઓ, .. પરિણામ છેને? કારણપર્યાય શુદ્ધ ચાલે છે. જરી ઝીણો વિષય છે. ફરીને એ. ફરીને બરાબર કહ્યું?

'**ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' હવે અહીંયાં કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા ચાલે છે. '**અહીં શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન...**' એ ચતુષ્ટય... સહજજ્ઞાન ત્રિકાળી, '**સહજદર્શન...**' ત્રિકાળી, '**સહજચારિત્ર...**' ત્રિકાળી. અનાદિ-અનંત છેને? '**સહજપરમવીતરાગસુખાત્મક...**' એ ત્રિકાળી એવું '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...**' એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ ત્રિકાળ. '**સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...**' સ્વભાવ અનંત-ચતુષ્ટ થયાને ચાર? જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ સુખ—એવા અનંતચતુષ્ટયનું સ્વરૂપ.

'**તેની સાથે...**' આ નવી વાત. ક્યાંય બીજે નથી આ. દિગંબર શાસ્ત્રમાં પણ આ સિવાય ક્યાંય સ્પષ્ટ બીજે નથી. સ્પષ્ટ નથી. હશે અંદર. આ શુદ્ધ ચેતના .. એમાં કાંઈક લાગે છે. અહીંયાં કહે છે કે આત્મામાં એક અનાદિ-અનંત ચતુષ્ટયસ્વરૂપ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતચારિત્ર-સહજચારિત્ર. આત્મામાં સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર અને અનંતસુખ. એવું જે શુદ્ધ અંતઃતત્ત્વ, એવો જે સ્વભાવચતુષ્ટય. એમાં રહેલા અનંત ચતુષ્ટય આ દર્શન-જ્ઞાન કીધા એ. એની સાથે. અનંતચતુષ્ટયની સાથે. '**જે પૂજિત**

**પંચમભાવપરિણતિ...**' હવે આમાં ઘણા ઝીણા પ્રકાર છે સૂક્ષ્મ. એ વખતે દૃષ્ટાંત દીધું હતું સમુદ્રનું-સમુદ્રનું. સમુદ્ર છેને આમ આખો દરિયો. પાણીનું દળ ભર્યું છે અને પછી સપાટી હોય સમુદ્ર ઉપર આમ. નક્શો કર્યો છે જોયો છે કે નહિ? એક સરખી સપાટી હોય માથે આમ. અને પછી એના ઉપર પાણીની ઓછું-વત્તું એવા મોજા હોય; એમ આત્મા વસ્તુ છે એ સમુદ્રસ્વરૂપ છે, એમાં અનંતગુણો વસેલા છે. જેમ આ પાણીનું શીતળપણું આદિ છે એમ આમાં અનંતગુણો છે. હવે એ ગુણો અને એ દ્રવ્ય એની ઉપરની સપાટી એકસરખી એને અહીં શુદ્ધ કારણપર્યાય કહે છે. ઝીણી વાત છે. ચાલતા સંપ્રદાયમાં આ વાત છે નહિ ક્યાંય.

**શ્રોતા :-** એની ગંધ પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો વાત જ નથી. આ વાત નથી. આ વાત તો તદ્દન અહીં નવી છે. બે હજારની સાલમાં એનું સ્પષ્ટીકરણ કર્યું હતું મગજમાં આવે એ રીતે. અમારે નારણભાઈ હતા ત્યારે તો. કે એ સમુદ્રની ઉપર એક... ત્યાં છે એક નકશો. એક-એક સપાટ થઈને સરખી અને એના ઉપર હોય પરિણામના મોજા. એમ આત્મદ્રવ્ય દરિયાનું સ્વરૂપ એમાં અનંતગુણનો પિંડ એ આત્મસ્વરૂપ અને એની એક સમયની પર્યાય પારિણામિકભાવની સપાટીરૂપ પારિણામિક એકસરખી એ કારણપર્યાય. એ પારિણામિકભાવની સાથે કારણપર્યાય પારિણામિકભાવની. અને એના ઉપર એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ દરિયાની ઉપરની ચાર પર્યાયો. આહા..હા..! જરી ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? એ નકશો મૂક્યો છે ત્યાં. એમ આ આત્મામાં ત્રિકાળી અનંતગુણનો પિંડ પ્રભુ ધ્રુવ પારિણામિક સહજસ્વભાવભાવ. એની સાથે રહેલી, જેમ સપાટી દરિયા ઉપર છે એકસરખી આમ, એમ આ કારણપર્યાય અનાદિ-અનંત ધ્રુવ, ઉત્પાદ-વ્યય વિનાની પરમપારિણામિકભાવની સાથે વર્તમાન... વર્તમાન... વર્તમાન... જેનું ત્રિકાળ છે એની સાથે આ વર્તમાન, છે તો ધ્રુવ. એ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પર્યાય અનાદિ-અનંત છે. એ કારણસ્વચતુષ્ટયસ્વરૂપ અને કારણપર્યાય. એને આશ્રયથી કાર્યપર્યાય પ્રગટ થાય છે. આ વિષય તો તદ્દન... હજી બહારનું તો ચાલે બહાર કે ભાઈ! એ પુણ્યથી ધર્મ થાય દયા એ તો વળી વાત કરે, પણ આ વિષય તો છે જ નહિ અત્યારે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે એ અનંતચતુષ્ટયસ્વરૂપ, જેમ સમુદ્ર એની સપાટી જેમ એકસરખી છે, એમ ભગવાન આત્મામાં કારણપર્યાય શુદ્ધ. પંચમપારિણામિકભાવ જે ચતુષ્ટય છે એની સાથે. એ છે તો પંચમપારિણામિકભાવ, પણ એને પર્યાય કીધી. એ પર્યાય ઉત્પાદ-વ્યયવાળી નહિ. આવી વાત.. વસ્તુ એવી છે. તે દિ' તો કહ્યું હતું થોડું શ્રીમદ્‌માંથી. પારિણામિક પદાર્થ 'સ્વાકાર' પરિણામી હોય છતાં અવ્યવસ્થિ... એમનું મગજ કામ ઘણું કરતું હતું, પણ એ વખતે લોકો તૈયાર નહોતા. આ એક મૂક્યું છે એમાં. કહ્યું હતુંને તે દિ'? માર્ગ એના ૩૬

બોલ કર્યા છે. જૈનમાર્ગ સૂક્ષ્મ ઘણો. એ વખતે તો એક જ પુરુષ હતો એ. જૈનમાર્ગ એમ વ્યાખ્યા કરીને પછી લોકસંસ્થાન. એ જૈનમાર્ગમાં છે લોકસંસ્થાન. બીજે ક્યાંય છે નહિ. એવા-એવા ૩૬ બોલ કહ્યા છે. એમાં ૩૬મો બોલ. આપણે આની સાથે કામ છે.

પારિણામિકપદાર્થ. સમુચ્ચય આવ્યું છે એને સમુચ્ચય લઈએ. નિરંતર 'સ્વાકાર' પરિણામી. 'સ્વાકાર' મોટા આવડા અક્ષરે લખ્યા છે. પછી ઓલા સમજ્યા નથીને નવા માણસ 'સ્વાકાર' સૌની સાથે સરખા કરી નાખ્યા અક્ષર. શું કીધું સમજાણું? 'સ્વાકાર' આ શબ્દ છે એમાં કાંઈ વિશેષ સમજવાનું છે. માટે 'સ્વાકાર' મોટા અક્ષરે લખ્યું હતું. હવે વર્તમાનવાળા ઓલા સમજ્યા નહિ એટલે 'સ્વાકાર' સરખા અક્ષરે નાખી દીધા બધા અક્ષર સાથે. જુઓ છે? 'સ્વાકાર' મોટા અક્ષરે છે. નજર ખેંચાય કે કાંઈક છે. પરિણામી પદાર્થ નિરંતર 'સ્વાકાર' પરિણામી હોય, સ્વ આકારના પરિણામ પર્યાયપણે હોય તોપણ અવ્યવસ્થિત! છતાં વળી પર્યાયમાં અવ્યવસ્થિત! આત્મા પરિણામી પદાર્થ છે એની પર્યાય પણ એક સરખી પરિણામી પદાર્થની સ્વ-આકારે પર્યાય હોય. પર્યાય છે. આ બરાબર હિન્દીમાં આવે એવું નથી આ. સમજાણું કાંઈ? છતાં અવ્યવસ્થિત. ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિત છે. ચંદુભાઈ! ઝીણી વાત છે, ભગવાન! આ તો અંતરમાં આવેલી વાત છે. એ વાંચતા વખતે.. સમજાણું કાંઈ? બે હજારની સાલ. પહેલું જ્યારે વાંચ્યું ત્યારે અંદરથી આવી એ વાત કરી હતી. આહા..હા..!

કે એ વસ્તુ છે એમાં જે અનંતગુણ છે એ પારિણામિકભાવ છે. તો એની પારિણામિકભાવની પણ પર્યાય સ્વાકારે પારિણામિકભાવની પર્યાય હોવી જોઈએ. એ કારણપર્યાય. અને છતાં અવ્યવસ્થિતપણું એ ઉત્પાદ-વ્યયમાં. સંસારની પર્યાય વિકારી, મોક્ષમાર્ગની પર્યાય કાંઈક શુદ્ધ અને કાંઈક અશુદ્ધ અને મોક્ષની પર્યાય શુદ્ધ એમ ત્રણ ભેદ આવ્યા, અવ્યવસ્થિત-એકરૂપ ન રહી. સમજાય છે કાંઈ? પર્યાયમાં ત્રણ પ્રકાર પડી ગયા. સંસાર વિકારી અવસ્થા ઉદયાદિમાં, પછી મોક્ષમાર્ગની, પછી ઉત્પાદ-વ્યયના ત્રણ પ્રકાર પડી ગયા, એકસરખી ન રહી. તો એકસરખી એક પર્યાય અંદર હોવી જોઈએ. જેમ ચાર દ્રવ્યમાં એકસરખી પર્યાય છે. સમજાય એટલું પકડવું. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ-ચારમાં જેમ ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી છે. એકસરખી. એમ આત્મામાં પારિણામિકભાવની ઉત્પાદ-વ્યયની પર્યાય છે એ તો એકસરખી નથી. ત્યારે એની એકસરખી પર્યાય હોવી જોઈએ એ કારણપર્યાય. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ૧૯ ગાથામાં આવી ગયું. બે હજારની સાલના વ્યાખ્યાનમાં. પંડિતજીએ .. એ નિયમસારની ૧૯મી ગાથાનું વ્યાખ્યાલ લીધું છે. એમાં છે. બે હજારની સાલમાં વ્યાખ્યાન. બે હજાર. ૩૨ વર્ષ થયા. આહા..હા..!

દ્રવ્ય એ આત્મા વસ્તુ. એમાં જે પારિણામિકભાવ, ગુણ જ્ઞાન, દર્શન એ પણ પારિણામિકભાવ. એવી જ એક પર્યાય પારિણામિકભાવની સ્વાકારે હોવી જોઈએ. તો ઉત્પાદ-વ્યયની પર્યાય સ્વાકારે તો છે નહિ. સમજાય છે કાંઈ? એથી એનામાં એક કારણપર્યાય અહીં

કીધી. આચાર્ય મુનિરાજે. એ તો કહે છે કે ગણધરથી ચાલી આવેલી આ ટીકા છે, કાંઈ અમારા ઘરની કરેલી નથી. આહા..હા..! અધ્યાત્મની વાત ઘણી ઝીણી, ભાઈ! એ શુદ્ધ ચૈતનાપદ્ધતિમાં એમ લીધું છે. બનારસીદાસે પરમાર્થ વચનિકામાં. કે આગમપદ્ધતિ અને શુદ્ધચેતનાપદ્ધતિ એ પરમાર્થવચનિકામાં લીધું છે. બહુ ઝીણું છે. વંચાઈ ગયું છે. આગમપદ્ધતિ એને કહીએ કે વસ્તુનો સ્વભાવ, એમ લખ્યું છે. સ્વભાવનો અર્થ પુદ્‌ગલના સ્વભાવપરિણામ એ દ્રવ્યપરિણામ કહેવામાં આવે છે અને પુદ્‌ગલના આકારે જે આત્મામાં અશુદ્ધ પરિણતિ થાય એ ભાવ-આગમ પદ્ધતિના પરિણામ ગણવામાં આવ્યા છે. પછી શુદ્ધચેતના પરિણામ લીધા છે. છે? આ તો શ્રીમદ્‌નું.

આગમ અધ્યાત્મનું સ્વરૂપ. ગુજરાતી છે અહીંયાં હોં. વસ્તુનો સ્વભાવ એને આગમ કહીએ. એવી શૈલી લીધી છે. આગમ એટલે ચાલ્યું આવતું છે... છે... છે... છે... છે... પુદ્‌ગલના પરિણામને પુદ્‌ગલ આકારે અશુદ્ધ પરિણામ વિકારી. આત્માનો અધિકાર તેને અધ્યાત્મ કહીએ. આગમ અને અધ્યાત્મસ્વરૂપભાવ આત્મદ્રવ્યના જાણવા. એટલે કે આત્મદ્રવ્યની સાથે પુદ્‌ગલના પરિણામ અને વિકારી પરિણામ એ લેવા અહીંયાં, બીજા ન લેવા. 'બંને ભાવ સંસાર અવસ્થા વિશે ત્રિકાળવર્તી માનવા. આગમરૂપ કર્મપદ્ધતિ છે.' પહેલું કહ્યું હતું કે વસ્તુનો સ્વભાવ તે આગમ એમ કહ્યું હતું. પછી અહીં કહ્યું કે આગમ કર્મપદ્ધતિ છે અને અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ છે. એનું વિવેચન 'કર્મપદ્ધતિ પૌદ્‌ગલિક દ્રવ્યરૂપ...' આ વ્યાખ્યાન થઈ ગયું છે વિસ્તારથી. જરી ઝીણું પડે તદ્દન સભાને તો આ. 'અથવા ભાવરૂપ.' આગમપદ્ધતિ એનો ભાવ એ સ્વભાવ કર્મપદ્ધતિ. એ કર્મપદ્ધતિના બે પ્રકાર : એક દ્રવ્યરૂપ અને એક ભાવરૂપ. દ્રવ્યરૂપ પુદ્‌ગલના પરિણામ. કર્મનો ઉદય જે છે એ પુદ્‌ગલના પરિણામ એ આગમપદ્ધતિના દ્રવ્યભાવ. ભાવરૂપ પુદ્‌ગલાકાર આત્માની અશુદ્ધપરિણતિ. આત્મામાં જે વિકાર થાય છે એ પુદ્‌ગલના, આ પુદ્‌ગલ આકાર. વિકારી પર્યાય છેને? તેથી પુદ્‌ગલ પારિણામિક કીધા છેને?

ભાવરૂપ પુદ્‌ગલ આકાર આત્માની અશુદ્ધપરિણતિ પર્યાય. તે બંને પરિણામ આગમરૂપ સ્થાપ્યા. હવે શુદ્ધચેતનાપદ્ધતિ. બનારસીદાસ બહુ ઊંડે ગયેલા. અધ્યાત્મમાં બહુ ઊંડા ગયેલા. શુદ્ધચેતનાપદ્ધતિ શુદ્ધાત્મપરિણામ. એ પણ દ્રવ્યરૂપ અને ભાવરૂપ. શુદ્ધાત્મપરિણામ બે પ્રકારના દ્રવ્યરૂપ અને ભાવરૂપ. દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ આખા દ્રવ્યના એક સાથે પરિણામ. પરિણામ હોં. ભાવરૂપ જ્ઞાન, દર્શન, સુખ વગેરે આદિ અનંતગુણપરિણામ એ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા. ..માં પરિણામ જે કહ્યા અને જીવના જે પરિણામ કહ્યા એ પર્યાય કારણપર્યાયમાં જાતું લાગે એવો વિચાર... સૂક્ષ્મ છે વિષય એકદમ! બીજે શ્વેતાંબરમાં તો આ વાત ક્યાંય છે નહિ, પણ દિગંબરમાં આ સિવાય ક્યાંય નથી. ૧૫મી ગાથા સિવાય. પછી ત્યાંથી સમજ્યા પછી બીજે નીકળે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ બહુ, ભગવાન!

કહે છે કે જે આત્મા ત્રિકાળી વસ્તુ એના પરિણામ આખા દ્રવ્યના. એ સમુચ્ચય દ્રવ્ય પરિણામ કહ્યા અને એક-એક ગુણના પરિણામ એ ભાવપરિણામ કહ્યા. એ પરિણામમાં આકૃતિ કારણપર્યાયની જાય છે. કેમ? કે ઓલા અશુદ્ધપરિણતિતો પુદ્ગલ આકારે કીધું ભાવ. અશુદ્ધ પરિણતિ પુદ્ગલાકારે ભાવ. એ આગમપદ્ધતિમાં નાખી દીધું. .. એ પદ્ધતિમાં નાખી દીધું. આહા..હા..! અને અંતરમાં જે શુદ્ધ ત્રિકાળી ગુણો અને ત્રિકાળી દ્રવ્ય એના પરિણામ, પરિણામ હોં એ. આહા..હા..! એ પરિણામ એનો ધ્રુવનો અંશ છે એમ લાગે છે. જે અહીં કીધું એ.

અહીં એ કહ્યું. આહા..હા..! તે દિ' તો જરી વિસ્તારથી કહ્યું હતું. જેમ લીંડીપીપર છેને? છોટીપીપર. એમાં તિખાશ જે છેને ચરપરાઈ? એ પર્યાયરૂપે તિખાશ છે એમાં. છે તો તિખાશ પર્યાય. રસગુણની તિખાશ પર્યાય. લીંડીપીપર છે એમાં દરેક પરમાણુમાં તિખાશ એટલે ચરપરાઈની પર્યાય રસગુણની પ્રગટ છે અને એને ઘૂંટતા-ઘૂંટતા જે ચોસઠ પહોરી વધે છે. એ પર્યાયમાં એવી તાકાત છે કે એમાંથી વધે છે. વેળુ છે આ વેળુ. વેળુ સમજો છો? રેતી. વાલુ. તો રેતીની પર્યાયમાં તિખાશની પ્રગટ પર્યાય નથી. રસગુણ છે પરમાણુમાં. રેતીની દ્રવ્યમાં પરમાણુની જે શક્તિ રસગુણ છે એ તો છે, પણ રસગુણની પર્યાય જેવી તિખાશમાં ઓલા શું કીધું? લીંડીપીપરમાં. રસગુણની તીખી પર્યાય પ્રગટ છે એ રીતે પરમાણુ રેતીમાં રસગુણની પર્યાય તીખી નથી. એમ એ સાધારણ પર્યાય છે. તેથી રેતીને ઘસતા ચોસઠ પહોરી નહિ થાય. કેમકે પ્રગટ પર્યાયમાં તે તિખાશ પર્યાયમાં નથી, રસગુણમાં છે. રસગુણમાં તિખાશ આ શું કહેવાય? મીઠાશ, ખટાશ એ બધી પર્યાય થવાની તાકાત છે, પણ પર્યાયમાં ત્યાં તો તિખાશ જેવી લીંડીપીપરમાં છે એવી આમાં નથી. તો એને ઘૂંટતા તિખાશ અંતર જ્યારે રસગુણ પરિણમે ત્યારે થાય. જેમ રસગુણ પરમાણુમાં રેતીમાં સાધારણ છે. એ મોળપ જેવી લેવી રસગુણની પર્યાય. અને એ રસગુણની પર્યાય શક્તિમાંથી જ્યારે પ્રગટ થાય ત્યારે એ મોળપ ઘટીને તિખાશ થાય એ તો રસગુણમાંથી આવે. સમજાય છે કાંઈ? અને તિખાશમાં જે છે લીંડીપીપરમાં એમાં તો રસગુણની તિખાશ બાહ્ય પ્રગટ છે. જરી ઝીણી વાત છે, ભાઈ! તે દિ' કહ્યું હતું બે હજારમાં. આને યાદ નથી બધું? યાદ છે બધું? આહા..હા..! એમ આ ભગવાન આત્મામાં પરિણામ જે કારણપર્યાય ગણવામાં આવી એ તો અંદર ધ્રુવપણે છે. જેમ ગુણ ધ્રુવ છે એવી કારણપર્યાય પણ ધ્રુવપણે છે. સમજાય છે? પ્રગટપણે તો કોઈ ઉદયભાવ, કોઈ ઉપશમભાવ, કોઈ ક્ષાયિકભાવ એ પ્રગટ પર્યાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એથી એક એવો પર્યાય ગણ્યો અહીં ભગવાને, મુનિરાજે કીધું.

કે જેવું દ્રવ્ય ધ્રુવ ત્રિકાળ છે, એવો એનો અનંતગુણ જ્ઞાનદર્શન આદિ ત્રિકાળ છે, એની વર્તમાન પારિણામિકભાવની પર્યાય શુદ્ધ કારણપર્યાય પણ ત્રિકાળ છે. આહા..હા..! આવું ઝીણું છે, ભાઈ! આ અધિકાર બીજે ક્યાંય છે નહિ આ ૧પમી ગાથા સિવાય. પછી અહીંથી નાખીને બીજે કાઢે. ત્યાં આવ્યું હતું થોડું. આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા. કેવળજ્ઞાનની

ઉત્પત્તિ નહિ અને શાસ્ત્ર આધાર રહી ગયા એકલા. એમાં પણ આ દિગંબર શાસ્ત્રો. ગજબ કામ કરે છે. કેવળીએ કહેલી એક-એક વાત, એટલી સ્પષ્ટ મૂકે છે.

કહે છે કે એ '**અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની...**' જોયું? ત્રિકાળ જે અનંત જ્ઞાન-દર્શન-આનંદ ગુણ જે છે એની સાથે. ગુણની સાથે. '**જે પૂજિત પંચમભાવપરિણતિ...**' એ વખતે તો થોડું એવું કહ્યું હતું. થોડું ઝીણું. કે જેમ એ આત્મા દ્રવ્ય છે અને ગુણ ત્રિકાળ છે. એમાં આ કારણપર્યાય વર્તમાન... વર્તમાન... વર્તમાન... એ ત્રિકાળ ત્રિકાળરૂપે, આ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... ધ્રુવપર્યાય છે. એય..! પકડાય એટલું પકડવું ભાઈ! આ તો ભગવાનનો માર્ગ ગૂઢ ઘણો, ભાઈ! આહા..હા..! શું કહ્યું? કે જે આત્મા સહજ પારિણામિકભાવે, એનો અનંતચતુષ્ટય પણ સહજપારિણામિકભાવે, એની સાથે એક પર્યાય પણ પારિણામિકભાવે સહજ છે. કેમકે ચાર ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળમાં ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી છે, એવી એક સરખી પર્યાય આત્મામાં સંસાર મોક્ષમાર્ગ અને મોક્ષમાં છે નહિ. ભેદ પડી ગયો ત્રણનો. અવ્યવસ્થિત. અવ્યવસ્થિત થઈ ગઈ. એટલે શ્રીમદ્દે કહ્યું પારિણામિકપદાર્થ 'સ્વાકાર' પરિણામી હોવા છતાં અવ્યવસ્થિતપણું. આહા..હા..! એટલે? ભગવાન આત્મા સ્વગુણ-દ્રવ્ય એવા જ આકારે પર્યાય અંદર સ્વપારિણામિકના આકારની પર્યાય. એમ હોવા છતાં ઉત્પાદ-વ્યય પર્યાયમાં અવ્યવસ્થિતપણું. એય..!

**શ્રોતા :-** ઉત્પાદ-વ્યય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિતપણું છે. બીજામાં વ્યવસ્થિતપણું સરખું છે. ચાર દ્રવ્યના ઉત્પાદ-વ્યયનું અવ્યવસ્થિત નથી, વ્યવસ્થિત એક પ્રકાર અનાદિ-અનંત એક જ ધારા છે. જરી ઝીણી વાત છે, ભાઈ! એમ આત્મામાં ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી નથી. વિકારપણે, મોક્ષમાર્ગપણે, મોક્ષપણે. તો એની વ્યવસ્થિત એક અવસ્થા પારિણામિકભાવની પરિણતિ એકસરખી હોવી જોઈએ એ કારણપર્યાય. સમજાય એટલું પકડો, ભાઈ! આ તો અંદરથી આવેલી વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને, શુદ્ધ કારણપર્યાય પારિણામિકભાવની ધ્રુવ. અપરિણામી. પરિણામ બદલતા નથી. આહા..હા..!

નીચે લખ્યું છે જુઓ, '**સહજજ્ઞાનાદિ સ્વભાવ...**' નીચે નોટ. '**અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી...**' છેને? સહજજ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ અનંતચતુષ્ટયસહિત '**કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.**' અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. કાર્યશુદ્ધજ્ઞાન પર્યાય પ્રગટે છે. '**પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.**' સમજાણું કાંઈ? પારિણામિકભાવની વર્તમાન

કારણશુદ્ધપર્યાય એ અનંતચતુષ્ટયસહિત કારણપર્યાય છે. અને એને આશ્રયે કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે એ ઉત્પાદ-વ્યયની પર્યાય. એ (કારણશુદ્ધ)પર્યાય ધ્રુવની પર્યાય. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે ધ્રુવ. અને આ પ્રગટ થાય છે એ કાર્યપર્યાય ઉત્પાદ-વ્યયની પર્યાય. આહા..હા..! ભારે આકરું કામ. ઓહો..હો..!

છેને? '**પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.**' હવે કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા આપણે આવી ગઈ. સમજાણું કાંઈ? '**પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ...**' ભાષા એવી લીધી છેને આચાર્ય મુનિરાજે. આહા..હા..! એ કારણશુદ્ધપર્યાયમાંથી કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પણ એ કારણશુદ્ધપર્યાય અનંતચતુષ્ટયસહિતની કારણશુદ્ધપર્યાય એમાંથી કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. આહા..હા..! આમાં કાંઈ કરવું શું એવું આવે છે કાંઈ? ઈ આવે છે, બાપુ! વસ્તુ, વસ્તુની શક્તિ અને વસ્તુનિ દશા એ શું છે એનો નિર્ણય કરવો એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને એમાં એકાગ્ર થવું એ દ્રવ્ય, ગુણ અને પર્યાય જે ત્રિકાળી કહ્યું, એમાં એકાગ્ર થવું એ ધર્મની દશા છે, એ વર્તમાનદશા છે. આહા..હા..! પ્રવચનસારમાં ધ્યેય ક્યાં આવ્યું? રાતે પૂછયું હતુંને? ભૂતાર્થને બધે ઘણે ઠેકાણે અર્થ લીધા. આહા..હા..! એટલું હોય છે હવે એટલું આવ્યું. અડધો કલાક હાલ્યું. આહા..હા..! '**પૂજિત પંચમભાવપરિણતિ...**' ભાષા એવી છેને? અનંતચતુષ્ટયસ્વરૂપ એની સાથે.

**શ્રોતા** :- પૂજ્ય એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૂજનિક, આદરણીય.

**શ્રોતા** :- એનો આશ્રય કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આશ્રય કરવો. આદરણીય કહો, ઉપાદેય કહો. પૂજ્ય પરિણતિ આદરણીય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી ધ્રુવ છે એમાંથી તો નિર્મળ પર્યાય આવે છે, પણ કહે છે કે અહીંયાં પર્યાય કારણશુદ્ધ જો નજીકમાં ન હોય તો એમાંથી કાર્યશુદ્ધ ક્યાંથી આવશે? ધ્રુવમાંથી; પણ એ ધ્રુવ અને કારણપર્યાય એ બેને આશ્રયે કાર્યપર્યાય થાય છે.

**શ્રોતા** :- એ દ્રવ્યમાંથી આવે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ત્રણે થઈને ..માંથી આવે છે. ..વાત કહેશે. .. લખ્યું છેને?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો બીજી વાત. ઉપર દૃષ્ટાંત હતું. એમ કે મગના દાણાનો ઢગલો હોય. મગનો. હવે પંખી બેઠું હોય તો એને ઉડવામાં નીચે જોર દેવાનું નથી. કારણ કે જોર દેવા જાય તો ઢગલો ખસી જાય. સમજાણું કાંઈ? પણ એ તો સંજ્વલનની મજબુતાઈની અપેક્ષાએ વાત છે. શું કહ્યું સમજાણું? મગ, અડદ પાંચ-દસ મણ પડ્યા ખુલ્લા. એના ઉપર પંખી બેઠું હોય તો એને ઉડવું હોય નીચે જોર નહિ દઈ શકે. આમ જોર દે તો ખસી

જશે. એમ જ્ઞાનીને અંતરની પર્યાયમાં જોર દેવામાં ઉત્પાદ-વ્યયની પર્યાય કામ નહિ કરે. નીચે અંદર ધ્રુવ છે તેના ઉપર જોર દેતા અહીં ઉત્પાદ-વ્યયની પર્યાય પ્રગટ થશે. એટલે એ અપેક્ષા લીધું હતું.

**શ્રોતા** :- ધ્રુવ ઉપર જોર કોણ દે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પોતે પર્યાય.

**શ્રોતા** :- કઈ પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આમ પ્રગટ પર્યાય થાય તે.

**શ્રોતા** :- ઉત્પાદ-વ્યય પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉત્પાદ-વ્યય. એ ધ્રુવ છે એના ઉપર પર્યાય જોર દેશે એકાગ્ર થશે ત્યારે કાર્ય થાશે. આહા..હા..! એવું છે, ભાઈ! આ તો ખબર છેને ભાઈ બધી. ભાઈ! અહીં તો ૪૧ વર્ષ થયા. ઘણા દાખલા... આહા..હા..! આ .. સ્પષ્ટ. છે?

'**અંતઃતત્ત્વસ્વરૂપ...**' અંતઃતત્ત્વસ્વરૂપ, અનંતજ્ઞાનદર્શનસુખ એવો '**જે સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ તે જ કારણશુદ્ધપર્યાય છે.**' આહા..હા..! આ ધ્રુવ છે હોં આ પર્યાય. પણ એક ન્યાયે ધ્રુવ જે ત્રિકાળી છે એવી આ પર્યાય વર્તમાન ધ્રુવ છે. પણ આવો વિચાર કરતા અંદર ચાલતું નહોતું બહુ. એ પર્યાય તો એની એ પર્યાય એમાં ને એમાં રહ્યા કરે તો નવી? મગજ કામ નહોતું કરતું તે દિ' પણ. ત્યાં સુધી અટકી ગયું. શું કહ્યું સમજાણું? ઈ ધ્રુવપર્યાય છે એ તો અનાદિ-અનંત કીધી. હવે છે એ ખરેખર તો દ્રવ્ય-ગુણ સામાન્ય છે એનું આ વિશેષ છે. વિશેષ ઉત્પાદ-વ્યયવાળું નહિ, ધ્રુવનું. છતાં એ વિશેષનો પર્યાય મગજમાં કામ ન કર્યો. એ પર્યાય તો એનો એ આમ ને આમ રહ્યા કરે છે કે નવો-નવો થાય? નવો-નવો થાય તો પરિણમન થઈ ગયું, ઉત્પાદ થઈ ગયો. એટલે એનો એ એમ ને એમ રહે છે કાંઈક ભાષા મગજમાં રહી. હવે આ ... આહા..હા..!

શું કહ્યું સમજાણું? ..ભાઈ! એ તે દિ'નું જ છે. આ તો કાંઈ નવું નથી ૩૨ વર્ષ પહેલા. ભાઈ એમ.. નાગરભાઈ લાવ્યા હતા લખીને. એણે લખ્યું હતું. કે જેમ દ્રવ્યધ્રુવ છે એવો ગુણધ્રુવ છે, એવી અહીં કારણપર્યાય ધ્રુવ છે. પણ એને કારણપર્યાય કીધી. તો જેમ દ્રવ્યધ્રુવ એકસરખું જેમ ચાલ્યું આવે છે, એમ ધ્રુવપર્યાય એકસરખી ચાલી આવે છે એટલે શું? એની એ પર્યાય એમ ને એમ ચાલી આવે છે? એ તો એ જે પર્યાય છે એ ચાલી આવે આમ ને આમ જૂની. નવી ધ્રુવપણે. પણ બહુ મગજ કામ ન કર્યું. બહુ વિચાર્યું હતું. આ તો જાતે કરવાનું હતુંને બધું. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- અમારે શું સમજવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ રીતે સમજવો આત્માને. કારણ કે જ્યારે એને એમ કહેવું

કે ત્રિકાળી સાથે વર્તમાન પર્યાય છે. તો એ વર્તમાન પર્યાય એટલે શું? ઉત્પાદ-વ્યય તો છે નહિ. હવે એ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... હવે એ અંશ એમ ને એમ ચાલ્યો આવે છે. ત્યારે એને કારણપર્યાય થઈ ગઈ. એનો એ ચાલ્યો આવતો હોય એટલે શું? આ .. મગજમાં બેસતું નહિ.

**શ્રોતા :-** કારણભેદે ભેદ પડ્યો...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાંભળો એ તમારું કામ નથી અત્યારે. સમજાણું કાંઈ? એ ચાલે એ ચાલવા દ્યો.

ત્યાં તો એમ કહ્યું હતું અને એમ ચાલ્યું હતું વિચારમાં કે વસ્તુ છે જે ત્રિકાળ, એવો જ ત્રિકાળી ધ્રુવ સામાન્ય ગુણ ત્રિકાળ છે. હવે એનો પર્યાય ગણ્યો અહીંયાં. તો એ ખરેખર તો સામાન્યનો વિશેષ થઈ ગયો. છે ધ્રુવ. ઓલો ઉત્પાદ-વ્યયનો ધ્રુવ નહિ. ઓલી ઉત્પાદ-વ્યયની પર્યાય નહિ. છે ધ્રુવ, પણ એ ધ્રુવનો અંશ છે એ કાયમ એમ ને એમ રહે છે. કાયમ રહે. એ કાયમ રહે એમાં શી રીતે રહે? એમ વિચારતા અટકી ગયું કામ. એવી પર્યાય છે એની એ એમ ને એમ રહે? જેમ આ ધ્રુવ ગુણ તો ધ્રુવ છે અહીં શક્તિ. એ તો એવા ને એવા એમ રહે છે, પણ આ તો પર્યાય છે, એની સાથેની દશા છે, તો એવી દશા એની એ રહે? એમ જાણવામાં આવે. વિશેષ સ્પષ્ટ ન થાય. મગજમાં આવે એટલું થાય. આહા..હા..!

આચાર્યોના હૃદય તો ગંભીર છે, ભાઈ! દિગંબર સંતોના હૃદયો જ્ઞાનથી ઘણા ગંભીર અને ઉંડા. ઘણો વારસો મૂકી ગયા છે. સમજાણું કાંઈ? પોતાની શક્તિ પ્રમાણે એમાંથી નીકળી શકે છે. ગુરુગમ છે નહિ. બહારમાં ગુરુગમ રહી ગયું. આહા..હા..!

**શ્રોતા :-** પૂર્વનું ગુરુગમ તો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો હું કહેવાનો હતો કે પૂર્વે ભગવાન પાસે સાંભળ્યું હતું એ અંદર કાંઈક હતું. આહા..હા..! ગજબ કામ કર્યું છેને પણ. એક તો પર્યાય કહેવી અને ધ્રુવ કહેવું. પર્યાય કહેવી અને પારિણામિકભાવ કહેવો. આહા..હા..! ખરેખર તો એ શ્રીમદ્ કહ્યું છેને, પરિણામી પદાર્થ 'સ્વાકાર' પરિણામી હોવા છતાં અવ્યવસ્થિતપણું. એ આત્માને માટે વિચાર આવેલા એ. ઓલું લખ્યું હતુંને. આમ આત્મા.. તો પર્યાય આત્મા. એની પર્યાય સ્વાકારે આખી પૂરી હોવી જોઈએ એકસરખી, છતાં ઉત્પાદ-વ્યયમાં તો અવ્યવસ્થિત છે. સમજાય છે કાંઈ? ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિત છે અને ઓલી કારણ... આહા..હા..! એવું છે જરી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તમારું કામ નહિ આમાં. આ તો અંદર આવતું હોય એટલું આવે, બાપુ! આહા..હા..! આમાં કાંઈ બીજાનો ગજનો આંકો સૂઝે એવું નથી આમાં. અહીં

તો... કેવળીના કેડાયતોની ટીકા છે આ તો. આહા..હા..!

'**તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' જુઓ, હવે કાર્યશુદ્ધપર્યાયની વ્યાખ્યા. '**સાદિ-અનંત,...**' જુઓ, એ અનાદિ-અનંત હતું. પહેલું અનાદિ-અનંત હતું. આ સાદિ-અનંત. કેમકે કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન થવાને આદિ છે, પણ કેવળજ્ઞાન આદિ ઉત્પન્ન થઈ અંત નથી. અનંતકાળ એમ ને એમ રહેશે સદશ્ય તરીકે. જે કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ. એ જ પર્યાય બીજે સમયે રહેશે એમ નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય છે એ એક સમયે ઉત્પન્ન થઈ તો એ તો સાદી થઈ અને એ જ પર્યાય, એવી જ પર્યાય, એવી સરખી બીજે થશે. પણ એ પર્યાય પહેલી છે એ નહિ. અનેરી પણ એવી. આહા..હા..! કેમકે કેવળજ્ઞાનની પર્યાયની મુદ્દત જ એક સમયની છે. આહા..હા..! પણ અહીંયાં જે કહ્યું કે જે પર્યાય પૂર્ણ પ્રગટ થઈ એ પૂર્ણ પર્યાય એવી ને એવી અને એવી ને એવી સાદિ-અનંત રહેશે એ અપેક્ષાએ સાદિ-અનંત કહી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કાંઈ સમજાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી સમજાતું? ફરીને.

ભગવાન આત્મા દ્રવ્ય છે, ગુણ છે. હવે કારણપર્યાય એ તો ત્રિકાળી પારિણામિકભાવ થયો સ્વભાવ. હવે એને આશ્રયે કેવળજ્ઞાન જે ઉત્પન્ન થાય એ નવો ઉત્પન્ન થાય છે. એ ગુણની જેમ અનાદિ નથી. કારણપર્યાય તો અનાદિ કહી, પણ આ કાર્યપર્યાયને તો સાદી કહી. નવી ઉત્પન્ન થાય છેને? તો સાદી કહી અને પછી અનંત કહી. સાદિ-અનંત. તો એ પર્યાય એની એ નહિ, પણ એવી ને એવી અનંતકાળ રહેશે એ અપેક્ષાએ. આહા..હા..! દ્રવ્યાનુયોગનું તત્ત્વ સૂક્ષ્મ ઘણું, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યું હતુંને ત્યાં એકવાર મથુરામાં હતા. કૈલાસચંદજીને ઘણા પંડિતો હતા. મથુરામાં ગયા ત્યારે અમે. ફુલચંદજી નહોતા નહિ? ફુલચંદજી નહોતા. ત્યારે આ કહ્યું હતું મથુરામાં. વ્યાખ્યાન ચાલતું હતું. ઘણા પંડિતો બેઠા હતા બધા. કીધું કેવળજ્ઞાન પણ એક જ સમય રહે છે. ભડક્યા. કેવળજ્ઞાન એ પર્યાય છે. પર્યાયની મુદ્દત એક સમયની જ છે. બીજે સમયે એ નહિ આવે. બીજે સમયે બીજી થશે, પણ એવી અને સરખી થશે એ અપેક્ષાએ ઉત્પન્ન થઈ એને સાદી કહી, રહેશે એવી ને એવી માટે અનંત કહી, પણ એ જ પર્યાય ભવિષ્યમાં રહેશે એમ નથી. મથુરામાં. પંડિતજી! એ મથુરા છેને મથુરા? ત્યાં ગયા હતાને અમે? તો કૈલાસચંદજી વગેરે બીજા ઘણા પંડિતો હતા ત્યાં. તો વ્યાખ્યાનમાં થોડી વાત આવી ગઈ કે જુઓ, કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. પંડિતો ભડક્યા. અરે! આ શું? કેવળજ્ઞાન પર્યાય છે. પર્યાયની મુદત એક સમયની જ છે. પણ એવી ને એવી અનંતકાળ રહેશે એ અપેક્ષાએ સાદિ-અનંત કહેવામાં આવી. પછી કૈલાસચંદજીએ કહ્યું હતું કે સાંભળો તો ખરા શું મહારાજ કહે છે. ઘણા વર્ષ થયા. ૧૫ની સાલ હશે નહિ? ૧૩-૧૩. ૧૯ વર્ષ થયા.

અહીંયાં જે સાદિ-અનંત કહ્યું એ પર્યાય એવી ને એવી રહેશે એ અપેક્ષાએ અનંત કહી, પણ જે પહેલા સમયમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એ બીજે સમયે વ્યય થશે અને બીજે સમયે બીજી પર્યાય થશે. આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂની પર્યાય વ્યય થાય છે અને ધ્રુવપણે કાયમ રહે છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો ભારે, ભાઈ!

'**સાદિ-અનંત, અમૂર્ત,...**' લ્યો, ઓલામાં અનાદિ-અનંત કારણપર્યાયમાં. આ સાદિ-અનંત. એમાં અમૂર્ત હતું, આ પણ અમૂર્ત. '**અતીન્દ્રિયસ્વભાવવાળા...**' એ પણ અતીન્દ્રિય સ્વભાવવાળા હતું. '**શુદ્ધસદ્ભૂતવ્યવહાર...**' આ ફર્યો. ઓલામાં નિશ્ચયની હતી. આ શુદ્ધસદ્ભૂતવ્યવહાર જુઓ, આહા..હા..! કેવળજ્ઞાન પર્યાય પણ શુદ્ધસદ્ભૂતવ્યવહાર છે. પવિત્ર છે માટે શુદ્ધ પોતાની પર્યાય માટે સદ્ભૂત અને ત્રિકાળની અપેક્ષાએ ભેદ પડ્યો માટે વ્યવહાર. કેવળજ્ઞાન પણ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે. આહા..હા..!

**શ્રોતા :-** કેવળીને નય ક્યાંથી આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને માટે ક્યાં છે. આ તો નીચે સમજનારને માટે છેને. એને માટે નય ક્યાં છે? નીચે શ્રુતજ્ઞાની સમજે છે એના માટે વાત છે. આહા..હા..! કે કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રિકાળની અપેક્ષાએ એક અંશ થયો. ભેદ પડ્યોને ભેદ? તો એ ભેદ પડ્યો માટે વ્યવહાર, પોતાની છે માટે સદ્ભૂત, શુદ્ધ છે માટે શુદ્ધ. શુદ્ધસદ્ભૂતવ્યવહાર. આહા..હા..! નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ એ એવી ને એવી રહે છેને? એમાં ત્રિકાળે નિશ્ચય અને એ અપેક્ષાએ વ્યવહાર થઈ ગયો ભેદ પાડીને. વ્યવહાર છે પણ એના માટે સદ્ભૂત છે, પવિત્ર છે માટે શુદ્ધ છે. આહા..હા..!

'**સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિ...**' એટલે વીર્ય. એ '**કેવળશક્તિયુક્ત...**' સહિત. '**ફળરૂપ...**' કેવળજ્ઞાન એ ફળરૂપ છેને? મોક્ષમાર્ગનું ફળ છે એ. મોક્ષમાર્ગ કારણ છે અને એ કાર્ય થયું સ્વ. '**કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...**' ફળરૂપ અનંતચતુષ્ટયની સાથે એ આખું ભેગું લીધું. આ સાથેનો અર્થ છે તો એની એ. અને ઓલામાં પારિણામિકભાવની સાથે તો પર્યાય હતી. આ અનંતચતુષ્ટય છે તો પર્યાય. એની સાથેની એટલે '**અનંતચતુષ્ટયની સાથેની (-અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...**' આખી પર્યાય ગણી. વળી ચારની સાથે, ચારની સાથે બીજી છે એ નહિ. આ ચાર તો પર્યાય છે. એની સાથે બીજી પર્યાય એમ નહિ. એ ચારનું એકરૂપ એનું નામ કાર્યશુદ્ધપર્યાય છે.

જુઓને, '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...**' ભાવ લેવો છેને ક્ષાયિક? '**શુદ્ધપરિણતિ...**' શુદ્ધપર્યાય '**તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**' લ્યો! ત્રિકાળી કારણશુદ્ધપર્યાય એ પારિણામિકભાવ છે અને કાર્યશુદ્ધપર્યાય એ ક્ષાયિકભાવ છે. શું કહ્યું? જે આત્મા વસ્તુ દ્રવ્ય, ગુણ અને

કારણપર્યાય શુદ્ધ કારણ એ પરમપારિણામિકભાવ છે અને જે કેવળજ્ઞાન, કેવળદર્શન આવ્યું એ ક્ષાયિકભાવ છે. કારણપર્યાય છે એ નિશ્ચય પર્યાય કહેવામાં આવી અને આ કાર્યપર્યાય છે એ સદ્ભૂતવ્યવહારનયનો વિષય કહેવામાં આવ્યો. આહા..હા..! ભારે વાત, ભાઈ! આમાં તો જરી ઉંડા જઈને અભ્યાસ કરે તો બેસે એવું છે. આહા..હા..! જુઓ, આટલા વિશેષણો આપ્યા. '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**' આમાં શું કહ્યું? કે કારણપર્યાય તો ઠીક. ત્રિકાળી ગુણદ્રવ્ય વસ્તુની સાથે પર્યાય કારણ. આ તો અનંતચતુષ્ટયની પર્યાય છે એની સાથે. સાથનો અર્થ હેતુ છે. સાથ નામ એનું એકરૂપ જે કાર્ય ક્ષાયિકભાવ છે એને અહીંયાં કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવી છે. આહા..હા..! હવે આવું વ્યાખ્યાન. માણસ શું માને આમાં? એ કરતા તો દયા પાળો, વ્રત કરવા સમજાય તો ખરું. ધૂળમાંય નથી આમાં કાંઈ સાંભળને. આહા..હા..! વસ્તુ કેમ છે? કેવી છે? એવું જ્ઞાનમાં આવ્યા વિના એમાં સ્થિરતા કેમ કરે? આહા..હા..! વસ્તુ જેવી છે એવી દૃષ્ટિમાં આવ્યા વિના શેમાં સ્થિરતા કરવી? ચારિત્રની સ્થિરતા શેમાં કરવી? જો હજી વસ્તુ જ દૃષ્ટિમાં આવી નથી તો ચારિત્ર ક્યાંથી આવે એને? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર આહા..હા..! એનો માર્ગ છે, ભાઈ! આ કાંઈ સાધારણ પ્રાણીનું કથન નથી. આહા..હા..!

શબ્દ શું લીધો, સમજાણું? ઓલા દ્રવ્ય-ગુણ જે પારિણામિકભાવ એની સાથે તો પર્યાય ગણી વર્તમાન... વર્તમાન... વર્તમાન ત્રિકાળ. એ તો.. આહા..હા..! પણ આ ચારની સાથે એટલે? એ ચારનું એકરૂપ જે ક્ષાયિકભાવ એ ક્ષાયિકભાવ સાથે કહેવામાં આવ્યું છે. સાથે શબ્દ પડ્યો છેને? '(**અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી**)...' એકરૂપ એમ. '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...**' કેવળજ્ઞાન એ ક્ષાયિકભાવ છે. '**શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**' નીચે ખુલાસો કરી દીધો છે. '**કારણશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.**'

**શ્રોતા** :- ચોખ્ખી વાત લખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચોખ્ખી કરી છેને.

'**અથવા,...**' મુનિરાજ કહે છે. કે '**પૂર્વ સૂત્રમાં કહેલા...**' અગુરુલઘુ કીધું હતુંને. '**સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી,...**' સૂક્ષ્મ વર્તમાન અગુરુલઘુ ષટ્ગુણી વૃદ્ધિ એ '**સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ...**' છએ દ્રવ્યમાં સાધારણ. આ તો એક આત્માની જ વાત કરી કારણ અને કાર્ય. એમાં આવી પણ એક પર્યાય લ્યોને એમાં આવે છે શુદ્ધપર્યાયમાં. '**સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ...**' છએ દ્રવ્યની પર્યાય અગુરુલઘુ છ દ્રવ્યમાં હોય છે. '**અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા...**' એને પણ શુદ્ધ જાણવા એમ કહે છે. કારણશુદ્ધને જાણવું,

કાર્યશુદ્ધને આને પણ શુદ્ધ ત્રિકાળમાં અગુરુલઘુ કહેવાય. લ્યો! '(એ રીતે) **શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.**' આહા..હા..! સંક્ષેપમાં કહ્યું. કહે છે વિસ્તાર તો જ્ઞાની જાણે.. વીતરાગ. આહા..હા..!

**શ્રોતા :-** કારણશુદ્ધપર્યાયનું જ્ઞાન જેને ન હોય તો ધ્રુવનું આલંબન લેતા એમાં (કારણશુદ્ધ પર્યાય આવી જાય)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવી જાય. (જ્ઞાન) ન પણ હોય. એ તો ધ્રુવમાં આલંબન (લે ત્યારે એમાં કારણશુદ્ધપર્યાય સાથે આવી જાય)! જેને વિશેષ (બુદ્ધિ) છે એને તો જાણવી જોઈએ. સામાન્યપણે જેને હોય એ ન જાણી શકે. ત્રિકાળી ધ્રુવનો આશ્રય લે તો એમાં આવી જાય છે ભેગું. એને એવું જ્ઞાન જ હોય એવું કાંઈ નથી. અહીં તો વિશેષ સ્પષ્ટ જ્યાં કરવું છે ત્યાં તો. આહા..હા..! તિર્યંચને સમ્યગ્દર્શન થાય છે. એ આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદના નાથ ઉપર દૃષ્ટિ દે એને સમ્યગ્દર્શન થાય છે.

**શ્રોતા :-** બધાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાયને થાય છે, પણ બધાયની એક જાત છે? મનુષ્યને તો વિપરીત શલ્ય બહુ ગરી ગયું હોય તો એને વિપરીત શલ્ય કાઢવા માટે વિપરીત જ્ઞાન વિશેષ જ્ઞાન કરવું જોઈએ. એને તો વિપરીત શલ્ય છે નહિ તિર્યંચને. એ આવ્યુંને મોક્ષમાર્ગપ્રકાશકમાં. ભાઈ! એને નવતત્ત્વનું જ્ઞાન નથીને? સાંભળતો ખરો. એને આ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરપ બસ એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં એ આનંદસ્વરૂપ તે આત્મા અને એમાં થોડું અંદર જોવે એ આત્મા નથી. એટલે અજીવનું જ્ઞાન થઈ ગયું, જીવનું જ્ઞાન થઈ ગયું. અને આત્મામાં જે આનંદ પ્રગટ્યો એ સંવર-નિર્જરાનું જ્ઞાન થઈ ગયું અને એ આનંદતરફ વળે છે તો મોક્ષ તરફ વળે છે એમ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગમાં લીધું છે. ટોડરમલજીએ ઘણું લીધું છે. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં ..માં ઘણું સ્પષ્ટ કર્યું છે. આહા..હા..!

એ શુદ્ધકારણપર્યાય અને શુદ્ધ કાર્યપર્યાયની વ્યાખ્યા થઈ. એ શુદ્ધની થઈ. '**હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે : જેનાથી વ્યક્ત થાય—પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે? પટાદિની માફક ચક્ષુગોચર...**' પટાદિ દેખવામાં આવે છે આમ. એ. '**(પ્રગટ થાય છે); અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળી હોવાથી,...**' આ શરીર. સાદિ છે, અંત છે, મૂર્ત વિજાતીય. આત્માથી વિજાતીય અભાવ છે. એવી વિભાવસ્વભાવવાળી હોવાથી. દેહ આદિ. '**દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી...**' નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી આ વ્યંજનપર્યાય શરીરની .. છેને બહારની? એને અશુદ્ધ વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. એક પરમાણુની નથી માટે અશુદ્ધ, માટે વિભાવ અને વ્યંજન એટલે આકૃતિ દ્રવ્યની. આ ...ની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? હવે વિશેષ વર્ણવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૮, રવિવાર, તા. ૨૫-૦૧-૧૯૭૬
## ગાથા-૧૫ થી ૧૭, કળશ-૨૭, પ્રવચન નં.૧૬૧

છેલ્લું આવ્યું છે. પહેલા એમ કહ્યું કે આત્મા જે આ છે આત્મા એ શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ ગુણ શક્તિ અને કારણશુદ્ધપર્યાયસહિત આત્મા છે. આત્મા જે છે એ સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમેશ્વરે જે જોયું અને એમ છે કે આ આત્મા દ્રવ્યસ્વરૂપ છે અનંત શક્તિનો પિંડ અને એમાં અનંતગુણરૂપ શક્તિ છે.. અને એની પર્યાયમાં એક શુદ્ધ કારણપર્યાય છે. ઝીણી વાત છે, ભાઈ! એ ઉત્પાદ-વ્યયની પર્યાય સિવાયની અંતરમાં શુદ્ધ કારણપર્યાય છે. છે ધ્રુવ. આહા..હા..!

**શ્રોતા :-** ધ્રુવને પર્યાય કહેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વાત ચાલી હતીને તેથી તો. ઝીણી વાત છે, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એ વાત છે. એ વાત બીજા કોઈ સંપ્રદાયમાં છે નહિ. સમજાણું કાંઈ? આ વાત તો શ્વેતાંબર સંપ્રદાયમાં પણ નથી. આ તો સનાતન જૈનદર્શન વીતરાગ પરમેશ્વરે કહ્યું એ દર્શનમાં આ વાત છે. અને એ એમાં જન્મેલાને પણ ખબર નથી હજી કે અમે જૈન કેવા છીએ. આ ક્રિયા કરે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (અને માને કે) અમને ધર્મ થઈ ગયો. એમ માનીને સંપ્રદાયમાં દૃષ્ટિ મિથ્યાત્વ છે એ તો. આહા..હા..!

**શ્રોતા :-** દિગંબરમાં જન્મ્યા એને પણ મિથ્યાત્વ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબરમાં જન્મ્યા તો શું થયું? એય..! આહા..હા..!

**શ્રોતા :-** એને પછી વ્રત જ કરવાના હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાત્વ દૃષ્ટિ હજી ભાન ન મળે કે આત્મા શું છે? આત્મા અખંડ આનંદનો નાથ પ્રભુ એ ચાલે છે. આગળ આવશે. એક સમયમાં પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ છે. જેમાં શરીર, કર્મ ને વાણી આદિ તો છે નહિ, પણ જેમાં દયા, દાન, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે રાગ એ પણ એમાં નથી. એ તો નથી, પણ વર્તમાન ઉત્પાદ-વ્યયવાળી પર્યાય જે છે એ પણ અંદરમાં નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ તો ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંત શક્તિઓનો પિંડ ભગવાન આત્મામાં છે. એ આત્મામાં અનંત શક્તિ એ ગુણ છે. અને એમાં એક કારણપર્યાય ધ્રુવ છે તે પર્યાય છે. ઉત્પાદવાળી પર્યાયથી તો એ રહિત પર્યાય છે. આહા..હા..! એવો આત્મા અંદર છે એની દૃષ્ટિ કરવી એનું આત્મજ્ઞાન કરવું એ સમ્યગ્દર્શન અને મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

હવે અહીં તો પછી કેવળજ્ઞાન જે છે એની પર્યાય બતાવી. આત્મામાં સર્વજ્ઞપણું અરિહંતપદ જે પ્રાપ્ત થાય છે એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી દ્રવ્ય અને ત્રિકાળી શક્તિ અને કારણશુદ્ધપર્યાય એ નિશ્ચયનય, દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ જે આત્મા એક-એક હોં! બધા ભિન્ન આત્મા છે. કોઈ આત્મા એક થતો નથી. દરેક આત્મા એ વસ્તુ તરીકે દ્રવ્ય એટલે કે અનંત શક્તિનો એકરૂપ પિંડ એ દ્રવ્ય અને એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ સ્વભાવ-શક્તિ એ ગુણ અને એની વર્તમાનમાં ધ્રુવરૂપ એક ઉત્પાદવ્યય વિનાની આહા..હા..! શુદ્ધ કારણપર્યાય ત્રણે ધ્રુવ છે. દ્રવ્ય ધ્રુવ છે, ગુણ ધ્રુવ છે અને પર્યાય ધ્રુવ છે. એવા આત્માની અંદર દૃષ્ટિ કરવી આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન છે, ધર્મની પહેલી સીઢી છે. એ વિના ધર્મ કદી થતો નથી. લાખ વ્રત કરે ને તપ કરે ને ભક્તિ કરે ને પૂજા કરે, લાખ મંદિર બનાવે અને ભક્તિ કરે એ બધું પુણ્ય છે ધર્મ નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આ તો ૧૫મી વળી ગાથા છે અત્યારે.

**શ્રોતા** :- આજે તો ગુજરાતીમાં બોલવાનું હતુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આજ તો આ જરી શેઠ બેઠા છેને. શેઠ આજે જવાના છે. આ હિન્દી આવ્યા છે બે-ત્રણ જણા. હિન્દી પણ આવ્યા છે. સવારે પછી ગુજરાતી ચાલશે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત એ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં ત્યાં ગયા હતા. સંવત્ ૪૯. આઠ દિવસ રહ્યા હતા. ભગવાનની વાણી સાંભળી અને શ્રુતકેવળી પાસે ચર્ચા પણ કેટલીક થઈ, પછી અહીં આવ્યા. આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? એ અહીં નિયમસાર બનાવ્યું. નિયમસારની છેલ્લી ગાથામાં તો એમ પણ કહ્યું છે, 'મારી ભાવના માટે આ નિયમસાર બનાવ્યું છે.' છે? છેલ્લી ગાથા છે. ૧૮૭. છેલ્લી-છેલ્લી. '**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**' છેલ્લી ગાથા છે ૧૮૭. ૧, ૮ અને ૭. છે? '**णियभावणाणिमित्तं**' આ નિયમસાર મારી ભાવના માટે. અંદર આત્માના આનંદની એકાગ્રતા માટે '**मए कदं**' મેં આ નિયમસાર કર્યું છે. '**णियमसारणामसुदं। णच्चा जिणोवदेसं**' જિનેશ્વરનો ઉપદેશ પૂર્વાપર દોષરહિત જાણીને આ બનાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીંયાં ૧૫મી ગાથામાં કહે છે. ૧૮૭મી છેલ્લી હતી. છેલ્લી. એ.

મારી ભાવના માટે મેં આ નિયમસાર બનાવ્યું છે, એમ કહે છે. આહા..હા..! અને તે જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો ઉપદેશ પૂર્વાપરવિરોધરહિત જાણીને મેં બનાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં એ ૧૫મી ગાથા ચાલી ગઈ છે કે પોતાની જે ત્રિકાળી વસ્તુ અને એની શક્તિ ત્રિકાળી ધ્રુવ અને એની શુદ્ધ કારણપર્યાય પણ ત્રિકાળી ધ્રુવ. આહા..હા..! આ શું વાત છે! સમજાણું કાંઈ? ત્રણેની એકાકાર દૃષ્ટિ અંદરમાં કરવી ભેદ પાડ્યા વિના અખંડ અનુભવ અંતર દૃષ્ટિ કરવાથી જે સમ્યગ્દર્શન થાય છે એ ધર્મની પહેલી સીઢી, ધર્મનું

પહેલું સોપાન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન વિના ચાહે તો લાખ, કરોડ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે એનાથી જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. હમણા આવશે.

અને એક કારણપર્યાયસહિત દ્રવ્ય કહ્યું. અને એક પોતાના સ્વરૂપના અવલંબનથી ધ્યાન કરવાથી જે કેવળજ્ઞાન ભગવાન અરિહંતને પ્રગટ્યું એ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે. ઓલો ત્રિકાળી નિશ્ચયનયનો વિષય છે અને આ અરિહંતપદ પ્રગટ્યું એ શુદ્ધસદ્ભૂતવ્યવહાર. પર્યાય છેને? પોતાની છેને? ભેદ છેને? તો શુદ્ધસદ્ભૂતવ્યવહાર કહેવાય છે. અને વ્યંજનપર્યાય. આ નારકી, મનુષ્ય, દેવ આદિ શરીર છેને? એની આકૃતિ અથવા આત્માના અંદર પ્રદેશમાં વ્યંજનપર્યાયની આકૃતિ એને વ્યંજનપર્યાય કહે છે. એ વાત તો કાલે ચાલી ગઈ છે.

હવે આજ અહીંયાં છે. '**પર્યાયી આત્માના જ્ઞાન વિના...**' આ બાજુ છે. ઝીણું છે, ભગવાન! આ માર્ગ સૂક્ષ્મ છે. લોકો માને છે એવી વાત નથી. સમજાણું કાંઈ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા કરો, પછી વ્રત લઈ લ્યો એ બધા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? શેઠ! એવી ઝીણી ચીજ છે.

**શ્રોતા :-** દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા પણ મિથ્યાદૃષ્ટિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગ શુભભાવ છે. એને ધર્મ માને. આહા..હા..! કરનારો તો હું કર્તા થઈને રાગને કરું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! દિગંબર જૈનદર્શન એ જૈનદર્શન સૂક્ષ્મ છે. એ જૈનદર્શન છે. બીજું કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? એ અહીંયાં કુંદકુંદાચાર્ય મહારાજે ૧૫મી ગાથા દ્વારા કહ્યું. હવે કહે છે.

'**પર્યાયી આત્માના જ્ઞાન વિના...**' શું કહે છે? આ આત્માને પર્યાયી કહ્યો. પર્યાયી આત્મા ત્રિકાળી વસ્તુમાં. આહા..હા..! એના '**જ્ઞાન વિના...**' એની અંતરમાં જ્ઞાન વિના ચોર્યાસીના અવતાર અનંતવાર કર્યા. સમજાણું કાંઈ? આહા..હા..! '**પર્યાયી આત્માના...**' આહા..હા..! ત્રિકાળી. ત્રિકાળી વસ્તુ છેને. એ પર્યાયી એટલે એ આત્મા પર્યાયી આત્મા એમ. એના '**જ્ઞાન વિના...**' અંતરમાં એના ભાન વિના '**પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' પર્યાયની દૃષ્ટિ છે એની. ત્રિકાળની દૃષ્ટિ નથી અને પર્યાયની દૃષ્ટિ છે તો પર્યાય સ્વભાવવાળો થયો મિથ્યાદૃષ્ટિ. આહા..હા..! શું કહ્યું?

'**પર્યાયી આત્મા...**' વસ્તુ ત્રિકાળી. દ્રવ્ય, ગુણ અને શુદ્ધ કારણપર્યાયવાળાને અહીંયાં આત્મા કહેવામાં આવ્યો છે. આહા..હા..! એ '**આત્માના જ્ઞાન વિના...**' 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ના પાયો.' આત્મજ્ઞાન શું ચીજ છે એની ખબર નથી. આ વ્રત પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો. તો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર સ્વર્ગમાં ગયો, પણ આત્મા શું ચીજ છે એનો અનુભવ અને સમ્યગ્દર્શન ન કર્યું. સમજાણું કાંઈ? એ '**પર્યાયી આત્મા...**'

આ ભાષા તો જુઓ, એવા '**જ્ઞાન વિના...**' એના અંદર અનુભવના સમ્યગ્દર્શન વિના, એનું સ્વસંવેદન ભાવશ્રુતના આનંદના વેદન વિના. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' આહા..હા..! એને તો અનાદિથી વર્તમાન પર્યાયની દૃષ્ટિ છે. વર્તમાન રાગ અને વર્તમાન જ્ઞાનની પર્યાય વ્યક્ત ઉત્પાદવાળી છે. ઉત્પાદ-વ્યયવાળી એની દૃષ્ટિ એની છે. ત્રિકાળી આત્મા એની ખબર નથી. આહા..હા..! જૈન દિગંબર સાધુ અનંતવાર થયો, પણ એ મિથ્યાદૃષ્ટિપણે વ્રત પાળ્યા અને આ કર્યા, પણ આત્મજ્ઞાન અનુભવ છે એ વાત ન કરી. આહા..હા..!

**શ્રોતા :-** ... વિના પણ દિગંબર સાધુ થઈ શકાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબર એટલે? બહરના વાડાના થાય નગ્નમુનિ, પંચમહાવ્રત પાળે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અંતર આત્મજ્ઞાન વિના... કહ્યુંને અહીંયાં. 'મુનિવ્રત ધાર અનંતબૈર...' છ ઢાળામાં આવે છે. છ ઢાળામાં આવે છે. એ વાંચ્યું હોય પણ અર્થની ખબર ન હોય લ્યો. શેઠ! 'મુનિવ્રત ધાર' દિગંબર મુનિ હોં. શ્વેતાંબર મુનિ એ તો મુનિ છે જ નહિ. એ તો બધા ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. શ્વેતાંબર, સ્થાનકવાસી એ આ મૂર્તિપૂજક છે સ્થાનકવાસી, એને તો ભગવાન જૈન કહેતા જ નથી.

**શ્રોતા :-** તેરાપંથી તો જૈનમાં ગણાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેરાપંથી સ્થાનકવાસી બધા મિથ્યાદૃષ્ટિ ગૃહિત. આ તુલસીને છેને એ? ભાઈ! વાત એવી છે. કોઈને દુઃખ લાગે એની વાત નથી, વસ્તુનું સ્વરૂપ એવું છે. શ્વેતાંબર મૂર્તિપૂજક, એમાંથી નીકળ્યા સ્થાનકવાસી મૂર્તિને ઉથાપીને. બે. એમાંથી નીકળ્યા તેરાપંથી. સ્થાનકવાસી તેરાપંથી હોં. આપણા દિગંબર તેરાપંથી નહિ. દિગંબરમાં તો તેરાપંથી અને વીસપંથી બે છેને? એ દિગંબર તેરાપંથી તો સનાતન ચીજ છે. સમજાણું કાંઈ? પણ આ જે તેરાપંથી તુલસી છે એક. લાખો માણસો છે એમાંથી. પરની દયા પાળવાના ભાવને પાપ કહે. એ પણ બધા વસ્તુસ્થિતિ એવી છે, ભગવાન! આ કાંઈ સંપ્રદાયની વાત નથી. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જે દિવ્યધ્વનિ દ્વારા કહ્યું એ માર્ગ આ છે.

તો કહે છે કે '**આત્માના જ્ઞાન વિના...**' ભલે દિગંબર સંપ્રદાયમાં સાધુ થાય. બાર વ્રત પાળો, ભક્તિ-પૂજા કરો, પણ આત્મજ્ઞાન વિના, આત્મ અનંત આનંદકંદ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદન વિના, અતીન્દ્રિય આત્માના ભાન વિના. આહા..હા..! '**આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' એની તો એક સમયની અવસ્થા સ્વભાવવાળો હોય છે. આહા..હા..! શું કહ્યું?

**શ્રોતા :-** પર્યાયી આત્મા...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલું કહ્યું સાંભળ્યું નહિ? ત્રણવાર કહ્યું, ચારવાર કહ્યું. પર્યાયી આત્મા એમ. પર્યાયી એટલે આત્મા. વાત તો કરી હતી. પહેલા શરૂઆત કરી. અહીં તો

ધ્યાન રાખો તો એકેય વાત કોઈ પૂછવાલાયક રહે એમ નથી આવતી. પર્યાયી એટલે જ આત્મા એમ. પર્યાય એ વ્યંજનપર્યાય બતાવે છે. આ ચાર ગતિ મળે છેને? અહીં તો પર્યાયી એટલે આત્મા. આહા..હા..! પર્યાય તે આત્મા એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ભાઈ! આ તો વીતરાગમાર્ગ જિનેશ્વરનો કદી એને સમજ્યા જ નથી. જૈનમાં અનંતવાર જન્મ્યો, વાડા કર્યા, સાધુ થયો, દિગંબર મુનિ થયો, પંચમહાવ્રત પાળ્યા, બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે? એકડા વિના.

**શ્રોતા :–** પહેલા મીંડા વાળી દે અને પછી એકડો ચડાવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મીંડામાં કોઈ સંખ્યા ન આવે. લાખ મીંડામાં સંખ્યા ન આવે. એક આંકડો તો સંખ્યા આવે. પછી મીંડા કરે તો સંખ્યા આવે. એમ સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં સ્થિરતા થાય છે તો ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ આવો છે, ભાઈ! કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. અનંત તીર્થંકરોએ કહ્યો એ માર્ગ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'મંગલં ભગવાન વીરો' નથી આવતું? 'મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગણધર ગૌતમ, ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય. જૈનધર્મોસ્તુ મંગલં. એ કુંદકુંદાચાર્ય આ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું? એક લીટીમાં કેટલું સમાડી દીધું છે!

'**પર્યાયી આત્માના...**' પર્યાય નહિ, પર્યાયી. પર્યાયી એવા આત્માના '**જ્ઞાન વિના...**' એનો જ્ઞાન, અનુભવ-સમ્યગ્દર્શન વિના '**આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' વર્તમાન અવસ્થાવાળો એ આત્મા છે. વર્તમાન અવસ્થાને પામે છે. ચાર ગતિમાં રખડવા. એ કહે છે જુઓ, '**તેથી શુભાશુભ મિશ્ર પરિણામથી...**' જ્યારે પર્યાયદૃષ્ટિ છે, વર્તમાન અંશની દૃષ્ટિ છે તો એ અંશની દૃષ્ટિવાળો આત્મા '**શુભાશુભ મિશ્ર પરિણામ...**' કરે છે. કાંઈક પુણ્યના પરિણામ, કાંઈક પાપના. એવા '**મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...**' શું કહ્યું સમજાણું કાંઈ? નિશ્ચયથી તો ભગવાન અખંડ આનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પ્રભુ. એવો પર્યાયી આત્મા, એનો પર્યાયી એટલે પર્યાય નહિ. પર્યાયી આત્મા. એના જ્ઞાન વિના. પર્યાય સ્વભાવવાળો એટલે ચાર ગતિની પર્યાય પ્રાપ્તવાળો થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ ઝીણો છે, બાપુ! દિગંબર ધર્મ એ કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ છે. હજી એની સમ્યગ્દર્શનની જ ખબર ન મળે. આ માની લે દેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા સમ્યગ્દર્શન. ધૂળેય નથી સાંભળને. આહા..! સમ્યગ્દર્શનની ચીજ કોઈ અલૌકિક છે. એ કહે છે કે સમ્યગ્દર્શનની ચીજ આત્મજ્ઞાન. એ આત્મજ્ઞાન વિના આત્મા. આત્માના જ્ઞાન વિના આત્મા. ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાન વિના આત્મા. સમજાણું કાંઈ? પર્યાયસ્વભાવવાળો થાય છે. વર્તમાન પર્યાયની પ્રાપ્તિવાળો થાય છે. હવે કેવી પર્યાયની પ્રાપ્તિ કરે છે?

કે '**શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી...**' કાંઈક પુણ્ય અને કાંઈક પાપ. એવા '**મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...**' નિશ્ચયથી તો આત્મા આત્મા રહે

છે, પણ પર્યાયમાં વ્યવહારે મનુષ્યભવ ધારણ કરે છે. પર્યાયદૃષ્ટિવાળો અને પર્યાય સ્વભાવને પ્રાપ્ત કરે છે. આહા..હા..! શાંતિભાઈ! આવું ઝીણું છે હોં! **'તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે;...'** જુઓ, આ મનુષ્યનો આકાર હોં અંદર. શરીરનો જુદો, પણ અંદર જે આકાર મનુષ્ય એ ગતિનો. એ મનુષ્ય પર્યાય છે. આહા..હા..! શું કહે છે સમજાણું કાંઈ? ભગવાન આત્મા અખંડાનંદ પૂર્ણાનંદ પર્યાય આત્મા. એવો પૂર્ણ સ્વભાવ ભગવાન એના જ્ઞાન વિના, એના અનુભવ વિના, એની પ્રતીતિ વિના, એના સમ્યગ્દર્શન વિના. વર્તમાન પર્યાયની પ્રાપ્તિવાળો થાય છે. આત્મા જે ત્રિકાળી પર્યાયી એવો આત્મા, એનું જે જ્ઞાન અને દર્શન થાય એ તો સિદ્ધગતિને પામે છે. સમજાણું કાંઈ? એ પર્યાયી આત્મા એવા દ્રવ્ય-ગુણ-પર્યાયના અંતરના અનુભવ વિના આ ચાર ગતિની પર્યાયને પામે છે. આહા..હા..!

જુઓને આપણે હમણા સાંભળ્યું નહિ? શદામીલાલનું સાંભળ્યુંને? કહો, કેવો માણસ બિચારો. મારી નાખ્યો. ખૂન. શદામીલાલ. કેવો માણસ! બહુ ઉદાર માણસ. ઘણા લાખો રૂપિયા ખર્ચ્યા. હમણા ત્યાં આવ્યા હતા. અમે હતાને બેંગ્લોર આવ્યા હતા બિચારા ત્યાં. ઓલી બાહુબલીની મૂર્તિ ૪૨ ફુટની લઈને નીકળ્યા હતા. મહારાજ અહીં છે તો બે દિ' આવ્યા રહી ગયા હતા. વ્યાખ્યાન સાંભળી ગયા હમણા બેંગ્લોર. પોર. પૈસા બહુ પૈસા ખર્ચે. પણ કોણ એવો માણસ નીકળ્યો કે મારી જ નાખ્યો, ખૂન કરી નાખ્યું. બાદશાહી મકાન, કરોડોપતિ મોટો ઘણા કરોડોપતિ. ૨૦-૨૫ લાખ તો ધર્માદિ ખર્ચ્યા હશે મંદિર નહિ? કોકે મારી નાખ્યો. આહા..હા..! આ મનુષ્યદેહ! કહે છે કે એ મનુષ્યદેમ કેમ પ્રાપ્ત થાય છે? અંદર મનુષ્યની આકૃતિ કેમ પ્રાપ્ત થાય? કે ભગવાન આત્માના આનંદના અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના એવા શુભાશુભભાવથી મનુષ્યપર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..!

**'કેવળ અશુભકર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** એકલો અશુભભાવ. હિંસા, જૂઠું મહાપાપ. નરકને યોગ્ય નારકી છે નીચે. **'કેવળ અશુભકર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** વ્યવહારથી આત્મા નારક થાય. આત્મા તો આત્મા છે. આત્માનું દ્રવ્ય કોઈ નારકી થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'કેવળ અશુભકર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે, તેનો નારક આકાર તે નારકપર્યાય છે;...'** વ્યંજનપર્યાય. નારકીના શરીર પ્રમાણે આકાર હોયને. **'કિંચિત્‌શુભમિશ્રિત...'** કાંઈક શુભભાવ મિશ્રિત માયાકપટ પરિણામથી **'આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે,...'** આહા..હા..! આ તિર્યંચ. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, આ પશુ, ગાય, ઘોડા આદિ તિર્યંચ છેને? આમ શું કહે છે આડા. ત્રીછા. એ આડાને તિર્યંચ કહે છે ભગવાન. કેમ એ આડા થયા? કે પૂર્વે માયા, કપટ આદિ આડોડાઈ બહુ કરી હતી. માયા, કપટ, કુટીલ એ આડોડાઈ કરી તો શરીર પણ આડું થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ **'કિંચિત્‌શુભમિશ્રિત માયાપરિણામથી...'** કપટ. આહા..હા..! **'આત્મા વ્યવહારે**

**તિર્યંચકાયમાં જન્મે છે,...'** લ્યો, અહીં જન્મે છે એમ લીધું. ઓલામાં એમ કહ્યું હતું મનુષ્યાકાર વ્યવહારે મનુષય થાય છે. નારકમાં નારક પર્યાય છે. આમાં તિર્યંચકાયમાં જન્મે છે. ભાષા ફેર છે. નારકાકાર એમ છેને. **'તિર્યંચકાયમાં જન્મે છે, તેનો આકાર તે તિર્યંચપર્યાય છે;...'** કેટલું છે ઈ? ઠીક. તિર્યંચપર્યાય થાય છે એમ. **'તેનો આકાર તે તિર્યંચપર્યાય છે; અને કેવળ શુભકર્મથી...'** દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એ પુણ્ય છે. એ પુણ્યથી સ્વર્ગમાં જાય છે. સમજાણું કાંઈ? એ ધર્મ નથી. છે? **'કેવળ શુભકર્મથી...'** એકલા પુણ્યભાવથી જેમાં અશુભભાવ નથી, પણ જેને આત્મજ્ઞાન પણ નથી, એકલો શુભભાવ કરે છે—દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, પૂજા, દાન લાખોના. એમાં રાગની મંદતા હોય તો એ શુભ છે. એ શુભથી સ્વર્ગ મળે. સ્વર્ગની ગતિની પર્યાય મળે. એનાથી ધર્મ નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલો ખુલાસો કર્યો જુઓને!

અહીં શું કહે છે? કે પર્યાય એવો આત્મા ત્રિકાળી જ્ઞાયક ભગવાન એના જ્ઞાન વિના ચાર ગતિની પર્યાય, પર્યાયદૃષ્ટિવાળો ચાર ગતિની પર્યાયને પામે છે. આહા..હા..! સંતોએ તો કેટલી કરૂણા કરીને આહા..હા..! સ્પષ્ટ કરી દીધું છે. શું કહ્યું? કે આ આત્મા જે અંદર વસ્તુ છે એ તો કર્મ, શરીર, વાણી એનાથી રહિત અને દયા, દાન, વ્રત, ભક્તિ, પાપના પરિણામથી રહિત અને વર્તમાન પર્યાય જે જ્ઞાનની એક સમયનો વિકાસ થાય છે એનાથી પણ રહિત એવા આત્માના જ્ઞાન વિના, આહા..હા..! એવા આત્માના અનુભવ સમ્યગ્દર્શન વિના એની પર્યાય સ્વભાવવાળો નામ પર્યાયદૃષ્ટિવાળો હોવાથી ચાર ગતિની પર્યાય પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? અંતર સ્વભાવ આનંદકંદ પ્રભુ એનો અનુભવ અને દૃષ્ટિ કરવાથી, સ્થિરતા કરવાથી સિદ્ધપદ પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચૈતન્યપિંડ પ્રભુ એ તો ભવ અને ભવના ભાવરહિત છે વસ્તુ. એવી ચીજ જે પૂર્ણ આનંદ જ્ઞાયકઘન એની દૃષ્ટિ અને જ્ઞાન કરવાથી તો સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. પણ એવા આત્માના જ્ઞાન અને દર્શન વિના પર્યાય વર્તમાન અંશ દૃષ્ટિવાળો ચાર ગતિની પર્યાયને પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરવું શું પણ હવે? કરવાનું એ છે કે પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે એનાથી ખસીને ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું એ કરવું છે, બાકી બધા થોથા છે. સમજાણું કાંઈ? માંગીલાલજી! આહા..હા..!

અહીં કહ્યું **'કેવળ શુભકર્મથી...'** તો. એકલા પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભભાવથી **'વ્યવહારે આત્મા દેવ થાય છે,...'** દેવ થાય છે એનાથી. આહા..હા..! પર્યાયદૃષ્ટિ થવાથી ચાર ગતિની પર્યાયને પામે છે. દ્રવ્યદૃષ્ટિ ત્રિકાળની દૃષ્ટિ અને જ્ઞાન થવાથી ચાર ગતિ વિના સિદ્ધની પર્યાયને પામે છે. આહા..હા..! છે? **'તેનો આકાર તે દેવપર્યાય છે.'** વ્યંજન. આકૃતિ શરીરની અથવા દેવની. **'આ વ્યંજનપર્યાય છે.'** એ શરીરાદિની અવસ્થા અથવા અંદર આત્માની આકૃતિ એ વ્યંજન પર્યાય પ્રગટ જોવામાં આવે છે એમ. **'આ પર્યાયનો**

**વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.'** આ પર્યાયનો. અહીં તો અધ્યાત્મ ગ્રંથ છે એટલે થોડું લખ્યું બીજા અન્ય ગ્રંથમાં જોઈ લેવું.

'**(હવે, ૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ...'** પદ્મપ્રભમલધારિદેવ. આ શ્લોક છે એ કુંદકુંદાચાર્યનો. આ શ્લોક. ટીકા છે એ પદ્મપ્રભમલધારિદેવ. આ મુનિ દિગંબર હતા ૯૦૦ વર્ષ પહેલાં અને સમયસારની ટીકા એ અમૃતચંદ્રાચાર્ય પહેલા એ બાજુ છે. ત્રણે મુનિઓની અહીં સ્થાપના કરી છે. સમજાણું કાંઈ? સ્થાપના એટલે ચિત્ર. આહા..હા..!

૨૭. શ્લોક છેને ઉપર? ૨૭ શ્લોક.

(मालिनी)

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**
**सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः।**
**सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।२७।।**

ઓલામાં આવ્યું છેને આપણે એ? સમયસારથી વિશેષ... એ શૈલી લીધી અમૃતચંદ્રાચાર્ય.

નીચે અર્થ. '**બહુ વિભાવ હોવા છતાં પણ,...'** આહા..હા..! શું કહે છે? ચાહે તો શુભ-અશુભનો વિકલ્પ વિભાવ હોય પર્યાયમાં, ભગવાન આત્મા એ વિભાવથી ભિન્ન છે. પર્યાય નામ અવસ્થામાં શુભ-અશુભભાવ વિભાવ, શુભ-અશુભભાવ વિભાવ. બહુ વિકાર હોવા છતાં પણ... એમ કહે છે. આહા..હા..! પર્યાય અવસ્થામાં મિથ્યાત્વ હો, રાગ-દ્વેષ હો, શુભાશુભભાવ હોવા છતાં પણ '**સહજપરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવિણ છે...'** આહા..હા..! એ શુભ-અશુભભાવ હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિની બુદ્ધિ તીક્ષ્ણ છે. આહા..હા..! '**પરમતત્ત્વના અભ્યાસમાં...'** પરમતત્ત્વ જ્ઞાયકમૂર્તિ જે ભગવાન આત્મા, એ વિભાવ હોવા છતાં પણ એનાથી દૂર ખસીને '**પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવિણ છે...'** આહા..હા..! શું કહે છે? ભાઈ! આ તો અધ્યાત્મશાસ્ત્ર છે. દિગંબર સંતોના પેટ છે એ તો. કેવળીના પેટ ખોલી નાખ્યા છે. આહા..હા..! ઝીણી વાત છે. એકદમ સમજાય જાય એવી નથી. ઘણો પ્રયત્ન જોઈએ. આહા..હા..!

આ શરીર તો જડ છે, એની તો વાત નથી. આ તો માટી, ધૂળ છે. કર્મ ધૂળ માટી અંદર છે. અહીંયાં તો પુણ્ય ને પાપ ને મિથ્યાત્વના ભાવ પર્યાયમાં હોવા છતાં પણ, વિભાવ હોવા છતાં પણ. એકલા પુણ્ય-પાપના વિકાર ભલે હોય ચાર ગતિના કારણરૂપ ભાવ, પણ જેની બુદ્ધિ પરમતત્ત્વના અભ્યાસમાં. પરમ જ્ઞાયકભાવ અખંડાનંદ પ્રભુ એની એકાગ્રતાના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવિણ છે. આહા..હા..! જેની જ્ઞાનબુદ્ધિ પ્રવિણ છે કે જે ત્રિકાળી પરમતત્ત્વની એકાગ્રતાનો અભ્યાસ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! આ તો જિનેશ્વરદેવનો માર્ગ, બાપુ! જેને સો ઇન્દ્રો પૂજે, જેને એકાવતારી ઇન્દ્રો જ્યાં...

શું કહે છે કૂતરાના બચ્ચાને? પીલ્લા. બચ્ચાની જેમ ઇન્દ્ર ભગવાન પાસે બેસે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. સીમંધર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર દેવ. એની પાસે ગયા હતા અને ત્યાંથી આવીને આ બનાવ્યું છે. જેની પાસે એકાવતારી ઇન્દ્ર સાંભળે છે. પહેલા દેવલોકના ઇન્દ્ર છે એ એકભવતારી છે શક્રેન્દ્ર અને ઇન્દ્રાણી એની એકભવતારી છે. સિદ્ધાંતમાં-આગમમાં એ લેખ છે. બેય એકભવતારી. બેય ત્યાંથી નીકળીને મોક્ષ જવાના છે. એ ભગવાન પાસે સાંભળવા જાય છે. આહા..હા..! એ વાત કેવી હશે? ભાઈ! એ સાધારણ વાત નથી. દયા પાળો, આ કરો.. હવે એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ કોઈ જગતથી તદ્દન નિરાળો છે.

કહે છે. શું કહે છે? કે પર્યાયમાં, અવસ્થામાં પુણ્ય-પાપ આદિ વિભાવ, વિકાર હોવા છતાં પણ જેની દૃષ્ટિ એને ઓળંગીને અંતરમાં ગઈ છે. સહજપરમતત્ત્વ ભગવાન આત્મા સ્વભાવિક પરમતત્ત્વ અનાદિ-અનંત પડ્યું છે. આહા..હા..! સહજ—કોઈએ બનાવ્યું નથી. અનાદિ છે જ. એવા **'પરમતત્ત્વના અભ્યાસમાં...'** પરમતત્ત્વની અંદર એકાગ્રતામાં **'જેની બુદ્ધિ પ્રવીણ છે...'** આહા..હા..! જેની જ્ઞાન પરિણતિ એટલી પ્રવીણ નિપુણ છે કે જેનો વિભાવભાવ હોવા છતાં પણ ત્યાંથી ખસીને ત્રિકાળ તત્ત્વનો અભ્યાસ કરે છે એ તીક્ષ્ણ બુદ્ધિવાળો કહેવામાં આવે છે. આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ. સમજાણું કાંઈ? હજી તો વાત પકડવી કઠણ પડે. અને અત્યારે તો એ વાત ચાલતી નથી મૂળ ચીજની. બહારની આ કરો ને આ કરો, આ કરો. બસ, વ્રત કરો, અપવાસ કરો, ત્યાગ કરો અને આ કરો. આહા..હા..! પાટણીજી! પાટણમાં ઉતર્યા હતાને આગ્રા. પાટણી. સમજાણું કાંઈ? આહા..હા..! હવે તમારે આગ્રા આવે. ભાઈ આવ્યા છેને. આહા..હા..! માર્ગ ભગવાન બહુ ઝીણો, ભાઈ!

કહે છે કે વિભાવભાવ છે. છે. એક બાજુ પરમતત્ત્વ છે. શરીર, વાણી, મન, જડ એની સાથે કોઈ સંબંધ નથી. એ તો પરમાણુ જગતની ચીજ જડ. એની પર્યાયમાં, અવસ્થામાં, પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવો વિભાવ છે, પાછું એમ કીધું ખરું. નથી એમ નહિ. ઓલા વેદાંતની જેમ કાંઈ છે જ નહિ. એમ નહિ. પર્યાયમાં એ છેને? વિભાવ હોવા છતાં પણ. આહા..હા..! સહજપરમતત્ત્વ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' બનારસીદાસમાં આવે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' મારું પદ જ સિદ્ધ સમાન ત્રિકાળ છે. એવું પરમતત્ત્વ સહજપરમતત્ત્વનો અભ્યાસ. અંતર્મુખ એકાગ્રતા. આહા..હા..! એમાં જેની બુદ્ધિ પ્રવીણ છે. અંતર્મુખ તત્ત્વની એકાગ્રતા કરવામાં જેની જ્ઞાનબુદ્ધિ તીક્ષ્ણ ઝીણી છે, પ્રવિણ છે. આહા..હા..! એક-એક શ્લોક તો જુઓ!

**'એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...'** જ્ઞાન અને દૃષ્ટિ બેય લીધી. આહા..હા..! આ આત્મા અને પર્યાય... આત્મા ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ અને એની કારણપર્યાય ધ્રુવ એ બધું મળીને આત્મા. અને એની પર્યાયમાં એ ધ્રુવની ઉપર ઉત્પાદ-વ્યય-પર્યાયમાં ઘણો

વિભાવ, વિકાર, શુભ-અશુભભાવ હોવા છતાં પણ છે એમ સિદ્ધ કર્યું. પણ એનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવમાં જે અનુભવમાં પ્રવીણ છે. અભ્યાસ નામ અંદર અનુભવમાં પ્રવીણ છે. આહા..હા..! **'એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...'** આ એને શુદ્ધદૃષ્ટિ, સમકિતી અને ધર્મી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** આવે છેને તત્ત્વાર્થસૂત્રમાં? તે આ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? આહા..હા..!

વર્તમાનદશામાં અસ્તિત્વમાં શુભ-અશુભભાવ હોવા છતા પણ જેની પરમતત્ત્વમાં એકાગ્ર થવાની પ્રવીણ બુદ્ધિ છે એ (રાગ)ને ઓળંગીને અંતરબુદ્ધિ કરે છે એ સુદૃષ્ટિવંતપુરુષ. આહા..હા..! **'સમયસારથી અન્ય કાંઈ નથી...'** એવો ભગવાન આત્મા આનંદમય એનાથી કાંઈ બીજી ચીજ છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! એ આવ્યું હતુંને ઓલું સમયસાર ... એનાથી બીજું કોઈ નથી. સમયસારમાં છેલ્લા કળશમાં આવે છે. સમયસાર. એ બધી શૈલી કરી છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એનો અનુભવ કરવો એ વર્તમાન પ્રગટ સમયસાર. ઓલું ત્રિકાળ સમયસાર. વર્તમાન વીતરાગી દૃષ્ટિથી, વીતરાગી જ્ઞાનથી, સ્થિરતાથી ત્રિકાળમાં એકાગ્રતા થવી એ ત્રિકાળી સમયસાર ધ્રુવ, એ ધ્રુવનું ભાન થયું એ પર્યાયમાં. તો એવા સમયસાર સિવાય અન્ય કોઈ ચીજ છે નહિ જગતમાં. ચીજ એ છે. આહા..હા..!

**શ્રોતા :–** છ દ્રવ્ય ક્યાં ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છ દ્રવ્ય દ્રવ્યમાં રહી ગયા. આત્મામાં ક્યાં છે? આહા..હા..! છ દ્રવ્યનું જ્ઞાન થાય છે એક સમયની પર્યાયમાં એ પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળ ઉપર દૃષ્ટિ કરવી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એનો માર્ગ છે, એ કોઈ સાધારણ નથી. લોકોને મળ્યું નથી. આ બહારની ક્રિયાકાંડમાં-આમ ખાવું, આમ પીવું, બધી દૃષ્ટિ ત્યાં ઘૂસી ગઈ છે. વીતરાગમાર્ગ કોઈ બીજો છે અંદર. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** ખાવાની વાત તો ક્યાંય આવતી નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખાવાની આવે છેને આ હમણાં આ લેવું અને આમ કરવું. એ કોણ ખાઈ શકે છે? એ તો જડની ક્રિયા છે. કોઈ કહેતું હતું કે જુઓ દુનિયામાં ભાત, દાળ, શાક કેટલા ખવાઈ ગયા? કોણ ખાય? ધૂળ? એ તો જડની ક્રિયા છે. આત્મા ખાઈ શકે છે? દાળ, ભાત, રોટલા આત્મા ખાઈ શકે છે? ત્રણકાળમાં નહિ. એ તો જડ છે. એ તરફનો રાગ કરે છે અને રાગનો અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આ પૈસાને ભોગવી શકતો નથી એમ કહે છે. છોકરા બધા તમારા છ મોટા અને આમ છે. એના ઉપર રાગ કરે અને રાગને અનુભવે. આહા..હા..! સ્ત્રીના ભોગ વખતે સ્ત્રીના શરીરને આત્મા અનુભવી શકે? એ તો જડ, માટી, ધૂળ છે, માંસ, હાડકા છે. એના ઉપર લક્ષ

કરીને રાગ કરે છે 'ઠીક' એ રાગનો અનુભવ છે, આકુળતાનો અનુભવ છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ ભાવ છે, હોય, ત્યાંથી દૃષ્ટિ ઉઠાવીને ત્રિકાળ જ્ઞાયકમાં દૃષ્ટિનો અભ્યાસ થયો **'આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ, સમયસારથી અન્ય કાંઈ નથી...'** મારી ચીજ પૂર્ણાનંદ સિવાય આ જગતમાં એવી પ્રતીતિ અનુભવ. પર્યાયમાં અનુભવ થયો ત્યારે આ સમયસાર ખ્યાલમાં આવ્યુંને? આહા..હા..! નહિતર તો હતું. પુણ્ય-પાપનો ભાવ એ હતો તો ત્યાં દૃષ્ટિ હતી તો 'આ હું છું' એમ માન્યું હતું. ત્યાંથી ખસેડીને પર્યાય જ્ઞાનની છે એ દૃષ્ટિનો અંતરમાં સ્વીકાર કર્યો. છે તો છે, પણ પ્રતીતમાં સ્વીકાર કર્યો 'છે' એને થયું. એ વિના એને 'છે' એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! આવો ઉપદેશ હવે. આવો ઉપદેશ હશે? ભાઈ! ઉપદેશ તો બધો આમ કરો, મોટા મંદિર બનાવો, જાત્રા આદિ કરો.

**શ્રોતા :-** આનાથી મોટું મંદિર ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ હવે મંદિર કોણે બનાવ્યું છે? એ તો બની ગયું એને કારણે. પુદ્‌ગલની રચનાનો કાળ હતો ત્યાં બની ગયું છે, ભાઈ! સમજાણું કાંઈ? એય..! ૨૬ લાખ. પરમાણુની પર્યાય ત્યાં બનવાની હતી એ બની. આત્મા કરી શકે એ વાતમાં માલ નથી. આહા..હા..! જડની પર્યાયનો કર્તા આત્મા (એમ માનનાર) મૂઢ છે, અજ્ઞાની છે. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પોનો કર્તા થાય કે 'ઠીક છે' એ પણ મિથ્યાદૃષ્ટિ છે. કર્તા કરું ઠીક છે એમ. આહા..હા..! અહીંયાં તો ભગવાન ત્રણલોકના નાથ એમ ફરમાવે છે કે વિભાવ હોવા છતાં પણ પ્રભુ અસ્તિત્વ ભલે હોય, પણ આખું અસ્તિત્વ અહીં પડ્યું છેને મોટું? આહા..હા..! એ તો ક્ષણિક અસ્તિત્વ રહ્યું. આ ત્રિકાળ અસ્તિત્વ છે અંદર. રાગથી ખસીને અંતરમાં એકાગ્રતાનો અભ્યાસ કરે એ પ્રવીણ બુદ્ધિ. એ પ્રવીણ બુદ્ધિ. કહો, પ્રવિણભાઈ આવ્યા છે કે નહિ? આ પ્રવીણબુદ્ધિ. આ બેઠા છે આઘે. સમજાણું કાંઈ?

**'એવો આ શદ્ધદૃષ્ટિવાળો...'** આહા..હા..! છે? **'આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ...'** પુરુષ શબ્દે આત્મા. આહા..હા..! **'સમયસારથી અન્ય કાંઈ નથી...'** અભેદ વસ્તુની જ્યાં દૃષ્ટિ, અનુભવ થયો તો સમયસાર સિવાય કોઈ ઉંચી ચીજ જગતમાં છે નહિ. આહા..હા..! **'એમ માનીને,...'** જોયું? **'શીઘ્ર પરમશ્રીરૂપી...'** ઓલી ચાર ગતિની પર્યાય બતાવી પહેલા અહીંયાં ઉપર. પર્યાયબુદ્ધિવાળા પર્યાયને પ્રાપ્ત થાય છે. દ્રવ્યબુદ્ધિવાળા મુક્તિને પામે છે એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એમ માનીને, શીઘ્ર...'** અલ્પકાળમાં **'પરમશ્રીરૂપી...'** નામ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી. **'પરમશ્રીરૂપી...'** પરમ લક્ષ્મીરૂપી સુંદરી એટલે પરિણતિ. નિર્મળ શુદ્ધ મોક્ષની પરિણતિનો **'વલ્લભ થાય છે.'** આહા..હા..! એને શુદ્ધ પરિણતિ કદી છોડશે નહિ. આહા..હા..! આ ચાર ગતિ તો છૂટશે એક પછી એક પછી એક ફરે છે. આ છૂટશે નહિ.

આહા..હા..! સમજાણું કાંઈ?

'**શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરી...**' નિર્મળાનંદનો નાથ ભગવાન સુંદર પવિત્ર રમણી શિવરમણી એનો વલ્લભ થાય છે, એનો પ્યારો થાય છે. આહા..હા..! એટલે? અંતર્મુખના અભ્યાસથી, આનંદના અભ્યાસથી સમયસારથી ઉત્કૃષ્ટ કોઈ ચીજ નથી—એવો અનુભવ કરવાથી પરમ રમણિક આનંદની પર્યાયરૂપી મુક્તિ એને પામે છે. એક-એક કડીમાં કેટલું નાખ્યું! ઓહો..હો..! એ પંદર ગાથા થઈ. પંદર ગાથા થઈ. ૧૬. જરી ગતિનું વર્ણન કરે છે.

माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।
सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण।।१६।।
चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।
एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं।।१७।।

**છે કર્મભૂમિજ ભોગભૂમિજ ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.**
**તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;**
**આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.**

'**ટીકા :- આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ કથન છે.**' વિભાવભાવથી મળતી ચાર ગતિ એનું કથન કરે છે. સ્વભાવભાવથી મળતી સિદ્ધગતિ એની વાત થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? '**મનુનાં સંતાન તે મનુષ્યો છે.**' મનુ કુલકર કહે છેને? કુલકર છેને કર્મભૂમિમાં? '**ભોગભૂમિના અંતમાં...**' નીચે નોટ. '**કર્મભૂમિના આદિમાં થતા કુલકરો મનુષ્યોને આજીવિકાનાં સાધન શીખવીને લાલિત-પાલિત કરે છે...**' જુગલિયા હોય છેને. પછી આ કર્મભૂમિ હોય છે ત્યારે એ કુલકર છે એ બધાને બતાવે. '**તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે.**' કુલકર '**કુલકરને મનુ કહેવામાં આવે છે.**' અન્યમતિમાં પણ એવું આવે છે. મનુષ્યગતિમાં.

'**મનુનાં સંતાન તે મનુષ્યો છે.**' એ કુલકરના સંતાન તે મનુષ્ય. '**તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મલેચ્છ.**' શું કહે છે? આ શુભાશુભભાવથી મળતી ગતિની વ્યાખ્યા કરે છે. આહા..હા..! શુદ્ધભાવ આત્માના અનુભવથી મુક્તિ થાય છે અને આ શુભાશુભભાવથી ચાર ગતિ મળે છે. આ ચાર ગતિની વ્યાખ્યા ચાલે છે. '**આર્ય અને મલેચ્છ. પુણ્યક્ષેત્રમાં રહેનારા તે આર્ય છે...**' આહા..હા..! આર્યક્ષેત્રમાં જન્મવું એ પુણ્યક્ષેત્ર છે. '**અને પાપક્ષેત્રમાં રહેનારા તે મલેચ્છ છે.**' આહા..હા..! '**ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને ધારણ કરે છે,...**' ભોગભૂમિ. '**જઘન્ય, મધ્યમ અથવા ઉત્તમ ક્ષેત્રમાં રહેનારા છે...**' આ દેવકુરુ, ઉત્તરકુરુ. '**એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમ...**'ની સ્થિતિ લ્યો,

ઓહો..હો..! જુગલિયા-જુગલિયા હોય છે. મેરુ પર્વતની આસપાસ દેવકુરુ, ઉતરકુરુ આદિ. જઘન્ય છે એની એક પલ્યોપમની સ્થિતિ મનુષ્યની. અસંખ્ય અબજ વર્ષનું એક પલ્યોપમ. ત્યાં પણ અનંતવાર ગયો છે, જન્મ્યો છે. નવી ચીજ નથી. આહા..હા..! આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના. પહેલા કહ્યું હતુંને. પર્યાયસ્વભાવવાળો હોવાથી ચાર ગતિની પર્યાય અનંતવાર મળી છે. આહા..હા..!

એક પલ્યનું આયુષ્ય હોય અને બે પલ્યોપમનું આયુષ્ય હોય, ત્રણ પલ્યોપમનું ત્રણ પ્રકાર--જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ છે. નારકીની સાથે. નીચે સાત નરક છે. માંસ, દારૂ, શિકાર આદિ કરનારા પ્રાણી નરકમાં જાય છે. એ પર્યાયદૃષ્ટિવાળો આવી પર્યાય હોય તો નરકમાં જાય છે. નીચે નરક છે હોં હંબક નથી. નીચે સાત નરક છે. જેમ લોઢું ઘણું વજનવાળું હોય તો પાણી ઉપર નાખે તો નીચે જાય, એમ ઘણા પાપ કરનારા નીચે નરકમાં જાય છે. સમજાણું કાંઈ? એવી નરકગતિ પણ અનંતવાર મળી છે. આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના, આત્મ અનુભવ વિના. એ (નરક) સાત છે. રત્નપ્રભા. નારકીનું નામ રત્નપ્રભા છે પહેલી નરક.

**શ્રોતા :-** નામ બહુ ઉંચા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કીધુંને. એક બાઈને કહ્યું. એક બાઈને કહ્યું હતું, બહેન! તમારે રત્નપ્રભા જાવું છે? એક સાધુ બહારના ભેખધારી. એકે મશ્કરી કરી બાઈની. બહેન! તમારે રત્નપ્રભા જાવું છે? મહારાજ! અમારા જેવા જાય? તમારા જેવા જાય ત્યાં. કારણકે રત્નપ્રભા નામ આવ્યુંને? એટલે વેષધારી સાધુએ બાઈની મશ્કરી કરી કે મા! તમારે કાંઈ રત્નપ્રભાએ જાવું છે? (બાઈએ કહ્યું કે,) મહારાજ! અમારા જેવા ન જાય, આપના જેવા જાય. એ જાણે કે રત્નપ્રભા શું હશે? પણ નારકી છે રત્નપ્રભા તો ત્યાં. આહા..હા..! એ સાત નામ છે.

'**શર્કરાપ્રભા,...**' બીજી. '**વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા નામની સાત પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે.**' લ્યો! પછી એની સ્થિતિનું વિશેષ વર્ણન છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૯, સોમવાર, તા. ૨૬-૦૧-૧૯૭૬
## ગાથા-૧૬ થી ૧૮, કળશ-૨૮ થી ૩૦, પ્રવચન નં.૧૬૨

આ નિયમસાર, જીવ અધિકાર. ૧૬-૧૭ ગાથાની ટીકા ચાલે છે. શું કહે છે? જીવ અધિકાર છેને કે આ આત્મા જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચિદાનંદસ્વરૂપ છે. આજ હવે ગુજરાતી થાય છે. ૧૭ દિ'થી હિન્દી ચાલે છેને. આ આત્મા, દેહ છે આ તો માટી-જડ એનાથી જુદો, કર્મથી જુદો અત્યારે, પુણ્ય અને પાપના વિકલ્પથી જુદો, એવો ત્રિકાળી જ્ઞાયકભાવ અનંતગુણથી ભરેલો એવું એકરૂપ જેનું સ્વરૂપ છે, એનો જેણે આશ્રય લીધો નથી. એ ચાર ગતિમાં રખડે છે એમ કહે છે. ચાર ગતિમાં એના નામ આપે છેને? મનુષ્ય, આ નારકી, તિર્યંચ અને દેવ. જેણે આ ભગવાન આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ એનો જેણે આશ્રય લીધો... કેમકે એ આત્મામાં ભવ અને ભવના કારણોનો અભાવ છે. શેમાં?

ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાનાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ આત્મા, એમાં ભવ અને ભવના કારણો. ચાર ગતિ અને ચાર ગતિના કારણોનો એમાં અભાવ છે. આહા..હા..! એથી પરના અભાવ-સ્વભાવરૂપ અને પોતાની શાંતિ, આનંદ આદિના સ્વભાવથી ભરેલો. આહા..હા..! એનો જેણે આશ્રય લીધો અથવા એવા પૂર્ણાનંદનો સ્વભાવ એનો જેણે સમ્યગ્દર્શનમાં સ્વીકાર કર્યો એને ભવ હોતા નથી, એને ભવરહિત મુક્તદશા પ્રાપ્ત થાય છે. આહા..હા..! અને જેને એ આત્મા જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ. કહ્યું હતુંને? પર્યાયી આત્મા. એનું જેને ભાન નથી તે પર્યાયસ્વભાવવાળો છે. એટલે કે વર્તમાન રાગ અને પુણ્ય અને પાપને વર્તમાન અવસ્થા એટલો એ માનનારો પર્યાયબુદ્ધિ મૂઢ જીવ છે. આહા..હા..! એથી એ મૂઢ જીવ ચાર ગતિને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જીવ અધિકાર છેને?

જેણે અંતર આત્માપૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એનો જેને સ્વીકાર થયો અને શરણ લીધું તેને ભવ અને ભવના ભાવો નહિ હોવાથી, તે મુક્તિ અને પરમાનંદની દશાને પામે છે. અને જેણે એનું શરણ લીધું નથી ત્રિકાળનું, પણ જેને એક સમયની વર્તમાન દશા એ પુણ્ય-પાપના ભાવ એનો જેને પ્રેમ અને તેટલો હું છું એમ જેણે માન્યું છે, એ જીવ ચાર ગતિમાં ભવને રખડતો પામે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં ચાર ગતિમાં રખડે છે એ એની સ્થિતિ બતાવી. પહેલા મનુષ્યની બતાવી, પછી નરકની. એનું આયુષ્ય અને સ્થિતિ છે લાંબી. એ વાંચી લેવું.

પછી **'તિર્યંચોના ચૌદ ભેદ છે :'** એમાં રખડ્યો. છેને? પછી **'દેવોના ચાર નિકાય (સમૂહ) છે : (૧) ભવનવાસી, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.'**

ત્યાં ગયો. આહા..હા..! 'આ ચાર ગતિના જીવોના ભેદોના ભેદ લોકવિભાગ નામના પરમાગમમાં જોઈ લેવા. અહીં (આ પરમાગમમાં) આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થાય, તેથી સૂત્રકર્તા પૂર્વાચાર્યમહારાજે (તે વિશેષ ભેદો) કહ્યા નથી.' આહા..હા..!

૨૮ કળશ. '(હવે, આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :)'

(मन्दाक्रांता)

स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य दैवा-<br>
ज्ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे।<br>
अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नोऽस्तु सूति<br>
भूयो भूयो भवतु भवतः पादपङ्केजभक्तिः।।२८।।

મુનિરાજ કહે છે પદ્મપ્રભમલધારિદેવ, '(હે જિનેન્દ્ર!) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં,...' કોઈ પુણ્યનો યોગ હોય અને સ્વર્ગમાં જાઉં. 'આ મનુષ્યલોકમાં હોઉં, વિદ્યાધરના સ્થાનમાં હોઉં, જ્યોતિષ્ક દેવોના લોકમાં હોઉં, નાગેન્દ્રના નગરમાં હોઉં,...' આહા..હા..! 'નારકોના નિવાસમાં હોઉં, જિનપતિના ભવનમાં હોઉં...' શાશ્વત જિનેન્દ્ર પ્રતિમાઓ છેને મંદિર એમાં કદાચ મારો અવતાર હોય. આહા..હા..! 'કે અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્‌ભવ ન હો,...' આ વાત છે. આહા..હા..! હું તો આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ છું. એની નિર્મળદશાની ઉત્પત્તિ હો, કર્મની ઉત્પત્તિ હો નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'ફરી-ફરીને આપના પાદપંકજની ભક્તિ હો.' આહા..હા..! હે જિનેન્દ્રદેવ! પરમાત્મસ્વરૂપ.. હું ચાર ગતિના કોઈપણ ગતિમાં હોઉં. કારણ કે પૂર્ણદશા નથી. એથી મને આપના પાદપંકજની ભક્તિ હો. એટલે કે ત્યાં વિકલ્પ હો તો દેવની ભક્તિ હોય, બીજું મારે કાંઈ છે નહિ. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ સહજાનંદ પ્રભુ હું એનો મને આશ્રય અને શરણ છે, પણ થોડો ભવ બાકી હો કાંઈ તો ભગવાન! તમારી ભક્તિ ચરણકમળની હજો, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ભવના કારણો મને ન હશો, એમ કહે છે. આહા..હા..! હું એક આનંદનો નાથ સહજાનંદ પ્રભુ. મારી ચીજ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલી છે, એની મને પ્રાપ્તિ છે. સમજાય છે કાંઈ? પણ હજી કાંઈક ભવનું બાકી હો, તો પ્રભુ! જ્યાં હોય ત્યાં પ્રભુ તમારા પાદકમળની ભક્તિ મને હજો. એટલે મને શુભભાવ હોય તો એ હજો. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, શાંતિભાઈ! આહા..હા..!

હું આત્મા છું, આનંદનો સાગર છું. અતીન્દ્રિય આનંદથી ભરેલો એ મારી ચીજ છે, એ મને પ્રાપ્ત છે, પણ હજી ભવ કોઈ રાગાદિ બાકી હોય થોડો, ભવ કાંઈ હોય તો પ્રભુ તમારા ચરણકમળની ભક્તિનો ભવ હજો. એ શુભભાવ હોય તો આવો આવજો. આહા..હા..!

સમજાય છે કાંઈ? એ આવ્યું હતુંને એ કે પર્યાયી આત્માના જ્ઞાન વિના. આવ્યું હતુંને કાલે? આહા..હા..! પર્યાયી આત્મા એમ. પર્યાયી આત્મા. એનું આત્મજ્ઞાન વિના પર્યાયદૃષ્ટિવાળો, પર્યાયસ્વભાવવાળો, વર્તમાન અવસ્થાના સ્વીકારવાળો એ ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ સ્વતંત્રતાનો ઢંઢેરો! ..છેને એ વાત. સ્વતંત્રતા આ છે. આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાયકસ્વભાવી આત્મા એનું જેણે શરણ લીધું એટલે કે એનું જેણે જ્ઞાન કર્યું એટલે કે એનો જેણે સ્વભાવમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં સ્વીકાર કર્યો એને હવે ભવ નહિ હોય અને હોય કદાચિત્ તો પ્રભુ તમારા ચરણકમળની ભક્તિનો ભવ હજો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અને પર્યાયદૃષ્ટિવાળો, આહા..હા..! ત્રિલોકના નાથને ભૂલીને પોતે સહજાનંદમૂર્તિ પ્રભુ પોતે, પણ એની ખબર નથી એને. આહા..હા..! સાક્ષાત્ અંતઃતત્ત્વ, પરમાત્મતત્ત્વ સ્વરૂપ બિરાજમાન પોતે છે. એની દૃષ્ટિ વિના વર્તમાન પર્યાયની દૃષ્ટિવાળો, ચાર ગતિની વ્યંજનપર્યાયની પર્યાયને પ્રાપ્ત કરશે, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એથી કહ્યું, હે નાથ! એનો અર્થ તો થયો કે હું જે મારું સ્વરૂપ છે એની મને ખબર છે. હવે કાંઈક હજી રાગ બાકી છે, તો કોઈ ભવ હો, પણ એ ભવમાં તમારી ભક્તિ હજો, પ્રભુ! બીજું કાંઈ જોઈતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ૨૮ કળશ થયો. આ શું 'नूनन' ભાઈ? 'अनून'. ઠીક. ૨૯ કળશ.

(शार्दूलविक्रीडित)

नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च
त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु।
तच्छक्तिर्जिननाथपादकमलद्वन्द्वार्चनायामियं
भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि।।२९।।

'**શ્લોકાર્થ :- નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને...** ' મોટા ચક્રવર્તીના, વાસુદેવ આવી ઋદ્ધિના. આ પૈસાવાળા, અબજોપતિઓ ને એવા '**નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ, તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે?**' આવા નરાધિપતિઓ અને અબજોપતિને દેખીને તને કેમ થાય કે 'ઓહો..હો..!' આ શું થયું તને? કહો, પોપટભાઈ!

**શ્રોતા :-** ધૂળધાણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળધાણી છે. આહા..હા..!

નરના અધિપતિઓ રાજા, શેઠિયાઓ આદિ '**અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ! તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે?**' આહા..હા..! '**તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે.**' એ બધા વૈભવો પુણ્યથી પ્રાપ્ત થાય છે. '**તે**

**(પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે;...'** આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એનો સ્વીકાર અને જ્યાં શુભભાવ હોય ત્યાં ત્રિલોકના નાથની પૂજાનો ભાવ. એનાથી પુણ્ય થાય તો એનાથી આવા ભવ તો તને સહેજે મળશે, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવા ભવો બધા પુણ્યથી થાય છે. **'(પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે;...'** આહા..હા..! એટલે એમ કહે છે કે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપનો સ્વીકાર છે, પણ જ્યાં સુધી પૂર્ણાનંદની પ્રાપ્તિ નથી તો એવા શુભભાવ આવશે અને એ શુભભાવમાં આવી સામગ્રી સહેજે મળશે. સમજાણું કાંઈ? એમ કહે છે.

**શ્રોતા :-** સામગ્રી પ્રાપ્ત કરવાની વિધિ બતાવી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની વિધિ નથી બતાવતા. અહીંયાં તો પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ છે અને પૂર્ણ કરવું છે. એમાં જેની પૂર્ણતા નથી, ત્યારે આવા બધા વૈભવ દેખીને તું જડમતિ! વિસ્મયા અને આશ્ચર્યને કેમ પામે છો? એ તો તને પુણ્યભાવમાં આવશે. શુભભાવ છે જિનપતિની ચરણકમળ સેવા, એ પુણ્યભાવથી સહેજે મળશે. તું આશા શું કરવા કરે છે? એમ કહે છે. એટલે ધર્માત્માને તો ભવિષ્યમાં રાજકુટુંબ કે તીર્થંકર થાય એવું જ એને હોય એમ કહે છે. એય..! આહા..હા..! સહેજે મળશે એ તો. સો કળશી અનાજ થાય તો સો ખડના ભરોટા તો ભેગા થાય જ. એમ ત્રણલોકના નાથને મેં ઝાઝો જાણ્યો. સચ્ચિદાનંદ પ્રભુ હવે મારે થોડો ભાવ હોય છે. તો એ ભાવના પુણ્ય ભગવાનની ભક્તિથી પુણ્ય થશે અને પુણ્યથી ભવિષ્યમાં હું તીર્થંકર થઈશ, બળદેવ થઈશ, ઈન્દ્ર એ તો સહેજે થશે. આહા..હા..! એમ કહે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એમ ન કીધું કે હજી ફરીને થવાનું શું કામ છે? આત્મા દ્યોને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં હજી અધૂરો છેને. એમ કહે છે. એમ કહે છે કે હું હજી અધૂરો છું, મારી પૂર્ણ પ્રાપ્તિ છે નહિ, એટલે ભવ તો થશે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભવ થશે તો સહેજે આવી ઋદ્ધિ મળશે. બળદેવની પદવી, તીર્થંકરની.

**શ્રોતા :-** એટલે તું નિરાંત કર, તને મળ્યા વગર નહિ રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, માટે તું આશા ન કર, એમ કહે છે. આવી આશા શું કરવા કરે છે? કે આવા દેખીને ઓહો..હો..! અબજોપતિ આવા મહાસુખી, મહેલ દેખીને તને વિસ્મયતા શેની આવે છે? આત્માની વિસ્મયતા તને આવી છે, હવે એ ભગવાનની ભક્તિનો શુભભાવ તને આવ્યા વિના રહેશે નહિ. આહા..હા..! એનાથી આવી પુણ્યની પદવીઓ સહેજે મળી જશે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાંભળીને, દેખીને ફોગટ ક્લેશ કેમ પામે છો? એમ કહેવું

છેને? એવા પૈસાવાળા મોટા દેખીને, 'ઓહો..હો..!' જુઓને, આ બિચારા ગુજરી ગયાને, બાદશાહી મકાનમાં હતા સદામીલાલ! ગૃહસ્થ મોટા ઘણા કરોડોપતિ. ઘણા. કેટલા લાખો ૨૦-૨૫ લાખ તો ધર્માદિ ખર્ચ્યા હશે. એ જાતના. અને બાદશાહી મકાન. છાપામાં આવ્યું હતું. બાદશાહી મકાનમાં લોહી જાણ, મરી ગયો (કોઈએ) મારી નાખ્યો. આહા..હા..! હમણા આપણે ત્યાં બેંગ્લોર આવ્યા હતા, હતાને તમે કે નહિ? બેંગ્લોર આવ્યા હતા. ૪૨ ફૂટની પ્રતિમા બાહુબલની છેને? નીકળી હતી ત્યારે આવ્યા હતા. બિચારા બે દિ' સાંભળ્યું હતું બરાબર. આ ફેરી નરમાશ હતી. સાંભળતા હતા. અમારે ભાઈ! પૈસા ભલે હો, ખર્ચે એ કોઈ ચીજ નથી, એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે એનું અભિમાન શું? કે અમે આ ખર્ચા કર્યા. એ તો કુદરતે થવાનું થાય છે. આહા..હા..! તું એક અનંત આનંદનો નાથ સાગર ભગવાન ત્યાં દૃષ્ટિ કરને. આહા..હા..! ત્યાં ભંડાર નિધાન ભર્યું છે અંદર. આહા..હા..! અનંત-અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા. અનંત-અનંત ઈશ્વરતાનો નાથ તું પ્રભુ છો. એના સ્વીકારમાં તને આનંદ આવશે અને અધૂરું કાંઈ રહી જશે તો ભગવાનની ભક્તિ આદિના ભાવમાં પુણ્ય થઈ જશે. તો આવી પદવીઓ તો સહેજે ભેગી આવશે, એમ કહે છે. ઈચ્છા ન કર. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે.**' સહેજે મળશે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ જીવનો અધિકાર છેને? એટલે જીવનું ભાન થયું, પણ હજી પૂર્ણ થયું નથી, તો એથી તું આવા વૈભવો દેખીને આશ્ચર્ય ન પામ, આશ્ચર્ય ન પામ. તારા સ્વરૂપનું ભાન કરીને આશ્ચર્ય પામ. અને તને ભગવાનની ભક્તિનો ભાવ આવશે, એમાં એવા પુણ્યને લઈને સહેજે એવી સ્થિતિ તને પ્રાપ્ત થશે જ. આહા..હા..! એમ કહે છે. ધર્માત્મા ગરીબને ઘરે નહિ અવતરે. ધર્માત્મા કોઈ તીર્થંકર, ચક્રવર્તી આદિની પદ્વી પામીને ત્યાં અવતરશે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ ઈ કહે છે. આહા..હા..! કારણ કે સ્વરૂપપ્રાપ્તિ અધૂરી રહી હોય તો સ્વર્ગમાં જશે અને સ્વર્ગમાંથી પણ મોટો રાજા મોટા હશે. એની રાણીની કૂખે જશે, અબજોપતિને કૂખે જશે. એ તો વસ્તુનું સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? પાટણીજી! આમ છે. આહા..હા..! એ ૧૭ ગાથા થઈ. ૧૮(મી ગાથા).

**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारो।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो।।१८।।**
**આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી,**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.**

'**ટીકા :- આ, કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે.**' એટલે? અશુદ્ધ જીવનું કર્તૃત્વ કેવું હોય એનું કથન છે. શુદ્ધ જીવનું જેને ભાન છે એ તો રાગનો પણ કર્તા નથી અને

ભવનો પણ કર્તા છે નહિ. આહા..હા..! ભવના ભાવનો જે કર્તા નથી. તે ભવનો પણ કર્તા નથી, એ કર્મનો એ કર્તા નથી; પણ જેણે હજી આત્માનું ભાન નથી. એવા અજ્ઞાનીઓને અશુદ્ધ જીવનું શું કર્તૃત્વ છે? એ કહે છે. આહા..હા..! '**આત્મા...**' અશુદ્ધ જીવનું આ વર્ણન છે. '**નિકટવર્તી અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા...**' આહા..હા..! આ આત્મા જેને વસ્તુના સ્વરૂપની દૃષ્ટિની ખબર નથી એ જીવ, દ્રવ્યકર્મ જે જડ છેને... કેમકે એ ભાવકર્મનો કર્તા થશે જ. તેથી એને દ્રવ્યકર્મ પણ થશે. તે દ્રવ્યકર્મનો કર્તા કઈ અપેક્ષાથી? કે તદ્દન નજીક છેને અહીં કર્મ?

'**નિકટવર્તી અનુપચરિત...**' એ ઉપચાર નથી. સંબંધમાં છે અહીંયાં કર્મ. અસદ્ભૂત છે. એ આત્મામાં નથી. એવા '**અસદ્ભૂતવ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા...**' અજ્ઞાની આ રીતે કહેવામાં આવે છે. કર્તાનો અર્થ? એ દ્રવ્યકર્મને કરતો નથી, પણ જે ભાવકર્મને કરે છે તે દ્રવ્યકર્મને નિમિત્ત થાય છે. એટલે નિમિત્ત થાય એટલે વ્યવહારકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! '**આત્મા...**' કર્મ અહીં નિકટ છેને નજીક અહીંયાં. '**અનુપચરિત...**' ઉપચાર નથી, પણ તદ્દન સંબંધ છે અહીં નજીક. '**અસદ્ભૂત...**' છે, પણ છે જૂઠું. એવા '**વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે,...**' એ કર્મના ફળ સ્વર્ગાદિ કે આ શેઠાઈ આદિ એના સુખ-દુઃખનો નિમિત્ત તરીકે ભોક્તા વ્યવહાર તરીકે. એનો ભોક્તા નથી, પણ ભાવનો ભોક્તા છે. તેથી તે નિમિત્ત એમાં હોય છે, માટે નિમિત્તનો ભોક્તા વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..!

કેમ? કે '**અશુદ્ધનિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા...**' જ છે ઈ. શું કહ્યું એ? '**અશુદ્ધનિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ...**' વિકારીભાવનો એ કર્તા છે અજ્ઞાની. તેથી કર્મનો નિમિત્તકર્તા કહેવામાં આવે છે, વ્યવહારકર્તા કહેવામાં આવે છે એમ કહે છે. શું કહ્યું સમજાણું આમાં? કે '**અશુદ્ધનિશ્ચયનયથી...**' કેમકે શુદ્ધ દૃષ્ટિની ખબર નથી, ભાન નથી. એટલે પર્યાયમાં અશુદ્ધનિશ્ચય છે પોતાની પર્યાયમાં. છે મલિન. એવા સમસ્ત મિથ્યાત્વ રાગ-દ્વેષાદિ ભાવનો એ કર્તા અજ્ઞાની છે. અશુદ્ધનિશ્ચયથી તે કર્તા ખરેખર છે. તેથી દ્રવ્યકર્મ આવે છે એને આ અશુદ્ધનિશ્ચયનય નિમિત્ત થાય છે. એથી તેને વ્યવહારકર્તા કહેવામાં આવે છે. જડનો વ્યવહારકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારથી...**' ઓલામાં નિકટવર્તી હતું એટલું કાઢી નાખ્યું. આ શરીર-શરીર. ઓલું કર્મ તો તદ્દન અંદર. શરીર, વાણી, મન એવો અસદ્ભૂત અનુપચરિત એટલે અહીં ઉપચાર નથી. અહીં નજીક છેને શરીર? '**અસદ્ભૂતવ્યવહારથી (દેહાદિ)નો...**' કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! કેમકે પોતે વિકારીનો કર્તા થાય છે, તેથી જડનો વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! દેહ, વાણી આદિને? આહા..હા..! અને તે અજ્ઞાનથી રાગ-દ્વેષનો, અશુદ્ધનયથી કર્તા હોવાથી અસદ્ભૂત અનુપચરિત તે દેહાદિનો

કર્તા કહેવાય. '**ઉપચરિત અસદ્ભૂતવ્યવહારથી ઘટ-પટ-શકટાદિનો કર્તા છે.**' ઓલું દૂર છેને ઘટ-પટ? '**ઉપચરિત અસદ્ભૂતવ્યવહારથી ઘટ-પટ.**' ગાડું. ગાડું હોયને એ કર્તા છે. '**આમ અશુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું.**' જીવ અધિકાર છેને? એટલે કે જેને ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા આનંદનો સાગર પ્રભુ એવા જીવનું જેને ભાન નથી, તેને અશુદ્ધનિશ્ચયથી વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? તેની પર્યાયનો કર્તા થાય છે. એથી નવા કર્મ આવે એનો વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. અશુદ્ધનિશ્ચયથી જ્યારે આત્મા વિકારનો કર્તા અજ્ઞાની થાય છે. તેથી દેહાદિનો અનુપચરિત અસદ્ભૂતવ્યવહારથી કર્તા કહેવામાં આવે છે. અશુદ્ધનિશ્ચયથી પોતાના અજ્ઞાનનો કર્તા થાય છે. માટે ઘટ-પટ ગાડાનો પણ અસદ્ભૂત ઉપચાર વ્યવહારથી કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં?

કરે છે એનો અર્થ એમ કરી શકે છે એ પ્રશ્ન નથી અહીં. કરી શકે છે અશુદ્ધનિશ્ચયથી વિકારનો કર્તા. શુદ્ધનું ભાન નથી. 'હું આનંદનો નાથ જ્ઞાયકસ્વરૂપ છું' આહા..હા..! એવી જેને અંતરની મહિમા સ્વરૂપની આવી નથી, એની દૃષ્ટિ રાગ ઉપર હોવાથી આહા..હા..! સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી. આહા..હા..! વિકારી ભાવ ઉપરનું લક્ષ અને દૃષ્ટિ હોવાથી એ અશુદ્ધનયે વિકારનો કર્તા તે અજ્ઞાની થાય છે. સમજાય છે કાંઈ? તેથી નવા કર્મ આવે એને આ અશુદ્ધનયનું નિમિત્ત છે એથી તે વ્યવહારકર્તા કર્મનો કહેવામાં આવે છે. અને અશુદ્ધનો વિકાર કર્તા છે. માટે તે દેહ, વાણીનો અસદ્ભૂતવ્યવહારનયે ઉપચરિતથી કર્તા કહેવામાં આવે છે. અને ઘટ-પટાદિનો તો આહા..હા..! આ રોટલા કરે, રોટલી કરે, શાક કરે, દાળ-ભાત કરે. એમ કહેવાયને? ઈ કહે છે કે '**ઉપચરિત અસદ્ભૂતવ્યવહારથી...**' ઉપચારથી જૂઠા વ્યવહારનયથી. કેમકે સાચી નયથી અશુદ્ધનયે તો વિકારનો કર્તા છે. આહા..હા..! બહુ અટપટુ લાંબુ છે.

**શ્રોતા :-** નયની વાત જ લાંબી હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મૂળ તો એમ કહેવું છે કે જેને આત્મા શુદ્ધ આનંદઘન નિત્યાનંદ પ્રભુ એનો સ્વીકાર છે, એને તો અશુદ્ધનયે વિકારનો કર્તા એ નથી. એ તો શુદ્ધનયે શુદ્ધનો કર્તા પરિણતિનો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ જેને એ જીવની શુદ્ધતા ભગવાન પરિપૂર્ણ પવિત્ર પિંડ પ્રભુ છે એનો જેને આશ્રય નથી, શરણ નથી, આદર નથી, સત્કાર નથી, આહા..હા..! એને પુણ્ય ને પાપ ને મિથ્યાત્વના ભાવનો આદર છે અને તેથી અશુદ્ધનયે તેનો એ કર્તા છે. એમ હોવાથી નવા કર્મ આવે એને નિમિત્તપણું છે, માટે વ્યવહારકર્તા કહેવામાં આવે છે. આમ હોવાથી દેહાદિની ક્રિયા પણ થાય છે એમાં અશુદ્ધનો કર્તા છે માટે એને પણ અસદ્ભૂતનયે કર્તા કહેવામાં આવે છે. અને ઘટ-પટાદિનો ઉપચારથી, ઓલો અનુપચાર હતો.

**શ્રોતા :-** આખી દુનિયાના કામ કરી શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરી શકતો નથી. કરે છે ક્યાં કીધું? કરી શકે છે એમ અહીં નથી કીધું. અહીંયાં બોલાય છે એમ. વ્યવહાર ત્યારે કહેવાય છે. જે અજ્ઞાનપણે વિકારનો કર્તા

થાય છે એ બરાબર છે. એ તો કરે છે ઈ. એને જડાદિનો કર્તા કહેવો એ ઉપચારથી, વ્યવહારથી, નિમિત્તપણું એને છે એમ કહેવામાં આવે છે. કરી શકે છે એમ વાત નથી અહીં. આહા..હા..! ઝીણી વાત, બાપુ! નયનો અધિકાર વીતરાગમાર્ગમાં અલૌકિક છે. સાધારણ અભ્યાસ ન મળે. આ વેપાર આખો દિ' ખાવા-પીવા, ભોગ, પૈસા રળે મૂઢ જેવી દશા ઢોર જેવી. ઢોર જેવી દશા એ. આહા..હા..!

**શ્રોતા :-** ... એ સમ્યગ્દર્શન પામી શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઢોર જેવી દશા એટલે મજૂરી બિચારા કરે આખો દિવસ. આ રળવું, આ પૈસા આવ્યા, આ બે લાખ મળ્યા, પાંચ લાખ મળ્યા ને ધૂળ મળી, બાયડી મળી, છોકરા થયા, દીકરીને સારી રીતે પરણાવી, છોકરાને સારે ઠેકાણે નાખ્યા. મજૂરી છે પાપી. પાપી આત્માની એ બધી મજૂરી છે. આહા..હા..! દિલીપ! આહા..હા..! એવું જેણે આત્માના સ્વરૂપનું ભાન ભૂલીને આવા વિકારના ભાવનો કર્તા નિશ્ચયથી થાય છે ખરેખર. અશુદ્ધ છેને? ભલે અશુદ્ધ, પણ નિશ્ચયથી ખરેખર કર્તા થાય છે. એનો ખરેખર કર્તા. પણ એને લઈને પછી બાહ્યની ચીજમાં આ અશુદ્ધતા નિમિત્ત હતી એથી વ્યવહારે કર્તા. એના ભેદ પાડ્યા પછી. એક અનુપચરિત અસદ્ભૂત, એક ઉપચરિત અસદ્ભૂત. એ આ રીતે નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ, આ કુંદકુંદાચાર્ય. એથી કર્તા કહેવામાં આવે છે માટે કરી શકે છે એ પ્રશ્ન અહીં નથી. કરી શકે છે એ વિકારના પરિણામને. સમજાય છે કાંઈ? આહા..હા..!

જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સહજાનંદ પ્રભુ. એનું જેને આદર-ભાન નથી... પર્યાયી આત્મજ્ઞાન એમ આવ્યું હતુંને? એ એમ કીધું પર્યાય સ્વભાવવાળો તે ચાર ગતિમાં રખડે એનો વિસ્તાર છે આ. સમજાય છે કાંઈ? આહા..હા..! એ એનો વિસ્તાર છે. આહા..હા..! જૈનદર્શનની શૈલી અલૌકિક છે, ભાઈ! આહા..હા..! અલૌકિક. આહા..હા..! પ્રભુ! તે તને જાણ્યો નહિ. તું કોણ છો એને જાણ્યો નહિ તે અને જે તું નથી તેને તે જાણીને મારો માન્યો. એ પુણ્ય અને પાપના ભાવ એ તું નથી. શુભ દયા, દાન, વ્રતના ભાવ અને કામ, ક્રોધ, રળવાના ભાવ બધા પુણ્ય-પાપના ભાવ. એ ભાવ આત્મામાં નથી. પણ તે આત્માને જાણ્યો નથી માટે 'મારા છે' એમ કરીને તું કર્તા થયો એનો. શાંતિભાઈ! જુઓ, એક અહીં રળે અને એક હોંગકોંગમાં રળે. ત્રીજો તો વળી બહાર પડી ગયો મોટો. આમ ને આમ બધું રખડતું છે. આહા..હા..!

અહીં જીવ અધિકારમાં આ શૈલી લીધી કુંદકુંદાચાર્યે. કીધુંને કે '**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारो।**' એનો અર્થ શું? છે? '**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो।**' અહીં વસ્તુ છે કે કર્મના નિમિત્તથી ઉત્પન્ન થતાં વિકારીભાવ એનો જે કર્તા થાય તે અશુદ્ધ નિશ્ચયનયે બરાબર છે. સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ ચૈતન્યસ્વભાવના ભાવવાળો

જીવ એ વિકારના પરિણામનો એ કર્તા નથી, એ તો જાણનાર છે. સમજાય છે કાંઈ? જેને ધર્મ પ્રગટ્યો છે, ધર્મી એવો જે આત્મા પૂર્ણાનંદનો નાથ આહા..હા..! એનો જેને સ્વીકાર થઈને ધર્મદશા સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે. એ તો પુણ્ય અને પાપનો પણ કર્તા નથી. એ તો વ્યવહારે જાણેલો પ્રયોજનવાન, જાણવાનો પ્રયોજનવાન છે. આહા..હા..! ૧૧મી ગાથામાં કહ્યુંને? ૧૧ અને ૧૨. ભૂતાર્થ ભગવાન સત્યાર્થ પ્રભુ, ત્રિકાળ સત્‌નો જેને સ્વીકાર દૃષ્ટિમાં થયો છે, એને વ્યવહાર ક્યો? કે પર્યાયમાં અશુદ્ધતા આદિ રહિત છે તેને જાણવો એ વ્યવહાર અને એ વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. પણ જેને એ અજ્ઞાનભાવના સ્વરૂપનું ભાન નથી અને રાગ ને પુણ્ય ને દયા, દાન, કામ, ક્રોધના ભાવ 'એ મારા છે' (એમ માને છે)... ક્યાંક પોતાનું અસ્તિત્વ તો માનવું પડશેને એને? આમ અસ્તિત્વ માન્યું નથી તો આમ અસ્તિત્વ માન્યું. એમ કહે છે. આહા..હા..!

જીવ અધિકાર છેને આ? તો જીવનું જે અખંડ પૂર્ણ સ્વરૂપના અસ્તિત્વનો સ્વીકાર જ્યાં નથી તો ક્યાંક 'છું' એવું અસ્તિત્વ માનવું તો પડશેને એને? એટલે કે જેણે ત્રિકાળી જ્ઞાયકભાવના અસ્તિત્વનો અનાદર કરીને પુણ્ય અને પાપના ભાવનો આદર કરીને 'તે હું છું' એવું પોતાનું અસ્તિત્વ ત્યાં માન્યું. અને તેથી તે અશુદ્ધનયે વિકારનોકર્તા અજ્ઞાની છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! અને તેથી તે અશુદ્ધનયે કર્તા છે તેથી એ ખરેખર કર્તા છે અને તેથી નવા કર્મ આવે એમાં એ નિમિત્ત છે એટલે વ્યવહાર કર્તા કહેવાય છે. આહા..હા..! એને દેહાદિની ક્રિયા થાય છે ત્યારે આ સદ્‌ભૂતવ્યવહાર કર્તા કહેવામાં આવે છે. ઘટપટની ક્રિયા થાય ત્યાં ઉભો .. કર્તા છે. માટે એનો ઉપચારિત ઘટપટનો કર્તા પણ વ્યવહારે કહેવામાં આવે છે. આમ છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવો માર્ગ છે, બાપુ! આહા..હા..!

વીતરાગ પરમેશ્વર, જિનેશ્વરદેવ એણે જોયેલો માર્ગ જેણે જાણ્યો, જોયો એને તો કર્તા નથી, કહે છે. આહા..હા..! પણ જેણે એ જોયો નથી, જાણ્યો નથી આહા..હા..! એણે પોતાનું હોવાપણું વિકારમાં સ્વીકાર્યું છે. નિર્વિકારી સ્વભાવના હોવાપણાનો સ્વીકાર નથી તેથી તેને વિકારના ભાવનું, સ્વભાવનું અસ્તિત્વ સ્વીકાર્યું છે, તેથી તે અશુદ્ધનયે તેનો કર્તા છે. તે કર્તા અશુદ્ધનયે બરાબર છે અને હવે વ્યવહાર નિમિત્તપણું ઓલું કર્મ આવવામાં નિમિત્ત છે, ઘટપટ થવામાં નિમિત્ત છે. નિમિત્ત છેને? દેહાદિમાં, વાણીમાં નિમિત્ત છે એટલે એને ઉપચારે, વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. કરી શકે છે એ અહીં પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? મારું આવું ..હવે. ઓલા બિચારા ઈચ્છામું પડિક્કમણું કરીને દયા પાળતા અને વ્રત કરતા લ્યો. ભક્તિ હવે.

**શ્રોતા :-** હાથ આવે એવું ન હતું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હાથ આવે એવું નહોતું? આહા..હા..! ભાષા કેટલી કરી જુઓને. ખરેખર તો એ 'અશુદ્ધજીવનું કથન છે એટલે શું? કે અશુદ્ધજીવનું સ્વરૂપ જ એણે માન્યું

છે. અશુદ્ધપણું એ હું છું' એમ માન્યું છે. એવો જીવ અશુદ્ધતાનો, વિકારનો, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિનો, કામક્રોધનો એ અશુદ્ધનયે કર્તા છે. અશુદ્ધનિશ્ચય છેને? પર્યાય છેને એની પોતાની? પણ તે અશુદ્ધનયે કર્તા હોવાથી અને તે અશુદ્ધનયે આહા..હા..! એ પુણ્ય-પાપનો ભોક્તા હોવાથી... બેય લેવું છેને અહીં? વિકારી પરિણામનો કર્તા હોવાથી અજ્ઞાની અને વિકારી પરિણામનો ભોક્તા હોવાથી. જ્ઞાની એ વિકારી પરિણામનો કર્તા અને ભોક્તા નથી. ધર્મી તો નિર્મળ પરિણામનો કર્તા અને નિર્મળ પરિણામનો ભોક્તા. આહા..હા..! જુઓ તો ખરા! સમજાય છે કાંઈ?

નયની શૈલી કેવી ગોઠવી જુઓને. બે જ વાત કહેવી છેને? કે આત્મા પુદ્ગલ કર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી છે. એટલે કે સ્ત્રીનું શરીર, લક્ષ્મી, દાળ, ભાત એનો ભોક્તા... વિકારને ભોગવે છે એ ખરેખર છે અજ્ઞાની અને આ જે નિમિત્ત છે તે વ્યવહારે ભોગવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને વિકારનો પરિણામ કર્તા છે એ ખરેખર છે. કારણ કે ત્રિકાળીની ખબર નથી એટલે વિકાર પરિણામનો કર્તા ખરેખર છે. તેથી તે કર્મ અને ઘટપટ અને શરીર અને વાણીનો નિમિત્ત હોવાથી વ્યવહારે કર્તા આરોપિત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આમ અશુદ્ધજીવનું સ્વરૂપ કહ્યું.'** જુઓ, મુનિરાજ કહે છે. **'इत्यशुद्धजीवस्वरूपमुक्तम्।'** આહા..હા..!

**'(હવે, ૧૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોકો કહે છે :)'** ૩૦. ૩૦ ને?

(मालिनी)

**अपि च सकलरागद्वेषमोहात्मको यः**
**परमगुरुपदाब्जद्वन्द्वसेवाप्रसादात्।**
**सहजसमयसारं निर्विकल्पं हि बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकान्तकान्तः।।३०।।**

આહા..હા..! **'શ્લોકાર્થ :- સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ...'** ભલે કહે છે એક પર્યાયમાં મોહ અને રાગ-દ્વેષ હોય. આહા..હા..! **'પરમગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...'** આહા..હા..! **'પરમગુરુના ચરણકમળ...'** એ ચરણકમળ એટલે પગની અહીં વાત નથી કાંઈ. એમણે કહેલું સમ્યગ્દર્શન અને ચારિત્ર એ ચરણયુગલ કહેવાય છે. આહા..હા..! **'સકળ મોહરાગદ્વેષવાળો જે...'** ભલે અહીં આમ સકળ કેમ કીધું? કે ભલે એને પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હોય, પણ ગુરુના પ્રસાદે એને જ્યારે મળ્યું આત્મતત્ત્વ, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નિમિત્ત. કેમકે ગુરુ એને આત્માના તત્ત્વને બતાવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું છો. તને આ ભિખારાપણું શોભે નહિ, ભાઈ! આહા..હા..! ચક્રવર્તી ભીખ માગે. એટલે ચક્રવર્તીને ઘરે-રાજાને ઘરે વાઘરણ

ગઈ હોય વાઘરી. ટેવ પડી હોય એટલે ત્યાં કોઈ મોટા રાજ આવ્યા.. થોડા રોટલા રાખીને મૂકે, ગોખલામાં મૂકે, 'એય..! મા-બાપ આપજો' એમ કરીને કહે. ભિખારાવેડા છેને તે ત્યાં જઈને. અહીં રાજ હોય સારું. ઓલી ટેવ પડીને વાઘરણની. આહા..હા..! થોડાક દાંતણ નાખે અને રોટલી ત્યાં રાખે. 'એય..! મા-બાપ આપજો' એમ કરીને દાંતણ આપે અને રોટલી લઈ લે. એવું થોડું કરી લે. આહા..હા..!

ત્રણલોકનો નાથ આનંદનો સાગર પ્રભુ એ પોતાને ભૂલીને રાગને હું કરું અને રાગ મારો અને રાગ મને પ્રેમ કરું એ વાઘરણના ચાળા છે. આહા..હા..! વાઘરણ સમજો છો? વાઘરી નથી સમજતા? દાંતણ દેવા આવે. આહા..હા..! ભાઈ! તું કોણ છો? બાપુ! તને ખબર નથી. આહા..હા..! કહે છે, ભલે પર્યાયમાં આ હોં પણ '**પુરુષ પરમગુરુના ચરણ-કમળયુગલના સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે,...**' જોયું! આહા..હા..! કહે છે કે હું અને રાગ-દ્વેષ તો પર્યાયમાં હોં, છે એમ કાંઈ નથી એમ નહિ. આહા..હા..! પણ '**કોઈ પુરુષ...**' પુરુષ શબ્દે કોઈ આત્મા. '**પરમગુરુના ચરણ-કમળયુગલના સેવાના પ્રસાદથી...**' આહા..હા..! કેમ એ કહેવા માગે છે? કે સંત-ગુરુ તો એને આત્મા અખંડ આનંદનો નાથ છે એ બતાવે છે. એને ગુરુ કહીએ. ગુરુ બીજાને કહે 'રાગ કર અને આ કર' કહે એ ગુરુ નહિ. આહા..હા..!

જૈનના સાચા સંત અથવા ગુરુ એને કહીએ કે જે રાગ વિનાનો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને બતાવે. આ બતાવું. એને જો, અનુભવ કર. આ એનો ઉપદેશ હોય એમ કહે છે. છે આત્માવલોકન છેને તો એ આત્મા? વીતરાગ મુહુમુહુ એવો પાઠ છે. ગુરુ વીતરાગતાને વારંવાર કહે બસ. નિમિત્ત ને રાગ ને પર્યાયથી ઉઠી જા, ખસી જા અને ત્રિકાળી જ્ઞાયકભાવમાં નજર કર. આવો ઉપદેશ ગુરુનો હોય છે કીધું. સમજાય છે કાંઈ? આહા..હા..! એમ ઈ કહે છે અહીં. એને ઉપદેશ મળ્યો અને એ પાત્ર જીવ. આહા..હા..!

'**પરમગુરુના ચરણકમળયુગલના સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ સહજ...**' એનો અર્થ એમ કહે છે કે પરમગુરુની સેવાથી એને દેશના મળી આવી. દેશના આ મળી. દેશના આવે છેને? દેશનાલબ્ધિ. આહા..હા..! એ પણ લબ્ધિ મળી તો મળી પણ પામ્યો તરત એમ કહે છે. આહા..હા..! જુઓ, એક મુનિરાજના કળશો! આહા..હા..! આવો જે કોઈ પુરુષ હોં. ભલે કહે છે કે સકળ મોહ-રાગદ્વેષ હોય પર્યાયમાં. આહા..હા..! એવો જે કોઈ આત્મા '**પરમગુરુના ચરણકમળયુગલના સેવાના પ્રસાદથી...**' એટલે કે ગુરુએ કહ્યું એવું એણે માન્યું (એ) એની સેવા કરી કહેવાય. આહા..હા..! સેવા કાંઈ પગ દાબવા હતા કાંઈ? આહા..હા..!

શું એણે કહ્યું હતું? અને શું એ પામ્યો? '**નિર્વિકલ્પ સહજ સમયસાર...**' આહા..હા..! એણે કહ્યું હતું પ્રભુ! તું નિર્વિકલ્પ અભેદ અખંડાનંદ સમયસાર આત્મા છો. આહા..હા..! સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ પર્યાયમાં હોવા છતાં એ તું નહિ. આહા..હા..! શું

રચના છેને? દિગંબર મુનિઓની રચના, સંતોની રચના. આહા..હા..! પ્રભુ! તું તો રાગ-દ્વેષવાળો છો એમ માન્યું છે? છે પર્યાયમાં, પણ એ તું નહિ. એ તારા નહિ. તું જ્યાં છો ત્યાં એ નહિ અને એ છે ત્યાં તું નહિ. સમજાણું કાંઈ? આમ કહીને સંતોની-ગુરુની ઉપદેશ શૈલી કેવી હોય એ પણ બતાવે છે. આ કરો, ફલાણું કરો, આમાં કરો. એ પહેલું કર્તાપણું બતાવ્યું અજ્ઞાનીનું. હવે આ તો બધું ઉડાવી દીધું એકદમ. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ કહીને એક પણ એમ કહે છે કે જે આ ઉપદેશ છે એની દેશના વિનયથી સાંભળી છે એણે. સમજાય છે? આમ તો સાંભળે છે ઘણા, પણ એ સાંભળવામાં એનો અવિનય હોય છે તે સાંભળ્યું નથી એણે. સમજાય છે કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! પુરુષ આવો પુરુષ. આહા..હા..! **પરમગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...**' ગુરુએ એને કહ્યું હતું કે તું નિર્વિકલ્પ સત્ય પદાર્થ છો મહા. ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળ વસ્તુ છે તારી. આહા..હા..! નિર્વિકલ્પ અભેદ સહજસમયસાર આહા..હા..! એ આત્મા, એને જાણે છે. નિર્વિકલ્પ સહજસમયસાર એ આ આત્મા. ઉપદેશ પણ ગુરુનો એ હતો કે નિર્વિકલ્પ સહજ આત્મા તે તું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ સહજસમયસારને જાણે છે,...**' આહા..હા..! '**તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિય કાન્ત થાય છે.**' મોક્ષમાર્ગનો અધિકાર છેને? નિયમસાર એટલે મોક્ષમાર્ગની પર્યાય. એનો અધિકાર છેને આ? એ પર્યાય કેમ પ્રાપ્ત થઈ? કે ત્રિકાળી સહજપરમાત્મ સમયસારને જ્યાં આદર્યો એમાં એ પ્રાપ્ત થઈ. આહા..હા..! આવી વાત છે, બાપુ! છોડે શું? જેમ છે એમ છે. આહા..હા..! એ ધર્માત્માને પણ જે શિખામણ આપે છે એ દેશનાને લાયક નથી, સાંભળવાને લાયક નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત, બાપુ! અંતરના પેટ ઝીણા બહુ, ભાઈ! સમજાણું કાંઈ? આહા..!

અહીં તો એણે આદરથી એણે સાંભળ્યું અંદરથી. બહુમાનથી સાંભળ્યું કે આહા..હા..! અને સાંભળ્યા ભેગું અંતરમાં ગયો અંદર. 'શ્રુત પરિચિત અનુભૂતા' આ તો સાંભળ્યું એને કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આટલા વિશેષણ આપ્યા આત્માને. સમયસાર એટલે આત્મ અધિકાર. નિર્વિકલ્પ સહજ અભેદ ત્રિકાળ સહજસ્વરૂપ અણુત્પન્ન અવિનાશી ભગવાન નિત્યાનંદ નાથ એને જાણવાનું ગુરુએ કહ્યું એવું એણે જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ! ભગવાનના ઘરની વાતું ઝીણી બહુ. આહા..હા..! તે પુરુષ મુક્તિને પામે છે એમ કહે છે. '**તે પુરુષ પરમશ્રીરૂપી...**' પરમલક્ષ્મી આનંદની, કેવળજ્ઞાનની એવી સુંદરી નામ પરિણતિ એનો '**પ્રિય કાન્ત થાય છે.**' એનો એ ધણી થાય છે. પરમરમણીય આનંદની દશાને પ્રાપ્ત કરશે, એમ કહેશે. ઓલામાં ચાર ગતિ પ્રાપ્ત કરશે એમ આવ્યું હતું. પર્યાયસ્વભાવવાળો, પર્યાયદૃષ્ટિવાળો એ આ કરશે ચાર ગતિ. આ આવું .. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૧૦, મંગળવાર, તા. ૨૭-૦૧-૧૯૭૬**
**ગાથા-૧૮, કળશ-૩૧ થી ૩૪, પ્રવચન નં.૧૬૩**

નિયમસાર, જીવ અધિકાર. ૧૮મી ગાથાનો કળશ ચાલે છે. ૩૦મો કળશ થઈ ગયો. ૧૮મી ગાથામાં એમ કહ્યું મૂળ તો. એમાં ધર્મ કેમ કરવો એની વાત એમાં નથી ૧૮મામાં. ત્યાં તો સંસારી પ્રાણી અશુદ્ધનિશ્ચયથી વિકારનો કર્તા થાય છે, પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે, તેથી એને દ્રવ્યકર્મનો પોતાના વિકારી પરિણામ કર્તા થાય અને એ વિકારી પરિણામ કર્મને નિમિત્ત છે, એથી એને નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયે જડકર્મનો કર્તા કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? જે કોઈ પ્રાણી ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એને ભૂલીને, પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ કરે છે એ અશુદ્ધનિશ્ચયથી પર્યાયમાં થાય છેને? એટલે એનો અશુદ્ધનિશ્ચયથી તેનો કર્તા અને તેનો ભોક્તા. અશુદ્ધનિશ્ચયથી હરખ-શોકનો તેના ફળનો ભોક્તા થાય છે તે અજ્ઞાની. આહા..હા..! સમજાય છે કાંઈ? એ જીવ અશુદ્ધભાવનો કર્તા અને અશુદ્ધભાવનો ભોક્તા હોવાથી એને નવા કર્મ જે આવે છે એનો કર્તા તો કર્મ છે, પણ આ અશુદ્ધભાવનો કર્તા અને ભોક્તા થયો તેથી નવા કર્મનો અસદ્ભૂત અનુપચાર નિકટવર્તીનયે કર્તા થયો. કેમકે શરીર તો કોઈ દિ' ન પણ હોય, કર્મ તો સદા હોય છે. તેથી એને નિકટવર્તી કહી અનુપચાર કહી અને અસદ્ભૂતવ્યવહારનયે જડકર્મનો કર્તા એને કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** છે એટલે કહેવામાં આવે છે કે નથી ને કહેવામાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી, કર્તા તો નથી; પણ આ કર્તા છે એનું એને નિમિત્ત થાય માટે કહેવામાં આવે છે. શું કહ્યું સમજાય છે? ઈ આ મુનિરાજ તો એમાં ધર્મની વાત કાઢે છે કળશમાં.

**શ્રોતા :-** ધર્મ કેમ થાય એમ લીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં છે કર્મ કેમ કરે એનો અધિકાર. એની સામે અધિકાર નાખે છે. સમજાય છે કાંઈ? અનાદિ સંસારી પ્રાણી ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ વસ્તુએ બિરાજમાન હોવા છતાં જેની એને દૃષ્ટિ અને એનું જ્ઞાન નથી, તે જીવ વિકારી પરિણામ કરનારો થાય છે. આહા..હા..! એ શુભ અને અશુભ, દયા અને દાન, વ્રત ને ભક્તિ, કામ અને ક્રોધ ભાવ એનો એ અજ્ઞાની કર્તા થાય છે. તેથી તે અજ્ઞાની અશુદ્ધનયે કર્તા, તેમ તેના ફળનો વિકારી ભોગવવું એ અશુદ્ધનયે ભોગવે છે. સમ્યગ્દૃષ્ટિમાં એ વસ્તુ હોતી નથી. કારણ કે એ વિકારનો કર્તા થતો નથી તેથી વિકારનો ભોક્તા પણ થતો નથી અને તેથી

દ્રવ્યકર્મ આવતું નથી એટલે નિમિત્તકર્તા પણ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

અને એ નિકટ એટલે કર્મથી કોઈ દિ' એક સમય પણ ભિન્ન પડ્યો નથી. દેહથી તો ભિન્ન રહે છે કોઈવાર. વિગ્રહ ગતિમાં. એથી એ દેહને નિકટવર્તી ન કહેતા કર્મને નિકટવર્તી કહીને અનુપચાર અસદ્ભૂતવ્યવહારનયથી કર્તા કહ્યો. સમજાણું કાંઈ? જે અશુદ્ધ વિકાર કર્મનો કર્તા છે તે. એને આ દેહ છે એ નિકટવર્તી નથી. કોઈ વખતે દેહ હોય ન હોય. એટલે એને અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયે અશુદ્ધનો કર્તા છે માટે... સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અધૂરું રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજી કહીએ છીએને. અધૂરું ક્યાં? અશુદ્ધ વિકારનો કર્તા અને ભોક્તા છે તે માટે એને દેહ, વાણી, મનની ક્રિયાનો, પર્યાયનો કર્તા નિમિત્ત તરીકે ગણીને અસદ્ભૂત અનુપચારનયે કર્તા કહેવાય છે. આહા..હા..! અને એને ઘટપટ જે દૂર છે ઘડો, વસ્ત્ર આદિ, મકાન, આ પુસ્તક આદિ એને એ કરે છે એને એમ કહેવું એ અસદ્ભૂત ઉપચારનયથી. દૂર છેને. ઓલો અનુપચાર અસદ્ભૂતવ્યવહાર હતો દેહ, વાણીનો કર્તા અને આ દૂર છે માટે એને ઉપચારે અસદ્ભૂતવ્યવહારનયે કર્તા કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** ઘરના કામમાં ...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાની આ પ્રમાણે (માને) છે એમ બતાવવું છે. અજ્ઞાની આ પ્રમાણે (માને) છે એમ બતાવવું છે. પછી જ્ઞાની શું કરે એની વાત પછી લેશે. સમજાય છે કાંઈ?

૧૮મી ગાથામાં તો કર્તા-ભોક્તાની જ વ્યાખ્યા છે. એટલે? અશુદ્ધજીવની વ્યાખ્યા છે. એટલે? કે અશુદ્ધ વિકારી પરિણામનો કર્તા અને વિકારી પરિણામનો ભોક્તા એ જીવને ત્યાં લીધો છે. અજ્ઞાની. એ અજ્ઞાની નિકટવર્તી કર્મનો અનુપચાર નિકટવર્તી અસદ્ભૂતવ્યવહારનયે કર્તા કહ્યો નિમિત્તપણું છે એટલે. એને દેહ, વાણી, મનનો કર્તા, નિકટવર્તી ન ગણતા ઉપચારિત અસદ્ભૂતવ્યવહારનયે કર્તા કહ્યો અને એનો ભોક્તા પણ વ્યવહારે કહ્યો. સમજાણું કાંઈ? અને આ ઘટપટ, મકાન, વસ્ત્ર, બહારનો પરપદાર્થ દૂર છે, તેનો કર્તા-ભોક્તા ઉપચારથી અસદ્ભૂત વ્યવહારનયે એને કર્તા કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ? જે કોઈ પ્રાણી ભગવાન આત્માના જ્ઞાતા-દૃષ્ટાના પવિત્ર સ્વભાવને ભૂલીને અપવિત્ર પરિણામને કરે અને ભોગવે છે એને આ બધું લાગુ પડે છે. આહા..હા..!

હવે મુનિરાજે એમાંથી ધર્મ કાઢ્યો. ધર્મી કેવો હોય એ. એક શ્લોક તો કાલે થઈ ગયો છે. ૩૦. '**સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ...**' એટલે રાખ્યું ખરું હવે. છે એ કર્તા રાગ-દ્વેષનો, વિકારનો ભોક્તા એવો '**સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ...**' એ આત્મા ભલે હો, કહે છે. પણ '**પરમગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...**' આહા..હા..! એને ગુરુએ કહ્યું, ભાઈ! તારો આત્મા તો પરમાનંદની મૂર્તિ છે. આહા..હા..!

એ મોહ અને રાગ-દ્વેષના પર્યાયસહિત હોય, પણ એ તો પર્યાયસહિત છે. વસ્તુમાં એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'પરમગુરુના ચરણકમળયુગલની સેવા...'** એટલે? ગુરુએ એને એમ કહ્યું કે ભાઈ! તારા મોહ અને રાગ-દ્વેષસહિત પર્યાયમાં, અવસ્થામાં હોવા છતાં ભગવાન! તું તો પૂર્ણાનંદનો નાથ નિર્લેપ છો અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલું સ્થાપ્યું ખરું. મોહ-રાગ-દ્વેષસહિત છે તો ખરો, પણ એ પર્યાયમાં છે તારી વસ્તુમાં એ કાંઈ છે નહિ. આહા..હા..! નિર્વિકલ્પ સહજસમયસારને જાણે છે. એટલે? ગુરુએ એને એમ કહ્યું, ભગવાન! તું નિર્વિકલ્પ સહજસમયસાર આત્મા છો. આહા..હા..! એ વિકારી પરિણામ તું નહિ. એમાં તું નહિ, એ તું નહિ, એ તારા નહિ. આહા..હા..! જુઓને એક ટીકા કેટલી છે! આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! તારી પર્યાયમાં તો મોહ રાગ-દ્વેષ છે. એ તો અમે કહીએ છીએ, જાણીએ છીએ; પણ તારો આત્મા નિર્વિકલ્પ સ્વભાવિક આત્મા અંદર પૂર્ણ છે—એમ ગુરુએ કહ્યું એવું એણે જાણ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ગુરુ ઉપર જવાબદારી આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ગુરુએ શું કહ્યું અને એણે શું કર્યું? એ વાત કરી.

**શ્રોતા :-** એટલી જવાબદારી આવીને કે આ સિવાય આનાથી જુદું કાંઈ ન કરાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... એ તો કહ્યું, ધર્માત્મા ગુરુ એને (ન) કહીએ કે જે પુણ્ય અને પાપને કરવાનું કહે અને ભોગવવાનું કહે એ નહિ. શરીરનું કરવું કે મકાન કરવા કે કરી શકો છો એવી વાત ગુરુના મુખમાં હોય નહિ. એ જૈનના ગુરુ કે જે એને પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી, મન, ઘટપટાદિ એનો તું વ્યવહારે કર્તા પણ નથી અને અશુદ્ધનયે એ કર્તા નથી અને ભોક્તા તું નથી, એ ચીજ તારી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એથી એણે કહ્યું, ભાઈ! સવિકલ્પદશા છે એ તું નહિ, તારી નહિ, તારામાં નહિ. આહા..હા..! તું તો સ્વભાવિક નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ. આહા..હા..! એવો જે આત્મા તે તું. એમ કહ્યું એવું એણે જાણ્યું. દેશનાની સિદ્ધિ કરી છે. દેશના એને આ મળી એમ. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'સેવાના પ્રસાદથી...'** એટલે કહ્યું એના ભાવને જાણ્યો એણે, તે પ્રસાદ. નિર્વિકલ્પ સહજસમયસાર ભગવાન ત્રિકાળ હોં. ત્રિકાળી આનંદનો નાથ જ્ઞાયકભાવ જે પર્યાય વિનાનો એવાને એણે કહ્યું, એવું એણે અંદર જાણ્યું, આહા..હા..! એ સમકિતી થયો. સમજાણું કાંઈ? એ મોહ-રાગ-દ્વેષની દશા વિનાનો થયો અને સમ્યગ્દર્શન અને જ્ઞાન અને શાંતિવાળો થયો. આહા..હા..! જુઓ, એક દિગંબર સંતોની કથની તો જુઓ, ટૂંકી અને મોટી ગંભીર. આહા..હા..! સત્‌નો પ્રવાહ છેને.

અહીં કહે છે, **'તે પુરુષ...'** ઓલો જે રાગ-દ્વેષને પુણ્ય-પાપના ભાવનો કર્તા-ભોક્તા થતો એ સંસારને પામતો, ચાર ગતિને પામતો. આ જેણે આત્મા એનાથી ભિન્ન છે એમ

જાણ્યો એ પરમશ્રીરૂપી મોક્ષની લક્ષ્મીને પામ્યો. સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! પૈસાને પામ્યો એમ નથી આમાં હવે. આહા..હા..! આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. આહા..હા..! ભગવાન! તું તો ભગવાન છોને. છેલ્લે તો એ હજી કહેશે, સિદ્ધ અને સંસારી પર્યાય જ તારામાં નથી. એ છેલ્લે કહેશે. આહા..હા..! ભાઈ! તું તો પૂર્ણાનંદ ધ્રુવ નિત્ય આનંદનું દળ, પરિણમન વિનાનો આહા..હા..! એ તું છો, એને તું અનુભવ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પરમશ્રીરૂપી સુંદરી...**' એટલે સુંદર પરમ આનંદની દશાનો લાભ પામીને એનો વલ્લભ થશે. એટલે એ પરમ આનંદની દશા એને કદી છોડશે નહિ. આહા..હા..! એ કળશ કાલે થઈ ગયો છે. આજે ૩૧. ૩૧ છેને?

**શ્રોતા :-** આજે ફરી વિશેષતા આવી કાલે કરતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી એનું એ કાંઈ આવે? જે આવે ત્યારે તો ફરીને આવે? વાત સાચી. ગાથા સાથે મેળવી વાત એટલી. એ અમૃતચંદ્રાચાર્યની શૈલી છેને? એ ગાથામાં હોય વ્યવહાર તો એમાંથી કાઢે નિશ્ચય, નિશ્ચય હોય તો એમાંથી કાઢે વ્યવહાર, એ શૈલી છે. આહા..હા..! જુઓ, અટકવાનું આવ્યું, ઓલામાં કરવાનું હતું.

(अनुष्टुभ्)

भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम्।
द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम्।।३१।।

જ્યારે પુણ્ય અને પાપના ભાવ અશુદ્ધનિશ્ચયથી કરતો અને ભોગવતો ત્યારે તેને દ્રવ્યકર્મ આવતું અને દ્રવ્યકર્મનો નિમિત્તથી કર્તા કહેવામાં આવતો. એ અહીં અટકી ગયો હવે, કહે છે. આમ ગુલાંટ ખાધી. આહા..હા..! '**ભાવકર્મ...**' ત્યાંથી ઉપાડ્યું જોયું? ગાથામાં જડકર્મનો કર્તા-ભોક્તા એમ ઉપાડ્યું પાધરું. પહેલું. પછી અશુદ્ધનયે કર્તા પછી લીધો છે.

અહીંયાં '**ભાવકર્મના નિરોધથી...**' આહા..હા..! શુભ-અશુભ જે વિકલ્પો અને વિકાર એનું રોકવું, એનું કર્તાપણું છોડ્યું. સમજાય છે કાંઈ? જ્ઞાયકસ્વભાવને પ્રાપ્ત કરી અને ભાવકર્મ જે વિકારી પરિણામ તેને છોડ્યું. કર્તા છોડ્યો, અસ્થિર વસ્તુ છોડી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનું કર્તાપણું છોડ્યું, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવકર્મના અટકવાથી દ્રવ્યકર્મનું અટકવું થયું. ઓલામાં નિશ્ચય ભાવકર્મને કર્તા હતો, તો દ્રવ્યકર્મ આવતું હતું નિમિત્ત. અહીં ભાવકર્મ રોક્યા તો દ્રવ્યકર્મ અટકી ગયું. આ શૈલી લીધીને સંવરની? સંવરમાં છેને ભાઈ! સમયસાર. એ શૈલી બધી શૈલી લે છે. ભાવકર્મ એટલે વિકારીભાવ ચાહે તો શુભ હો કે અશુભ. એનું કરવું અટકી ગયું. 'જ્ઞાતા-દૃષ્ટા હું છું ચિદાનંદ પ્રભુ' એવું ભાન થતાં, ભાવકર્મનો કર્તા અટક્યો એટલે ભાવકર્મનું થવું અટક્યું. સમજાણું કાંઈ? એથી દ્રવ્યકર્મ અટક્યા. ભાવકર્મ કરતો હતો તો દ્રવ્યકર્મનો નિમિત્તપણે કર્તા કહેવામાં આવતો. આ તો ભાવકર્મ અટક્યું, દ્રવ્યકર્મ નથી, દ્રવ્યકર્મનું અટકવું થઈ ગયું, રોકાઈ ગયા. દ્રવ્યકર્મના રોકાવાથી

સંસારનો નિરોધ થયો. પરિભ્રમણ રહ્યું નહિ એને. ઓલાને તો સંસાર પરિભ્રમણ હતું. વિકાર કરનારો એને કર્મનો કરનારો વ્યવહારે કહી અને એને સંસાર હતો. અહીં વિકારનો કરનારો છોડી, વિકાર રોક્યા તો દ્રવ્યકર્મ રોકાણું, સંસાર અટકી ગયો. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સંસારનો નિરોધ થયો. વિકારી પર્યાય એવો જે સંસાર એ રોકાઈ ગયો, અટકી ગયો. સંસાર એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ વિકારી પર્યાય એ અટકી ગયા. એ ૩૧ થઈ ૩૧ કળશ. ૩૨.

(वसन्ततिलका)

संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः
कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।
निर्मुक्तिमार्गमणुमप्यभिवाञ्छितुं नो
जानाति तस्य शरणं न समस्ति लोके।।३२।।

હવે '**જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ...**' હવે સળવું લીધું સવળું. આત્મા આનંદનો નાથ પ્રભુ જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ એનું જેને જ્ઞાન નથી, સ્વસ્વભાવનું જ્ઞાન નથી. આહા..હા..! સમ્યગ્જ્ઞાન ભાવરહિત. સમ્યગ્જ્ઞાનની પર્યાયરહિત એમ. '**વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે,...**' એથી એને ત્રિકાળી જ્ઞાયકભાવના ભાન વિનાનો '**તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો...**' એ પુણ્ય-પાપનો કર્તા એ થાય. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જે જીવ સમ્યગ્જ્ઞાનભાવ...**' સમ્યગ્જ્ઞાનભાવ પાછું. પર્યાય પણ ભાવ છે એ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવનું જેને જ્ઞાન એ સમ્યગ્જ્ઞાનભાવસહિત થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્જ્ઞાનરહિત જે છે એમ કહે હવે. એ મોહી પ્રાણી '**શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો...**' શુભ અને અશુભ વિકારી ભાવને કરે. એથી નવા કર્મ પણ આવે. આહા..હા..! શું કહે છે?

જે જીવ સમ્યગ્જ્ઞાનથી રહિત છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ હૃદયકમળમાં બિરાજમાન પૂર્ણાનંદસ્વરૂપ એનું જેને સ્વનું જ્ઞાન નથી. એ સ્વના જ્ઞાનરહિત ભ્રાંતિવાળો પ્રાણી વિમુગ્ધ એ શુભાશુભભાવને કરે. આહા..હા..! એ શુભ અને અશુભને ભાવને કરે કે જેથી નવા કર્મ પણ આવે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો ગાથામાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો એની વ્યાખ્યા બીજી રીતે કરી.

'**સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્તિ) છે, તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો...**' એટલે એમાં આવી ગયું. વિકારી પરિણામને અશુદ્ધનિશ્ચયથી કરતો અને જડકર્મને વ્યવહારનયથી અનુપચરિતનયથી કરતો, એમ ત્યાં લાગુ પડે. આહા..હા..! વાત તો ઈ કહે છે કે લેશમાત્ર પણ વિકારના પરિણામનો કર્તા થાય છે એ લેશ એ મોક્ષમાર્ગને લેશમાત્ર

પણ વાંછવાનું જાણતો નથી. શું એમાં કહે છે? જે પ્રાણી અંદર પુણ્ય અને પાપના શુભ અને અશુભભાવ. આહા..હા..! એનો જે કર્તા થાય છે એ મોક્ષ એટલે કે રાગથી છૂટવું એવા **'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** મોક્ષમાર્ગ લેશમાત્ર વાંછવાનું જાણતો નથી. શું કહે છે? કે જેણે પુણ્યના ભાવનો કર્તા થાય છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ. સાંભળો. આહા..હા..! કેટલાકને તો એના પૂજા-ભક્તિ કરી જાણે મેં શું કર્યું છે એમ. એટલે બીજા કરતા કાંઈક વધારે કરીએ છીએ.

**શ્રોતા :-** એમ તો થાયને કે અમે થોડુંક તો કરીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઈ જ કહે છે. ભગવાનની ભક્તિ સામે કરેને. પૂજા ને ભક્તિ આમ તાણીને બોલે. એમ કે અમે જ પૂજા બરાબર કરીએ છીએ. જુઓ, ભક્તિ કરીએ છીએ.

**શ્રોતા :-** કોની રાગની કે આત્માની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગની. ભાઈ! આ વાત સમજવા જેવી જરી છે. બીજાથી તરવા, મોઢા આગળ પડવા જાણે અમે કાંઈક કરીએ છીએ એમ રાગના કર્તા જે શુભનો થાય છે. આહા..હા..! અનેક પ્રકારનો શુભ. શુભ અનેક પ્રકારના દયાના, ભક્તિના, પૂજાના, વ્રતના, વાંચન સાંભળવાના એને કરતો થકો મોક્ષમાર્ગને એટલે જે રાગનો કર્તા થાય તેને છૂટવાના માર્ગને લેશપણ જાણતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને એક વાત. કેમકે ભગવાન આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. એને છોડીને જે શુભભાવનો કર્તા થયો એ છૂટવાના પંથને વાંછવાનું જાણતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છેને. શુભભાવ એનો જે કર્તા થાય છે તે છૂટવાના માર્ગને જાણવાને વાંછતો નથી. લેશમાત્ર પણ વાંછવાને જાણતો નથી એમ કહ્યું. આહા..હા..! શું ત્યાં જોર છે? સમજાણું કાંઈ? આહા..હા..!

જે જીવ સમ્યગ્જ્ઞાનના પર્યાયભાવરહિત છે તે મુગ્ધ મિથ્યાદષ્ટિસહિત છે. તે જીવ શુભ પરિણામ. અશુભને તો ભેગું નાખ્યું એક સાથે. ખરેખર તો અટક્યો છે ત્યાં (શુભમાં). આહા..હા..! સમજાણું કાંઈ? આમ પાછા પોતે શુભભાવનો કર્તા થાય અને બીજાને જણાવે કે અમે કાંઈક કરીએ છીએ. એવો જેનો ભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા વિકારને કરતો થકો મોક્ષમાર્ગ નામ છૂટવું, વિકારથી છૂટવું એવો જે મોક્ષનો માર્ગ એને **'લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** ભાવના ત્યાં પડી છે, કહે છે. આહા..હા..! માર્ગ વીતરાગનો બહુ અલૌકિક છે, ભાઈ! સમજાણું કાંઈ? અનેક પ્રકારના. કેમકે શુભના અને અશુભભાવ અનેક પ્રકાર છેને? એક પ્રકાર નથી, અસંખ્ય પ્રકારના છે. અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય પ્રકારના અશુભ. એ વસ્તુમાં તેનું કરવું એવો કોઈ ગુણ નથી. વિકારને કરવું એવો કોઈ વસ્તુમાં કોઈ ગુણ નથી. તેથી તે વસ્તુને ન જાણનારો સમ્યગ્જ્ઞાનરહિત જીવ. આહા..હા..! પર્યાયબુદ્ધિવાળો એ કારણ કે વસ્તુમાં તો છે નહિ કરવું. પર્યાયબુદ્ધિવાળો જીવ પુણ્યનો કર્તા

થઈ આહા..હા..!

**'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** આહા..હા..! સમજાણું કાંઈ? છે? ..ઈ છેને? **'मणुमप्प'** આહા..હા..! જે પ્રાણી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિનાનો છે, તે પ્રાણી મુગ્ધ નામ ભ્રાંતિમાં, મિથ્યાત્વમાં પડ્યો છે. આહા..હા..! તે પ્રાણી શુભ-અશુભભાવનો કર્તા થાય છે. તેથી તે રાગથી છૂટવાનો મોક્ષનો માર્ગ તેને લેશમાત્ર વાંછવાનું જાણતો નથી. આહા..હા..! એની ભાવના ત્યાં ગરી ગઈ છે, એમ કહે છે. ભારે માર્ગ, ભાઈ!

**શ્રોતા :-** શુભાશુભને વાંછવાનું જાણે છે. આને જાણતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાણું કાંઈ? શુભભાવની ઈચ્છા, વાંછા એને કરવું અને ભોગવવું. એમાં એની રુચિ અને પ્રેમ ગયો બધો. આહા..હા..! તેથી તે જીવ ભગવાન આત્મા રાગ વિકલ્પ વિનાનો, નિર્વિકલ્પ સ્વભાવ. એનો જે માર્ગ છે છૂટવાનો એને લેશમાત્ર પણ વાંછાનો જાણનાર નથી એની ઈચ્છા, આની ઈચ્છા એનું જાણપણું નથી એમ કહે છે. આહા..હા..!

જુઓ, સમયસાર ૩૨૦ ગાથામાં તો ત્યાં સુધી કહ્યું, ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ તો ઉદય આવે એને જાણે, એ નિર્જરે એને જાણે, નિર્જરાવે નહિ. આહા..હા..! ઉદયને કરે નહિ, જાણે. નિર્જરાને કરે નહિ, નિર્જરે એને જાણે. બંધને કરે નહિ, બંધને જાણે. મોક્ષને કરે નહિ, મોક્ષ થાય તેને જાણે. ૩૨૦. આહા..હા..! કારણ કે એ તો પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે. એમાં બીજું કાંઈ કરવું કોકનું એ તો છે નહિ કાંઈ. આહા..હા..! સાચા તત્ત્વના જ્ઞાન વિના પરમતત્ત્વ, અંતઃતત્ત્વ, પરમાત્મતત્ત્વ એકલો જ્ઞાયકભાવ, તેના જ્ઞાન વિના ભ્રાંતિમાં કહ્યો ગયો એ જીવ શુભાશુભભાવને કરતો આહા..હા..! મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી. આહા..હા..! કહો, છોટાભાઈ! આવી વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** ... કરતાં-કરતાં ધર્મ થાશે એમ માને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ છે. એ તો કહે કાંઈક કરીએ છીએ અમે. આમ કરીએ છીએ. બીજા કરતા તો સારું કરીએ છીએને. એમ કરતાં-કરતાં આગળ વધશું. શુભભાવ કરતાં-કરતાં આગળ વધશું. આહા..હા..! એ જીવ **'મોક્ષનામાર્ગને લેશમાત્ર...'** ભાવનાને જાણતો નથી, વાંછતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક કળશ પણ સંતોના કથનો. આહા..હા..! મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. જે રાગને કરતો થકો છૂટવાના માર્ગને લેશમાત્રને પણ વાંછવાનું જાણતો નથી **'તેને લોકમાં (કોઈ) શરણ નથી.'** આહા..હા..! ક્યાંય એને શરણ નથી. રાગનો કર્તા થઈ, રાગથી છૂટવાના માર્ગને જાણતો નથી. શરણ ક્યાંય નથી એને. અશરણમાં, ચાર ગતિમાં રખડશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેને લોકમાં (કોઈ) શરણ નથી.'** આહા..હા..! શરણ ભગવાન આત્મા રાગના કર્તા વિનાની ચીજ એની તો ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..! દિગંબર સંતોએ જગતને અમૃત રેડ્યા છે.

આહા..હા..! કપાટ કેમ ખોલાય એની વાત કરી છે. આહા..હા..! તેથી '**તેને લોકમાં** (કોઈ) **શરણ નથી.**' એ શુભભાવનો કર્તા થાય અજ્ઞાની એને ક્યાંક સ્વર્ગાદિ મળે, પણ શરણ નથી કાંઈ, કહે છે. શરણ જે ચિદાનંદનો નાથ રાગરહિત, કર્તાપણારહિત એની એને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ૩૨ થયો. ૩૨ કળશ. ૩૩.

(वसन्ततिलका)

यः कर्मशर्मनिकरं परिहृत्य सर्वं
निष्कर्मशर्मनिकरामृतवारिपूरे।
मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं
स्वं भावमद्वयममुं समुपैति भव्यः।।३३।।

'**શ્લોકાર્થ :- જે...**' પ્રાણી '**સમસ્ત કર્મજનિત સુખસમૂહને...**' ત્યાં લઈ લીધું હવે. ઓલો શુભભાવનો કર્તા થતો નથી, તેથી શુભભાવનું ફળ જે અનુકૂળ એને ઈચ્છતો નથી. આહા..હા..! એમ કે આપણે શુભ કરશું તો સગવડતા તો મળશેને, સ્વર્ગ મળશેને, ધૂળ મળશેને.

**શ્રોતા :-** આપના જેવા ગુરુ તો મળશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ તીર્થંકર મળશે તોપણ શું થયું? આહા..હા..! તીર્થંકર મળે તોપણ પરદ્રવ્ય નિમિત્ત દુઃખનું છે. ૭૪માં નથી કહ્યું ૭૪? કર્તાકર્મમાં. સમજાય છે? આસ્રવ વર્તમાન દુઃખરૂપ છે અને એનું ફળ દુઃખરૂપ છે. પુણ્ય છે એ વર્તમાન આસ્રવનું કારણ છે અને પુણ્ય છે એને સંયોગ મળે એ પણ દુઃખનું નિમિત્ત છે. આહા..હા..! ૭૪માં, ભાઈ! ૭૪માં આવે છેને છેલ્લો બોલ. આહા..હા..! પરદ્રવ્ય તો દુઃખનું નિમિત્ત છે એમ કહે છે. આહા..હા..! લક્ષ જશે એટલે રાગ જ થશે. આવી વાત છે.

**શ્રોતા :-** શરીર હોય તો ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર તો ક્યાંય રહ્યું હવે. અહીં તો ભગવાન મળે અને વાણી મળે તોપણ એ દુઃખનું નિમિત્ત છે.

**શ્રોતા :-** અમે દુઃખ લેવા આવ્યા આપની પાસે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લક્ષ જાય છે એ રાગ છે અને રાગ છે એ દુઃખનું કારણ છે. માર્ગ એવો છે, ભાઈ! છઠ્ઠો બોલ કહ્યો છેને ૭૪માં? આસ્રવ વર્તમાન દુઃખરૂપ છે, ભાવિમાં દુઃખરૂપ ફળ છે. આહા..હા..! એ પુણ્યભાવ થાય, પુણ્ય બંધાય, ભવિષ્યમાં એને અનુકૂળ સંયોગો આવે સમવસરણ ભગવાન આદિમાં. પણ એ કહે છે કે દુઃખનું નિમિત્ત છે. એના ઉપર લક્ષ જશે એટલે રાગ જ થાશે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! આહા..હા..!

શું કહે છે આ? કે જેને શુભભાવનું કર્તાપણું નથી, તેને શુભભાવજનિત જે સુખનો ઢગલો સ્વર્ગાદિ કે શેઠનો એ પડ્યો રહે છે. સમજાય છે કાંઈ? જેને શુભભાવનું કરવાપણું,

કર્તાપણું નથી એને શુભભાવથી મળેલા પુણ્ય અને થયેલા સંયોગો એને એ છોડે છે. સુખની સામગ્રી બધી છોડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગની વાણી છે, બાપુ! આ કાંઈ કથા-વાર્તા નથી. આહા..હા..! ત્રણલોકના નાથ વીતરાગની મૂર્તિ એકલી. એકલો વીતરાગભાવ પૂર્ણ પરિણમી ગયો છે. આહા..! જેવો સ્વભાવ વીરાગભાવ હતો એવો જ પર્યાયમાં વીતરાગસ્વભાવ પરિપૂર્ણ પરિણમ્યો એની વાણી કેવી હોય! સમજાણું કાંઈ? ઈ આ વાણી સંતોની છે. આહા..હા..! વીતરાગભાવે પરિણમેલા દિગંબર મુનિઓ છે. આહા..હા..! એ પાંચમા આરાના પણ પરમેશ્વર છે. આહા..હા..! ઈ એમ કહે છે કે શુભભાવથી મળેલો સુખનો ઢગલો. પાછો સાધારણ સુખ નહિ. અબજોપતિ થાય, મોટો દેવ થાય. આહા..હા..! એને ધર્મી પરિહરે છે કે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત કર્મજનિત...**' સંયોગો, સુખ-સામગ્રી બહારની. આહા..હા..! ભાષા કેવી છે! '**સુખસમૂહ...**' સુખના ઢગલા આમ. બધી રીતે સગવડતા એમ માને. આહા..હા..! પૈસાની સગવડતા, કુટુંબની સગવડતા, મકાનની સગવડતા, નોકરોની સગવડતા. બધા આમ. એય..! પોપટભાઈ! છ-છ દીકરા. કહે છે કે આ બધી સગવડતા સમકિતી છે તે અંદર છોડી દે છે. એ સગવડતા જ નથી. આહા..હા..!

**શ્રોતા :-** આપે એને દુઃખના નિમિત્તો કીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુઃખના નિમિત્ત છે. આહા..હા..! '**परदव्वादो दुग्गइ**' ન કહ્યું? ત્રણલોકના નાથ અને એની વાણી. એનું લક્ષ જાય ને રાગ થશે. આકરી વાતું છે, બાપા! આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એમના આ બધા કથનો છે. સંતો કહે છે એ પણ ઈ જ કહે છે. વીતરાગમાર્ગ કહ્યું છેને નિયમસારમાં આગળ, અરેરે! સંતો અને કેવળીમાં ફેર દેખે છે એ જડમતિ છે, કહે છે. કળશ છે. પહેલો સહેજ ફેર છે એમ જણાવ્યું છે એક કળશમાં. સહેજ ફેર છે થોડો. પણ પછી કહે છે કે એ પૂર્ણ પરમાત્મા અને સંતો વીતરાગી પરિણતિએ પરિણમેલા એ બેમાં ફેર માને જડમતિ છે. કેમકે એ મોક્ષતત્ત્વ છે. આહા..હા..! એ મોક્ષતત્ત્વ પામ્યા છે અને આ મોક્ષતત્ત્વ આને કહે છે પ્રવચનસારમાં. આહા..હા..! દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિને પ્રાપ્ત એ મોક્ષતત્ત્વ છે. છેલ્લી પાંચ ગાથા છેને? રત્ન. પાંચ રત્ન. આહા..હા..! દિગંબર શાસ્ત્રમાં તો અમૃત ભર્યા છે બધા. આહા..હા..!

'**જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે,...**' ઓલામાં કહ્યું હતુંને સુખ પુણ્ય બાંધે. તેમાં સગવડતા મળે અને ધર્મી તો પુણ્ય બાંધતો નથી એટલે એના સુખ કદાચિત્ હોય પૂર્વના પુણ્યને લઈને, દૃષ્ટિમાંથી છોડી દે છે. એ નહિ. સુખનો સાગર તો મારો આત્મા છે. આહા..હા..! હું અતીન્દ્રિય અનાકુળ આનંદનો સાગર એની જેને દૃષ્ટિ અને ભાવના થઈ એ બહારના સુખના સમૂહને છોડી દે છે. આહા..હા..! પાછી ભાષા તો એમ લીધી કર્મજનિત સુખ એટલે આ બહારની સગવડતા. આહા..હા..! પૈસાના ઢગલા, છોકરા, કુટુંબી, માણસો.

એટલી સગવડતા ઓહો..હો..! હુકમ કરે ત્યાં એકને બદલે ૨૧ હાજર થાય, પાણી માગે ત્યા મોસંબી આપે. આહા..હા..! શેઠિયા કહેતા હતા હોં બિચારા. શેઠિયા આ દિપચંદજી. એમ કે અત્યારે મને સગડવતા ઘણી છે બધી. કુટુંબની, પૈસા બધે. પણ એ શું? એવું તો અનંતવાર મળ્યું છે. એમ પણ કહે બિચારા. એટલે જરી આ ફેર થઈ ગયો. જ્ઞાનીને દુઃખ હોય નહિ, જ્ઞાનીને રાગ હોય નહિ એ મોટી ભૂલ થઈ ગઈ. ભાઈ! આ ચીજ એવી છે આકરી. છતાં કાગળ આવ્યો છે. તમારો આજે કાગળ. કે તમે મને ભૂલ માનો છો એથી પણ મારામાં ભૂલ વધારે છે. ગમે તે રીતે પણ.. એ આવ્યું હતું કાગળ. ખબર પડી હતીને? આહા..હા..! પણ ઈ કહેતા બિચારા હોં. એને પુણ્યની સગવડતા ઘણી છેને. પૈસા, દીકરાઓ,... એમ કે બધી અનુકૂળતા છે, પણ એ તો પુણ્યને કારણે, એમાં આત્માને શું? એમાં આત્માને શું? એના ઉપર લક્ષ જાય તો રાગ જ થશે. આહા..હા..!

અહીં તો તીર્થંકર અને તીર્થંકરના સમવસરણ ને વાણી મળે તો એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે એટલે રાગ જ થશે. એવી વાત છે, ભાઈ! આહા..હા..! એને ધર્મી છોડે છે. શુભભાવનું કરવાપણું છોડે છે અને શુભથી મળેલી સામગ્રી ઉપરથી લક્ષ છોડે છે. સુખનો સાગર મારો નાથ આત્મા. આહા..હા..! અતીન્દ્રિય અમૃતના વેણલા ભર્યા છે જેમાં પાણી, આહા..હા..! એવો મારો આત્મા એની જેને દૃષ્ટિ થઈ તે ભવ્ય જીવ **'તે ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં...'** આહા..હા..! બહારના સુખસમૂહને લક્ષમાંથી છોડે છે તે **'નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન... '** થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં 'કર્મજનિત' હતુંને? કર્મજનિત સુખ. ત્યારે અહીંયાં નિષ્કર્મસુખ એમ સામે નાખી ભાષા. આહા..હા..! આત્માનો આનંદ પ્રભુ રાગ વિનાનું સુખ, **'નિષ્કર્મ સુખસમૂહરૂપી... '** આહા..હા..! અમૃતના સરોવરમાં ડૂબકા મારે છે એટલે મગ્ન થતા. આહા..હા..!

**'મગ્ન થતા એવા આ અતિશયચૈતન્યમય,...'** આહા..હા..! એવા ભાવને પામે છે, એમ કહેવું છે. **'નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થતા એવા અતિશયચૈતન્યમય એકરૂપ, અદ્વિતીય નિજ ભાવને પામે છે.'** પૂર્ણ. આહા..હા..! જે કર્મજનિત સુખની સામગ્રી છોડે છે, એને નિષ્કર્મ એવો આત્મા આનંદમાં મગ્ન વસ્તુ આહા..હા..! **'અતિશયચૈતન્યમય એકરૂપ, અદ્વિતીય...'** એવી નિર્મળ આનંદદશાને પામે છે. સમજાણું કાંઈ? છ ખંડના રાજ ચક્રવર્તીના. તીર્થંકરોએ ક્ષણમાત્રમાં છોડ્યા. આહા..! બળખો છોડે એમ. છન્નું હજાર સ્ત્રી. તીર્થંકર હતા એ ત્રણ એ તો કામદેવ હતા. કામદેવ એના જેવું રૂપ સુંદર છ ખંડમાં નહિ. કામદેવ, તીર્થંકર, ચક્રવર્તી. આહા..હા..! ત્રણ તો પદવીઓ. ૧૬, ૧૭, ૧૮, પણ છોડ્યું એક ક્ષણમાં. દૃષ્ટિમાં તો ભાન હતું કે મારું છે નહિ. ચાલી નીકળ્યા. વનમાં વિહાર ચાલી નીકળ્યા આનંદમાં જવા. આહા..હા..!

એ જીવો '**નિષ્કર્મ સુખસમૂહ...**' ઓલું કર્મજનિત સુખ હતું. આહા..હા..! '**નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં...**' ભગવાન મગ્ન થતો એવો આ અતિશય ચૈતન્યમય વસ્તુ એકરૂપ, અદ્વિતીય નિજપર્યાયને પામે છે, પૂર્ણાનંદની દશાને પામે છે. આહા..હા..! ભાષા પણ થોડી પડે છે. મુનિરાજને કહે શું કહેવું? ભાષાતીત વાત અને ભાષામાં કહે છે. '**અદ્વિતીય...**' અજોડ નિજભાવને, નિજપર્યાયને પામે છે. સિદ્ધપદને પામે છે. ૩૩ થયો. ૩૪.

(मालिनी)

असति सति विभावे तस्य चिन्तास्ति नो नः
सततमनुभवामः शुद्धमात्मानमेकम्।
हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं
न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्॥३४॥

અમૃતચંદ્રાચાર્ય. અરે! '**(અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી...**' આહા..હા..! ઉદયભાવ સારો સંસાર અમારા આત્મામાં અસત્ છે. અમારો પરમપારિણામિક સ્વભાવભાવ એમાં ઉદયભાવ સંસાર એ અસત્ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**વિભાવ અસત્ હોવાથી...**' વિભાવ તે અસત્ છે. ત્રિકાળી સત્‌માં ઈ છે ક્યાં? પરમસત્યાર્થ ભગવાન પૂર્ણાનંદનો નાથ આનંદના છલોછલ સ્વભાવથી ભરેલો ભગવાન સત્‌સાહેબ એમાં વિભાવ અસત્ છે. આહા..હા..! એની જ્યાં નજરું કરીએ છીએ ત્યાં કહે છે કે વિભાવ દેખાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**असति सति विभावे**' એમ છેને? '**વિભાવ અસત્ હોવાથી...**' એમ. '**તેની અમને ચિંતા નથી;...**' આહા..હા..! પર્યાયમાં વિભાવ એ મારા સ્વભાવમાં નથી, માટે એની ચિંતા નથી. ટાળવાની અમારે ચિંતા નથી, એ તો ટળી ગયો છે. આહા..હા..! ભગવાન આત્માના સ્વભાવમાં નિત્યાનંદ નાથના ભાવમાં વિભાવ અસત્ય છે. પર્યાયમાં છે એ ત્રિકાળમાં ક્યાં છે? આહા..હા..! સુખનો સાગર ભગવાન મારો નાથ એમાં વિભાવ અસત્ છે, કહે છે. આહા..હા..! '**વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી;...**' આહા..હા..! '**અમે તો હૃદયકમળમાં સ્થિત સર્વકર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...**' આહા..હા..! અમે તો હૃદયકમળ. જ્ઞાનના કમળમાં અહીંયાં સારો ભગવાન બિરાજે છે અંદર. '**હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત,...**' કર્મથી વિમુક્ત જ બિરાજે છે અહીંયાં. આહા..હા..! કર્મ અને રાગરહિત પ્રભુ બિરાજે છે આ.

'**શુદ્ધ આત્માને...**' એવો ભગવાન શુદ્ધ આત્મા. આહા..હા..! '**એકને...**' ઓલું અનેક હતુંને સામે? વિકારી પરિણામને અનેક ને એનું ફળ આ એકને. આહા..હા..! સર્વકર્મથી વિમુક્ત એવો અમારો પ્રભુ શુદ્ધ આત્માને અમે એકને નિરંતર અનુભવી છીએ. નિરંતર એક ભગવાનને અમે અનુભવીએ છીએ. આહા..હા..! આ પંચમહાવ્રતને એ પાળે એ કે દિ' પાળતા હશે?

ઈ કહે છે કે એના જાણનાર અમે તો છીએ, પંચમહાવ્રતના વિકલ્પના કર્તા પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હૃદયકમળમાં સ્થિત, સર્વકર્મથી વિમુક્ત,...**' અત્યારે હોં. સિદ્ધ થશે ત્યારની વાત નથી આ. ભગવાન આત્મામાં રાગનો અભાવ અને કર્મનો અભાવ. આહા..હા..! એથી '**શુદ્ધ આત્માને એકને...**' શુદ્ધ આત્માને એકને એકરૂપને '**સતત અનુભવીએ છીએ,...**' આહા..હા..! જુઓ, આ મુનિદશા. આ મુનિ. આહા..હા..! નિરંતર '**અનુભવીએ છીએ, કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.**' ત્રણવાર કહ્યું. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એને અનુભવવા સિવાય કોઈ મુક્તિનો બીજો ઉપાય છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? '**मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्।**' બેવાર થઈ ગયુંને? ત્રણવાર થયું. '**न खलु**' ઠીક. આહા..હા..! '**न खलु न खलु**' એ '**अन्यथास्त्यस्ति**' ત્રણવાર થઈ ગયું. '**મુક્તિ નથી, નથી, નથી જ.**' આહા..હા..! વિભાવની પર્યાય હોવા છતાં ત્રિકાળી શુદ્ધ ભગવાનને નિષ્કર્મ સ્વભાવને કર્મરહિત ભગવાનને અમે અનુભવીએ છીએ. એથી એ વિભાવની અમને ચિંતા નથી, કહે છે. આહા..હા..! અમે તો પૂર્ણ આનંદને અનુભવીએ છીએ એ જ મુક્તિનો ઉપાય છે. એ સિવાય કોઈ મુક્તિ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૧૧, બુધવાર, તા. ૨૮-૦૧-૧૯૭૬
## ગાથા-૧૯, કળશ-૩૫, પ્રવચન નં.૧૬૪

નિયમસાર. જીવ અધિકાર. ૧૮મી ગાથાનો છેલ્લો કળશ છે.

(मालिनी)

भविनि भवगुणाः स्युः सिद्धजीवेऽपि नित्यं
निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।
व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-
र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्।।३५।।

આહા..હા..! '**भवि**' શબ્દ છેને? '**भविनि भवगुणाः**' '**भवि**' એટલે સંસારી પ્રાણી. સંસારી. '**भवगुणाः**' સંસારિક વિકારી પર્યાયો ગુણ એટલે. '**સંસારીમાં સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ**

**થયેલા) નિજ પરમગુણો હોય છે—**' ગુણ શબ્દે અહીંયાં પર્યાય છે. સંસારીને વિકારી પર્યાય છે અને સિદ્ધને નિર્વિકારી પરમગુણ-પર્યાય છે. સમજાય છે કાંઈ? '**આ પ્રમાણે વ્યવહારનય છે.**' આહા..હા..! જીવમાં સાંસારિક દશા અને જીવને સિદ્ધદશા એ વ્યવહારનયથી છે. આહા..હા..! પર્યાયનયથી જોવે તો એ છે. ઝીણી વાત છે. આહા..હા..!

'**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ.**' આહા..હા..! બેય છે. અંદર સમ્યગ્દર્શનનો વિષય જે વસ્તુ. આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં વસ્તુમાં તો નથી મુક્તિની દશા, નથી સંસારની દશા. આહા..હા..! વસ્તુ જે છે ત્રિકાળ જ્ઞાયકભાવ ભગવાન ધ્રુવ સ્વભાવભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ વિષયમાં અહીં એનું જોર આપ્યું છે. આહા..હા..! નથી સંસાર અવસ્થા સમ્યગ્દૃષ્ટિને લક્ષમાં, નથી સિદ્ધની અવસ્થા સમ્યગ્દૃષ્ટિને લક્ષમાં. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! પર્યાયબુદ્ધિ જ ઉડી ગઈ છે, કહે છે. આહા..હા..! પર્યાયનયથી હો, એ કહેશે. વસ્તુદૃષ્ટિથી જોતા આહા..હા..! જેમાં મુક્તની દશા પણ નથી અને જેની સંસારદશા પણ નથી. કહો, આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આવો માર્ગ છે આ. વીતરાગનો માર્ગ એવો ઝીણો છે.

કહે છે કે જ્યાં આત્મા એકરૂપ ત્રિકાળ અભેદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, સામાન્યસ્વરૂપ, એકસ્વરૂપ એ સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી તે દર્શનના વિષયમાં કહે છે કે અમારા '**બુધ પુરુષોનો નિર્ણય છે.**' એમ કહે છેને. આહા..હા..! જ્ઞાનીઓનો આ નિર્ણય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! માર્ગ બહુ જુદી જાત છે આ. જે નિર્ણય કર્યો છે જે પર્યાયે. નિર્ણય છેને? આ બુદ્ધ પુરુષોનો નિર્ણય છે. '**निर्णयोऽयं बुधानाम्**' ધર્મી-જ્ઞાનીનો એ નિર્ણય છે. આહા..હા..! એ નિર્ણય છે એ પર્યાય છે. સમજાય છે કાંઈ? નિર્ણય છે એ પર્યાય છે, પણ એનો વિષય છે એ ધ્રુવ છે. એકરૂપ વસ્તુ એને સંસાર અને સિદ્ધદશા ત્રિકાળમાં છે નહિ. આહા..હા..! અરે! આ એને ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. આહા..હા..! અનંતકાળ એને વાસ્તવિક તત્ત્વ જે છે. જ્ઞાયક રસવાળું તત્ત્વ સ્વભાવ પૂર્ણવાળું તત્ત્વ એ તત્ત્વની દૃષ્ટિએ જોતાં કહે છે. આહા..હા..! એવા તત્ત્વની અંદર સિદ્ધની દશા અને સંસારદશા એ વ્યવહારનયનો વિષય એ એમાં નથી. શાંતિભાઈ! આવો માર્ગ!

વસ્તુસ્થિતિ આવી છે. એક સમયમાં જ્ઞાનરસ તત્ત્વ સ્વભાવભાવ એવું તત્ત્વ એકરૂપ ત્રિકાળ છે અને એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ? એનું અહીં જોર આપ્યું છે. આહા..હા..! અરે! સંસારની પર્યાયો રાગ-દ્વેષ આદિ તો વસ્તુમાં નથી. પણ કેવળજ્ઞાનની સિદ્ધની મુક્તિ અવસ્થા એ વસ્તુમાં નથી આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! જિનેશ્વરનો માર્ગ વીતરાગ પરમાત્માનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જેને વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! એવું જે વસ્તુ નિત્ય ધ્રુવ એકરૂપ પરમપારિણામિક જ્ઞાયકભાવ એ ચીજમાં નથી સિદ્ધપણું કે નથી સંસારીપણું. આહા..હા..!

સમજાય છે કાંઈ? એમાં કર્મ નથી, શરીર નથી, પરદ્રવ્ય નથી, એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..!

ભગવાન મુક્તસ્વરૂપ ત્રિકાળ. આ પર્યાયે મુક્ત એમ નહિ. સ્વરૂપ જ એ મુક્ત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ચીજ જે છે પૂર્ણ, ભગવાનસ્વરૂપ પરમાત્મસ્વરૂપ અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ. આહા..હા..! એમાં સંસારી પુણ્ય-પાપ મિથ્યાત્વની પર્યાય એ બહિર્તત્ત્વ. મોક્ષમાર્ગની પર્યાય સંવર-નિર્જરાની મોક્ષમાર્ગની પર્યાય નિશ્ચય હોં, એ બહિર્તત્ત્વ. મોક્ષ એ બહિર્તત્ત્વ. આહા..હા..! અંતર રસકંદ તત્ત્વ પરમાત્મ પૂર્ણ સ્વરૂપ. પરમાત્મ પરમસ્વરૂપ તત્ત્વ. પરમાત્મતત્ત્વ એટલે પરમસ્વરૂપ તત્ત્વ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને તો મુક્તિ પણ નથી અને સંસાર પણ નથી, કહે છે. આહા..હા..! આવા આત્માનો અંદર નિર્ણય થવો એનું નામ સમ્યગ્દર્શન છે. પછી બધી વાતું એ ગમે તે કરે. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ સમકિત—એ બધી તત્ત્વની વિરુદ્ધતા છે. આહા..હા..! ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમેશ્વરે કહ્યું એવું સંતો અહીંયાં... આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ .. મુનિ દિગંબર મુનિ. જૈનદર્શનમાં દિગંબર મુનિઓ જ હતા. એમાં વસ્ત્રવાળા હતા નહિ. એ તો નવા નીકળેલા. આહા..હા..!

**શ્રોતા :–** નવા હોય માટે ખોટા હોય એવો કોઈ નિયમ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નવા છે ઈ ખોટા છે માટે નવા છે. આ માર્ગ એવો છે, બાપુ! ભાઈ! આહા..હા..! જુઓને એક. જેને કહે છે કે વસ્ત્ર-પાત્ર તો મુનિને નથી, આહાર, પાણી પણ નથી એની દશામાં સંઘના માણસો, કુટુંબના માણસો એ તો એમાં નથી, આહા..હા..! પણ એમાં વર્તમાન વિકારીપર્યાય અસ્તિપણે છે, પર્યાયપણે અસ્તિ છે, એ ત્રિકાળ અસ્તિત્વમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એની પર્યાયના અસ્તિત્વમાં સિદ્ધપદ છે, કેવળજ્ઞાન છે. આહા..હા..! પણ કહે છે કે વસ્તુ જોતાં બુધપુરુષો, જ્ઞાની પુરુષોનો એ નિર્ણય છે કે વસ્તુમાં કેવળજ્ઞાન પણ નથી. આહા..હા..! એ તો પર્યાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

છેને? '**भविनि भवगुणाः**' સંસારી પ્રાણીને વિકાર અવસ્થા મિથ્યાત્વ રાગ-દ્વેષાદિ છે. એને ગુણ શબ્દે કહ્યું છે, છે પર્યાય. '**स्युः**' '**स्युः**' એટલે છે. '**सिद्धिजीवेऽपि नित्यंनिजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।**' અનંતગુણની નિર્મળ પર્યાય પૂર્ણ સિદ્ધને થઈ ગઈ છે. આહા..હા..! એ સિદ્ધ જીવને નિત્ય પરમ ગુણા છે પર્યાયમાં. સમજાણું? એ વ્યવહારનયનો વિષય છે, કહે છે. આહા..હા..! અહીંયાં તો હજી ઓલા દયા, દાન, વ્રત ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને વ્યવહાર કહી અને એનું સાધન કરે છે. અરે! ભગવાન ક્યાં જાય, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર તો ક્યાંય ગયો, આહા..હા..! પણ નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય છે સમ્યગ્દર્શન નિર્ણય કરનાર. નિર્ણય છેને? નિર્ણય કરનાર

પર્યાય છે એ એમ માને છે કે આ વસ્તુ છે એમાં તો હું પણ નથી અને સિદ્ધપદ પણ નથી. આહા..હા..! દિગંબર સંતોએ તો જગતને નિહાલ કરી નાખ્યા છે. આવી વાત, આવી વાણી ક્યાં છે, ભાઈ! સમજાય છે કાંઈ? જરી આકરું પડે. પક્ષમાં પડ્યા હોય એને જરી લાગે કે અમારું ખોટું. એ ... ભાઈ! માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..!

આ વ્યવહારથી, વ્યવહારથી સિદ્ધપદ છે. ભાષા તો જુઓ, આત્માની પર્યાયમાં સિદ્ધપદ જે પ્રગટ્યું એ વ્યવહારનયથી સિદ્ધ છે. આહા..હા..! અને સંસાર પર્યાય છે નિગોદથી માંડીને બધી. આહા..હા..! એ ક્ષયોપશમની પર્યાય, ઉદયની પર્યાય. આહા..હા..! એ બધો વ્યવહારનયનો વિષય છે. ચૌદપૂર્વનો વિકાસ પર્યાયમાં થાય તો એ વ્યવહારનયનો વિષય છે, પર્યાય છે. કેવળજ્ઞાન થાય તો એક સમયની અવસ્થા છે, અંશ છે. તેથી તે વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! '**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ...**' ભાષા જુઓ, એકાંત થઈ ગયું, ભાઈ! સાંભળને. આહા..હા..!

**શ્રોતા :-** નિશ્ચયથી કીધું પછી એકાંત ક્યાંથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નય લાગુ પડે પછી એકાંત ન થાય. ઈ કીધુંને ઈ એકાંત તે જ વસ્તુ છે અહીં તો. નિશ્ચયથી એકાંત તે વસ્તુ છે. નિશ્ચયથી તો મુક્તિ પણ નથી જ. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ આત્મા સમ્યગ્દર્શનનો વિષય એ વાત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! તારી ખાણ મોટી નિધાન પડ્યું છે અંદર. આહા..હા..! જેમાંથી પર્યાય પ્રગટે એ પર્યાય પણ એમાં નથી એમ કીધું અહીં તો. અહીંયાં તો આખી ખાણ પડી છે મોટી. આહા..હા..! કહે છે કે ઈ સિદ્ધપદ મોક્ષનો માર્ગ પર્યાય કે બંધની પર્યાય મિથ્યાત્વ રાગ-દ્વેષની, એ બધો વ્યવહારનયનો વર્તમાન વિષય છે. આહા..હા..! અને ત્રિકાળ ભગવાન પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ સાક્ષાત્ પરમાત્મા ભગવાન પૂર્ણ છે. એમાં સિદ્ધ પણ નથી, સંસાર પણ નથી. આહા..હા..! '**આ બુધપુરુષોનો નિર્ણય છે.**' જ્ઞાનીઓનો આ નિર્ણય છે, કહે છે. એય..! આહા..હા..! બહુ સરસ કળશ છે. આહા..હા..!

એ 'આ' એમ છેને જુઓને, '**र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्।**' આહા..હા..! જ્ઞાનીઓનો, સમ્યગ્દૃષ્ટિઓનો, સંતોનો આ નિર્ણય છે. આહા..હા..! વસ્તુ વસ્તુ છેને? તત્ત્વ છેને? સત્ છેને? મહાસત્ છેને? મહાહોવાપણે ચીજ છેને? મહાહોવાપણે ચીજમાં સિદ્ધ અને સંસારીદશા નથી. આહા..હા..! ત્યાં એને દૃષ્ટિ મૂકવાની છે, કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ...**' એમ છેને? '**અને સંસાર પણ નથી જ.**' નિશ્ચયમાં આ નથી એ તો એકાંત એમ જ છે. વસ્તુમાં સિદ્ધપદ નથી, સંસાર તો નથી જ, એકાંત છે. સમજાય છે કાંઈ? ત્યાં અનેકાંત નથી કે વસ્તુમાં સિદ્ધિ નથી કોઈ નયે અને કોઈ નયે વસ્તુમાં સિદ્ધિ છે, એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એ પર્યાયનો કર્તા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાયનો કર્તા પર્યાય. એ તો ૩૨૦ ગાથામાં આવ્યું છે. જયસેનાચાર્યની ૩૨૦ ગાથા. મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. વંચાઈ ગયું છે. બંધ અને બંધના કારણરૂપભાવ, મોક્ષ અને મોક્ષના કારણરૂપભાવ તેનો કર્તા ભગવાન આત્મા નથી. જે આ ત્રિકાળી વસ્તુ તે એનો કર્તા નથી. આહા..હા..! એ તો આવી ગયું છેને આપણે.

સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વભૂતથી અને બંધ-મોક્ષના કારણ અને પરિણામથી શૂન્ય છે. ઈ શું કહ્યું? ફરીને. સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવ ત્રિકાળભાવ એને જાણનારી એવી શુદ્ધદ્રવ્યાર્થિકનય જે શુદ્ધ ઉપાદાનભૂત ત્રિકાળ, એને જાણનારી નયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી પર્યાયનો કર્તા પણ નથી અને પર્યાયનો ભોક્તા પણ નથી. બંધ અને મોક્ષના કારણ. બંધ અને મોક્ષના કારણથી એ શૂન્ય છે અને બંધ-મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે. બંધ-મોક્ષના કારણથી શૂન્ય છે અને બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય છે. આહા..હા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર કોણ છે? બાપુ! આહા..હા..! લોકોને સાધારણ માની લે ભગવાન આવા નમો અરિહંતાણં... નમો અરિહંતાણં. બાપુ! એ ચીજ કોઈ અલૌકિક છે. આહા..હા..! એ ભગવાન એમ કહે છે કે ભગવાન આત્મા જે અહીં કહ્યો કે જેમાં સિદ્ધિ, (સંસાર) પર્યાય અને મોક્ષની પર્યાય નથી. એવો બુધ પુરુષોનો નિર્ણય છે. એ વસ્તુમાં સંસારની પર્યાયનું કરવું કે ભોગવવું કે મોક્ષ પર્યાયનું કરવું અને ભોગવવું કે બંધ-મોક્ષના કારણનું કરવું અને ભોગવવું કે બંધ-મોક્ષના પરિણામનું કરવું અને ભોગવવું, એનાથી ભગવાન શૂન્ય છે. આહા..હા..! અરે! ભાઈ! આવો અવસર ક્યારે મળે? આ માંડ નીકળ્યો નિગોદમાંથી માણસ થયો, એમાં પણ પાછા જૈનસંપ્રદાય મળ્યો, એમાં એ જૈનપરમેશ્વર શું કહે છે એના ઠેકાણા ન મળે. એ ગમે તે પ્રવૃત્તિ ક્રિયાકાંડ કરે એ બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! શૂન્ય છે. એમ સમુદાય કહેવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું હતું એમ. આહા..હા..!

શુદ્ધનિશ્ચયથી તો કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ અને બંધ-મોક્ષના કારણ અને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો ઉપસંહાર કરવામાં આવે છે. આહા..હા..! ૩૨૦મી ગાથા વંચાઈ ગઈ છે. .. કરી છે ..વાળી. આહા..હા..! એક શ્લોકે તો... પર્યાયનય અને નિશ્ચયનયના બેના ફેસલા. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયના બેના ફેસલા. આહા..હા..! ભાઈ! એકવાર નિર્ણય તો કર. આહા..હા..! સમજાય છે કાંઈ? એ '**સિદ્ધિ પણ નથી જ**...' એકાંત નથી? એકાંત જ છે. સમ્યક્ એકાંત એવા ત્રિકાળી સ્વભાવમાં સિદ્ધિ નથી જ! ત્રિકાળી સ્વભાવમાં એકાંતમાં સંસાર પર્યાય નથી જ! હવે ત્રિકાળમાં કથંચિત્ સંસાર અને કથંચિત્ સિદ્ધ અને કથંચિત્ સિદ્ધ નહિ, એમ હશે? સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળી

આનંદદળ ભગવાન આત્મા, પરમ આત્મા, પરમસ્વરૂપતત્ત્વ, પરમ-પરમસ્વરૂપ. અહીં તો સિદ્ધને પરમગુરુ કહ્યા. કહ્યાને? સિદ્ધને પરમપર્યાય ગુણ એટલે. છેને '**गुणाः**' જુઓને. નિશ્ચય પરમપર્યાય. ઓલી ગુણને પર્યાય કીધી. સિદ્ધને નિશ્ચય પરમપર્યાય.

અહીં તો નિશ્ચય પરમગુણો ત્રિકાળ. આહા..હા..! એકરૂપ રહેનાર વસ્તુ એ નિશ્ચયનયનો વિષય છે. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ તો પરમાત્મપ્રકાશમાં નથી કહ્યું? 'જીવો ન કરેઈ મોક્ખઉ' બંધ અને મોક્ષને કરતો નથી. એમ 'જિણવર ભણેહી' પરમાત્મપ્રકાશ. મૂક્યું. છેને ઈ? એમાં જ છે એ. જુઓ, 'શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે. શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે' '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**' આ પરમાત્મપ્રકાશ. આહા..હા..! '**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।**' આહા..હા..! જિનવર ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર અરિહંતદેવ એમ કહે છે, હે યોગી! પરમાર્થે જીવ પર્યાયમાં ઉપજતો નથી. પર્યાય ઉપજે, આત્મા ઉપજતો નથી. આહા..હા..! મરતો નથી, બંધ-મોક્ષ કરતો નથી. છે? '**जिउ**' જીવ એને કહીએ આહા..હા..! કે જે મોક્ષને અને મોક્ષના કારણને અને બંધને કરતો નથી. આહા..હા..! એમ '**जिणवरु एउँ भणेइ**' એમ જિનવર ભગવાન ત્રિલોકનાથ દિવ્યધ્વનિ દ્વારા ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે ભગવાન આમ કહેતા હતા. આહા..હા..! સમજાણું કાંઈ? '**जिउ**' શબ્દ વાપર્યો છે જોયું? '**जिउ**' '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**' જીવ બંધ-મોક્ષને કરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ તો ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એને પકડવો એ અનંત પુરુષાર્થ છે. એ ત્યાંથી જ એની પુરુષાર્થની શરૂઆત થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**આ બુધ પુરુષોનો નિર્ણય છે.**' કહે છે. આહા..હા..! અનંતા બુધ થઈ ગયા સમકિતી, જ્ઞાની, સંતો. સમજાય છે કાંઈ? એક વચન નથી. આહા..હા..! આવા અનંતા બુધ પુરુષોનો આ નિર્ણય છે. આહા..હા..! લ્યો, એક શ્લોક કહ્યો. અડધો કલાક છે. આહા..હા..! ભગવાન આત્મા ધ્રુવ ચીજ જેને પરમાર્થે આત્મા કહીએ, જેને ખરેખર જીવ કહીએ. પર્યાય વિનાનો હોં એ જીવ. આહા..હા..! એવો જે જીવ. આહા..હા..! કહે છે, બુધ પુરુષોનો નિર્ણય એવો છે કે આવો જીવ મોક્ષની પર્યાયને કરતો નથી. એવો જીવ મોક્ષની પર્યાયથી રહિત છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! સમજાય છે કે નહિ?

**શ્રોતા :-** દોષ છે તો પર્યાયનો જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણ છે એ પર્યાયનો છે. દોષની ક્યાં અહીં વાત કરી? બહુ હલકી વાત કરી એ તો. અહીં તો કેવળજ્ઞાન અનંત ચતુષ્ટય—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત (સુખ), અનંત વીર્ય-પુરુષાર્થ જે અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ્યા એ વસ્તુમાં નથી. દોષની તો ક્યાં વાત કરવી? આહા..હા..! ભાઈ! આ તો જિનવરનો માર્ગ છે. જિનેશ્વરનો માર્ગ છે. આહા..હા..!

**શ્રોતા** :- અહીં કેટલો વખત રહીયે તો આ વાત સમજાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક ક્ષણમાં સમજાય એવી ચીજ છે. ઓલામાં નથી આવતું? 'रभसात्' કળશમાં આવે છે નહિ? ..માં એક સમય કીધો છે. કળશ છે આમાં સમયસારમાં. હા એ. 'भूतंभांतं' ગાથા ગઈ એ. આહા..હા..! ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનના ત્રણે કાળથી, કર્મથી ભગવાન જુદો, એવું ભેદજ્ઞાન એક સમયમાં થાય છે. કીધું છેને? કોઈ સુબુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! ભૂત, વર્તમાન, ભાવિ એવા ત્રણે કાળના કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ શીઘ્ર ભિન્ન કરીને તથા તે મોહકર્મના ઉદયના નિમિત્તથી થયેલ અજ્ઞાનને પોતાના પુરુષાર્થથી રોકીને, નાશ કરીને અંતરંગમાં અભ્યાસ કરે તો આ આત્મા પોતાના અનુભવથી જાણવાયોગ્ય મહિમા છે. વ્યક્ત નિશ્ચળ શાશ્વત. આહા..હા..! છે? શીઘ્ર. નિશ્ચળ શાશ્વત કર્મકલંકરહિત એવો પોતે સ્તુતિ કરવાયોગ્ય બિરાજમાન છે. ક્યાં આવ્યું ઈ? હા, પહેલું આવ્યું. રભસાત. આવ્યું એમાં? આ શીઘ્ર છેને? રભસાત, તત્કાળ, શીઘ્ર. આહા..હા..! ઓલામાં એક સમય લીધો છે. કળશટીકા રાજમલમાં. રભસાતનો અર્થ એક સમય લીધો છે. છેને? આહા..હા..! ભર્યો પડ્યો પ્રભુ અંદર પડ્યો છે. તારી નજરને આળસે રહી ગઈ છે વાત. 'નજરને આળસે રે મેં નીરખ્યા ન નયણે હરિ' હરિ ભગવાન આ હરિ હોં. પંચાધ્યાયમાં આવે છે. પંડિતજી! પંચાધ્યાયમાં હરિ-હરિ. હરિની વ્યાખ્યા આવે છે. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે તે હરિ. પંચાધ્યાયમાં આવે છે. એ આ હરિ હોં, બીજો નહિ. કોઈ કર્તા-બર્તા હરિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઉલ્લસિત વીર્યથી કામ કરે તો ચાલે એવું છે. ઢીલા ઢબ થઈને કરે તો આ કામ ચાલે એવું નથી અહીં. એય..! ભીખાભાઈ! આહા..હા..!

શ્રીમદ્ પણ કહે છેને ઉલ્લસિત વીર્યવાળાનું આ કામ છે. એવું લખ્યું છે શ્રીમદ્દે. આહા..હા..! જોયું! સમ્યગ્દૃષ્ટિ જીવ તત્કાળ, શીઘ્ર, રભસાત, એક સમયમાં. આહા..હા..! કળશટીકામાં એમ છે હોં. આમાં હશે... રભસાત. તત્કાળ. એટલું લખ્યું છે. પણ બીજો સમય આવે છે ત્યાં. એક સમય જોઈએ છે. આહા..હા..! લ્યો, આવ્યા. આવવાના હતા?

**શ્રોતા** :- નક્કી નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નક્કી નહોતું. .. છે બીજે ઠેકાણે. .. પૂર્ણાનંદનો નાથ તને વિશ્વાસ નથી આવતો. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે. તું ભગવાન સાક્ષાત્ પરમાત્મા છો. આહા..હા..!

**શ્રોતા** :- ઠીક તો અમારે નોકરી નહિ કરવાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નોકરી કોણ કરતો હતો?

**શ્રોતા** :- ભગવાન કાંઈ નોકરી કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ સુમનભાઈની વાત કરે છે પંડિતજી! આ રામજીભાઈના દીકરા આવ્યા છેને એની વાત કરે છે. એ નોકરી કરે છેને ત્યાં? આઠ હજારનો પગાર મહિને મળે

છે મજૂરીનો. મજૂરી કહેવાયને એ બધી? માસિક આઠ હજાર. આહા..હા..!

અરે! આમાં ક્યાં કહે છે. રાગ પણ જેમાં નથી ત્યાં પૈસા-ફૈસા ક્યાં આવ્યા? આહા..હા..! જેમાં સિદ્ધની પર્યાય નથી એવો ત્રણલોકનો નાથ ભગવાન પોતે. આહા..હા..! એની દૃષ્ટિ કરવા માટે એક સમય જોઈએ બસ. સમયાંતરમાં જ્ઞાનાંતર થઈ જાય અને સમકિત થઈ જાય. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છેને સમયાંતર? શબ્દ આવે છે ક્યાંક. એક સમયમાં પણ જ્ઞાન ફરી ગયું એમ આવે છે સમયાંતર. આહા..હા..! ભારે આચાર્ય મુનિરજે પણ. આ મુનિ છે લ્યો. આહા..હા..! હવે ઓલો કે છે કે ઈ મુનિનું વાક્ય નહિ માન્ય, આચાર્યનું માન્ય. અરે! ભગવાન! એ રતનચંદજી એમ કહે છે. એમ કે મુનિનું નહિ આચાર્યનું. બાપા! મુનિનું શું સમકિતનું વાક્ય માન્ય છે. એ આ ચર્ચામાં નથી નાખ્યું? પંડિતજીએ નાખ્યું છે. ઓલા લોકો કહે આચાર્ય. આ તો કહે નહિ. પૂર્વના પુરુષો પંડિત થઈ જાય એનું પણ અમારે માન્ય છે. લખ્યું છે શું કહેવાય? ખાણિયા ચર્ચામાં. ખાણિયા ચર્ચામાં પંડિતજી! તમે લખ્યું છે એમાં કે આચાર્યનું માન્ય છે, મુનિઓનું માન્ય છે, પૂર્વના પંડિતોનું પણ માન્ય છે. એમાં નાખ્યું છે. ઓલી ખાણિયા ચર્ચામાં. ખબર છે. સત્ય હોય તે... આહા..હા..! એક બાળક પણ આઠ વર્ષનો સમકિતી કહે તો એ પણ માન્ય છે. આહા..હા..! આ તો સહજ વસ્તુ છે. આહા..હા..! અરે! એની કોઈ દિ' દરકાર કરી નથી. એની મોટપ એને ભાસતી નથી. મોટપ એને રાગ અને પૈસા ને ધૂળની મોટપ ભાસે છે મૂઢપણામાં. આહા..હા..!

**શ્રોતા :-** આપ પણ પૈસાના વખાણ કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજી અપેક્ષાએ વાત છે. બીજા કોઈ સાધારણ રળતા હોય તો એને આ વધારે રળવાવાળા છે માટે ગર્વ કરીશ નહિ એમ બતાવવા માટે છે. સમજાય છે? હેતુસર વાત આવે દરવખતે. અબજોપતિ આ છે. હવે તું બે, પાંચ, દસ લાખનો આસામી. શેનો ગર્વ કરે છો? અબજોપતિ બિચારા ભિખારા જેવા પડ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ઠીક છે આપે ચોખવટ કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જુઓને અબજોપતિ નથી અત્યારે એની વહુ? શાંતિલાલ ખુશાલ ગોવા-ગોવા. આપણા દશાશ્રીમાળી વાણિયા છે. બે અબજ ચાલીસ કરોડ ૨૪૦ કરોડ રૂપિયા. મરી ગયો દસ મિનિટમાં વર્ષ પહેલાં. અને સવા વર્ષથી વહુ અસાધ્ય પડી છે. અસાધ્ય છે. ૪૦ લાખના બંગલા, ૧૦-૧૦ લાખના બંગલામાં. બે અબજ ચાલીસ કરોડ. મહિનાનો પંદર હજારનો ખર્ચ છે એક બાઈનો.. ગૃહસ્થ માણસ છેને. એને શું કહેવાય તમારી? નર્સ ને ફર્સને. એવું રાખે અને ખોરાક આપે. એક દિવસનો પાંચસોનો ખર્ચ છે. એ હમણા પોપટભાઈ કહેતા હતા. મહિનાના પંદર હજારનો. સવાવર્ષથી પડી છે બેસાધ્યા. હવે તારા ધૂળને બાહ્ય મકાન-બકાન ક્યાં આવ્યા એમાં? આહા..હા..!

અહીં તો ત્રણલોકના નાથમાં મુક્તિ પણ નથી. ગજબ વાત છે. આહા..હા..! એવું ચૈતન્ય

ગંજ પડ્યો છે મોટો અંદર પ્રભુ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! તને પર્યાયની મોટપ આવે છે, પણ એવા પર્યાય જેમાં નથી એની મોટપ તને સૂઝતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન સિદ્ધપદ પણ એક સમય રહે છે. બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું. પરિણમન છેને એ તો? આહા..હા..! એના તને માહાત્મ્ય આવે, પણ એ જે વસ્તુમાં છે જ નહિ એવી ત્રિકાળી અખંડાનંદ પ્રભુ. આહા..હા..! એમાં તને નિર્ણય આવતો નથી 'હું આ પરમાત્મા છું.' આહા..હા..! કે મારી ચીજમાં સિદ્ધપદ ને સંસારપર્યાય નથી, નથી જ! આહા..હા..! સમજાય છે કાંઈ? બહુ કળશ સરસ આવ્યો છે.

આમાં શું કહ્યું જુઓને, **'નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ. આ બુધપુરુષોનો નિર્ણય છે.'** જ્ઞાનીઓનો આ નિર્ણય છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુજાનલમજી! આહા..હા..!

**શ્રોતા :-** માથે કાંઈ બોલવાનું રહેતું જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું બોલવાનું રહે આમાં? આહા..હા..! કહો, નવલચંદભાઈ! કહે છે, એમાં કેવળજ્ઞાન નથી અંદર. આહા..હા..! આવો જ્ઞાનીઓનો નિર્ણય છે. આહા..હા..!

**શ્રોતા :-** કેવળજ્ઞાન... કેવળજ્ઞાન નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેવળજ્ઞાન પર્યાય પર્યાયમાં રહિ. એ વસ્તુમાં નહિ. વસ્તુ તો અનંતગુણનો ગંજ પુંજ છે મોટો. એવી અનંતી-અનંતી પર્યાય જેની એક ગુણમાં અનંતી શક્તિરૂપે પડી છે. અનંતી-અનંતી. હવે એ પર્યાય ક્યાં રહી? આહા..હા..! ગુણરૂપે હોં. પર્યાય અંદર પર્યાયરૂપે નથી, ગુણરૂપે છે. આહા..હા..! અરે! પોતે પ્રભુ આવડો છે એનું એને માહાત્મ્ય મોટપ દેખાતી જ નથી. એને મોટપ કા ધૂળની, બાયડીની, છોકરાની, આબરૂની, બે, પાંચ, દસ લાખ રૂપિયા ધૂળ પચાસ કરોડ, બે કરોડ થાય (ત્યાં) 'અમે મોટા થયા.' ભિખારા છે. મોટા ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભિખારા કેમ કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરને માગે છે એ. પોતાની લક્ષ્મીની એને ખબર નથી. માગણ છે માગણ, ભિખારી. લાવો પૈસા, લાવો આબરૂ, આ લાવો. માળા મોટો ભિખારી છો. અંદર પડ્યું છે.

**શ્રોતા :-** પણ એના વિના ચાલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના વિના જ ચાલે છે બધાને. આહા..હા..!

**'આ બુધપુરુષોનો નિર્ણય છે.'** જુઓ, આવ્યું. સમ્યગ્દર્શન ... જ્ઞાનીઓનો આ નિર્ણય ત્રણે કાળના જ્ઞાનીઓ. આહા..હા..! એનો આ નિર્ણય છે કે વસ્તુ વસ્તુ ત્રિકાળ જે સમ્યગ્દર્શનનો વિષય એમાં સિદ્ધ પર્યાય અને સંસાર પર્યાય નથી, નથી. એ નિર્ણય કરેલી પર્યાય એમાં

નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ તો એક દિગંબર સંતોની લ્હાણી! આ લ્હાણી કરે છે લ્હાણી. આહા..હા..! એ ૧૮ ગાથા થઈ. ૧૯.

दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।
पज्जयणयेण जीवा संजुत्ता होंति दुविहेहिं।।१९।।
**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉકત પર્યાયોથી છે સંયુકત પર્યાયાર્થિકે. ૧૯.**

આહા..હા..! એનો અન્વયાર્થ લ્યો થોડો પહેલો. '**દ્રવ્યાર્થિક નયે...**' એટલે કે ત્રિકાળી દ્રવ્યનું જેને પ્રયોજન છે તે નયે. '**જીવો પૂર્વકથિત પર્યાયથી વ્યતિરિક્ત છે;...**' એ પર્યાય ઓલી કારણપર્યાયમાં ન લેવી. શુદ્ધ કારણપર્યાય આ દ્રવ્યાર્થિકનયમાં જે વ્યતિરેક કીધી એ ન લેવી. એ તો દ્રવ્યાર્થિકનયનો જ વિષય છે. પણ બીજી જે પર્યાયો છે એ પર્યાયથી વ્યતિરેક દ્રવ્ય છે એમ કહ્યું. સમજાણું કાંઈ? નહિતર શુદ્ધ કારણપર્યાય આવી ગઈ છે. અને શુદ્ધ કારણપર્યાય દ્રવ્યાર્થિકનયનો વિષય છે. એ પર્યાયનયનો વિષય નહિ. આહા..હા..! આ ચર્ચા થઈ ગઈ છે પહેલી. કારણ કે બેની પર્યાયના ભેદ આવી ગયા છે. શુદ્ધ કારણપર્યાય તો એ પર્યાયરહિત છે દ્રવ્ય એમ કીધું અહીં દ્રવ્યાર્થિકનયે?-ના. સમજાણું કાંઈ? આ તો સંસારની પર્યાય અને સિદ્ધની પર્યાય ઉત્પાદ-વ્યયવાળી એ પર્યાયોથી દ્રવ્યાર્થિકનયે રહિત છે જીવ. સમજાણું કાંઈ? આ પહેલું વંચાણું તે દિ' આ ચર્ચા થઈ ગઈ છે. ભાઈ! આ શુદ્ધ કારણપર્યાય આવી ગઈ છે અને વ્યંજનપર્યાય આવી ગઈ છે, અર્થ પર્યાય આવી ગઈ છે, સિદ્ધ બધું આવી ગયું છે.

એ અહીં કહે છે '**દ્રવ્યાર્થિકનયે જીવો પૂર્વકથિત પર્યાયોથી વ્યતિરિક્ત છે;...**' એ ઉત્પાદ-વ્યયની પર્યાય. સમજાણું કાંઈ? એ વખતે ચર્ચા થઈ ગઈ હતી. કહ્યું હતું. .. આહા..હા..! '**પર્યાયોથી વ્યતિરિક્ત છે; પર્યાયનયે જીવો તે પર્યાયથી સંયુક્ત છે.**' વર્તમાનનયને જોનારી પર્યાયનય એનાથી '**જીવો તે પર્યાયથી સંયુક્ત છે. એ રીતે જીવો બન્ને નયોથી સંયુક્ત છે.**'

'**ટીકા :- અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.**' જોયું, બન્ને નયોનું સફળપણું. બેય નયોનો વિષય છે. જ્ઞાન કરવું છેને. આહા..હા..! પર્યાયનયે પર્યાય છે. દ્રવ્યનયે અને ત્રિકાળની અપેક્ષાએ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય નથી એમ નહિ અને પર્યાયને અસત્યાર્થ કીધી ૧૧મી ગાથા. '**ववहारोऽभूदत्थो**' જેટલો પર્યાયમાત્રથી અસત્ છે એમ કીધું ત્યાં. સમજાણું કાંઈ? ૧૧મી ગાથા. તો ત્યાં તો સદ્‌ભૂતવ્યવહારનયનો કેવળજ્ઞાનનો વિષય. સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય કેવળજ્ઞાન એને ત્યાં અસત્ કીધી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ પરદ્રવ્ય કીધી હતી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી પછી. આ તો આ આમ. એ તો પર્યાય છે એને પર

દ્રવ્ય કહ્યું. એ વળી જુદું. પણ આ તો પર્યાય છે એ કેવળજ્ઞાનાદિ એને અસત્યાર્થ કહ્યું છે. એમ કીધું. અત્યારે તો એ વાત લેવી છેને. અસત્યાર્થ કેમ? કે ત્રિકાળીને સત્યાર્થ કરીને દૃષ્ટિનો વિષય બતાવવો છે અને જેમાં દૃષ્ટિની પ્રયોજનતા સિદ્ધ થાય છે. એથી પર્યાયમાત્ર વ્યવહાર કહી, ગૌણ કરી, વ્યવહાર કહીને અસત્યાર્થ કીધી. પણ પર્યાય તરીકે પર્યાય નથી એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ભગવાન અર્હત્ પરમેશ્વરે બે નયો કહ્યા છે :'** જોયું? ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર જિનેશ્વર ભગવાને તો બે નય કહ્યા છે. બે ચક્ષુએથી દેખવું-જોવું. પ્રવચનસારમાં આવે છેને. બે ચક્ષુ છે. **'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.'** આ બે નય. હવે ઈ દ્રવ્યાર્થિક એટલે શું? અને પર્યાયાર્થિક એટલે શું? **'દ્રવ્ય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે...'** છે? દ્રવ્ય-અર્થિક. ત્રિકાળી દ્રવ્ય જેનું પ્રયોજન છે તે દ્રવ્યાર્થિક. આવું દ્રવ્યાર્થિકનય અને પ્રયોજન કોઈ દિ'... ઓલું તો એકેન્દ્રિય, બેન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચો ઈન્દ્રિયા મિચ્છામી દુક્કડમ જાઓ. તસ્સઉતરી કરણેણં તાવકાયં... કાંઈ ખબર ન મળે. ગડિયા હાંકે જાય.

**શ્રોતા :-** મિચ્છામી દુક્કડમ થયુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી મિચ્છામી દુક્કડમ. મિચ્છામી દુક્કડમ ક્યારે થાય? કે સત્ય વસ્તુ ત્રિકાળી છે એ નજરમાં આવે ત્યારે પર્યાયને જે સત્ય માની હતી દોષને એને મિથ્યાત્વ થાય. એ મિથ્યાત્વ જૂઠું છે મારામાં છે નહિ. આહા..હા..! આ તો ગડિયા હાંકે જાય તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં... અપ્પાણં વોસરે. જાઓ. કાંઈ ભાન ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં કહે છે, ભગવાન અર્હંત પરમેશ્વરે આહા..હા..! ભગવંત અર્હંત પરમેશ્વરેણ. સંસ્કૃતમાં છે. ભગવાન અર્હંત પરમેશ્વરે બે નયો કહ્યા છે. જ્ઞાનના બે અંશો કહ્યા છે. એક દ્રવ્યાર્થિકનયજ્ઞાન અને એક પર્યાયાર્થિકનયજ્ઞાન. આહા..હા..!

**'દ્રવ્ય જ જેનો...'** દ્રવ્ય એટલે આ જુઓ આ પૈસા નહિ હોં. આ દ્રવ્ય એટલે વસ્તુ. એક જણો આવ્યો હતો. ઓલું 'દ્રવ્યદૃષ્ટિ એટલે (સમ્યક્)દૃષ્ટિ' છેને ત્યાં? સમકિતદૃષ્ટિ. થાનના એક છે માણેકચંદભાઈ હતા. દેરાવાસી જૈન. મહારાજ! આ દ્રવ્ય એટલે સમકિત દૃષ્ટિ ક્યાંથી આવ્યું? એ જાણે કે અહીં એના વેવાઈ નાનાલાલભાઈ ને કરોડપતિઓ. બધા અહીં આવનારા. એટલે આ બધા દ્રવ્યદૃષ્ટિ એટલે શું? પૈસાવાળા એટલે સમ્યગ્દૃષ્ટિ? અરે! માણેકચંદભાઈ! તમે આ જૈનમાં જન્મ્યા અને ખબર ન મળે? એ દ્રવ્ય એટલે પૈસાની વાત છે અમારે? દ્રવ્ય એટલે આ આત્મા. જે ત્રિકાળી 'દ્રવ્યતિ ઈતિ દ્રવ્યં' પર્યાયને દ્રવે એવું જે દ્રવ્ય. આહા..હા..! સમજાય છે કાંઈ? આ થયેલું છે. થાનવાળા છેને. માણેકચંદભાઈ છે. .. છે ત્યાં. બિચારા આવ્યા. ત્યાં ઓલું માથે લખેલું વ્યાખ્યાનમાં. હવે વળી આમ આવ્યું છે. સામે હતું વ્યાખ્યાનમાં. 'દ્રવ્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ' દ્રવ્ય એટલે પૈસાવાળા સમ્યગ્દૃષ્ટિ? આ કાંઈ ખબર ન મળે. બિચારા બે ઘડી જાય. જે-તે સાંભળે ઓલું માથે દીધે રાખે ઈ. અને હા કરીને ચાલી નીકળ્યા.

હા કરીને ચાલી નીકળ્યા એમ. આહા..હા..! વાણિયા સંસારના વેપાર કરવામાં તો બરાબર કચાશ કરી-કરીને મેળ કરીને કરે. અહીં કાંઈ ન મળે. ધર્મ કોને કહેવો અને કેમ થાય? એ તો આંધળે આંધળું હાંકો.

**શ્રોતા :-** ધર્મ તો ગઢપણમાં કરવાનો હોય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ તો ત્રણે કાળે કરવા જેવો છે. ઘડપણ-ફડપણ એ તો દેહની અવસ્થા માટીની છે. આત્મા ઘરડો કે દિ'? વૃદ્ધ કે દિ'? રોગી કે દિ'? નિરોગી ઈ ક્યાં છે એ તો? આહા..હા..! એ તો સ્ત્રી ક્યાં છે? પુરુષ ક્યાં છે? તિર્યંચ ક્યાં છે? એ તો પ્રભુ છે ત્રિકાળ આનંદકંદ. આહા..હા..! એવા ત્રિકાળી વસ્તુને જે જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળીનું છે તેને દ્રવ્યાર્થિક કહેવામાં આવે છે.

'**પર્યાય જ જેનો અર્થ એટલે પ્રયોજન છે તે પર્યાયાર્થિક છે.**' જે નય વર્તમાન અવસ્થાને જાણવાનું કામ કરે તે પર્યાયાર્થિક. બે નય છે. સમજાણું કાંઈ? '**એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી...**' જોયું? એનો અર્થ એવો નથી કે બે નયનો ઉપદેશ છે એ બેય આદરણીય છે અને આશ્રય કરવા જાય, એમ નહિ. જ્ઞાન કરવાની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એવો નહિ કે સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય પણ છે અને પર્યાય પણ ભેગી છે, એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો દ્રવ્ય છે અને પર્યાય છે. બેયને જાણવાની નય છે. એ બે નયનો ઉપદેશ ભગવાનનો છે. આહા..હા..! વેદાંતવાળા પર્યાય નથી એમ કહે. બૌદ્ધવાળા પર્યાયને જ આત્મા કહે, ત્રિકાળીને ન કહે. બેય જૂઠી વાત છે. આ તો પરમેશ્વર, જિનેશ્વરદેવ ત્રિલોકનાથ વસ્તુને જોનારી નયને દ્રવ્યાર્થિકનય કહે છે, પર્યાયને અવસ્થાને જોનારીને પર્યાયનય કહે છે.

'**એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી, પણ તે બન્ને નયોને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય છે.**' એનો અર્થ એવો નથી કે બન્ને નયનો વિષય છે તે આદરણીય છે. જાણવાની વાત કીધી. આહા..હા..! બે નય વિરોધ છે. આવશે. ઉભયનય વિરોધ ધ્વંસનિ. કળશમાં હમણા આવશે માથે. સમયસારનો આધાર આપશે. '**એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી...**' એકલો જ દ્રવ્યાર્થિકનો વિષય કરે અને પર્યાયનો વિષય નથી જ એમ માને એ ઉપદેશ જાણવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સત્તાગ્રાહક (-દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા)...**' જુઓ, ઓલું સમુચ્ચય હતુંને. દ્રવ્યનો જેને પ્રયોજન એ દ્રવ્યાર્થિક. હવે કહે છે એ દ્રવ્ય એટલે શું? સત્તાગ્રાહક-દ્રવ્યના હોવાપણાનું જાણનાર. દ્રવ્ય ... ત્રિકાળ ભગવાન, એને ગ્રહણ કરનાર '**શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...**' આહા..હા..! '**પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.**' વ્યંજનપર્યાયથી મુક્ત જીવ કે સંસારી જીવ એ સમસ્ત જાવરાશિ પર્યાયથી જુદો છે. '**શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...**' એ વિશેષ કહેવાશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૨, ગુરુવાર, તા. ૨૯-૦૧-૧૯૭૬
## ગાથા-૧૯, પ્રવચન નં.૧૬૫

**'એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી...'** એક જ નયને અવલંબતો 'દ્રવ્ય છે અને પર્યાય નથી, પર્યાય જ છે અને દ્રવ્ય નથી' એવો એક નયનો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે દ્રવ્યમાં પર્યાય ભેળવી દેવી અને પર્યાયમાં દ્રવ્ય ભેળવવું.

**શ્રોતા :-** એના વિના પ્રમાણજ્ઞાન થાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો બેને એક સાથે જાણવું એ પ્રમાણજ્ઞાન છે. દ્રવ્યમાં ભેળવવું એમ નથી કાંઈ. દ્રવ્ય જે ત્રિકાળી ચૈતન્ય ગંજ પ્રભુ એ તો દ્રવ્ય તો શુદ્ધ જ છે તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે, પણ એ દ્રવ્યાર્થિકનયના વિષયમાં વળી પર્યાય પણ નાખી દેવી એવો સ્યાદ્વાદ માર્ગ નથી. દ્રવ્યાર્થિકમાં તો દ્રવ્ય જ ત્રિકાળ આવે અને પર્યાયનયના વિષયમાં વર્તમાન અવસ્થા આવે. આ વસ્તુનું સ્વરૂપ છે. સર્વજ્ઞ સિવાય આ વાત કોઈએ જાણી નથી, તેથી બે નયનો અધિકાર એમાં નથી.

**'પણ તે બન્ને નયોને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય છે.'** ત્રિકાળી દ્રવ્યને પણ જણાવે અને પર્યાયને પણ જણાવે. આદરણીય ત્રિકાળી છે તે, પણ પર્યાય છે તે જાણવાલાયક છે એમ ખરી. સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ જે જ્ઞાયક છે તે ઉપાદેય છે. પર્યાય છે તે હેય છે, પણ છેને? આહા..હા..! **'બન્ને નયોને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય છે.'** હવે બેની વ્યાખ્યા કરે છે. **'સત્તાગ્રાહક (-દ્રવ્યની સત્તાને...'** વસ્તુ... વસ્તુ... વસ્તુ... ત્રિકાળ હોવાપણાને ગ્રહણ કરનારા. **'શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...'** શુદ્ધદ્રવ્યના પ્રયોનને કારણે. **'પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી...'** પૂર્વોક્ત કોણ કહી હતી વ્યંજનપર્યાય? અહીં નારકી, મનુષ્ય, દેવગતિ આદિ એ ચારને વ્યંજનપર્યાય કીધી. સિદ્ધને વ્યંજનપર્યાય આ નથી. એથી વ્યંજનપર્યાય ગણી નથી. સમજાણું કાંઈ? સિદ્ધમાં વ્યંજનપર્યાય આ ચાર ગતિની છે એ નથી. તેથી એને વ્યંજનપર્યાય નથી એમ કીધી છે, પણ એની દ્રવ્યની પર્યાય જે છે શુદ્ધ એ નથી એમ નહિ. અહીં ચાર ગતિની પર્યાયને વ્યંજનપર્યાય કહેવામાં આવી છે. એ ચાર ગતિની વ્યંજનપર્યાય સિદ્ધમાં નથી. સમજાણું કાંઈ?

જુઓ, **'પૂર્વોક્ત વ્યંજન પર્યાયોથી મુક્ત...'** એટલે સંસારી **'તેમ જ અમુક્ત (-સિદ્ધ તેમ જ સંસારી) સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.'** સિદ્ધના જીવ કે સંસારીના જીવ વ્યંજનપર્યાય જે ચાર છે એનાથી તો દ્રવ્યાર્થિકનયની અપેક્ષએ મુક્ત

છે. સમજાણું કાંઈ? **'કેમ?'** **'सव्वे सुद्धा हु सुद्धणया'** આ દ્રવ્યસંગ્રહમાં. **'(શુદ્ધનયે સર્વ જીવ ખરેખર શુદ્ધ છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી.'** શુદ્ધનયે તો દરેક જીવ સંસારી કે સિદ્ધ, અભવિ કે નિગોદ. શુદ્ધ છે, ચૈતન્યઘન છે. **'વિભાવવ્યંજનપર્યાયાર્થિકનયના બળે...'** વિભાવવ્યંજનપર્યાય. એટલે આ નારકી, મનુષ્ય, ચાર ગતિની પર્યાયને વિભાવવ્યંજનપર્યાય કહી છે. એવા વિભાવ્યંજનપર્યાયના બળે **'સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે.'** 'સિદ્ધ પણ વ્યંજનપર્યાયથી સંયુક્ત છે' એક નયે એમ કહી શકાય. ભૂતકાળની અપેક્ષાએ. સમજાણું કાંઈ?

કહ્યું જુઓ, **'વિભાવવ્યંજનપર્યાય...'** એટલે ચાર ગતિના જીવની આકૃતિની પર્યાય અશુદ્ધ. એ પર્યાય **'નયના બળે સર્વ જીવો....'** સિદ્ધ અને સંસારી બધા જીવો. **'(પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે. વિશેષ એટલું કે સિદ્ધ જીવોને અર્થપર્યાયો સહિત પરિણતિ છે,...'** વર્તમાન. સિદ્ધને વ્યંજનપર્યાય ચાર ગતિની છે ઈ ગણી નથી, ત્યાં નથી. ભૂતકાળની અપેક્ષાએ કહેવામાં આવશે એમ. સમજાણું કાંઈ? **'વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે સર્વ જીવો...'** સંસારી કે સિદ્ધ બધા એ વ્યંજનપર્યાય જે અશુભ છે નારકી, મનુષ્ય, ચાર ગતિની એવી વ્યંજનપર્યાયસહિત સિદ્ધ પણ સહિત છે. **'વિશેષ એટલું કે-સિદ્ધ જીવોને અર્થપયર્યાયો સહિત પરિણતિ છે, પરંતું વ્યંજનપર્યાયો સહિત પરિણતિ નથી.'** ચાર ગતિની જે વિભાવિકવ્યંજનપર્યાય તે સિદ્ધમાં નથી. **'કેમ? સિદ્ધ જીવો સદા નિરંજન હોવાથી.'** જીવો સદા શુદ્ધ હોવાથી.

**'(પ્રશ્ન :)'** હવે. અથડાણો પ્રશ્ન બેમાં. પહેલા કહ્યું કે સર્વ જીવો વિભાવવ્યંજનપર્યાયસહિત છે અને અહીં કહ્યું કે સિદ્ધ જીવોને વ્યંજનપર્યાયસહિત નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? કે દ્રવ્યાર્થિકનયના વિષયે તો સર્વ જીવો પર્યાયરહિત છે. પર્યાયનયના વિષયે સર્વ જીવો પર્યાય, વ્યંજનપર્યાયસહિત છે. વળી કહ્યું કે વિભાવવ્યંજનપર્યાય સિદ્ધને નથી. એને અર્થપર્યાય એટલે અગુરુ-લઘુ આદિની છે. વ્યંજનપર્યાય ચાર ગતિની આકૃતિની પર્યાય નથી. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો. સમજાય છે કાંઈ આમાં? **'જો સિદ્ધ જીવો સદા નિરંજન છે તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે...'** એમ પહેલું તમે કહ્યું છે. સમજાણું કાંઈ? પહેલું તો એમ કહેવામાં આવ્યું છે કે બધા જીવો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયેથી સંયુક્ત જ છે. અરે! આવું બધું શીખવું. **'(અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે)...'** એમ આપે તો પહેલું કહ્યું. વળી અહીં તમે કહ્યું કે એને વિભાવવ્યંજનપર્યાય જ નથી. શુદ્ધઅર્થપર્યાય જ છે. એ તો વિરોધ આવ્યો.

પહેલું તમે કીધું કે સિદ્ધ અને બધા જીવોને વિભાવવ્યંજનપર્યાય અને દ્રવ્યાર્થિકનયનો વિષય બેય છે. આહા..હા..! પકડાય છે? સમજાય છે? વળી અહીં તમે કહ્યું કે વિભાવ વ્યંજનપર્યાયો એને નથી. વર્તમાન સિદ્ધને અર્થપર્યાય છે અનંતગુણ, પણ હવે આકૃતિની

વિકારી, ચાર ગતિને જે વિકારીવ્યંજનપર્યાય ઈ એને નથી. **'કેમ? સિદ્ધ જીવો સદા નિરંજન હોવાથી.'** એ તો શુદ્ધ છે એમ કહેવું છે. ચાર ગતિની પર્યાયને જ અહીંયાં વિકારીવ્યંજનપર્યાય ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? એ સિદ્ધમાં નથી. અને પહેલું કહ્યું કે બધા જીવો સંસારી અને સિદ્ધ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય સંયુક્ત છે. પહેલું તો એમ કહ્યું હતું. અને અહીં તમે કહો છો કે એ સિદ્ધને અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયો હોય નહિ. એ ત વિરોધ આવ્યો. હવે આ બધું કોણ વિચારે? સમજાય છે કે નહિ?

**શ્રોતા :-** આવે તો છે, પણ તમે સમજાવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને? અહીં તો પ્રશ્ન કેમ ઉઠ્યો? કે ગાથામાં તો એમ કહ્યું. છે?

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।**
**पज्जयणयेण जीवा संजुत्ता होंति दुविहेहिं।।१९।।**

પર્યાયાર્થિકનયે બધા જીવો વ્યંજનપર્યાય અને અર્થપર્યાયસહિત છે. વળી અહીં તમે કહો કે સિદ્ધને વ્યંજનપર્યાય વિભાવસહિત નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જો સિદ્ધ જીવો સદા નિરંજન છે...'** શુદ્ધ જ છે **'તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે...'** એમ આપે કહ્યું હતું. **'(અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે) એવો સૂત્રાર્થ (ગાથાનો અર્થ) વ્યર્થ ઠરે છે.'** સમજાણું કાંઈ? આપે એમ કહ્યું કે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયસહિત બધા જીવો છે. તો એમાં તો વ્યંજનપર્યાયસહિત પણ આવી ગયા. સિદ્ધ જીવો પણ વ્યંજનપર્યાયસહિત આવ્યા. વળી અહીં તમે કહો કે સિદ્ધપર્યાય અને વ્યંજનપર્યાય નથી, એને અર્થપર્યાય છે. આ તો વિરોધ આવ્યો. છેને? **'એવો સૂત્રાર્થ વ્યર્થ ઠરે છે.'** સૂત્રના પાઠમાં તો એમ છે. દ્રવ્યાર્થિકનયે અને પર્યાયાર્થિકનય બધા જીવો સંયુક્ત છે. તો એમાં તો વિભાવવ્યંજન પર્યાયસહિત સિદ્ધ પણ છે. એમ આવી ગયું હતું. સમજાણું આમાં? બાબુભાઈ!

અહીંયાં વ્યંજનપર્યાય, નારકી ચાર ગતિની વિભાવિકવ્યંજનપર્યાયને લેવી છે. હવે પહેલામાં દ્રવ્યાર્થિકનયે ત્રિકાળી બધા જીવો દ્રવ્યથી અખંડ અભેદ છે અને પર્યાયનયે તેની બધી પર્યાયોસહિત છે. પર્યાયનયે બધા જીવો પર્યાયનયથી સહિત છે. તેમાં વિભાવવ્યંજનપર્યાય પણ આવી ગઈ. સમજાણું કાંઈ? વળી અહીં તમે કહો છો કે વ્યંજનપર્યાયો .. નથી સિદ્ધને. કેમકે એ બધા શુદ્ધ છે. વળી તમે કાઢી નાખી કે વ્યંજનપર્યાય છે નહિ સિદ્ધને. સમજાણું કાંઈ આમાં? પોપટભાઈ!

**શ્રોતા :-** ભૂતનૈગમનયે કીધું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પછી આવશે હવે. આહા..હા..! પહેલું પ્રશ્ન કેમ ઉઠ્યો? કે તમે એમ જ કહ્યું હતું કે આ બધા આત્માઓ શુદ્ધદ્રવ્યાર્થિકનયે શુદ્ધ છે અને પર્યાયાર્થિકનયે

બધા જીવો પર્યાયવાળા છે. તો એ પર્યાયવાળા છે એમાં તો વ્યંજનપર્યાયવાળા પણ બધા જીવો આવી ગયા. અને અહીં તમે કહો છો કે સિદ્ધને અશુદ્ધવ્યંજનપર્યાય નથી. આ તો સૂત્રાર્થ વ્યર્થ ઠરે છે. સૂત્રમાં બધા જીવો પર્યાયસહિત છે એમાં વ્યંજન વિભાવિકપર્યાયસહિત પણ સિદ્ધ આવી જાય છે. તો આ તમે ના પાડો છો તો એ સૂત્રનો અર્થ વ્યર્થ ઠરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'(ઉત્તર :- **વ્યર્થ નથી** ઠરતો કારણ કે—) **નિગમ એટલે વિકલ્પ; તેમાં હોય તે નૈગમ.**' નીચે છે. '**જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે** (અથવા કહે), **ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે** (અથવા કહે), **અથવા કંઈક નિષ્પન્નતાયુક્ત અને કંઈક અનિષ્પન્નતાયુક્ત...**' થોડુંક બાકી હોય. એને '**વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે** (અથવા કહે), **તે જ્ઞાનને** (અથવા વચનને) **નૈગમનય કહે છે.**' તે નૈગમનયના બળે સિદ્ધને પણ વ્યંજનપર્યાય સાબિત થાય છે. ભૂતકાળમાં હતીને. સમજાણું કાંઈ? અરે! આવું.

**શ્રોતા :-** એમાં પ્રયોજન એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રયોજન. પર્યાય વિકારી અને અવિકારી બેય સંસારીને છે. એક વ્યંજનપર્યાય છે એ તો વિકારી છે. બીજી પર્યાય અર્થપર્યાય અગુરુ આદિ નિર્વિકારી છે. સિદ્ધને નિર્વિકારી એકલી પર્યાય છે. કઈ અપેક્ષાએ? આ નારકીની વ્યંજનપર્યાયના અભાવની અપેક્ષાએ. પણ વળી પાછું કહ્યું કે બધા જીવો પર્યાયાર્થિકનયે પર્યાયવાળા છે. તો એ વિભાવિક વ્યંજનપર્યાય પણ એમાં આવી છે. ચંદુભાઈ! સમજાણું આમાં? આ કારણ છે. દ્રવ્ય વસ્તુ અને એની શુદ્ધઅર્થપર્યાય અને અશુદ્ધવ્યંજનપર્યાય એ દ્રવ્ય અને પર્યાય જે માને એને હોય, એવી વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય બીજે છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યારે તમે તો એમ જ કહ્યું કે બધા જીવો અભવિ હો, ભવિ હો, સિદ્ધ હો, સંસારી, બધા જીવો દ્રવ્યાર્થિકનયે, સત્તાગ્રાહકનયે તે એકરૂપ વસ્તુ છે અને પર્યાયનયે બધા જીવો પર્યાયસહિત છે. તો પર્યાયસહિત છે એમાં કાંઈ તમે વિભાવવ્યંજનપર્યાયરહિત છે એમ નહોતું કહ્યું. ત્યાં તમે કહ્યું કે પર્યાયનયે વિભાવવ્યંજનપર્યાયસહિત છે અને અર્થપર્યાયસહિત બધું કહ્યું હતું. આહા..હા..! સુમનભાઈ! આ તમારા તેલમાં આવું કાંઈ આવે નહિ. અહીંયાં સિદ્ધ શું કરવું છે કે જીવદ્રવ્ય વસ્તુ છે એ પર્યાયનયનો વિષય નહિ. એ દ્રવ્યાર્થિક, દ્રવ્ય આખો એનો વિષય. હવે એની પાછી પર્યાય બે પ્રકારે છે. એક અર્થપર્યાય અને વ્યંજનપર્યાય. અર્થ એટલે? આકૃતિની પર્યાય સિવાયની બધા ગુણોની પર્યાય તે અર્થપર્યાય અને એક વ્યંજનપર્યાય તે વસ્તુસ્થિતિ છે. એથી એક નયે એમ કહ્યું કે બધા જીવો દ્રવ્યાર્થિકનયે અને પર્યાયાર્થિકનયે બેય નયસહિત છે. ત્યાં તો પર્યાયનયે સિદ્ધપણ અર્થપર્યાય અને વ્યંજનપર્યાયસહિત આવી ગયા એમાં. અને અહીં તમે કહો છો કે સિદ્ધને વ્યંજનપર્યાય મેલી નથી. કેમકે એ તો શુદ્ધ

છે. તમારા સૂત્રનો અર્થ વ્યર્થ ઠરે છે. પહેલું પર્યાયનયે બધા જીવો પર્યાયસહિત છે એમ તો તમે કહ્યું હતું. વળી અહીં ના પાડો છો કે સિદ્ધને વ્યંજનપર્યાય અશુદ્ધ છે નહિ. ન્યાય સમજાય છે? આહા..હા..! ત્યારે કહે છે કે બાપુ! નૈગમનયે કહ્યું. સિદ્ધને વર્તમાન વ્યંજનપર્યાય ચાર ગતિની મલિન નથી, પણ પૂર્વે હતી. પૂર્વે હતી એમ ગણીને એને વ્યંજનપર્યાયસહિત કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

દ્રવ્ય વસ્તુ શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે સત્તાગ્રાહ કીધું. એની સત્તા પૂરી આખી, એ પણ છે બધાને અને પર્યાયનયે વ્યંજનપર્યાય મલિન અને અર્થપર્યાયસહિત બધા જીવો છે. એમ આપે પહેલું કહ્યું. આહા..હા..! વળી અહીંયાં તમે ના પાડો છે કે સિદ્ધને વ્યંજનપર્યાય નથી. પહેલા કહ્યું હતું કે બધી પર્યાયસહિત બધા જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં દ્રવ્ય અને પર્યાય એનું અસ્તિત્વ જ્યાં જ્યાં જેમ જેમ છે તેને સિદ્ધ કરવું છે અને જેમાં નથી એને પણ પૂર્વની અપેક્ષાએ કહીને એને વ્યંજનપર્યાય છે એમ કહેવી છે. સમજાણું કાંઈ? કેમકે સિદ્ધ થયા એ પહેલા સંસારી હતા ત્યારે વ્યંજનપર્યાય એને હતી એ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! અને એ વ્યંજનપર્યાય અત્યારે છે એમ નૈગનનયે કહેવામાં આવે છે. આહા..હા..! આવું અટપટું ખાતું. ઓલા તો ઈશ્વર એક છે એને ભક્તિસહિત ભજો, જાઓ. કારણ કે સર્વવ્યાપક એક આત્મા છે એમ માનો એટલે મુક્તિ થઈ ગઈ, લ્યો! ઓલા કહે ભગવાનની ભક્તિ કરો, વ્રત પાળો તો મુક્તિ થઈ જાય. એમ નથી કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ એ તો સત્તા એની પૂર્ણ સત્તાને જાણનારી નય એ અપેક્ષાએ તો સર્વ(જીવ) દ્રવ્યાર્થિકનયે શુદ્ધ જ છે, સત્તાપૂર્ણથી, અને પર્યાયનયે અવસ્થા છે. ભલે પૂર્વે થઈ ગઈ, અત્યારે છે અને પછી રહેશે. એટલે પર્યાયો છે. એ પર્યાયનયે બધા જીવો પર્યાયસહિત છે. વિભાવિક વ્યંજનપર્યાય પણ સહિત છે બધા જીવો. તેમાં સિદ્ધ આવી ગયા. અને અહીં પાછા તમે કહો છો કે વ્યંજનપર્યાય સિદ્ધને નથી. એને એક અર્થ પર્યાય જ છે. બધા ગુણોનો અર્થ ઈ છે. આ આમ તો સિદ્ધને પર્યાયરૂપી વ્યંજનપર્યાય છે, શુદ્ધ છે, પણ એ શુદ્ધ અહીં ગણવી નથી. આત્મા છેને? તેની આકૃતિ શુદ્ધ છે એને અહીં ગણવી નથી. ફક્ત એને અશુદ્ધ વ્યંજનપર્યાય ગણીને બધા જીવો આના સહિત છે. સિદ્ધને અશુદ્ધ પર્યાય નથી. સમજાણું કાંઈ? આવા લેખા બધા લખવા, બાપુ! એમાં વાસ્તવિક દ્રવ્યની સ્થિતિ અને પર્યાયની મલિનતા અને નિર્મળતાની સ્થિતિ ક્યાં કેમ છે? પૂર્વે હતી અને અત્યારે નથી અને વર્તમાન ઘણાને ચાર ગતિવાળાને છે એ બધું સ્પષ્ટ-નક્કી કરાવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

છેને? '**ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે),...**' જુઓ, સિદ્ધને એમ કીધી. સિદ્ધને વ્યંજનપર્યાય પૂર્વે વિભાવિક હતી એને નૈગમનયે વર્તમાન છે એમ કહેવામાં આવે. ના પાડી હતી તો વર્તમાનમાં નથી એથી ના પાડી છે, પણ એને

ભૂતકાળમાં હતી એને કહીને વર્તમાનમાં છે એમ નૈગમનયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે,...'** લ્યો! ભવિષ્યમાં શેઠ થવાનો હોય એને અત્યારે કહે. **'અથવા કંઈક નિષ્પન્નતાયુક્ત...'** ચોખા આદિ કાંઈક રંધાણા અને કાંઈક રંધાણા ન હોય થોડા. રંધાણા કહે છેને? એને નૈગમનયે ચોખા કાંઈક પાક્યા અને જરી પાક્યા ન હોય, માણસ તૈયાર બેઠા હોય બધા વાટ જોઈને. તો એને એમ કહે કે બેસી જાવ જમવા ચોખા પાકી ગયા છે. કારણ કે હજી થોડા બાકી છે, પણ એ ભાણે બેઠશે ત્યાં પાકી જશે. સમજાણું કાંઈ? રોટલી પણ ઘણી થઈ ગઈ હોય અને થોડી બાકી હોય તોપણ 'બેસી જાઓ જમવા રોટલી થઈ ગઈ છે બધી' એમ નૈગમનયના સંકલ્પથી કહેવામાં આવે છે. આહા..હા..! જુઓને. એમ કહે છેને પણ અત્યારે? થોડા પાકી ગયા હોય. એક સહેજ મિનિટ, બે મિનિટની વાર હોય. બેસી જાવ ચોખા થઈ ગયા છે. બેસી જાઓ. વાસણ પીરસી દ્યો. એમ જે વસ્તુમાં કાંઈક પ્રાપ્તિ છે અને કાંઈક પ્રાપ્તિ નથી એને વર્તમાન પ્રાપ્તિ છે એમ કહી દે એ નૈગમનય છે. એમ સિદ્ધને વર્તમાનમાં વ્યંજનપર્યાય વિકારી નથી, પણ ભૂતકાળમાં હતી એની ગણીને વર્તમાનમાં છે એમ નૈગમનયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો જિનવચનની બલિહારી છે. સ્યાદ્વાદ વચનો એના જે વસ્તુનું સ્વરૂપ છે એ રીતે સિદ્ધ કર્યું છે. આહા..હા..! કે આ મફતની વાત નથી.

દ્રવ્ય અને પર્યાય—દ્રવ્ય એકરૂપ છે અને પર્યાય ભિન્ન-ભિન્નરૂપ છે, મલિનરૂપ પણ છે, નિર્મળ પણ છે. એ વસ્તુની સ્થિતિ વર્ણવી છે. જિનેશ્વરે નયથી એનું કથન કર્યું છે. આવી વાત જિનેશ્વર સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા..! છેલ્લા કળશમાં કહેશે. અન્યમતના કથનથી તારે શું કામ છે? કહેશે હમણા કળશ. વીતરાગે કહેલો માર્ગ પ્રત્યક્ષ સિદ્ધ છે એનો આશ્રય કરને! આહા..હા..! સમજાણું કાંઈ?

**'નૈગમ. તે નૈગમનય ત્રણ પ્રકારનો છે : ભૂતનૈગમ,... '** ગયા કાળની વર્તમાનને કહે, **'વર્તમાનનૈગમ...'** વર્તમાનમાં ઓછું હોય થોડું પૂર્ણ કહે. **'ભાવીનૈગમ.'** ભવિષ્યમાં થવાનો હોય એને વર્તમાન કહે. **'અહીં ભૂતનૈગમની અપેક્ષાએ... '** લ્યો! છેને? ત્રણની વાત કરી, પણ આ સિદ્ધને આ કેમ કીધી? 'સર્વ જીવો પર્યાયાર્થિકનયસહિત છે' એમ સૂત્રમાં કહ્યું એ કઈ નયથી? કે **'નૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે,... '** ગયા કાળની અપેક્ષાએ એને વર્તમાન વિભાવિકવ્યંજન અને અશુદ્ધપણુ સંભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, છોટાભાઈ! આવું છે. વેપારીને નવરાશ ન મળે. કલાક સાંભળવા જાય અને જે તે મળે પછી જય નારાયણ. એને નિર્ણય કરવાના ઠેકાણા નથી. કોનું સત્ય છે અને કોનું અસત્ય છે એમ નિર્ણય કરવાના વખત ન મળે.

**શ્રોતા :-** ગુરુ કહે એ સત્ય જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ગુરુ ક્યો સાચો છે અને ક્યો ખોટો એની ખબર વિના? આહા..હા..!

**શ્રોતા :-** અમારા બાપ-દાદાના ગુરુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાપ-દાદાના ગુરુ. અહીં બાપ-દાદા ન ચાલે, અહીં તો પરમસત્ય હોય એ ચાલે. પરમસત્ય જે સોળ વલુ સોનું કહે છેને? સોળ વલું. એવું નક્કી થયેલું હોય એ ચાલે. આહા..હા..! એમાં પોણી સો આની પણ દગો હોય કે ઓછું હોય એ માર્ગ નહિ. આ તો સો ટચનું સોનું વીતરાગમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** બાપ-દાદાએ પાળ્યો હોય એ બધો ખોટો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાપ-દાદાને ભાન કે દિ' હતું?

**શ્રોતા :-** એમ વડીલોને કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમારા પિતાજી હતા એ શેઠિયાના દીકરા, રૂપાળું શરીર. પછી ઘસાઈ ગયા. પહેલા તો શેઠિયા કહેવાતા. ઘણા મોટા શેઠના દીકરા. એટલે સવારમાં મોસાળમાં આવેલા પછી ત્યાં મોસાળ પૈસાવાળા. એટલે ગઢડામાં... સવારમાં દાતણ કરીને સાંભળતા અમે. 'પાર્શ્વનાથ પરચા પૂરે' શું કહેવાય છે? 'શાંતિનાથ શાતા કરે, પાર્શ્વનાથ પરચા પૂરે' એમ કરીને બોલે. જય નારાયણ થઈ ગયું લ્યો. અમારા બાપના બાપ હતા એ હુશિયા હતા, પણ એ ગૃહસ્થ માણસને કાંઈ ખબર ન મળે. કવિ હતા કવિ. ધનાઢ્ય માણસ, મોટી આબરૂવાળા રાજકુમાર જેવા બાપના બાપ હતા. ગામમાં. તો એ કવિ.. આ રાજુલને આ રાજુલને શું કહેવાય? નેમિનાથ. રાજુલ અને નેમિનાથ કવિ જોડે. ગૃહસ્થ માણસ. ધંધો કાંઈ કરી શકે નહિ. ધંધો-બંધો નહિ. માણસ મોકલે ધોલેરા તો ઓલી શું કહેવાય? પેટી. સુતરની પેટીનો ધંધો બે મહિના. બે હજાર પેદા કરે. દસ મહિના ધંધો નહિ તમારી જેવો આ બહારનો. બે મહિના. પછી દસ મહિના નવરા.

**શ્રોતા :-** આજના કાળમાં બે મહિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અને તે દિ' પણ અમારે ડોશી કહેતા બાપની મા હતા એ. ઉંચું ઘર, ..ઘર, ખાનદાન ઘર, મહેમાન શું કહેવાય? મહેમાનવાળું ઘર. પણ બાર મહિનાનો ૩૦૦નો ખર્ચ. અહીં તમારે એક રૂપિયાનું શાક જોવે આજે. ૩૦૦ રૂપિયાનો ખર્ચ. પૂરતું ઘર. ઘરે નોકર સમજ્યાને? માણસો. આબરૂદાર માણસ. ડોસી કહેતા ૩૦૦નો ખર્ચ કહો, લ્યો! એય..! પોપટભાઈ! આ તો તે દિ' પૈસા થોડા અને એવું હતુંને બધું? ભાવ પણ થોડો હતોને.

**શ્રોતા :-** થોડે પૈસા ઝાઝો માલ આવતો. આ ઝાઝે પૈસે થોડો માલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝાઝો. એક રૂપિયાનો એક નોકર રાખતા. છોકરને સાચવવા માટે નોકર રાખે તો એક રૂપિયો મહિનો. સારે-નરસે ઓલું આપે પીરસણું. એવું હતું બધું. આ તો અત્યારે ફાટ-ફાટ થઈ ગયું છે. પૈસા પણ વધી ગયા. કરોડ ને બે કરોડને. એના બાપ-

દાદા પાસે કે દિ' હતા? પોપટભાઈ અને એના બાપના બાપ ક્યાંય પેઢીમાં. આહા..હા..!

અહીં તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર દ્રવ્ય અને પર્યાય વસ્તુનું સ્વરૂપ છે તેને સિદ્ધ કરે છે. દ્રવ્ય અને પર્યાય વસ્તુનું અસ્તિત્વ છે એને સિદ્ધ કરે છે. દ્રવ્યાર્થિકસત્તાગ્રાહકનયે તો બધા જીવો પૂર્ણ શુદ્ધ અખંડ અભેદ છે. પર્યાયનયે, વ્યંજન મલિન પર્યાય અને નિર્મળપર્યાયસહિત છે. બધા જીવો હોં. એમાં સિદ્ધ પણ આવી ગયા. એ પણ મલિનપર્યાયસહિત છે. એમ પાઠમાં એમ આવ્યું. ટીકામાં એમ આવ્યું કે ભાઈ સિદ્ધને વ્યંજન પર્યાય ચાર ગતિની મલિન છે તે નથી. ત્યારે શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો સૂત્રાર્થ તો એમ બોલે છે કે વ્યંજનપર્યાય એને છે. અને તમે ના પાડો છો. આહા..હા..! ત્યારે કહે, ભાઈ! નૈગમનયથી ત્યાં કહેવામાં આવ્યું છે. ભૂતકાળમાં પણ સિદ્ધ પણ મલિનપર્યાયવાળા હતા. જુઓને, કેટલી વાત સિદ્ધ કરી છે! સિદ્ધ સિદ્ધ જ હતા. આહા..હા..!

પૂર્વે એ સિદ્ધ પણ મલિન પર્યાયવાળા હતા એમ અસ્તિત્વ સિદ્ધ કર્યું. આહા..હા..! વીતરાગની શૈલી તો જુઓ, આહા..હા..! એ સિદ્ધ પણ પૂર્વે સંસારદશામાં હતા. તે મલિન પર્યાય હતી એને વર્તમાન નૈગમનયે કહેવી વર્તમાનમાં એને મલિનતા છે એમ નૈગમનયે કહ્યું છે. ઓહો..હો..! ભૂતકાળનું અસ્તિત્વ સિદ્ધ કર્યું, વર્તમાનમાં અસ્તિત્વ નૈગમનયે કહ્યું, વર્તમાનમાં અશુદ્ધતા છે નહિ એમ કહ્યું. આહા..હા..! કેવી શૈલી છે જુઓ તો ખરા! આહા..હા..! કહેશે એ. આવા જિનવચનોમાં રમે કે જે દ્રવ્યાર્થિકનયે જેને ભગવાન આત્મા શુદ્ધ ઉપાદેય કહ્યો, પર્યાયાર્થિકનયે જે ભેદ કહ્યો તેને ગૌણ કરી નાખે એ જિનવચન એટલે વસ્તુમાં રમે તે કલ્યાણપણાને પ્રાપ્ત થયા વિના રહે નહિ! એને મુક્તિ થયા વિના રહે નહિ! આહા..હા..! સમજાણું કાંઈ? ..ભાઈ! સમજાય છે કે નહિ? આહા..હા..! આ વિસ્તાર તો કરીએ થોડો-થોડો. આહા..હા..!

**'અહીં ભૂતનૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે,...'** આહા..હા..! કેવું સિદ્ધ કર્યું! પલટનપર્યાય સિદ્ધ કરવી છે અને મલિનપણું અનાદિનું છે એ સિદ્ધ કરવું છે અને વસ્તુમાં મલિનપણું કે પર્યાય છે નહિ-પર્યાય જ નથી વસ્તુમાં. આહા..હા..! આવા અપેક્ષાવાળા તત્ત્વો જે છે નયવાળા. એને શુદ્ધ ઉપાદેય આત્માને ગ્રહણ કરીને મુક્તિને પામે છે. પર્યાયનયને ગૌણ કરે છે, દ્રવ્યાર્થિકના વિષયને મુખ્ય કરી, સત્યાર્થ કહી અને એનો આશ્રય લે છે. પર્યાયનયને ગૌણ કરીને અસત્ ઠરાવે છે. આહા..હા..! આ તો જિનવચન. જ્ઞાનની લીલાની વાતું છે.

**'કેમ કે પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા...'** આહા..હા..! ઓલા કહે છેને એક જણા? કે સિદ્ધથી સંસાર આઠ વર્ષ ઝાઝો. એમ કે પહેલા સંસારી હતા અને (પછી આઠ વર્ષે) સિદ્ધ એમ નહિ, સંસાર પણ અનાદિના અને સિદ્ધ પણ અનાદિના છે. એ કોક કહે છે. મખનલાલજી નહિ? એ કહે છે. આ મખનલાલજી કહે છે. સિદ્ધ છે એનાથી

સંસાર આઠ વર્ષ ઝાઝો છે અનાદિનો. કારણ કે આઠ વર્ષ સંસારના હોય અને પછી મોક્ષ હોયને? ઈ તો એક વ્યક્તિની અપેક્ષાએ વાત છે. સમુચ્ચયની અપેક્ષાએ સિદ્ધ પણ અનાદિ-અનંત અને સંસારી પણ અનાદિ-અનંત. સંસાર પણ અનંત છે. આહા..હા..! આ તો વસ્તુનું સ્વરૂપ છે આવું. આહા..હા..! ભગવાને નયથી એનું સ્પષ્ટિકરણ. પણ એણે ક્યાં વાણિયાને પડી છે? ધંધો કરે અને બે કલાક, કલાક મળે તો જાય માથે અપાસરે, કોક દેરાસર જાય. જય નારાયણ.

**શ્રોતા :-** શ્રીમદ્ તો એમ કહે કુગુરુ લૂંટી લે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહીએ છીએને. કેટલોક કાળ સૂવામાં જાય, કેટલોક વેપારમાં જાય, કેટલોક ભોગમાં જાય, કેટલોક બાયડીયુને ખુશી કરવામાં જાય. કલાક એક મળે ત્યાં સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે એને. એને એવો બતાવે કે જાઓ આમ થાશે તમારે. વ્રત પાળો, ફલાણું કરો તો ધર્મ થાશે. એય..! પોપટભાઈ! પર્યાયનયની વાત કરી, પણ અંદર ત્રિકાળી જ્ઞાયક કોણ છે? આહા..હા..!

**શ્રોતા :-** એ લૂંટમાંથી અમે તો બચી ગયા છીએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! જુઓને ગાથા જુઓ.

**'પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા એવો વ્યવહાર છે.'** સમુચ્ચય સિદ્ધની વ્યાખ્યા કરવી હોય તો સિદ્ધ તો અનાદિના છે.

**શ્રોતા :-** સામાન્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામાન્ય, પણ વ્યક્તિગત સિદ્ધ કરવું હોય તો સંસારી પહેલા હતા, પછી સિદ્ધ થયા એમ છે. આહા..હા..!

**'બહુ કથનથી શું? સર્વ જીવો બે નયોના બળે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે એવો અર્થ છે.'** લ્યો ઈ. જે પહેલું કહ્યું હતું ગાથામાંથી એ આવ્યું. બધા જીવો, સિદ્ધ ભગવાન પણ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયવાળા છે. અશુદ્ધ ગયા કાળની અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયોના પણ અશુદ્ધ અને શુદ્ધ ભેદ પાડી અને પર્યાયને સિદ્ધ કરી આવી. આહા..હા..! અને દ્રવ્યની એકલી સત્તા પૂર્ણાનંદ પ્રભુ. આહા..હા..! શું શૈલી પ્રભુની! સમજાણું કાંઈ? ભૂતકાળની મલિન પર્યાય પણ સિદ્ધ કરી. હતી અને એનો નાશ થઈને નિર્મળ થઈ, પર્યાયના ભાગ વ્યય અને ઉત્પાદ ઠરાવ્યા. આહા..હા..! અને દ્રવ્ય વ્યય-ઉત્પાદ વિનાનું ત્રિકાળી એને ઠરાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આવું છે આ. આત્માનું ત્રિકાળી અસ્તિત્વ એ સમ્યગ્દર્શનનો વિષય. પર્યાયમાં મલિન-અમલિન એ પર્યાયનયનો વિષય. પર્યાય ત્રિકાળી છે, જેમ ત્રિકાળી વસ્તુ છે એમ પર્યાય પણ ત્રણે કાળે છે. પલટતી... પલટતી... પલટતી... પણ ત્રણે કાળે છે એમ સિદ્ધ કરી. એટલે સંસારી જીવને પહેલી અશુદ્ધતા હતી. સિદ્ધને નથી, પણ પૂર્વકાળની હતી એને સિદ્ધ કરીને એને નૈગમનયે અત્યારે છે એમ કહેવામાં આવે

છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'એવી રીતે (આચાર્યદેવ) **શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા)** કહ્યું છે કે :—' સમયસારમાં આવી ગયું છે આપણે.

(मालिनी)

'उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः
सपदि समयसारं ते परं ज्योतिरूच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।'

'**શ્લોકાર્થ :- બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,...**' જુઓ, સ્યાત્ નામ અપેક્ષાથી છે. દ્રવ્ય તે ત્રિકાળી અપેક્ષાથી નિત્ય છે, પર્યાય અનિત્યની અપેક્ષાએ ક્ષણિક છે. આહા..હા..! એ '**સ્યાત્પદથી અંકિત જિનવચનમાં...**' આહા..હા..! એમાં '**જે પુરુષો રમે છે,...**' અહીં તો જિનવચનમાં રમે છે એમ કહ્યું. એનો અર્થ? કે જિનવચનમાં કહેલો જીવ શુદ્ધ ત્રિકાળી એને ઉપાદેય ભગવાને વાણીમાં કહ્યો છે. આમાં પાઠ છે કળશટીકામાં. જિનવચનમાં ત્રિકાળી દ્રવ્યને શુદ્ધ કરીને ઉપાદેય કહેવામાં આવ્યો છે. ઈ આમાં છે. કળશટીકા છેને? બીજો એવા અર્થ કરે છે કે જો વ્યવહાર અને નિશ્ચય બેમાં રમે. પણ બેમાં શી રીતે રમે? સાંભળને.

**શ્રોતા :-** એ તો વિરુદ્ધ છે એકબીજાથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વિરુદ્ધ છે. એકબીજા વેરી છે. બેયમાં રમે? પાઠ તો એવો છે '**જિનવચનમાં જે પુરુષો રમે છે,...** ' એક તો એ કે વચનમાં રમવું એ પણ બરાબર નથી અને બે નયોમાં રમવું એ પણ બરાબર નથી. ન્યાય સમજાય છે કાંઈ? કેમકે '**विरोधध्वंसिनि** ' બેય વિરોધ છે. નિશ્ચયનો વિષય અને વ્યવહારનો વિષય વિરોધ છે. નિશ્ચયનો વિષય ત્રિકાળી છે અને વ્યવહારનો વિષય વર્તમાન પર્યાય છે. હવે બેમાં રમવું શી રીતે? દ્રવ્ય તરફ ઢળે તો પર્યાય તરફ ઢળવું વયું જાય. એથી જિનવચનમાં '**रमन्ते**'ની વ્યાખ્યા ઈ કે એને દ્રવ્યને ઉપાદેય કરી કીધો જે ત્રિકાળી, એમાં રમવું અને પર્યાય છે તેને જાણવું. ગૌણ તરીકે પર્યાય રાખીને અસત્યાર્થ નહિ, એ તો પ્રયોજન સિદ્ધ કરવા પર્યાયને અસત્યાર્થ કીધી. સત્યાર્થ ત્રિકાળ ઉપાદેય છે તેમાં દૃષ્ટિ મૂકીને રમવું અને પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે એને પર્યાય તરીકે જ્ઞાનમાં જાણવી. આહા..હા..! આવું જિનવચન વીતરાગ સિવાય... અત્યારે તો વાડામાં પણ ક્યાં ઠેકાણા છે? જૈનવાડા. આહા..હા..! કાંઈકના કાંઈક કરે.

'**જિનવચનમાં...**' આમાં કીધું છેને? '**जिनवचसि**' રાજમલ ટીકા. દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ. એવી વ્યાખ્યા કરી છે. જિનવચન તો બે નયવાળા છે. હવે બે નયવાળા છે એમાં રમવું શેમાં? વિરોધ છે બેનો. એટલે જિનવચનમાં ત્રિકાળી દ્રવ્ય જે

શુદ્ધ છે તેને ઉપાદેય કહી એમાં રમવું એ એમાં અર્થ નીકળે છે. પંડિતજી! આ એમાં અર્થ બેસે. વાણીમાં નહિ, તેમ વાણીએ કહેલી બે નયોમાં નહિ રમવાનું. આહા..હા..! જુઓને ખુલાસો આપ્યો. ''**जिनवचसि**' એટલે દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેય એવી જીવવસ્તુ. તેમાં સાવધાનપણે' '**रमन्ते**' જોયું? ત્રિકાળીમાં. 'સાવધાનપણે રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ કરે છે. શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે.' આહા..હા..! '**जिनवचसि रमन्ते**'નો અર્થ જિનવચનમાં ત્રિકાળી જ્ઞાયકભાવને ઉપાદેય કહ્યો, એમાં રુચિ, શ્રદ્ધાન, જ્ઞાનથી પ્રત્યક્ષપણે તેને વેદે, અનુભવે એ જિનવચનમાં રમે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'ભાવાર્થ આમ છે. જુઓ, વચન તો પુદ્‌ગલ છે.' શબ્દ તો એમ આવ્યા કે '**जिनवचसि रमन्ते**' 'તેની રુચિ કરતા સ્વરૂપની પ્રાપ્તિ નથી. તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ. તેનો અનુભવ કરતા ફળ પ્રાપ્તિ છે.' આહા..હા..! લાંબી ઘણી વાત છે. આહા..હા..! બહુ સારી. આ લોકો પહેલાના પંડિતો પણ તોળી-તોળીને ન્યાય કરનારા છે. આહા..હા..! પાઠ તો એવો છે '**जिनवचसि रमन्ते**' તો હવે વાણીમાં તો રમાય નહિ એક વાત. જિનવચને બે નયો કહ્યા એમાં બે નયમાં રમાય નહિ એક વાત. વિરોધ છે. એટલે એનો અર્થ થયો કે ભગવાનની વાણીમાં જે દ્રવ્યાર્થિકનયે શુદ્ધ ત્રિકાળી કહ્યો તેને ઉપાદેય જાણવો અને રમવું એ એનો અર્થ નીકળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવો માર્ગ છે, ભાઈ! ખેંચાતાણ કરે તો ચાલે એવું નથી. સત્ય વસ્તુ આમ છે. એક તો જિનવચનમાં રમહવું કહ્યું તો વાણીમાં રમાય નહિ એક વાત. જિનવચનમાં બે નયોનું કથન છે અને બે નયો વિરોધ છે એકબીજાની, તો બે નયમાં રમાય નહિ, તો એનો અર્થ શું થયો? કે જે ત્રિકાળી ધ્રુવવસ્તુ છે તે ઉપાદેય કરીને તેમાં રમવું. એ જિનવચનને કહેવું છે. એમાં રમવું એટલે પર્યાય પણ આવી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,... '** આહા..હા..! **'સ્યાત્પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે,...'** આહા..હા..! રમે છે એવી જે ધ્રુવ ચીજ તેને રમે છે એટલે ધ્રુવને ઉપાદેય ભગવાનની વાણીમાં આવ્યું છે એમ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ભગવાનના વિરહ પડ્યા પંચમકાળમાં. કેવળજ્ઞાનની ઉત્પત્તિ નહિ અને વિરોધાભાસ ઉભો થઈ જશે. આહા..હા..! સમજાણું? ત્રણ સંપ્રદાય પડી ગયા—શ્વેતાંબર, સ્થાનકવાસી ને તેરાપંથી. ઓલા તુલસી. આ દિગંબરને... આહા..હા..! સત્યનું શરણ કેમ લેવું એની ખબર ન મળે. કોઈ કહે કે વ્યવહાર કરતા થાય અને આમ કરતા થાય. વ્યવહાર તો શુભરાગ છે.

**શ્રોતા :-** વ્યવહારને પોષવો એવો તો નિયમ કર્યો છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ રામવિજય વળી. હવે એ તો શું કરે? રામ વિજય,

વ્યવહારને પોષણ કરવું અહીંનું સાંભળીને હવે કહે એને. કે આ તો નિશ્ચયની વાતું કરે છે એટલે એણે કાયદા કર્યા રામવિજયે શ્વેતાંબર. ૧૧ કાયદા કર્યા છે. વ્યવહારને પોષવો, વ્યવહારને.. અરે! ભગવાન! વ્યવહારનું પોષણ તો છે શ્વેતાંબરમાં તો.

અહીં તો વીતરાગમાર્ગ સર્વજ્ઞનો, પરમેશ્વરનો જેમાં એની વાણીમાં જે ત્રિકાળી ચીજ છે તે ટકતી ચીજમાં રમવું એવું આવે એ જિનવચન કહેવાય. આહા..હા..! અસ્થિર, પર્યાય તો અસ્થિર છે એમાં રમી શી રીતે શકે? માટે જિનવચનમાં સિદ્ધાંત જ એ આવ્યો. સમજાય છે કાંઈ? આહા..હા..! મુખ્ય-ગૌણ કરીને જિનવચને કહ્યું. મુખ્ય ત્રિકાળીને મુખ્ય કરીને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને અસત્ય કહ્યું. એ રીતે જિનવચનમાં ત્રિકાળીમાં રમવું એ વચન કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,...**' હવે વિરોધને મટાડવો શી રીતે? કે '**સ્યાત્પદથી...**' પર્યાય છે એમ કથંચિત્ કહેવું પર્યાયનયે. દ્રવ્ય છે એ ત્રિકાળી છે એમ જાણવું. હવે એ દ્રવ્ય છે ત્રિકાળી તેમાં રમી શકાય. પર્યાયમાં રમી શકાય નહિ. પર્યાય એકરૂપે રહેતી નથી. એકરૂપે રહે તેમાં રમાય એટલે જિનવચનમાં આ જ આવ્યું. આહા..હા..! ગજબ કર્યું છેને. દિગંબર સંતોએ કામ કર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,...**' આહા..હા..! '**સ્યાત્પદથી અંકિત...**' આહા..હા..! અપેક્ષાથી કહેવામાં આવેલું કે ત્રિકાળ તે દ્રવ્ય છે, વર્તમાન પર્યાય તે અવસ્થા છે. એને રમવાનું કહ્યું એટલે કે જે ચીજ કાયમ રહેનારી હોય એમાં રમાય, અસ્થિરતામાં રમાય નહિ, એટલે જિનવચનમાં ત્રિકાળીને ઉપાદેય કહ્યો તે વસ્તુ છે. આહા..હા..! એય..! આવી વાત છે. આહા..હા..! ઓહો..હો..! દિગંબર સંતોએ તો વીતરાગના માર્ગને થંભાવી રાખ્યો છે. આહા..હા..! વસ્તુસ્થિતિ. આગળ આવશે. આમાં આવશે. વ્યવહાર અધિકાર આવશેને. આવું જેને ભાન છે એને વ્યવહાર હઠ વિનાનો આવે. ભાઈ! કહ્યું છેને ઓલા? પહેલી જ ગાથાથી. આ છે પહેલો અધિકાર. બીજો અધિકાર અજીવનો છે, ત્રીજો શુદ્ધભાવનો છે, ચોથો વ્યવહારનો છે. વ્યવહારમાં પહેલી જ ગાથાથી શરૂ થાય છે. ધર્મી જીવને ત્રિકાળી ઉપાદેય છે એવું જેને દૃષ્ટિ અને અનુભવ થયો એને વ્યવહાર આવે ખરો, પણ હઠ વિનાનો વ્યવહાર હોય. સહજ વિકલ્પ ઉઠે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની ભૂમિકા પ્રમાણે એને એ જાતનો વિકલ્પ સહજ આવે, લાવે એમ પણ નહિ આહા..હા..! કરે એમ પણ નહિ. સમજાણું કાંઈ? અને હઠ કરે કે બસ આમ જ મારે કરવાનું એવું જ્ઞાનીને હોય નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! છે. અધિકાર છેને. ભાઈ! એ 'શુદ્ધ પરિણતિની સાથે વર્તતો, હઠ વગરનો દેહ ચેષ્ટાદિ સંબંધ શુભપયોગ તે વ્યવહાર પ્રયત્ન છે.' છે ફુટનોટ. કારણ કે એમાં છેને? પ્રયત્નરૂપ પરિણામ છેને પાઠમાં? 'અહિંસા છે તેમનું ... થાવ કે ન થાવ પ્રયત્નનું પરિણામ વિના સાવદ્ય પરિહાર થતો નથી. આથી પ્રયત્ન પરાયણને ..

અભાવ હોવાથી...’ હવે જરી ઝીણી વાત છે.

સમ્યગ્દૃષ્ટિ સહજ સ્વભાવનું જ્યાં ભાન થયું એને તેની ભૂમિકા આગળ વધતાં શુદ્ધિ વધે છે ત્યારે એને પાંચમા ગુણસ્થાનને યોગ્ય વ્રતાદિના વિકલ્પો આવે છે. હઠ વિના આવે છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને પણ એને પંચમહાવ્રતના વિકલ્પ એ હઠ વિના આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું વસ્તુનું સ્વરૂપ જ છે. વ્યવહાર છે, વ્યવહાર નથી એમ નહિ. અને એક વાત. નિશ્ચયની અંદર જે આવે છે ત્યારે વ્યવહારની ઉપેક્ષા કરીને. પંડિતજીએ ખુલાસો કરે છે કે ભાઈ! આમાં નિશ્ચયનું થયું એમાં વ્યવહાર ક્યાં આવ્યો? પણ વ્યવહાર એની ઉપેક્ષા કરી એટલું આવી ગયુંને? પંડિતજી! આની અપેક્ષા કરી નિશ્ચયની અને વ્યવહારની ઉપેક્ષા. ઉપેક્ષા થઈ એટલે આવી ગઈ સાપેક્ષ. આહા..હા..! ભાઈએ કર્યું હતું. એ શેમાં કર્યું છે? હમણા?

**શ્રોતા** :- ખાણિયા ચર્ચામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખાણિયા ચર્ચામાં. એ બરાબર છે. એમ કે એક નયને બીજી નયની એપેક્ષા તો જોઈએ. ત્યારે કહે અપેક્ષા એટલે શું આમાં? કે આ છે એની ઉપેક્ષા થઈ એટલે અપેક્ષા આવી ગઈ. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું, બાપા! માર્ગ એવો છે, ભગવાન! આહા..હા..!

‘**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,**...’ આહા..હા..! આ શબ્દમાં તો કેટલું ભર્યું છે! ‘**સ્યાત્પદથી અંકિત જિનવચનમાં**...’ અપેક્ષાથી કહ્યું. ત્રિકાળી જીવ સત્ય છે, સત્યાર્થ છે તેનો આશ્રય લે. એ સ્યાત્ નામ મુખ્યપણાને ગણીને તેને સત્ય કહ્યું, પર્યાયને ગૌણ કરીને તેને અસત્ કહ્યું. અભાવ કરીને નહિ. આહા..હા..! ‘**સ્યાત્પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે, તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને,**...’ મોહ છૂટી જાય છે. આહા..હા..! ‘**અનૂતન (-અનાદિ)**...’ અનાદિનો છે ભગવાન તો ‘**અને કુનયના પક્ષથી નહિ ખંડિત થતી**...’ બૌદ્ધાદિએ કુનયથી કર્યું એ ‘**કુનયના પક્ષથી નહિ ખંડિત થતી એવી ઉત્તમ પરમજ્યોતિ—સમયસારને—શીઘ્ર દેખે છે જ.**’ ‘**सपदि**’ આહા..હા..! ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ ઉપાદેય ભગવાને કીધો એને ઉપાદેયમાં રમે એ સહેજે મોહનો નાશ એને થઈ જાય છે. મોહનો નાશ કરવો પડતો નથી. આહા..હા..! વિશેષ કહેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૩, શુક્રવાર, તા. ૩૦-૦૧-૧૯૭૬, ગાથા-૫૬, કળશ-૩૬, પ્રવચન નં. ૧૬૬

નિયમસાર. જીવ અધિકાર. કળશ ચાલે છે. આત્મખ્યાતિની ટીકાનો ચોથો. '**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનાર, સ્યાત્પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે,...**' એટલે શું? આ આત્મા જે છે વસ્તુ એ બે નયથી તેનું જ્ઞાન કરાવે છે. એ નય એટલે જ્ઞાનનો અંશ. વસ્તુ છે આત્મા એ સ્વપણે છે. શરીરાદિ આઠ જડ છે એનાથી નથી. એટલે સ્યાત્ સ્વપણે છે. સ્યાત્ પરપણે નથી. એ બે વિરોધી નય છે. એક કહે કે 'છે' અને બીજો કહે કે 'નથી'; એક નય કહે છે કે દ્રવ્ય છે અને બીજી નય કહે છે કે પર્યાય છે. '**સ્યાત્પદથી અંકિત...**' ... વીતરાગની વાણી એણે જાણવી જોઈએ, એમ કહે છે. એ '**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનાર,...**' એક આત્મા છે અને કહે છે... પર્યાયથી અથવા પરથી નથી. વસ્તુ છે, પદાર્થ છે એ સ્વથી છે અને પરવસ્તુ શરીર, વાણી, મનથી એ નથી, એ તો પરવસ્તુ છે. કેમ? દ્રવ્ય છે એ પર્યાયથી નથી. આ વસ્તુ. પર્યાયનો એક અંશ છે એથી દ્રવ્ય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ, ભાઈ! મોક્ષને માટે... આ સંસારમાં અનાદિથી રખડી રહ્યો છે. દુઃખી છે એ. આ પૈસાવાળા કહેવાય ધૂળના ધણી કે રાજા કે શેઠિયા કે આ દેવ એ બધા દુઃખી છે બિચારા. શાસ્ત્રમાં એને વરાંકા કહ્યા છે. શાસ્ત્રમાં એને વરાંકા કહ્યા છે. પંડિતજી! વરાંકા-ભિખારી, રાંકા, બિચારા. આહા..હા..! ભાઈ! એ આત્મા સ્વપણે વસ્તુ છે એની જેને ખબર નથી અને પરપણે નથી અને એક સમયની પર્યાયપણે પણ નથી. આહા..હા..! આવું જેને જિનવચનથી જ્ઞાન નથી એ બધા ચાર ગતિમાં રખડનારા પ્રાણી છે. પોપટભાઈ! તો આ બધા પૈસાવાળાને સુખી કહે છેને? પણ કહે છેને પાગલ. પાગલ લોકો પૈસાવાળાને સુખી કહે, ગાંડા-પાગલ. આહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે કે તારી લક્ષ્મી અંદર પૂર્ણ આનંદથી ભરેલી છે. તારો આત્મા આહા..હા..! અતીન્દ્રિય આનંદથી છે અને એ વિકાર અને પર્યાયથી નથી. આહા..હા..! વર્તમાન અવસ્થાનો અંશ છે એનાથી એ વસ્તુ નથી, એ તો સ્વતઃસિદ્ધ વસ્તુ છે. આહા..હા..! અનંત-અનંત બેહદ અપરિમિત આનંદની લક્ષ્મીથી ભરેલો ભગવાનઆત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ એક નય દ્રવ્યથી કહ્યું. પર્યાયથી કહીએ તો તે પર્યાય એનામાં નથી, પણ પર્યાય પર્યાયમાં છે એમ વિરોધ, વ્યવહાર અને નિશ્ચયનો વિરોધ, નય તેને મટાડે છે. સ્યાત્પદ અંકિતથી. આહા..હા..! પર્યાય પર્યાયપણે છે. પર્યાય એટલે અવસ્થા. એ શરીર, વાણી, મન, પરપદાર્થથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીર જડ,

માટી, ધૂળ, પૈસા, ધૂળ, જડ, બાયડી, છોકરા, કુટુંબ એ પર એ કાંઈ આત્મામાં નથી, આત્માના નથી. આહા..હા..! અહીં તો કહે છે કે વસ્તુ સ્વથી પૂર્ણ છે અને અપૂર્ણ જે પર્યાય એનાથી નથી. તો વળી પરવસ્તુથી છે એ તો એનામાં ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**બન્ને નયોના વિરોધને...**' એક કહે છે કે અસ્તિ છે, બીજી કહે છે કે નાસ્તિ છે. એક નય કહે કે દ્રવ્ય છે, બીજી નય કહે કે પર્યાય છે. આહા..હા..! એક નય કહે કે એકરૂપ છે, બીજી નય કહે કે અનેકરૂપ છે. એનો વિરોધ મટાડનારું જિનવચન છે. આહા..હા..! સ્વપણે છે. અરે! એણે પોતાની જાતને જાણવાની કોઈ દિ' દરકાર કરી નથી. હેરાન થઈ ગયો છે. આહા..હા..! આ શ્લોક તો બહુ ઉંચો છે. '**બેન્ને નયોના વિરોધને...**' એ બેય નય છે વિરોધ. નહિતર વિરોધ ન હોય તો બે પડે નહિ. આહા..હા..! વસ્તુ તરીકે છે, પર્યાય તરીકે નથી. જુઓ વિરોધ થઈ ગયો. શુદ્ધ સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ છે. ત્યારે કહે પર્યાયથી અને પરથી તે નથી. એક કહે છે કે છે અને એક કહે છે કે નથી. બેનો વિરોધ મટાડે એ વીતરાગ માર્ગ. કે સ્વપણે છે અને પરપણે નથી. બેય સાચી વાત છે. આહા..હા..! એટલે કે ભગવાન આ આત્મા પરદેવ-ગુરુ-શાસ્ત્રના આત્માથી પણ નથી. આહા..હા..! એ બાયડી, છોકરા, પૈસાથી મને ઠીક પડે છે એમ નથી એ કહે છે. એપણે છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** અનુભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળનોય અનુભવ નથી. એ તો મલુપચંદભાઈને કહેતા એનો દીકરો. મલુપચંદ નથી અહીં? મલુપચંદભાઈની પાસે પૈસા થોડા હતા. ૨૫-૫૦ હજાર એટલા અને આ છોકરાની પાસે પાંચ કરોડ. .. પુનમચંદ મુંબઈમાં પાંચ કરોડ, નિહાલભાઈ ચાર કરોડ એ વળી ત્યાં શું કહેવાય એ? સ્વીત્ઝર્લેન્ડ. તમારા ગામ પણ ભૂલી જઈએ છીએ. સ્વીત્ઝર્લેન્ડમાં એ મોટો છોકરો રહે એની પાસે ચાર કરોડ. મુંબઈમાં નાનો રહે એની પાસે પાંચ કરોડ, એના બાપ પાસે ૨૫ હજાર, ૫૦ હજાર એટલા હતા. એટલે એકફેરી કહેતા ... બાપાને શું કાંઈ કીધું? પૈસાનું. સ્વાદ ચાખ્યો નથી. બાપાએ લક્ષ્મીનો સ્વાદ ચાખ્યો નથી, એમ અમદાવાદમાં કહ્યું હતું. ચંદુભાઈ! કારણ કે પાંચ કરોડ રૂપિયા હવે ઉંમર હજી ૫૦ વર્ષની. ૪૯ તમારા નાના નહિ? ... પાંચ કરોડ રૂપિયા. બાપે નહિ આપેલા. એ તો એકફેરી વાત થતાં એમ બોલ્યા કે બાપાએ લક્ષ્મીનો સ્વાદ ચાખ્યો નથી. એય..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જુદું છે બધું. જુદાં પડી ગયા. જુદાં પડી બાપથી અને પછી પૈસા પેદા કર્યા હતા. નવ કરોડ. એકની પાસે પાંચ અને એકની પાસે ચાર. બેય છે અત્યારે. સ્વીત્ઝર્લેન્ડ. મુંબઈ જઈએ તો આવે વ્યાખ્યાનમાં. અહીં પણ આવે છે. અરે! એ શું વસ્તું છે? આહા..હા..! પૈસાનો સ્વાદ ચાખ્યો નથી. એય..! પોપટભાઈ! એમ કહેતો

હતો પુનમ. પુનમ એના બાપને. કીધું આવું ન હોય, આ શું કહે છે આ? તારા ધૂળના પૈસા પાંચ કરોડ કે દસ કરોડ ધૂળ. એનો સ્વાદ હતો?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ શું થયું? ભિખારા બધા જાય એની પાસે. શેઠિયા એટલે શું પણ? કાંઈક જોઈતું હોય લેવા માગણ. માગણ જાય બધા ભિખારા. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એવું ... એમાં ક્યાં. એનું ભાન છેને. વ્યવહારે તો કહેવાયને. આમ તો શરીર પણ એનું નથી. રૂપિયા પણ ક્યાં એના હતા? કોણ કહે છે? રૂપિયા ખર્ચી શકે નહિ, રૂપિયા રાખી શકે નહિ. આત્મા રૂપિયા રાખી શકે નહિ, ખર્ચી શકે નહિ. એ તો જડ છે, એ તો અજીવ છે, માટી છે. આત્મા તો અરૂપી ચૈતન્ય છે. એ ચૈતન્ય જડને વાપરે અને રાખે? ભ્રમણા છે અજ્ઞાનીની. સમજાણું કાંઈ? વાત આવી છે. એ બે નયનો વિરોધ કીધોને કે સ્વપણે આત્મા છે અને લક્ષ્મીપણે નથી. અને લક્ષ્મી લક્ષ્મીપણે છે અને આ આત્માપણે નથી. એટલે લક્ષ્મી આત્મા વાપરી શકે એવું છે નહિ. આહા..હા..! એ કહે, રાખી શકે. પણ રાખી શકે એ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ કીધુંને બિચારા હમણા .. બાઈની વાત નહોતી. ઘણા વર્ષથી પડેલી છે. આ શું કહેવાય? હેમરેજ. જેની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. આપણો વાણિયો. દશાશ્રીમાળી વાણિયા છે. એ મરી ગયો. બે અબજ ચાલીસ કરોડ, ૨૪૦ કરોડ. મરી ગયો વર્ષ પહેલા. બાયડી પડી છે સવા વર્ષથી અસાધ્ય. શું કહેવાય તમારે? હેમરેજ થઈ ગયું છે. સવા વર્ષ થયું. બાર મહિનાનો બે લાખનો ખર્ચ છે એ બાઈને સાચવવાનો. મહિને પંદર હજારનો ખર્ચ છે. દિવસના ૫૦૦ એ ગૃહસ્થ માણસ. અસાધ્ય છે. .. ઢીંકણું, ફીંકણું, કપડા આ ને તે બદલાવવા. .. સડે નહિ. એક દિવસનો પાંચસોનો ખર્ચ છે. સવા વર્ષથી પડી છે ત્યાં ગોવા. શું છે? ત્યાં ધૂળ છે. તારી ધૂળ ક્યાં છે એમાં આત્મામાં? શરીર આત્મામાં નથી, અરે! રાગ આત્મામાં નથી. આહા..હા..! રાગ પુણ્ય અને પાપવાળો રાગ એ રાગ એ આત્મામાં ક્યાં છે? એ તત્ત્વ ભિન્ન છે. પુણ્યતત્ત્વ રાગ શુભ અને પાપ.. એ તત્ત્વ તો ભિન્ન છે. એ નય વીતરાગ એમ કહે છે કે તારાપણે તું છો અને પુણ્ય-પાપના રાગપણે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા, સ્યાત્પદ...**' એટલે કથંચિત્ પદથી-વાદથી. કથંચિત્ વાદથી અંકિત નામ જેનું ચિહ્ન છે. '**જિનવચનમાં જે પુરુષો રમે છે,...**' આહા..હા..! વીતરાગ સર્વજ્ઞની વાણી એટલે કે આ આત્મા ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એ ઉપાદેય છે એમ જિનવચન કહે છે. જિનવચન વીતરાગની વાણીનો ધોધવાણી, ઇન્દ્રો અને ગણધરોની

વચ્ચે લોકના નાયકો, સાહેબા, ઇન્દ્રો અને ગણધરો સાધુના, સંતના નાયક એ વચ્ચે તીર્થંકરની વાણી એમ કહે છે. કેમકે વીતરાગપણું જેને પ્રગટ્યું છે એ વીતરાગપણું પ્રગટ કરવાની વાણીનો ઉપદેશ કરે છે. આહા..હા..! થાય છે. ભગવાનઆત્મા આહા..હા..! જિનવચન એટલે ત્રિકાળી જ્ઞાયકભાવને બતાવાર. આહા..હા..! અને એમાં રમવું, એમાં વીતરાગતા પ્રગટ થાય એમ જિનવચન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, લાલજીભાઈ! આ બધા પૈસાબૈસાવાળાનું કાંઈ સ્થાન રહ્યું નહિ આમાં કાંઈ. આહા..હા..!

... પ્રભુ! એ તો ધૂળ છે, અજીવ, માટી, પુદ્‌ગલ છે. એ તારા ક્યાં અને તું એમાં ક્યાં અને એ તારામાં ક્યાં? આહા..હા..! વીતરાગવાણી આવું કહે છે અને એમ છે. આહા..હા..! એવા જિનવચન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની વાણી એને બતાવે છે કે ત્રિકાળ પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન એના પરવસ્તુ તો નથી, રાગ પણ નથી, એક સમયની પર્યાય પણ એમાં નથી. આહા..હા..! એવા જીવને ઉપાદેય તરીકે જિનવચન બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ શેઠ તો વળી આઘા રહ્યા. કહો, સમજાણું કાંઈ? આમ નજર પછી જાય છે આઘે. એના ઘરે ૬૦ મોટરું છે. ૬૦ તો મોટરું છે. મોટા કરોડપતિને મોટરું ન હોય એવી. એક જણો તો વળી કહેતો હતો. બે-પાંચ કરોડ છે. પણ ૬૦-૬૦ મોટરું ઘરે. લ્યો! અને ગોદામના ગોદામ ભર્યા હોય ઓલા શું કહેવાય? તમાકુ. તમાકુના. કોની છે પણ એ ચીજ? એ તો પર છે. તારામાં નથી, તારી નથી, તું તેમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એને કાંઈ ભાન ન મળે. જાણે કાંઈક પાંચ-પચાસ લાખ પેદા થાય, બે-પાંચ લાખની પેદાશ હોય જાણે વધી ગયા. સંસારમાં રખડવાના.

અહીં કહે છે કે આહા..! જિનવચન. કાલે એક આ રહી ગયું હતું. જિનવચન વસ્તુને શુદ્ધ ચૈતન્યને ઉપાદેય તરીકે બતાવે છે. કેમકે જિનવચનનો સાર વીતરાગતા છે. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગતા તાત્પર્ય છે. એમ છેને? પંચાસ્તિકાય. તો વીતરાગતા તાત્પર્ય છે એનો અર્થ? કે જિનવચન પરથી ઉદાસ કરાવે છે, સંયોગથી ભિન્ન બતાવે છે, રાગથી ભિન્ન બતાવે છે, પર્યાયથી ભિન્ન બતાવે છે, અનંત-અનંતગુણના સ્વભાવથી અભિન્ન બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવા '**જિનવચનમાં જે પુરુષો...**' .. આત્મા '**રમે છે,...**' આહા..હા..! વીતરાગસ્વરૂપ પૂર્ણાનંદ તે ઉપાદેય પરમાત્માની વાણીમાં આવ્યું, એવું જેણે અંગીકાર કર્યું. રાગમાં રમતો અનાદિનો. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પમાં અનાદિનો જૈન સાધુ થયો દિગંબર નગ્ન હજારો રાણીને છોડીને, તોપણ એ રાગમાં રમતો. નવમી ગ્રૈવેયકે ગયો આહા..હા..! એ દયા, દાન, વ્રતની ક્રિયા રાગની ક્રિયામાં રમતો હતો, એ જિનવચનમાં રમતો નહોતો. એટલે કે જિનવાણીને... વસ્તુ .. છે એમાં રમે છે એટલે પરિણતિ પર્યાય બતાવી છે. ત્રિકાળી વસ્તુ છે, ઉપાદેય છે એમ પર્યાયે નિર્ણય કર્યો. એ પર્યાયને રમે છે આત્મામાં એમ કહ્યું.

આહા..હા..! કહો, ભાનુભાઈ! આ ગાથાનો અર્થ આવો આવે છે. આહા..હા..!

જે પુરુષો વીતરાગી સ્વભાવી પ્રભુ અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહા..હા..! એમાં જે રમે છે '**તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને,...**' આહા..હા..! એ પણ વ્યવહાર છે વમી નાખવો. આમ રમે છે એટલે મોહ ઉત્પન્ન થતો નથી એને વમી નાખીને એમ કહેવામાં આવે છે. આહા..હા..! શું કહ્યું? '**તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને,...**' એ જાણે પોતે મોહને આમ છોડું છું. એમ કથન આવે છે. સમજાણું કાંઈ? પણ જે પુરુષ ભગવાનઆત્મા અમૃતનો સાગર અનંત અતીન્દ્રિય આનંદના અમૃતનો સાગર એમાં લીન છે એને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી, એને મોહને વમે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વની પર્યાયને છોડે છે એનો અર્થ એ પૂર્ણ આનંદસ્વરૂપમાં રમે છે. આહા..હા..! રાગની રમતું જે કરતો અનાદિની. શરીરમાં રમતો નહોતો. આ તો જડ છે એમાં કોણ રમે? શરીર મારું, સ્ત્રી મારી એવો જે રાગ એ રાગમાં રમતો હતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વરૂપમાં રમે છે, કહે છે. આહા..હા..! ગુલાંટ ખાય છે.

અરે! હું તો આનંદનો નાથ પ્રભુ છું. એમાં જે રમે એને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી. એને સ્વયમેવ મોહ વમે છે તેમ કહેવામાં આવે છે. આહા..હા..! હવે એ વસ્તુ છે કેવી છે? '**અનૂતન (-અનાદિ)...**'ની છે એ તો. જે રમે છે એ વસ્તુ ધ્રુવ ત્રિકાળી તો એ તો અનાદિની છે. નવી છે? આત્મા શાશ્વત છે, છે અને છે. અનાદિનો છે. આ બધા સંયોગો આવે, જાય એ તો અનાદિનો આત્મા શાશ્વત છે. આહા..હા..! '**અનૂતન...**' નવો નથી. છેને? શું કીધું? '**અનૂતન...**' નૂતન-નવો નથી. નવો નથી એટલે અનાદિ છે. સમજાણું કાંઈ? છેને પાઠમાં? '**अनवम**' છે. છેલ્લી લીટી '**अनवम**' અનય-પક્ષ. '**अक्षुण्णभीक्षन्त एव**' આખી લીટી છે ભરેલી. શું કહે છે? ભગવાનઆત્મા તો અનાદિનો છે.

'**કુનયના પક્ષથી નહિ ખંડિત થતી...**' એકાંતનયથી કોઈ પર્યાયરૂપ જ કહે, કોઈ દ્રવ્યરૂપ જ કહે, કોઈ એકલો શુદ્ધ જ કહે, કોઈ એકલી અશુદ્ધતા કહે એવા કુનયથી તે ખંડિત નથી થતો. છે? '**अनयपक्षाक्षुण्ण**' '**अनय**' કુપક્ષથી '**अक्षुण्ण**' ખંડિત થતો નથી. આહા..હા..! શું આચાર્યોએ પણ ટીકા કરી છે! આહા..હા..! અનાદિ અનૂતન-નૂતન નવો નથી. પર્યાયનય ભલે થઈ, પણ જેમાં રમે તે વસ્તુની કિંમત નથી. આહા..હા..! રમે છે તે પર્યાય નવી થઈ, પણ જેમાં રમે છે એ ચીજ નવી નથી. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આવી વાતું છે. નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે પણ આ? બાપુ! જૈનધર્મ હશે આવો? બાપુ! જૈનધર્મ જ આ છે. એ સિવાય બીજો જૈન ધર્મ છે નહિ અને એના સિવાય બીજે ક્યાંય નથી એ હમણા કહેશે. જૈનધર્મ સિવાય અન્યમાં ક્યાંય ધર્મ નથી. અન્યમતોમાં તારે શું કામ છે એમ કહેશે હમણા. આહા..હા..!

'**કુનયના...**' એકાંત દ્રવ્ય જ માને, એકાંત પર્યાય જ માને, એકાંત એક જ રૂપ માને,

એકાંત અનેકરૂપ જ માને, એકાંત શુદ્ધરૂપ માને, પર્યાયની અશુદ્ધતા ન માને અને એકલી અશુદ્ધતા જ માને, ત્રિકાળી શુદ્ધતાને ન માને—એવા કુનયનો ખંડ કરનારો ભગવાનનો માર્ગ છે. '**કુનયના પક્ષથી નહિ ખંડિત...**' .. કર્યું. અનય-અનય પક્ષનો અક્ષુણ આહા..હા..! પછી? '**परं ज्योति उच्चै**' આહા..હા..! કેવો છે ભગવાનઆત્મા? પરમ. '**अतिरुच्चै**' નામ ઉત્તમ. '**उच्चै**' પરમજ્યોતિ. આહા..હા..! કેવો છે ભગવાનઆત્મા? '**उच्चै परं ज्योति**' આહા..હા..! આ .. જ્યોતિ અને એનાથી આ પ્રભુ પરમજ્યોતિ. ઉત્તમ પરમજ્યોતિ. ચૈતન્યથી ઝળહળ ભરેલો. આહા..હા..! .. '**उच्चै**' એટલે ઉત્તમ અતિશય અને '**परं**' એટલે પરમ. ઉત્તમ પરમજ્યોતિ. આહા..હા..! સમજાણું કાંઈ? સંસારને તો બાળી નાખે એવી પરમજ્યોતિ છે, કહે છે. સંસાર એટલે રાગ-દ્વેષ હોં. સંસાર એટલે બાયડી-છોકરા એ નહિ. બાયડી, છોકરા, કુટુંબ, દુકાન, પૈસા એ સંસાર નથી, એ તો પરવસ્તુ જડ છે. સંસાર મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો અભાવ તે સંસાર. એને સંસાર કહીએ. '**संसरण इति संसारः**' આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાંથી ખસીને વીતરાગભાવ છોડીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં આવે એને સંસાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ઉત્તમ પરમજ્યોતિને...**' આહા..હા..! આવો આત્મા વીતરાગસ્વભાવમાં રમે છે એવી વાણી કહે છે તેમાં. એ '**સમયસારને-શીઘ્ર દેખે છે જ.**' દેખે નામ અનુભવે છે. આહા..હા..! છે? '**सपदि समयसारं**' છેને? ત્રીજામાં. '**सपदि समयसारं**' શીઘ્રપણે સમયસારને. '**सपदि**' શીઘ્રપણે સમયસારને. આહા..હા..! '**इक्षन्त**' સાક્ષાત્ અનુભવે છે. આહા..હા..! '**इक्षन्त**' એટલે અવલોકે છે, '**इक्षन्त**' એટલે દેખે છે, '**इक्षन्त**' એટલે અનુભવે છે, '**इक्षन्त**' એટલે અંદર પ્રતિત અનુભવની કરે છે. આહા..હા..! જુઓ, આવો માર્ગ છે, ભાઈ! માણસને આકરો પડે કે ન પડે, પણ માર્ગ તો આવો બાપા છે. આહા..હા..! .. થવાનો. આ પૈસા રળવા માટે સગા-વ્હાલા મૂકીને પરદેશમાં રખડે છે કે નહિ? ...ભાઈ!

**શ્રોતા :-** દુકાને જાય એ ઘર મૂકીને જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાય પણ આ તો સાંજે મળશે. ઓલા તો પાંચ-પચાસ વર્ષે મળે. મા-બાપ, દીકરાઓ માટે. હવે ધૂળ માટે ત્યાં જાય. તે પણ પુણ્ય હોય તો મળે. આ માર્ગ.. એણે ઘણા પુરુષાર્થથી જાવું પડશે. સમજાણું કાંઈ? સમયસારની '**सपदि**'. સમયસારની '**सपदि**' '**इक्षन्त**' આહા..હા..! આવો જે વીતરાગવાણીમાં કહેલો ત્રિકાળી ભગવાનઆત્મા, એમાં જે રમે છે એને સંસારની ઉત્પત્તિ થતી નથી. મિથ્યાત્વની. મિથ્યાત્વ એ સંસાર છે. અને શીઘ્ર અલ્પકાળમાં આત્માનો સાક્ષાત્કાર આનંદનો કરે છે. કરે છે એ તો ઠીક. કરે છે જ. '**एव**' છેને '**एव**' '**अनवम अनय पक्ष अक्षुण्ण**' '**इक्षन्त एव**' '**इक्षन्त एव**' આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન પામીને આત્માનો સાક્ષાત્કાર કરે છે, એમ કહે છે. આહા..હા..! આ ધર્મ પામ્યો કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મી એવો આત્મા,

એનો જે ત્રિકાળી આનંદ આદિ સ્વભાવ, એમાં જે રમે તે ધર્મને પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિના બધા ધર્મ વિનાના રખડતા જીવો છે. આહા..હા..! લ્યો દેખે છે ડ઼ "एव' 'एव' છેને? જરૂર આત્માને પામશે, જરૂર મોક્ષને પામશે, જરૂર મિથ્યાત્વ અને અજ્ઞાનનો નાશ કરશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'વળી, (આ જીવ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—'

(मालिनी)

अथ नययुगयुक्तिं लंघयन्तो न सन्तः
परमजिनपदाब्जद्वन्द्वमत्तद्विरेफाः।
सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति
क्षितिषु परमोतोक्तेः किं फलं सज्जनानाम्।।३६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા...**' નિશ્ચયનયે ભગવાન પૂર્ણાનંદ છે, પર્યાયનયની અંદર સંસાર છે ત્યાં સુધી અશુદ્ધતા પણ છે. એમ બે નયને બરાબર જાણતા, નહિ ઉલ્લંઘતા આહા..હા..! '**બે નયોના સંબંધને...**' જોયું! સંબંધ લીધા બે. વ્યવહારનયને બેને સંબંધ છે. સમજાણું કાંઈ? દ્રવ્યને અને પર્યાયને સંબંધ છે. બે વિરોધ છે. આહા..હા..! '**બે નયોના સંબંધને નહિ...**' છોડતા, '**નહિ ઉલ્લંઘતા થકા પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા...**' આહા..હા..! પરમવતીરાગના ચરણકમળમાં. પાદ-ચરણ, પંકજ-કમળના યુગલ એટલે કે દર્શન અને ચારિત્રમાં મત્ત થયેલા. આહા..હા..! '**પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે...**' આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે એમાં શ્રદ્ધા અને આનંદ ચારિત્રથી ભિન્ન થઈ ગયા છે. એ જિનેશ્વરના ચરણકમળની સેવા કહેવામાં આવે છે. ભગવાને કાંઈ પગ નથી કે પગની સેવા કરવી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરમજિનના પાદપંકજ...**' ચરણકમળ '**યુગલ...**' બે પગ છેને. એમ નિશ્ચય અને વ્યવહાર બે નયોનો વિરોધ ટાળીને સ્વરૂપની દૃષ્ટિમાં ઠરે છે. '**ભ્રમર સમાન છે...**' આહા..હા..! ભમરા જેમ કમળમાં ફુલની ગંધ લેવા બેસે છે. શું કહેવાય? પરાગ-પરાગ. ફુલની પરાગને? એ ફુલ હોય એની પરાગ હોય છે. એમ આત્માના આનંદનો રસ જે છે એ ભ્રમર સમાન છે એમ કહે છે. આહા..હા..! આવી વાતું આવી હવે. આ .. ભક્તિ કરવી, પૂજા કરવી. આહા..હા..! આ વસ્તુ જ આ છે. પૂજ્ય વસ્તુ ભગવાનને પૂજવા અને સ્વની ભક્તિ. ભક્તિ બે પ્રકારની કહી છેને જયસેનાચાર્યે? સ્વની ભક્તિ અને પરની ભક્તિ. પૂર્ણાનંદનો નાથ એની ભક્તિ એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પાદપંકજયુગલમાં મત્ત થયેલા...**' આહા..હા..! મસ્ત થઈ ગયા છે, કહે છે.

આનંદની મસ્તીમાં મસ્ત થયેલા ધર્માત્મા. આહા..હા..! **'એવા જે સત્પુરુષો...'** આહા..હા..! આને સત્પુરુષ કહીએ. સત્ એવા ભગવાનઆત્મામાં રમનાર તેને સત્પુરુષ કહીએ. સમજાણું કાંઈ? **'તેઓ શીઘ્ર...'** **'सपदि'** છેને? **'સમયસારને અવશ્ય પામે છે.'** એવા આત્માઓ આત્માને જરૂર પામે છે. મોક્ષ અને પૂર્ણ આત્માને જરૂર પામે છે. સમજાણું કાંઈ? આવી વાતું કરનારા છે. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કહે છે. રાતે ચોવિહાર કરવો, ગળીને પાણી પીવા, કંદમૂળ ન ખાવા આવું તો બધું સમજતા હતા. એ તો બધી ક્રિયાની વાતું સાંભળને હવે. આહા..હા..! એ તો શુભભાવની ક્રિયા છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! ધર્મ તો આત્માનો ધર્મ જે સ્વભાવ એમાં એકાગ્ર થવું તે ધર્મ છે. આહા..હા..! ધર્મી એવો ભગવાન અને એનો ધર્મ નામ સ્વભાવ આનંદ, જ્ઞાન આદિ એમાં એકાગ્ર થવું તે પર્યાયનો ધર્મ છે. આહા..હા..! વાત આવી છે. માણસને એકાંત લાગે હોં. એકાંત છે. અરે..! બાપા! એકાંત જ છે. આહા..હા..! એમ કે પાંચ મહાવ્રત અને આ ત્યાગ. ત્યાગ કરવો આકરો લાગે છે અને મોક્ષનો માર્ગ સહેલો કરી નાખ્યો આ. તપશ્ચરણ કરવા નથી અને હવે આત્માની આ શ્રદ્ધા કરવી એમ સહેલું કરી નાખ્યું. અરે ભગવાન! માર્ગ તો સહેલો જ છે. કષ્ટ હોય એ માર્ગ કહેવાય? કષ્ટ લાગે એ તો દુઃખ અને આર્તધ્યાન છે. આહા..હા..! આ સહજાનંદનો આનંદ આવે એ માર્ગ છે. છ ઢાળામાં ન કહ્યું? .. આ ધર્મ કષ્ટાદાયક છે. ચારિત્ર કહે છે. અરે! હોય નહિ, ભાઈ! તને ખબર નથી. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની શ્રદ્ધા અને જ્ઞાનમાં આનંદ હોય છે, કષ્ટ હોતું નથી. કષ્ટ હોય તે ધર્મ નહિ અને ધર્મ હોય ત્યાં કષ્ટ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો... આહા..હા..!

**'એવા જે સત્પુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે.'** હવે જરી કહે છે મુનિરાજ. **'પૃથ્વી ઉપર પરમતના કથનથી સજ્જનોને શું ફળ છે...'** આહા..હા..! ત્રિલોકના જિનેશ્વરદેવે જે આ માર્ગ કહ્યો એવો બીજે ક્યાંય છે નહિ. સમજાય છે કાંઈ? છે? **'क्षितिषु'** **'क्षिति'** નામ પૃથ્વીના આ.. વીતરાગે કહેલા માર્ગથી અનેરા માર્ગમાં તારે શું કામ છે? બીજે છે નહિ આ વાત. સમજાણું કાંઈ? **'क्षितिषु परमोतोक्तेः किं फलं सज्जनानाम्।'** આહા..હા..! અરે! સજ્જનોને પૃથ્વી ઉપર વીતરાગ પરમેશ્વરે જે આ માર્ગ કહ્યો એ સિવાય બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! **'પૃથ્વી ઉપર પરમતના કથનથી...'** આહા..હા..! **'સજ્જનોને...'** સત્ય જનોને-સજ્જનોને. જ ડબલ છેને? સત્ જનોને શું ફળ છે? આહા..હા..! વીતરાગે કહ્યો તે એક જ માર્ગ છે. બીજે એવો માર્ગ ક્યાંય નથી. આહા..હા..! ઝીણી વાત પડે, બાપુ! 'બસ, તમારો જૈનધર્મ જ સાચો?' પણ જૈનધર્મ એ વાડો ક્યાં છે? એ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગી સ્વભાવ એમાં એકાગ્ર થવું તે વીતરાગ પર્યાય તે ધર્મ. આ તો વસ્તુની સ્થિતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'પર મતના કથનથી સજ્જનોને શું ફળ (અર્થાત્** જગતના **જૈનેતર દર્શનોનાં...'**

જૈનેત્તર છેને? જૈન પરેશ્વર સિવાય. એ પણ દિગંબર જૈનધર્મ છે એટલે એ સિવાય ઈત્તર **'દર્શનોનાં મિથ્યા કથનોથી સજ્જનોને શું લાભ છે)?'** આહા..! મુનિરાજે આમ .. આકરું પડે માણસને પક્ષને છોડવો. જે પક્ષમાં પડ્યો હોય એમાંથી એને નીકળવું. એની એને ખબર ક્યાં છે. આહા..હા..! એ અધિકાર પૂરો કર્યો. **'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇંદ્રોયાના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારીદેવ...'** નિર્ગ્રંથ મુનિ. જૈનદર્શનમાં અનાદિ-અનંતમાં નિર્ગ્રંથ મુનિ જ હોય. વસ્ત્ર-પાત્રવાળા મુનિ એ જૈનદર્શનમાં મુનિ નહિ.

**શ્રોતા :–** એ નિર્ગ્રંથમુનિ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગ્રંથ રાખે એને મુનિપણું ક્યાંથી આવ્યું? વસ્ત્ર-પાત્ર ગ્રંથ છે. આકરી વાતું બહુ. જૈનદર્શનમાં વસ્ત્ર-પાત્રથી સાધુ માને એ જૈન નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ મિથ્યાત્વ .. લક્ષ ગયું છે તો મિથ્યા છે કે નહિ? ... મિથ્યાત્વ.. વસ્ત્ર-પાત્ર છેને એ મિથ્યાત્વ ક્યાં છે? પણ રાખવું એ મિથ્યા છે. વસ્તુસ્થિતિ આવી છે. ખેંચાતાણ કરે એ કામ ન આવે. આ કોઈ પક્ષની વાત નથી. વસ્તુના સ્વરૂપની સ્થિતિ છે આ. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો પાંચેય ઈન્દ્રિયો જેણે જીતીને અણિન્દ્રિયમાં લીન છે એને કોઈ વસ્ત્રનું ઢાંકવું ઈન્દ્રિયને એવું હોઈ શકતું જ નથી. વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ? લોજિકથી, ન્યાયથી સમજશે તો આ વસ્તુ સિદ્ધ થશે. જેણે પાંચ ઈન્દ્રિય... અહીં કહે છેને જુઓને. શું કીધું એ જુઓ, **'પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત...'** એ સિદ્ધાંત છે એમાં જરી. પાંચ ઈન્દ્રિય છે તે તરફના વિસ્તારરહિત છે, અણિન્દ્રિયમાં ગયો છે એ. આહા..હા..! એને મુનિ તો આવા જે મુનિ હોય એને વસ્ત્ર અને પાત્રનો કટકો ન હોય અને વસ્ત્ર અને પાત્ર રાખીને મુનિ માને એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. વાત આવી છે. કહો, શાંતિભાઈ! આ શાંતિભાઈ સાધુ થવાના હતા. નગ્નમુનિ દિગંબર થવાના હતા લ્યો.. શાંતિભાઈ! દિલ્હી-દિલ્હી. ... પછી સાંભળ્યું અહીંનું કે અરે! આ તો માર્ગ તો બીજો છે. આ સાધુ નાગા થઈને ફરે એ સાધુ એ સાધુ નથી. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને સાધુ ક્યાંથી આવ્યા? .. ... સાંભળ્યું જ્ઞાનચંદજીનું. જ્ઞાનચંદજી. ... છે. વસ્તુની સ્થિતિ. જ્ઞાનીને દુઃખ હોય જ નહિ. દુઃખ વેદે તે જ્ઞાની નહિ, કષાયવાળા.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કઈ અપેક્ષાએ? અતિ દુઃખ પર્યાયમાં વેદે છે જ્ઞાની. છઠ્ઠા ગુણસ્થાનવાળાને પણ કલુષિત આત્મા છે એવું નથી આવ્યું? .. આ ત્રીજી ગાથા. કલ્માષિતાયા. મુનિ પોતે કહે છે આચાર્ય અમૃતચંદ્રાચાર્ય, અમને પર્યાયમાં કલુષિતતા છે, દુઃખ છે, રાગ

છે. આહા..હા..! એ અમે આ ટીકા કરતાં-કરતાં અમારું લક્ષમાં જોર છે દ્રવ્ય ઉપર. ટીકા કરતાં કલુષિતતા ટળી જશે. આહા..હા..! જેટલો રાગનો ભાગ છે એ કલુષિત છે. ભલે પંચમહાવ્રતનો વિકલ્પ હોય એ રાગ અને દુઃખ છે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એમાં શું કહ્યું? 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચમહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ એને સુખ નહોતું. એ તો દુઃખ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' દિગંબર મુનિ થયો અનંતવાર, પંચમહાવ્રત પાળ્યા. એ તો રાગ છે, દુઃખ છે. એવું કહ્યું છતાં 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એનો અર્થ કે એ તો દુઃખ છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવો માર્ગ ભારે!

કેટલાક શ્રીમદ્‌માં પણ એમ કહે છે, કાનજીસ્વામીએ નવો માર્ગ કાઢ્યો છે. આ દિગંબર ધર્મ છે અને આ ધર્મ એણે નવો કાઢ્યો, એમ કહે છે. અરે..! શું થાય, ભાઈ! માર્ગ જ આ છે અનાદિનો. આહા..હા..! અહીં શું કહ્યું? '**પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...**' પદ્મપ્રભમલદારીદેવ. એણે આ ટાકી કરી છે. દેહમાત્ર .. હતો બસ. આહા..હા..! અને પાંચ ઇન્દ્રિયના ફેલાવરહિતની વ્યાખ્યા એવી છે કે આ તો અણિન્દ્રિયમાં એ લીન છે. પાંચ ઇન્દ્રિયના વિષય તરફનો જુકાવ એને ખસી ગયો. ખસી ગયો એટલે એને વસ્તુનો પરિગ્રહ હોઈ શકે નહિ. ઇન્દ્રિયનો .. એને.. સમજાણું કાંઈ? આહા..હા..! એ .. કરીને નાખે છે કે '**પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) જીવ અધિકાર નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' ૧૯ ગાથાએ.

હવે, આ વ્યવહારનો વાંચવાનો ભાવ છે. ૧૧૧ પાને. ૧૧૧. ત્રણ એકડા. ૫૬ ગાથા. હવે અહીંયાં શું અધિકાર છે આમાં? કે સમ્યક્ અનુભવ દૃષ્ટિ થઈ છે અને એ ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા પણ વિશેષ થઈ છે, પણ એને હજી વીતરાગતા પૂર્ણ પ્રગટી નથી એને આવા અહિંસા આદિના વિકલ્પો આવ્યા વિના રહેતા નથી. આહા..હા..! ફરીને.

જેને અંતર અનુભવ ચિદાનંદ આત્મા શુદ્ધ ઉપાદેયની દૃષ્ટિ અને અનુભવ થયો છે, એના ઉપરાંત પછી બીજા કષાયોનો નાશ થઈને જેને શાંતિ... શાંતિ... શાંતિ... ચોથા ગુણસ્થાન કરતાં પાંચમામાં શાંતિ વધી છે. પાંચમા કરતાં સાતમા ઉપર શાંતિ વધી છે, પણ સાતમામાંથી જ્યારે નીચે આવે જ્યારે છઠ્ઠે ત્યારે એને આવા વિકલ્પો આવે છે, એમ કહે છે. અહિંસા, વ્રતનો વિકલ્પ છે પુણ્યબંધનું કારણ, પણ એ આવ્યા વિના રહેતો નથી. વ્યવહાર વચ્ચે આવે છે. પૂર્ણ વીતરાગ ન હોય એ આવે છે એ વ્યવહાર નિશ્ચયનું સાધન છે એમ નહિ, પણ વ્યવહાર આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**હવે, વ્યવહારચારિત્ર અધિકાર કહેવામાં આવે છે.**' વ્યવહારચારિત્રનો અર્થ આ. અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એવો શુભવિકલ્પ એને હોય છે, શુભરાગ. એ વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે, પણ જેને નિશ્ચયચારિત્ર હોય એને. જેને અંદર સમ્યગ્દર્શન અને ચારિત્ર નથી એને વ્યવહારચારિત્ર કહેવામાં આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર પણ હોય છે, પણ કોને? આહા..હા..! .. અનુયોગ થયો છે. આનંદના નાથનો સ્વાદ આવ્યો છે અંદર અને એ સ્વાદમાં પણ પ્રચુર સ્વસંવેદન આવ્યું છે. પાંચમી ગાથામાં કહે છેને કુંદકુંદાચાર્ય મુનિને તો પ્રચુર સ્વસંવેદન હોય છે. આનંદનું પ્રચુર સ્વસંવેદન. આહા..હા..! એવી ભૂમિકામાં સ્વરૂપમાં અપ્રમત્તદશાઓ જ્યાં સુધી નથી ત્યારે એને આવા વિકલ્પો શુભરાગ આવે છે, હોય છે, ત્યારે એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. છે બંધનું કારણ, પણ એ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? ૫૬ ગાથા.

कुलजोणिजीवमग्गणठाणाइसु जाणिऊण जीवाणं।
तस्सारंभणियत्तणपरिणामो होइ पढमवदं।।५६।।

**જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**

'**ટીકા :- આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.**' અહિંસાવ્રત. વ્યવહારવ્રત હોં આ. નિશ્ચયવ્રત તો સ્વરૂપમાં ઠરી જવું તે. સ્વરૂપ શુદ્ધ આનંદનો નાથ પ્રભુ એનું જે વેદન છે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં. એથી સ્વરૂપમાં વીંટાઈ જવું એનું નામ નિશ્ચયવ્રત છે, પણ એવા નિશ્ચયવ્રતમાં પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા નથી તેને આવો અહિંસાવ્રતનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સહજ હોય છે, હઠથી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ વ્યવહાર પાછો જાણવો પડશેને. વળી આટલું બધું નિશ્ચયનું આવ્યું કે વ્યવહાર છોડવો. કેવી રીતે હોય? એ જીવે, અહિંસાવ્રતના જાણનારે પહેલો કુળમાં ભેદ જાણવો જોઈએ જીવના. જીવનું કુળ. કુળ એટલે જે યોનિમાં ઉત્પન્ન થાય પરથી કુળ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય જીવોનું જે શરીર. એ શરીરની ઉત્પત્તિના પ્રકારને કુળભેદ કહે છે અને જેમાં શરીર ઉત્પન્ન થાય એને યોનિભેદ કહે છે.

'**કુળભેદ,...**' આ કુળ એટલે આ ૩૬ કુળની અહીં વાત નથી. શરીરની જાત ભિન્ન-ભિન્નપણે ઉત્પન્ન થાય. પૃથ્વી, ઈયળ, કીડા ભિન્ન-ભિન્ન શરીરની ઉત્પત્તિ. એ શરીરની ઉત્પત્તિની ભિન્ન જાત એને કુળભેદ કહે છે. અને નીચે જે યોનિ છે જેમાં ઉત્પન્ન થાય છે એને '**યોનિભેદ,...**' કહે છે. જેમ છાણ છે છાણ સમજ્યાને? ગોબર. એ ગોબરમાં ભિન્ન-ભિન્ન જાતની યોનિ છે. એ યોનિ કહેવાય. એમાં જીવ ઉત્પન્ન થાય ભિન્ન-ભિન્ન જાતના શરીર એ કુળભેદ કહેવાય. આહા..હા..! એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? '**યોનિભેદ,...**' એટલે ઉત્પત્તિના સ્થાન. કુળભેદ એ ઉત્પન્ન થનારા શરીરના ભેદના ભાવ અને આ યોનિના ભેદ.

આહા..હા..! વીતરાગમાર્ગમાં ક્યાં-ક્યાં જીવ કહ્યા છે, કેવા-કેવા જીવની ઉત્પત્તિ ક્યાં હોય છે, એનું એને જ્ઞાન જોઈએ.

'**જીવસ્થાન...**' ચૌદ. જીવના સ્થાન જાણવા જોઈએ. '**માર્ગણાસ્થાન...**' નક્કી વાત. ગતિ, જાતિ ચૌદ. એને જાણવા જોઈએ. '**ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે;...**' ૪૨માં. '**અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી. ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને...**' એમના ભેદોને જાણે. જોકે શુદ્ધજીવસ્વરૂપમાં એ માર્ગણા આદિ નથી. એમ કહ્યું હતું ત્યાં. જીવસ્થાન, માર્ગણાસ્થાન એ બધું વસ્તુ ત્રિકાળી આનંદકંદમાં એ નથી, શુદ્ધદ્રવ્યમાં એ નથી, પણ પર્યાયમાં છે તેમ એને જાણવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેમના ભેદોને જાણીને...**' કેટલા ભેદ કીધા? કુળભેદ, યોનિભેદ, જીવસ્થાનભેદ અને માર્ગણાભેદ. '**કહેલા તેમના ભેદોને જાણીને તેમની રક્ષારૂપ પરિણતિ...**' રક્ષાની વ્યાખ્યા? રાખવારૂપ એમ નહિ, પણ તેને નહિ મારવારૂપ એની પરિણતિ. એને દુઃખ ન થાય એવા પરિણામ, પ્રયત્ન. પરિણામના પ્રયત્ન શુભભાવ. આહા..હા..! એ તો ત્યાં લીધું છે નહિ? મોક્ષમાર્ગમાં. રક્ષા કરી શકે એ પ્રશ્ન નથી, પણ પ્રયત્નમાં પરને ન મારવા જેવો પ્રયત્ન છે એને રક્ષા કરી એમ કહેવામાં આવે છે. રક્ષા કોણ કરે? પરની રક્ષા કરી શકે છે? પણ પ્રમાદરહિત પરિણામ. પ્રમાદ એટલે તીવ્ર પ્રમાદરૂપ. એ ન મારવાના પરિણામ એ પણ છે તો પ્રમાદ. છઠ્ઠે ગુણસ્થાને .. બાદ છે. પણ તીવ્ર પરિણામનો જેમાં કષાયનો અભાવ છે અને મંદ પ્રયત્ન પરાયણ છે. જુઓ, છે?

'**પરિણતિ તે જ અહિંસા છે.**' એને નહિ મારવાના પ્રયત્નના પરિણામ જે શુભ તેને અહીંયાં અહિંસા કહેવામાં આવે છે. વ્યવહાર.

**શ્રોતા :-** બચાવાની વાત ન આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બચાવે.. રક્ષા વગર કોણ બચાવે? પરને બચાવી શકતો જ નથીને. પર જડદ્રવ્યની પર્યાય તો એને કારણે થાય. બચાવી કોણ શકે? હવે એનું સ્વરૂપ વિશેષ શું છે એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૪, શનિવાર, તા. ૦૧-૦૨-૧૯૭૬, ગાથા-૫૬, કળશ-૭૬, પ્રવચન નં. ૧૬૭

આ નિયમસાર. વ્યવહારચારિત્ર અધિકાર. ઓલી ગાથા ચાલે છેને. ફરીને. '**આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.**' નિશ્ચય જેને સમ્યગ્દર્શન થયું છે, જેને અંતર્મુખ પરિણામ થયા છે, સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એના જ્ઞાનની અનુભૂતિ થઈ છે, એને આગળ વધતા શાંતિ થોડીક આવે છે પાંચમા ગુણસ્થાને એને અહિંસા આદિ બાર વ્રતના વિકલ્પ હોય છે, એ પુણ્યબંધનું કારણ છે. એ વ્યવહારચારિત્ર આવ્યા વિના રહેતું નથી. મુનિને સમ્યક્ અનુભવ પછી અંદર ત્રણ કષાયનો અભાવ થવા પહેલા મુનિપણું લે. પંચમહાવ્રતાદિ આદર કરે. અંદર સમ્યક્ અનુભવ હોય. આત્માના આનંદનો અનુભવ હોય. પછી એ પંચમહાવ્રત અંગીકાર કરે, પછી ધ્યાનમાં બેસે ત્યારે એને ચારિત્ર સ્થિરતા પ્રગટ થાય. અને કોઈને એવા પંચમહાવ્રતાદિ વિકલ્પ લીધા, પણ અંદર સ્વરૂપના આનંદનો અનુભવ જે ચારિત્ર ન હોય, પણ સમ્યગ્દર્શનનો અનુભવ હોય, એને એ પંચમહાવ્રતના પરિણામ હોય તો એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે.

**શ્રોતા** :- સમ્યગ્દર્શનસહિત?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમ્યગ્દર્શનસહિત. પહેલાં તો જ્યાં આત્મદર્શન નથી ચૈતન્ય સત્તાનો સ્વભાવનો સ્વીકાર જ નથી, સહજાનંદસ્વરૂપ પ્રભુ આત્મા એનો જ્યાં સ્વીકાર જ નથી, એને તો વ્રતાદિ વ્યવહાર હોતા નથી. છતાં એ અજ્ઞાની પંચમહાવ્રતના પરિણામ લે તો એ દ્રવ્યલિંગમાં ગણાય છે. જ્યાં આત્મદર્શન નથી, અનુભવ નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવ પંચમહાવ્રત લે તો એ કાંઈ અહિંસાવ્રત નથી, એ રાગની મંદતાના શુભભાવ હોય, એને જન્મ-મરણ મટતા નથી. પણ જેને આત્મદર્શન છે, આત્માની અનુભૂતિ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે, આહા..હા..! એ જીવ વિશેષ આનંદના સ્વાદને માટે પંચમહાવ્રત અંગીકાર કરે. છે એ પંચમહાવ્રત શુભરાગ, પણ પછી એના ધ્યાનમાં જાય અંદર તો એને સ્થિરતા જે ત્રણ કષાયના અભાવની ઉભી થાય તો તેને સાચા ભાવલિંગી સંત કહેવામાં આવે છે, એને જે પંચમહાવ્રતના ભાવ હોય એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આવી બધી શરતું છે.

અહીં સમ્યગ્દર્શન-જ્ઞાનસહિતના મહાવ્રતની આ વાત છે. વ્યવહાર છેને. નિશ્ચયની વાત પહેલા શુદ્ધભાવ અધિકારમાં આવી ગયું. શુદ્ધભાવમાં. આ વ્યવહાર નાખ્યું. જે આત્મા સ્વભાવિક અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એનો સ્વીકાર સમ્યગ્દર્શન-જ્ઞાનમાં થયો એથી એને અતીન્દ્રિય

આનંદનો સ્વાદ થોડો આવ્યો. સમજાય છે કાંઈ? એ વિશેષ અતીન્દ્રિય આનંદને લેવા માટે... ચોથે, પાંચમે ગુણસ્થાને મુનિપણું લેને પંચમહાવ્રત? એ લે પંચમહાવ્રતના પરિણામ એ અહિંસા આદિ શુભભાવ અને જો અંદરમાં ધ્યાનમાં આવીને છઠ્ઠી ભૂમિકાએ જોઈએ એ જો આનંદની સ્વાદ ઉગ્રતા ન આવે અને ચોથા ગુણસ્થાનની દશા રહે કે પાંચમાની રહે અને વ્રતાદિના વિકલ્પો મુનિ જેવા હોય તો એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. મિથ્યાદષ્ટિને પંચમહાવ્રત હોય એને દ્રવ્યલિંગી કહીએ. આવી વાત છે. આહા..હા..! અને આત્માના આનંદની ભૂમિકા પ્રગટી છે, એને પંચમહાવ્રતના વિકલ્પ આવે, લે, પણ પછી પ્રયત્નથી અંદર જે સ્થિરતા આનંદની ઉગ્રતા આવવી જોઈએ, પ્રયત્ન ન થયો અને પંચમહાવ્રતના પરિણામ રહ્યા તે ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. આવું છે.

**શ્રોતા** :- યાદ રાખવું જરી કઠણ પડે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તેથી તો ધીમેથી તો કહેવાય છે.

અંતરમાં આનંદનો સ્વાદ ન આવ્યો, આનંદનો નાથ ભગવાન પરમાત્મા પોતે એને ટચ ન કર્યો, એને સ્પર્શ ન કર્યો અને એને સ્પર્શ કર્યા વિના જે કાંઈ પંચમહાવ્રતાદિ પરિણામ એ બધા દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. પણ સ્પર્શ કર્યો આત્માનો સમ્યગ્દર્શન અને એને મુનિપણું લેવાનો ભાવ થયો એણે ચોથે, પાંચમે ગુણસ્થાને દીક્ષા લઈને નગ્નપણું ધારણ કર્યું, અંદરમાં પંચમહાવ્રતના વિકલ્પો ગ્રહણ કર્યા, પણ હજી પંચમહાવ્રતના વિકલ્પ કાળે જે ચોથું-પાંચમું હતું. એના પછી અંદર આનંદની સ્થિરતા થવી જોઈએ એ પ્રયત્ન ન થયો તો એને પણ સમ્યગ્દષ્ટિ હોવા છતાં છઠ્ઠા ગુણસ્થાનના પંચમહાવ્રતના ભાવ હોય તો એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે.

અહીંયાં તો ભાવલિંગી સહિતની પ્રશ્નની અહીં તો વાત છે. જેને અહિંસાવ્રત છે એણે શું કરવું? કે '**કુળભેદ,...**' જાણવા. જીવોની ઉત્પત્તિના શરીરની ભિન્નતાના પ્રકાર. શરીરની ઉત્પત્તિના ભિન્નતાના પ્રકાર એને કુળભેદ કહે છે. એને જાણવા. '**યોનિભેદ,...**' જીવની ઉત્પત્તિ જે થાય એની યોનિના પ્રકાર એને જાણવા. '**જીવસ્થાન...**' ચૌદ છે તેને જાણવા. '**માર્ગણાસ્થાનના ભેદ...**' એણે જાણવા. જોયું! પહેલા એ કહી ગયા છે આ વાત એટલે અહીં વિશેષ નથી કહેતા. '**અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી. ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને...**' ૪૨મી ગાથામાં આવી ગયું છે. '**તેમની રક્ષારૂપ...**' એટલે જીવની રક્ષા માટે અથવા જીવને ન મારવા માટે. '**પરિણતિ તે જ અહિંસા છે.**' શુભરાગ. '**તેમનું મરણ થાઓ કે ન થાઓ,...**' બીજા જીવની હયાતીનું મૃત્યુ થાવ કે ન થાવ. '**પ્રયત્નરૂપ પરિણામ વિના સાવદ્યપરિહાર (દોષનો ત્યાગ) થતો નથી.**' પ્રયત્ન પરિણામ એ શુભભાવ એ જાતનો. પ્રયત્ન પરિણામ છે. પરને નહિ મારવાના ભાવનો પ્રયત્ન છે. એવા પરિણામ વિના સાવદ્યનો ત્યાગ થતો નથી. આહા..હા..! જૈનદર્શનનું વ્રત

કેવી દશા હોય એ સમજવી કઠણ જગતને. અહીંયાં તો આત્મજ્ઞાન વિના પાધરા હઠથી વ્રત લે અને હઠથી ક્રિયા કરે એ બધી હઠાગ્રહી ક્રિયા મિથ્યાત્વની છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો સત્તા આત્માની મહાપ્રભુની ભગવાન સ્વરૂપે પ્રભુ છે. એનું ભાન થઈને આનંદની અવસ્થા પ્રગટી છે. એને આગળ વધવા આનંદની વિશેષ અવસ્થા થવા માટે પંચમહાવ્રતના વિકલ્પ આવા હોય એને. એને પર જીવને ન મારવાના પ્રયત્નની પરાયણતા હોય, પ્રયત્નની તત્પરતા હોય છે.

'**આથી જ, પ્રયત્નપરાયણને હિંસાપરિણતિનો અભાવ હોવાથી...**' જેને પરપ્રાણીને નહિ મારવાના પ્રયત્નના પરિણામ છે તેને '**હિંસાપરિણતિનો અભાવ હોવાથી અહિંસાવ્રત હોય છે.**' આહા..હા..! આકરી શરતું બધી બહુ પણ. સમજાણું કાંઈ? એ વ્યવહાર અહિંસાવ્રતની વ્યાખ્યા કરી. નિશ્ચય જેને આત્મદર્શન-જ્ઞાન છે અને નિશ્ચયચારિત્ર નામ ચરવું, આનંદમાં રમવું. અતીન્દ્રિય આનંદનું દળ ભગવાન, અતીન્દ્રિય આનંદની જ જેની ભૂમિકા છે. આહા..હા..! એમાં જેની રમતું, ચરવું આનંદમાં એનું નામ ચારિત્ર છે. આહા..હા..! આવી વાતું ભારે પડે. કેટલું એને યાદ રાખવું કહે. સંસારમાં નથી યાદ રાખતો વેપારનો? હજાર જાતની ચીજો હોય તો એનું ક્યા ભાવે લાવ્યા હતા? ક્યા ભાવે વર્તે છે? ક્યા ભાવે વેચવી? ખબર હોય કે નહિ બધી?

**શ્રોતા :-** હુશિયાર હોય એને ખબર હોય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય અમારે આણંદજી હતો હુશિયાર. આપણને બહુ એવું રસ નહોતો. કરતા ખરા ધંધો. પણ રસ નહોતો, ખબર હતી એ વખતે અને એ બહુ હોશિયાર હતો. કેટલી ચીજ દુકાનમાં છે? ક્યા ભાવે આવેલી છે? કેટલી વેચાણી છે? અને નવો ભાવ અત્યારે શું છે? કઈ જાતનું એ બધી એને ખબર હોય. આહા..હા..! વેપરાના રસિયા હતાને. આહા..હા..!

અહીંયાં કહે છે કે જેને આત્મજ્ઞાનસહિત જેને વ્રતના પરિણામનું પ્રગટપણું કરવું છે એણે આ બધું જાણવું જોશે. જીવો ક્યાં છે? કઈ રીતે ઉત્પન્ન થયા છે? કેવા પ્રકારના છે? એને એણે બરાબર જાણવા જોશે અને જાણીને પ્રયત્નપરાયણથી સાવદ્યનો ત્યાગ કરવો પડશે. સમજાણું કાંઈ? હવે આમાં શ્લોક આપે છે.

'**એવી રીતે** (આચાર્યવર) **શ્રી સંમતભદ્રસ્વામીએ** (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં **શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૯માં** શ્લોક દ્વારા) **કહ્યું છે કે :—**'

(शिखरिणी)

अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं
न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविद्यौ।

ततस्तत्सिद्ध्यर्थं परमकरुणो ग्रन्थमुभयं
भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જગતમાં વિદિત છે...**' આહા..હા..! આચાર્યો કહેવા માગે છે. જગમાં તો વિદિત છે કહે છે '**કે જીવોની અહિંસા પરમબ્રહ્મ છે.**' આત્માની હિંસા ન થવી, પરમ આનંદની દશા પ્રગટ કરવી એ અહિંસા પરમબ્રહ્મ છે, એ જગતમાં પ્રસિદ્ધ છે, કહે છે. આહા..હા..! ઓલો વ્યવહારનો વિકલ્પ હતો, આ નિશ્ચયની વાત કરી છે. આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવી અને અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થવી એ પરમબ્રહ્મ તે અહિંસા છે. આહા..હા..! ભાવ અહિંસા. ભગવાનઆત્મા અનાકુળ આનંદનો ગાંઠડો છે પ્રભુ. એમાં અહિંસા એટલે આનંદની ઉત્પત્તિ થવી અથવા વીતરાગી સુખની ઉત્પત્તિ થવી આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ અહિંસા પરમબ્રહ્મ નામ પરમ આત્મા અને પરમ આનંદની દશાને અહિંસા કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ નિશ્ચય અહિંસા. એવા જીવને વિકલ્પ ઉઠે છે સાવદ્યના ત્યાગનો એને વ્યવહાર અહિંસા કહેવામાં આવે છે. આમ છે.

'**જગતમાં વિદિત છે...**' કહે છે. આહા..હા..! '**કે જીવોનિ અહિંસા પરમબ્રહ્મ છે.**' એ અહિંસા એટલે આત્મા આનંદનો નાથ પ્રભુ, એમાં રાગ થઈને એ આનંદની હિંસા ન થાય અને અરાગ થઈને આનંદની પર્યાય પ્રગટ થાય એને અહિંસા કહે છે. આહા..હા..! આવી વ્યાખ્યા છે. કહો, પ્રેમચંદભાઈ! આવો પરમાત્મા જિનેશ્વરદેવનો માર્ગ છે, ભાઈ! વીતરાગ પરમાત્મા કહે છે એ મુનિઓ કહે છે અહીંયાં. જગતમાં તો જાણનાર વિદિત-પ્રસિદ્ધ છેને કહે છે. આહા..હા..! દુનિયામાં તો એ પ્રસિદ્ધ છેને કે '**અહિંસા પરમબ્રહ્મ છે.**' પરમ આનંદસ્વરૂપ પરમ આત્મા. રાગ વિનાની દશા ઉત્પન્ન થાય એ આત્મા. એ અરાગી દશા ઉત્પન્ન થાય તે પરમબ્રહ્મ. તે પરમ આત્મા પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પરમબ્રહ્મ આનંદસ્વરૂપ તો છે એ તો સ્વભાવે. હવે એની પર્યાયમાં પરમબ્રહ્મ આનંદની ઉત્પત્તિ થવી એ અહિંસા પરમબ્રહ્મ જગતમાં પ્રસિદ્ધ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જગતમાં પ્રસિદ્ધ જ છે કહે છે. વિદિત જ છે. જે ભગવાન આનંદનો નાથ એને આનંદની ઉત્પત્તિ થવી અને રાગની ઉત્પત્તિ ન થવી એ અહિંસા પરમબ્રહ્મ જગતમાં પ્રસિદ્ધ છે. આહા..હા..! સિદ્ધ તો સિદ્ધ. નથી આવતું? સ્તુતિ. એ તો પ્રસિદ્ધ છે, કહે છે. સિદ્ધ પ્રસિદ્ધ છે ત્યાં એમ આવ્યું છે. સિદ્ધ ભગવાન પ્રસિદ્ધ છે. આહા..હા..! આવે છે સ્તુતિમાં આવે છેને, ભાઈ! હા એ. શુદ્ધ સમ એ. પ્રસિદ્ધ છે સિદ્ધ. અને અહીં કહે છે કે આત્માની અણિન્દ્રિય આનંદની દશા અહિંસા તે પ્રસિદ્ધ છે. આહા..હા..! સ્વયંભૂસ્તોત્ર. મંગળાચરણ કહે છે. આહા..હા..! અને પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં કહ્યું છેને પ્રાદુર્ભાવ. રાગનો પ્રાદુર્ભાવ. પંડિતજી! પુરુષાર્થસિદ્ધિ-ઉપાય પ્રાદુરભાવ રાગનો એ હિંસા. અપ્રાદુર્ભાવ રાગ એ અહિંસા. આહા..હા..! ભગવાનઆત્મા પોતાના સ્વભાવમાં, આનંદમાં રમે ત્યારે એને રાગની ઉત્પત્તિ

નથી અને અતીન્દ્રિય વીતરાગી આનંદની ઉત્પત્તિ છે, એ અહિંસા પરમબ્રહ્મ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને જેટલા પ્રકારનો રાગ ઉત્પન્ન થાય, આહા..હા..! પરની સાવદ્યનો ત્યાગ થઈને જે અહિંસાનો વિકલ્પ ઉઠે એ પણ નિશ્ચયથી તો હિંસા છે, પણ વ્યવહારે તેને અહિંસા, સાવદ્યનો ત્યાગ છે માટે વ્યવહારે અહિંસા કહેવામાં આવી છે. આહા..હા..! આવું સ્વરૂપ ભાઈ! જિનેશ્વરદેવના માર્ગનું ઝીણું સ્વરૂપ બહુ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે...**' આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં પણ આરંભ છે, કહે છે. એટલે જેમાં લેશ પણ આરંભ નામ સ્વરૂપમાંથી નીકળીને રાગમાં આવવું એવો જે આરંભ. આહા..હા..! '**ત્યાં (-તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં)...**' ગૃહસ્થાશ્રમમાં સગ્રંથપણું છે '**તે અહિંસા હોતી નથી.**' આહા..હા..! પાંચમે ગુણસ્થાને પણ, જે અહિંસા છઠ્ઠે જોઈએ તે હોતી નથી. આહા..હા..! પરિગ્રહ, શુભ વિકલ્પ ઉઠે છે. સમજાય છે? આહા..હા..! અશુભ વિકલ્પ હોય છે પાંચમે ગુણસ્થાને. એ આરંભ છે બધો. આહા..! કે જ્યાં આરંભ છે ત્યાં અહિંસા હોતી નથી. આહા..હા..! એ તો મુનિપણું જ્યાં આનંદનો નાથ જાગ્યો અને આનંદની ઉત્પત્તિમાં રાગની ઉત્પત્તિ ન થાય તે ભૂમિકામાં આરંભ ન હોય, તેને અહિંસા કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** મહાવ્રતના પરિણામ પણ આરંભ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહાવ્રતના પરિણામ નિશ્ચયથી આરંભ, વ્યવહારથી સાવદ્યનો પરિત્યાગ માટે અહિંસા. આહા..હા..! આવો માર્ગ ભારે, ભાઈ! લોકોને પરમાર્થ ચીજ છેને એને સમજવાની દરકાર નહિ અને એનું .. વ્યવહાર આ કરો ને આ કરો ને. ધુંચાઈને મરી ગયા બિચારા. શુભરાગની ઉત્પત્તિ તે પણ હિંસા છે, પણ એને સમકિતી જીવને આગળ વધીને સાવદ્ય પરિણામનો ત્યાગ છે એ અપેક્ષાએ તેને વ્યવહારે અહિંસા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું બધું ઝીણું ક્યાં સમજવું કહે માણસને. એ બિચારા માર્ગ ચલાવ્યા બધા. આમ ભક્તિ કરો, આમ પૂજા કરો અને આમ વ્રત કરો. આહા..! માર્ગ એવો, બાપુ! આ તો જન્મ-મરણના અંતની વાતું છે અહીં તો. વીતરાગભાવમાં તો જન્મ-મરણના અંત છે. રાગભાવમાં તો ભવ છે.

આહા..હા..! પુણ્ય-પાપમાં કહ્યુંને કુંદકુંદાચાર્યે કે એ શુભભાવને અમે સંસારમાં દાખલ કરે એને સારો કેમ કહીએ? આહા..હા..! જે સમકિતીને પણ આ અહિંસાનો જે વિકલ્પ ઉઠ્યો છે છઠ્ઠે ગુણસ્થાને એ પણ નિશ્ચયથી તો એ સંસાર છે. જગપંથ છે, આહા..હા..! પણ સાવદ્યના ત્યાગની અપેક્ષા લઈને એને વ્યવહારે અહિંસા કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત.

'**જે આશ્રમની વિધિમાં...**' ગૃહસ્થાશ્રમમાં કહે છે. સગ્રંથપણામાં. આહા..હા..! વસ્ત્ર રાખવા છે, પાત્ર રાખવા છે, એ ભાવ બધો હિંસા છે, આરંભ છે. સમજાણું કાંઈ? અને

બહારથી વસ્ત્ર આદિ છોડ્યા, પણ અંદરમાં રાગનો પરિગ્રહ અને રાગનો આરંભ છોડ્યો નથી એને બાહ્યત્યાગ સાચો છે જ નહિ. આહા..હા..! અસદ્‌ભૂતવ્યવહારનયે ત્યાગ જોઈએ એ ત્યાગ એને ન કહેવાય. આહા..હા..! જેને અંદરમાં રાગની એકત્વબુદ્ધિ તોડી છે અને ભગવાન આનંદનો સાગર પ્રભુ એમાં એકત્વબુદ્ધિ થઈ છે, એવા જીવને આગળ સ્થિરતા વધતા જે રાગ સાવદ્ય પરિણામના ત્યાગરૂપ શુભભાવ હોય એને વ્યવહારે વ્રત અને ચારિત્ર વ્યવહાર કહેવામાં આવે છે, પણ છે તો બંધનું કારણ એ. આહા..હા..! ભાઈ! જન્મ-મરણના ચોર્યાસીના અવતાર. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિયના અનંતભવ કર્યા છે, ભાઈ! અનંતભવ કર્યા. ભૂલી ગયો એ. ભૂલી ગયો એટલે કાંઈ નહોતા એમ કહેવાય? આહા..હા..! જન્મ્યા પછી છ મહિનામાં શું હતું? શું માતાએ દૂધ પાયું? શું દસ્ત થયો? શું પેશાબ? ખબર છે જન્મ પછી છ મહિનાની સ્થિતિનું? ખબર નથી માટે નહોતું? અત્યારે એની ખબર નથી માટે નહોતું? આહા..હા..! એમ અનંતા ભવમાં દુઃખી થયો છે અનંતવાર, એની એને ખબર નથી માટે એ નહોતું? આહા..હા..! સમજાણું કાંઈ?

નરકના, નિગોદના ભવ, ભાઈ! તારા દુઃખ એટલા હતા કે તું તો વેદતા રાડ પાડ છો, પણ તને તારા દુઃખને દેખીને દેખનારને રુદન આવતા. એવા દુઃખો વેઠ્યા છે, ભાઈ! એક મિથ્યાત્વને લઈને. સમજાણું કાંઈ? એથી અહીં કહે છે જે આશ્રમમાં થોડો પણ રાગ બાકી હિંસા છે ત્યાં આરંભ છે, ત્યાં અહિંસા હોતી નથી. '**માટે તેની સિદ્ધિને અર્થે, (હે ભગવાન પ્રભુ!)**' નેમિનાથને સ્તુતિમાં કહે છે. હે નાથ! નેમિનાથ ભગવાન! '**પરમકરુણાવંત...**' આહા..હા..! વીતરાગી રાગરહિતની કરુણા. '**પરમકરુણાવંત એવા આપશ્રીએ બન્ને ગ્રંથને છોડ્યા...**' હે નાથ! નેમિનાથ ભગવાનને કહે છે. દ્રવ્ય નામ બાહ્ય વસ્ત્રાદિ અને ભાવ નામ અંદર રાગ, બેયને છોડ્યા. આહા..હા..! એકલા બહારને છોડે પણ રાગ ન છોડે તો એ વ્યવહારે પણ છોડ્યું નથી. આહા..હા..!

હે પ્રભુ! આપ '**પરમકરુણાવંત એવા આપશ્રીએ બન્ને...**' ઓલા અક્ષર છેને '**ભવાન**' એમાં કઈ રીતે ખોલવું એ ભાઈને પૂછયું હતું. '**ભવાન**' એટલે 'આપ' છે એમ. '**ભવાન**' છેને ચોથી લીટીમાં? '**ભવાન**' એટલે આપ. '**આપશ્રીએ બન્ને ગ્રંથને છોડ્યા...**' પ્રભુ! રાગ પણ છોડ્યો અને રાગના નિમિત્તો પણ છૂટી ગયા. આહા..હા..! '**(દ્રવ્ય તેમ જ ભાવ બન્ને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું),...**' આહા..હા..! બાહ્ય નગ્નદશા, અભ્યંતર રાગરહિતની દશા. રાગ એ ગ્રંથ છે એના રહિતની નિર્ગ્રંથ દશા. આહા..હા..! અહીં તો વસ્ત્રના પોટલાના પોટલા રાખ્યા હોય અને (કહે કે) અમે નિર્ગ્રંથ છીએ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભગવતીસૂત્રમાં લખ્યું છે કે દસ કામળી ખપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કહ્યું હતુંને મેં જ કહ્યું હતું. ભગવતી સૂત્રમાં એવો લેખ

છે. ૧૭ વાર વાંચ્યું હતું બધું. ૧૬ હજાર શ્લોક.

**શ્રોતા :-** પણ એ ૧૮વાર ન વંચાણું આ માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૮ વાર આ આવ્યું સમયસાર. એમાં તો એ લખ્યું છે કે સાધુ થાય એ જ્યારે ભીક્ષા માટે જાય અને એને વસ્ત્રની જરૂર હોય તો વસ્ત્રની એક કામળી નહિ, પણ દસ કામળી સુધી લેવી. કામળી સમજ્યાને આ ઓઢવાનું. દસ ઓઢવાની કામળી. દસ લેવી. દસ ઓઘા લેવા. ઓઘા સમજો છો? એવા દસ. પછી ગુરુને નવ આપવા અને એક પોતા પાસે રાખવા. એને ઓલા ગુરુને દીક્ષા લેવા આવેને એને આપવા માટે. આ બધી વાતું. આ ભગવતીસૂત્રમાં આવા લેખ છે. આ એકકોર ભગવાન એમ કહે કુંદકુંદાચાર્ય, વસ્ત્રનો ધાગો રાખીને, એક ટૂકડો રાખીને મુનિ માને, મનાવે એ નિગોદમાં જાશે. ત્યારે આણે તો વસ્ત્રના ઢગલા ને ઢગલા ભગવાનને નામે નાખ્યા. ભાઈ! માર્ગ ફરી ગયો બહુ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દસ પોટલા, દસ કામળી લે, દસ પછેડી. એ તો એક કલ્પિત બધું બનાવ્યુંને. શાસ્ત્ર કલ્પિત બનાવ્યા બધા. કોઈને દુઃખના માટેની વાત નથી, ભગવાન! આ તો પરમસત્યનો માર્ગ છે. આહા..હા..! સમજાણું? આહા..હા..!

જ્યાં એક વસ્ત્રનો ટૂકડો પણ ન હોય મુનિને અને એ સંબંધીની મમતા પણ ન હોય. આહા..હા..! એવી નિર્ગ્રંથદશા, હે નાથ! આપે અંગીકાર કરી, એમ કહે છે. આહા..હા..! અનાકુળ આનંદની રમતુંમા રમતા પ્રભુ! આપે બધું છોડી દીધું. આહા..હા..! ભગવાનઆત્મા અણિન્દ્રિય અનાકુળ આનંદનો નાથ. એ આનંદમાં રમતા અતીન્દ્રિય આનંદની દશા એટલી પ્રગટી કે જેમાં રાગ અને બાહ્યત્યાગ પરિગ્રહનો ત્યાગ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! હે ભગવાન! એમ કહીને મુનિપણું કેવું હોય એ બતાવે છે. આહા..હા..!

'**(-દ્રવ્ય તેમ જ ભાવ બન્ને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું),...**' નિર્ગ્રંથ. રાગનો ગ્રંથ નહિ અને વસ્ત્રનો ગ્રંથ નહિ. આહા..હા..! નિર્ગ્રંથપણામાં તો સમકિત થતાં. આહા..હા..! પરમાંથી સુખબુદ્ધિ ઉડી જાય છે, પણ રાગ રહે છે, એથી ગ્રંથ છે અંદર એમ કહેવું છે. આહા..હા..! આત્મજ્ઞાન થતાં ઈન્દ્રના ઈન્દ્રાસનોમાંથી પણ સુખબુદ્ધિ ઉઠી જાય છે. ભલે એ સ્ત્રી હોય છન્નું હજાર ચક્રવર્તીને, તીર્થંકરને, પણ સમકિત થયું છે એટલે સુખબુદ્ધિ ઉડી ગઈ છે. ક્યાંય સુખ ભાસતું નથી. સુખ છે ત્યાં ભાસ્યું છે. છતાં એને હજી એ સ્ત્રી આદિનો રાગ હોય છેને એ રાગ એ ગ્રંથ છે, એ દુઃખ છે, એ આરંભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ! આપે તો બેય છોડ્યું, એમ કહે છે. ભાવમાંથી રાગ છોડ્યો, દ્રવ્યમાંથી વસ્ત્ર આદિ છોડ્યા અને નિર્ગ્રંથપણું ગ્રહણ કર્યું.

'**વિકૃત વેશ...**' દેખો, એ વસ્ત્ર આદિનો વેશ એ વિકૃતવેશ છે, એ મુનિનો વેશ નથી. આહા..હા..! મુનિપણું જ્યાં હોય ત્યાં વેશ કપડાનો હોતો જ નથી. એને વિકૃતવેશ કહે છે.

કહો, પ્રેમચંદભાઈ! આવો માર્ગ, ભાઈ! પછી શ્રીમદ્‌વાળા કેટલાક એમ કહે છે કે બેય માર્ગ સરખા હતા એમાંથી આ એક નવો માર્ગ કાઢ્યો. આ માર્ગ સાચો એમ કહે છે. ભાઈ! એમ નથી, બાપુ! આ તો ભગવાનની સાક્ષીથી આવેલો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હે નાથ! વિકૃત વેશ છોડ્યો. આહા..હા..! વસ્ત્રનો વેશ એ વિકૃત વેશ છે. એ મુનિનો વેશ નથી. આહા..હા..! આ તો સત્ય હોય તો સત્ય હશે તેમ રહેશે. કલ્પિત કરે એથી કાંઈ અસત્ સત્ય થઈ જાય? આવો માર્ગ છે. આહા..હા..! અને એકલો વિકલ્પનો, કપડાનો વેશ છોડે, પણ અંદરથી એ મિથ્યાત્વ છોડે નહિ તો એણે કાંઈ છોડ્યું નથી આહા..હા..! કારણ કે મિથ્યાત્વ એ જ આરંભ અને મિથ્યાત્વ એ જ પરિગ્રહ. અભ્યંતર પરિગ્રહમાં આવે છેને? અભ્યંતર પરિગ્રહમાં મિથ્યાત્વ પરિગ્રહ છે અને મિથ્યાત્વ પોતે આરંભ છે મોટી હિંસા. આહા..હા..! સ્વરૂપથી વિપરીત માન્યતા એ મોટી હિંસા છે, એ મોટો આરંભ છે. આહા..હા..! દુનિયા બહારની પ્રવૃત્તિમાં દેખે, પણ અંતરની આ પ્રવૃત્તિમાં શું છે એની એને ખબર નથી. આહા..હા..!

પ્રભુ! આ તો '**વિકૃત વેશ તથા પરિગ્રહમાં રત ન થયા.**' આહા..હા..! કોઈપણ વસ્ત્રનો ધાગો કે કાંઈ .. રત ન થયા. શરીરમાં રત ન થયા પ્રભુ આપ. આહા..હા..! એ અહિંસાવ્રતમાં નેમિનાથ ભગવાનને યાદ કરીને મુનિપણું કેવું હોય એને પ્રસિદ્ધ કર્યું છે.

'**વળી (૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**' નીચેનો વંચાઈ ગયો છે. છેને? પ્રયત્ન નહિ નીચે. '**મુનિને (મુનિત્વોચિત) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી...**' હાલવા-ચાલવા સંબંધીનો '**શુભોપયોગ તે વ્યવહારપ્રયત્ન છે.**' આહા..હા..! શુદ્ધ પરિણતિ જ્યાં સમ્યગ્દર્શન આદિની પરિણતિ જ નથી '**ત્યાં શુભોપયોગ હઠસહિત હોય છે;...**' હઠ છે ત્યાં સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠસહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી.)**' આ શ્લોક. ૭૬. ૭૬ છેને?

(मालिनी)

त्रसहतिपरिणामध्वांतविध्वंसहेतुः
सकलभुवनजीवग्रामसौख्यप्रदो यः।
स जयति जिनधर्मः स्थावरैकेन्द्रियाणां
विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः।।७६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે,...**' તે જૈનધર્મ છે. જૈનધર્મ એટલે આત્માનો વીતરાગી ધર્મ. આત્માના વીતરાગી પરિણામ એ જૈનધર્મ '**ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે,...**' જેમાં કોઈ

ત્રસને દુઃખ થાય એવું જૈનધર્મમાં હોતું નથી. આહા..હા..! **'ત્રસઘાતના પરિણામરૂપ અંધકાર...'** આહા..હા..! તીવ્ર વિકાર છેને? એ અંધકારનો નાશ થાય છે. નાશનો હેતુ તે જૈનધર્મ છે. **'સકળ લોકના જીવસમૂહને જે સુખપ્રદ છે,...'** બધા જીવના સમૂહને જૈનધર્મ જયવંત સુખપ્રદ છે. સર્વ પ્રાણીને સુખનો આપનાર છે. આહા..હા..! જેને જૈનધર્મ અંતર બેસે એને તો રાગરહિત દશા થાય એ બધા સુખને દેનારી દશા છે. સમજાણું કાંઈ? એ જૈનધર્મ જયવંત વર્તે છે, કહે છે. પોતાને પોતાની કહે છેને મુનિ? આહા..હા..!

જેમાં ત્રસઘાતનો નાશ છે અને **'સકળ લોકના જીવસમૂહને સુખપ્રદ છે,...'** આહા..હા..! **'સ્થાવર એકેન્દ્રિય જીવોને...'** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. એવા સ્થાવર જીવોના **'વિવિધ વધથી...'** વિવિધ વધથી. અનેક પ્રકારના વધ. **'જે બહુ દૂર છે...'** જેમાં એકેન્દ્રિયને દુઃખ થાય એવો પણ એ માર્ગમાં નથી, એમ કહે છે. આહા..હા..! વનસ્પતિ, પૃથ્વી. એક પૃથ્વીનો કણ લે તો એમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં એક જીવ છે. આહા..હા..! ખાણમાં આવે છેને ખાણમાં? પત્થરની ખાણ આ પત્થર લાવે છે. એમાં એક કટકી રાય જેટલીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એક જીવ. પૃથ્વીકાયના. એને પણ વિવિધ વધથી એ જૈનમાર્ગ દૂર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પાણી. આ નદીના, કૂવાના, વરસાદ એક બિંદુ એમાં અસંખ્ય શરીર છે અને એક શરીર જીવ છે. આહા..હા..! એનો પણ હિંસાનો ત્યાગ જૈનમાર્ગ છે. સમજાણું કાંઈ? એમ અગ્નિ. દિવાસળી આમ પ્રગટેને એ અસંખ્ય જીવ છે અગ્નિમાં. એમ વાયુ. આ વનસ્પતિ. નિગોદ આદિ અનંતકાય. પ્રત્યેક. એવા બધા જીવોના **'વિવિધ વધથી...'** આહા..હા..! કોઈ બાફે, કોઈ શેકે, કોઈ કાપે એવા બધા વધથી **'બહુ દૂર છે...'** આહા..હા..! વીતરાગ જૈનધર્મ તો એકેન્દ્રિય જીવના દુઃખથી પણ દૂર છે. એને દુઃખ થાય એવો ભાવ એને હોતો નથી. આહા..હા..! મુનિપણાની છેલ્લી વાત લીધી.

**'અને સુંદર સુખસાગરનું જે પૂર છે,...'** આહા..હા..! ભગવાનઆત્મા રાગરહિત વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી શાંતિ, ચારિત્ર એ તો સુંદર સુખસાગરનું પૂર છે. આહા..હા..! જેમ પાણીના પૂર ચાલ્યા આવે, એમ ભગવાનઆત્મામાં આનંદનું પૂર પડ્યું છે. એનો અનુભવ, દૃષ્ટિ અને સ્થિરતા એ આનંદનું પૂર વહે છે, કહે છે. આહા..હા..! આવો ધર્મ! લાલજીભાઈ! આવું ક્યાં સાંભળ્યું હતું? આહા..હા..! કેવો છે જૈનધર્મ? એ આત્માની વીતરાગી પરિણતિ એ જૈનધર્મ. આહા..હા..! જૈનશાસન કહ્યુંને? આહા..હા..! જે કોઈ ભગવાનઆત્માને અબદ્ધસ્પૃષ્ટ જોવે, સામાન્યપણે જાણે, કલુષ કહેતા પરિણામરહિત ભગવાનઆત્માને અનુભવે એ પરિણામને જૈનશાસન કહે છે. એ શુદ્ધોપયોગને જૈનશાસન કહે છે. (સમયસારની) પંદરમી ગાથા.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

આહા..હા..! જૈનશાસન એ આત્માની વીતરાગી પર્યાય છે. સમજાણું કાંઈ? જૈનશાસન એ આત્માનો શુદ્ધોપયોગ, શુભ-અશુભભાવથી રહિત અબદ્ધસ્વરૂપને અંદર પકડીને જે અનુભવ થાય તે શુદ્ધોપયોગ તે જૈનશાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જૈનશાસન સુખનું પૂર છે. '**સુંદર સુખસાગરનું પૂર છે,...**' આહા..હા..! ભગવાન સુખસાગરનું પૂર છે આત્મા, એની સ્થિરતા કરે છે અને સુખસાગરનું પૂર વહે છે પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કેમ કહ્યું? કે કોઈ એમ કહે છે કે 'ચારિત્ર દુઃખરૂપ છે, બહુ કષ્ટ સહન કરવા પડે, પરિષહ સહન કરવા પડે માટે હું ચારિત્ર આ કહું છું એમ.' એમ છે નહિ, બાપુ! તને ખબર નથી. ચારિત્ર તો સુખસાગરનું પૂર છે. એમાં હઠ નથી કે સહન કરવું એવું નથી. આહા..હા..!

**શ્રોતા :-** એ તો એમ કહે છે કે જૈનમાં દાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કહે છે એ બધી વાતું ખોટી. એ તો એનું માહાત્મ્ય બતાવવા વાત. બાકી તો એ માટે તો આ (અધિકાર) લીધો છે. કે ચારિત્ર એટલે આત્માની રમણતા વીતરાગ શાસન. વીતરાગભાવ જૈનધર્મ. આહા..હા..! સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એવો જે મોક્ષનો માર્ગ એ દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થયેલો એ આનંદરૂપ છે, આનંદનું પૂર છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આ તમારા પૈસા-બૈસામાં આનંદ નથી, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** આકુળતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આકુળતા છે, દુઃખનું નિમિત્ત છે. એ કાંઈ લક્ષ્મી.. આ તો દુઃખનું નિમિત્ત આકુળતાનું. આહા..હા..! ત્યારે જૈનધર્મ જયવંત વર્તે છે. કેવી રીતે? કે આનંદના નાથને અનુભવીને જેણે આનંદને પર્યાયમાં પ્રગટ કર્યો છે. આ તો મુનિપણું છેને એટલે. સુખસાગરનું પૂર છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પરને ન મારવો, દયા એ ધર્મ. એમ નથી, બાપુ! માર્ગ એમ નથી. આહા..હા..!

અહીંયાં તો ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છે. જેનો સ્વભાવ સ્વભાવવાન એવો ભગવાન એનો સ્વભાવ, સ્વ-ભાવ, પોતાનો ભાવ એ સુખનું પૂર આનંદ છે. આહા..હા..! બેહદ, અપરિમિત આનંદથી ભરેલો ભગવાન છે. એનો જેણે અનુભવ કર્યો અને સ્થિરતા કરી એ મુનિને તો સુખસાગરનું પૂર વહે છે, કહે છે. આહા..હા..! એ દુઃખી નથી. સમજાણું કાંઈ? દુઃખ તે ચારિત્ર નથી. આહા..હા..! એ તો રાગ છે. આહા..હા..! જુઓને, એક અહિંસા વ્રતમાં નાખ્યું.

'સુંદર સુખસાગર...' એટલે એમ કેમ કહ્યું? કે આ જગત તો અજ્ઞાની વિષયોના ભોગમાં સુખ માને છે ઇન્દ્રિયના સુખ. એ તો આકુળતાનું સુખ એટલે દુઃખ છે એ તો. આ તો સુંદર સુખસાગર. સમજાય છે કાંઈ? આહા..હા..! વીતરાગી સુખસાગર. આહા..હા..!

મુનિપણાની દશા વીતરાગી સુખસાગરનું પૂર છે એ તો. આહા..હા..! 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' જેણે આનંદના નાથને ખોલીને, આનંદના કપાટ ખોલી નાખ્યા જેણે અંદરથી. આહા..હા..! રાગની એકતાથી આનંદનું પૂર જે બંધ હતું. આહા..હા..! દયા, દાન, આદિ શુભરાગની એકતામાં આનંદનો નાથ કબજે થઈ ગયો હતો. એને કપાટ તોડીને ખોલી નાખ્યા. રાગની એકતા તોડી અને ચૈતન્યના આનંદનું પૂર પ્રગટ કર્યું છે જેણે. આહા..હા..! એ વાત ક્યાં છે? આ તો કહે, મહાવ્રત લ્યો તમને આ .. કરું, એ તમને ચારિત્ર (થશે). અરે ભાઈ! તે ચારિત્રને સાંભળ્યા નથી, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ચારિત્ર '**સુંદર સુખસાગરનું જે પૂર છે, તે જિનધર્મ જયવંત વર્તે છે.**' કહે છે. આહા..હા..! એમ કહીને શું કહે છે મુનિરાજ? કે અમને એ જૈનધર્મ જયવંત વર્તે છે. આહા..હા..! અમારી પરિણતિમાં સુખસાગર વહે છે એવો જૈનધર્મ જયવંત વર્તે છે. આહા..હા..! જુઓ, આ મુનિરાજની વાણી. આ પદ્મપ્રભમલધારિદેવ. આહા..હા..!

**શ્રોતા :-** આપ 'મુનિપણું' બોલો એમાં આનંદ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુનિપણું તો પરમેશ્વરપદ છે. આહા..હા..! મુનિપણું એટલે આહા..હા..! એ કાંઈ મુનિપણું નગ્ન થઈ જાય અને કપડા છોડે એ કાંઈ મુનિપણું નથી. અને પંચમહાવ્રતના કદાચિત્ પરિણામ ઠીક હોય. અત્યારે તો એ પણ ક્યા છે? પણ ઠીક હોય એ કાંઈ મુનિપણું નથી. મુનિપણું તો સુખસાગરનું પૂર એ જૈનધર્મનું મુનિપણું છે. આહા..હા..! અનાકુળ આનંદ જેમાંથી વહે છે. પાતાળ કૂવો જેમ ફૂટે ને પાણી નીકળે એમ ભગવાન પાતાળ કૂવો અનંત આનંદનો કૂવો પોતે ભગવાન. એમાં એકાગ્ર થઈને જેણે આનંદના પૂરના વેણલા વાયા છે પર્યાયમાં કહે છે. એવો જૈનધર્મ છે. આહા..હા..! અને આચાર્ય, મુનિરાજ કહે છે, એ જયવંત વર્તે છે. અમારી પાસે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવો જૈનધર્મ અમારી પરિણતિમાં વહે છે. છે એમ કહે છે. જુઓ તો ખરા. 'ભગવાન જાણે અમને ધર્મ છે કે નહિ? કેવળી જાણે' એમ નથી કહેતા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**चारु**' '**चारु**' શબ્દ છેને એ? '**चारु**' એટલે મનોહર, સુંદર, '**शर्म**' એટલે સુખ, '**अब्धि**' એટલે સાગર, એનું પૂર. '**चारुशर्माब्धिपूरः**' એનો અર્થ કર્યો છે એ. '**चारु**' નામ સુંદર, '**शर्म**' નામ સુખ, '**अब्धि**' નામ સાગર, '**पूरः**' નામ પૂર. આહા..હા..! '**તે જિનધર્મ...**' આહા..હા..! ભાષા દેખો, આવો જૈનધર્મ. જેના અંદર વીતરાગી આનંદથી ભરેલો પ્રભુ એની દૃષ્ટિ કરી, અનુભવ કરીને ચારિત્ર કર્યું છે જેણે અંદરથી. એવો જૈનધર્મ સુખના પૂરનો સ્વાદિયો એ જૈનધર્મ જયવંત વર્તે છે, કહે છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..! મુનિરાજ કહે છે. આ તો અલૌકિક વાતું છે, બાપુ! આહા..હા..! ઓલા આવે છેને ઓલામાં. અતિમુક્તમાં.

એ લોકોમાં આવે છે શ્વેતાંબરમાં આવે છે. એ વાત કલ્પિત છે. અતિમુક્તકુમાર નાની ઉંમરમાં દીક્ષા લે છે. પછી બહાર દીશાએ જાય છે જંગલ. સાધુ સાથે. ભગવતીમાં લેખ છે. પછી વળતા જ્યાં આવે ત્યાં વરસાદ આવ્યો ઘણો. વરસાદ આવે છે તો આમ બાળક છેને. દીક્ષા લીધી છેને. એટલે જરી બેસી ગયા અને પાણી વહે છે ત્યાં ગારો. ગારો હોયને. પાળ બાંધી. એ પાણી અટક્યું. સાધુ સાથે હતા. સાધુ આઘા જરી ફરી ગયા. એમાં ઓલું પાતરું હતુંને પાતરું બધું ફાટ્યું... પાતરું મૂક્યુ એમાં સાધુએ. 'નાવ તરે રે મોરી નાવ તરે એમ મુનિવર જળ શું ખેલ કરે.' એમ આવે છે. 'નાવ તરે રે મોરી નાવ તરે એમ મુનિવર જળ શું ખેલ કરે. એમ મોહનિય કર્મના રે ચાળા, મુનિવર દોરે નાનરિયા એ બાળા.' બે કોણ? એક અતિમુક્ત અને ગજસકુમાર. એમ એ લોકોમાં બહુ આવે છે. અમે પહેલું એ વાંચ્યું હતુંને. દુકાન ઉપર બધું વાંચ્યું હતું. અને ત્યાં સુધી આવે છે પાછું કે બીજા સાધુ સાથે હતા અને આમ પાણી વરસાદ આવ્યો એટલે આમ પાણી વહેતું હતું એ કાદવ પાળ બાંધીને ભેગું કર્યું. અરે સાધુ! ગયા ભગવાન પાસે સાધુ. મહારાજ! આ અતિમુક્તકુમાર આવું કરે એને કેટલા ભવ છે? ત્યારે કહે અરે મુનિઓ! એ આ ભવમાં મોક્ષ જવાના છે, તેને વયાવચ્ચ કરજો. એમ કહે છે. એવો પાઠ છે. ભગવતીસૂત્રમાં. પણ આવું કરે છેને આ? એ આ ભવે મોક્ષ જવાના છે. એમ કરીને આવી બધી વાતું કરે (પણ સત્ય નથી). 'આ નાવ તરે રે મોરી નાવ તરે.' જૈનધર્મમાં તરે છે આત્મા એમ કહે છે. આહા..હા..! અતિમુક્ત-રાગથી મૂકાઈ ગયો છે. સમજાણું કાંઈ? રાગથી મુકાઈ ગયો અને વીતરાગની પરિણતિમાં વહે છે. એવો આત્મા આ ભવે મોક્ષ જાય, બીજે જાય (નહિ), એવો એ આત્મા છે, એમ કહે છે. એને અહીંયાં જૈનધર્મ જયવંત વર્તે છે એમ કહેવામાં આવે છે. ક્યાંક છે એમ નહિ. અહીં વર્તે છે કહે છે અહીં તો. આહા..હા..! છે?

**'તે જિનધર્મ...'** કેવો? કે જેમાં ત્રસઘાતના પરિણામનો નાશ છે. નાશનો હેતુ જૈનધર્મ. જે **'સકળ લોકના જીવનસમૂહને જે સુખપ્રદ છે, સ્થાવર એકેન્દ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખસાગરનું જે પૂર છે,...'** આહા..હા..! **'તે જિનધર્મ જયવંત વર્તે છે.'** આહા..હા..! મુનિપણાની દશામાં અમારો જૈનધર્મ અમારી પાસે છે, એમ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૨, સોમવાર, તા. ૦૨-૦૨-૧૯૭૬, ગાથા-૫૭ થી ૫૯, કળશ-૭૭ થી ૭૯, પ્રવચન નં. ૧૬૮

આ નિયમસાર, વ્યવહારચારિત્ર (અધિકાર). ૫૭મી ગાથા. વ્યવહારચારિત્ર હોય એને પરિણામ છે એ પુણ્યના છે. શુભ ઉપયોગ. પણ એ કોને હોય છે? જેણે આત્મા જ્ઞાયકસ્વરૂપ અતીન્દ્રિય આનંદ સહિત વિલિન થયું છે. જેને રાગથી માંડી પરપદાર્થમાં સુખબુદ્ધિ ઉડી ગઈ છે. સમજાય છે કાંઈ? આત્મામાં સુખ અને આનંદ છે એવું સમ્યગ્દર્શન દ્વારા એ આનંદનું ઘોલન થયું છે. આહા..હા..! એથી એને સારા ચક્રવર્તીના, ઈન્દ્રના ભોગમાં આનંદ, પ્રેમ, રુચિ નથી. આહા..હા..! એને આગળ વધતાં આ વ્રતના વિકલ્પો આવે. ચેતનાનું ભાન નથી એના વ્રતાદિ છે એ કાંઈ વસ્તુ નથી. અંતરમાં આનંદના સ્વરૂપની વૃદ્ધિ માટે શાંતિની અંતર શાંતિની પ્રાપ્તિની વૃદ્ધિ માટે પુરુષાર્થ કરે છે અને એના છઠ્ઠે ગુણસ્થાને ... પાંચમે વ્રતનો અંશ છે. છઠ્ઠી ભૂમિકામાં અહિંસા વ્રતનો વિકલ્પ હોય છે. એ છે પુણ્યબંધનું કારણ, પણ એ આવ્યા વિના રહેતો નથી. એને બીજું વ્રત સત્ય વ્રત કહે છે..

પહેલામાં તો એ કહ્યુંને કે જૈનધર્મ એટલે કે આત્માના અહિંસાના પરિણામની પ્રાપ્તિ, પુણ્ય-પાપના ભાવરહિત શુદ્ધ ચૈતન્યઘનના આશ્રયે એ... જૈનધર્મ. **'સુંદર સુખસાગરનું જે પૂર છે,...'** આહા..હા..! છેલ્લું એ આવ્યું છેને? આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર સુખસ્વરૂપ છે. એને દુનિયાના પદાર્થ પ્રત્યેની સુખબુદ્ધિ સમકિતીને ઉડી જાય છે. આહા..હા..! એને જે આ અહિંસાના પરિણામ થાય એ અહીંયાં ચારિત્રના અરાગી પરિણામને અહિંસાના પરિણામ કહ્યા છે. એની ભૂમિકામાં વ્રતનો જે વિકલ્પ આવે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? શરતું બહુ ભાઈ અંદર. આહા..હા..! એને અહીંયાં સુખપ્રદ કીધું. એ જૈનધર્મ એટલે વીતરાગી પર્યાય આત્માની ત્રસ્ત અને એકેન્દ્રિય બધા જીવોને સુખ દેનાર એટલે કે એને દુઃખ થાય એવો જૈનધર્મ છે નહિ. આહા..હા..! અને સુંદર સુખસાગરનું પૂર. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો જેને રસ પડ્યો છે અંદર તે જૈનધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જૈનધર્મીને અહિંસા વ્રતના વિકલ્પ આવે, સહજ હોય છે. તેને પુણ્યબંધનું કારણ છે.

હવે, સત્યવ્રત. ૫૭ ગાથા.

रागेण व दोसेण व मोहेण व मोसभासपरिणामं।
जो पजहदि साहु सया बिदियवदं होइ तस्सेव।।५७।।
**વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને**
**જે છોડતા મુનિરાજ, તને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.**

'ટીકા :- આ, સત્યવ્રતના સ્વરૂપનું કથન છે.' ટીકા. 'સત્યનો પ્રતિપક્ષ (અર્થાત્ સત્યથી વિરુદ્ધ પરિણામ) તે મૃષાપરિણામ છે;...' જૂઠા ભાવ છે. 'તે રાગથી, દ્વેષથી અથવા મોહથી થાય છે; જે સાધુ—આસન્નભવ્ય જીવ—' જેને મુક્તિ નજીક છે હવે. આહા..હા..! જેને સંસારનો કિનારો આવી ગયો છે. આહા..હા..! જેને એક-બે ભવ હોય કે કેવળજ્ઞાન અનંત આનંદની પ્રાપ્તિ છે એને આસન્નભવ્ય કહે છે. સમજાણું કાંઈ? જેની ભવ્યતા નજીક છે હવે. કેવળજ્ઞાન .. અનંત સંસારના અંતને... આહા..હા..! એવા 'આસન્નભવ્ય જીવ—તે પરિણામને પરિત્યજે છે...' ક્યા? રાગ, દ્વેષ અને મોહથી ઉત્પન્ન થતાં મૃષા પરિણામને આસન્નભવ્ય જીવ ત્યજે છે. એવા જૂઠા પરિણામને ત્યજે છે. '(સમસ્ત પ્રકારે છોડે છે),...' જૂઠાના પરિણામ સમસ્ત પ્રકારે છોડે છે. 'તેને બીજું વ્રત હોય છે.' પણ આ સમ્યગ્દર્શનપૂર્વક શાંતિ પ્રગટે છે, એને સહજ આવા વ્રતનો વિકલ્પ હોય છે, એને વ્રતધારી વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..! જ્યાં હજી સમ્યગ્દર્શનની જ ખબર નથી શું ચીજ છે.

**શ્રોતા :-** દિગંબરમાં જન્મ્યા એટલે સમકિત તો છેજ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કહે છે માણસ. આહા..હા..! ..કહેતાને કેવા? જયપુરવાળાને? ... દિગંબરમાં જન્મ્યા એટલે સમકિતી તો છે જ. હવે એને વ્રત લેવા એમ કહે છે. અરે પ્રભુ! દિગંબર એટલે શું? વાડો એ દિગંબર છે? જેને આત્મામાં વિકલ્પની લાગણી નથી એવો જે ભગવાનઆત્મા જેને અનુભવમાં આવ્યો છે. વિકલ્પની દયા, દાન, આદિ શુભની લાગણીનો પણ જેમાં અભાવ સ્વભાવમાં છે. એવા ભાવમાં જે આવ્યો એને દિગંબર કહીએ. ... આહા..હા..! શાંતિ-શાંતિના રસમાં ... જેને અંતર વેદન છે. આહા..હા..!

'(હવે, ૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(मालिनी)

वक्ति व्यक्तं सत्यमुच्चैर्जनो यः
स्वर्गस्त्रीणां भूरिभोगैकभाक् स्यात्।
अस्मिन् पूज्यः सर्वदा सर्वसद्भिः
सत्यात्सत्यं चान्यदस्ति व्रतं किम्।।७७।।

'શ્લોકાર્થ :- જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે,...' બોલે છે તો ભાષા છે, પણ એને સત્યનો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ? 'તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે...' શું કહેવા માગે છે? કે એ સત્ય બોલવાના પરિણામ છે એ સંયોગીભાવ છે. એથી એને સંયોગી ચીજ મળશે. આહા..હા..! સમજાય છે કાંઈ? 'જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય...' બોલવાનો જેને ભાવ છે. બોલે છે સ્પષ્ટ અંદર. તે સ્વર્ગની સ્ત્રી એટલે શું કહેવા માગે છે? એ શુભભાવ છે એ કાંઈ સ્વભાવની પ્રાપ્તિ આપે એવો એ ભાવ નથી. એથી એ શુભભાવ વ્રતનો, સ્વર્ગની સ્ત્રીઓનો, 'પુષ્કળ ભોગોનો

**એક ભાગી...'** એટલે એ સ્વતંત્ર સ્ત્રીઓના એનો યોગ મળશે... આહા..હા..!

ત્યારે એક માણસ તર્ક કરતો હતો. ઘણા વર્ષ પહેલાની વાત છે. આ છેને ભાઈ શ્વેતાંબરના નહિ ..વાળા. પંડિત બેચરદાસ. બેચરદાસ પંડિત છેને એણે તર્ક કર્યો. આવ્યા હતા ૯૪-૯૫માં. કે આ પુણ્યનો ભાવ થાય અને સ્ત્રી છોડે, બ્રહ્મચર્ય પાળે અને એના ફળમાં પાછી સ્ત્રીઓ મળે. આ કેવું? કહે. પ્રશ્ન તો બધા ઘણા આવે. બેચરદાસ છે. સમજાણું કાંઈ? એથી એમ કહે અહીં બ્રહ્મચર્ય પાળે અને ત્યાં સ્ત્રીઓ મળે? એમ પ્રશ્ન કરતા હતા. ભાઈ! એ એમ બતાવે છે કે એ અહિંસા, સત્યવ્રતનો શુભ વિકલ્પ છે એ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નહિ. એથી એને સંયોગ મળશે, પણ સંયોગની સ્થિતિની રુચિ તો એને ઉડી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એનો સ્વભાવ જ એવો શુભભાવનો છે કે એને એ સંયોગો.. આહા..હા..! છે?

**'સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી...'** એમ ભાષા છે. એમાં કોઈનો ભાગ (નહિ) અને એવું જે પુણ્ય ઉપાર્જે છે એમાં એને એ સામગ્રી મળે છે, પણ એ સામગ્રીમાં એને પ્રેમ, રુચિ તો ઉડી ગઈ છે. અસ્થિરતાનો ભાવ હતો ત્યાં અહીંયાં આ સંયોગો મળ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો શાસ્ત્ર તો એમ કહે છે કે કોઈપણ મૂળ છે એનું સ્વરૂપ શું સત્ય છે એ રીતે એને સમજવું જોઈએ. એમ ને એમ ઓઘે-ઓઘે ચાલે એ માર્ગ ન હોઈ શકે. આહા..હા..! જેને સ્વર્ગની અપ્સરાઓ ભલે મળે, પણ જેને અંતરથી તો પ્રીતિ-રુચિ છૂટી ગઈ છે, પણ ઓલો અસ્થિરતાનો ભાવ હતો તો એમાં સંયોગી સંયોગને આપે. આહા..હા..! બહુ વાત. સમજાણું કાંઈ? બાપુ! અહીં બ્રહ્મચર્ય પાળે, ત્યાં સ્ત્રીઓ મળે એના ફળમાં? શાસ્ત્ર એમ કહે છે.

ભાઈ! તને ખબર નથી. એનો અર્થ બીજો છે. અહીં સંયોગી ચીજમાંથી પ્રેમ અને રુચિ તો છૂટી ગઈ છે. ચાહે તો ચક્રવર્તીના ભોગ હોય, એમાંથી રુચિ છૂટી ગઈ છે. મારો આનંદ મારી પાસે છે. મારી તૃપ્તિનું સાધન એ મારી પાસે છે. એકલી તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ... આહા..હા..! એ મારો નાથ આનંદસાગર મારી પાસે છે. હું એ છું. એથી એને વર્તમાનમાં પણ છન્નું હજાર આદિ સ્ત્રી હોય કે... સમજાય છે કાંઈ? આહા..હા..! શાસ્ત્ર તો ત્યાં સુધી કહે, શુભભાવ જે છે એ વર્તમાન દુઃખરૂપ છે, ભવિષ્યમાં દુઃખનું કારણ છે. ૭૪ ગાથા કર્તાકર્મની. આહા..હા..! શુભભાવ છે આ સત્ય, અહિંસા આદિનો એ વિકલ્પ છે એ વર્તમાન દુઃખરૂપ છે. રાગ છેને. અને એના ફળ તરીકે સંયોગ મળશે. આહા..હા..! ત્યાં તો ત્યાં સુધી કહ્યું છે ૭૪માં કે એને તીર્થંકર અને તીર્થંકરની વાણીનો સમવસરણનો યોગ મળે તોપણ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે એટલે એને રાગ જ થશે. સિદ્ધિ થશે એને. આહા..હા..! .. એથી એને વિકલ્પ હોય છે. એથી એને પુષ્કળ ભોગોનો એક ભાગી એટલે એના ભોગમાં બીજો ભાગ લેનાર ન હોય એવું એને સ્વતંત્ર પુણ્ય બંધાશે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

**'(અર્થાત્ તે પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગોને પામે છે)...'**

એક વાત. 'આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોનો પૂજ્ય બને છે.' સત્યવાદી. '**આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોનો પૂજ્ય બને છે. ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે?**' સમજાય છે કાંઈ? સમજાણું કાંઈ?

गामे वा णयरे वाऽरण्णे वा पेच्छिऊण परमत्थं।
जो मुयदि गहणभावं तिदियवदं होदि तस्सेव।।५८।।

**નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને,**
**છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.**

'**ટીકા :- આ, ત્રીજા વ્રતના સ્વરૂપનું કથન છે.**' હવે ક્યાં ક્યાં અચૌર્ય વ્રત એને હોય છે. સ્વરૂપનું .. કે '**જેના ફરતી વાડ હોય તે ગ્રામ (ગામડું) છે;...**' ગામ-ગામ હોયને. વાડ હોય. ... '**ચાર દરવાજાથી સુશોભિત હોય તે નગર છે;...**' પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ ચાર દરવાજા. '**જે મનુષ્યના સંચાર વિનાનું,...**' આહા..હા..! અરણ્ય-અરણ્ય. મનુષ્યનો પગરવ નથી, '**વનસ્પતિસમૂહ, વેલીઓ અને ઝાડનાં ઝુંડ વગેરેથી ગીચોગીચ ભરેલું હોય તેને અરણ્ય કહે છે. આવાં ગ્રામ, નગર કે અરણ્યમાં બીજાથી તજાયેલી, મુકાયેલી, પડી ગયેલી અથવા ભુલાઈ ગયેલી પરવસ્તુને દેખીને તેના સ્વીકાર પરિણામને જે પરિત્યજે છે,...**' જુઓ, આના પરિણામ .. છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ તેને પોતાની કરવાના—ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે,...**' છે? '**(અર્થાત્ તેને પોતાની કરવાના—ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે,...**' એમ. રસ્તામાં પડી હોય, હીરા .. પડી ગયા હોય, ભાઈ! .. ચાલતા અંધારે એ લેવાના પરિણામ તજે છે. સમજાણું કાંઈ?

જેને હીરા-માણેકના ઢગલા નજરે પડે. ઈંટના મૂકાયેલા, ભૂલાયેલા. તોપણ એના પરિણામનો એને લેવાના થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કે ચાલો લઈને પછી ગામમાં દાનમાં આપી દઈશું (એવો ભાવ ન હોય). જેને હીરામાં પ્રેમ નથી. એવી ભૂમિકામાં જેને આનંદના લહેરના પૂરમાં પડ્યો હોય એને આવો ભાવ અચૌર્યનો હોય છે. સમજાય છે કાંઈ? એના ફળ પણ બધા આવશે. '**તેને ખરેખર ત્રીજું વ્રત હોય છે.**'

'**(હવે ૫૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' ૭૮ને?

(आर्या)

आकर्षति रत्नानां संचयमुच्चैरचौर्य्यमेतदिह।
स्वर्गस्त्रीसुखमूलं क्रमेण मुक्त्यंगनायाश्च।।७८।।

'**શ્લોકાર્થ :- આ ઉગ્ર અચૌર્ય આ લોકમાં...**' ઉગ્ર અચૌર્ય. ચોરવાના પરિણામ જેને ત્યાગ છે એવા '**અચૌર્ય આ લોકમાં...**' છે તો શુભ. સમજાય છે કાંઈ? છે તો

શુભ. ધર્મ નથી. આહા..હા..! એ '**રત્નોના સંચયને આકર્ષે છે...**' ભાષા દેખો. એક-એક અક્ષર કિંમતવાળો છે હોં. એ અહીં અચૌર્યના પરિણામને ત્યજે છે એથી એને શુભભાવ આ અચૌર્યનો હોય છે. એના ફળમાં એને પુણ્ય બંધાય છે, એના ફળમાં રત્નો સંચયનો આગ્રહ જ્યાં હોય ત્યાં ઉગશે. આહા..હા..! '**રત્નોના સંચયને...**' જોયું! ત્યાં ઢગલા પડ્યા હોય રત્નના. એને '**આકર્ષે છે...**' આહા..હા..! ત્યાં જઈને ઉપજશે. એથી એને મજા છે એમ છે? એ વસ્તુસ્થિતિ એવો શુભભાવ હોય છે ત્યાં એને પરિણામના ફળમાં બહારના સંયોગો મળે છે બસ. આહા..હા..!

અને મુનિરાજ પંચમહાવ્રત ધારી ત્રણ કષાયના અભાવવાળા એ આ ટીકા કરે છે. સમજાય છે કાંઈ? એટલે કે જે પરિણામ જે સંયોગ આપનારા હોય તેને પરિણામ તરીકે, વિકાર તરીકે વર્ણવે છે. અને જે સ્વભાવ આપે અવિકારી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની રમણતા એ આનંદને આપે છે. આહા..હા..! અને આ શુભભાવ તે દુઃખના નિમિત્તને આપે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કેમકે સંયોગીભાવ પોતે દુઃખરૂપ છે. પંચમહાવ્રતનો ભાવ દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહ્યું હતુંને એક ફેરી ૮૫માં બોટાદ-બોટાદ સંપ્રદાય. ૮૫ ત્યારે ... ૧૫૦૦ માણસ અને અમારી આબરૂ તો મોટી હતીને તે દિ'તે. માણસ ઘણું ભરાયેલું. ... જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય (એ ધર્મ નથી.) ધર્મભાવે તીર્થંકરગોત્ર બંધાય નહિ. તીર્થંકરગોત્ર બાંધે એ ધર્મ નથી, અધર્મ છે. રાડ નાખેને.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લોકોને પ્રતિષ્ઠા ત્યાં હતીને. .. મારે હતો.

**શ્રોતા** :- સાંભળનારાની સંખ્યા વધે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાઈ! જેનાથી બંધ પડે એ ધર્મથી બંધ પડે? તીર્થંકરત્વનો બંધ પણ ધર્મથી પડે? તો બંધ કરવાના ભાવ તે અધર્મ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... સભા ... પણ બીજું બધું એ સાધુ હતા અમારે ગુરુભાઈ! એને એ ન ગમ્યું. બે વાત કરી હતી તે દિ' સભામાં. કે ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નથી, એ પુણ્ય છે. કડક ભાષા .. એકદમ. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. સભામાં તે દિ' ૪૭ વર્ષ પહેલાં. પંચમહાવ્રતના ભાવ તે આસ્રવ છે. કેમકે એનાથી બંધ પડે છે. .. આવે છેને. .. બેઠા હતાને વોસરે.. વોસરે... એમ કે આ શ્રદ્ધા અમારે જોતી નથી. એમ કરીને બોલ્યા. પાટે બેઠા. એ કોઈ સભા સાંભળે નહિ કાંઈ. સભા તો આમ સાંભળે. આ જગતને આવું કઠણ પડે. ત્યારે ઓલો વળી કહે કે આવા ભાવથી .. મળે, પૈસા મળે અહીં છોડવાની અપેક્ષામાં? પણ સાંભળને ભાઈ હવે. આહા..હા..! .. ભાઈ! એ સ્વભાવભાવ નથી. એને આવ્યા વિના રહે નહિ પૂર્ણ વીતરાગ ન હોય એને આવું અશુભથી બચવા, અશુભથી બચવા અન્ય સ્થાનથી છૂટવા એવા શુભભાવ હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

રત્નકરંડશ્રાવકાચારમાં નથી આવતું? આ સમ્યગ્દૃષ્ટિ જીવ .. કરે છે. રત્નકરંડશ્રાવકાચારમાં ઘણા બોલ આવે છે. ... રત્નકરંડશ્રાવકાચારમાં. સમકિતી ધર્મી જીવ જેણે આત્માનું આરાધન કર્યું છે એને એવા સ્થાનમાં અવતરે કરોડો-અબજોપતિને ઘરે અવતરે એ. એના શરીરના તેજ જુદાં, એની આબરૂનું તેજ જુદું. થોડા બોલ તો ભૂલી ગયા. રત્નકરંડશ્રાવકાચાર કમાવા ન જાવું પડે અને એ જ્યાં જન્મે ત્યાં દરિયાના માછલાના મોતી પાકે. સમજાણું કાંઈ? એ જ્યાં જન્મે ત્યાં આસપાસ પત્થરના નિલમણિ થઈ જાય. ... અહીં કાંઈ યાદ રહે છે બધું? તેજસ. આ ગાથા છે ૩૬મી. રત્નકરંડશ્રાવકાચાર. '**ओजस् तेजः विद्या वीर्यं यशो वृद्धः विजयः विभवः माहाकुलाः महार्थाः**' આટલાબધા બોલ છે. આવે છેને. માર્ગ એ છે. અને આ તો વસ્તુસ્થિતિ છે. ... પણ ઓજસ એના શરીરના તેજ હોય ત્યાં અવતરે. વિદ્યા એને સહેજે વિદ્યા .. બહારની વિદ્યા હોં લૌકિક. '**વીર્ય...**' એનું વીર્ય પણ ઉગ્ર હોય છે. '**યશો,...**' સમકિતી જીવ જ્યાં અવતરે તેમાં યશો .. હોય છે. જુઓને આચાર્યો કેવી વાત કરે છે. 'વૃદ્ધિ..' બધું ત્યાં વૃદ્ધિ જ પામતું હોય એને પૈસા, આબરૂ, કીર્તિ વગેરે. વિજય એને હોય. અધિકાઈ બીજા કરતા મોટપ હોય. વિભવ પણ એવો હોય. .. એના માથે કોઈ નાથ ન હોય એવો રાજાદિ. સમજાણું કાંઈ? આચાર્યોએ તો, દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. એના ફળ તરીકે એને શું.. મનુષ્યમાં તો અવતરે તો એને .. શાંતિ બધું .. એ સંયોગની વાત છે. આહા..હા..! એથી એને સમકિતીને એનામાં પ્રેમ છે એમ નહિ. આહા..હા..! રુચિ તો આખી ઉડી ગઈ છે. છ ખંડના રાજમાં પણ સુખબુદ્ધિ ઉડી ગઈ છે. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં અવતરે સમકિતી તો એને આખા ભોગની રુચિ ઉડી ગઈ છે. અરે..! મારો આનંદનો નાથ મારી પાસે છે. મારો આનંદ .. પાસે છે. છતાં આસક્તિનો ભાવ હતો રાગનો. એના ફળ તરીકે મળ્યું છે તેમાં રાગ થાય, શુભ થાય. આહા..હા..! એ બધા સાધનો દુઃખના નિમિત્ત છે. '**परदव्वादो दुग्गइ**' મોક્ષ પાહુડ.

**શ્રોતા :-** અહીં તો સુખનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સુખનું કારણ એ આ દુનિયાના સુખનું કારણ. દુનિયાને અનુકૂળતાનું કારણ, છે તો દુઃખ. પણ લોકો એમ દેખેને આ સુખી થઈ ગયા. આહા..હા..!

અહીં કહે છે અચૌર્યના જે પરિણામ હતા. આહા..હા..! હતા શુભ. '**આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે...**' જોયું! તેજસ કીધુંને રત્નકરંડશ્રાવકાચારમાં? '**અને (પરલોકમાં) સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે...**' એને યોગ જ એવો હોય છે. એથી કરીને એણે બ્રહ્મચર્ય પાળ્યું એનું ફળ નથી. એ તો રાગ .. એનું ફળ છે. સમજાણું કાંઈ? અંદર બ્રહ્મ નામ આનંદની .. રમણતા જે કરી છે એનું ફળ તો ત્યાં ને ત્યાં આનંદ છે. આહા..હા..! પણ એના બાકી રહેલો રાગ વ્રતનો એ ભાવ, એને આવી સ્થિતિ પામે છે. આહા..હા..! એમ કરીને એને લાલચ આપે છે? એનું સ્વરૂપ બતાવે છે, ભાઈ! સત્યનું જેણે અંતર આરાધન

કર્યું છે એને તો તે જ કાળે આનંદ છે. પણ બાકી રહ્યો અંદર જે વ્રતાદિનો વિકલ્પ ભક્તિ આદિનો, સમજાણું કાંઈ? એના ફળ તરીકે આવું મળશે. કોઈ દરિદ્ર થાય કે રાંક થાય કે ઢેઢ થાય કે નરકમાં જાય એ ન જાય એમ કહે છે. આહા..હા..! પણ સંયોગીભાવ સંયોગને આપશે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! અને '**તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.**' જોયું! કારણ કે આનંદનો અનુભવ તો છે, આનંદનો પ્રેમ છે એ વસ્તુનો પ્રેમ નથી, આસક્તિ છે, પણ રુચિ નથી કે આ ઠીક છે આ મળ્યુ એ. એમ રુચિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો જરી જ્યાં પાંચ-પચાસ હજાર, લાખ, બે લાખ મળ્યા ત્યાં ગલગલિયા થઈ જાય અંદરમાં. ઓહોહો..! શું ધૂળ મળી કહે છે. આને તો આવું મળવા છતાં તેને રુચિ ઉડી ગયેલી છે. આસક્તિ છે. કારણ કે રાગનો ભાગ હતોને. આહા..હા..! પણ એ '**ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.**' પરંપરા. કારણ કે શુભભાવમાં અત્યારે શુભ ટળી ગયો છે અને પછી શુભ છે એને ફળ તરીકે .. પછી .. જશે. બીજા ભવમાં આદિ ઉડી જશે. સમજાણું કાંઈ?

અહીં ... આ પાલિતાણા પાંચ પાંડવો ધ્યાનમાં હતા. અને રાજકુમારો પાંચેય સાધર્મી ભાઈઓ. એમ ઓલાને વિકલ્પ આવ્યો જરી સહદેવ અને નકુલને, ભાઈઓને કેમ હશે? એક વિકલ્પ આવ્યો. હવે એ તો શુભભાવ છે. તે પણ મુનિ મહારાજ છે. સાધર્મી ભાઈ છે અને સહોદર છે. એક માતાના પેટે ઉત્પન્ન થયેલા છે. મારાથી નહિ.. કેમ હશે? લોઢાના ઓલા... આહા..હા..! લોઢાના ધગધગતા પહેરાવ્યા. એવો એક વિકલ્પ આવ્યો ત્યાં ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. આહા..હા..! એ ખુશીપો નથી. પણ રાગ આવ્યો એટલે એને સ્વર્ગનું ફળ બંધાઈ ગયું. આહા..હા..! કેવળજ્ઞાન પ્રાપ્તિ દૂર થઈ ગઈ. આહા..હા..! ઓલા ત્રણ કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યા ત્યાં. આ બેને કેવળજ્ઞાન દૂર થઈ ગયું, પણ એને સંયોગ સર્વાર્થસિદ્ધ આદિનો મળ્યો બસ. આહા..હા..! અને ત્યાંથી નીકળીને પણ રાજ કે એવામાં અવતરશે. સાધારણ ગરીબને ઘરે ન અવતરે એ. અને ત્યાંથી મુનિપણું લઈને કેવળજ્ઞાન પામશે. આહા..હા..!

આ ક્રમે કીધુંને? '**તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.**' આ એક ભાવ આવ્યો ખરો, એથી એને આ સ્વર્ગ આદિ મળ્યા. ત્યાંથી પણ કોઈ ચક્રવર્તી આદિની પદવીને પામીને મુક્તિએ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? જેનું જેટલું સ્વરૂપ છે તેને તેટલું કબુલવું જોઈએ. એણે ઓછું-અધિક-વિપરીત માને. એ કહ્યું હતુંને? રત્નકરંડશ્રાવકાચામાં. ન્યૂન, ... અધિક શ્લોક છે એવો. જેવી જેની પુણ્યની પ્રકૃતિનું પુણ્ય ફળ, પાપનું પાપ, શુભનું શુભ, આનંદ. જેવું જેને જે રીતે તે રીતે યથાર્થ માને છે. ઓછું નહિ, અધિક નહિ, વિપરીત નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, '**ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે.**' એને .. છોડી દેશે. અને આનંદમાં આવીને કેળજ્ઞાનને પ્રાપ્ત કરશે. ૫૯.

दट्ठूण इत्थिरूवं वांछाभावं णियत्तदे तासु।
मेहुणसण्णविवज्जियपरिणामो अहव तुरियवदं।।५९।।
**સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,**
**વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.**

કુંદકુંદાચાર્ય વર્ણવે છે.

'**ટીકા :- આ, ચોથા વ્રતના સ્વરૂપનું કથન છે.**' '**સુંદર કામિનીઓનાં મનોહર અંગના નિરીક્ષણ દ્વારા ઊપજતી કુતૂહલતાના-ચિત્તવાંછાના-પરિત્યાગથી,...**' પરિત્યાગ. આહા..હા..! સુંદર કામિનીઓના મનોહર મનને હરે... સમજાણું કાંઈ? ભાષા કેટલી છે! '**સુંદર કામિનીઓનાં મનોહર અંગના...**' શરીર .. કાન, નાક, આંખ. આહા..હા..! કાલે આવ્યું હતુંને? કે મારી આંખ પહેલા સારી હતી, હમણાં બગડી ગઈ—એમ માનનારો પૂર્વે આંખના રજકણ મારા હતા એમ માને છે. સમજાણું કાંઈ? ભૂતકાળમાં મળેલી આંખ, નાક, જીભ, શરીરના અવયવો એનો રાગ કરીને એમ કહે કે મને બહુ સારા મળ્યા છે. અત્યારે મારા .. થઈ ગયા અને અત્યારે મળ્યા એ મને સારા મળ્યા એ પરને પોતાનું માનનારા મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! બાદશાહી ગુણસ્થાને છે. બાદશાહ હોયને એનું નાણું ચાલે બધે. એમ આ મિથ્યાત્વનું નાણું જ્યાં-ત્યાં ચોંટ્યું છે. સંસાર આ મારું... આ મારું... અરે બાપુ! પ્રભુ! તારું ક્યાં? તારું તારાથી જુદું એ તારું કહેવાય? આહા..હા..! એમ અહીંયાં સમકિતીને ભાન છે. સમજાય છે કાંઈ? એથી એવા સુંદર સ્ત્રીના અંગોને જોઈને પણ કુતૂહલતા... એટલે? 'આહા..! બહુ સારા છે.' અરે! ધૂળેય સારી નથી. આહા..હા..!

એવા '**ચિત્તવાંછાના—પરિત્યાગથી,...**' પરિત્યાગ શબ્દ છેને? પરિ-સર્વથા પ્રકારે છોડે છે. આહા..હા..! '**અથવા પુરુષવેદોદય નામનો જે નોકષાયનો તીવ્ર ઉદય તેને લીધે ઊપજતી મૈથુનસંજ્ઞાના પરિત્યાગસ્વરૂપ...**' એને જે છોડે છે તે '**પરિત્યાગસ્વરૂપ શુભ પરિણામથી,...**' બસ, છે વિકલ્પ. એને '**બ્રહ્મચર્યવ્રત હોય છે.**' સમજાણું કાંઈ? સમકિતીને છઠ્ઠે ગુણસ્થાને મુનિને, ત્રણ કષાયના અભાવવાળાને જે ભાવ આવે... ત્યાં તો એ કહ્યું છે બનારસીદાસે મોક્ષ અધિકારમાં કે એ જે ભાવ છે એ જગપંથ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્રતનો વિકલ્પ છે એ પણ જગપંથ છે. આહા..હા..! આવું છે.

**શ્રોતા :-** સંયોગ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંયોગ છે. '**પરિત્યાગસ્વરૂપ શુભપરિણામથી,...** ' જેને કુતૂહલતાના પરિણામ કે ઓહોહો..! અંગો આવા સુંદર! કેળના થડ જેવા સુંવાળા પગ, સુંવાળી આંખ, ચંદ્રમાં જેવું મોઢું, ગરૂડ જેવું નાક એ તો જગતના માંસના હાડકાની પરિણતિ છે. આહા..હા..! એકવાર વીંછીના ડંખ હતા રજકણમાં એ રજકણ અત્યારે આ શરીરપણે કે નાકપણે પરિણમ્યા છે કે આંખપણે પરિણમ્યા. આહા..હા..! વીંછીના ડંખ ઝેરના.. એ પરમાણુ

અત્યારે આંખ, સામાના શરીરમાં પણ એ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જાણીને તેના પ્રત્યેની વિસ્મયતા-કુતૂહલતાના પરિણામનો ત્યાગ કરે છે. આહા..હા..! આ તો ભાઈ! મુનિઓની દશાના શુભભાવની સ્થિતિ કેવી હોય એનું વર્ણન છે. એ પણ અલૌકિક છે. સમજાણું કાંઈ? એથી મુનિરાજ શ્લોક કહે છે ૭૯.

(मालिनी)

भवति तनुविभूतिः कामिनीनां विभूतिं
स्मरसि मनसि कामिंस्त्वं तदा मद्वचः किम्।
सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय
व्रजसि विपुलमोहं हेतुना केन चित्रम्।।७९।।

આહા..હા..! મુનિરાજ કહે છે. પદ્મપ્રભમલધારિ મુનિરાજ, પંચપરમેષ્ઠીમાં મુનિરાજ છે. નમો લોએ સવ્વ સાહુણંમાં ભળેલ છે. આહા..હા..! એમાં આવે છેને? 'નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં.' પદ એવું આવે છે ધવલમાં. 'નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવ્વજ્ઝયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં.' એવું પદ છે. પછી ટૂંકું કરીને 'નમો લોએ સવ્વ અરિહંતાણં' થઈ ગયું. પછી એનું ટૂંકું કરીને અરિહંતાણં કરી નાખ્યું. નહિતર નમો લોએ સવ્વ સાહુણં પાંચેયમાં ભળે છે. આહા..હા..! તારી નિજવિભુતિના વૈભવને છોડીને. આહા..હા..! આનંદનાથ ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ વૈભવથી ભરેલો પ્રભુ છે. અતીન્દ્રિય રસના આનંદથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એવી વિભૂતિની વિસ્મયતાને છોડી દઈને.

અરે! '**કામિનીઓની જે શરીરવિભૂતિને તે વિભૂતિને, હે કામીપુરુષ! જો તું મનમાં સ્મરે છે,...**' એટલે એની વિભૂતિ જોઈને મનમાં યાદ રાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**હે કામીપુરુષ!**' આહા..હા..! '**જો તું મનમાં સ્મરે છે,...**' એટલે જોઈને યાદ કરે છે. આહા..! તને પ્રેમ થયો છે ત્યાં. આહા..હા..! '**તો મારા વચનથી તને શો લાભ થશે?**' મુનિરાજ કહે છે. આહા..હા..! ભાઈ! આ તો મુનિઓની ધર્મકથા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**હે કામીપુરુષ!**' એ સ્ત્રીઓના શરીરની નમણાઈ અને એની આકૃતિની સુંદરતા દેખીને તું એને યાદ કરે છોને! જોઈને પાછો યાદ કરે છો. સારા લાગ્યાને એટલે યાદ કરે છે. આહા..હા..! '**તો મારા વચનથી તને શો લાભ થશે?**' આહા..હા..! મુનિ મહારાજ કહે છે કે અમે જે આ ઉપદેશ આપીએ એનો લાભ તને શું થશે? આહા..હા..!

'**અહો! આશ્ચર્ય થાય છે...**' જોયું! '**અહો! આશ્ચર્ય થાય છે કે સહજપરમતત્ત્વને...**' અંતર ભગવાન આનંદનો નાથ. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એવા પરમતત્ત્વને એટલે કે '**નિજસ્વરૂપને છોડીને...**' અતીન્દ્રિય આનંદનો સાગર તું છો. આ આવા તત્ત્વને

છોડીને તું સડેલા અંગોની નજર કરીને તેને યાદ કેમ રાખે છો? આ યાદ નથી રાખતો? આહા..હા..! **'સહજપરમતત્ત્વને...'** સ્વભાવિક ભગવાનઆત્મા. આહા..હા..! અકૃત્રિ, અણકરાયેલું સત્ જગત. જગતનું સત્ પરમાત્મસ્વરૂપ પોતે. આહા..હા..! એટલે કે સહજ પરમતત્ત્વ એટલે કે **'નિજસ્વરૂપન છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે!'** આહા..હા..! મોહ એટલે પરમાં સાવધાની તને કેમ થઈ જાય છે? આહા..હા..! પરમતત્ત્વ ભગવાનઆત્માની સાવધાની છોડી દઈને. આહા..હા..! મોહનો અર્થ પરમાં સાવધાની. સમજાણું કાંઈ? અમોહ નામ .. સાવધાની નહિ. યાદ કરીએ છીએ ... આહા..હા..!

**'સહજપરમતત્ત્વને...'** કારણપરમાત્મા સહજાનંદમૂર્તિ પ્રભુ એની તને રુચિ અને પ્રેમ નથી, એને છોડીને આ જોવા ક્યાં જા છો? આહા..હા..! **'નિજ...'** તત્ત્વના અવલોકનને છોડીને કામિનીના સુંદર અંગને જે જોઈને યાદ રાખે. આ યાદ નથી રાખતો કે હું આનંદનો નાથ છું! સમજાણું કાંઈ? આહા..હા..! એનું સ્મરણ કરતો નથી અને આ સ્મરણ કરે છે. આહા..હા..! શૈલી તો જુઓ, આહા..હા..! ભગવાન આનંદ અનાકુળ શાંતિનો રસકંદ. એટલે? અકષાયસ્વભાવસ્વરૂપ પ્રભુ આત્મા છે. અકષાયસ્વરૂપ છે એટલે આકુળતારહિત અનાકુળ આનંદ જેનું સ્વરૂપ છે. આહા..હા..! એ અસંખ્ય પ્રદેશે ભગવાન અનાકુળ આનંદના રસથી પરિપૂર્ણ ભર્યો છે. એને ભૂલી, છોડી, એને યાદ કરવું છોડી, એને સ્મરણમાંથી છોડીને આ ક્યાં માંડ્યું તે? આહા..હા..! સમજાણું કાંઈ?

એક ફેરી કહ્યું હતુંને. ૬૪-૬૫ની વાત છે. એક ધ્રુવનું નાટક છે. ધ્રુવ-ધ્રુવ નથી આવતું અન્યમતમાં? ધ્રુવ અને પ્રહલાદ. એનું નાટક હતું જામનગર. ત્યાં દેશમાં આવે પાલેજ. .. જોવા ગયા. એ ધ્રુવનું નામ .. એનો બાપ બીજી પરણેલા અને ધ્રુવ ત્યાગી થઈ ગયો બાવો. ... જંગલમાં જાય છે. દેવાંગનાઓ ઉપરથી ઉતરે છે. મોટા નાટક હતાને. જામનગર થિએટર છે. ઉપરથી ઉતરે અને પછી અવયવો બતાવે છે. અ.. સુંદર અવયવો છે અને આ આવા છે, આ આવા છે. અરે! રાજકુમાર તું નજર તો કર. ઉંચી નજર તો કર. આમ ને આમ બેઠો છે તે જો તો ખરો. ત્યારે જવાબ આપે છે, હે માતા! મારે જન્મ જો હશે કદાચિત્ એકાદ તો માતા! તારી કુખે આવીશ, બીજું તો નથી હવે. સમજાણું કાંઈ? તું કદાચિત્ મનુષ્યણી હો, અને તે કાળે મારે જન્મ એ કાળ, માતા! તારી કુખે આવીશ, બાકી બીજું તો છે નહિ. એ વખતે એવા વૈરાગ્યના. અત્યારે તો આ નાટકો બધા ફિલ્મ કાળાકેર કરી નાખ્યા છે. એ વખતે તો નાટકો પણ વૈરાગ્ય ચડાવી દે. રાજકુમાર બોલે છે, માતા! બીજું છે નહિ હોં. શરીર એકાદ ધારણ કરવું હશે અને મનુષ્યણી હોઈશ તો તારી કુખે આવીશ. બીજી વાત રહેવા દેજે. આહા..હા..! એવી વૈરાગ્યની વાત હતી.

અહીં એ કહે છે. અરેરે! તારા નાથને છોડીને તું આ પરની વિભૂતિના તને મોહ શેનો થાય છે? એમ કરીને ગાથા પૂર્ણ કરે છે. વિશેષ કહેશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૩, મંગળવાર, તા. ૦૩-૦૨-૧૯૭૬, ગાથા-૬૦, પ્રવચન નં. ૧૬૯

કોને હોય અને કોને કહેવું? એ વાત છે.

सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं।
पंचमवदमिदि भणिदं चारित्तभरं वहंतस्स।।६०।।

**નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,**
**તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.**

એનો અન્વયાર્થ. ગાથામાં અન્વયાર્થ છેને? '**નિરપેક્ષ ભાવનાપૂર્વક...**' એટલે જેને પંચમહાવ્રતના પરિણામ હોય એને પરની અપેક્ષા કોઈ ન હોય. નિરાલંબી ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન એના આલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું છે એને બીજું આલંબન હોય નહિ. આહા..હા..! છેને .. વસ્તુ ભગવાન અનંત આનંદ જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ અતીન્દ્રિય આનંદઘન આત્મા એને અવલંબે, એને આશ્રયે... મુનિ કોને કહેવા એ ઝીણી બહુ વાત, બાપુ! જેને પ્રથમ તો આત્મા અનુભવ સમ્યગ્દર્શન હોય. ભગવાનઆત્માનું જે આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ અખંડ છે એનો એને પ્રથમ સમ્યગ્દર્શનમાં એના સ્વાદનો અનુભવ પહેલો આવે. સમજાય છે કાંઈ? અને એ સમ્યગ્દર્શનપૂર્વક જે સ્વરૂપમાં સ્થિરતા જ્ઞાન વધ્યું. સ્વરૂપમાં આનંદમાં લીનતા ચરવું. ચારિત્ર એટલે ચરવું. શેમાં? પૂર્ણ જ્ઞાયકભાવ જે પ્રતીતમાં, અનુભવમાં જે લીધો હોય એમાં ઠરવું. આહા..હા..! એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**મુનિને મુનિત્વોચિત...**' જુઓ, મુનિ જે ભાવલિંગી સંત છે, બાહ્યમાં એ નગ્ન હોય છે અને વનમાં એ વસતા હોય છે. એવા મુનિને મુનિને યોગ્ય '**નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે...**' વીતરાગસ્વરૂપની પરિણતિ જેને વસ્તુ વીતરાગસ્વરૂપ જ છે, જિનસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. એ જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ એને અવલંબે જે વીતરાગ સમકિત, દર્શન અને ચારિત્ર પ્રગટ્યું છે. એ નિરપેક્ષ શુદ્ધ પરિણતિ છે. એ રાગની પણ જેને અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી. આહા..હા..! એવી જેને શુદ્ધ આનંદની અવસ્થા જેને પ્રગટી છે. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદની પરિણતિ ધારા વહે છે. ડુંગરમાંથી જેમ પાણી વહે એમ ભગવાન આનંદનો ડુંગર છે, અતીન્દ્રિય આનંદનો પર્વત છે. આહા..હા..! એમાંથી અતીન્દ્રિય આનંદની શુદ્ધ પરિણતિ. છે? એની વ્યાખ્યા એટલી છે. આહા..હા..! જેમાં પંચમહાવ્રતના વિકલ્પની પણ જેને અપેક્ષા નથી. ઝીણો માર્ગ ઘણો, ભાઈ! વીતરાગમાર્ગ પરમેશ્વર.

'**મુનિને મુનિત્વોચિત...**' છેને? મુનિત્વને ઉચિત '**નિરપેક્ષ...**' એને યોગ્ય. ત્રણ કષાયના અભાવ અને શુદ્ધ પરિણતિ આનંદની વર્તતી હોય છે. એની '**સાથે વર્તતો...**' શુદ્ધ પરમાત્મા પોતે સ્વરૂપ છે તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવી શુદ્ધની નિર્મળ પરિણતિ એ મોક્ષમાર્ગ. એની સાથે વર્તતો. '**જે (હઠ વગરનો)...**' હઠ ન હોય ત્યાં. આહા..હા..! હઠ હોય ત્યાં સમકિત રહેતું નથી. સમજાણું કાંઈ? હઠાગ્રહ આ વ્રતાદિ લે છેને? ત્યાગ કરે છે અનશન આદિ બધા હઠાગ્રહ. એ બધા મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..!

**શ્રોતા :-** અપવાસ કરે તો બહારમાં લોકો સરખા ચાલેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાગલ દુનિયા છે. બહુ આકરી વાત, ભાઈ! પાટણીજી! આહા..હા..! જેને અંદરથી શુદ્ધ સ્વભાવનું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે એને હઠ ન હોય. સહજ-સહજ. શુભભાવ આવે એની અહીં વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મહાવ્રતની વાત ચાલે છેને. સમકિતની વાત તો સમયસારમાં પહેલી ઘણી વઈ ગઈ. હવે આ જરી વ્યવહારનું થોડું કીધું. આહા..હા..! અતીન્દ્રિય આનંદની લહેર જ્યાં ઉઠી હોય છે અંદરથી. એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ, પણ તે ભૂમિકામાં એની સાથે વર્તતો અહિંસાનો વિકલ્પ હો કે સત્ય બોલવાનો હોય કે ચોરી ન કરવાનો અચૌર્યનો હો કે બ્રહ્મચર્ય પાળવાનો હો કે અપરિગ્રહ પંચમહાવ્રતનો વિકલ્પ હો. આ પાંચમાની વાત ચાલે છેને. આહા..હા..!

'**સર્વપરિગ્રહત્યાગ...**' એને તો શરીરમાં એક વસ્ત્રનો ધાગો પણ હોય નહિ અને અંતરમાં રાગનો કણ એ સંજ્વલન હોય, પણ વસ્તુમાં બીજો રાગ હોય નહિ. '**સર્વવપરિગ્રહત્યાગસંબંધી શુભોપયોગ...**' એનો ત્યાગ કરેને એવો વિકલ્પ એમ. '**તે વ્યવહાર-અપરિગ્રહવ્રત કહેવાય છે.**' તે વ્યવહાર-અપરિગ્રહવ્રત કહેવાય છે. આહા..હા..! આટલી શરતું. કે જેને અંતર આત્મા સ્વાવલંબી અંદરને અવલંબે જેની નિર્મળદશા, શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણમ્યું-થયું છે. એને તે ભૂમિકામાં પંચમહાવ્રતનો વિકલ્પ હઠ વિનાનો સહજ હોય છે. સમજાય છે કાંઈ? '**તે શુભોપયોગ તે વ્યવહાર-અપરિગ્રહવ્રત કહેવાય છે.**' છે એ પુણ્યબંધનું કારણ, પણ અબંધપરિણામી ભગવાનને અવલંબને જે અબંધપરિણામ પ્રગટ થયા છે એ અબંધપરિણામ પૂરા પ્રગટ થયા નથી એથી આવો એક વચમાં મહાવ્રતનો વિકલ્પ આવે. સમજાય છે? એ શુદ્ધ પરિણતિ ન હોય, જ્યાં આનંદનો નાથ જાગ્યો નથી. આહા..હા..! સ્વરૂપાનંદ, સ્વરૂપાનંદ જેને પ્રગટ્યો નથી. એવા સ્વરૂપ આનંદની પરિણતિની દશા જ જ્યાં નથી. '**ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે;...**' હઠવાળો એને શુભભાવ હોય છે. આહા..! બસ, આમ કરું ને આમ કરું ને આમ કરું. એવો હઠવાળો એને હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તે શુભોપયોગ તો વ્યવહાર-વ્રત પણ કહેવાતો નથી.**' આહા..હા..! શુદ્ધ સ્વભાવના અનુભવના આનંદની ધારા વિના એકલો જે શુભોપયોગ થાય, આ કરું, વ્રત પાળું, બ્રહ્મચર્ય એવો એ તો શુભોપયોગ હઠવાળો છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને તો વ્યવહાવ્રત

પણ કહેવાતો નથી. બહુ જવાબદારી, શરતું ઘણી આકરી.

**શ્રોતા :-** મનુષ્યના વ્યવહારની શરત છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરીએ ધૂળેય નથી. નગ્ન રહું, નગ્નપણું કરું એ ભાવ જ મિથ્યાત્વ છે. પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ કે હું છોડું છું, આ નગ્નપણું ગ્રહણ કરું, વસ્ત્ર છોડું, એ વસ્તુમાં જ નથી. ઝીણી વાત, ભાઈ! સહજ બની જાય છે એ વખતે મુનિની દશા. સમજાણું કાંઈ? એ કાંઈ નગ્નપણું મુનિપણું નથી, તેમ વ્રતના વિકલ્પો હોય છે અહિંસા, સત્યના એ કાંઈ મુનિપણું નથી, એ તો આસ્રવ છે. આહા..હા..! અંતર આનંદનો નાથ અંદર જાગ્યો. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદની મીઠાશ આવી છે અને જગતના વિષય આદિના, માન આદિના ભાવ ઝેર જેવા લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને શુભભાવ જે હોય એ હઠ વિનાનો હોય. એને પાંચમું મહાવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! અપૂર્વ વાત છેને આ! અનંતકાળમાં એને શુદ્ધ ચૈતન્ય શું છે, ક્યાં એનું ભાન કર્યું નથી. એ ભાન વિના વ્રત લીધા, નગ્ન થયા, મુનિપણા અનંતવાર લીધા. ધર્મધ્યાનના કાયોત્સર્ગમાં આવે છે કે સમ્યગ્દર્શન વિના અનંતવાર જે નગ્ન આદિની ક્રિયાઓ અનંતવાર કરી એથી કાંઈ વળ્યુ નહિ. લૂગડા-બુગડા તો હતા જ નહિ મુનિને. એ તો હમણા શ્વેતાંબર પંથ નીકળ્યો ત્યારે. એ તો જૈનદર્શનમાં લૂગડા મુનિને તો ત્રણકાળમાં ન હોય. આ તો બે હજાર વર્ષ પહેલાં સનાતન જૈનદર્શનમાંથી બાર (વર્ષનો) દુકાળ પડ્યો એમાંથી શ્વેતાંબર પંથ નીકળ્યો. એણે વસ્ત્ર સ્થાપ્યા. ભગવાનનો માર્ગ એ નથી. અને એમાંથી આ સ્થાનકવાસી હમણા નીકળ્યા પાંચસો વર્ષ. શ્વેતાંબરમાંથી. એ કાંઈ જૈનમાર્ગ વીતરાગમાર્ગ નથી. પોપટભાઈ! આ શું એમાં થયું? વાત સાચી. આહા..હા..! એવો જે માર્ગ વીતરાગનો એને જેને અંતરમાંથી પ્રગટ થયો છે એને શુભરાગ હોય, સહજ હોય એ પણ. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી નથી આવ્યા. કાલે પણ મોડા આવ્યા હતા.

'**(આ પાંચમા વ્રતની માફક અન્ય વ્રતોનું પણ સમજી લેવું.)**' છેને અંદર? અહિંસા વ્રતનો શુભરાગ પણ એને સહજ હોય કે જેને આનંદના રમણતાની દશા શુદ્ધ પ્રગટી છે એને એવો અહિંસાનો શુભ વિકલ્પ હઠ વિનાનો હોય છે. સમજાણું કાંઈ? એમ સત્ય વ્રતનો વિકલ્પ એને હોય છે હઠ વિનાનો જેને સહજાનંદસ્વરૂપનું ભાન થઈને અનુભવદશા વર્તે છે. સહજાત્માની લહેર જેને પર્યાયમાં વર્તે છે. આહા..હા..! એને અચૌર્ય વ્રતનો, સત્યવ્રતનો વિકલ્પ વ્યવહારે હોય છે. આહા..હા..! એમ જેને બ્રહ્માનંદ પ્રભુ બ્રહ્મ આત્મા આનંદસ્વરૂપ. સર્વજ્ઞ કેવળી તીર્થંકરે જોયો એ. બીજાઓએ કહ્યા તે આત્મા નહિ. પરમેશ્વરે જે આત્મા જોયો અંદરથી અનંત આનંદ અને અનંતગુણનો પિંડ. એવો જે ભગવાન અનંત આનંદની પરિણતિએ પ્રગટ થયો એને અપરિગ્રહવ્રતનો વિકલ્પ મહાવ્રતનો, બ્રહ્મચર્યનો કહેવામાં આવે છે. અમથું આ બ્રહ્મચર્યાદિ લે છે એ નહિ. આહા..હા..! અંતરમાં બ્રહ્મ નામ આનંદના સ્વભાવને અનુભવીને,

આનંદના વેદનમાં આવતો એને શુભરાગ પણ હઠ વિનાનો શરીરથી બ્રહ્મચર્ય પાળવું એવો વિકલ્પ હોય છે. આહા..હા..! શરીરથી બ્રહ્મચર્ય પાળે એ કાંઈ વ્રત, એ કાંઈ ચારિત્ર કાંઈ ગુણ નથી. આહા..હા..! એ શુભભાવ છે. એ આવો શુભભાવ આવા સ્વરૂપની રમણતાવાળાને હોય તો એને વ્રત કહેવામાં આવે. અને ભાન વિનાના જેને જ્ઞાન સહજાનંદસ્વરૂપ શું છે? એનું વેદન નથી, અનુભવ નથી, એના વ્રત.

'**(અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત)**' વીતરાગી પરિણતિ જેમાં નિરાલંબ એટલે પરનું આલંબન છે નહિ. '**सर्वेषां ग्रन्थानां त्यागः**' '**સર્વ પરિગ્રહનો ત્યાગ...**' અંતરમાં રાગાદિનો ત્યાગ, મિથ્યાત્વનો ત્યાગ અને બાહ્યમાં નગ્નમાં વસ્ત્ર-પાત્રનો ત્યાગ. આહા..હા..! '**(સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ),...**' એ શુભભાવ હોં પુણ્ય. આહા..હા..! '**તે, ચારિત્રભર વહનારને પાંચમું વ્રત કહ્યું છે.**' હવે એની વ્યાખ્યા ચારિત્રભરની. નીચે નોટ. '**ચારિત્રનો ભાર;...**' એટલે સ્થિરતાની દશા એવી વધી ગઈ. આનંદ... આનંદ... આનંદ.. આનંદ... આનંદઘન છે. પાંચમી ગાથામાં કહ્યું છેને એ. પ્રચુરસ્વસંવેદનરૂપ વેદન. આહા..હા..! એ મહોરછાપ છે. અનુભવીના આનંદની એ મહોરછાપ છે. ધર્મીને મહોરછાપ એ છે કે જેને અતીન્દ્રિય આનંદનું વેદન હોય. આહા..હા..! ટ્રેડમાર્ક છે એ વીતરાગનો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ચારિત્રનો ભાર;...**' ભાર એટલે? સ્થિરતા એટલી વધી ગઈ છે અંદર કે એમાં રાગ રહી શકે નહિ. આહા..! '**ચારિત્રસમૂહ;...**' સ્વરૂપની સ્થિરતાનો ઢગલો પ્રગટ્યો છે. આહા..હા..! અને '**ચારિત્રની અતિશયતા.**' વિશેષતા. સ્વરૂપમાં સ્થિરતાની વિશેષતા થઈ છે. આહા..હા..! એવા '**ચારિત્રભર વહનારને પાંચમું વ્રત કહ્યું છે.**' એને પાંચમું વ્રત હોય છે. આહા..હા..! એ ગાથાનો અર્થ થયો. આવે છે પંડિતજી હવે.

'**ટીકા :- અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.**' '**સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ...**' રાગ અને પરના ત્યાગસ્વરૂપ. એ તો અભાવ થયો. '**નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં અવસ્થિત...**' આહા..હા..! જુઓ, આ મૂળ વસ્તુ લીધી. રાગાદિ અને પરના ત્યાગસ્વરૂપ '**નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં...**' ભગવાનઆત્મા કારણપરમાત્મા ધ્રુવ. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ એ કારણપરમાત્મા. કારણપરમસ્વરૂપ. ત્રિકાળી કારણપરમસ્વરૂપ કાર્ય જે પર્યાય છે એ વિનાનું. સમજાણું કાંઈ? '**નિજ કારણપરમાત્મા...**' જુઓને ટીકાકાર જ્યાં હોય ત્યાં કારણપરમાત્માને મુખ્ય કરે છે. આહા..હા..! પરમસ્વરૂપ ભગવાન આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાનના અખંડ જ્ઞાનથી ભરેલો પ્રભુ અને પૂર્ણ વીતરાગતાના સ્વભાવસ્વરૂપ એવો જે કારણપરમાત્મા એટલે પોતાનો ત્રિકાળી ભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ કારણ...**' એટલે પાછા ભગવાન પરમાત્મા નહિ. વીતરાગ વીતરાગમાં રહ્યા.

આ તો '**નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં...**' નિજ કારણ પરમસ્વરૂપના સ્વરૂપમાં. જ્ઞાયક આનંદ આદિ એનું પૂર્ણ સ્વરૂપ છે એના સ્વરૂપમાં '**અવસ્થિત (સ્થિર રહેલા)...**' એ પર્યાય છે. ત્રિકાળી કારણભગવાન. ત્યારે આ વળી ક્યો કારણભગવાન હશે? કોઈ કર્તા હશે? આ જગતનો કારણપરમાત્મા હશે કોઈ? અહીં તો નિજકારણપરમાત્મા. જગતનો કોઈ કર્તા છે જ નહિ.

અહીં તો આત્મા જે છે એને કારણપરમાત્મા કેમ કહ્યો? કે એની વીતરાગીદશાના કાર્યનું એ કારણ છે. સમજાણું કાંઈ? એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ આત્મતત્ત્વવસ્તુ, શુદ્ધતત્ત્વ, ધ્રુવતત્ત્વ, અવિચળતત્ત્વ, નિત્યાનંદ પ્રભુ એવી ચીજને અહીંયાં કારણપરમાત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણ '**નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં...**' એનું સ્વરૂપ તે ત્રિકાળીસ્વરૂપ એમાં '**અવસ્થિત...**' એમાં સ્થિર થવું, એમાં સ્થિર રહેવું. આહા..હા..! એવા '**પરમસંયમીઓને—**' એને પરમસંયમી કહેવામાં આવે છે. આહા..હા..! છ કાયની દયા પાળે અને ફલાણું કરે એ સંયમી નહિ, એ તો રાગી છે. આહા..હા..! અહીંયાં તો પરમસ્વરૂપ ભગવાન જેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય, જેમાંથી સિદ્ધપદ પ્રગટ થાય એવી શક્તિઓ તો જેમાં અનંતી પડી છે. આહા..હા..! એવો આ નિજભગવાનઆત્મા આહા..હા..! એમાં જેની અવિચળસ્થિતિ છે, અવસ્થિત સ્થિતિ છે. આહા..હા..! એવા '**પરમસંયમીઓને—પરમ જિનયોગીશ્વરોને—**' એમ. બે ભાષા છેને. સંસ્કૃતમાં છે. '**परमसंयमिनां परम जिनयोगीश्वराणां**' આહા..હા..! સંસ્કૃત છે. આવી વાત હજી સાંભળવા મળવી મુશ્કેલ છે. શું કહે છે આ તે? આ તે વીતરાગમાર્ગ હશે? જૈનમાર્ગ હશે? હજી કારણપરમાત્મા અને એના સ્વરૂપમાં અવસ્થિત રહેવું, આવું તો કોઈ દિ' સાંભળ્યું નહોતું. છકાયની દયા પાળવી, લીલોતરી ન ખાવી, કંદમુળ ન ખાવા, રાતે ચોવિહાર કરવો. આવું સાંભળ્યું હતું. અરે ભાઈ! તે માર્ગ સાંભળ્યો નથી. એ તો રાગની ક્રિયાની વાતું છે, એ વીતરાગમાર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમસંયમીઓને—**' એ આત્માના આનંદમાં રમતા હોય છે. આહા..હા..! એવા '**પરમસંયમીઓને—પરમજિનયોગીશ્વરોને—**' એ એની વ્યાખ્યા કરી કે '**પરમજિનયોગીશ્વર...**' જેને રાગનો અભાવ કરીને સ્વરૂપમાં યોગ-જોડાણ કર્યું છે, એના પણ ઈશ્વર છે એ. આહા..હા..! પૂર્ણ અતીન્દ્રિય આનંદના દળના સ્થિરતાના તે ઈશ્વર છે. આહા..હા..! એ જિનયોગી કહેવાય એને. ઓલા અન્યમતિના બાવા એ યોગી નથી. આહા..હા..! આ તો અંતર જિનયોગી. અતીન્દ્રિય આનંદ ભગવાન પરમેશ્વર તે કેવળીએ જે જોયો અને પ્રગટ કર્યો એવો અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ અંદર છે. એના સ્વરૂપમાં જે જોડાણ કરીને સ્થિર થયો છે આહા..હા..! એને જિનયોગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેણે પોતાની પરિણતિનો યોગ સ્વરૂપમાં જોડી દીધો છે એ યોગી. ઓલા બાવાને એ નહિ હોં. આહા..હા..!

**'પરમજિનયોગીશ્વરોને---સદાય નિશ્ચયવ્યવહારાત્મક સુંદર ચારિત્રભર વહનારાઓને,...'** આહા..હા..! સદાય સ્વરૂપમાં સ્થિરતા છે જેને આનંદની અને વિકલ્પ પણ છે આવો પંચમહાવ્રતનો. એવા **'સુંદર ચારિત્રભર વહનારાઓને,...'** સુંદર ચારિત્રભર નિશ્ચય આહા..હા..! જેમ સોનું, ગેરુ લગાવવાથી ઓપે અને શોભે છે, એમ ભગવાન અંદરની નિર્મળ રમણતાથી શોભે છે. એને પરમજિનયોગી અને મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! **'સદાય નિશ્ચયવ્યવહારાત્મક સુંદર ચારિત્રભર વહનારાઓને, બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ...'** બાહ્ય શરીરાદિ, વસ્ત્રાદિ, અભ્યંતર રાગાદિ ચોવીસ પ્રકાર છેને? ચૌદ અભ્યંતર અને દસ બાહ્ય ચોવીશ. એ **'પરિગ્રહનો પરિત્યાગ જ પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.'** વિકલ્પરૂપ છેને.

એ પરિત્યાગસ્વરૂપની સ્થિરતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો વર્તે છે. એવી નિર્મળદશાના પરિગ્રહના ત્યાગનો જે વિકલ્પ ઉઠે શુભરાગ. એ **'પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.'** એનો નીચે અર્થ. **'શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે...'** એ નિમિત્ત છે. પંચમહાવ્રતના પરિણામ એ શુભોપયોગ છે, એ ધર્મ નથી, પુણ્યના પરિણામ છે. આહા..હા..! એ આસ્રવસ્વભાવ છે, એ સંવરસ્વભાવ નથી. એ **'વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો...'** નિમિત્ત કહેવામાં આવ્યું. **'અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને...'** આમ ગણીને. **'અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે.'** સમજાણું કાંઈ? નહિતર વ્રત છે એ તો વિકલ્પ છે અને આસ્રવ છે, બંધનું કારણ છે. પણ એને શુદ્ધ જે આત્માની રમણતા એને શુભભાવનું નિમિત્ત કહી સમજાણું કાંઈ? આહા..હા..! અને **'શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે...'** અને શુદ્ધોપયોગને વ્યવહારવ્રત નિમિત્ત છે તેથી વ્યવહાર કહ્યું છે. આહા..હા..! **'ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે.'** આ રીતે પરંપરા હેતુ કહેવામાં આવે છે.

**'ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ (શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી)...'** જોયું. શુભભાવ તો હજી પરનું લક્ષવાળી વૃત્તિ છે અને આ તો શુદ્ધાત્માને અવલંબતી પરિણતિ છે. આહા..હા..! ભાષા જ બધી કેવી આપી? શુદ્ધાત્માની પરિણતિ શું આ તે કાંઈ જૈન હશે? મૂળ જૈનધર્મની વાત જ આખી લોપ થઈ ગઈ અને અન્યને નામે બધું જૈનધર્મ છે એમ ચલવ્યું. આહા..હા..! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથનો જે પંથ, માર્ગ બધો વિપરીત કરી નાખ્યો છે માણસોએ. આહા..હા..! અહીં તો કહે છે કે **'મુનિયોગ્ય શુદ્ધપરિણતિ...'** એટલે કે પૂર્ણાનંદના આત્માની અવલંબનવાળી પરિણતિ એ **'વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે...'** મુનિયોગ્ય શુદ્ધપરિણતિ તે વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ એ થાય છે. વિશેષ શુદ્ધોપયોગનો વિશેષ આત્માને અવલંબતી પરિણતિ તેનો હેતુ થાય છે.

ફરીને. કે શુદ્ધાત્માની પરિણતિ જે છે એ વિશેષ શુદ્ધોપયોગી નિર્મળતાનો હેતુ એ થાય છે. શોભોપયોગ હેતુ થતો નથી, પણ નિમિત્તથી કથન કર્યું છે. '**મુનિયોગ્ય શુદ્ધપરિણતિ...**' એટલે અવસ્થા. વીતરાગી નિર્વિકલ્પદશા એ '**વિશેષ શુદ્ધિરૂપ...**' એવું જે વિશેષ શુદ્ધ પરિણતિ જે વિશેષ એ '**શુદ્ધિરૂપ શુદ્ધોપયોગ...**' એનાથી પણ વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગ એનું એ શુદ્ધપરિણતિ કારણ થાય છે. એ અપેક્ષા છે. એ અપેક્ષાથી છે. નહિતર ખરેખર વિશેષ શુદ્ધોપયોગ એનું કારણ તો કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ? મોક્ષનું કેવળજ્ઞાનનું પણ કારણ મોક્ષમાર્ગ નથી, પણ શુદ્ધપરિણતિ પૂર્ણ છે એથી એને મોક્ષનું કારણ કહેવામાં આવ્યું. ખરેખર તો શુદ્ધપરિણતિ જે મોક્ષમાર્ગની એનો અભાવ થાય ત્યારે મોક્ષ થાય છે. તો એ મોક્ષની પરિણતિ તો ત્રિકાળમાંથી આવે છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગસ્વરૂપ એ મોક્ષની પર્યાયનું કારણ દ્રવ્ય થાય છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં શુદ્ધાત્માની પરિણતિ વિશેષ તેનો આ શુદ્ધાત્મપરિણતિ હેતુ ગણીને, એ શુદ્ધાત્મપરિણતિનો હેતુ શુભ ગણીને શુદ્ધાત્મદશાની વિશેષ શુદ્ધાત્મપરિણતિનો હેતુ આ. વિશેષ શુદ્ધોપયોગનો શુદ્ધ પરિણતિ હેતુ અને શુદ્ધપરિણતિને શુભરાગ હેતુ એમ ગણીને પરંપરા કહેવામાં આવ્યું છે. આહા..હા..! કેટલું આમાં યાદ રાખવું? અભ્યાસ જોઈએને. પહેલી ચીજ શું છે વીતરાગમાર્ગ સર્વજ્ઞ કેવળી પરમાત્મા જિનેશ્વરદેવ એણે શું કહ્યું? કઈ અપેક્ષાએ કહ્યું? એનું એને જ્ઞાન થવું જોઈએને.

'**અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે.**' શું કીધું? કે આત્માની દ્રવ્યને અવલંબતી શુદ્ધ પરિણતિ અવસ્થા એ વિશેષ શુદ્ધોપયોગનું એ કારણ છે અને શુદ્ધોપયોગ તે મોક્ષનું કારણ છે. '**આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા...**' છેને? '**મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ...**' શુદ્ધપરિણતિમાં રહેલા '**મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને...**' ખરેખર તો શુદ્ધોપયોગ, શુદ્ધપરિણતિ એ શુદ્ધોપયોગનું કારણ છે અને શુદ્ધોપયોગ તે મોક્ષનું કારણ છે. ઓછી શુદ્ધ પરિણતિ એ વિશેષ શુદ્ધ પરિણતિનું કારણ છે અને વિશેષ શુદ્ધપરિણતિ એ મોક્ષનું કારણ છે. પણ એનો આરોપ આમ આપ્યો. '**આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરો તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને...**' નહિતર તો મોક્ષનો હેતુ જ વિશેષ શુદ્ધોપયોગ અને એનો હેતુ શુદ્ધપરિણતિ. એમ હોવા છતાં શુભોપયોગમાં પરંપરા કરીને, આરોપ કરીને, આરોપ કરીને કહ્યું છે. ઓલું યથાર્થ છે.

ચૈતન્યની શુદ્ધપરિણતિ ઓછી એ ઘણી શુદ્ધતાનું કારણ છે અને ઘણી શુદ્ધતા એ મોક્ષનું કારણ છે, એમ પરંપરામાં તો આ આવે. શુદ્ધોપયોગની પરિણતિરૂપ કારણ એ આવે પરંપરા, પણ એ પરંપરાનો આરોપ શુભોપયોગમાં નાખ્યો. આરોપ. સમજાણું કાંઈ? યથાર્થપણે તો આમ છે કે શુદ્ધ નિર્મળ વિશેષ ઉપયોગ તે મોક્ષનું કારણ અને શુદ્ધ વિશેષ નિર્મળ ઉપયોગનું એનાથી નીચે શુદ્ધપરિણતિ ઓછી એ કારણ. એથી મોક્ષનું પરંપરા કારણ તો શુદ્ધપરિણતિ

થઈ, પણ એનો આરોપ કરીને શુભમાં પરંપરા હેતુ કહ્યું છે. આરોપ કરીને કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમકે આત્માનું સમ્યગ્દર્શન એ શુદ્ધ ચૈતન્યના અવલંબે સમ્યગ્દર્શન થાય તે નિશ્ચયસમ્યગ્દર્શન છે અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ થાય એ વિકલ્પ એ વ્યવહારસમકિત. એ નિશ્ચયસમકિતનો ત્યાં આરોપ આપ્યો વ્યવહારમાં છે નહિ, પણ આરોપ આપ્યો. એમ શુદ્ધપરિણતિ એ શુદ્ધભાવનું કારણ અને શુદ્ધભાવ વિશેષ તે મોક્ષનું કારણ. એની પરંપરામાં તો શુદ્ધ પરિણતિ આવે. પણ એનો આરોપ શુભભાવમાં નાખ્યો કે શુભભાવ પરંપરાએ મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેટલા પડખા આમાં સમજવા? વાણિયાને તો વેપાર કરવામાં બહુ બુદ્ધિ ન જોવે લ્યો! સાધારણ એનું એ કર્યા આ વેચશું, ફલાણું, ઢીંકણું. આહા..હા..!

ભાઈ! અમારા પંડિતજીએ આ બધો ખુલાસો કર્યો. ફરીને. '**શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને...**' ઉપચારથી. યથાર્થ તો એ છે. યથાર્થ તો મોક્ષનું કારણ શુદ્ધોપયોગ અને એનું કારણ શુદ્ધપરિણતિ એ યથાર્થ છે. હવે એ યથાર્થનો આરોપ વ્યવહારમાં નાખ્યો. આહા..હા..! '**ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો...**' પરંપરા હેતુ તો શુદ્ધપરિણતિ થઈ, પણ અહીંયાં એનો આરોપ કરીને '**વ્યવહારવ્રતને મોક્ષનો હેતુ કહેલ છે. ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ (શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે...**' વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ છે. નામું વાંચવું કઠણ પડે એવું. આહા..હા..! '**અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે. આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરા હેતુપણાનો...**' શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ એ વિશેષ શુદ્ધનું કારણ અને વિશેષ શુદ્ધ તે મોક્ષનું કારણ. એ શુદ્ધપરિણતિ પરંપરા હેતુ થયો. એ યથાર્થ. એને શુભોપયોગમાં આરોપ કરીને કથન કર્યું. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! બધું યાદ રહેશે આ?

**શ્રોતા :-** ... યાદ ઘણું રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ઘણાં એમ કહે છેને કે એ શુભોપયોગ છે એ પરંપરા તો મોક્ષનો હેતુ છેને? એ અજ્ઞાનીનો નહિ, પણ જ્ઞાનીનો. પણ એ જ્ઞાનીને કઈ રીતે? કે એને પણ શુદ્ધ સ્વભાવ જે આશ્રયે પ્રગટ્યો છે એ જ વિશેષ શુદ્ધતાનું કારણ છે. જેમ છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધપરિણતિ સાતમાના શુદ્ધોપયોગનું કારણ છે અને શુદ્ધોપયોગ તે મોક્ષનું કારણ છે. એમ મોક્ષના કારણમાં એની શુદ્ધપરિણતિ તે પરંપરા થાય છે. એ પરંપરા વ્યવહારમાં આરોપ કરીને કહ્યું છે. ઓલું મૂળ ચીજ નથી ત્યાં આરોપ ક્યાંથી? આહા..હા..! કહો, કાનજીભાઈ! આહા..હા..!

'**મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલા...**' કોની સાથે? શુદ્ધપરિણતિની

સાથે '**શુભોપયોગમાં કરીને વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે છે.**' સમજાણું કાંઈ? રાગ એ કોઈ દિ' મોક્ષનો હેતુ હોઈ શકે જ નહિ. રાગ તો બંધનો હેતુ છે. અને મોક્ષ પરમાનંદની પ્રાપ્તિ વિશેષ શુદ્ધોપયોગથી થાય છે અને શુદ્ધોપયોગની પ્રાપ્તિ વિશેષ એ સામાન્ય શુદ્ધપરિણતિ જે છે ઓછી એનાથી થાય છે. એટલે મોક્ષના પરંપરા કારણમાં તો એની શુદ્ધપરિણતિ આવી, પણ એ શુદ્ધપરિણતિ સાથે રહેલો શુભોપયોશગ એનો આરોપ કરીને પરંપરા મોક્ષનો હેતુ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નામા પણ કઠણ. ભગવાનજીભાઈ!

**શ્રોતા :–** વચ્ચે વ્યવહાર આવો હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોય એને આરોપ કરીને કથન કરવામાં આવ્યું (કે) એ મોક્ષનું પરંપરા કારણ છે. પરંપરા કારણ તો શુદ્ધપરિણતિ છે. વીતરાગી દશા સમ્યગ્દર્શન-જ્ઞાન એ પરિણતિ એ વિશેષ શુદ્ધતાનું કારણ અને વિશેષ શુદ્ધતા મોક્ષનું કારણ, પણ એ વિશેષ શુદ્ધતા જે પહેલા નંબરની કીધી એની સાથે રહેલો શુભોપયોગ એને આરોપ કરીને પરંપરા હેતુ કર્યો. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

**શ્રોતા :–** શુદ્ધપરિણતિ સહચારી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઓલી સહચારી છે. જેમ સમ્યગ્દર્શન નિશ્ચયની સાથે વ્યવહાર રાગનો સહચારી છે એ વ્યવહારસમકિત કહ્યું, એ ખરેખર છે નહિ. આહા..હા..!

'**જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય...**' લ્યો! જ્યાં આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામ્યો જ ન હોય અને એકલા... આહા..હા..! '**ત્યાં વર્તતા શુભોપયોગમાં...**' એને જે શુભવિકલ્પ હોય એ '**મોક્ષના પરંપરા હેતુપણાનો આરોપ પણ કરી શકાતો નથી,...**' એને તો અહીં પરંપરા, અહીં પરંપરા શુદ્ધપરિણતિ જ પ્રગટી નથી એને શુભરાગમાં વ્યવહારે આરોપ કરીને કહી શકાતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, રતિભાઈ! આવો માર્ગ છે. '**કેમકે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરા હેતુ પ્રગટ્યો જ નથી—**' શું કીધું એ જોયું? મોક્ષનો યથાર્થ પરંપરા હેતુ. યથાર્થ પરંપરા હેતુ કોણ? શુદ્ધપરિણતિ. શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ, નિર્વિકલ્પ દશા એ આત્માને અવલંબને થતી નિર્વિકલ્પદશા એ જ્યાં પરંપરા હેતુ જે મોક્ષનો છે એ નથી તો આને વ્યવહારે પરંપરા હેતુ વ્યવહારનો આરોપ પણ આપી શકાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ! ઓલું તો સીધું સટ હતું લ્યો. તસ્સ ઉતરી કરેણં તાવકાંય ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણ. અને ઓલું એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વહિયા.. સહેલુંસટ હતું. ધૂળેય ધર્મ નથી ત્યાં સાંભળને. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ વીતરાગનો, વીતરાગભાવે પ્રગટ થાય છે અને એ વીતરાગભાવ દ્રવ્ય અને સ્વભાવ ત્રિકાળને અવલંબે પ્રગટે છે. અને એ વીતરાગભાવની અપૂર્ણતા પૂર્ણ વીતરાગભાવનું કારણ છે. પૂર્ણ વીતરાગભાવ મોક્ષનું કારણ

છે. તો પૂર્ણ મોક્ષનું કારણ પરંપરાએ શુદ્ધ વીતરાગભાઈ આવ્યો થોડો. એની સાથે રહેલા શુભભાવને આરોપ કરીને વ્યવહારે પરંપરા હેતુ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

હજી તો જેને સમ્યગ્જ્ઞાન શું કહેવું અને સમ્યગ્દર્શન શું એની ખબર ન મળે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જેના સાચા નથી, આહા..હા..! એને તો... આહા..હા..! એને તો વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા નથી, એને નિશ્ચયશ્રદ્ધા ક્યાંથી અને એને વ્રત અને ચારિત્ર ક્યાંથી? આહા..હા..! માર્ગ બહુ, બાપુ!

**શ્રોતા :-** પણ એના શાસ્ત્રમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યું છે શાસ્ત્ર તો કલ્પિત લખ્યું છે બધું. આહા..હા..! પંચમહાવ્રત નિર્જરાના કારણ લખ્યા છે એમાં. માર્ગ એ નથી, બાપુ! આહા..હા..!

અહીંયાં તો મોક્ષ એ પૂર્ણ પરમાત્મદશાની પૂર્ણ વીતરાગદશા. એનું કારણ પણ વીતરાગદશા જ હોય અને એનાથી કારણરૂપે અને એનાથી કારણરૂપે ઓછી વીતરાગદશા એનું કારણ હોય. ખરેખર તો પૂર્ણ વીતરાગદશાનું કારણ તો એ કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કારણપરમાત્મા કોણ સાંભળ્યું ન હોય લ્યો! આહા..હા..! અહીં તો કારણપરમાત્માને જ જેનો સ્વીકાર થાય ત્યારે એને કારણપરમાત્મા કહેવાયને? છે તો ખરો. ભગવાન અનંત આનંદનો કંદ પ્રભુ છે, પણ જેણે સ્વીકાર કર્યો સમ્યગ્દર્શનમાં એને એ છે. નથી સ્વીકાર કર્યો એને માટે ક્યાં છે? એને તો રાગ અને અલ્પજ્ઞ તે છે. આહા..હા..! શાંતિભાઈ! લ્યો, શાંતિભાઈ આપણે સાધુ થવાના હતા. રહી ગયા ભાગ્યશાળીથી. દિગંબર સાધુ થવાના હતા નગ્ન. બૈરા-છોકરા છે, પૈસા છે. અરે! હજી ભાન વિના સાધુ શેના પણ? શું કીધું એ?

**શ્રોતા :-** બે પ્રકારના સાધુ ન હોય? એક ભાનવાળા અને એક વગરભાનવાળા? અનેકાંત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ખોટો રૂપિયો ચાલે? જડી દે છે. આ શાહુકાર સારા હોયને એ ખોટો રૂપિયો ત્યાંથી ચાલવા ન દે. એ ઓલામાં જડીદે. શું કહેવાય સમજ્યાને? ઉંબરામાં. ખીલી મારીને જડી દે. ચાલવા ન દે. અમારી શાહુકારની દુકાનથી ખોટો અહીં આવ્યો એ ચાલવા ન દે. સમજાણું કાંઈ? એમ વીતરાગમાર્ગની દુકાને ખોટું આવે એને જડ દે. ખોટો છો. ચાલવા ન દે, તારો માર્ગ નથી. લાલજીભાઈ! પહેલું એવું કરતા હોં! શાહુકાર હોય એ ચાલવા ન દે. ક્યાંથી રૂપિયો આવ્યો? ખોટો છે. રૂપિયામાં તો ખતવાશે નહિ, પણ તને દેવાશે પણ નહિ હવે. હવે તું બીજા નાખ. એમ ભગવાન ત્રિલોકનાથ કહે છે, સત્ય સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાન વિના.. સમજાણું કાંઈ? શુભભાવમાં ધર્મ મનાવીને ખોટા માર્ગ ચલાવે છે એને અમે જડી દઈએ છીએ અહીં. ખોટો છો. ચાલવા ન દે, માર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીપાલજી! આવો માર્ગ છે. આહા..હા..!

એ આવે છેને. મોક્ષમાર્ગમાં. એમ કે કોઈ ખોટો માર્ગ નીકળ્યો હોય, પણ એના સાધનાર નિષેધ કરીને પણ કાઢી નાખે. લાંબુ ચાલવા ન દે. લખ્યું છે આમાં. લાંબુ ચાલવા ન દે.

એમ કહે. કાઢી નાખે. નહિ, વીતરાગમાર્ગની આ રીત નથી. ખોટું કોઈ ચલાવવા જાય, પણ સાચા નીકળે તે એને ચાલવા દે નહિ. એવું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલે બહુ નાખ્યું છે ઘણું. તોપણ અધૂરું રહી ગયું. નહિતર તો બહુ જબ્બર મારો. જૈનદર્શનની રીતને સિદ્ધ કરવાની ક્ષયોપશમદશા પણ જબરી. માલ હોય તો કોથળાને કોથળા ભેગો તોળાય, પણ માલ વિના કોથળો કોને તોળવો? ચાર મણ અને અઢીશેર. તો હોય તો અઢી શેર ઓલો કોથળો અને ચાર મણ ચોખા, પણ માલ હોય તો સાથે ભેગો કહેવાય. એમ અંદર શુદ્ધ ચૈતન્યની પરિણતિ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ હોય તો શુભયોગનો માલ નથી એ આરોપ છે કોથળો ખાલી છે. પણ એને ભેગો કહેવાય પરંપરા હેતુ. આહા..હા..! આ તો હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે. આ કોને કહેવું સમ્યગ્દર્શન? દેવ-ગુરુ-શાસ્ત્રને માનો સમ્યગ્દર્શન છે. આ ચાલ્યા રખડવા. સમજાણું કાંઈ? જેને ત્રણલોકનો નાથ ભગવાનનું આલંબન આવ્યું નથી. આ એનો આશ્રય જેને અંતરમાં પ્રગટ્યો નથી એવા બધા શુભભાવમાં ક્રિયાકાંડમાં પડ્યા હોય બધા મિથ્યાદૃષ્ટિ રખડનારા છે. ચાર ગતિમાં રખડનારા છે. આહા..હા..!

'**જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ પ્રગટ્યો જ નથી—**' શુદ્ધપરિણતિ. '**વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો?**' આહા..હા..! બહુ સરસ કર્યું પંડિતજીએ.

'**એવી રીતે (શ્રીમદ્‌ભકવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં** (૨૦૮મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—'

''मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।''

ધર્માત્મા મુનિરાજ અથવા જ્ઞાની વિચારે છે. પરદ્રવ્ય મારો હોય. જો એ દયા, દાનનો વિકલ્પ અને કપડું કે શરીર મારું હોય. આહા..હા..! '**તો હું અજીવપણાને પામું.**' જુઓ એ. આહા..હા..! હું તો ચૈતન્ય જ્ઞાયકભાવના સ્વભાવથી ભરેલો પ્રભુ છું. આ આત્મા ચૈતન્યરસવાળો એ દયા, દાનના વિકલ્પવાળો થાય 'એ વિકલ્પ મારો છે' એમ માને એ પરિગ્રહ પક્કડ થાય. શરીર મારું માને, વાણી મારી માને, તો તો એ જીવ ફીટીને અજીવ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય...**' રાગનો વિકલ્પ જે વ્રતનો છે એ પણ જો મારો હોય અને વ્રતની ક્રિયામાં નિમિત્તરૂપે દેહની ક્રિયા એવી આમ થતી હોય હિંસા ને જતના એ ક્રિયા મારી હોય. આહા..હા..! '**તો હું અજીવપણાને પામું.**' ભાષા જુઓ, ઓહોહો..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ પરિગ્રહ છે. એ મારો હોય અને આ શરીરની ક્રિયા બરાબર એવી જોઈને ચાલે, આમ થાય, બોલાય સરખું. એ મારી હોય તો હું અજીવ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જો પરદ્રવ્ય...**' ભગવાનઆત્મા આનંદકંદ પ્રભુ દ્રવ્ય એ સિવાય પરવસ્તુ જે રાગાદિ એ જો મારો હોય તો હું અજીવપણાને પામું. '**હું તો જ્ઞાતા જ છું...**' આહા..હા..! જુઓ,

ભાષા! જાણનાર ચૈતન્ય રસકંદ જ્ઞાતા છું. એ રાગ પણ નહિ, અરે! અલ્પજ્ઞપણું એ હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્ણય કરે છે અલ્પજ્ઞપણું હું તો જ્ઞાતા છું. જગતની ચીજ તેને પરજ્ઞેય તરીકે જાણનાર છું. રાગાદિની ચીજ મારી તરીકે હું માનનાર નથી. મારી તરીકે માનું તો હું અજીવ થઈ જાવ. આહા..હા..! **'તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.'** તેથી તે રાગાદિ, શરીરાદિની ક્રિયા એ મારી નથી. આહા..હા..! કેમકે એ તો બધી અજીવની ક્રિયા છે, રાગની અને શરીરની. એ મારી હોય તો હું જીવનો અજીવ થઈ જાવ. માટે હું તો જ્ઞાતા છું. પરિગ્રહ મારો છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૪, બુધવાર, તા. ૦૪-૦૨-૧૯૭૬, ગાથા-૬૧, કળશ-૮૦, પ્રવચન નં. ૧૭૦

નિયમસાર, ૬૦ ગાથા, એનો કળશ છે ૮૦-૮૦.

(हरिणी)

त्यजतु भवभीरुत्वाद्भव्यः परिग्रहविग्रहं
निरुपमसुखावासप्राप्त्यै करोतु निजात्मनि।
स्थितिमविचलां शर्माकारां जगज्जनदुर्लभां
न च भवति महच्चित्रं चित्रं सतामसतामिदम्।।८०।।

પરિગ્રહરહિતની વ્યાખ્યા છે આ. મુનિને પાંચમું મહાવ્રત હોય છે, એમાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહનો ત્યાગ હોય છે. એનો વિકલ્પ હોય છે એ વ્યવહારવ્રત કહેવામાં આવે છે. પણ એને પ્રથમ આત્મા સ્વરૂપે આનંદ છે એનો અનુભવ પ્રથમ થયો હોય એ જીવને પછી ચારિત્ર સ્વરૂપની રમણતા હોય અને એ જીવને પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી પંચમહાવ્રતનો અપરિગ્રહનો વિકલ્પ હોય. સમજાય છે કાંઈ? અહીંયાં ઈ કહે છે. પહેલા આવી ગયું માથે કે રાગાદિ જો પરિગ્રહ મારો હોય તો હું અજીવ થઈ જાવ. આહા..હા..! સમ્યગ્દર્શનમાં જ એ ભાન થાય છે. એ વિકલ્પ જે છે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ રાગ છે, ઈ પરિગ્રહ છે. એ જો મારું થાય તો ધર્મી જાણે છે કે હું તો અજીવ થઈ જાવ. એ તો અજીવ છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ!

ભગવાન આત્મા એ વિકલ્પ રાગની વૃત્તિ વિનાની ચીજ છે એ તો જ્ઞાયકમૂર્તિ ઉપયોગ જ્ઞાનઘન છે. એવી જેને અંતર દૃષ્ટિના વિષયમાં આત્મા આનંદસ્વરૂપ છે એવો અનુભવ થઈને

પ્રતીત, શ્રદ્ધા થઈ છે. આહા..હા..! એને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર હોય છે એને આ પરિગ્રહના ત્યાગનો વિકલ્પ પાંચમા મહાવ્રતનો હોય છે. આહા..હા..!

**શ્રોતા :-** એટલી શરતો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આટલી શરતો છે. આહા..હા..! એ માથે કહેવાઈ ગયું છે. સમયસારની ગાથા છે. હું તો જ્ઞાયક ચિદાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ છું. પ્રભુ છું એટલે હું ઈશ્વરસ્વરૂપ છું. આહા..હા..! મારો સ્વભાવ આનંદ અને જ્ઞાન એની ઈશ્વરતાથી હું મોટો પ્રભુ છું. આહા..હા..! એવું સમ્યગ્દૃષ્ટિને પ્રથમ સમ્યગ્દર્શનમાં ભાસ થાય છે અનુભવ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! તો પછી કહે છે કે રાગનો વિકલ્પ જે ઉઠે, શુભરાગ મહાવ્રતનો. એ પણ વિકાર અને પરિગ્રહ છે. આહા..હા..! એ જો મારો માનું તો ઈ તો રાગ તો અચેતન છે. હું તો જ્ઞાયકભાવ ઉપયોગસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છું. જો એ રાગ મારો માનું તો હું અચેતન, અજીવ થઈ જાવ. આહા..હા..! પોપટભાઈ! કહો હવે આ પૈસા-બૈસાની તમારી ધૂળની (વાતો) તો ક્યાંય બહાર રહી ગઈ. દૂર? દૂર રહી ગઈ. આહા..હા..! ઓહો..હો..!

કહે છે, એ હું તો જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવી અતીન્દ્રિય આનંદની મૂર્તિ તે હું આત્મા છું. એમ સમ્યગ્દર્શનમાં પ્રથમ ભાન થઈને પ્રતીત થાય છે. ત્યારે ઈ એમ માને છે કે આ રાગનો વિકલ્પ જે ઉઠે પંચમહાવ્રતનો આહા..હા..! એ પણ મારો છે એમ જો હું માનું અને જાણું તો જ્ઞાનસ્વરૂપ ચેતન તે અચેતન થઈ જાય છે. આહા..હા..! કહો, આવો માર્ગ ભગવાનનો, ભાઈ! તેથી એ પરિગ્રહ રાગાદિ વિકલ્પ એ દયા, દાન, વ્રતનો પણ વિકલ્પ એ મારું સ્વરૂપ નથી. આહા..હા..! પંચમહાવ્રતનો જે પાંચમા મહાવ્રતનો જે વિકલ્પ છે, રાગ છે ઈ. આહા..હા..! એ પણ મારો નથી. મારામાં નથી, હું એ રાગનો નથી. આહા..હા..! આવો માર્ગ ભગવાનનો છે, ભાઈ! જિનેશ્વરદેવ વીતરાગ ત્રિલોકનાથ એમ ફરમાવે છે એ સંતો ફરમાવે છે. આહા..હા..!

હવે ગાથા ૮૦નો કળશ આવ્યો નીચે. '**ભવ્યજીવ...**' અહીંથી ઉપાડ્યું છે. જે આત્માના આનંદને પ્રાપ્ત કરવાને ભવ્ય નામ લાયક છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે જે લાયક છે. અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થવી પર્યાયમાં એનું નામ ધર્મ છે. આહા..હા..! તો કહે છે કે '**ભવ્યજીવ ભવભીરુપણાને લીધે...**' આહા..હા..! ભાષા શું લીધી છે? કે એ જે પરિગ્રહનો, વ્રતનો વિકલ્પ છે એ પણ ભવનું કારણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ વાત જગતને બેસવી, રુચવી કઠણ પડે. એકકોર પંચમહાવ્રતના પરિણામ કહે છે કે એ રાગ છે, આસ્રવ છે, ભાવબંધ છે, દુઃખ છે, ઝેર છે. આહા..હા..! પ્રભુ આત્મા અમૃતનો સાગર છે, અતીન્દ્રિય આનંદનું ઘર-સ્થાન છે આત્મા. એવા આત્માથી જેને અનુભવ દૃષ્ટિ થઈ છે, એ જીવ આગળ વધીને ભવભીરુપણાને લીધે. અરે! ભવ ન હો... ભવ ન હો... એ શુભભાવ પણ ભવનું કારણ છે. આહા..હા..! પંચમહાવ્રતનો વિકલ્પ એ પણ ભવનું કારણ છે. આહા..હા..! અહીં લોકો એને ધર્મ માને છે. આહા..હા..!

ભગવાન! ભાઈ! તે તારી ચીજની મહત્તા કેટલી છે એ તે ટાંકી નથી. અને તે રાગાદિની ક્રિયાને મહત્તા આપી છે (કે) જેની મહત્તા નથી, પણ જે ભવનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ભવ્યજીવ ભવભીરુપણાને લીધે...**' આહા..હા..! ભવથી ભય છે એને. ભવ થવો એ દુઃખનું કારણ છે. ભવ થવો એ કલંક છે. આહા..હા..! ભગવાન આત્માને ભવરહિત એવો ભગવાન, ભવ અને ભવના ભાવરહિત એવો ભગવાન પોતે. એને ભવ થવો એ કલંક છે. સમજાણું કાંઈ? એથી ધર્માત્મા ભવભીરુપણાને લીધે. આહા..હા..! '**પરિગ્રહવિસ્તારને છોડો...**' '**विग्रहं**' '**विग्रहं**'નો અર્થ કર્યોને? વિસ્તાર. ઠીક. રાગાદિ પરિગ્રહ છે એને છોડો. આહા..હા..! પરપરિગ્રહ તો એમાં છે જ નહિ. પરના ગ્રહણ-ત્યાગનો તો આત્મામાં સ્વભાવ જ નથી. ગ્રહણ ઉપાદાન ગ્રહણ, પરને ગ્રહવું અને છોડવું એથી તો આત્મા અનાદિ શૂન્ય છે. સમજાય છે કાંઈ? પરપદાર્થને ગ્રહવું કે છોડવું એ તો સ્વરૂપમાં છે નહિ. ફક્ત રાગ જે છે એને જે અસ્થિરતામાં આવ્યો છે એ પરિગ્રહ છે એને સ્વભાવની દૃષ્ટિ, સ્થિરતા કરીને છોડ. આહા..હા..! એ પણ ઉપદેશમાં તો એ જ આવેને.

'**પરિગ્રહવિસ્તારને છોડો...**' આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ સંસારનું કારણ છે. પાપના ભાવ તો સંસારનું કારણ છે એ તો સ્થૂળ છે. આહા..હા..! પણ એ શુભભાવ એ પોતે સંસારમાં દાખલ કરે. છેને પુણ્ય-પાપના અધિકારમાં? જે પુણ્યભાવ પણ કુશીલ છે. આહા..હા..! ભગવાન આનંદના નાથના સ્વભાવથી એ વિરુદ્ધભાવ છે. એવા ભાવના વિસ્તારને છોડો. આહા..હા..! '**અને નિરુપમ સુખના આવાસની પ્રાપ્તિ અર્થે...**' આહા..હા..! નિરુપમ આનંદનું ઘર, જેને ઉપમા નથી એવા આનંદનું ઘર એવો આ ભગવાન આત્મા. આહા..હા..! જેના સુખની ઉપમા નથી એવા નિરુપમ આનંદનું રહેઠાણ પ્રભુ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિવાસસ્થાન ભગવાન આત્મા, ઉપમા વિનાના અતીન્દ્રિય આનંદનું ઘર તે આત્મા આ નિજઘર. આહા..હા..! 'અબ હમ કબહુ ન નિજઘર આયે' આવે છે? 'પર ઘર ભમત અનેક નામ ધરાયે.' હું દયાવંત, હું પુણ્યવંત, હું પાપી, હું પુરુષ, હું સ્ત્રી, હું મનુષ્ય, હું દેવ એવા નામ પર ઘરના અનેક ધરાવ્યા, પણ 'નિજઘર કબહુ ન આયે.' મારું ઘર આનંદનું ઘર અતીન્દ્રિય ધામ મારું છે. આહા..હા..! પ્રભુ મારા અતીન્દ્રિય આનંદના સ્થાનવાળો છે. આહા..હા..! ભગવાન નહિ, ભગવાન પર રહી ગયા. આહા..હા..! 'હમ તો કબહુ ન નિજઘર આયે.' જુઓને, નિરુપમ સુખનું ઘર આત્મા છે. કહો, આ બંગલા-બંગલા બધા સુખના ઘર નથી, એમ કહે છે. એય..! પોપટભાઈ!

**શ્રોતા :-** .. વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના પાડે. વ્યવહાર એ દુઃખનું નિમિત્ત છે. આહા..હા..! પરદ્રવ્યનો આશ્રય તે દુઃખનું નિમિત્ત છે. પરદ્રવ્ય દુઃખનું નિમિત્ત છે. દુઃખ નહિ, દુઃખ તો ભાવ. એનું પરદ્રવ્ય શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આ પૈસા ધૂળ એ બધા દુઃખના નિમિત્ત

છે. આહા..હા..! આનંદનું ઘર તો ભગવાન આ આત્મા છે અંદર. આહા..હા..! અરે! એણે કોઈ દિ' નિજાનંદના નાથને કોઈ દિ' જોયો નહિ. આહા..હા..! અને ક્રિયાકાંડમાં રોકાઈને આત્મા ભૂલી ગયો. આ વ્રત પાળ્યા છે અને તપસ્યાઓ કરી છે અને આ કરીને... એ રાગની ક્રિયાઓ કરી. આહા..હા..!

**શ્રોતા :–** શાસ્ત્રનું વાંચવું એ રાગની ક્રિયા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, રાગ છે. સાંભળવું એ પણ રાગ છે. વસ્તુ તો વીતરાગ માર્ગ છે એ રહેશે. આ તો જિનેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમેશ્વરે ત્રણકાળ, ત્રણલોક જોયા એની વાણી નીકળી એ આ શાસ્ત્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ મુનિ, આ એની ટીકા છે. દિગંબર મુનિ નવસો વર્ષ પહેલાં. કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાન (પછી અત્યારથી) બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં. આહા..હા..! એ ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં અત્યારે. ત્યાં ગયા હતા. મહાવિદેર ક્ષેત્ર છે જમીન ઉપર. ભગવાન બિરાજે છે સીમંધર ભગવાન પાંચસો ધનુષનો દેહ છે. એટલે બે હજાર હાથ ઉંચા. કરોડપૂર્વનું આયુષ્ય છે. એટલે કે એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા કરોડપૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. આહા..હા..! એવી મોજુદગી ભગવાનની, હયાતી ત્યાં ન અવતર્યો અને અવતર્યો ભરતમાં જઈને. આહા..હા..!

**શ્રોતા :–** ભરત પણ આર્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આર્યક્ષેત્ર છે, પણ કાંઈ ત્રિલોકનાથ જ્યાં બિરાજે છે... આહા..હા..! સમજાણું કાંઈ? એમની પાસે કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત બે હજાર વર્ષ પહેલાં સંવત્ ૪૯માં ત્યાં ગયા હતા. એ આ કુંદકુંદાચાર્ય વચમાં. આહા..હા..! ત્યાં આવીને આ શાસ્ત્ર રચ્યા. એમાં આ નિયમસાર માટે તો એમ કહે છે પ્રભુ પોતે. કુંદકુંદાચાર્ય દિગંબર. મેં મારી ભાવના માટે આ બનાવ્યું છે. છેલ્લી ગાથા છેને? આહા..હા..! મેં મારા આનંદની અંદર લહેરમાં રમું એ માટે બનાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભવભીરુ...'** ભવ્યજીવ. આહા..હા..! ભવના જેને બીક-ડર લાગ્યો છે ભવનો આહા..હા..! એવો ભવ્યજીવ. પરિગ્રહ એટલે વિકલ્પ અને રાગાદિનો વિસ્તાર છે એને છોડ. આહા..હા..! નિર્વિકલ્પ આનંદનું ઘર ભગવાન આત્મા એવા નિરુપમ સુખના આવાસ, ઉપમા વિનાનો આનંદ જેનો અતીન્દ્રિય ભગવાન આત્મામાં. આહા..હા..! એનું સ્થાન આત્મા. એ અતીન્દ્રિય સુખનું ઘર આત્મા, અતીન્દ્રિય આનંદનું રહેઠાણ-રહેઠાણ, રહેવાયોગ્ય આત્મા અને અતીન્દ્રિય આનંદનું આયતન-સ્થાન એ આત્મા. આહા..હા..! ભાઈ! ત્યાં જાને. ત્યાં આનંદ છે. આહા..હા..! એમ કહે છે. પરિગ્રહ છેને? આ બહાર ક્યાં ભટકે છો? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માખણની વાતું છે, ભાઈ! જિનેન્દ્રદેવ પરમેશ્વર એના માખણ તત્ત્વ છે. માખણ સમજો છો? મખ્ખન. આહા..હા..!

અરે! પ્રભુ! જે ભવ્યજીવ છે તે ભવભીરૂથી, ભવના ભયથી ડરતો થકો. આહા..હા..! જો વિકલ્પ થશે તો સંસાર થશે. આહા..હા..! સમજાણું કાંઈ? શુભભાવ પણ સંસારને દાખલ કરે એવો ભાવ છે. આહા..હા..! એ ભવને આપે. ભવના અભાવને એ ન આપે. આહા..હા..! એથી નિરુપમ આનંદનું સ્થાન જે ભવના અભાવનું કારણ છે એની પ્રાપ્તિ અર્થે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ આત્માનો સ્વભાવ છે. ભાઈ! ભગવાન તો અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? શક્કરકંદી-શક્કરકંદ. ઉપરની લાલ છાલ છે થોડી, બાકી અંદરમાં આખો માલ, સાકરની મીઠાશથી ભરેલો કંદ છે. શક્કરકંદ, શક્કરકંદી છેને? આહા..હા..! એ ઉપરની છાલ જરી છે લાલ એને છોડી દ્યો તો અંદરનો માલ તો એકલો આનંદનો મીઠાશનો કંદ છે. આહા..હા..! અહીંયાં કહે છે કે શુભ અને અશુભ વિકલ્પની છાલ લક્ષમાંથી છોડી દે. શુભ અને અશુભરાગ હોં, પુણ્ય અને પાપના વિકલ્પ એ છાલ છે. આહા..હા..! છિલકા. એને છોડી દે તો અંદર અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. આહા..હા..! એની પ્રાપ્તિને અર્થે. અતીન્દ્રિય આનંદનું ઘર, અતીન્દ્રિય આનંદનું સ્થાન-આયતન, અતીન્દ્રિય આનંદનું નિવાસસ્થાન, અતીન્દ્રિય આનંદનું રહેઠાણ. આહા..હા..!

એની પ્રાપ્તિને અર્થે. '**નિજ આત્મામાં અવિચળ, સુખાકાર...**' આહા..હા..! કળશ તે કળશ છેને. નિજ આત્મા-પોતાનો આત્મા ભગવાન. જેમાં નિરુપમ, અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહા..હા..! એવા '**નિજ આત્મામાં અવિચળ,...**' ચળે નહિ એ રીતે. '**સુખાકાર (સુખમયી)...**' આહા..હા..! સ્થિતિને કરો એમ છે. એવી અવિચળ આત્મામાં ન ચળે એવી સુખમયી જગતજતુંને, '**જગતજનોને દુર્લભ...**' આહા..હા..! રાગના રસીલાને ભગવાન આત્મા મળવો દુર્લભ. આહા..હા..! રાગના પ્રેમીઓને, જગતના જીવોને. આહા..હા..! પરિગ્રહની વ્યાખ્યા છેને. આહા..હા..! તો એક શુભરાગ છે પણ એનો જેને પ્રેમ છે. એવા જગતના જંતુને-જીવને. આહા..હા..! સ્વરૂપમાં સ્થિતિ થવી એ દુર્લભ છે. આહા..હા..! કારણ કે રાગની રમતમાં પડ્યો છે. આહા..હા..! ચાહે તો એ વ્રતનો વિકલ્પ હોય, દયા, દાનનો, પૂજા, ભક્તિ, એ બધો વિકલ્પ અને રાગ છે. એ રાગની રમતમાં પડેલા જગતના જંતુને રાગ વિનાનું નિરુપમ આનંદઘન અવિચળ પામવું એ મુશ્કેલ છે, દુર્લભ છે. આહા..હા..! કહો, આવું છે, ભગવાનજીભાઈ! પૈસા-બૈસા ધૂળ તો ક્યાંય સાધારણ મળી જાય છે. બે કરોડ ને પાંચ કરોડ ને ધૂળ કરોડને. આહા..હા..!

**શ્રોતા :-** બીજા ..માં

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા ..માં અજ્ઞાનમાં કિંમત છે એની. અજ્ઞાનીઓને એની કિંમત છે. મૂઢ જીવોને પરિગ્રહની કિંમત છે. એય..! ઝવેરભાઈ! ધર્મીને આત્માનું નિજાનંદ ઘર તેની કિંમત છે એને. આહા..હા..! અનાકુળ નિજાનંદનું સ્થાન પ્રભુ એની પ્રાપ્તિ માટે. આહા..હા..!

'**જગતજનોને દુર્લભ એવી...**' '**નિજ આત્મામાં અવિચળ,...**' સ્થિતિ સુખમયી.

આહા..હા..! એની '(**સ્થિરતા) કરો.**' આહા..હા..! પરિગ્રહની સામે છેને આ? આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ એ સુખનો સાગર. આહા..હા..! '**અવિચળ, સુખાકાર (સુખમયી)...**' એવી નિજ આત્મામાં સ્થિત કર. સ્થિતિ કેવી છે એ? કે અવિચળ સુખાકાર સ્થિતિ છે ઈ. આહા..હા..! ચારિત્ર છેને આ? આત્માના આનંદમાં અવિચળ સ્થિતિ, સુખમયી સ્થિતિ છે. એ સુખમયી સ્થિતિ કરો. આહા..હા..! ઓહો..હો..! દિગંબર સંતોએ જગતને સત્ય જાહેર કરીને ઢંઢેરા પીટ્યા છે. એ તો મુનિ હતા હોં. આચાર્ય નહોતા. અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્ય આચાર્ય હતા. દિગંબર આચાર્યો. આ મુનિ હતા. આમ કહે છે જુઓ, આહા..હા..!

ભાઈ! '**જગતજનોને દુર્લભ...**' એટલે? સ્વભાવથી વિરુદ્ધ એવો જે રાગ પુણ્યનો હો કે પાપનો હો એના પ્રેમી જીવોને '**નિજ આત્મામાં અવિચળ, સુખમયી...**' સ્થિતિ કરવી દુર્લભ છે. આહા..હા..! પણ તે સ્થિતિ કરો. જગતજનોને દુર્લભ પણ તમે તો (સ્થિતિ) કરો, કહે છે. આહા..હા..! '**અને આ (નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય)...**' આહા..હા..! '**महच्चित्रं चित्रं सतामसतामिदम्।**' શું કહે છે? '**સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી,...**' આહા..હા..! જેણે આત્મા આનંદનો નાથ જેણે જાણ્યો છે. એવા સત્પુરુષો. આહા..હા..! સત્‌ને જેણે જાણ્યું એવા સત્પુરુષો. અનાકુળ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ સત્ છે... સત્ છે... સત્ છે... એણે જેણે જાણ્યા એને સત્પુરુષ કહે છે. આહા..હા..! રાગ ને પુણ્યને પોતાના માનીને પડ્યા છે એ અસત્પુરુષો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે! ભગવાન આનંદના નાથની પ્રાપ્તિને માટે એમાં અવિચળ સ્થિતિ જગતને દુર્લભ એવી કરો. કેમકે સત્પુરુષોને તો સુલભ છે, કહે છે. આહા..હા..! જેણે અતીન્દ્રિય આનંદના નાથને જોયો છે, જ્ઞાનમાં જોયો છે, શ્રદ્ધામાં લીધો છે, આહા..હા..! એવા સત્પુરુષો. ઓહો..! વ્યાખ્યા તો જુઓ, પુણ્ય અને પાપાદિ અસત્ છે. એની પ્રીતિવાળા તો અસત્પુરુષો છે. આહા..હા..! મુનિરાજના શ્લોક તો જુઓ, દિગંબર સંત છે, વનવાસમાં રહેતા હતા. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આ બધા શેઠિયા રહ્યા સ્થાનકવાસીના લ્યો આ ..ભાઈ, ઝવેરભાઈ, આ દેરાવાસીમાં. આ સ્થાનકવાસીમાં. હતા આ તો પૂર્વમાં. પણ આ વાત ભાઈ ક્યાંય નથી. આહા..હા..! દિગંબર સંતો સિવાય આ માર્ગ ક્યાંય નથી. આહા..હા..! જેણે માર્ગને પામ્યા એ માર્ગને બતાવી રહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી,...**' આહા..હા..! સત્ એવો જે આનંદનો નાથ ભગવાન જેને પ્રાપ્ત થયો છે એને સત્પુરુષ કહીએ. આ કેમ લીધું છે? કે આ લક્ષ્મી આદિ પ્રાપ્ત થાય એ તો બધા સંસારી પ્રાણી અજ્ઞાનીને પણ થાય છે. એ કાંઈ

વસ્તુ નથી. એ તો અસત્પુરુષો છે. આહા..હા..! આ અબજોપતિ અને કરોડોપતિ બધા ભિખારી અસત્પુરુષો છે, કહે છે. અસત્‌ને પોતાનો માનનારા અને સત્‌ને ભૂલી જનારા. આહા..હા..! કેટલું સંકેલ્યું છે! સત્પુરુષ તો એને કહીએ કે જે શાશ્વત આનંદનો નાથ ભગવાન શાશ્વત સત્ છે, એની જેને પ્રાપ્તિ દૃષ્ટિમાં થઈ છે, ઈ જેણે પ્રાપ્ત કર્યો છે, આહા..હા..! એ સત્પુરુષ કહીએ. સમજાણું કાંઈ? આ અબજો રૂપિયા થયા અને ધૂળ થઈ મોટી માટે મહાપુરુષ છે. ધૂળમાંય નથી કહે છે સાંભળને. આહા..હા..!

**શ્રોતા :-** રાજ સત્તા હોય એ તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાજ સત્તા ધૂળની સત્તા છે, અસત્ છે. અસત્‌ના માનનારા પુરુષો અસત્ છે. એ કાયમની ચીજ, ટકનારી ચીજ નથી ભગવાન આત્માની પેઠે. એ નાશવાન બધી ચીજ છે. આહા..હા..! અહીં તો પર્યાય નાશવાન છે. એની પણ જેને પ્રીતિ ઉડી ગઈ અને ત્રિકાળી અવિનાશીની રુચિ થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હે સત્પુરુષો! આહા..હા..! મુનિરાજના સંબોધન તો જુઓ, ભગવાન! તને કાંઈ મહાઆશ્ચર્યની વાત નથી. તને તો સત્ વસ્તુ છે એ પ્રાપ્ત છે. અને એમાં ઠરવું એ તારે માટે કાંઈ... આહા..હા..! જે રાગના પ્રેમમાં પડ્યા એણે આ વસ્તુ જોઈ નથી, જાણી નથી, માની નથી. એને ઠરવું ક્યાંથી હોય એમ કહે છે. એને ચારિત્ર ક્યાંથી હોય! એમ કહે છે. પણ જેણે રાગથી ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, એની જેને જ્ઞાનમાં ભાન થઈને જ્ઞેય કરીને પ્રતીતિ કરી છે એણે સમ્યગ્દર્શનમાં આત્માને પ્રાપ્ત કર્યો છે, એને એમાં ઠરવું સહેલું છે. ઠરવું ચારિત્ર. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો મુનિરાજ દિગંબર સંત છે. છઠ્ઠે ગુણસ્થાને બિરાજે છે. વિકલ્પ આવ્યો છે અને આ ટીકા થાય છે. આહા..હા..! છતાં કહે છે કે એ વિકલ્પ આવ્યો છે એ સંસાર છે. આહા..હા..! આ સ્વરૂપમાં ઠરવું એ સત્પુરુષને સહેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ ચરણાનુયોગનો અધિકાર ચાલે છે. એમાં આ વાત નાખી છે. વ્યવહાર ચારિત્ર છેને?

**શ્રોતા :-** વ્યવહારમાંથી નિશ્ચય કાઢ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય કાઢે છે. (વ્યવહાર) હોય છે એટલું જણાવ્યું, પણ એ સંસાર છે. આહા..હા..! આરોપે કથન કર્યું કે એ પરંપરા મોક્ષનું કારણ, પણ ખરેખર એ નહિ. એ તો બંધનું કારણ છે. આહા..હા..!

**'સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી,...'** અનાકુળ આનંદનો નાથ જેને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત થયો છે. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહીએ. એવા જીવોને અંતર ઠરવું એ કાંઈ આશ્ચર્યની વાત નથી, કહે છે. આહા..હા..! એને માટે ચારિત્ર તો સહજસ્થિતિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે.'** રાગના રમતના

જીવોને અંતરમાં ઠરવા આશ્ચર્ય થાય છે. જેને રાગનો પ્રેમ છે, પુણ્યનો, દયા-દાનના વિકલ્પનો એવા પરિગ્રહવંતના રાગીઓને આહા..હા..! આશ્ચર્યની વાત છે. અંદર ઠરવું એને આ શું? આવું થતું હશે? આવો માર્ગ હશે? લ્યો, અંદર ઠરવું એ ચારિત્ર? આ ક્રિયા બધી કરીએ છીએ એ ચારિત્ર નથી? ધૂળેય નથી સાંભળને. આહા..હા..! અભવિ એવી ક્રિયા રાગની ક્રિયા તો અનંતવાર કરે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નથી આવતું? પંચમહાવ્રત. હજારો રાણી છોડીને પંચમહાવ્રત પાળ્યા, પાંચ સમિતિ-ગુપ્તિ વ્યવહારે બધી ક્રિયાઓ કરી, એ તો બધો પુણ્યભાવ હતો, સંસાર હતો. આહા..હા..! પણ આત્મજ્ઞાન રાગથી ભિન્ન ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સ્થાન એને કોઈ દિ' જાણ્યું નહિ, માન્યું નહિ એને. તેથી આત્માનું સુખ મળ્યું નહિ. એ અહીં વાત કરે છે.

આત્માના સુખનો અભિલાષી ભવ્ય પ્રાણી ભવભીરુથી, ભવથી ડરીને આહા..હા..! અંતરના આનંદના ઘરને પામવા માટે અવિચળ સ્થિતિ કરો. આચાર્ય કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો શાંતિના માર્ગ છે, ભગવાન! આહા..હા..! હો..હા.. આ થયું ને આ કર્યાને. આહા..હા..! લ્યો, એ ૮૦ થયો. ૮૦ કળશ. ૬૧ ગાથા. એ પાંચ મહાવ્રતની વ્યાખ્યા થઈ ગઈ. હવે પાંચ સમિતિની લે છે. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ. ૬૧ ગાથા.

पासुगमग्गेण दिवा अवलोगंतो जुगप्पमाणं हि।
गच्छइ पुरदो समणो इरियासमिदी हवे तस्स।।६१।।

**અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે,**
**દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.**

'**ટીકા :- અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.**' સમ્યગ્દર્શનસહિત સ્વરૂપમાં ત્રણ કષાયના અભાવની શાંતિ અને ચારિત્ર પ્રગટ્યું છે. એવા જીવને જોઈને ચાલવું એવો એક વિકલ્પ આવે છે, એને અહીંયાં વ્યવહાર ઈર્યાસમિતિ કહે છે. દેહ અને વાણીની ચેષ્ટાકાળે, ચાલવા આદિના કાળે એને જે વિકલ્પ ઉઠે છે શુભ એને ઈર્યાસમિતિ વ્યવહાર કહેવામાં આવે છે કે જે પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! પણ ઈ કોને હોય? સમજાય છે કાંઈ? જેણે પોતાના પંથને અંતર જોયો, પંથમાં ગમન કેમ કરવું. આ તો બાહ્ય પંથની વાત છે. સમજાણું? આહા..હા..! અનાકુળ જ્ઞાયક અને આનંદનું ઘર એ એની અંદર જોવું એ પંથને જોયો છે. એ પંથમાં કેમ પેસવું અંદર. સમજાણું કાંઈ?

ષટ્ખંડાગમમાં પાઠ આવે છે. એક શબ્દ આવે છે, '**दिठ मग्गेण**' ષટ્ખંડાગમમાં એક શબ્દ આવે છે '**दिठ मग्गेण**'. એટલે શું? કે ધર્મીએ માર્ગ જોયો છે કે આમ જાય. એવા માર્ગમાં એણે જાવું. આહા..હા..! '**दिठ मग्गेण**'. આહા..હા..! સંતોની વાણી તો જુઓ! ધવલમાં હોં. '**दिठ मग्गेण**' એમ શબ્દ છે. આહા..હા..! ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદનું

ઘર જેણે દીઠું છે અને એમાં જાય છે એ '**दिठ मग्गेण**' એમાં ઠરવું એને.

**શ્રોતા :-** સહેલું થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલું. આહા..હા..!

અહીં શું કહેવું છે? કે ઈર્યાસમિતિમાં બાહ્ય પંથને જોઈને વિકલ્પ ઉઠ્યો છેને? એ બાહ્ય પંથને. પણ જેને અંતરપંથમાં ગમનની દશાનું જેને ભાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતું એવી લાગે માણસને જાણે આ તે કાંઈ આવો ધર્મ હશે? પણ કોઈ દિ' એણે સાંભળ્યો નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે માર્ગ કહ્યો એ પંથ દિગંબરમાં છે. એ માર્ગ બીજે ક્યાંય છે નહિ. આહા..! એ આ દિગંબર એટલે? એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! એના એક-એક શ્લોક જુઓને. કોઈપણ વાત જુઓ તો અંદર ટચ (સ્પર્શ) કરી નાખે આત્માને. આહા..હા..!

ભગવાન! '**અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.**' જોઈને ચાલવું. પણ જોવું અને ચાલવું તેને અંદરમાં જોઈને ચાલવું તેનું જેને ભાન થઈ ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને જ્ઞાયકનો સાગર શાંતિથી ભરેલો શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયભાવ, વીતરાગભાવથી ભરેલો ભગવાન એનો સ્વભાવ એના પંથે ત્યાં કેમ જવું એનું ભાન થઈ ગયું તેને. આહા..હા..! એ પંથમાં અંદર પ્રવર્તન કરવું એનું ભાન થયું છે. એવા જીવને વિકલ્પ ઉઠે છે બહાર ચાલવાનો એને વ્યવહાર ઈર્યાસમિતિ કહે છે. સમજાણું કાંઈ? આવો વ્યવહાર હોય છે. છતાં મુનિરાજ તો ત્યાંથી કાઢીને નિશ્ચયસમિતિ કાઢશે. આહા..હા..!

'**જે પરમસંયમી...**' પુરુષ. જોયું! પહેલું '**પરમસંયમી...**' જે રાગરહિત ભગવાન આત્માનો અનુભવ કરી અને જે સંયમસ્વરૂપમાં સમ્યક્પ્રકારે સ્થિર થયો છે. આહા..હા..! એવો પરમસંયમી. હવે એને વિકલ્પ ઉઠે છે ઈર્યાસમિતિનો. નીચે છે. '**પરમસંયમી મુનિને...**' નીચે નોટ. '**(અર્થાત્ મુનિનેયોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને)...**' પણ જેને શુદ્ધપરિણતિદશા પ્રગટી એની અહીં વાત છે. જેને શુદ્ધ ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ-સ્થિરતા થઈને, પર્યાયમાં શુદ્ધદશા વીતરાગ પરિણતિ પ્રગટ થઈ છે એને '**શુદ્ધપરિણતિની સાથે...**' એવી નિર્મળ વીતરાગી પરિણતિના મોક્ષમાર્ગની સાથે. આહા..હા..! '**વર્તતો જે (હઠ વગરનો) ઈર્યાસંબંધી...**' હઠ વગરનો સહજ વિકલ્પ એવો આવે એને. સમ્યગ્દૃષ્ટિને હઠ હોય નહિ. હઠાગ્રહી એ સમ્યગ્દૃષ્ટિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) ઈર્યાસંબંધી (-ગમનસંબંધી, ચાલવાસંબંધી) શુભોપયોગ તે વ્યવહાર ઈર્યાસમિતિ છે.**' તેને વ્યવહાર ઈર્યાસમિતિ કહેવામાં આવે છે. શુભોપયોગ છેને ઈ? શુભોપયોગ તે વ્યવહારસમિતિ છે, એમ. ઓલું ચાલવું કરવું એ નહિ. ચાલવાની ક્રિયા તો જડની છે. આમ ચાલે એ તો જડ, માટી, શરીર છે,

પણ અંદર શુભોપયોગ ઈર્યાસમિતિ હઠ વગરનો ભાવ તે વ્યવહારસમિતિ છે. આહા..હા..! **'શુદ્ધપરિણતિ ન હોય...'** જેને આત્મા આનંદનો નાથ સ્વરૂપની પરિણતિ જેને પ્રગટી નથી. **'ત્યાં શુભોપયોગ હઠસહિત હોય છે;...'** એને ઈર્યાસમિતિનો રાગ હોય પણ એ હઠસહિત હોય છે. આહા..હા..! એ હઠમાં પકડાઈ જાય. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'તે શુભોપયોગ તો વ્યવહારસમિતિ પણ કહેવાતો નથી. (આ ઈર્યાસમિતિની માફક અન્ય સમિતિઓનું પણ સમજી લેવું.)'** ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-નિક્ષેપણસમિતિ બધામાં વિકલ્પ ઉઠે, પણ એ શુદ્ધપરિણતિવાળો જીવ છે જેને શુદ્ધ આત્માના સ્વભાવનો અનુભવ પરિણતિ વર્તે છે, એવા જીવને આવા કાળે જે વિકલ્પ ઉઠે તેને વ્યવહાર ઈર્યા વ્યવહાર, ભાષા, એષણા એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**'પરમસંયમી...'** મુનિને. એટલે પહેલી સિદ્ધ તો કરી એ અજ્ઞાની તો નથી, તેમ અવિરતિ નથી. પરમસંયમી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી શરત આ મૂકી, પછી વ્યવહાર સમિતિની વાત કરે છે. આહા..હા..! એ **'ગુરુયાત્રા (ગુરુ પાસે જવું),...'** એવો વિકલ્પ આવે શુભરાગ. પરમસંયમીને પણ એવો શુભરાગ આવે. અંદર ઠરી શકતો નથી જ્યાં સુધી શુદ્ધોપયોગમાં તો એને આવે. એ **'(ગુરુ પાસે જવું)...'** યાત્રા છેને? યાત્રા એટલે જવું. એવો ભાવ વિકલ્પ. **'દેવયાત્રા (દેવ પાસે જવું)...'** સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજતા હોય. એ તીર્થ આદિ હોય ત્યાં જવાનો વિકલ્પ આવે.

**'વગેરે પ્રશસ્ત પ્રયોજનનો ઉદ્દેશ રાખીને...'** જોયું? પ્રશસ્ત નામ શુભરાગ છે ત્યાં પ્રશસ્ત પ્રયોજન છેને? ગુરુ પાસે જવું કે દેવ પાસે જવું કે શાસ્ત્રનું જ્ઞાન લેવા ક્યાંય ગુરુ પાસે જવું. એ શાસ્ત્રમાં છેને બીજો એક પાઠ? પોતે જ્યારે સંથારો કરવા માગે, સમાધિમરણ તો ૪૨ આચાર્ય પાસે જાય એવો પાઠ છે. આમાં નિયમસારમાં. સંથારો હોય, સમાધિમરણ કરવું છે. હવે એને પોતાની સ્થિરતાની દૃઢતા(ની કસોટી કરવા) ગુરુ પાસે જાય કે મારે .. એવા ૪૨ આચાર્ય પાસે જાય. ત્યાં સુધી એની સ્થિરતા ટકી રહે અને ગુરુ કહે કે કરો સમાધિમરણ. એવો પાઠ છે. નિયમસાર. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે જે વિકલ્પ ઉઠ્યો છે જવાનો, પણ આવી સ્થિતિવાળાને.

**શ્રોતા :-** ૪૨ આચાર્ય પાસે જાય ત્યારે... સંખ્યા ઘણી મોટી હોય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સારું હતું ત્યારની વાત છેને. એ જ્યારે સારો કાળ હતો ત્યારે લખાણા છેને આ.

નિયમસારમાં છે ઈ. ક્યા ઠેકાણે છે? સંલેખનામાં છે. ગાથા-૯૨ જુઓ, **'(આ ગાથામાં) નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.' 'જિનેશ્વરના માર્ગમાં...'** ૯૨ ગાથા. **'મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે,...'** એમ. જુઓને એક વિધિ. ૪૨ આચાર્ય.

એટલા તો આચાર્યો હતા તે કાળે. અત્યારે એકેય દેખાતા નથી. બેંતાલીસ આચાર્ય સાચા અને જેને સંથારો કરવો છે સમાધિમરણ એ '**બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે...**' એની પાસે જાય. અને ત્યાં સુધી એનો ભાવ છે એ ટકી રહે. એટલે આચાર્ય કહે, 'જાવ, સંથારો કરો, સમાધિમરણ કરો' આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં સુધી જાય છેને?

'**સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે...**' ૪૨ આચાર્ય કહે, 'જાઓ સમાધિમરણ કરો. તમારી પરીક્ષા પાકી થઈ ગઈ. તમારે સમાધિમરણ કરવું છે એ ૪૨ આચાર્ય પાસે ગયા અને તમારો ભાવ ટકી રહ્યો છે, તમે લાયક છો.' આહા..હા..! દેહને છોડવાનો કાળ છેને દેહને. ત્યારે આનંદની ઉર્મી અંદર વિશેષ આવે છે ત્યારે દેહ છૂટી જાય છે. એવા આચાર્યો પાસે જઈને એનું સમાધિમરણનો નિશ્ચય કરે ઓહો..! ભગવાનને... પ્રતિક્રમણ છે લ્યો. પ્રતિક્રમણમાં છે. ઘણું આચાર્યે તો ભર્યું છે હોં. ઓહો..હો..! દિગંબર આચાર્યના શાસ્ત્રોમાં ઢગલા ભર્યા છે.

'**પ્રશસ્ત પ્રયોજનનો ઉદ્દેશ રાખીને એક ધોંસરા જેટલો માર્ગ જોતો જોતો...** ' મુનિ. પરમસંયમી એની શરત. એને આવો વિકલ્પ આવે ઈર્યાસમિતિનો. આહા..હા..! '**ધોંસરા જેટલો માર્ગ જોતો-જોતો સ્થાવર તથા જંગમ પ્રાણીઓની પરિરક્ષા (સમસ્ત પ્રકારે રક્ષા) અર્થે...**' એટલે ન મારવાના અર્થે એમ. '**દિવસે ચાલે છે,...** ' એ રાતે ન હોય. અંધારે નીચે જોવાય નહિ પ્રાણીને. '**તે પરમશ્રમણને...** ' આહા..હા..! તે પરમ આનંદની મૂર્તિ એવા સાધુને '**ઈર્યાસમિતિ હોય છે. (આ પ્રમાણે) વ્યવહારસમિતિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.** ' વિકલ્પ છે એવો. હવે એમાંથી નિશ્ચય કાઢે છે. ખરેખર એ નિશ્ચયસમિતિ છે એને આવો વિકલ્પ હોય તો હોય. નહિતર નિશ્ચયસમિતિમાં ઠરી ગયો હોય છે. આહા..હા..!

'**હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે : અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે...**' જોયું એ માર્ગ! પંથ લીધોને પંથ? '**અભેદ-અનુપચાર...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક તો અભેદ અને અનુપચાર. એટલે આત્મામાં એકાકાર એ રત્નત્રયરૂપી માર્ગે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો રત્નત્રય નિર્વિકલ્પ માર્ગ એ '**પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઈતિ' (-ગતિ)...**' કરે છે. લ્યો, આ ગતિ થઈ. આહા..હા..! વ્યવહારની સમિતિનો વિકલ્પ આમ પરતરફ ગતિ ચેષ્ટારૂપ છે વિકલ્પ હોય. ચેષ્ટા તો જડની છે. હાલવા-ચાલવાની ગતિ તો જડની છે, પણ એ વખતે શુભોપયોગ (છે એ વ્યવહારસમિતિ છે) અને નિશ્ચયસમિતિ તો આનંદમૂર્તિ ભગવાન. આહા..હા..!

'**રત્નત્રયરૂપી માર્ગે...**' એ પંથે. આહા..હા..! જેનો આત્મા અંતર નિશ્ચયસમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર સમાધિ આનંદની દશા જેને પ્રગટી છે. એવા માર્ગે '**પરમધર્મી એવા** (પોતાના) **આત્મા પ્રત્યે...**' આત્મા પ્રત્યે ગતિ અંદર. '**સમ્યક્ 'ઈતિ'** (ગતિ) **અર્થાત્ પરિણતિ તે સમિતિ છે;...**' આ સમિતિ છે. આહા..હા..! આચાર્યો, મુનિઓ વ્યવહારને કાળે પણ પાછા નિશ્ચયને યાદ કરે છે. જો નિશ્ચય વસ્તુ ન હોય તો વ્યવહાર હોઈ શકે નહિ, એમ કહે છે. આહા..હા..! સમ ઈતિ છેને? '**સમ્યક્ 'ઈતિ'** (ગતિ) **અર્થાત્ પરિણતિ તે સમિતિ છે;...**' સમ્યક્ ઈતિ આત્માના અભેદરત્નત્રય મોક્ષમાર્ગમાં પરિણતિ એ તે સમિતિ. આહા..હા..! વીતરાગી પરિણતિ તે સમિતિ. ઓલો વ્યવહારસમિતિ શુભરાગ.

'**અથવા નિજપરમતત્ત્વમાં લીન...**' ભગવાન પરમાત્મસ્વરૂપ પૂર્ણબ્રહ્મ આનંદસ્વભાવ એવું જે નિજપરમતત્ત્વ, એવો નિજપરમભાવ સ્વભાવ એમાં લીન. પરમતત્ત્વ એ ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ. એમાં લીન એ વર્તમાનપર્યાય એ ચારિત્ર. એ '**સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ...**' સ્વભાવિક પરમજ્ઞાન સ્વભાવ ત્રિકાળ, પરમાનંદ. આહા..હા..! પરમશાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત પરમધર્મોનું મિલન, સંગઠ. બધા ગુણોનું અંદર પરિણતિમાં એકત્વ થવું એને સમિતિ કહે છે. આહા..હા..! વ્યવહારનું ચાલ્યું ત્યાં નિશ્ચય કહેશે. નિશ્ચય વિના તારા વ્યવહાર કેવા કહે છે એકલા સમિતિ કરીને મરી જાને. સુકાઈ ગયો અનંતવાર. આહા..હા..! જેને નિશ્ચયદશા આવી હોય છે એને આવો વ્યવહારનો વિકલ્પ વસ્તુમાં સ્થિર ન હોય ત્યારે આવે છે, પણ એ છે વ્યવહાર પુણ્યબંધનું કારણ. આવ્યા વિના રહેતો નથી. એથી એને વ્યવહારસમિતિ આવા નિશ્ચયસમિતિવાળાને વ્યવહારસમિતિ હોય છે. જેને આનંદના અંદર પરિણતિ માર્ગે ચડી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પરમ અનંત ધર્મોની જેમાં એકતા થઈ છે. અનંત ધર્મોની અંદર પરિણતિમાં એકતા કરી છે. એવાને વ્યવહારસમિતિનો વિકલ્પ હોય એને નિશ્ચય સાથમાં વ્યવહાર કહેવામાં આવે છે. એવું જેને નિશ્ચય નથી એને તો વ્યવહાર હોઈ શકે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૫, ગુરુવાર, તા. ૦૫-૦૨-૧૯૭૬, ગાથા-૬૧, કળશ-૮૧-૮૨, પ્રવચન નં. ૧૭૧

આ નિયમસાર. વ્યવહારચારિત્રનો અધિકાર ચાલે છે. એનો અર્થ શું? કે પહેલા આત્મા આનંદ શુદ્ધ ચૈતન્યઘન એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય, પછી સ્વરૂપમાં વીતરાગભાવની સ્થિરતા કરે એનું નામ ચારિત્ર અને મુનિપણું છે. તેને વ્યવહાર ઈર્યાસમિતિ

જોઈને ચાલવું એવો વિકલ્પ આવે છે. એ પુણ્યબંધનું કારણ છે વ્યવહારસમિતિ. નિશ્ચયસમિતિ અંતર આનંદસ્વરૂપ એમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદના અનુભવનું વેદન કરવું એ નિશ્ચયસમિતિ, સત્યસમિતિ છે.

હવે છેલ્લે બે વાત કરે છે જુઓ, '**આ પ્રમાણે...**' ૬૧ ગાથા. '**આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને...**' શું કહે છે? કે એ ઉપર કહ્યું તે પ્રમાણે નિશ્ચય અને વ્યવહારસમિતિ એનો '**ભેદ જાણીને...**' આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ એમાં લીન થવું સમ્યગ્દર્શનસહિત તે નિશ્ચયસમિતિ, એ સત્યસમિતિ, સાચો ધર્મ, એને જાણવો અને વિકલ્પ ઉઠે છે, દેહ ચેષ્ટાકાળે જે વિકલ્પ ચાલવા આદિનો તો એને જાણવો. રાગ આવે છે એને જાણવો. બેયને જાણવું કહ્યું. '**જાણીને તેમાં (-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.**' જુઓ, આહા..હા..! જાણવું બેને, આદર એકનો કરવો. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! '**(-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિ...**' ભાષા જુઓ, પરમનિશ્ચય. ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. એમાં લીન. અનંતગુણમાં એકાગ્રતા એ નિશ્ચયસમિતિ. આહા..હા..! એને પ્રાપ્ત કરો. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એકલો વ્યવહાર હોય નહિ, એકલો નિશ્ચય થતો નથી નીચી દશામાં. તો આત્માનો આનંદ અનાકુળ વીતરાગસ્વરૂપ નિત્યવીતરાગમૂર્તિ પ્રભુ આત્મા. આહા..હા..! નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા એની દૃષ્ટિમાં-અનુભવમાં આત્મા આવે છે. પછી એમાં સ્થિર થવું, આનંદમાં લીન થવું આહા..હા..! એને સાચી સમિતિ કહેવામાં આવે છે. આહા..હા..! અને દેહચેષ્ટા આદિમાં વિકલ્પ આવે છે તો એ વ્યવહારસમિતિ છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! ભાષા એટલામાં સમાડી દીધું જુઓ, '**આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને...**' બેયના ભેદ જાણવા. આહા..હા..! નિશ્ચયસમ્યગ્દર્શન અને વ્યવહારસમ્યગ્દર્શન એવા બે ભેદને જાણવા. આહા..હા..! પણ નિશ્ચયસમ્યગ્દર્શન આત્માના આનંદમાં એકાગ્ર થવું એ આદરવું. આહા..હા..! વ્યવહાર સમકિત દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ આવે, જાણવો, એમ કહે છે. જાણે કે છે. પણ અંતર આનંદ જ્ઞાયકભાવ નિર્વિકલ્પ સમાધિમાં જાવું. આહા..હા..! કેમકે એ રાગ છે એ તો વિષમભાવ અસમાધિ છે. વ્યવહારસમિતિ, વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહાર ચારિત્ર એ બધો રાગ છે, સમાધિ છે, અશાંતિ છે. આહા..હા..!

**શ્રોતા :-** મર્યાદા બાંધી જાણવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવા માટે. આહા..હા..! નિત્યઉપયોગી કાલે નહોતું આવ્યું? ભગવાન આત્મા તો નિત્યઉપયોગીસ્વરૂપ છે. ધ્રુવ, ઉપયોગપરિણતિ પર્યાયની વાત નથી અહીંયાં. ત્રિકાળ જ્ઞાન, દર્શનનો પિંડ પ્રભુ એ નિત્ય ઉપયોગસ્વભાવી વસ્તુ એના સ્વભાવનું દર્શન કરીને, પ્રતીત કરીને, અનુભવ કરીને. આહા..હા..! એ તો પ્રથમ સમ્યગ્દર્શન. અને સમ્યગ્દર્શન

વિના સાચા ચારિત્ર અને વ્રત હોય નહિ. આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે પછી વ્રત અને તપથી તો ધર્મ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્રત-તપનો વિકલ્પ છે એ ધર્મ નથી. પંચમહાવ્રત આદિ વિકલ્પ છે. એ તો કહ્યું. જાણો છે એ. પણ વસ્તુનું સ્વરૂપ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ ધ્રુવમાં ઠરો, એમાં લીન થાવ એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! બેમાંથી કહ્યુંને? એ બધામાં લઈ લેવું.

'**આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને તેમાં (-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિને ભવ્યજીવ પ્રાપ્ત કરો.**' આહા..હા..! ભવ્ય નામ લાયક મોક્ષને માટે આત્મા એ તો આત્મામાં જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ એ તો નિત્ય ઉપયોગસ્વરૂપ કહ્યો એ તો એનું લક્ષણ છેને જાણવું એ અપેક્ષાએ કહ્યું. ભગવાન આત્મા નિત્યઉપયોગરૂપ છે એ લક્ષણથી કહ્યું, પણ નિશ્ચયથી કહો તો ભગવાન નિત્ય વીતરાગસ્વરૂપ આ આત્મા છે.

**શ્રોતા :-** એકવાર આપ એમ કહો છો કે સુખસ્વરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહીએને પછી લાવીએ છીએને. નિત્ય આનંદસ્વરૂપ છે. નિત્ય શાંતિ, ચારિત્રસ્વરૂપ છે. આહા..હા..! એ તો આ ૪૭ શક્તિ છેને ૪૭ શક્તિ? સમયસારમાં. એમાંથી એ અંદર ઉતાર્યું હતું કે નિત્ય જીવત્વશક્તિસ્વરૂપ ભગવાન આત્મા છે. પહેલી શક્તિ છેને. તો નિત્ય, જ્ઞાન, દર્શન, આનંદસત્તા એવી જીવત્વશક્તિ નિત્ય જીવત્વશક્તિસ્વરૂપ ભગવાન આત્મા છે. જેમ નિત્યઉપયોગસ્વરૂપ છે એ લક્ષણથી કહ્યું. પણ બીજા ગુણથી કહો તો ભગવાન આત્મા નિત્ય જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા એવી જીવતરશક્તિથી ભરેલો છે. આહા..હા..! એમાં લીન થાવ. પણ લીન ક્યારે થાય છે કે એનો પત્તો લાગે પછી લીન થાયને? એ ચીજ આ છે એવું દર્શન, પ્રતીતિ અને જ્ઞાનમાં ભાસ થયા પછી લીન થવાની ક્રિયા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૪૭ શક્તિમાં ઉતાર્યું છે. આ કાલે આવ્યું હતુંને ભાઈ! નિત્ય ઉપયોગ.

ભગવાન આત્મા નિત્યઉપયોગ. ઉપયોગ એટલે જ્ઞાન, દર્શનસ્વરૂપ ત્રિકાળ છે અને નિત્ય અનુપયોગ રાગાદિભાવ દયા, દાન, વિકલ્પ આ ઈર્યાસમિતિ વ્યવહાર એ વિકલ્પ નિત્ય અનુપયોગરૂપ છે. આહા..હા..! બેય ભાષા આવી હતી. નિત્યનો અર્થ? ઈર્યાસમિતિ આદિ વિકલ્પ જે છે એ નિત્ય નથી, પણ નિત્ય અનુપયોગ એનો અર્થ કાયમ એ અણુપયોગરૂપ છે એમ. આહા..હા..!

**શ્રોતા :-** એને સમિતિ તો કહેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમિતિ વ્યવહારથી, આરોપથી. એક નિશ્ચયસમિતિ, એક વ્યવહાર આરોપથી સમિતિ છે. આહા..હા..! બહુ ઝીણો માર્ગ ભગવાનનો. સમજાણું કાંઈ? એવું દરેકમાં ઉતાર્ય હતું. નિત્યજીવતરશક્તિ એમાં દૃષ્ટિ કરવી, નિત્યસ્થિતિશક્તિ ઉપયોગમાં ચિતિશક્તિ છે. ચૈતન્યશક્તિ, નિત્યચૈતન્યશક્તિ ભગવાન આત્મા એમાં દૃષ્ટિ કરવી, નિત્યદર્શનશક્તિ, આત્મા

નિત્યદર્શનશક્તિ સ્વભાવ એમાં દૃષ્ટિ કરવી, નિત્યજ્ઞાનસ્વભાવ એમાં દૃષ્ટિ કરવી, નિત્યશુદ્ધસ્વરૂપ, આનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરવી, નિત્યવીર્યસ્વરૂપ. આહા..હા..! વીર્ય નામ પુરુષાર્થ, નિત્યપુરુષાર્થસ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? સ્થિતિ એટલે સુખ, વીર્ય, પ્રભુત્વ. એ તો નિત્યઉપયોગ આવ્યો હતો એમાંથી પછી ૪૭ શક્તિ.. સવારમાં ઉઠીને એ ધ્યાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન નિત્યપ્રભુત્વશક્તિથી ભરેલો છે. જેમ નિત્ય ઉપયોગ કહ્યો એ લક્ષણથી કહ્યું, પણ શક્તિથી લ્યો તો નિત્યપ્રભુશક્તિથી ભરેલો છે. આહા..હા..! નિત્યઈશ્વરશક્તિસ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! એમાં દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! બાકી દેવ-ગુરુ-શાસ્ત્ર અને નવ તત્ત્વ એ વિકલ્પ રાગ છે, એ સત્યદર્શન નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? પ્રભુત્વ-વિભુત્વ. સર્વ વિભુત્વશક્તિ. નિત્યત્વ-શક્તિ ભગવાન આત્મામાં છે એક. આહા..હા..! નિત્ય. જેમ ઓલો નિત્ય ઉપયોગ છેને તો પછી નિત્ય ૪૭માં લગાવ્યું. નિત્ય લગાવ્યું. સવારમાં વહેલા ઉઠતા હતાને તો .. આવી ગયું અંદર. અંદર નિત્ય. આહા..હા..! વિભુત્વશક્તિ ત્રિકાળ નિત્ય છે. આહા..હા..! એમાં દૃષ્ટિ કરવી. સર્વદર્શીશક્તિ છે. ભગવાન આત્મામાં નિત્યસર્વદર્શીશક્તિ છે. સર્વદર્શીશક્તિ છેને? એ નિત્ય છે, ત્રિકાળ છે. આહા..હા..! નિત્યસર્વદર્શીશક્તિ. એમાં દૃષ્ટિ કરવી. એ તો અસાધારણ કારણજ્ઞાન લીધુંને પ્રવચનસારમાં. કારણ અસાધારણ કારણજ્ઞાન. કારણજ્ઞાનમાં દૃષ્ટિ લગાવવાથી દ્રવ્યમાં દૃષ્ટિ થઈ ગઈ. આહા..હા..! શું શૈલી સંતોની! માર્ગને સુગમ કરી દીધો છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોએ તો માર્ગને હથેળીમાં સહેલો બનાવી દીધો. આ ચીજ છેને નાથ તું. આહા..હા..!

નિત્યસર્વજ્ઞશક્તિનો પિંડ છોને નાથ તું. આહા..હા..! સર્વદર્શી અને સર્વજ્ઞ. આત્મા જ્ઞસ્વભાવી કહો કે જ્ઞને પૂર્ણતા લાગુ પાડો તો સર્વજ્ઞશક્તિ કહો, તો સર્વજ્ઞશક્તિ પણ આત્મામાં નિત્યસર્વજ્ઞશક્તિ પડી છે. આહા..હા..! અરે! આ ચીજની સંભાળ નહિ અને અનિત્યની સંભાળ! આહા..હા..! પર અનિત્ય છે, રાગ અનિત્ય છે, પણ એક સમયની નિર્મળ પર્યાય પણ અનિત્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ સમ્યગ્દર્શનનો વિષય આ છે. નિત્ય સર્વજ્ઞશક્તિ, નિત્યસર્વદર્શીશક્તિ. આહા..હા..! સ્વચ્છત્વશક્તિ. નિત્યસ્વચ્છ, નિત્યનિર્મળાનંદ પ્રભુ છે. સમજાણું? નિત્યસ્વસંવેદન પ્રકાશશક્તિ છે. આહા..હા..! એમાં જરી વિચાર ઓલો સ્વરૂપપ્રત્યક્ષ ઉપર ગયું. સ્વરૂપપ્રત્યક્ષ આવે છેને. એમાં .. લીધું.

નિત્યપ્રકાશ સ્વસંવેદનસ્વભાવ નિત્ય એનો છે. સ્વસંવેદન પોતાથી, પોતામાં, પોતાનું વેદન કરવું એ સ્વભાવ નિત્ય એમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સ્વચ્છપ્રકાશ, અસંકોચવિકાસ. એ અસંકોચવિકાસ નામની એક નિત્યશક્તિ છે. સંકોચવિકાસ નથી એવી એક શક્તિ છે. અકાર્યકારણ નામની નિત્ય એક શક્તિ છે. આહા..હા..! કોઈનું કારણ પણ નથી અને કોઈથી કાર્ય પણ નથી. એવો ભગવાન આત્મા અકાર્યકારણ નામનો નિત્ય ગુણ એક છે. આહા..હા..!

**શ્રોતા :-** શક્તિઓનો ભંડાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભંડાર છે. એ તરફ વળીને પર્યાયમાં એક સમયની પર્યાયમાં એવું સત્ ભગવાન એનું જ્ઞાન કરવું અને એની પ્રતીતિ કરવી એ પર્યાય સત્ પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! ત્રિકાળી નિત્ય સત્યની પ્રતીતિ કરે છે તો પર્યાય સત્ય નામ સમ્યગ્દર્શન, સત્યદર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધી ૪૭ ઉતારી હતી. અકાર્યકારણ, પરિણમ્યપરિણામકત્વ શક્તિ છેને એ? પરિણમવું, પરિણમવું બીજાને જાણવું, પોતાને જાણવું એવો એક ત્રિકાળી સ્વભાવ છે. આહા..હા..! ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. પરવસ્તુનો ત્યાગ કે પરવસ્તુનું ગ્રહણ એનાથી શૂન્ય એવી ત્રિકાળી નિત્ય શક્તિ એક છે.

**શ્રોતા :-** રાગનું ગ્રહણ અને રાગનો ત્યાગ નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગનો ત્યાગ એ નથી ખરેખર તો. રાગનો ત્યાગ એ પણ કહેવામાત્ર છે, કથનમાત્ર છે. એ ૩૪ ગાથામાં આવી ગયું. આહા..હા..! પરના ત્યાગની તો શું વાત કરવી? પણ રાગનો ત્યાગ કરે આત્મા એ પણ વ્યવહારથી કથન છે. આહા..હા..! ભગવાન આત્મામાં ત્યાગગ્રહણથી શૂન્ય એવી નિત્ય શક્તિ છે. આહા..હા..! પરને ગ્રહવું નહિ, પરને છોડવું નહિ. આહા..હા..! એવો નિત્ય સ્વભાવ શક્તિ આત્મામાં નિત્ય છે. નિત્ય અગુરુલઘુ શક્તિ છે. લ્યો, વળી આજે આ આવ્યું. આ બેસે એવું છેને. સમજાણું કાંઈ? અગુરુલઘુ અનંતગુણો છે એ પૂરા-પૂરા ભરેલા છે. હીણો નહિ, અધિક નહિ એવી પૂરી શક્તિ અંદર. એવો અગુરુલઘુ નામનો ગુણ આત્મામાં નિત્ય પડ્યો છે. આહા..હા..! ગુણ કહો કે નિત્ય કહો.

ઉત્પાદવ્યય નામનો નિત્ય ગુણ અંદર આત્મામાં છે. વસ્તુ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો, બીજા અજ્ઞાનીએ કોઈએ જોયો નથી સર્વજ્ઞ સિવાય. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞભગવાને જે આત્મા જોયો એ આત્મામાં... આહા..હા..! ઉત્પાદ-વ્યય નામનો નિત્ય ગુણ છે. આહા..હા..! તો ઉત્પાદ-વ્યય પર્યાયમાં થાય છે તો એ ઉત્પાદ ગુણ છે એમાંથી થાય છે એવી ઉત્પાદ-વ્યયની પર્યાય સ્વતંત્ર છે. આહા..હા..! તો ઉત્પાદ-વ્યયમાં પરની મદદ છે કે પરનું કારણ છે તો પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય એવો ગુણ હોં. શક્તિ ત્રિકાળ ઉત્પાદ-વ્યયરૂપ શક્તિ આત્મામાં છે. આહા..હા..! અને ત્રિકાળ અસ્તિત્વ ધ્રુવરૂપ પરિણમન કરવાની શક્તિ ત્રિકાળ એમાં છે. અસ્તિત્વ રાખવું. ધ્રુવ છેને? એ ઉત્પાદ-વ્યયમાં ગયું અને આ ધ્રુવમાં. એ શક્તિ ત્રિકાળ છે એમાં. આહા..હા..! અમૂર્ત ત્રિકાળ શક્તિ છે. ભગવાન આત્મામાં નિત્યઅમૂર્તશક્તિ છે. નિત્ય ત્રિકાળ અમૂર્ત સ્વભાવ છે. અકર્તૃત્વસ્વભાવ. નિત્યઅકર્તૃત્વસ્વભાવ છે. નિત્યઅકર્તૃત્વ રાગાદિ પરનું નહિ કરવું એવો નિત્ય એનો સ્વભાવ છે. આહા..હા..!

આત્મા ચીજ શું છે એ તો બહુ અલૌકિક વસ્તુ છે. પરમાત્મસ્વરૂપ છે પરમ-આત્મા.

પરમસ્વરૂપ... પરમસ્વરૂપ... પરમસ્વરૂપ... આહા..હા..! એવી એવી અનંત શક્તિરૂપ પરમસ્વરૂપ ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અભોક્તૃત્વ. રાગને નહિ ભોગવવો, પરને તો ભોગવવું છે જ નહિ, એવી અભોક્તૃત્વશક્તિ ગુણ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અભોક્તૃત્વ ગુણ નિત્યઅભોક્તૃત્વ ગુણ છે. જેમ નિત્ય ઉપયોગલક્ષણ છે, નિત્ય હોં ધ્રુવ. એવો નિત્ય અભોક્તૃત્વ નામનો ગુણ છે અંદરમાં. આહા..હા..! નિષ્ક્રિય. નિષ્ક્રિય નિત્ય ગુણ છે. અજોગ છેને અજોગ? એ ગુણ છે અંદરમાં. કંપન્ન થવું એ ગુણ તો વિપરીત છે, પણ અજોગ નામનો નિષ્ક્રિય ત્રિકાળ શક્તિ છે. આહા..હા..! નિયતપ્રદેશત્વ નામનો એક ગુણ છે. નિયતપ્રદેશત્વ. મર્યાદિત જે અસંખ્ય છે. નિત્ય ગુણ એમાં છે.

સ્વધર્મવ્યાપકત્વ. પોતામાં સર્વધર્મ પ્રસરવો, રહેવો એવો સ્વધર્મવ્યાપકત્વ ગુણ છે. રાગમાં ન જાવું, શરીરમાં ન જાવું, પરમાં ન જાવું એવો આત્મામાં સ્વધર્મવ્યાપકત્વ નામનો નિત્યગુણ છે. સમજાણું કાંઈ? સાધારણ નામનો ગુણ છે. સાધારણ-સાધારણ, સાધારણ-અસાધારણ એ લાંબી વાત છે. એવી એક શક્તિ અંદરમાં છે. અસ્તિત્વ આદિ સાધારણ, જ્ઞાનાદિ અસાધારણ એ બધા મળીને એક સાધારણ-અસાધારણ નામની એક ત્રિકાળ ધ્રુવ શક્તિ નિત્ય છે. એ નિત્ય ઉપયોગરૂપ ભગવાન આત્મા એ નિત્ય નામ કાયમ જે અણુપયોગ છે એમ. રાગાદિ કાયમ અણુપયોગ છે, એ ઉપયોગ નથી. એ કાંઈ નિત્ય રહે છે એમ નથી. પણ એનું કાયમ આ અનિત્ય છે, અણુપયોગ એ છે. આહા..હા..!

**શ્રોતા :-** અણુપયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિત્ય એટલે કાયમ. કાયમ અચેતન છે એમ. કાયમ એ અચેતન છે. રાગાદિ કાયમ એ અચેતન છે. ભગવાન કાયમ ચેતનસ્વરૂપ ઉપયોગમય છે. આહા..હા..! બહુ ઝીણી વાત છે, બાપુ! આહા..હા..! વિરુદ્ધ.

**શ્રોતા :-** ધર્મ તો ઝીણો જ હોયને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણી વસ્તુ છે. અંતરમાં.. આહા..હા..!

**શ્રોતા :-** પુણ્ય-પાપ સ્થૂળ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય-પાપ તો ક્યાંય રહી ગયા હવે. એ તો અહીં કહ્યુંને જરી આવે એને જાણવું. આદરવા માટે તો આ ચીજ છે. આહા..હા..! જુઓને વ્યવહાર અધિકારમાં પણ એ નાખ્યું. આહા..હા..! વિરુદ્ધધર્મત્વશક્તિ. એક આત્મામાં વિરુદ્ધ નામનો ત્રિકાળ ગુણ છે. જે નિત્યપણ રહે છે, અનિત્યપણ રહે છે, તત્‌રૂપપણ રહે છે અને તત્‌રૂપે નહિ, બીજારૂપે નથી રહેતો એવી વિરુદ્ધ નામની શક્તિ ગુણ ત્રિકાળ છે. આહા..હા..! અરે! તત્‌શક્તિ, જ્ઞાયકશક્તિ. જ્ઞાન જ્ઞાનપણે રહેવું એવી તત્ શક્તિ ત્રિકાળ છે. લ્યો, વળી આજે આ નીકળ્યું.

**શ્રોતા :-** સત્તાગુણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપયોગ છેને ઉપયોગ? ભગવાન તો ઉપયોગગુણરૂપ છેને પ્રભુ!

અને રાગાદિ તો અચેતન અણુપયોગરૂપ છેને? આહા..હા..! ચાહે તો પંચમહાવ્રતના વિકલ્પ અરે! ચાહે તો તીર્થંકરગોત્ર બાંધે જે ભાવે એ ભાવ પણ અણુપયોગ-અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. એક. એક નામનો ગુણ છે. સ્વરૂપ એકરૂપ રહેવું એ એનો એક ગુણ છે. નિત્ય એક ગુણ છે. અને અનંતગુણરૂપે રહેવું એ અનેક નામોનું એક નિત્ય ગુણ છે. આહા..હા..! આ વિરોધ થયોને? ભાવ—સ્વભાવભાવપણે રહેવું એવો ભાવ નામનો ત્રિકાળ ગુણ છે. કર્માદિ અને રાગાદિમાં ન રહેવું એવો અભાવ નામનો ત્રિકાળ ગુણ છે. આહા..હા..! ભાવ-અભાવ—જે પર્યાય વર્તમાન છે ભાવરૂપ એનો અભાવ થશે એવો નિત્ય ગુણ છે. આહા..હા..! જે પર્યાય વર્તમાન ભાવરૂપ છે એનો અભાવ થશે એવો ભાવ-અભાવ નામનો એક નિત્ય ગુણ છે. કરવો પડતો નથી. એ ગુણને કારણે એવું થાય જ છે. આહા..હા..! અભાવ-ભાવ—ભવિષ્યની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે. એ અભાવનો ભાવ થશે એવો અંદર નિત્ય ગુણ છે. આહા..હા..! એની સંપદા તો જુઓ! (શ્રોતા :- ખજાનો ખોલીને આપે બતાવ્યો છે!) આહા..હા..!

ભાવ, ભાવ-અભાવ. અભાવ-ભાવ જે પર્યાય વર્તમાનમાં નથી. એકનો અભાવ થશે એવો અભાવ-ભાવ નામની શક્તિ નિત્ય ગુણ છે. ઓહો..હો..! તારે તો દૃષ્ટિ પલટવાની છે એટલી વાત છે. બીજું તો થશે એ થશે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાવ-ભાવ—જે પર્યાય ભાવરૂપ છે એ ભાવરૂપ જ રહેશે. એવો ભાવ-ભાવ નામનો એક નિત્યગુણ છે. અભાવ-અભાવ--જે કર્મનો અને રાગનો અભાવ છે તો અભાવ અભાવરૂપ જ રહેશે એવો અભાવ-અભાવ નામનો એક નિત્યગુણ છે. નિત્યગુણ છે. આહા..હા..! ભાવ પછી લીધું છે. ક્રિયા લીધી છે. .. આજે આ આવ્યું. કર્મ નામનો ત્રિકાળ ગુણ છે. એક વાત. પછી નિર્મળપર્યાય થશે એ અવિકારીકર્મ છે. પછી રાગ થવો એ વિકારકર્મ છે, પછી શરીરની પર્યાય થવી એ શરીરની નોકર્મની પર્યાયનું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આત્મામાં કર્મ નામનો નિર્મળ પર્યાયનું કાર્ય કરનારું કર્મ નામનો ગુણ ભગવાન આત્મામાં ત્રિકાળ છે. (શ્રોતા :- તારામાં શું કમી છે?) આહા..હા..!

એમ કર્તા નામનો નિત્યગુણ તારામાં છે. નિત્યગુણ ત્રિકાળ કર્તા નામનો છે. આહા..હા..! મારે તો ઓલા કરણ ઉપર વિચાર વધ્યો હતો. આ સાધન-સાધન કરે છેને. વિચાર તો આવ્યો હતોને રાતે જરી પંડિતજીએ કહ્યું હતું. આ લોકો કહે છે કે વ્યવહારનો લોપ કરે છે. એ ઉપરથી જરી વિચર બહુ આવ્યો હતો અંદર. કરણ. સાધન. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં સાધન કરવો એ તો વ્યવહાર છે. આહા..હા..! રાગનું તો સાધન નથી. જાણવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તા, કર્મ, કરણ. કરણ-કરણ એ નામનો ગુણ છે સાધન ત્રિકાળ. આહા..હા..! તારામાં કરણ સાધન સ્વભાવ તો તારામાં ત્રિકાળ છે. ભગવાનને પકડ તો તારું સાધન તૈયાર થઈ ગયું. આહા..હા..!

સંપ્રદાન. પોતાની પર્યાયનું પોતે દાન દે એવો સંપ્રદાન નામનો ત્રિકાળ ગુણ છે. પોતાની પર્યાયને લેવી-દેવી એવો એક. આહા..હા..! કોને દે? કોણ લે? આહા..હા..! અપાદાન પોતાથી થાય એવો ત્રિકાળ ગુણ છે. પર્યાય પોતાથી થાય છે એવો ત્રિકાળ ગુણ છે. નિર્મળ પર્યાય પોતાથી થાય છે એવો ત્રિકાળ ગુણ છે. આહા..હા..! અપાદાન, અધિકરણ (નામનો ત્રિકાળ) ગુણ આત્મામાં પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈને આધાર દેનાર નથી. આહા..હા..! રાગનો આધાર દેનાર નથી, શરીરનો આધાર લેનારો નથી. નિર્મળ પર્યાયનો આધાર વ્યવહારથી કહે, નિશ્ચયથી આધાર નામનો ગુણ ત્રિકાળ છે. આહા..હા..!

સ્વસ્વામીસંબંધ છેલ્લું છે. પોતાનું સ્વ, એનો સ્વામી, એનો સંબંધ નામનો ત્રિકાળ ગુણ આત્મામાં છે. નિત્યગુણ છે. લ્યો, આ કારણ ઉપયોગ નિત્ય આવ્યુંને એમાં આ ૪૭ કાઢ્યા. આહા..હા..! પછી તો વિચાર ઈ આવ્યો હતો કે આ ઉપયોગને તો નિત્ય કહ્યો, પણ અણુપયોગને નિત્ય કહ્યો. એનો અર્થ? કે અચેતન કાયમ અચેતન છે. રાગ કદિ ઉપયોગ અને જ્ઞાન થશે એમ છે નહિ. આહા..હા..! ભારે ભાઈ! માર્ગ તે માર્ગ! આહા..હા..! એ અહીં કહે છે લ્યો.

'**આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિ...**' એમ નિશ્ચય અને વ્યવહારરૂપ રાગ, નિશ્ચય અને વ્યવહારરૂપ સમકિત, નિશ્ચય અને વ્યવહારરૂપ ચારિત્ર, નિશ્ચય અને વ્યવહારરૂપ જ્ઞાન આદિ ભેદ લેવા. એને '**જાણીને તેમાં (-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.**' આહા..હા..! સમજાણું કાંઈ? બેમાંથી એક. જાણવું બેય. એકમાં એકાકાર. આહા..હા..! પણ વસ્તુ જ જ્યાં એને દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવી ન હોય તો શેમાં લીન થાય? આ વ્રત ને તપ સમ્યગ્દર્શન વિના એ બધી જડની-રાગની ક્રિયા છે. આહા..હા..! એવું સ્વરૂપ દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. આવી રીત. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સનાતન જૈનદર્શન છે. અનાદિ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો કહેલો માર્ગ છે આ. આ કોઈ કલ્પિત નથી, ઉપરથી બનાવ્યું એમ નથી આ. આહા..હા..! અરે! ભગવાન! આ શું થાય? આહા..હા..! લ્યો, એ ૬૧ ગાથા પૂરી થઈ.

'**(હવે, ૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :)**' એકના ચાર. પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજ દિગંબર સંત આ છે સામે. મુનિરાજ દિગંબર સંત છે. આ એમણે ટીકા બનાવી છે. પદ્મપ્રભમલધારિદેવ. આ કુંદકુંદાચાર્યના શ્લોક છે. આહા..હા..! ૮૧. ૮૧ કળશ છેને?

(मन्दाक्रांता)

इत्थं बुद्ध्वा परमसमितिं मुक्तिकान्तासखीं यो
मुक्त्वा संगं भवभयकरं हेमरामात्मकं च।
स्थित्वाऽपूर्वे सहजविलसच्चिच्चमत्कारमात्रे
भेदाभावे समयति च यः सर्वदा मुक्त एव।।८१।।

અહીં લીન થવું અને અહીં છોડવું એમ. ઈ ને? રામ એ કન્યા, સ્ત્રી. હેમ-કંચન અને સ્ત્રી. જુઓ, આ મુનિરાજ ૯૦૦ વર્ષ પહેલા દિગંબર સંત થયા છે. એમની ટીકા.

'**શ્લોકાર્થ :- આ રીતે મુક્તિકાન્તાની સખી...**' મુક્તિ નામ અનંત આનંદની પરિણતિરૂપી મુક્તદશા. આહા..હા..! અનંતગુણની પૂર્ણ પરિણતિરૂપી દશા, અનંતગુણની પૂર્ણપર્યાયરૂપ દશા એનું નામ મુક્તિ. એ મુક્તિસુંદરી નામ એની પરિણતિ, એની સખી. '**પરમસમિતિને જાણીને...**' આહા..હા..! અખંડ આનંદમાં લીન થવું એ સમિતિ છે. એ મુક્તિની સખી છે, બહેનપણી છે એ. આહા..હા..! મુક્તિકાન્તા નામ મુક્તિરૂપી પરિણતિ શુદ્ધ એ સ્ત્રી એની સખી-બહેનપણી પરમસમિતિ. આહા..હા..! પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એને અપૂર્ણ આનંદનો સાધકસ્વભાવ તે તેની સખી છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

એને '**જાણીને...**' જાણે પહેલું જ્ઞાન તો કર, કહે છે. '**જે જીવ...**' આહા..હા..! '**ભવભયના કરનારા કંચનકામિની...**' આહા..હા..! પરિગ્રહમાત્ર. કંચન સોનું આદિ, કામિની-સ્ત્રી. અન્યમતમાં કહે છે 'કંચન અને કામિની ચૌકી આડી શ્યામની, રામની રમતને તેજ લૂંટે.' અન્યમતમાં આવે છે ભજનમાં. આહા..હા..! 'કંચન અને કામિની ચૌકી આડી શ્યામની' ભગવાનને મળવા જવામાં આડ છે, કહે છે. એમાં અટકે છે ઈ. 'રામની રમતને તે લૂંટે.' આત્મરામની રમતમાં કંચન અને સ્ત્રીની મમતા લૂંટનાર છે. આહા..હા..! લ્યો, આ કંચનનું આવ્યું તમારું, ભગવાનજીભાઈ! એય..! આ પૈસાની મમતા અને બાયડીની મમતા એમ કહે છે અહીં.

**શ્રોતા :-** મુનિ બીજું શું કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ...માં પણ કંચન અને કામિની એ પરપદાર્થ છે. એની રુચિ છોડવી, રાગની રુચિ છોડવી, ભગવાન આનંદના નાથની રુચિ કરવી એ ગૃહસ્થાશ્રમમાં તો હોય કે નહિ એ? આહા..હા..! સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં અસ્થિરતા ન છૂટે, પણ રુચિ તો છૂટી જાય છેને? આહા..હા..! માલ પોસાતો નથી સમકિતીને. રાગ અને કંચન-કામિની પોસાતી નથી, ગોઠતી નથી, રુચતી નથી. એ પોસાતો માલ નથી. પોસાતો કહે છેને? શું કહે છે? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિનો પોસાતો માલ આનંદનો નાથ ભગવાન આત્મા છે. આહા..હા..! આવી વાત ઝીણી પડેને માણસને પછી પકડી ન શકે. ભાઈ! માર્ગ આ છે, બાપુ! તું અરૂપી છો, તારા ગુણો અરૂપી છે, પ્રભુ! બધા ગુણો અરૂપી છે. એની ધારા પરિણતિ તે અરૂપી છે. આહા..હા..! એવી ચીજને અંતરમાં પકડ્યા વિના પ્રભુ તારા કલ્યાણના રાહ નહિ આવે. આહા..હા..!

મુક્તિરૂપી પરિણતિની સ્ત્રીની સખી પરમસમિતિ. આહા..હા..! હવે બધાને ભાષા પરમશબ્દ લાગુ પાડે છે. આહા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં સમિતિ એટલે સમ્યક્ પ્રકારે પરિણતિ કરીને રમવું. આહા..હા..! એને '**જાણીને જે જીવ ભવભયના**

કરનારા...' આહા..હા..! ભવના ભયને કરવાવાળા કંચન અને કામિની, લક્ષ્મી અને સ્ત્રી. આહા..હા..! એનો સંગ છોડ, કહે છે. અહીં સંગ કર અને અહીં સંગ છોડ. અસંગ ભગવાન નિર્મળાનંદનો સંગ કર એ સમિતિ અને પરનો સંગ છોડ એ અભાવ. આહા..હા..!

**'અપૂર્વ, સહજ-વિલસતા...'** આહા..હા..! કેવો છે અંદર ભગવાન? આ પહેલા કહ્યો એ લ્યો ભાઈ! અપૂર્વ-પૂર્વે કદી નહિ જોયેલું અને અપૂર્વ-બીજી બધી ચીજથી અપૂર્વ ભગવાન આત્મા અંદર છે. **'સહજ-વિલસતા (સ્વભાવથી પ્રકાશતા), અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં...'** આહા..હા..! કહ્યુંને હમણા નિત્ય-નિત્ય છે. અપૂર્વ નામ પૂર્વે કોઈ પર્યાયમાં કોઈ દશામાં એ ચીજ નથી. આહા..હા..! સ્વભાવિક પ્રકાશતા વિલસતા અભેદ ચૈતન્યચમત્કારવસ્તુ ભગવાન આત્મા. અભેદ ચૈતન્યચમત્કાર વસ્તુ એમાં. ચમત્કારમાત્રમાં. **'સ્થિત રહી...'** આહા..હા..! જોયું? નિમિત્તમાં નહિ, રાગમાં નહિ, પર્યાયમાં નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવમાં સ્થિત રહીને. આહા..હા..! અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં. માત્ર કેમ કહ્યું? એકલો ચૈતન્યચમત્કાર સચ્ચિદાનંદ પ્રભુ એમાં રાગમાં નહિ, નિમિત્તમાં નહિ, એક સમયની પર્યાયમાં પણ નહિ. આહા..હા..!

**'અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં સ્થિત રહી...'** આહા..હા..! **'(તેમાં) સમ્યક્ 'ઇતિ'...'** સમ્યક્ '(-ગતિ) કરે છે...' અંતર સમ્યક્ પરિણતિ કરે છે. આહા..હા..! **'અર્થાત્ સમ્યક્પણે પરિણમે છે, તે સર્વદા મુક્ત જ છે.'** આહા..હા..! ચૈતન્યચમત્કારમાત્ર મુક્તસ્વરૂપ ભગવાન ત્રિકાળ મુક્તસ્વરૂપ. એમાં એકમાં જ સ્થિરતા કરે છે. આહા..હા..! એ મુક્ત છે. રાગથી મુક્ત, પરથી મુક્ત એ મુક્ત જ છે. આહા..હા..! સાધકજીવને પ્રવચનસારમાં તો મુનિને કહ્યું, મુનિ છે, સાધક છે તે મોક્ષતત્ત્વ છે. મોક્ષતત્ત્વ છે. અહીં જ્યાં રાગથી મુક્ત થઈને, મુક્તસ્વભાવમાં લીન થયો એ મુક્ત જ છે. વસ્તુ મુક્ત છે અને એમાં લીન થવું પરિણતિ એ પણ મુક્ત છે. આહા..હા..! અરે! ભગવાનને ભૂલીને બધી વાતું. આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરવો, ભક્તિ કરો, પોતાને ભૂલીને. વરને ભૂલીને જાન. શું કહે છે? દુલ્હાને છોડીને જાન. આહા..હા..! એમ ત્રણલોકનો નાથ જેની કિંમત સર્વજ્ઞ કહી શક્યા નથી. જાણી શક્યા છે, અનુભવી (શક્યા) પણ વાણીમાં આવતું નથી. એવી ચિત્ચમત્કારવસ્તુ ભગવાન. આહા..હા..! કહે છે એમાં સમ્યક્ પ્રકારે પરિણતિ કરવી **'તે સર્વદા મુક્ત જ છે.'** વસ્તુ મુક્ત છે અને વસ્તુમાં લીન થાય એ તો મુક્ત જ છે. આહા..હા..! ૮૧ થયો. ૮૨.

(मालिनी)

जयति समितिरेषा शीलमूलं मुनीनां
त्रसहतिपरिदूरा स्थावरणां हतेर्वा।
भवदवपरितापक्लेशजीमूतमाला
सकलसुकृतसीत्यानीकसन्तोषदायी।।८२।।

'જીમૂત' 'જીમૂત' એટલે? વાદળું. ઠીક.

'**શ્લોકાર્થ :- જે** (સમિતિ) **મુનિઓને શીલનું** (-ચારિત્રનું) **મૂળ છે,...**' આહા..હા..! ભગવાન ચૈતન્યચમત્કાર પ્રભુ એમાં લીન થાય છે એ સમિતિ છે, એ સમિતિ ચારિત્રનું મૂળ છે. આહા..હા..! વીતરાગ સમિતિ લીધુંને નિશ્ચય. વ્યવહારસમિતિ વિકલ્પ છે. છે એને જાણવું, આદરવું નહિ. આહા..હા..! '**મુનિઓને શીલનું મૂળ છે,...**' આહા..હા..! ચૈતન્યચમત્કાર વસ્તુ નિત્યાનંદ પ્રભુ એમાં લીનતા, એકાગ્રતા શુદ્ધ પરિણતિ કરવી એ ચારિત્રનું મૂળ છે. આહા..હા..! પંચમહાવ્રતાદિ વિકલ્પ ચારિત્રનું મૂળ છે એમ નથી કહ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? અંતર આનંદસ્વરૂપમાં લીન એવી વીતરાગપરિણતિ એ ચારિત્રનું મૂળ છે. આહા..હા..! વીતરાગ ચારિત્ર એ વીતરાગપરિણતિ છે. રાગપરિણતિ એ ચારિત્ર નથી. પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નથી. આહા..હા..! વીતરાગપરિણતિ એ ચારિત્રનું મૂળ, વીતરાગ સ્વભાવમાં લીનતા એ ચારિત્રનું મૂળ છે. આહા..હા..!

'**જે ત્રસ જીવોના ઘાતથી...**' રહિત. એવા ચારિત્રમાં ત્રસનો ઘાત કરવો એ વિકલ્પ જ નથી. '**સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે,...**' આહા..હા..! અંતર વીતરાગ સ્વરૂપી પ્રભુ એમાં વીતરાગી પરિણતિ કરવી એ ત્રસ અને સ્થાવરની હિંસાથી દૂર છે. '**જે ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી...**' આહા..હા..! એ સમિતિ મુનિઓને ચારિત્રનું મૂળ જે વીતરાગદશા એ ભવદાવાનળના. ભવરૂપી અગ્નિ સળગતી હોય પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી. આહા..હા..! રાગરૂપી ભઠ્ઠી સળગતી હોય. આહા..હા..! એને શાંત કરનારી '**તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને...**' શુદ્ધ પરિણતિના જેટલા પ્રકાર એ બધા સુકૃતરૂપ કર્તવ્ય છે. એમાં જે ધાન્યની રાશિ. નિર્મળ વીતરાગ પરિણતિરૂપી ધાનની પોષણ દેનારી '**સંતોષ દેનારી મેઘમાળા છે,...**' આહા..હા..! અમૃતસ્વરૂપ ભગવાનમાં અમૃતરૂપી પરિણતિ પ્રગટ કરવી એ અમૃતરૂપી પરિણતિ રાગરૂપી ક્લેશને શાંત કરનારી છે. આહા..હા..! ભાઈ ભાષા પણ.. આવો માર્ગ છે, ભાઈ!

અંતરની વસ્તુ શાંતસ્વરૂપથી નિત્ય શાંતસ્વરૂપ જ ભગવાન છે. ભગવાન આત્મા નિત્ય શાંત, અકષાય, વીતરાગસ્વરૂપી નિત્ય છે, એમાં રમણતા કરવી. આહા..હા..! એવી રમણતાની જે શુદ્ધ પરિણતિરૂપી સુકૃત એમાં આ સમિતિ અંદર એકાગ્રતા એ '**ધાન્યના રાશિને સંતોષ દેનારી મેઘમાળા છે,...**' વરસાદની ધારા છૂટે એમ આનંદની ધારા સમિતિમાં પ્રગટ થતાં રાગના દાવાનળને નાશ કરે છે. આહા..હા..! વાતું જુદી જાતની. વ્યવહારસમિતિ તો રાગ છે. એને દાવાનળ ઠરાવ્યો અહીં ભઠ્ઠી. આહા..હા..! છ ઢાળામાં નથી આવ્યું? 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેવીએ.' આહા..હા..! હા એ. 'રાગ આગ' ચાહે તો શુભરાગ હોય પણ એ આગ છે. લોકો રાડ નાખે. ભાઈએ જ્યાં શુભરાગને ભઠ્ઠી કીધીને નિહાલભાઈએ. ત્યાં તો કેટલાક રાડ નાખી ગયા. એય..! પ્રેમચંદજી! તમારા ત્યાં ઓલા જ્ઞાનચંદ, જયકુમાર

(દિપચંદજી) શેઠિયાના પક્ષમાં ચડી ગયા. રાડ નાખી ગયા. નહિ, આવો હોય? નિશ્ચયાભાસી છે. અરે! ભગવાન! બાપુ! ભાઈ! આહા..હા..! 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત' સમતારૂપી અમૃતને સેવીએ. આહા..હા..! રાગ આગ દાહને નાશ કરવા માટે સમતા નામ વીતરાગ પરિણતિની સેવના કરીએ. આહા..હા..! ભગવાનના સ્મરણ કરવા એ રાગ એ ભઠ્ઠી. રાગ છે, ભાઈ! ત્યાં એમ નથી કહ્યું કે અશુભરાગ તે આગ દાહ છે. ત્યાં તો 'રાગ આગ દહે સદા' નવનીતભાઈને મોઢે છે એ છ ઢાળા, નહિ? 'રાગ આગ દહે સદા' રાગ દાહ. આહા..હા..!

**'સમસ્ત સુકૃતરૂપી...'** સુકૃત એટલે આ જેટલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગતા એ બધા સુકૃત છે. શુભભાવ સુકૃત નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! સ્વભાવની એકાગ્રતાની શક્તિઓની પરિણતિ પ્રગટ થાય એ સુકૃત. વ્યવહાર સદાચાર રાગાદિ-સદાચાર નહિ, એ અસદાચાર છે. આહા..હા..! જુઓને કહ્યુંને **'સમસ્ત સુકૃત...'** એ સુકૃત એટલે નિર્મળ વીતરાગી પર્યાયો. એવું જે ધાન. એ **'ધાન્યના રાશિને (પોષણ આપીને) સંતોષ દેનારી મેઘમાળા છે,...'** સમિતિ. આહા..હા..! આનંદમાં રમે નિર્વિકલ્પ સમાધિ એ નિશ્ચયસમિતિ. એ રાગને નાશ કરનારી મેઘમાળા છે. આહા..હા..! **'તે આ સમિતિ જયવંત છે.'** આહા..હા..! મુનિરાજ કહે છે. જુઓ તો ખરા. શું કહે છે? મુનિરાજ કહે છે કે અમારી પર્યાયમાં એ સમિતિ જયવંત વર્તે છે. આહા..હા..! દિગંબર સંત છે. નગ્ન છે, વનવાસી છે. અમારા આનંદસ્વરૂપ ભગવાનમાં આનંદની પરિણતિ જયવંત વર્તે છે. થશે ને હશે ને એમ નહિ. આહા..હા..! જુઓ તો વાણી એક ભાષા ભાવ. ભાષામાં કેવો ભાવ છે! ભાષામાં તો ભાષાનો ભાવ છે, પણ એનું વાચ્ય જે કહે છે એ શું છે? આહા..હા..!

**'તે આ સમિતિ જયવંત છે.'** આહા..હા..! અમારો આનંદનો નાથ ભગવાન એની રમણતામાં અમે પડ્યા છે. એ શુદ્ધ આનંદની પરિણતિ અમારી એ સમિતિ છે. જયવંત વર્તે એટલે છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૬, શુક્રવાર, તા. ૦૬-૦૨-૧૯૭૬, ગાથા-૬૨, કળશ-૮૩-૮૪, પ્રવચન નં. ૧૭૨

સમિતિ. ઈર્યાસમિતિ ચાલે છેને? ખરેખર ઈર્યાસમિતિનો અર્થ એ છે કે પહેલા આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એવું આત્મામાં સમ્યક્ સત્ય પરિણતિ નિર્મળ વીતરાગી દશા

થવી એને સમિતિ કહે છે. નિશ્ચયસમિતિ એ છે. જેમાં આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચિદ્ ઘન એવા આત્મા પ્રત્યે સમ્યક્ પ્રકારે શુદ્ધ પરિણતિ નિર્મળ વીતરાગી દશા એ સમ્યક્ ઈતિ પરિણતિ એનું નામ સમિતિ છે. આહા..હા..! જેમાં આત્મા આવતો નથી. દર્શનમાં, જ્ઞાનમાં, સમિતિ. તો એ સમિતિ દર્શનમાં છે જ નહિ. પહેલા એમ આવ્યુંને કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્મા સમીપ છે. જેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ વીતરાગી પરિણતિ અવસ્થા, પણ એમાં આત્મા સમીપ છે તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. આત્મા દૃષ્ટિમાં આવ્યો હોય, જ્ઞાનમાં આવ્યો હોય અને એમાં સ્થિરતા આત્મામાં થાય એનું નામ સમ્યક્ ઈતિ પ્રવૃત્તિ પરિણતિ એનું નામ ઈચ્છારહિત પોતાના શુદ્ધ સ્વભાવની એકાગ્રતા એને અહીંયાં સમિતિ કહે છે.

નિશ્ચયસમિતિ હોય ત્યાં વિકલ્પ હોય છે દેહાદિની ચેષ્ટાકાળે શુભરાગ ઈ વ્યવહાર સમિતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ રાગ છે. વ્યવહારસમિતિ એ વિકલ્પ રાગ છે. કેમકે એનું લક્ષ પર ઉપર જાય છે અને જેટલો પોતાનો આત્મા શુદ્ધઘન આનંદઘન ધ્રુવસ્વભાવમાં જેટલો આશ્રય રહ્યો એટલો મોક્ષનો માર્ગ અને સમિતિ છે. આહા..હા..! ધર્મક્રિયામાં આત્મા સમીપ ન હોય તો એ ધર્મક્રિયા જ નથી. સમજાણું કાંઈ? જેને આત્માનો આશ્રય નથી એ ધર્મ નથી. જેટલો પર તરફ આશ્રય જાય છે એને રાગ છે એ ધર્મની અપેક્ષાએ. ..અપેક્ષાએ જાય તો અશુભરાગ છે. સમજાણું કાંઈ?

એ અહીંયાં ૮૩ ગાથામાં કહે છે. ૮૩ કળશ છેને કળશ?

(मालिनी)

नियतमिह जनानां जन्म जन्मार्णवेऽस्मिन्<br>
समितिविरहितानां कामरोगातुराणाम्।<br>
मुनिप कुरु ततस्त्वं त्वन्मनोगेहमध्ये<br>
ह्यपवरकममुष्याश्चारुयोषित्सुमुक्तेः।।८३।।

'**શ્લોકાર્થ :- અહીં** (વિશ્વમાં) **એ નક્કી છે કે જન્માર્ણવમાં** (ભવસાગરમાં) **સમિતિરહિત કામરોગાતુર...**' આહા..હા..! જેમાં ભગવાન આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવી સમિતિ નથી, જેમાં આત્માનો આશ્રય નથી એવી '**સમિતિરહિત કામરોગાતુર** (-**ઈચ્છારૂપી રોગથી પીડિત**)...' પરની ચીજને માટે ઈચ્છારૂપી રોગ છે. આહા..હા..! પોતાની ચીજમાં પોતાના સ્વભાવનો આશ્રય કરીને સમિતિ સ્વભાવની પરિણતિરહિત છે એ પરની ઈચ્છાથી સહિત છે. જેણે પોતાનો સ્વભાવ ચૈતન્ય ભગવાન આનંદધામ જેમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રમાં જેણે આશ્રય લીધો છે એ જ મુક્તિનો માર્ગ છે. આહા..હા..! એ જેણે લીધો નથી અને વ્યવહારની ઈચ્છા. કામ છેને ઈચ્છે? પછી દયા, દાન, વ્રત, ભક્તિ ઈચ્છા હોય કે ચાહે તો ગમે તે ઈચ્છા હોય.

એ '(-ઈચ્છારૂપી રોગથી પીડિત) **જનોનો જન્મ થાય છે.**' આહા..હા..! ભવસાગરમાં એનો જન્મ થાય છે. સમજાણું કાંઈ? જેણે ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ, આનંદદાતા, ભગવાન આત્મા આનંદનો દાતા છે. એ દુઃખદાતા નથી. એ વિકારદાતા નથી. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગનો માર્ગ. અતીન્દ્રિય આનંદ એમાં ભર્યો છે તો એની દૃષ્ટિ જ્ઞાન કરવાથી અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં સ્વાદ આવે છે. આહા..હા..! એનું નામ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલી ઈચ્છા 'ક્યા ઈચ્છત ખોવત સબ હૈ ઈચ્છા દુઃખમૂલ.' પોતાનો પદાર્થ આનંદના સ્વભાવની ભાવનારહિત 'ક્યા ઈચ્છત?' જગતની ઈચ્છા કરે છે. અરે! પુણ્ય-પાપની ઈચ્છા પુણ્યની કરે છે એ કામાતુરપ્રાણી. આહા..હા..!

**શ્રોતા :-** મોક્ષની ઈચ્છા તો થાય જને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષની ઈચ્છા થાય એ દુઃખરૂપ છે. ઈચ્છાથી મોક્ષ થાય છે? (ઈચ્છા) થાય છે, પણ એ સમ્યગ્દર્શન પછી થાય છે. તોપણ એ ઈચ્છા તો દુઃખરૂપ જ છે. આહા..હા..! માર્ગ એવો છે. અંતર ભગવાન ચિદાનંદની ખબર વિના એનું મેળવણી થયા વિના જે કાંઈ ક્રિયાકાંડ કરે છે એ સંસાર ખાતે છે. એ કહે છે જુઓને. ભવસાગરમાં અંતરસ્વભાવ પરમ આનંદ અનાકુળ શાંતિનો રસકંદ પ્રભુ એનો આશ્રય લીધો નથી, એની સમીપમાં ગયો નથી અને એનાથી દૂર રહીને પરપદાર્થની ચાહે તો પુણ્ય આદિની ઈચ્છા કરે છે એ ભવસાગરમાં જન્મે છે. આહા..હા..!

ભગવસાગરમાં જન્માર્ણવ. જન્મ-અરણવ. ભવરૂપી અરણવ નામ સાગર. આહા..હા..! ચોર્યાસી લાખ અવતાર જન્મ ઉત્પત્તિના. આહા..હા..! એમાં ઈચ્છારૂપી રોગી પ્રાણી. આહા..હા..! ધર્મીને ઈચ્છા થતી નથી. ધર્મીને આત્માના આનંદની એકાગ્રતાની ભાવના હોય છે. આહા..હા..! આ બહાર ગમે તે ધમાધમ ચાલતી હોયને. એ બધા બહારની ધમાલમાં તો શુભભાવ હોય કદાચિત્. આ ભક્તિ, પૂજા, આ મંદિર, જાત્રા, શાસ્ત્ર વાંચન, શાસ્ત્ર સાંભળવા એ બધો શુભરાગ છે.

**શ્રોતા :-** જ્યાં જુઓ ત્યાં રાગ... રાગ... રાગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વ-આશ્રય નથી ત્યાં પરના આશ્રયમાં રાગ જ થાય છે. આહા..હા..! આ તો ધર્મને નામે પણ રાગ છે, પરના આશ્રયમાં. સ્વના આશ્રય સિવાય ધર્મ થતો નથી. 'લાખ વાતની વાત...' આવે છેને છ ઢાળામાં? 'લાખ વાતની વાત એક નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આહા..હા..! ભગવાન આનંદ સાગર છે એ તો. આહા..હા..! અરે! આનંદરૂપ ભગવાન એની સમીપમાં ન ગયો અને એનાથી દૂર થઈને પરપદાર્થની ઈચ્છામાં ગયો. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિની ઈચ્છા હોય. બધી ઈચ્છા ભવસાગરમાં જન્મ થાય છે. આકરું લાગે લોકોને. આ વ્યવહારવાળાને એવું લાગે. કાલે આવ્યું હતુંને. ખૂબ આવ્યું વ્યવહારનું. ભાઈએ વાંચ્યું હતુંને. શું થાય? પ્રભુ!

**શ્રોતા :-** અહીં થોડા દિવસ સાંભળવા આવે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યો હતોને અહીં એક. વિરુદ્ધ લાગે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ એ બધો રાગ કહે અને રાગને સંસાર કહે. સાંભળે શી રીતે એ?

**શ્રોતા :-** એના ભાગ્યમાં ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાગ્યમાં જ ન હોય. આહા..હા..! બાપુ! આ તો માર્ગ.. જેમાં પ્રભુ આત્મા સમીપમાં ન હોય, જે પરિણતિમાં, પર્યાયમાં ભગવાન નજીક ન હોય એ પરિણતિ સંસાર છે. આહા..હા..! ચાહે તો વ્રતનો, તપનો વિકલ્પ હોય, એ સંસાર છે. આવી વાત છે, પ્રભુ! આહા..હા..! એથી કહે છે જેને ભગવાન આત્માના આનંદની સમિતિ અંદર પરિણતિ નથી, સ્વભાવ સન્મુખની જેની દશા નથી. એવા કામાતુર પ્રાણી. કામ રોગાતુર-ઇચ્છાના રોગીઓ બધા. આહા..હા..! '**(-ઇચ્છારૂપી રોગથી પીડિત) જનોનો જન્મ થાય છે.**' એનો ભવસાગરમાં જન્મ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તેથી હે મુનિ!**' આહા..હા..! મુનિરાજ પોતે કહે છે. '**હે મુનિ! તું તારા મનરૂપી ઘરમાં...**' અંતરમાં. '**આ મુક્તિરૂપી સુંદર સ્ત્રી માટે નિવાસગૃહ (ઓરડો) રાખ...**' પૂર્ણાનંદની પરિણતિરૂપી મુક્તિ એનું ચિંતવન અંદરમાં રાખ. ઇચ્છા છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ? ચિંતન-એકાગ્રતાની વાત છે. ચિંતવન એકાગ્રતા આવે છેને? આ નિયમસારમાં આવે છે. ચિંતવન એટલે એકાગ્રતા. પર્યાયમાં દ્રવ્યને લક્ષમાં લેવું એનું નામ ચિંતા, એનું નામ પરિણતિ. આહા..હા..! ભગવાન જેમાં ભળે નહિ એ વાતમાં કાંઈ માલ નથી. અહીં તો એક વાત છે. આહા..હા..! આ ભગવાન હોં. ઈ ભગવાન નહિ. એ ભગવાન ઉપર લક્ષ જાય તો રાગ જ થાશે. ભગવાન એમ કહે છે કે મારી સામું જોવે છે તો તને રાગ થશે. તારી સામું જો તો તને અરાગી પરિણતિ થશે. આહા..હા..! આવું છે જરી ઝીણું પડે માણસને. વ્યવહારમાં એટલા ઘૂંચી ગયા. આહા..હા..! અને ક્યાંક એને સાધન પણ કહ્યું. એથી માની બેઠા કે આ સાધન છે.

**શ્રોતા :-** પોતે એનો વાંક ન કઢાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ રીતે સાધન કહ્યું છે એને? સાધન તો એક જ છે સ્વરૂપ તરફની એકાગ્રતા એ સાધન છે, પણ સાથમાં રાગની મંદતા દેખીને વ્યવહારે આરોપ દઈને સાધન કહ્યું અભૂતાર્થનયે. છે નહિ તેને સાધન કહ્યું. આહા..હા..! આવી વાત છે.

એથી કહ્યુંને '**હે મુનિ! તું તારા મનરૂપી ઘરમાં...**' જ્ઞાનરૂપી પરિણતિમાં એ મુક્તિની ચિંતા કર. પૂર્ણાનંદના નાથનો નિવાસગૃહ ત્યાં રાખ. આહા..હા..! ભાષા જુઓને કેવી કરી છે! પંચમઆરાના મુનિ છે. આરો ક્યાં નડે છે એને? ચોથો આરો કે પાંચમો આરો. ..માં નથી ત્યાં શું છે? આહા..હા..! શીરો બને છે તો સાકર, ઘી અને લોટ ત્રણથી બને છે. પછી પાંચમો આરો હોય કે ચોથો આરો હોય. ત્રણ સિવાય બીજાથી બને છે? એમ પાંચમો

આરો હોય કે ચોથો આરો હોય કે મહાવિદેહ હોય કે ભરત હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણથી શીરો બને છે, ત્રણથી મોક્ષમાર્ગ હોય છે. અને એ ત્રણમાં આત્મા ભળે છે તો ત્રણ થાય છે. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય પણ આત્મા, સમ્યગ્જ્ઞાનની પર્યાયનું ધ્યેય પણ આત્મા અને ધ્યેયમાં સ્થિરતા કરવી એ પણ આત્મા. આહા..હા..! આવી વાત છે. જેમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ ન આવે એ ક્રિયાકાંડ બધી જન્મનું કારણ છે, એમ કહે છે. કેમકે એ ભગવાન આત્મા ભવ અને ભવના ભાવ વિનાની ચીજ છે. આહા..હા..! એ કહે છે.

'**હે મુનિ!**' જ્ઞાનમાં, જ્ઞાનરૂપી ઘર અંદર. મુક્તિરૂપી સુંદર પરિણતિ એનું નિવાસ-ઘર રાખ. એને ચિંતવ, એમાં એકાગ્ર થા. આહા..હા..! સંસારની ઈચ્છા છોડ, દયા, દાન, વ્રતની ઈચ્છા પણ છોડ એમ કહે છે. આહા..હા..! કહ્યુંને સમિતિ બે પ્રકારે જાણ, પણ આદરવાનું એક જ આ. આહા..હા..! વિકલ્પ આવે એ જાણવાલાયક વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. વ્યવહાર આદરણીય પ્રયોજનવાન એમ નથી. આહા..હા..! અરે! વીતરાગમાર્ગ આ છે, ભાઈ! જિનેશ્વરદેવનો માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. વીતરાગનો માર્ગ એના ભાવથી ઉત્પન્ન થાય છે, રાગથી નહિ. આહા..હા..! એ ૮૩ થયો. ૮૪.

(आर्या)

निश्चयरूपां समितिं सूते यदि मुक्तिभाग्भवेन्मोक्षः।
वत न च लभतेऽपायात् संसारमहार्णवे भ्रमति।।८४।।

'**શ્લોકાર્થ :- જો જીવ નિશ્ચયરૂપ સમિતિને** ઉત્પન્ન કરે,...' આહા..હા..! નવી પર્યાય છેને? તો ઉત્પન્ન કરે એમ કહ્યું. આહા..હા..! એવી સમભાવ વીતરાગ પરિણતિ ઉત્પન્ન કરવી. કેમકે ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ જ છે. એવી સમિતિ પરિણતિ જે નિર્મળ છે એવી તો અનંતી પરિણતિનો પિંડ ભગવાન આત્મા છે. આહા..હા..! સમભાવ, વીતરાગભાવ અકષાયભાવ, શાંતભાવ, આનંદભાવ, સ્વચ્છભાવ, ઈશ્વરભાવ એવા અનંતભાવનો પિંડ પ્રભુ છે. આહા..હા..! એ આત્મામાં '**નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન** કરે,...' આહા..હા..! જુઓને ભાષા! એ આત્માનું લક્ષ બનાવીને દૃષ્ટિમાં આત્મા લઈને શુદ્ધ પરિણતિ ઉત્પન્ન કર. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહારસમિતિ ઉત્પન્ન કરવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉત્પન્ન કરવી ન કહ્યું એટલે આવે એને જાણવું. આહા..હા..! એવી વાત. બહુ આકરું કામ, ભાઈ! આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના કે સમ્યગ્જ્ઞાન વિના વ્યવહારરત્નત્રય તો અનંતવાર કર્યું છે. એ નિયમસારમાં આવે છે. કાલે આવ્યું છે. આત્મધર્મમાં આવ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય કથનમાત્ર છે, વસ્તુ નથી. એવું તો અનંતવાર કર્યું. નિયમસારમાં આવે છેને ગાથા. શેમાં ગાથા છે? આમ ગાથા છે આ બાજુ. વ્યવહારરત્નત્રય

એ તો કથનમાત્ર છે, એમ કહે છે. કહેવામાત્ર વ્યવહાર છે. હવે એ વ્યવહારરત્નત્રય છે જ નહિ. આહા..હા..! એ તો બંધભાવ છે.

**શ્રોતા :-** માલ વિનાના કોથળા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોથળા છે અને હોય તોપણ બંધમાત્ર છે. કયે ઠેકાણે છે? છે? આ નિયમસાર છેને? ક્યાંક છે. પહેલા આવી ગયું છે? ૧૨૧ કળશ. એ પ્રતિક્રમણ અધિકાર. ૧૨૧.

**'જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે...'** જુઓ, ભાષા. **'अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं किमपि वचनमात्रं निर्वृत्तेः कारण यत्।'** આહા..હા..! વચનમાત્ર વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે. વચન કથનમાત્ર છે. વસ્તુ છે નહિ. આહા..હા..! **'મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે તેને (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં...'** જુઓ, **'(ઘણા ભવોમાં)...'** અનંત ભવોમાં આહા..હા..! **'સાંભળ્યું છે અને આચર્યું છે;...'** આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર રાગ રત્નત્રય, વ્યવહારદર્શન પણ રાગ, વ્યવહારજ્ઞાન પણ રાગ, વ્યવહારચારિત્ર પણ રાગ એ મોક્ષનું કથનમાત્ર **'ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે...'** આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! પરમાત્મપ્રકાશમાં તો ત્યાં સુધી કહ્યું છે. ભગવાનની ભવેભવ પૂજા અનંતવાર કરી છે. સમવસરણમાં પૂજા કરી, અનંતવાર અવતર્યો. આહા..હા..! સાક્ષાત્ ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજતા હોય. મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ ભવોભવ અનંતભવમાં અનંતવાર પૂજા કરી છે ભગવાનની. શું છે એમાં? એ તો શુભભાવ છે. આહા..હા..! પોપટભાઈ! તમારે એ આવે છે હજી તો.

**શ્રોતા :-** .. છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને. એણે દીધુંને ઓલું? શું કહેવાય ઈ? કંકોત્રી. અગ્રેસર છેને ત્યાં? આહા..હા..! હોય છે શુભભાવ હોય. પણ એને ધર્મનું કારણ માની લે. ધર્મ માને.

**શ્રોતા :-** તો પછી કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવું નહિ, આવ્યા વિના રહેતું નથી. શુભરાગ એને કાળે આવ્યા વિના રહે નહિ. આહા..હા..! વાત એવી છે.

અહીં તો કહે છે કે ભવભવમાં, ભવસાગરમાં આહા..હા..! ભવભવમાં. ભવસાગરમાં **'ભવભવમાં સાંભળ્યું છે...'** વ્યવહારરત્નત્રય **'સાંભળ્યું છે અને આચર્યું છે; પરંતુ અરેરે! ખેદ છે કે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.'** આહા..હા..! એ ક્રિયાકાંડના રાગથી રહિત ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! જ્ઞાન શું કરે? રાગ કરે?

**શ્રોતા :-** જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણે. એવો જ્ઞાન ભગવાન ચૈતન્ય જ્ઞાતા એની વાત કદી સાંભળી નથી તો આચરે ક્યાંથી? આહા..હા..!

'**સર્વદા એક જ્ઞાન છે, તેને જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.**' એમ લખ્યું છે. છેને? '**न च न च बत**' બેવાર નકાર કર્યો છે. આહા..હા..! ભગવાન! વ્યવહાર-રત્નત્રય કથનમાત્ર. વ્યવહાર એટલે કથનમાત્ર. વસ્તુ કાંઈ ન લેવી. એવો વ્યવહારરત્નત્રય ભવસાગરમાં ભવે ભવે એટલે ઘણા અનંતભવે સાંભળ્યું છે અને આચર્યું છે વ્યવહાર. એનાથી કાંઈ થયું નહિ. આ કહે છેને વ્યવહારથી આવી પદવી મળે છે તીર્થંકરની અને પછી મોક્ષ જશે. અરે! ભગવાન! સમ્યગ્દર્શન વિના એવું પુણ્ય કદી થતું નથી. અરિહંત તીર્થંકરપણે ઉત્પન્ન થાય, બળદેવપણે ઉત્પન્ન થાય, ચક્રવર્તી આદિ એ સમ્યગ્દર્શન વિના એવું પુણ્ય હોતું નથી. સમજાણું કાંઈ? લ્યો! છે? ૧૨૧ કળશ. '**श्रूयते वाह्यते**' એમ છેને અંદર? અનંતવાર સાંભળ્યું, અનંતવાર આચર્યું. વ્યવહારરત્નત્રય અનંતવાર. આહા..હા..! અને તે પણ એ તો કથનમાત્ર વ્યવહાર છે, એ વસ્તુ છે નહિ. આહા..હા..! આકરું પડે.

કળશટીકામાં એ લીધું છે. વ્યવહારનય એટલે કથનમાત્ર એમ લીધું. ... એનો અર્થ કર્યો છે. એ વ્યવહારનય જેટલું કથન એ વ્યવહારનય. કથનમાત્ર કર્યું. એવો અર્થ લીધો છે. આહા..હા..! એ તો વસ્તુનું સ્વરૂપ છે. જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે જ્ઞાનગમ્ય છે એ વસ્તુને .. માને તો એમ કહેવામાં આવે છે કે ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. એ ભેદ પાડે એ તો કથનમાત્ર છે. એમાં ભેદ તો છે નહિ. આહા..હા..! 'બહુ સાધિક અધિક બુદ્ધિમાન હોય તો એટલું કહે એનું નામ વ્યવહાર' એટલું કહે એનું નામ વ્યવહાર છે. આહા..હા..! જુઓને, આ રાજમલ પહેલાના પંડિત એવો અર્થ કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહેનારા. વ્યવહાર કથનમાત્ર છે. આહા..હા..! નિશ્ચય ભગવાન આત્માનો આશ્રય અવલંબનથી ઉત્પન્ન થનારી સમ્યગ્દર્શન-જ્ઞાન એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! જેમાં આત્મા આવ્યો નથી, જેણે આત્માના સ્વભાવનો આશ્રય લીધો નથી એને કદી ધર્મ થતો નથી. લાખ સમવસરણમાં જાય, ભગવાનની પૂજા કરે, સમવસરણમાં ભગવાનની પૂજા, તોપણ રાગ છે. આહા..હા..! આવી વાત કઠણ પડે જગતને.

**શ્રોતા :-** અપવાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અપવાદ છેને. અપવાદ એટલે મીંડા. અપવાદ એટલે મીંડા. આહા..હા..!

**શ્રોતા :-** અનેકાંત થાય ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેકાંત એટલે એ અનેકાંત કહ્યુંને. નિશ્ચયથી થાય છે અને વ્યવહારથી નથી થતું એ અનેકાંત. નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય એ અનેકાંત નથી. એ તો ફુદડીવાદ છે. વસ્તુ એવી છે. આહા..હા..! ચિદાનંદ ભગવાન બિરાજે મહા આનંદનું ધામ. અનાકુળ શાંતિનો રસકંદ બિરાજે છે પરમાત્મસ્વરૂપ બિરાજે છે. એનું સ્વરૂપ એ પરમાત્મસ્વરૂપ

આત્માનું છે. 'અપ્પા સો પરમઅપ્પા.' તારણસ્વામીમાં બહુ આવે છે. તારણસ્વામી છેને. એમાં બહુ આવે છે. 'અપ્પા સો પરમઅપ્પા.' આત્મા તે પરમાત્મા. એક સમયની પર્યાયનું લક્ષ છોડી દે આખો ભગવાન પરમાત્મા છે. આહા..હા..! એ પરમાત્માનો આશ્રય લીધા વિના કદી ત્રણકાળમાં ધર્મ અને શાંતિ ઉત્પન્ન થતી નથી. જેને આશ્રયે આનંદ થાય એ ધર્મ છે. જેને આશ્રયે રાગ છે એ અધર્મ છે. આવી વાત છે. માને, ન માને ગમે તે કહે. વસ્તુ તો આ છે. આહા..હા..! લ્યો, જુઓને વ્યવહારનયનું કહ્યું.

અહીં ૮૪. ચાલતો અધિકાર. '**જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે, તો તે મુક્તિને પામે છે...**' જુઓ, '**જો જીવ નિશ્ચયરૂપ સમિતિ...**' ભાષા જુઓ, આ મુનિરાજ છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપમાં દૃષ્ટિ લગાવીને અંદરમાં રમણતા સ્થિરતા કરે તો મુક્તિને પામે છે. આહા..હા..! વ્યવહારથી મુક્તિ પામતા નથી. આહા..હા..! તો '**મોક્ષરૂપ થાય છે.**' લ્યો! છે? જે જીવ ભગવાન આત્માની નિશ્ચયરૂપ સમિતિ. સમ ઈતિ. આત્માની સમ્યક્. આત્માની સમ્યક્ પરિણતિ. આહા..હા..! જેમાં રાગનો અંશ નથી, રાગની સહાયતા નથી, રાગની અપેક્ષા નથી. જેમાં ભગવાન આત્માની અપેક્ષા થઈને નિશ્ચય અંતરમાં વીતરાગપરિણતિ ઉત્પન્ન થાય છે એનાથી મુક્તિ થાય છે, એનાથી મોક્ષરૂપ થાય છે. આહા..હા..! હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે. વ્યવહારથી થાય, મુક્તિ થાય એવી શ્રદ્ધા મિથ્યાત્વ છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા..! નાગા બાદશાહથી આઘા. આ તો મુનિઓ નાગા-નગ્ન. બાદશાહથી આઘા. દુનિયાની કાંઈ દરકાર નથી. દુનિયા માનશે કે નહિ માને. માર્ગ આ છે. સમજાણું કાંઈ? દુનિયા પાગલ કહે કે નહિ. માનો ન માનો તમારી મરજી. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, નેમિચંદ્ર ફાટેલ પ્યાલા છે. આહા..હા..! માર્ગ આ છે. ભગવાન આત્મામાં નિશ્ચય અંતર આશ્રયની એકાગ્રતા કરશે એ મુક્તિને પામશે. બાકી ત્રણકાળમાં વ્યવહારરત્નત્રયની ક્રિયાથી મુક્તિ થશે કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થશે એમ છે નહિ. આહા..હા..!

જયસેનાચાર્યમાં કળશ આવે છે. વ્યવહાર સમુચ્ચય. એ તો નિમિત્ત બતાવ્યું છે એટલું. જયસેનાચાર્યની ટીકામાં છે. એ તો નિમિત્તપણાથી જ્ઞાન કરાવ્યું. એવો વ્યવહાર હોય છે, પણ વ્યવહારનો આશ્રય છોડીને ભગવાન આનંદનો નાથ એની સમીપે જઈને, એનો આશ્રય લઈને જે ઉત્પન્ન થાય એનું નામ ધર્મ છે. આહા..હા..!

'**પરંતુ સમિતિના નાશથી (-અભાવથી)...**' આ છેને? આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદની આશ્રયની પરિણતિ વિના એના અવલંબનની દશા વિના. આહા..હા..! '**અરેરે! તે મોક્ષ પામતો નથી,...**' .. શું કરે? આહા..હા..!

**શ્રોતા :-** અનેકાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેકાંત છે. લ્યો, આ અનેકાંત છે. વ્યવહારથી પણ થાય અને

નિશ્ચયથી પણ થાય એવું અનેકાંત નથી. એ તો સ્યાદ્વાદનું કથન છે. કથન. આહા..હા..!

'**અરેરે! તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે.**' આહા..હા..! આ અનેકાંત છે. સ્વભાવ એકલો જ્ઞાનસ્વભાવ જાણકસ્વભાવનું પૂર પ્રભુ. જાણકસ્વભાવના નૂરનું પૂર એનો આશ્રય લઈને. જેટલી ક્રિયા આનંદની, શાંતિની ઉત્પન્ન થાય છે એ એક જ મુક્તિનું કારણ છે. એવા જ્ઞાનસ્વરૂપ ભગવાનના આશ્રય વિના જેટલો વિકલ્પાદિ, શુભાદિ હોય. આહા..હા..! મોક્ષને પામતો નથી. સમજાણું કાંઈ? ખેદ છે એમ કહે છે. અરેરે! વ્યવહારના વિકલ્પથી મુક્તિ નથી થતી. '**પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે.**' આ અનેકાંત કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ જેને સર્વજ્ઞ પંથ પ્રગટ્યો. સર્વજ્ઞ સ્વભાવ તો બધાનો છે. સર્વજ્ઞ સ્વભાવ તો બધા જીવનો છે. સર્વજ્ઞ સ્વભાવી જ ભગવાન આત્મા છે. પણ જેણે સર્વજ્ઞસ્વભાવનો આશ્રય લઈને પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ કર્યું. આહા..હા..! અસ્તિમાંથી અસ્તિ કાઢી. ભગવાન સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ આત્મા છે. અભવિનો પણ એવો આત્મા છે. આહા..હા..!

સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ એના સર્વજ્ઞના સ્વભાવના આશ્રયથી શક્તિમાંથી સર્વજ્ઞની પર્યાય પ્રગટ કરી એ દેવાધિદેવ આમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! લોકોને બાહ્યની પ્રવૃત્તિનો પ્રેમ ઘણો અને દુનિયાને દેખાય કે આ કાંઈક કરે છે. અંતરની ક્રિયા દેખાય નહિ. આહા..હા..! પરમાર્થવચનિકામાં બનારસીદાસે કહ્યું છે. પરમાર્થવચનિકા છેને? આગમપ્રવૃત્તિ લોકોને ખ્યાલ આવે એટલે સહેલી છે તો કરે છે. નિશ્ચય અધ્યાત્મની ક્રિયા તો ખ્યાલમાં આવતી નથી. વ્યવહાર હોં. અધ્યાત્મનો વ્યવહાર તો ખ્યાલમાં આવતો નથી. બનારસીદાસે કહ્યું છે. સમજાણું કાંઈ? 'જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાને, પણ મૂઢ મોક્ષમાર્ગ સાધી જાને નહિ.' શા માટે? 'મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે.' આગમપદ્ધતિમાં પંચમહાવ્રતાદિને વ્યવહાર કહે. છે? આગમપદ્ધતિને વ્યવહાર કહે, અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય કહે. 'તેથી આગમ એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે.' અધ્યાત્મને વ્યવહારથી પણ જાણે નહિ. અધ્યાત્મ વસ્તુ જે ત્રિકાળ છે એની પરિણતિ નિર્મળ એ અધ્યાત્મ-વ્યવહાર એ વ્યવહાર છે. નિશ્ચયમોક્ષમાર્ગ એ વ્યવહાર છે. એ અધ્યાત્મ-વ્યવહાર છે. એને જાણે નહિ. અને આ વ્યવહાર બહારની ક્રિયા દયા, વ્રત ને ભક્તિ ને પૂજા એ વ્યવહાર જાણે. એ આગમપદ્ધતિ. એને જાણે અને એને કરે. આહા..હા..! આ પરમાર્થવચનિકા છે. અહીંયાંથી છપાણી છે. આ બહાર નહોતી. અમે જ્યારે પહેલીવાર વાંચી. ત્યારે કીધું આ ચીજ બહાર નથી આવી. તો આ છપાવી. ૯૨માં મેં વાંચી હતી. ૯૨. ૪૦ વર્ષ થયા. ત્રણ ચિઠ્ઠી—ઉપાદાન-નિમિત્ત, બનારસીદાસ અને ઓલું રહસ્યપૂર્ણ. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ત્રણે પછી છપાવી. અરે! આવી વાત ગુપ્ત રહી ગઈ. બહારમાં આવી નહિ. આ મોક્ષમાર્ગમાં છપાવી.

જુઓ, આગમપદ્ધતિને વ્યવહાર કહે છે. ઓલી ક્રિયાકાંડ. અને અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય

કહે, વીતરાગી શુદ્ધ પરિણતિ છેને એને નિશ્ચય કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ત્રિકાળ દ્રવ્યને આશ્રયે થયું એને પણ નિશ્ચય કહે. 'એથી આગમ ..એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે. અધ્યાત્મ અંગને વ્યવહારથી પણ જાણે નહિ.' ત્રિકાળી આનંદકંદ પ્રભુ એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને આશ્રયે થાય એ વ્યવહાર છે. એ અધ્યાત્મનો એ વ્યવહાર છે. અધ્યાત્મનો નિશ્ચય ત્રિકાળ છે. અરેરે! શું થાય? લોકોને માંડ બહાર આવ્યું ત્યાં મારા... શું કરે? એટલું બનારસીદાસ લખી ગયા છે. આહા..હા..! છે? જુઓ, 'કારણ કે આગમ અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણથી દેખાય.' આ ભક્તિ કરે છે, પૂજા કરે છે, આ દાન કરે છે, મંદિર બનાવે છે. 'સૂઝે ક્યાંથી? આગમ અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ એનું સ્વરૂપ સાધના સુગમ બાહ્યક્રિયા કરતો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને, પણ અંતરગર્ભિત અધ્યાત્મરૂપ અંતરદષ્ટિગ્રાહ્ય છે એ ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ.' ક્રિયા હોં અંદરની. આનંદસ્વરૂપ ભગવાનની ક્રિયા એકાગ્રતા નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો જાણે નહિ.

ત્રણ ચીઠ્ઠી છે. રહસ્યપૂર્ણ છે, પરમાર્થવચનિકા છે, ઉપાદાન-નિમિત્ત બનારસીવિલાસમાં બે છે. આ રહસ્યપૂર્ણ જુઓ. રહસ્યપૂર્ણ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પહેલા અમને ૮૪માં મળી. ૮૪. ૪૮ વર્ષ થયા. પછી લખી લીધું હતું. પછી પુસ્તક મળ્યું અને આ અહીંયાં મળ્યું હતું બનારસી વિલાસ અહીંયાં ૯૨ની સાલમાં. ૯૧માં આવ્યાને? બનારસીવિલાસ જોયું. એમાં આ બે ચિઠ્ઠી હતી. પરમાર્થવચનિકા અને ઉપાદાન-નિમિત્તની. ઓહો..હો..! બહુ સારી વાત રહી ગઈ! આ શું છે? બહારમાં તો છે નહિ કીધું. પછી છપાવી. મોક્ષમાર્ગમાં નાખ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

પરંતુ '**તે મોક્ષ પામતો નથી,...**' કોણ? કે જે ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિ કરીને એકાગ્ર થવું. અંતરમાં વીતરાગી પરિણતિ પ્રગટ કરવી એ તો કરતા નથી. આહા..હા..! એનો અભાવ છે. '**અરેરે! તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે.**' લ્યો! ઈર્યાસમિતિની વાત કરી. આહા..હા..! ..માં કહ્યું હતુંને એકવાર? કે આ બહારનું છોડવું એ તો શુભરાગ. અને અંદર મગ-મગ. દીઠ મગ્ગેણ કીધું હતુંને? અંદરમાં માર્ગ જોયો છે પર્યાયે અંદરમાં જાવું એ જાય એ મોક્ષમાર્ગ છે. ધવલમાં આવે છે. આચાર્યે તો ભલે ગ્રંથ હોય, ધવલ હોય પણ એમાં સત્ય વાત કરી છેને. પર્યાયે નિર્મળ પર્યાયે દ્રવ્યને જોયો છે અને એ માર્ગનું ભાન થઈ ગયું છે. તો દીઠ મગ્ગેણ. દીઠે માર્ગે જ્ઞાની જાય છે અંદરમાં. આહા..હા..! માણસ નથી કહેતા કે જાણેલા માર્ગે જાવું, અજાણ્યા માર્ગે ન જાવું. આહા..હા..! એમ ભગવાન આત્મા જેણે સમ્યગ્દર્શન દ્વારા નિજ માર્ગ જોયો છે. પર્યાયને ઉંડે ધ્રુવમાં ઉતારી. આહા..હા..! ધ્રુવમાં પર્યાય કેમ લઈ જવી એ જોયું છે. આહા..હા..! જુઓને શબ્દો! આહા..હા..!

પર્યાય જે છે બાહ્યરૂપ એ પર્યાયને અંદર ધ્રુવમાં લઈ જવી. અસંખ્ય પ્રદેશે પર્યાય તો

છે. અહીંયાં છે એમ નથી. પેટમાં જે પ્રદેશ છે એમાં પર્યાય ઉપર છે, ધ્રુવ અંદર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પર્યાયને ધ્રુવમાં લઈ જવી.

**શ્રોતા** :- એ જ ઉપાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ જ ઉપાય છે. લઈ જવી એ ઉપાય છે. એ તો કહ્યું. લઈ જવી એ ઉપાય છે. એ જ ઉપાય છે. પર્યાય અંદર લઈ જવી એ ઉપાય છે. વળી ઉપાય બીજો છે? એ અંદર લઈ જવી એ ઉપાય છે. આહા..હા..! ..વાત ચાલતી નથીને એટલે લોકોને (બેસતી નથી).

વસ્તુ દ્રવ્ય અને પર્યાય બે ચીજ. તો પર્યાય વ્યક્ત છે અને વસ્તુ અવ્યક્ત છે પર્યાયની અપેક્ષાએ હોં. વસ્તુની અપેક્ષાએ વ્યક્ત છે. વસ્તુ તો વસ્તુ પ્રગટ છે. તો પર્યાયને અંદર ધ્રુવમાં લઈ જવી. ઊંડે લઈ જવી આવે છેને? આમાં આવે છે. ઊંડે લઈ જવી. અહીં ગહરે શબ્દ પડ્યો છે. ઊંડે. ઊંડું છે. કેટલામી છે? ૧૭ કળશ. આપણે ગુજરાતીમાં ઊંડું લીધું છે. ઊંડે-ઊંડે. ૨૬. '**ચૈતન્યમચમત્કારમાત્ર તત્ત્વમાં...**' ભાષા. ૨૬માં. '**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહારી નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં...**' વસ્તુ ધ્રુવ એમાં '**પેસી જાય છે...**' પર્યાય એમાં પેસી જવી. સંતોએ તો ઘણું સહેલું કરી નાખ્યું છે, પણ એ પરિચય નહિને આ વસ્તુનો. કેવળજ્ઞાન ઉપયોગરૂપી કાર્ય પેસી જાય છે. એકલા જ્ઞાનોપોયગમાં પેસી જાય છે. ઊંડે ઉતરી જાય છે. અમારી ગુજરાતી ભાષા '**ઊંડો ઉતરી જાય છે,...**' તમારી ભાષા ગહરા ઉતર જાતા હૈ. કેમ ઉતરે છે? કે ઉતરી જાય છે એ જ ઉપાય છે. આહા..હા..! છે?

'**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).**' એટલે મુક્તિ એને થાય છે. ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવમાં પર્યાયને ઊંડે ઉતારીને, ઊંડે ધ્રુવમાં લઈ જઈને એને મુક્તિ થાય છે. આહા..હા..! વાત તો જુઓ, ભાષા તો જેવી હોય એવી આવેને. આ કડાકુટ વધી ગઈ સંપ્રદાયમાં. વ્રત કરો અને અપવાસ કરો મરી ગયા બિચારા કરી કરીને. રાગમાં મિથ્યાત્વ છે. સંસાર રખડવાનો લાભ. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદની ... સત્ત્વ. એ આત્મતત્ત્વ પૂર્ણ જ્ઞાન આનંદનું સત્ત્વ. એવું જે આત્મતત્ત્વ. એમાં ઊંડે ન ગયો અને પર્યાયને બહારમાં રાખીને રાગમાં જોડી દીધી. આહા..હા..! અને માન્યું કે અમને ધર્મ થયો છે. ધૂળમાંય ધર્મ નથી. પુણ્યાનુબંધી પુણ્ય પણ થતું નથી ત્યાં સમ્યગ્દર્શન વિના. આહા..હા..! ઊંડે સમ્યગ્દર્શન થાય છે પછી એને તીર્થંકરગોત્રનો ભાવ આવે છે. અજ્ઞાનીને તીર્થંકગોત્રનો ભાવ હોય જ નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ તો સમ્યગ્દર્શન છે ત્યાં જ એવું પુણ્ય બંધાય છે. તીર્થંકર ગોત્ર એ બાંધે છે. મિથ્યાદષ્ટિ તીર્થંકરગોત્ર બાંધતા જ નથી. એણે લખ્યું છેને આ વર્ધમાન શાસ્ત્રી. નામ તો વર્ધમાનપાર્શ્વનાથ છે. બે તીર્થંકરના નામ છે. પાર્શ્વનાથ પહેલા ભગવાન મહાવીરને. મોટા છેને મોટા. મોટા એટલે પાર્શ્વનાથ. એનું નામ એમ છેને અહીં? બાપનું પહેલું નામ આવે છેને. અહીંયાં બાપનું પહેલું નામ આવે છે નહિ? આ હિન્દીમાં. અહીં આપણે દીકરા. મહાવીર ભગવાન પાર્શ્વનાથ. ..પહેલા મોટા.

અહીંયાં કહે છે. આહા..હા..! જુઓને કેટલી વાત કરે છે! શું છે? '**सपदि विशति**' '**विशति**' ઈ ને? '**विशति**' જોયું? '**विशति**'નો અર્થ એ કર્યો. ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ છે, પર્યાય ઉપર છે. બાહ્ય લક્ષમાં જાય છે. આહા..હા..! એ પર્યાયને અંદરમાં લઈ જવી. એ '**विशति**' ઊંડે ઉતરી જવું એ. આવી વાત છે. ભારે આવું! કોઈ દિ' સાંભળ્યું હોય પહેલુંવહેલું. કેટલાકે તો સાંભળ્યું જ નથી. માર્ગ આ છે, ભાઈ! સમજાય છે કાંઈ? પર્યાયનો સ્વામી છે ધ્રુવ ત્યાં આ પર્યાયને લઈ જવી. આહા..હા..! આચાર્યે તો કેટલા કાર્ય કર્યા છે! પ્રજા છેને. પર્યાય પ્રજા છે. પર્યાય કહો કે પ્રજા કહો, ધ્રુવ કહો કે પિતા કહો. આહા..હા..! પ્રસવ થાય છે. ધ્રુવમાંથી પર્યાય પ્રસવે છે.

**શ્રોતા :-** રાગાદિ પણ પર્યાય જ તો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરને લક્ષે પર્યાય ઉત્પન્ન થાય એ બધો સંસાર છે. સ્વના આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય એ મોક્ષમાર્ગ છે. આ ટૂંકી વાત. આહા..હા..! એ ઝઘડા વાદવિવાદે પાર ન આવે, બાપુ! 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' બનારસીદાસ કહે છે સમયસાર નાટકમાં. આહા..હા..! એ ઈર્યાસમિતિની વાત થઈ લ્યો. ૮૪ના નાટક બંધ કરવાની વાત થઈ ૮૪માં લ્યો. આહા..હા..! ૮૪ કળશ છેને? ૬૨ (ગાથા).

**पेसुण्णहासकक्कसपरणिदप्पप्पसंसियं वयणं।**
**परिचत्ता सपरहिदं भासासमिदी वदंतस्स।।६२।।**

વ્યવહારની અંદર પણ નાખ્યો નિશ્ચય પાછો. એ વસ્તુનું સ્વરૂપ એ છે.

**નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને**
**છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.**

'**ટીકા :- અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.**' ભાષાસમિતિ વ્યવહાર હોં અહીંયાં. બોલવાનો વિકલ્પ આવે છે એને વ્યવહાર કહે છે. ભાષા બોલવાની ક્રિયા તો જડની છે. ભાષા બોલે છે એ તો જડની ક્રિયા છે, પણ એમાં સત્ય બોલવાનો વિકલ્પ છે એ વ્યવહાર ભાષાસમિતિ છે.

'**ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં અને રાજાના કાનની નિકટ પહોંચેલા, કોઈ એક પુરુષ, કોઈ એક કુટુંબ કે કોઈ એક ગામને મહા વિપત્તિના કારણભૂત**

**એવા વચનો તે પૈશૂન્ય છે.'** ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં. એમ. રાજાના કાન સુધી ચાડીખોર. કોઈ પુરુષની હોય કે કોઈ કુટુંબની હોય કે કોઈ દેશની-ગામની હોય. **'ક્યાંક ક્યારેક કાંઈક પરિજનોના વિકૃતરૂપને અવલોકીને અથવા સાંભળીને હાસ્ય નામના નોકષાયથી ઉત્પન્ન થતું, જરાક શુભ સાથે મિશ્રિત...'** છે તો અશુભ. **'અશુભકર્મનું કારણ, પુરુષના મુખના વિકાર સાથે સંબંધવાળું,...'** હાસ્ય-હાસ્ય. મશ્કરી કરે છેને મશ્કરી? **'કાનના છિદ્રની નજીક પહોંચવામાત્રથી જે બીજાઓને અપ્રીતિ ઉપજાવે છે તે કર્કશ વચનો છે. બીજાનાં વિદ્યમાન-અવિદ્યમાન દૂષણપૂર્વકના વચનો (અર્થાત્ પરના સાચા તેમજ જૂઠાં દોષો કહેનારાં વચનો) તે પરનિંદા છે. પોતાના વિદ્યમાન-અવિદ્યમાન ગુણોની સ્તુતિ તે આત્મપ્રશંસા છે.'** આહા..હા..! પરના દોષ હોય અને ન હોય એની એ નિંદા છે. અને પોતામાં ગુણ હોય કે ન હોય બેને કહેવા એ આત્મપ્રશંસા છે. આહા..હા..!

**'આ બધાં અપ્રશસ્તવચનો પરિત્યાગીને સ્વ તેમ જ પરને શુભ અને શુદ્ધ પરિણતિના કારણભૂત...'** જુઓ, બીજાને શુભભાવ કે શુદ્ધ **'પરિણતિના કારણભૂત વચનો તે ભાષાસમિતિ છે.'** બીજાને શુભભાવ હોય કે શુદ્ધભાવ હોય એનું કારણ એવી ભાષાસમિતિ છે. આહા..હા..!

**'એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામી (આત્માનુશાસનમાં ૨૨૬માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૮, રવિવાર, તા. ૦૮-૦૨-૧૯૭૬, ગાથા-૬૩, કળશ-૮૫, પ્રવચન નં. ૧૭૩

૬૨ ગાથા. એનો છેલ્લો કળશ. **'એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામી (આત્માનુશાસનમાં ૨૨૬માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :'** ૧૨૨ પાને છે. શું અધિકાર છે? ભાષાસમિતિ. પાંચ સમિતિ છેને? એ ભાષાસમિતિ કોને કેમ હોય એ વાત ચાલે છે. વ્યવહાર-વ્યવહારની વાત ચાલે છેને. મુનિ હોય છે. જૈનદર્શનમાં મુનિ હોય તે દિગંબર હોય છે. એને વસ્ત્ર કે પાત્ર હોતા નથી. એ જૈનદર્શનના મુનિ. એને અંતરમાં નવ તત્ત્વની ઓળખાણમાં સંવર-નિર્જરાના કરનારા કોણ હોય એને જાણવા પડશેને. નવ તત્ત્વ. સંવર અને નિર્જરા કોને હોય? કેમ હોય? એ એને જાણવું જોશે. કહે છે કે મુનિ નગ્ન હોય છે, દિગંબર હોય છે. જૈનદર્શનમાં એ જ હતું. એ આ કૃત્રિમ પછી થઈ ગયું. બે હજાર વર્ષ પહેલા શ્વેતાંબર

પંથ નીકળ્યો. સનાતન વીતરાગમાર્ગ હતો એમાંથી દૃષ્ટિ વિપરીત થઈ ગઈ. પંથ નીકળ્યો. એવી વાત છે, ભગવાન! .. એ બધું કલ્પિત થઈ ગયું છે. વસ્તુનું ભગવાનના માર્ગનું સ્વરૂપ નથી. પોપટભાઈ! ભગવાનના માર્ગમાં વીતરાગ સર્વજ્ઞદેવ મહાવિદેહમાં માર્ગ ચાલે છે. એ માર્ગ આ દિગંબરનો માર્ગ છે. એના સાધુ કેવા હોય? છેને શ્લોક?

(मालिनी)

''समधिगतसमस्ताः सर्वसावद्यदूराः
स्वहितनिहितचित्ताः शांतसर्वप्रचाराः।
स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः
कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः।।''

'**શ્લોકાર્થ :- જેમણે બધું (વસ્તુસ્વરૂપ) જાણી લીધું છે,...**' નવ તત્ત્વ, ષટ્દ્રવ્ય ભગવાને કહ્યા. પરમેશ્વર સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવે છ દ્રવ્ય કહ્યા, નવ તત્ત્વ કહ્યા. એનું બધું સ્વરૂપ જેણે જાણી લીધું છે. આહા..હા..! એવા મુનિ હોય છે. '**જેઓ સર્વ સાવદ્યથી દૂર છે,...**' સાવદ્ય શબ્દે જેમાં પાપ લાગે એ સાવદ્ય. વસ્ત્ર-પાત્ર રાખવા એ પણ સાવદ્ય પાપ છે. પોતાના જીવને હણે છે ઈ. ઝીણી વાત, ભગવાન! શું કહે? ભગવાનના વિરહ પડ્યા અને બે હજાર વર્ષ પહેલા માર્ગ નીકળ્યો. એમાંથી સ્થાનકવાસી તો હમણા પાંચસો વર્ષે શ્વેતાંબરમાંથી નીકળ્યા. એમાંથી ૨૦૦ વર્ષ પહેલા હમણા તેરાપંથી તુલસી. શું થાય? માર્ગ તો જુદો છે. સમજાણું કાંઈ? કહે છે કે બધું સાવદ્ય દૂર કર્યું છે. વસ્ત્ર લેવાનો ભાવ પણ પાપ છે. એવું જેણે છોડી દીધું છે. આહા..હા..! એવા મુનિ હોય છે.

'**જેમણે સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે,...**' ભગવાન આનંદસ્વરૂપ આત્મા એમાં જેણે પોતાના ચિત્તને સ્થાપ્યું છે. આહા..હા..! અનાકુળ આનંદનો નાથ આત્મા અતીન્દ્રિય આનંદધામ સ્વયં જ્યોતિ સુખધામ, શ્રીમદ્‌માં આવે છેને 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુઘ ધામ' શ્રીમદ્ રાજચંદ્ર કહે છે. 'બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ' ભાઈ! આ શુદ્ધ છે, પવિત્ર અંદર ભગવાન છે. બુદ્ધ એકલો જ્ઞાનનો ઘન છે. સ્વયં જ્યોતિ ચૈતન્ય સ્વયં જ્યોત છે. એને કોઈ કરતા નથી. કે ઈશ્વર કર્તા હોય એવી ચીજ નથી. 'સ્વયં જ્યોતિ સુખધામ' આનંદનું સ્થાન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના ધામમાં છે ભગવાન આત્મા. એવું જેણે જાણ્યું છે, બધું જ્ઞાનમાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં જેણે ચિત્તને જોડ્યું છે. વર્તમાન જ્ઞાનની પરિણતિ પર્યાય એને આવા આત્મામાં સ્થાપી છે. આહા..હા..!

'**જેમને સર્વ પ્રચાર શાંત થયો છે,...**' કેવા છે? કે જેને માટે કોઈ વહીવટ કરવાનું નથી કે ભાઈ આ પાઠશાળા તમારે સાચવવી પડશે, ફલાણાને આટલું ભણાવવું પડશે. એ કોઈ વહીવટ મુનિને માથે હોતો નથી. આહા..હા..! અંદર વીતરાગી દશા જ્યાં પ્રગટી છે એને કોઈ પ્રચાર નામ વહીવટ કે આ મકાનમાં તમારે આટલું ધ્યાન રાખવું પડશે કે મકાનના

માણસોને .. પત્ર કાઢીએ છીએ એક. એ પત્રમાં તમારે ભાગ લેવો પડશે. શું કહેવાય માસિક?

**શ્રોતા :-** લેખ લખવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લેખ લખવો એ કાંઈ માથે હોઈ શકે નહિ. આહા..હા..! દિગંબર સંત નગ્નદશા બાહ્ય, અંતરમાં રાગરહિત દશા. આહા..હા..! એવી મુનિની દશા છે. જેમણે સર્વ વહીવટ કામ માથે લેવું. આહા..હા..! કે આટલું કામ તો તમારે મહારાજ કરવું પડશે. જે માથે હોય એને. એવા વિકલ્પના રાગના બોજા.. આ મુનિ કોને કહીએ? બાપુ! સમજાણું કાંઈ? એને ઓળખાણ કરવી પડશે કે નહિ? મુનિ કેવા હોય? જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા કોને મુનિ કહે છે. એ મુનિ આવા હોય. આહા..હા..!

'**સર્વ પ્રચાર...**' કામમાં આરંભ. કોઈપણ પ્રવૃત્તિનો આરંભ એ કરે નહિ. આહા..હા..! પૈસા ઉઘરાવવા કે પૈસા ઉઘરાવીને ધંધા કરવા કે શાસ્ત્રો માટે પૈસા ભેગા કરવા એ મુનિને હોય નહિ.

**શ્રોતા :-** ધર્મ ઉપદેશ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપદેશ તે બીજી વાત છે. રાગની મંદતાની વાત પોતે કરે. ખરડા કરાવે પૈસાના. અત્યારે નથી કરતા તમારે? તીર્થ ફંડ માટે. નગ્ન મુનિ છે એ. એ કરે નહિ. માર્ગ નથી, બાપા! આહા..હા..! આ તો વ્યવહારે છે. દ્રવ્યલિંગી પણ ક્યાં છે? આહા..હા..!

'**આરંભ; બાહ્ય પ્રવૃત્તિ.**' જેને અંતર આનંદના નાથમાં પરિણતિ થઈ ગઈ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના જ્યાં અંતરમાં ઝરણા વહે છે, એના વેદન વહે છે ઉગ્ર. સમ્યગ્દષ્ટિને પણ ધર્મની પહેલી સીઢીવાળા સમ્યગ્દષ્ટિ એને પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની સન્મુખ થઈને આત્માની જે પ્રતીત કરી છે એમાં અનંતાગુણોનું શક્તિની વ્યક્તતાનો અંશ બધાને પ્રગટ્યો હોય છે સમકિતીને. આહા..હા..! 'સર્વ ગુણાંશ તે સમકિત' એ શ્રીમદ્દનું વાક્ય છે. જેટલા આત્મામાં ગુણ છે અનંત એ બધા ગુણની શક્તિનો અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે, એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. સમજાણું કાંઈ? એને અનંત જેટલા ગુણો ભગવાન આત્મામાં છે. કેટલા ગુણો? કે આકાશના પ્રદેશ જે અમાપ છે. આકાશ-આકાશ. લોક અને અલોક... અલોક... અલોક... આકાશ અનંત... અનંત... અનંત... ક્યાંય છેડો નથી. એવા આકાશના પ્રદેશે એક રજકણને રોકે તેટલા ભાગને પ્રદેશ કહીએ. એવા પ્રદેશ જે અનંત છે એથી એક આત્મામાં અનંતગુણા ગુણ છે. ક્યાં ખબર આત્મા શું? આહા..હા..! એ આકાશના જે પ્રદેશો છે એ ત્રણકાળના સમય કરતા અનંતગુણા છે. આ જીવની સંખ્યા ભગવાને જે જોઈ છે પરમેશ્વરે. એના કરતા પરમાણુની સંખ્યા અનંતગુણી જોઈ છે આ રજકણ. આ રજકણ પિંડ. આ કાંઈ .. એક તત્ત્વ નથી. અનંત રજકણ. અનંત રજકણનો પિંડ છે આ. એવા અનંત રજકણનું આ બધું.

એ આત્માની સંખ્યા અનંત કરતા અનંતગુણા તો અજીવ છે. એથી અનંતગુણા ત્રણકાળના સમય છે. ત્રણકાળ લોક અનાદિ-અનંત. એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે, એનાથી અનંતગુણા એક જીવના ગુણ છે. અરે! ભગવાન! એને ક્યાં ખબર છે? અહીં તો જરી પૈસા જાણે બે લાખ, પાંચ-દસ લાખ, કરોડ, બે કરોડ થઈ જાય જાણે ઓહો..હો..! એ શું થઈ ગયું જાણે એને. ધૂળેય નથી સાંભળને. એ તો બધા માટી, જડ, અજીવ છે. તારામાં અનંતગુણા ગુણ ભર્યા છે. અરૂપી ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે કહ્યા છે એમ છે. ઈ એટલા અનંતગુણમાંથી સમ્યગ્દર્શનમાં. આહા..હા..! હજી તો ચોથું ગુણસ્થાન. શ્રાવક તો ક્યાંય રહ્યા, મુનિ તો કોને કહેવા એ તો જોયું, બાપુ! સમજાણું કાંઈ? ઝવેરચંદભાઈ! આ બધા અગ્રેસર ત્યાં. શેઠિયા કહેવાય સ્થાનકવાસીના. ખબર ન મળે કાંઈ.

**શ્રોતા :-** શેઠિયા છે તો એટલી તો ખબર છેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! અરે! આ મૂળ ચીજ જ જાણવાની જે છે એ વાત જ આખી રહી ગઈ અને બહારની કડાકૂટ પડી છે બધી. એમના ભત્રીજાને છે ગુણવંતને. કપુરભાઈનો દીકરો છે એને રસ છે આ. આહા..હા..! અરે! ભગવાન! એકવાર આ ત્રણલોકના નાથ. સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા છે. એની વાણીમાં આવી વાત છે. આહા..હા..!

એ કહે છે કે જેને '**સર્વ પ્રચાર...**' આહા..હા..! મુનિને તો કાંઈપણ એક આનંદનો નાથ જેમાં જાગ્યો છેને. સમ્યગ્દ્રષ્ટિને પણ અનંતગુણનો અંશ જ્યાં પ્રગટ્યો છે, તો મુનિને તો અનંતગુણની ઉગ્રતાનો અંશ પ્રગટ થયો છે. આહા..હા..! સમ્યગ્દ્રષ્ટિને પણ આત્માના આનંદનો અંશ જાગ્યો છે એને સમ્યગ્દ્રષ્ટિ કહીએ, ચોથે ગુણસ્થાને કે જે આનંદના અંશ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા કૂતરા જેવા લાગે. બાપુ! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ઈન્દ્રાણી હજારો, જેના બબ્બે સાગરની આયુષ્યની સ્થિતિ ઈન્દ્રની. જેના ભવમાં અનેક કરોડો અપ્સરાઓ આવે અને જાય ઈન્દ્રાણી. અને એ કાંઈ ધાનના ઢગલા નથી કે ધાનના ઢીંગલા બે દિ' ન ખાય તો આમ થઈ જાય. એને કંઠમાંથી અમૃત ઝરે. આહા..હા..! એના ભોગ પણ સમ્યગ્દ્રષ્ટિને ઝેર જેવા લાગે. કાળો નાગ જેમ દેખેને થાય એવું એને લાગે. આહા..હા..!

વિકલ્પ ઉઠે વિષયનો તો ઝેર જેવું લાગે, દુઃખ લાગે. આહા..હા..! એને સમ્યગ્દ્રષ્ટિ કહીએ. એ તો જૈનનો પહેલો એકડો. આહા..હા..! સમજાણું કાંઈ? અને એના પછી આ મુનિ છે પાંચમે ગુણસ્થાને શ્રાવક હોય એ સાચા, એને તો આનંદ વિશેષ વધી ગયો હોય છે. આહા..હા..! અને એનાથી આગળ વધીને જેને મુનિપણું છે ઓહો..હો..! એ તો પંચપરમેષ્ઠી. એમાં ભળ્યા. એને તો કહે છે કે કાંઈપણ કામ કરવું માથે રહ્યું નથી અને અનંત-અનંત આનંદનું પ્રચુર સ્વસંવેદન જેને પ્રગટ્યું છે. શું કહે છે આ? મુનિ એને કહીએ દિગંબર સંત જંગલમાં વસતા

અને જેને અંતરમાં અતીન્દ્રિય આનંદના ઉભરા આવ્યા છે ભરતી. દૂધનો ઉભરો આવે એ તો પોલો આવે. દૂધ-દૂધ હોયને અધમણ હોય એ કાંઈ કસદાર ન હોય. પોલું હોય. એ કાંઈ દૂધ વધતું નથી. આ તો આનંદનો નાથ અંદર કસથી ભરેલો છેને. આહા..હા..! જેની સ્થિરતા ચારિત્ર પ્રગટ્યું છે એને આનંદનું ધામ અંદર ઉગ્રપણે વહે છે. આહા..હા..! બાપુ! કોને કહેવો (ધર્મ), ભાઈ! આ તો જિનેશ્વર માર્ગ છે, બાપા! એ ત્રણકાળમાં ક્યાંય એવી વાત છે નહિ. આહા..હા..!

એને પ્રચુર આનંદનું સંવેદન હોય છે. આહા..હા..! એથી બહારનું કોઈપણ કામ માથે લેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શાસ્ત્ર લખે તો વિકલ્પ આવ્યો અને લખીને પાના પડ્યા રહે. આહા..હા..! ગૃહસ્થો આવીને લઈ લે. એને માથે બોજો નથી. આહા..હા..! માર્ગ બાપા! પ્રભુ! માર્ગ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એનો માર્ગ જુદો છે.

‘**જેમની ભાષા સ્વપરને સફળ (હિતરૂપ) છે,...**’ એવી વીતરાગી વાણી મુનિ કહે કે પોતાને પણ હિતરૂપ અને પરને પણ હિતરૂપ. આહા..હા..! એટલે કે મોક્ષના માર્ગને જે વાત કરે એમ કહે છે. ઈ છેને? આહા..હા..! બંધનથી રહિત ભગવાન આત્મા અબંધસ્વરૂપી પ્રભુ એની ઓળખાણ, એની શ્રદ્ધા અને એમાં ઠરવું એ વાત કરે કહે છે. સમજાણું કાંઈ? આ અત્યારે જુઓને સાધુને નામે સાધુ છે જ ક્યાં? પણ મંત્ર ને જંત્ર ને શું કહેવાય સમજાણું એ બધું વિદ્યા ને ચમત્કાર ને ખોટે ખોટે ઢોંગેઢોંગ. આહા..હા..! સાધુ તો છે જ ક્યાં પણ એના .. એને ન ખપે એવી ચીજો કરે. ચમત્કાર અને આ લગાવે અને ફલાણો મંત્ર જપ્યા છે આનું આ .. શું કરે છે આ? સમજાણું કાંઈ? એ માર્ગ વીતરાગનો વ્યવહારનો પણ નથી. આહા..હા..!

શું કહ્યું? ‘**સ્વપરને સફળ (હિતરૂપ) છે,...**’ એવી જ ભાષા હોય છે. એનો અર્થ શું કીધો? કે જેને આત્માનું હિત પોતાને થાય અને પરને હિત થાય મોક્ષનો માર્ગ એવી એ ભાષા કરે છે. આહા..હા..! ભાષા શું ગુણભદ્રાચાર્યની ‘**જેઓ સર્વ સંકલ્પરહિત છે,...**’ કોઈપણ સંકલ્પ-વિકલ્પની જેને જરૂર નથી. આનંદ... આનંદ... આનંદ... વીતરાગપણામાં. આહા..હા..! ‘**તે વિમુક્તપુરુષો...**’ ‘**તે વિમુક્તપુરુષો આ લોકમાં વિમુક્તિનું ભાજન કેમ ન હોય?**’ આવા સંત મોક્ષ કેમ ન જાય? એમ કહે છે. આહા..હા..! પૂર્ણ સિદ્ધદશા! એવા પુરુષો ‘**આ લોકમાં વિમુક્તિનું ભાજન...**’ .. વર્તન કેમ ન હોય? ‘**(અર્થાત્ આવા મુનિજનો અવશ્ય મોક્ષના પાત્ર છે.)**’ આહા..હા..! સમજાણું કાંઈ?

‘**વળી (૬૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**’

(अनुष्टुभ्)

परब्रह्मण्यनुष्ठाननिरतानां मनीषिणाम्।
अन्तरैरप्यलं जल्पैः बहिर्जल्पैश्च किं पुनः।।८५।।

આહો..હો..! '**શ્લોકાર્થ :- પરબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત...**' આ ભાષા પણ ન હોય. પરબ્રહ્મ એટલે શું હશે? પરબ્રહ્મ આત્માને ન હોય. વૈષ્ણવમાં વેદાંતમાં પરબ્રહ્મ હોય. પરમ બ્રહ્મ આ આત્મા. બ્રહ્મ નામ આનંદનું ધામ ભગવાન. પરમ આનંદસ્વરૂપ ભગવાન છે. શરીર, વાણી, મન નહિ, પુણ્ય, પાપના વિકલ્પો દયા, દાન, એ પણ એમાં નથી. અને અપૂર્ણતા ગુણ નથી જેનામાં. આહા..હા..! જેમાં ગુણની અનંત શક્તિઓ છલોછલ ભરી છે. એક-એક ગુણની અનહદ શક્તિ છે. એવા અનંતગુણનું ધામ ભગવાન આત્મા આહા..હા..! એને પરમબ્રહ્મ કહે છે. પરમ બ્રહ્મ આનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયું તે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સ્તુતિમાં આવે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ. પ્રભુ તુમ જાણગ રીતી.' ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. કેવળજ્ઞાની વીસ તીર્થંકરો મોજુદ બિરાજે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ સૌને પેખતા હો લાલ.' હે નાથ! આ સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોકના ભાવ જોવો છે. પ્રભુ! પણ અમારા આત્માને તમે કેવો જોવો છો? કે એની નિજસત્તા પોતાનું હોવાપણું. નિજસત્તા એ શુદ્ધ. શુદ્ધ પરમબ્રહ્મ આનંદ એવો તમે જોવો છો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેની વાણી સાંભળવા એકાવતારી ઈન્દ્રો આવે. ઈન્દ્ર અને ઈન્દ્રાણી શક્રેન્દ્ર છે. પહેલા દેવલોક સુધર્મદેવલોક જેના ૩૨ લાખ વિમાન છે. એમાં ઘણા વિમાન તો અસંખ્ય દેવોથી ભરેલા છે. એવા-એવા ૩૨ લાખ વિમાન. એનો સાહેબો શક્રેન્દ્ર અત્યારે છે. ભગવાનના આગમમાં કહ્યું છે કે એ એકાવતારી છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે. ઈન્દ્ર છે અત્યારે. મેરુ પર્વતની ઉપર સુધર્મ દેવલોક. આહા..હા..! એની ઈન્દ્રાણી છે. એ પણ એકભવતારી મોક્ષ જનારી છે. એવું ભગવાનના પરમ આગમ-શાસ્ત્રમાં કહ્યું છે. એ એકાવતારી એક ભવે મોક્ષ જનારા ઈન્દ્ર અને ઈન્દ્રાણી. આહા..હા..! જેની સભામાં સાંભળવા બેઠા હોય. ભગવાન ત્રિલોકનાથ થવાની ૐ ધ્વનિ ઉઠતી હોય. વાઘ ને નાગ ને આહા..હા..! જેની સભામાં સેંકડો સિંહ અને વાઘ, નાગ બેઠા હોય છે. અત્યારે છે ભગવાન મહાવિદેહમાં. આહા..હા..! એ ભગવાનની વાણી કેવી હોય, બાપુ? જે એકાવતારી ઈન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી એને સાંભળવા મળે. આ દયા પાળો, દયા પાળો. હવે એ તો કુંભાર પણ દયા પાળો કહે છે. એ માર્ગ છે? પરની દયા પાળી શકે છે? એ તો મિથ્યાત્વભાવ છે. પરની દયા પાળી શકું, પરની ક્રિયા કરી શકું એ તો મિથ્યાત્વ છે. આહા..હા..!

ભગવાનની વાણીમાં આ આવ્યું હતું. એ સંતો કહે છે. ભગવાન! '**પરબ્રહ્મના અનુષ્ઠાનમાં**

**નિરત...**' સાધુ છે. આહા..હા..! શરીર, વાણી, પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રતના વિકલ્પ એ દુઃખરૂપ છે. એનાથી રહિત ભગવાન પરમબ્રહ્મ ઉત્કૃષ્ટ આનંદનો સાગર પરમાત્મા. પોતે પરમાત્મા હોં. કેમ બેસે? આહા..હા..! '**પરબ્રહ્મના અનુષ્ઠાન...**' આ અનુષ્ઠાન એનું. મુનિઓનું આ અનુષ્ઠાન નામ આચરણ. આહા..હા..! પરબ્રહ્મ આનંદસ્વરૂપમાં રમણતા એ એનું આચરણ અને એ એનું અનુષ્ઠાન અને એ એની ધર્મક્રિયા. વાત બીજી, બાપુ! બહુ લાગે લોકોને. જૂના .. પડ્યા હોય એને આ વાત એવી લાગે. ..ભાઈ! આહા..હા..!

કહે છે કે સંત કેવા હોય જૈનદર્શનના સાધુ? કે બાહ્યથી નગ્ન હોય, વનવાસમાં રહેતા હોય કોઈ જંગલમાં અને અંતરમાં પરમબ્રહ્મ આચરણમાં પડ્યા હોય છે. આહા..હા..! આનંદ-આનંદ. અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ. શક્કરકંદ નહોતું કહ્યું? શક્કરકંદ હોય છેને. એ ઉપરની છાલ લાલ સિવાય આખો કંદ મીઠો ભર્યો છે. શક્કરકંદ તેથી કહેને. શક્કર એટલે સાકરનો પિંડ છે એકલો મીઠાશનો. એમ આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પ છે એ છાલ છે. એની પાછળ અંદર આનંદનો નાથ પડ્યો છે, કંદ પડ્યો છે. કોઈ દિ' સાંભળ્યું ન મળે શું સર્વજ્ઞ. આહા..હા..! એવા પરમબ્રહ્મમાં જે નિરત છે. ત્રણ શબ્દ વાપર્યા. પરમબ્રહ્મ ભગવાન, એનું અનુષ્ઠાન અને રમણતા એમાં નિરત છે. આહા..હા..! જેમાં આનંદના ભાવમાં જેની લીનતા છે કહે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના જેને ભરતી અંદર આવે છે. દરિયામાંથી ભરતી આવેને પાણીની બહાર, એમ અંતરમાં એકાગ્ર થાય છેને. ત્યાં અતીન્દ્રિય આનંદની વર્તમાન પર્યાય અવસ્થામાં જેને ભરતી આવે છે. એમાં એ નિરત છે. છે?

'**(અર્થાત્ પરમાત્માના આચરણમાં લીન)...**' નિરત એટલે લીન. એ પરમાત્મા એટલે આ હોં. આહા..હા..! જુઓ, આ જૈનદર્શનના સંતોની કથની! આહા..હા..! પરમેશ્વર, જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા એની વાણીમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? મુનિઓ કેવા હોય છે? આહા..હા..! જે પરમાત્માના આચરણમાં લીન હોય છે. પરમાત્મા એટલે પોતે. પરમબ્રહ્મ કીધુંને? પરમબ્રહ્મને અહીંયાં પરમાત્મા કહ્યું. પરમસ્વરૂપ, પરમબ્રહ્મ, પરમસ્વરૂપ. અખંડ આનંદનો નાથ, અખંડ જ્ઞાન, અખંડ શ્રદ્ધા, શાંતિ, સ્વચ્છતા, અનંતગુણનો પિંડ એવો જે પરમસ્વરૂપ ભગવાન આત્મા એનું અનુષ્ઠાન, આત્માનું અનુષ્ઠાન, એમાં આચરણ. દયા, દાનના વિકલ્પનું આચરણ નહિ. આહા..હા..! કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ.' છેને શ્રીમદ્‌માં આવે છે. 'ઔષધ જે ભવ રોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહા..હા..!

અહીં કહે છે કે... મુનિરાજ પોતે પદ્મપ્રભમલધારિ મુનિ. એમનો આ કળશ. ૯૦૦ વર્ષ પહેલા થઈ ગયા. '**પરબ્રહ્મના...**' આચરણમાં જે લીન છે. આહા..હા..! અનુષ્ઠાન આ એની ક્રિયા. મહાવ્રતના પરિણામ રાગ છે એમાં લીન છે એમ ન કહ્યું. હો, પણ એને જાણીને પોતાના સ્વરૂપમાં લીન છે. અધિકાર વ્યવહારનો એમાં આ નાખ્યું. આહા..હા..! અરે! એને

સત્ય સાંભળવા મળે નહિ. એ સત્યને કે દિ' જાણે? કે દિ' વિચરે? અને કે દિ' પરિણમે? અરે! જિંદગીયું ચાલી જાય એમ ને એમ, બાપા! પૈસા તો કરોડો, અબજો ઘણા થાય છે. ધૂળમાંય કાંઈ નથી. દુઃખના નિમિત્ત છે એ તો. આનંદનું કારણ તો ભગવાન આત્મા છે.

**શ્રોતા :-** (પૈસા) એના વિના પ્રતિષ્ઠા કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય પ્રતિષ્ઠા શું છે? ઈ તો થવાની હોય તો થાય જ ત્યાં. આ પ્રતિષ્ઠા થવાની છેને એમ પૂછે છે. પોપટભાઈને એ બધા કરવાના છેને. એ થવાનું હોય ત્યાં હોય જ બધું. પોપટભાઈ! આ તો આજ સવારનું સાંભળ્યું ઓલા નહિ, ભાઈ! તમારા રામજીભાઈ. રામજી પટેલ. અહીં નથી આવતા? આપણે વ્યાખ્યાનમાં આવે છે. રાજકોટવાળા નહિ? કરોડપતિ. અહીં બેસતા નહિ? અહીં આવે. પટેલ. ૩૫ લાખનું તો હમણા એક સિનેમા નાખ્યું રાજકોટમાં એની. હરિચંદભાઈ ગયા હતા આપણા આ ગઢડાવાળા છેને એ રહેતાને ભેગા ચાર મહિના. એને લઈ ગયા એ ત્યાં. ૩૫ લાખનું સિનેમા. હવે અહીં જુઓ તો કણબી. બેસતા સાંભળવા. એને પ્રેમ હતો અહીંનો. કરોડપતિ. ૩૫ લાખનું તો સિનેમા નાખ્યું હમણા. એમ કે મહારાજ અહીં આવશે ત્યારે એના પગલા કરાવા છે. જુઓ વળી કણબી. દેખે તો કાંઈ ન લાગે. એમાં શું? ધૂળ તો પૂર્વના પુણ્ય હોય તો આવે. એમાં એની સાથે સંબંધ શું છે? આ ભગવાન આત્માની લક્ષ્મી પામવી એ વસ્તુ છે. આહા..હા..! જેનાથી જન્મ-મરણના અંત આવે અને જેમાંથી સિદ્ધપદ પ્રાપ્તિ થાય એ વસ્તુ છે. અહીં તો બધી ધૂળ-ધાણીને. આહા..હા..! દુનિયામાં ગાંડા પાગલમાં મોટા કહેવાય. ગાંડમાં ગાંડા મોટા કહેવાય. આહા..હા..!

અહીં તો મુનિરાજ કહે છે કે મુનિઓ, સંતો જૈનના કેવા હોય છે? આહા..હા..! કે જે પરમાત્મા પોતાનું સ્વરૂપ તેનું આચરણ. એમાં આચરણ. આત્માના આચરણમાં એ લીન છે. આહા..હા..! દેહની ક્રિયા નહિ, દયા, દાનના વિકલ્પમાં એ લીન નથી. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો? ઓલું તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, રાતે ચોવિહાર કરવો, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, દયા પાળવી, એકેન્દ્રિય, બેઈન્દ્રિયની, ત્રણ ઈન્દ્રિય. એકેન્દ્રિયા બે ઈન્દિયા તેઈન્દ્રિ... આવું સાંભળ્યું હતું. ભગવાન! તે સત્ય સાંભળ્યું નથી, બાપુ! એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. સમજાણું કાંઈ? અમે પણ એમ કરતા બધું હોં દુકાન ઉપર ત્યાં નાની ઉંમરમાં. ૧૬-૧૭ વર્ષની ઉંમર. પડિક્કમણા કરતાં, આવું કરતા, અપવાસ કરતા. આઠ દિ'માં ચાર અપવાસ કરતા. ઘરની દુકાન પિતાજીની. માનીએ કે આપણે ધર્મ કરીએ છીએ. અરે! ક્યાં બાપા! ધર્મ ક્યાંય રહ્યો, ભાઈ!

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પણ પોતાના અનુષ્ઠાનમાં લીન થોડા હોય છે. મુનિ એના અનુષ્ઠાનમાં વિશેષ લીન હોય છે. આહા..હા..! અપૂર્વ અરૂપી આનંદઘન ભગવાન એવું પરમબ્રહ્મ પરમાત્મ પોતાનું સ્વરૂપ એમાં એ લીન હોય છે. આહા..હા..! એ પંચમહાવ્રત પાળે છે, નગ્ન રહે

છે એમ ન કહ્યું. એ તો બધી ક્રિયા જડની નગ્ન આદિ. પંચમહાવ્રતના વિકલ્પ એ રાગ આસ્રવ. આહા..હા..! અરે! એવા ડાહ્યા પુરુષોને. જોયું? છે? એ ડાહ્યા કહેવાય. આહા..હા..! ડાહ્યા. ... 'ડાહ્યા તારું ડહાપણ ક્યારે કહેવું?' એક વાંકાનેરના હતા. ડાહ્યાભાઈ ધોલસા. સાંભળ્યું હતું રતિભાઈ! નહિ? નાટકમાં હતું. ડાહ્યાભાઈ ધોલસા. અન્યમતિ હતા. વાંકાનેરના. ત્યાં નાટકમાં જોયુંને. અમે પાલજેથી ભરૂચ જતાને તો ૬૪ની સાલની વાત છે. ૬૪-૬૪. સંવત્ ૧૯૬૪. અને અમારા સ્થાનકવાસીનું ઘર ખરુંને ત્યાં? પાલેજમાં .. ઘર મોટું. ૩૦ માણસ ઘરમાં. બે દુકાન ચાલતી. એટલે સાધુબાધુ આવે તો અમારે કરવું પડે. લઈ આવવા, મૂકવા બધું. અને હું ભગત કહેવાતો. નાની ઉંમરમાં હું તો નિવૃત્તિવાળો. આપણને બહુ પ્રવૃત્તિ નહિ. પછી સાધુ આવવાના હતા આ બરવાળાના. મોહનલાલજીના.. ગુજરી ગયા. બરવાળાના સાધુ. મુંબઈ ગયા તો આવ્યા હતા. ભરૂચ એને લેવા ગયા હતા પાલેજથી. તો માંડ માંડ હાથ આવ્યું... પછી જોડે ધર્મશાળા છે ત્યાં. ભરૂચની છે ત્યાં મળ્યા. પછી વખત હતો. કીધું ચાલો જઈએ. નાટક જોવા જઈએ. એ વખતે તો વૈરાગ્યના નાટક. ડાહ્યાભાઈ ધોલસાનું નાટક હતું. એક આઠ દિ'માં ત્રણ નાટક પાડતા અને એક રાતના પંદરસો રૂપિયા આવતા હતા. તે દિ' ૬૪ની સાલ વાત છે. ડાહ્યાભાઈ આપણા વાંકાનેરના. અમે ગયા તે દિ' ભાઈ કેવા? કેવી કહેવાય? મીરાંબાઈ. મીરાંબાઈનું નાટક હતું. પણ એ વખતે વૈરાગ્યના નાટક બહુ. મીરાંબાઈ કહે છે. પરણે છે. રાણો કહે છે મારે ઘરે ચાલ. અરે! રાણા! 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ ન બાંધુ.' કેવા વૈરાગ્ય! મારા આનંદનો નાથ ઈશ્વર. એણે માનેલોને ઈ જાતનો. ઈશ્વરને હું પરણી છું. એમાં લીન થઈ ગઈ. હવે મારે પતિ બીજો ન હોય. સમજાય છે? બહુ વૈરાગ્યના, ઘણા વૈરાગ્ય. અત્યારે તો આ બધું શું કહેવાય તમારું? ફિલ્મ-ફિલ્મના કાળાકેર. બાયડી આમ ઊભી હોય અને આદમી આમ હાથ નાખે આ તે નીતિના ઠેકાણા છે? આવા ... બહાર છાપે. અને એ વખતે તો વૈરાગ્યના બહુ. ઈ ડાહ્યાભાઈ મરતા વખતે. તે દિ' ૬૪ની સાલ. આઠ દિ'માં ત્રણ નાટક પાડે. સાડા ચાર હજાર. પંદરસોનો .. અમે જોવા ગયા હતા. ઈ જ્યારે મરવા પડ્યા ત્યારે કહે છે. હે ડાહ્યા! ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ કે અત્યારે શાંતિથી દેહ છોડ ... બધા નાટક-બાટક કર્યા અને પાડ્યા. આહા..હા..! 'જગતને મરણતણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર છે.' આહા..હા..! પહેલેથી આત્મજ્ઞાન થયું એટલે ભાન થયું એની વાત છે. આપણે ... એમ કે ડહાપણ થયું અત્યારે શાંતિથી દેહ છોડ તો તું ડાહ્યો કહેવા, નહિતર તો મૂર્ખ છો મોટો. ડાહ્યા ધોલસા બહુ એ વખતે પ્રસિદ્ધ હતો. પણ એને ઘણા વર્ષ થયા. ૬૪ની સાલ.

**શ્રોતા :-** ૬૮ વર્ષ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૬૮ વર્ષ. અને અમારે તો અહીંયાં ૮૬ થયા. અહીં તો બધા ઘણા વર્ષ પહેલાની ખબર છે બધી. આહા..હા..! મોટા-મોટા નાટક જોયા છે. આહા..હા..!

ઈ ડાહ્યો કહે છે કે ડાહ્યા તારું ડહાપણ કહીએ અત્યારે દેહથી ભિન્ન પડીને દેહ છોડ તો. રતિભાઈ! .. એ તો બહુ પ્રસિદ્ધ હતા ડાહ્યાભાઈ. આપણે કાઠિયાવાડમાં બહુ પ્રસિદ્ધ. ડાહ્યા ધોલસા. ડાહ્યાભાઈ ધોલસા કહેવાતા. અમે તો નાની ઉંમરમાં બધું અમારે તો પ્રવૃત્તિ હતીને ઘરની. આહા..હા..! કહે છે, હે ડાહ્યા! અહીં કહે છે જુઓ, આવા ડાહ્યા પુરુષો કહેવાય કે જેને પરમબ્રહ્મ આનંદનો નાથ તેના અનુષ્ઠાનમાં લીન તેને ડાહ્યા કહેવાય. લ્યો, રતિભાઈ! આ બધા તમે સંસારના ડાહ્યા કહેવાઓ છોને. આહા..હા..!

**'એવા ડાહ્યા પુરુષોને....'** ઓહો..હો..! ગજબ કામ કર્યું છેને. જેને પરમબ્રહ્મ પરમાત્મા પોતાનો આનંદનો નાથ ભગવાન એના અનુષ્ઠાન, એની લીનતાના આચરણમાં લીન છે. આહા..હા..! જેને વિકલ્પમાત્ર નથી. નિર્વિકલ્પ આનંદની ધારા જેને વહે છે. આહા..હા..! **'એવા ડાહ્યા પુરુષોને—મુનિજનોને અંતર્જલ્પથી પણ બસ થાઓ,...'** અંતર વિકલ્પ ઉઠે કે 'હું આવો છું ને તેવો' એ પણ બસ થાઓ હવે. આહા..હા..! છે? **'(-વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી) પણ બસ થાઓ,...'** હું આનંદનું ધામ ભગવાન પરમબ્રહ્મમાં રમવા માગુ છું. અંતરનો વિકલ્પ 'આ ગુણ છે અને આ આત્મા છે, આ પર્યાય છે' એવો જે વિકલ્પ છે અંતરમાં વૃત્તિ ઉઠે છે રાગ. બસ થાઓ. અલમ બસ થાઓ, આહા..હા..!

તો **'(-ભાષા બોલવાની) તો વાત જ શી?'** છે? ભાષાસમિતિમાં આવી વાત નાખી. જ્યાં અંતર્જલ્પમાં બસ થાઓ ત્યાં ભાષા બોલવાની તો વાત જ શી? આહા..હા..! જડ ભાષા. બોલવા કાળે વિકલ્પ ઉઠે રાગ. આહા..હા..! સમજાણું કાંઈ? ભલે શુભરાગ છે. બોલવા ટાણે શુભ પણ રાગ-રાગ છે. આહા..હા..! રાગ વિના ભાષા છદ્મસ્થને ન હોય. એ ત્યાં નિયમસારમાં લખ્યું છે. પરિણામ રાગ વિનાના ભાષા એને ન હોય. કેવળીને રાગ વિનાની ભાષા હોય એને. એમ કે આ પરિણામપૂર્વક ભાષા હોય. આહા..હા..! બસ, થાઓ. અમે અંતરમાં સમાવા માગીએ છીએ. જ્યાં ભગવાન છે ત્યાં અમે જવા માગીએ છીએ. પોતાનો નાથ છે ત્યાં. આહા..હા..!

**'વાત જ શી?'** ભાષા જડ છે, પણ બોલવામાં વિકલ્પ ઉઠે તો રાગ છે ભેગો. આહા..હા..! એ રાગ છે એ બંધનું કારણ છે. ભાષાસમિતિ રાગ છે, એ બંધનું કારણ છે એમ કહ્યું. આહા..હા..! ભાષાસમિતિ એ ધર્મ છે એમાં. અરે! તને ક્યાં ... જિનેશ્વર વીતરાગના પંથ તે અલૌકિક છે. સાધારણ માણસને તે જીરવ્યા જાય એવા નથી. આહા..હા..! શું કળશ મૂક્યો છેને મુનિએ! લખે છે ત્યાં જુઓ, આહા..હા..! એ ૬૨ ગાથા થઈ.

૬૩. એષણાસમિતિ. મુનિને એષણાસમિતિ હોય નિર્દોષ આહાર. એને માટે કરેલો આહાર, વેચાતો આહાર એ ન હોય એને. સમજાણું કાંઈ? એમાંથી અધ્યાત્મ કાઢશે.

कदकारिदाणुमोदणरहिदं तह पासुगं पसत्थं च।
दिण्णं परेण भत्तं समभुत्ती एसणासमिदी।।६३।।

**અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને**
**-પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.**

'**ટીકા :- અહીં એષણાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.**' એષણા એટલા નિર્દોષ આહાર લેવાની વૃત્તિ ઈ છે રાગ, પણ એ એષણાસમિતિ આહાર કરવાનો એ મુનિ જંગલમાંથી જાય. મુનિઓ જંગલમાં વસતા. સમજાણું કાંઈ? એ જંગલમાંથી આવે ભીક્ષા માટે. આહા..હા..! ત્યારે નિર્દોષ આહાર હોય ત્યાં જાય અને એની વિધિ હોય એ પ્રમાણે લે. '**એષણાસમિતિનું સ્વરપ કહ્યું છે.**' '**મન, વચન અને કાયામાંના પ્રત્યેકને કૃત, કારિત અને અનુમોદના સહિત ગણીને...**' જે આહારમાં મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદન હોય એ દોષવાળો આહાર છે. સમજાણું કાંઈ? મુનિ આવ્યા છે માટે આપણે પાણી ઉનું કરો, મોસંબી લાવો, કેરી લાવો રસ કરે. એ તદ્દન દોષ છે એ. એ મુનિને ખપે નહિ. આહા..હા..! આ તો હજી શુભરાગની વાત છે હોં.

'**તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટીએ વિશુદ્ધ નથી...**' એ લેવા લાયક નથી. નવ કોટીએ. આહા..હા..! કરણ, કરાવન, અનુમોદન, મન, વચન અને કાયા—નવ કોટીએ જ્યાં શુદ્ધિ નથી તે આહાર લેવા લાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ પ્રશ્ન તો અમારે ૬૯માં ઉઠ્યો. દીક્ષા લીધા પહેલા. દીક્ષા ૭૦માં. ૬૯ની સાલમાં. એ રાજકોટના હતાને ગુલાબચંદ ગાંધી. રામજીભાઈ જાણે. સ્થાનકવાસી સાધુ હતા ગાંધી. રાજકોટમાં ગાંધીનું છેને. એનું ચોમાસું હતું ત્યાં બોટાદ. ૬૮ની વાત છે આ હોં. ૬૮નું ચોમાસું. .. છોડી દીધું. હીરાજી મહારાજ પાસે હું ભણતો. તો ત્યાં ગયા ત્યાં એણે કીધું કે આ સાધુને માટે અપસરા કરેલા હોય એ લે એ સાધુ નથી. ઓય મારા! આ શું કીધું? આપણે કોઈ દિ' સાંભળ્યું નથી. નાની ઉંમર. હજી પહેલી વહેલી દુકાન છોડી છે. વાંચેલું ખરું શાસ્ત્ર. આચારાંગ, સૂયગડાંગ,.. બધા વાચેલા. દુકાન ઉપર. દુકાન ઉપર. પણ આ કહે કે જેને માટે અપાસરા કર્યા હોય એ લે તો સાધુ નહિ. ઓય મારું કીધું આ તો .. સાધુ વાપરે છે એના માટે કરેલા. પછી પડ્યો વહેમ. પછી પૂછવા ગયો હું હીરાજી મહારાજ મારા ગુરુને. હજી દીક્ષા નહોતી લીધી. કીધું આ એને માટે કરેલો અપાસરો હોય મકાન તો સાધુ વાપરે તો નવ કોટીમાંથી કઈ કોટી તૂટે? આ નવ કોટી. આ પ્રશ્ન ૬૯માં કરેલો. ૬૮માં થયેલું હતું. ૬૯માં કહ્યું હતું. નવ કોટી કીધીને આ? મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદન. કીધું આ કેમ થાય મહારાજ? તો જરી એને એમ થઈ ગયું દીક્ષા .. આ શું છે? પણ એને .. એણે માનેલું. કે જો ભાઈ! તમારા ભાઈ ખુશાલભાઈ છે એ તમારા માટે મકાન કરે અને તમે વાપરો તેમાં શું દોષ લાગે કોટીથી? મને ખ્યાલ આવી ગયો હતો કે આ ભૂલ્યા. વાપરે એને કરણ તૂટે. વાપરે એનું અનુમોદન થઈ ગયું એને. કરણ, કરાવન, અનુમોદન તૂટે. તે દિ' ખબર હતી. .. સૂયગડાંગ મોઢે કરેલું. .. ૬૯ની સાલની વાત છે. પછી કહે એ નહિ. એને માટે કરેલો

એ વાપરે તો નવ કોટીમાંથી કોટી અનુમોદન તો તૂટી જાય એને. અનુમોદન થઈ ગયું ઈ. નવ કોટીનો ત્યાગ રહ્યો નહિ કીધું. એય..! રતિભાઈ! આ તો ૬૯ની વાત છે. અત્યારે ક્યાં એ તપાસ કરે? કોણ કરે? ...

અહીં તો અમારે દીક્ષા લેવી એ રોટલા માટે નથી લેવી કાંઈ. શું છે આ? ઈ અહીં કહે છે. મુનિ માટે કરેલો હોય અને લે તો એની નવ કોટી તૂટે છે. એનું પચ્ચખાણ રહેતું નથી. એ તો દિગંબર મુનિની વાત છે. આ તો મુનિ છે જ ક્યાં? સમજાણું કાંઈ? આ તો દિગંબર મુનિ હોય જંગલમાં વસનારા. એને માટે પણ કોઈ ગામમાં બનાવ્યું હોય તો નવ કોટીનો દોષ. એ દોષવાળું છે જોયું! કોટી વિશુદ્ધ નથી એ દોષવાળું છે. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! એમ કે એનું વાપરે એમાં શું દોષ લાગે? એના માટે કરેલો. ઈ વાપરે એટલે પાપનું અનુમોદન થઈ ગયું. આહા..હા..!

નવ નવ કોટીનો આહારનો દોષવાળાનો ત્યાગ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અતિપ્રશસ્ત એટલે મનોહર (અન્ન);...**' આહાર હોય છે. છેને? '**શાસ્ત્રમાં પ્રશંસેલું; જે વ્યવહારે પ્રમાદાદિનું કે રોગાદિનું નિમિત્ત ન હોય એવું.**' '**હરિતકાયમય સૂક્ષ્મ પ્રાણીઓના સંચારને અગોચર...**' જેમાં એકેન્દ્રિયનો દાણો પણ સચેત ન હોય. આ જુવાર, બાજરો, એક-એક દાણામાં એક-એક જીવ છે. જેમાં એ દાણો ન હોય એ પ્રાસુક કહેવાય. એમાં દાણો હોય પ્રાસુક સચિત કહેવાય. એ લઈ ન શકે. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! મુનિપણું તો અલૌકિક વાતું છે. આહા..હા..! '**પ્રાણીઓના સંચારને અગોચર...**' એટલે એમાં પ્રાણી અંદર ન હોય એકેન્દ્રિય. એકેન્દ્રિય ન હોય. લીલોતરીનો કટકો એક. આ ઘીંસોડા, દૂધી. ઘીસોંડાને શું કહે છે? તુરિયા-તુરિયા. તુરીયા નથી સમજતા? શું કહે છે? અમારે અહીં ઘીસોડા કહે છે. તુરિયા કહે છે. એની એક કટકી રાય જેટલી લ્યો તો અસંખ્ય એકેન્દ્રિય જીવ છે અને બટાટા, શક્કરકંદ લ્યો એક રાઈ જેટલી કટકી તો એમાં અનંતા જીવ છે. આ તો વીતરાગ ભગવાને કહ્યું છે, એમ છે. આહા..હા..! એ માહ્યલો એક જીવ પણ જેના આહારમાં ન હોય એ આહાર નિર્દોષ કહેવાય. જેમાં સચેત લીલોતરી અડી હોય કે એ નહિ. આહા..હા..! આવો માર્ગ નાખ્યો ભાઈએ. અગોચર પ્રાસુક હોય એ પ્રાસુક જીવ હોય.

'**પ્રતિગ્રહ,...**' આહાર-પાણી શુદ્ધ છે મુનિને, પણ એને દિગંબર સંત જ્યારે વ્હોરાવનાર માણસ એને ઉભા રાખે. આહાર-પાણી શુદ્ધ છે. ઉભા રહો... ઉભા રહો... ઉભા રહો... તો ઉભા રહે. અંદર એમ ન જાય ઘરમાં. આવી વિધિ છે. મુનિ નીકળે આહાર માટે, ભીક્ષા માટે. આનંદના લહેરમાં ઝૂલતા હોય. વિકલ્પ આવ્યો છે આહારનો. એને ગૃહસ્થ ઉભા રહો... ઉભા રહો... ત્રણવાર ઉભા રહો કહે તો ઉભા રહે. એમ કહીને આહાર ગ્રહણની વિનંતી કરવી એ પ્રતિગ્રહ. પ્રભુ! પધારો. આહા..હા..! '**કૃપા કરવા માટે વિનતિ; આદરસન્માન.**

**(આમ પ્રતિગ્રહ કરવમાં આવતા,...'** આદાર-સન્માન આપે. **'મુનિ કૃપા કરી ઉભા રહે તો દાતાના સાત ગુણોથી યુક્ત શ્રાવક તેમને પોતાના ઘરમાં લઈ જઈ, ઉચ્ચ સ્થાને બિરાજમાન કરી, પગ ધોઈને, પૂજન કરે છે અને પ્રણામ કરે છે. પછી મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક શુદ્ધ ભિક્ષા દે છે.)'** આવી વિધિ છે અનાદિની. આહા..હા..! જૈનદર્શનનું શું તત્ત્વ છે એટલે મુનિ શું છે એ વિધિની ખબર ન મળે. અરે! જિંદગી ક્યાં... સમજાણું કાંઈ? કહ્યુંને?

**'નવવિધ પુણ્યથી (નવધા ભક્તિથી) આદર કરીને, શ્રદ્ધા,...'** દેનારને શ્રદ્ધા બરાબર હોય, **'શક્તિ, અલુબ્ધતા, ભક્તિ,...'** હોય ભક્તિથી. **'જ્ઞાન, દયા અને ક્ષમા—એ (દાતાના) સાત ગુણો...'** હોય. દેનારના આવા ગુણો હોય એની પાસેથી લે. એવા **'સાત ગુણો સહિત શુદ્ધ યોગ્ય-આચારવાળા ઉપાસક વડે...'** શ્રાવક હોય. **'દેવામાં આવેલું (નવ કોટિએ શુદ્ધ, પ્રશસ્ત અને પ્રાસુક) ભોજન જે પરમતપોધન લે છે,...'** આહા..હા..! એ હાથમાં લે. પાત્ર-બાત્ર મુનિને હોતા નથી. સમજાણું કાંઈ? આ મુનિને વસ્ત્ર-પાત્ર નાખ્યા એ તો બધા કલ્પિત શાસ્ત્ર બનાવ્યા, કલ્પિત માર્ગ બનાવ્યો છે. વીતરાગનો માર્ગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'આમ વ્યવહારસમિતિનો ક્રમ છે.'** લ્યો! છેને?

**'હવે નિશ્ચયથી એમ છે કે—જીવને પરમાર્થે અશન નથી;...'** આહાર જ ભગવાન આત્માને નથી, આહાર કેવો? એ તો જડ છે. એ તો વ્યવહારે વિકલ્પ ઉઠ્યો છે. **'છ પ્રકારનું અશન વ્યવહારથી સંસારીઓને જ હોય છે.'** છ પ્રકારનો આહાર. એ નીચે છે. સમયસારમાં નથી, પ્રવચનસારમાં છે. છેને આમાં? ભૂલ થઈ ગઈ છે. **'સમયસારમાં (?) કહ્યું છે...'** એમ લખ્યું છેને? એ પ્રવચનસારમાં છે. **'નોકર્મ-આહાર,...'** એકલા રજકણો આવે **'કર્મ-આહાર,...'** કર્મના રજકણ આવે **'લેપ-આહાર,...'** ચોપડે શરીર ઉપર. **'કવળ-આહાર, ઓજ-આહાર...'** આ પંખીઓને એની મા પંખી દાબે છેને એના? એનો ઓજ-આહાર કહેવાય છે. **'મન-આહાર...'** મનથી આહાર દેવોને. **'એમ આહાર ક્રમશઃ છ પ્રકારનો જાણવો.'** એ **'અશુદ્ધ જીવના વિભાવધર્મ વિષે વ્યવહારનયનું આ (અવતરણ કરેલી ગાથામાં) ઉદાહરણ છે.'** આહા..હા..!

**'હવે (શ્રી પ્રવચનસારની ૨૨૭મી ગાથા દ્વારા) નિશ્ચયનું ઉદાહરણ કહેવામાં આવે છે.'** એ નિશ્ચયની વાત છે પહેલી. **'જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છા રહિત છે)...'** આહા..હા..! આહાર લેવો એ વૃત્તિ વિનાનો ભગવાન છે. એને જેણે અનુભવ્યો છે અને જાણ્યો છે એને આવી વૃત્તિ ઉઠે એને વ્યવહારે એષણાસમિતિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૯, સોમવાર, તા. ૦૯-૦૨-૧૯૭૬, કળશ-૮૬, પ્રવચન નં. ૧૭૪

નિયમસાર. ૬૩ ગાથા. પ્રવચનસારનો આધાર આપે છે. 'હવે (**શ્રી પ્રવચનસારની ૨૨૭મી ગાથા દ્વારા**) **નિશ્ચયનું** ઉદાહરણ કહેવામાં આવે છે. તે આ પ્રમાણેઃ'

''जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिच्छगा समणा।
अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा।।''

મુનિ કેવા હોય છે? '**જેનો આત્મા એષણારહિત છે...**' આ આહાર લેવો એની વૃત્તિ એના વિનાનો આત્મા છે. જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ એવો જેણે અંતરમાં જાણ્યો અને અનુભવ્યો છે. '(**અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છારહિત છે**)...' આહા..હા..! ભગવાન આનંદસહિત પ્રભુ અને અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત-તૃપ્ત એવો મુનિ. છદ્મસ્થ પણ મુનિ આવા હોય જેને અતીન્દ્રિય આનંદની તૃપ્તિ અંદરમાં વર્તતી હોય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતસ્વરૂપ એનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વર્તે છે. તેથી તે અમૃતના અતીન્દ્રિય અમૃતના સ્વાદિયાનો આહાર, સ્વાદનો આહાર એમાં એ તૃપ્ત છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુનિની વાત છેને? જૈનદર્શનમાં મુનિ કોને કહેવા? જૈનમાર્ગમાં વીતરાગે કહ્યા એવા સંતો કોને કહેવા? એનું અહીં જ્ઞાન કરાવે છે. આહા..હા..! જેને અનશનસ્વભાવી આત્મા એટલે આનંદસ્વભાવ. આહારની ઈચ્છા અને આહાર જેના સ્વભાવમાં નથી. ભગવાન આત્મા આહારની ઈચ્છા અને આહારને લેવો એ વસ્તુસ્વરૂપમાં નથી. આહા..હા..! વસ્તુ છે જ્ઞાન આનંદ, એનું અંતરમાં જેને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તૃપ્ત-તૃપ્ત મુનિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ ધર્મની પહેલી શરૂઆતવાળો ધર્મી ગૃહસ્થાશ્રમમાં ભલે હોય, પણ સમ્યગ્દૃષ્ટિ એને આત્મા અતીન્દ્રિય આનંદમાં સ્વાદ એને આવ્યો છે સ્વાદ. આહા..હા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન એને જ્ઞેય જ્ઞાનમાં જ્ઞેય બનાવી તેની વર્તમાન દશામાં અનંત ગુણોની શક્તિરૂપ જે છે એની વ્યક્તરૂપ અંશ અવસ્થાબુદ્ધિ પ્રગટ થઈ છે. આહા..હા..! એથી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના અતીન્દ્રિય આનંદની લહેરની મજામાં... આહા..હા..! ભલે થોડો આનંદ. છન્નું હજાર સ્ત્રી હોય એને ચક્રવર્તી હોય તો. છતાં એને અંતરમાં તો અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એને કોઈ પ્રત્યે સ્વાદ એને દેખાતો નથી. આહા..હા..! ચક્રવર્તીનું રાજ હોય તીર્થંકર પદવી. ૧૬, ૧૭, ૧૮. એ ચક્રવર્તી હતા, તીર્થંકર હતા અને કામદેવ હતા. ત્રણ તીર્થંકરો. સોળમાં શાંતિનાથ, સત્તરમાં કુંથુનાથ, અઢારમાં અરનાથ. ત્રણે તીર્થંકર હતા, ત્રણે ચક્રવર્તી હતા, ત્રણે

કામદેવ હતા. ભરતમાં એના જેવું સુંદર રૂપ કોઈનું નહોતું. જેને છન્નું હજાર રાણી હતી, બોતેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ, છન્નું કરોડ ગામ, ચોર્યાસીલાખ હાથી. પણ જેને અંતરમાં ભગવાન આત્મા આનંદનો સ્વાદ લીધો છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં... તીર્થંકરો તો સમ્યગ્દર્શન લઈને આવે છે. સમજાય છે કાંઈ? પછી તો ભલે પરણે, પણ એ રાગ છે તોપણ રાગને દુઃખ દેખે છે. એ આત્માના.. આહા..હા..! આત્મા શું ચીજ છે! અતીન્દ્રિય અમૃતના સ્વભાવથી ભરેલો ભગવાન. આહા..હા..! એના જેને સ્વાદ આવ્યા છે અંશે એ પણ ઈન્દ્રના ઈન્દ્રાસન અને ચક્રવર્તીના ભોગ એને તુચ્છ લાગે છે. આ તો મુનિ છે હવે. આહા..હા..! એને તો ચારિત્ર છે એટલે અતીન્દ્રિય આનંદ ઉગ્ર વધી ગયો છે. જેને શાસ્ત્રમાં 'પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ' એમ કહ્યું છે પાંચમી ગાથામાં. સમયસાર. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ જેને આનંદની મહોર છાપ છે. આહા..હા..! ટ્રેડમાર્ક હોય છેને જેમ, એમ મુનિઓને. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એમાં એકાગ્ર થઈને જેણે અતીન્દ્રિય આનંદની પર્યાયમાં ભરતી-બાઢ લાવ્યો છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાતું છે આ.

એવા '**જેનો આત્મા એષણારહિત છે...**' એટલે? કે આહારની ઈચ્છા વિનાનો છે ઈ. વસ્તુ છે એ તો અનુભવમાં એ આવી છે. સમજાણું કાંઈ? એષણા ઈચ્છા અને એષણાથી આહાર લેવો એ વસ્તુમાં નથી. એવો આત્મા જેને જાણતો હોવાથી. આહા..હા..! આત્માને સાધારણ તુચ્છ ગણી નાખ્યો છે અને બહારની આ લક્ષ્મી, બાયડી, છોકરા, આબરૂ એની એને અધિકતા અને મહિમા લાગી છે અજ્ઞાનીને. આહા..હા..! સમજાણું કાંઈ? મોટો અમૃતનો સાગર ભગવાન અતીન્દ્રિય આનંદથી છલોછલ પરિપૂર્ણ ભરેલો ભગવાન. એ મુનિને એના અતીન્દ્રિય આનંદના સ્વાદ ઘણો ઉત્કૃષ્ટ આવ્યો છે. કેવલી જેટલો નહિ પણ એની ભૂમિકા પ્રમાણે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છારહિત છે) તેને તે પણ તપ છે;...**' આ તપ. જેને ભગવાન અતીન્દ્રિય આનંદની સમીપમાં જે વસે છે, એ ઉપવાસ અને એ તપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઉપવાસ કહેવાય છેને? એ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનું દળ, અતીન્દ્રિય આનંદનું આત્મા સત્ તેનું અતીન્દ્રિય આનંદ એનું સત્ત્વ, અતીન્દ્રિય આનંદપણું. આહા..હા..! સમજાણું કાંઈ? એના સમીપમાં વર્તે છે ધર્મી. આહા..હા..! રાગથી, નિમિત્તથી દૂર વર્તે છે. અને મુનિરાજ અને સમકિતી જીવ પણ ખરેખર તો. અહીં વિશેષ તપ લેવો છેને ચારિત્ર? એ અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં તદ્દન સમીપમાં વર્તે છે. જેનો અતીન્દ્રિય આનંદમાં ઉપવાસ છે. ઉપ નામ સમીપ જેમાં રહેવાનું સ્થાન છે. આહા..હા..! અરે! આવું! સમજાણું કાંઈ? એને એ પણ એક તપ છે, કહે છે. આહા..હા..! એ તપ છે. આહા..હા..! છે? પ્રવચનસારની ગાથા છે. કુંદકુંદાચાર્ય મહારાજ આહા..હા..! ભગવાનની

જેણે ભરતક્ષેત્રથી મહાવિદેહની જાત્રા કરી. આહા..હા..! એમની આ ગાથા છે.

કહે છે, જેને ઈચ્છા અને આહાર લેવો એ બેય જેનામાં નથી. એવું જે જ્ઞાન ભગવાન તત્ત્વ. મહિમાવાળો આનંદ સ્વભાવીતત્ત્વ. એવા આત્માને ભાવતો, એવા આત્માના સમીપમાં ઠરતો, રહેતો, વસતો એને તપ કહેવામાં આવે છે. આ તપ. સમજાણું કાંઈ? છે? ક્યાં છે? **'તેને તે પણ તપ છે;...'** આહા..હા..! તેને એટલે કે અનશનસ્વભાવી વિનાની ઈચ્છા અને વિનાનો ભગવાન આત્મા એવો અનાકુળ આનંદનો નાથ પ્રભુ જેના વેદનમાં વર્તે છે એ અનશનસ્વભાવી ભગવાનના સમીપમાં છે ઈ. રાગમાં હતો ત્યારે ભગવાનના આનંદના સ્વભાવથી દૂર હતો. આહા..હા..! અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પમાં રહેતો ત્યારે આનંદના સ્વભાવથી એ દૂર રહેતો હતો. એને રાગ અને નિમિત્તથી દૂર કરી અને ભગવાન આનંદના સમીપમાં જેનું વસવું થયું છે એ પણ એક એને તપ છે. આહા..હા..! રતિભાઈ! અરે! આવી વ્યાખ્યા! નવનીતભાઈ! આ તો ઓલા અપવાસ કરે, .. કરે, અઠ્ઠમ કરે. અરે! ભગવાન! મૂળ તો તપ આ છે. સમજાણું કાંઈ?

કેમ કહ્યું? કે આત્મા અનશનસ્વભાવી છે એની ઈચ્છા નથી. એટલે ઈચ્છા નિરોધ થઈ ગયો. તપની વ્યાખ્યા ઈ છેને? આહા..હા..! છે એમાં? **'જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છારહિત છે)...'** ઈચ્છા જ નથી જેને. આહા..હા..! અને ઈચ્છાનો નિરોધ થતા અમૃતના સ્વાદની ઉગ્રતાની બાઢ આવી છે. આહા..હા..! ભરતી આવી છે. એના સમીપ વર્તે છે માટે તેને ઉપવાસી તપવાળો કહીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? એને તપસ્વી એટલે કે મુનિ કહીએ. તપકલ્યાણક કહેવામાં આવે છેને? તપકલ્યાણકનો અર્થ? ચારિત્રકલ્યાણક. ચારિત્રકલ્યાણકનો અર્થ? સ્વરૂપના આનંદમાં રમવું, ઠરવું, ઉપવાસ એનું નામ તપ અને એનું નામ ચારિત્ર અને એનું નામ મુનિપણું કહેવામાં આવે છે. આહા..હા..! આ તો સાંભળ્યું પણ ન હોય હજી કેવું મુનિપણું એણે. આ જૈનદર્શન વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માના પંથમાં આ માર્ગ છે. આહા..હા..! પોપટભાઈ!

શું કીધું ઈ? જેને ઈચ્છા નથી અને આનંદની સમીપમાં વર્તે છે એટલે આનંદ જેને વેદનમાં અતીન્દ્રિય આનંદ જેને આવ્યો છે, સુખનો સાગર જેણે પર્યાયમાં ઉછાળ્યો છે, સમજાણું કાંઈ? આહા..હા..! એને એ સમીપમાં, આનંદમાં વર્તે એ પણ એક તપ છે, કહે છે. **'निश्चयेन निराहार आत्मभावनारूपं उपवास लक्षणं तप'** પંડિતજી! સંસ્કૃત જયસેનાચાર્ય. **'निश्चयेन निराहार आत्मभावनारूपं उपवास लक्षणं तप'** આહા..હા..! **'निश्चयेन निराहार आत्मभावनारूपं'** આત્મસ્વભાવની ભાવનારૂપ. ઈ ભાવના ઉપવાસ લક્ષણ તપ. આહા..હા..! **'तत् निश्चय लक्षण तप'** બે વાત નાખી છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ નિરાહાર છે. વસ્તુ નિરાહાર છે. છે આનંદનો આહાર જેને. આહા..હા..! અરે! ભગવાન આત્મા કોણ છે, ભાઈ! અને એ વીતરાગમાર્ગ એ આત્મા વીતરાગસ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ કહો, રાગરહિત કહો, અનાકુળ આનંદ કહો, અકષાયસ્વભાવ કહો, શાંતિનો સાગર કહો, એના સમીપમાં રહે તે તપ કહેવામાં આવે છે. એના અંતરમાં રહે તેને મુનિપણું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ અહીં.

'**તેને તે પણ તપ છે;...**' આહા..હા..! ભાષા! છેને? '**जस्स अणेसणमप्पा तं पि तवो**' ઈ ને? ઈ. '**तं पि तवो**' આહા..હા..! કેટલી ટૂંકી ભાષામાં '**जस्स अणेसणमप्पा तं पि तवो**' જેનો એષણા અને ઈચ્છા વિનાનો ભગવાન એવું જેને ભાનમાં આવ્યું અને એના સમીપમાં જે પડ્યો એ પણ એક તપ છે કહે. સમજાણું કાંઈ? '**(વળી) તેને પ્રાપ્ત કરવા માટે...**' એટલે શું? હવે એ પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ માટે '**(-અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે)...**' અતીન્દ્રિય આનંદનું સમીપપણુંરૂપ ઉપવાસ તો વર્તે છે, પણ હવે પૂર્ણ આનંદની પ્રાપ્તિ માટે. આહા..હા..! '**(-અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા...**' દેખો ભાષા! આહા..હા..! મુનિઓનો પ્રયત્ન આ છે. આહા..હા..! આત્માને પરિપૂર્ણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે. આહા..હા..! ચાલે છે ભાષા એષણા. તો એષણા એ ઈચ્છા નહિ, કહે છે. એનો પ્રયત્ન નથી. આહા..હા..! પ્રયત્ન તો ભગવાન આનંદના નાથની અંદર એકાગ્ર થઈ પૂર્ણ આનંદ પ્રાપ્તિ કરવાનો જેને પ્રયત્ન વર્તે છે. આહા..હા..! પ્ર-વિશેષે, યત્ન-પુરુષાર્થ. આહા..હા..! ઓહો..હો..! જિનવાણી તો જુઓ!

'**તેને પ્રાપ્ત કરવા માટે...**' કોને? એષણારહિત એવો ભગવાન આત્મા, આહારની ઈચ્છા વિનાનો પ્રભુ આત્મા. એને જાણ્યો છે, અનુભવ્યો છે. ઈ કીધુંને? જાણતો હોવાને લીધે આહારની ઈચ્છારહિત છે. '**તેને પ્રાપ્ત કરવા માટે...**' એની પૂર્ણ દશા, પૂર્ણ આનંદ, મોક્ષ એટલે પૂર્ણ આનંદ, મોક્ષ એટલે પૂર્ણ જ્ઞાન, મોક્ષ એટલે પૂર્ણ પ્રસાદ, મોક્ષ એટલે પૂર્ણ શ્રદ્ધા અને દર્શન-દર્શનોપયોગ. આહા..હા..! એને પ્રાપ્ત કરવા માટે '**પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો...**' આહા..હા..! એષણાસમિતિની અંદર ઓલી એક આહાર લેવાની વૃત્તિ ઉઠે છે એ એનો પ્રયત્ન નથી, કહે છે. એ તો આવે છે, આવી જાય છે. આહા..હા..! રાગનો પ્રયત્ન નથી. રાગનો પ્રયત્ન તો હલકાઈ છે. આ તો પૂર્ણ સ્વભાવને પ્રાપ્ત કરવાનો જેને પ્રયત્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સંતો જેને આનંદના રમતું જેને પ્રગટી 'નિજપદ રમે સો રામ કહીએ.' આહા..હા..! જે અતીન્દ્રિય આનંદની બાઢમાં રમતા હોય છે. આહા..હા..! આ બાગબગીચામાં જાય છેને ફરવા નથી જતા? એમ અતીન્દ્રિય આનંદના બાગમાં મુનિ તો ફરવા જાય છે અંદર. આહા..હા..!

**શ્રોતા :-** બગીચો આવ્યો ક્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ આવ્યો અહીં અંદર. એય..! રતિભાઈ! ક્યાં આવ્યું કારખાનું તમારું રાજકોટમાં? એમ આ કહે છે ક્યાં આવ્યો આનંદ? આહા..હા..! ભગવાન! તારી પરિપૂર્ણ શક્તિ અને સ્વભાવની શું વાતું કરવી? જેને કેવળી પણ વાણી દ્વારા પૂરું કહી શક્યા નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન, તે સ્વરૂપને અન્યવાણી તે શું કહે?' આહા..હા..! 'અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન.' આહા..હા..! એવો જે ભગવાન આત્મા. આહા..હા..! જુઓને આ. આ શ્લોક તો ચરણાનુયોગનો છે, પ્રવચનસારનો. વ્યવહાર છે. અને આ વ્યવહાર ચાલે છે એમાં એનો આધાર આપ્યો છે. આહા..હા..!

અનશનસ્વભાવી. અનશન એટલે અશનરહિત સ્વભાવી, અશન વિનાનો ભગવાન આત્મા, આહાર વિનાનો આત્મા, પાણી વિનાનો આત્મા. આહા..હા..! એવો અનશન, અશન વિનાનો અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે. આહા..હા..! પ્રયત્ન કરનારા મુનિઓ એ પ્રયત્ન કરે છે, કહે છે. કહો, આ ઉપદેશનો અને આહાર લેવાનો (પ્રયત્ન) એ નહિ કહે. આહા..હા..! **'એવા જે શ્રમણો તેમને અન્ય (–સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના...'** અન્ય સ્વરૂપથી જુદી એવી ભિક્ષા એષણા વિના **'(–એષણાદોષરહિત) હોય છે;...'** બે વાત લીધી. એક તો વસ્તુ પોતે એષણારહિત છે. એટલે ઈચ્છા અને આહાર વિનાની. અને આહાર લે છે, પણ એષણાસહિત વિકલ્પથી એને છે. નિર્દોષ આહાર એને માટે કરેલો નહિ, પાણીનો બિંદુ પણ કરેલો નહિ. ગૃહસ્થોએ પોતાને માટે કરેલો, ભિક્ષાએ જઈ ચડ્યા સંતો. એને નિર્દોષ આહાર લે છે. એને એ પણ એક એષણા છે કહે છે. ઈ પણ એષણારહિત કહેવાય છે, દોષરહિત કહેવાય છે એમ. એષણાસહિત એટલે દોષરહિત કહેવાય છે. એક તો વસ્તુ એષણારહિત છે ઈચ્છા વિનાની અને આ એષણા દોષરહિત આહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

માટે તે બેય રીતે અણાહારિ છે. આહારની વૃત્તિ ઉઠી છે છતાં તે એષણામાં દોષરહિત આહાર છે માટે તેને એષણારહિત એવો તો સ્વભાવ છે અને એષણારહિત દોષરહિત એની વૃત્તિ છે. માટે તેને અણાહારિ કહીએ છીએ, કહે છે. આહા..હા..! જુઓ, એ જૈનદર્શનનું શું સ્વરૂપ, બાપુ! લોકોએ સાંભળ્યું નથી. અજૈનના સ્વરૂપ સાંભળીને જૈન કહે છે એમ માની બેઠા છે. ત્રણલોકના નાથ વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વર કેવળજ્ઞાની એની જે વાણી છે એ શું છે? એમાં શું કહ્યું છે? મુનિપણું કોને કહ્યું? સમકિતી કોને કહ્યા? શ્રાવક કોને કહ્યા? કેવળી કોને કહ્યા? આહા..હા..! એને યથાર્થપણે કોઈ દિ' અનંતકાળમાં જાણ્યું નથી એણે. સમજાણું કાંઈ?

અહીં કહે છે **'એવા જે શ્રમણો તેમને અન્ય (–સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા...'** છે તો સ્વરૂપથી જુદી, પણ એષણા વિના હોય છે એટલે કે એષણાદોષરહિત હોય છે.

**'તેથી તે શ્રમણો અનાહારી છે.'** બે રીતે અનાહારી કહ્યા—એક તો આહાર અને આહારની ઈચ્છા વિનાનું સ્વરૂપ છે. તેની જેને પ્રાપ્તિ છે અને આહાર અને એષણાદોષરહિત છે માટે પણ એ અનાહારી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તમે તો બધા જૂના દિગંબર હતા. વાત ઈ. આત્મા દિગંબર છે. ઈચ્છા વિનાનો, કપડા વિનાનો, શરીર વિનાનો. એવો ભગવાન આત્મા. આહા..હા..! એ દિગંબર છે. વસ્તુ એવી રાગ વિનાની વસ્તુ આખી. ઈચ્છારૂપી કપડા જેને નથી. એવું આત્માનું સ્વરૂપ એને જાણે, માને અને અનુભવે. એને એ દિગંબર ધર્મની શ્રદ્ધા થઈ એટલે કે આત્માની શ્રદ્ધા થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને દિગંબર એ મુનિ. આહા..હા..! લ્યો!

એ તો અનાકુળ શાંતરસની સમીપમાં વસનારા. રાગથી, વિકલ્પથી, નિમિત્તથી દૂર વર્તનારા. એવાઓ સ્વભાવથી અનાહારી છે અને એષણાદોષરહિત છે માટે બેય રીતે તેને અમે અનાહારી કહેવા માગીએ છીએ. આહા..હા..! એ સીધી વાત છેને. વિકલ્પ કાઢી નાખ્યોને? વિકલ્પ છે નહિ સ્વભાવમાં અને વિકલ્પ ઉઠ્યો છે, પણ એ નિર્દોષ લે છે. એ અપેક્ષાએ એને આહાર લેતા છતાં અનાહારી કહેવામાં આવે છે. ટીકામાં તો અવિહારી પણ લીધું, નહિ? ભાઈ! આ ગાથા છેને. આમાં નથી. એની ટીકામાં લીધું. આ તો કળશ છે. પણ ટીકા છેને આની ૨૨૭ની. જેવા અનાહારી લીધા છે એવા ભગવાન આત્માને અવિહારી લીધો છે. વિહાર કરે છતાં અવિહારી. કેમ? કે એક તો પ્રભુ નિષ્ક્રિય છે. ઓલામાં અનાહારિ છે ત્યારે અવિહારી કેમ કહ્યો? ચાલે છે ઈર્યાસમિતિ શોધીને મુનિ, છતાં એને અવિહારી કહે છે. કેમ? કે ભગવાન આત્માની કંપન્નની ક્રિયા વિનાનો છે એ તો. આહા..હા..! નિષ્ક્રિય છે. એક વાત.

અને જોઈને, ઈચ્છામાં જોઈને ચાલવું, જેને કોઈને દુઃખ ન થાય એવો પ્રમાદભાવ નથી. એથી તેને અવિહારી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ વીતરાગનો ભાઈ! એ કાંઈ સાધારણ વાત નથી. લોકોએ સાધારણ કરી નાખ્યો. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો આઈરિયાણં.... શું કહેવાય અરિહંતને .. એની ખબર ન મળે. આહા..હા..! જેણ એષણાનું કહ્યું એમ વિહારનું લેવું. કેમકે ભગવાન તો નિષ્ક્રિયસ્વરૂપ જ એનું છે. હાલવું-ચાલવું એ ક્રિયા સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એક વાત. તેથી એના સમીપમાં રહે માટે અવિહારી. અને ચાલતા પણ ઈર્યાસમિતિથી કોઈને દુઃખ ન થાય એવો જ્યાં સાવધાનીનો વિકલ્પ છે, તેથી તે ચાલતા છતાં અવિહારી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ કળશ થયો.

**શ્રોતા :-** બોલવા છતાં એમાં શું લાગે પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલવા છતાં બોલતા નથી. ચાલવા છતાં ચાલતા નથી. બોલવામાં કેમ? કે બોલવાની ઈચ્છામાત્ર વસ્તુમાં નથી. બોલવાના રજકણો નથી, એની ઈચ્છામાત્ર નથી

એવો ભગવાન આત્મા જેને દષ્ટિને સમીપમાં વર્તે છે તેથી તે મૌન છે, બોલ્યા વિનાનો છે અને બોલે ત્યારે પણ ભાષાસમિતિનો વિકલ્પ છે એ નિર્દોષપણે રાગના સ્થાપન વિના એવા વિકલ્પથી જે ભાષા છે, માટે તેનો બોલતા છતાં તેને મૌનને અબોલતો-અબોલ કહીએ છીએ. ઈ સમયસાર નાટકમાં આવે છે. નાટકમાં આવે છે હવે ક્યાં.

**શ્રોતા** :- બોલવા છતાં બોલતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અવિહારી અને બોલવું. એય..! કયે ઠેકાણે આવે છે? એ પણ કળશ હવે આપણને કાંઈ યાદ રહે છે એટલું? સમયસાર નાટકમાં છે. કોકને અભ્યાસ હોયને એકાદને તો એમાંથી કાઢે. આહા..હા..! સમયસાર નાટકમાં છે.

'**એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામી...**' આધાર આપે છે. '**(આત્માનુશાસનમાં ૨૨૫માં** શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(मालिनी)

''यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा
परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी।
विहितहितमिताशी क्लेशजालं समूलं
दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः।।''

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે,...**' સમજાણું? કેવા મુનિ હોય છે? અધ્યાત્મનો સાર. અધ્યાત્મ આત્માનો સાર. વીતરાગભાવ જેણે પ્રગટ કર્યો છે. આહા..હા..! શાસ્ત્રતાત્પર્ય જે વીતરાગભાવ. આવે છેને? એવો જેણે વીતરાગભાવ પ્રગટ કર્યો છે. એ અધ્યાત્મનો સાર છે. આહા..હા..! વીતરાગમૂર્તિ પ્રભુ એનો આશ્રય લઈને જેણે વીતરાગદશા પ્રગટ કરી છે એ અધ્યાત્મનો સાર છે. એ શાસ્ત્રનો સાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ કરે છે ઈ અહીં નથી. આહા..હા..! '**જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે,...**' છેને પાઠ? '**निश्चिताध्यत्मसारः**' છેલ્લું પદ છેને? આહા..હા..! અનાકુળ આનંદના ભાવને જેણે પર્યાયમાં પ્રગટ કર્યો છે. ઈ અધ્યાત્મનો સાર એ વીતરાગતા છે. અધ્યાત્મનો એટલે આત્માનો સાર એ વીતરાગપરિણતિ છે. આહા..હા..! એ મુનિએ જેણે અંતરથી પ્રગટ કરી છે. આહા..હા..!

'**જે અત્યંત યમનિયમસહિત છે,...**' એ અત્યંત યમનિયમ. શ્રીમદ્‌માં આવે છેને કે સમ્યગ્દર્શન વિના 'યમ નિયમ સંયમ આપ કીયો પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો દઢ આસન પદ્મ લગાઈ દીયો.' આહા..હા..! 'જપ ભેદ જપે તબ ત્યોંહી તપૈ ઉર સે ઉદાસી લહી સબ પે વહ સાધન વાર અનંત કીયો તદપિ કછુ હાથ હજુ ન પડ્યો.' એ યમનિયમ અનંતવાર લીધા, પંચમહાવ્રત નિયમ. આહા..હા..! 'યમ નિયમ સંયમ' ઈન્દ્રિય દમન કરી. 'યમ નિયમ સંયમ આપ કીયો પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો,...'

જંગલમાં રહ્યો, સ્ત્રીઓ, કુટુંબને છોડી દીધા. આહા..હા..! એવું અનંતવાર કર્યું પણ આત્મજ્ઞાન એણે કર્યું નહિ. આહા..હા..!

**શ્રોતા :-** શુભભાવ કર્યો અને શુદ્ધભાવ ન કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન કર્યો. અને આ તો આત્મજ્ઞાન સહિતની વાત છે આ. યમનિયમ. આહા..હા..! નિશ્ચયથી યમ તો સ્વરૂપમાં જમવું એ યમ છે. ભગવાન આનંદની દૃષ્ટિ કરી, અનુભવ કરીને એમાં યમ જમવું. નિયમ પણ એમાં નિયમ નિશ્ચિત સ્થિર થવું. એવો '**જે અત્યંત યમનિયમ સહિત છે,...**' આહા..હા..! જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે. આહા..હા..! જેને અંતરમાં શાંતરસ જેને પરિણમ્યો છે. આહા..હા..! વસ્તુમાં શાંતિ છે અને પર્યાયમાં શાંતિ પ્રગટ થઈ છે. આહા..હા..! શરીરમાં પણ જેની શાંત મુદ્રા દેખાય છે, કહે છે. આહા..હા..! ઠરીને આત્મામાં જામી ગયા હોય એવી તો શરીરમાં જેને શાંતિ દેખે છે. એ મુનિ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેને સમાધિ પરિણમી છે,...**' '**परिणमित**' છેને? એને? '**परिणमितसमाधिः**' કેવા છે મુનિ? જેને સમાધિ પરિણણી છે. એટલે? સમાધિ ઓલા બાવા કરે ઈ હશે? આધિ, વ્યાધિ, ઉપાધિરહિત સમાધિ. આધિ નામ શરીરમાં રોગ નથી, બહારની દશા નથી. આધિ નામ બહારની ચિંતા નથી, વ્યાધિ નામ અંતર દેહની દશા નથી એને. આધિ, વ્યાધિ, ઉપાધિ. આધિ એટલે સંકલ્પ-વિકલ્પ નથી અને ઉપાધિ એટલે બહાર નથી. ઉપાધિ, વ્યાધિ અને આધિ એના રહિત તે સમાધિ. લોગસ્સમાં આવે છે 'સમાહિવર મુત્તં મુદિંતું.' શ્વેતાંબરમાં. પણ એને ક્યાં અર્થની ખબર હોય?

**શ્રોતા :-** મને સમાધિ આપો. ઉત્તમ સમાધિ આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** 'સમાહિવર મુત્તં મુદિંતુ' લોગસ્સમાં આવે છે. ... 'સમાહિવર મુત્તં મુદિંતુ' આવે છેને. ઈ સમાધિ કોને કહેવી એની ખબર ન મળે. સવાર-સાંજ ગડિયા હાંકે જાય. સમાધિ એટલે આનંદની શાંતિના ઉછાળા જેમાં આવે, જેના રાગના અભાવમાં વીતરાગતાની પરિણતિ ઉછળે, એને સમાધિ કહે છે. ઓલા બાવા સમાધિએ ચડી જાય એ નહિ હોં. એ તો અજ્ઞાની છે. ઓલા કહે છે ઓલા રજનીશ, વિકલ્પ શૂન્ય થઈ જાઓ... શૂન્ય થઈ જાઓ... શૂન્ય થઈ જાઓ... પણ શૂન્ય કેવી રીતે થાય? જડ થઈ જશે. શૂન્ય ક્યારે થાય? કે અસ્તિત્વ પૂર્ણ આનંદઘન અસ્તિત્વની પ્રતીતિ અને અનુભવ થયો એને લક્ષે વિકલ્પરહિત થાય તો શૂન્ય થાય. પણ અસ્તિત્વની ચીજ કેટલી અને કેવડી છે એ દૃષ્ટિમાં આવ્યા વિના વિકલ્પથી શૂન્ય થાય શી રીતે? સમજાણું કાંઈ? મોટો ઉપદેશ આપે છે કાંઈ ઠેકાણા વિનાનો. રજનીશ. તારણસ્વામીનો ઓલો હતો. આ શોભાલાલ શેઠ છેને? એ તારણસ્વામીના શેઠિયા છે. એમાં એ હતો. અત્યારે ભ્રષ્ટ થઈ ગયું બધું. જૈનદર્શન શું છે?

**શ્રોતા :-** .. હું તો ગુરુ કરીને આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુરુ કરીને આવ્યો. ગપે ગપ મારનારા વાણિયા પણ મળે એવા. જૈનમાંથી માનનારા મળે છે. સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં. એમાં સ્થાનકવાસીમાં વધારે એવા માનનારા છે એને. આહા..હા..!

અહીં તો પૂર્ણ સ્વરૂપમાં પૂર્ણ જે અસ્તિત્વ છે એની હયાતીનો સ્વીકાર થતાં વિકલ્પથી શૂન્ય થાય તેને વિકલ્પની નાસ્તિ કહેવામાં આવે છે. વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, પણ અસ્તિ શું તત્ત્વ છે? એ અસ્તિના ઉપર પગ આવ્યા વિના વિકલ્પની શૂન્યતા કોઈ દિ' ત્રણકાળમાં થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એનો મોટો ઉપદેશ છે. રોવો પહેલા ખૂબ રોવો. અને પછી શૂન્ય થઈ જાઓ. હસાવે, રોવે. અરે! ગાંડા આવા. વાણિયા પણ મળ્યા છે એને. નથી ઓલો તમારે કોણ એક વાંકાનેરનો? રવિચંદ. છેને? સ્થાનકવાસી છેને ઈ? હવે એ એનો પાક્કો થઈ ગયો છે. અમદાવાદમાં છે. આહા..હા..! ઈ આ જ ઉપદેશ છે એમ કહે. મહારાજ જે કહે છે ઈ જ છે એમ કહે. આહા..! કાંઈ ખબર ન મળે. બુદ્ધિના બારદાન. ક્યાં વીતરાગમાર્ગ અને ક્યાં? આહા..હા..!

'**જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે, જેને સમાધિ પરિણમી છે,...**' આહા..! વીતરાગભાવનું જેને દશામાં પરિણમન થઈ ગયું છે. સુખ અને શાંતિની શક્તિરૂપ જે પૂર્ણ છે, એની પર્યાયમાં સુખ અને શાંતિનું પરિણમન થઈ ગયું છે. શાંત... શાંત... શાંત... એને સમાધિ પરિણત કહેવામાં આવે છે. '**જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે,...**' સર્વ પ્રત્યે અનુકંપા છે. વીતરાગીભાવ છે એ કોઈ પ્રત્યે એને દ્વેષ કે દુઃખ દેવાનો ભાવ નથી. એ અનુકંપા એટલે વિકલ્પની વાત નથી આ. અરાગી ભાવ છે એ સર્વ પ્રત્યે અનુકંપા છે. પંચાધ્યાયમાં લીધું છે. અનંતાનુબંધીનો અભાવ એ બધા પ્રત્યે અનુકંપા છે.

'**જે વિહિત (-શાસ્ત્રાજ્ઞા મુજબનું)...**' આહા..હા..! ભગવાનની આજ્ઞા પ્રમાણે '**હિત-મિત ભોજન કરનાર છે,...**' '**હિતકર અને...**' મિત '**મર્યાદાસર.**' માપસર. આહા..હા..! એને માટે કરેલું નહિ અને તે પણ હિતકર હોય તે અને વ્યવહારથી વાત છેને? મર્યાદિત. એવું ભોજન. પેટ ભરીને ભોજન ન ખાય એ. આહા..હા..! શરીરના નિર્વાહ પૂરતો આહાર. આહા..હા..! '**હિત-મિત ભોજન કરનાર છે, જેણે નિદ્રાનો નાશ કર્યો છે,...**' આહા..હા..! મુનિને નિદ્રા તો કહે છે કે હોય તો કેટલી? એક પોણી સેકન્ડની અંદર. કહેવાય અંતર્મુહૂર્ત. કારણ કે અસંખ્ય સમય છે. આહા..હા..! અંતર્મુહૂર્તમાં હજારોવાર છઠ્ઠું-સાતમું આવે. એવો પાઠ ધવલમાં છે. હજારોવાર આવે તો કેટલો ભાગ થઈ ગયો જુઓને એ પ્રમાણે. બહુ ઓછો. પોણી સેકન્ડ માંડ ગણ્યું છે ભાઈએ, પણ હશે ગણતરી પ્રમાણે પહેલું. હજારોવાર આવે છે. ૪૮ મિનિટની અંદર હજારોવાર છઠ્ઠું-સાતમું. તો ઘણો નાનો ભાગ થઈ ગયોને? એક સેકન્ડ પણ જેને નિદ્રા ન હોય. મુનિ એને કહીએ કે જેને એક મિનિટ નિદ્રા ન હોય.

**શ્રોતા :-** દિવસે કે રાત્રે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દિવસે તો હોય જ શેની? 'પાછલી પહોરે...' નથી આવતું છ ઢાળામાં? 'પીછલી રયણમેં' એક આસને, એક જ આસન. શરીર આમ હોય તો આમ અને આમ હોય તો આમ. ફેરવે નહિ. આહા..હા..! એક નિદ્રા થોડી આવે ફટ સાતમું આવે. સાતમું ગુણસ્થાન. હજારોવાર અંતર્મુહૂર્તમાં છઠ્ઠું-સાતમું. આહા..હા..! મુનિ કોને કહેવા? બાપુ! અહીં તો આઠ-આઠ કલાક સૂવે એય..! નિરાંતે પથારીમાં. ...

**શ્રોતા** :- અંધારું હોય ત્યારે કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અંદર પ્રકાશનો પિંડ પડ્યો છે, ત્યાં જાય નહિ? આહા..હા..! મુનિ એટલે પરમેષ્ઠી છે. આહા..હા..! જેને ગણધર નમસ્કાર કરે. **નમો** લોએ સવ્વ સાહુણં. ઈ આ સાધુ હોં. ઓલા અન્યમતિના બધા અને ઓલા સુશીલકુમાર એમ કહે છે. સ્થાનકવાસી છેને સુશીલ. હમણા અમેરિકા ગયો છેને. મુહપિત ત્યાં જઈને કાઢી નાખી. સ્થાનકવાસી છે. બધા **નમો** લોએ સવ્વ સાહુણમાં વીતરાગના સાધુ છે એમ ક્યાં કહ્યું છે કહે. બધાને કહે. પણ એ બધા વીતરાગી સંત હોય એને લીધા છે. બીજાને ક્યાં? જૈનના વાડાવાળા પણ જેને અજ્ઞાન એ પણ નહિ. આહા..હા..! એવા લોકો અત્યારે સ્વચ્છંદે ચડી ગયા છેને. કંઈક-કંઈક વીતરાગમાર્ગને બીજે રસ્તે દોરી નાખવા. અમેરિકા ગયા છે ઈ ધર્મ પમાડવા. પછી બધા ભેગા થાય શીખ ને ફલાણાને. સૌનો ધર્મ બોલે સૌ. હવે એમાં તારો જૈનધર્મ ક્યાં રહ્યો? આહા..હા..! સાધુ નામ ધરાવવા અને રેલમાં બેસવા, પ્લેનમાં બેસવા એ સાધુના કામ છે? વ્યવહારના ઠેકાણા **નથી**. આહા..હા..!

અહીં તો '**નિદ્રાનો નાશ કર્યો છે,...**' ઈ થોડી આવે એની ગણતરી **નથી**. આહા..હા..! '**તે (મુનિ) ક્લેશજાળને સમૂળગી બાળી નાખે છે.**' આહા..હા..! વિકલ્પની જાળને તે નાશ કરનારો છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. બહુ સારા કળશ આવ્યા છે આ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર આ સ્થિતિને મુનિપણું કહે છે. એની ઓળખાણ તો જોઈએ કે નહિ? આહા..હા..!

**શ્રોતા** :- તો વ્યવહારનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો હજી વ્યવહાર. એમાં આ નાખ્યું. આહા..હા..!

'**વળી (૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** શ્લોક કહે છે) :—' એક પ્રવચનસારનો આપ્યો, એક ગુણભદ્ર આચાર્યનો આપ્યો, પછી એક પોતે કહે છે.

(शालिनी)

भुक्त्वा भक्तं भक्तहस्ताग्रदत्तं
ध्यात्वात्मानं पूर्णबोधप्रकाशम्।
तप्त्वा चैवं सत्तपः सत्तपस्वी
प्राप्नोतीद्धां मुक्तिवारांगनां सः।।८६।।

સંત, મુનિ, દિગંબર મુનિ અંતરના આનંદની લહેરનો અનુભવ કરનાર. બાહ્યમાં હોય

એ મુનિ નગ્ન જ હોય. જૈનના સાધુ દિગંબર જ હોય. વસ્ત્રસહિત એ જૈનના સાધુ નથી.

**શ્રોતા :-** પંચમકાળમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમકાળ. પંચમકાળનો શેરો અને ચોથા કાળના શેરામાં ફેર હશે? પંચમ આરામાં ઘી, સાકર અને લોટ નહિ અને ચોથા આરામાં ઘી, સાકર અને લોટ એનો શેરો થાય, એમ હશે? અત્યારે નહિ થોડો લોટને ઠેકાણે થોડી માટી, ઘીને ઠેકાણે પેશાબ કે પાણી લ્યોને. એમ શેરો થાતો હશે? શીરો-શીરો સમજ્યા? હલવો. હલવો તો ત્રણે કાળે એક જાતનો હોય છે. આહા..હા..! માર્ગ બાપા! હલવો કહે છેને? આહા..હા..! ભલે એમાં મીઠાશમાં થોડો ફેર હોય, પણ ચીજ બીજી ન હોય. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**શ્લોકાર્થ :- ભક્તના હસ્તાગ્રથી...**' દિગંબર સંત આત્મજ્ઞાની, શાંતિના વેદનારા, અતીન્દ્રિય આનંદના અનુભવી ભોક્તા એ આહાર લે તો '**ભક્તના હસ્તાગ્રથી...**' તે પણ ભક્ત હોય તે. જે ભાન વિનાના એના ઘરે ચડી જાય અને આહાર વ્હોરાવશો, બા? એ તો દબાણ. એને દબાણ થયું કહેવાય. ભક્ત હોય એ પોતે આહાર દેનારો ભક્ત હોય અને તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... ઉભા રહો મહારાજ! ઉભા રહો! એને ઘરે જાય. સમજાણું? અને '**હસ્તાગ્રથી (-હાથની આંગળીઓથી) દેવામાં આવેલું ભોજન લઈને, પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને,...**' લ્યો! એ લઈને કરવું શું એને કહે છે. આ ભગવાન પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો આત્મા. જુઓ, પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો. ચૈતન્યના નૂરના તેજથી ભરેલો ભગવાન. આહા..હા..! એનું ધ્યાન કરે. આહા..હા..! જ્ઞાનસ્વભાવી ભગવાનના પ્રકાશમાં પૂરમાં પોતે જાય અંદર. એનું ધ્યાન કરે કહે છે. આહા..હા..!

'**એ રીતે સત્ તપને તપીને,...**' આ સત્ તપ. છે? એ સત્ તપ આ તપ. પૂર્ણ જ્ઞાનપ્રકાશ ભગવાન આત્મા એનું ધ્યાન કરવું તે સત્ તપ. એ સાચું તપ. લે! આ વ્યાખ્યા. આહા..હા..! આહાર લઈ પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો ભગવાન. જેનો પ્રકાશ, ચૈતન્ય પ્રકાશનું આખું પૂર છે, નૂરનું તેજ છે. આહા..હા..! એનું ધ્યાન કરીને એ રીતે સત્ તપ. આને સાચું તપ કહેવામાં આવે છે. આહા..હા..! '**(સમ્યક્ તપને) તપીને,...**' પણ લીધું છે ભોજન લઈને આ કરવું એ તપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એ રીતે સત્ તપને (-સમ્યક્ તપને) તપીને,...**' આહા..હા..! '**તે સત્ તપસ્વી (-સાચો તપસ્વી)...**' આહા..હા..! પૂર્ણ જ્ઞાનપ્રકાશનો ભગવાન આત્મા એનું ધ્યાન કરીને ઠરે છે અંદર. એ પૂર્ણ સત્ તપ કહેવાય છે અને એ તપસ્વી એને કહીએ છીએ. કહો, આપણે અહીં તપસ્વી હતા. ઓલા અપવાસ કરતા હતા, નહિ? ગુજરી ગયા. એક આહાર નહોતા કરતા બાકી... તપસ્વી તો આને કહીએ કહે છે. આહા..હા..!

'**એ રીતે સત્ તપને તપીને, તે સત્ તપસ્વી...**' આહા..હા..! સાચું સ્વરૂપ જે જ્ઞાન પૂર્ણસ્વરૂપ ભગવાન એના ધ્યાનમાં જઈને જે સ્થિર થાય છે. આહા..હા..! ધ્યાન કરે

છે એ સત્ તપ છે. આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં ધ્યાન કરે છે એની અંદર. ધ્યેય એને બનાવીને, વિષય ધ્યાનનો એને ધ્યેય બનાવે છે. એ ધ્યાન તે સત્ તપ છે. ઓહો..હો..! આ ભાન વિના અપવાસ-બપવાસ કરે એ બધી લાંઘણું છે. એ લંઘન. ત્રાગા-ત્રાગા છે, ત્રાગા.

**શ્રોતા :-** આત્માને લક્ષે કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે ઈ ચાલ્યું છે. અહીંનું બહાર આવ્યુંને એટલે હવે લોકો એ શીખ્યા છે. અપવાસ આત્માને લક્ષે કર્યો છે, ફલાણાને લક્ષે કર્યો છે. સમજાણું? એવું છાપામાં આવે છે. ફલાણી આર્જિકાએ આત્માને લક્ષે કર્યા. હવે આત્મા કોને કહેવો એનું ભાન ન મળે. આહા..હા..!

**'સત્ તપસ્વી (-સાચો તપસ્વી) દેદીપ્યમાન મુક્તિવરાંગનાને પ્રાપ્ત કરે છે.'** આહા..હા..! શું કહ્યું ઈ? પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળો ભગવાન આત્મા એનું ધ્યાન કરીને, એમાં લીન થઈને. આહા..હા..! પરમતપસ્વી થયો એ **'દેદીપ્યમાન મુક્તિવરંગાનેને પ્રાપ્ત કરે છે.'** જ્યાં પ્રકાશની પૂર્ણતા કેવળજ્ઞાન એવી મુક્તિ એવી સ્ત્રીને એ પ્રાપ્ત કરે છે. પ્રકાશનો પુંજ પૂર્ણ છે તેને ઈ પ્રાપ્ત કરે છે. આહા..હા..! પૂર્ણ જ્ઞાનપ્રકાશમાં ધ્યાન કરતાં પૂર્ણ જ્ઞાન પર્યાયને પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર સંતોની કથની જ કોઈ... સત્ય છેને? સત્ય. ભગવાનનો પરંપરા પ્રવાહ છે. ઈ આ બધું છે. આહા..હા..! કહે છે પૂર્ણ પ્રકાશવાળો આત્મા એકલું સર્વજ્ઞ સ્વરૂપી આત્મા. એમાં ધ્યાન કરીને. સર્વજ્ઞસ્વભાવી પ્રકાશસ્વરૂપ આત્મા જેનું ધ્યાન કરીને તે તપ તપીને **'તપસ્વી દેદીપ્યમાન...'** પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદથી પ્રગટ થતા દેદીપ્યમાન એવી **'(-મુક્તિરૂપી સ્ત્રીને) પ્રાપ્ત કરે છે.'** આહા..હા..! એની મુક્તિ થાય છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૧૦, મંગળવાર, તા. ૧૦-૦૨-૧૯૭૬, કળશ-૮૭ થી ૮૯, ગાથા-૬૪-૬૫, પ્રવચન નં. ૧૭૫

આ નિયમસાર. ૬૪મી ગાથા ચાલે છે. નિશ્ચયસહિત મુનિનો વ્યવહાર કેવો હોય છે એ વાત ચાલે છે. જે મુનિને અંતર આત્મામાં આનંદ અને જ્ઞાનસ્વભાવનો અનુભવ થાય, ઉપરાંત સ્વરૂપમાં રમણતા, લીનતા થાય. એવો નિશ્ચય જેને અંતરમાં થાય એને વ્યવહાર

કેવો હોય છે એની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? જેને હજી આત્મા આનંદસ્વરૂપ એકલો જ્ઞાયકભાવ એ જે વસ્તુ એની ખબર પણ નથી, દૃષ્ટિ નથી, વેદન નથી, અનુભવ નથી, એને તો સાધુપણું હોતું નથી. એ દ્રવ્યલિંગ ધારણ કરે પણ એ સાધુ નથી. એવી ઝીણી વાત છે. અહીંયાં તો પંચમહાવ્રતનો અધિકાર ચાલ્યો. પાંચ સમિતિમાં ત્રણ સમિતિની વાત ચાલી છે. ચોથી સમિતિની વાત ચાલે છે. ૬૪.

**पोत्थइकमंडलाइं गहणविसग्गेसु पयतपरिणामो।**
**आदावणणिक्खेवणसमिदी होदि त्ति णिद्दिट्ठा।।६४।।**
**શાસ્ત્રાદિ ગ્રહતાં-મૂકતાં મુનિના પ્રયત પરિણામને,**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**

'**ટીકા :- અહીં આદાનનિક્ષેપણસમિતિનું સ્વરૂપ કહ્યું છે.**' શ્વેતાંબરમાં આ ચોથી સમિતિનું નામ ફેર છે. .. કારણ કે એણે .. પાત્રાને રાખ્યાને? એ બધી કલ્પિત વાત છે. એ જૈનમાર્ગની રીત નથી. જૈનમાર્ગમાં તો પાત્ર કે વસ્ત્ર મુનિને વીતરાગમાર્ગમાં તો હોય નહિ. એને એ છેને? જુઓ, '**અહીં આદાનનિક્ષેપણ સમિતિનું સ્વરપ કહ્યું છે.**' '**આ, અપહૃયતસંયમીઓને...**' છઠ્ઠે ગુણસ્થાને હોય, આત્મજ્ઞાની-ધ્યાનિ આત્મામાં છઠ્ઠે અપહૃયત. સંયમમાં ખામીવાળા હોય છઠ્ઠે ગુણસ્થાને. એ નીચે લીધું છે. '**અપહૃયતસંયમીવાળા મુનિ. (અપવાદ,...**' ઓહો..હો..! જેને આત્માના આનંદનું વેદન છે. અતીન્દ્રિય આનંદનું વેદન છે, છતાં અંદર વીતરાગતા પૂર્ણ નથી સાતમા ગુણસ્થાનને લાયક તો એને મહાવ્રતાદિનો રાગ બાકી છે, એને અપહૃતસંયમ-સંયમમાં ખામીવાળું સંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જે વસ્ત્રપાત્ર રાખે છે એ તો સાધુ નથી, એ તો સમકિતી જ નથી. પોપટભાઈ!

**શ્રોતા :-** કાંઈક વધારે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાદૃષ્ટિ છે એ વધારે.

**શ્રોતા :-** ગૃહીત કે અગૃહીત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૃહીત. ઝીણી વાત, ભાઈ! માર્ગ એવો ઝીણો છે અને આ શેઠીયા બધા સ્થાનકવાસીના શેઠિયા છે બધા છે. માર્ગ આ છે! શું કરવા અમે પરિવર્તન કર્યું એ ખબર નહિ હોય? ૪૧ વર્ષ થયા.

**શ્રોતા :-** તમે વારંવાર સ્થાનકવાસી શેઠિયા કહો છો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બધા અમારે ઝવેરભાઈને છે ઈ બધા. આ જાદવજીભાઈ ને એ બધા. આ તો ગયા કાળની અપેક્ષાએ. કેમ જાદવજીભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** શેઠિયાને કાંઈ જ્ઞાન હોવાની જરૂર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે ભાન વિનાના શેઠિયા શેના? એ આ પોપટભાઈ રહ્યા. લ્યો, એ સ્થાનકવાસી છે. આ તો હતાની વાત છે. આહા..હા..! માર્ગ તો, બાપુ! વીતરાગ

જૈનપરમેશ્વરનો માર્ગ જે છે એ તો આ માર્ગ છે. જિનેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવનો માર્ગ જે છે. મહાવિદેહમાં એ ચાલે છે એ માર્ગ આ છે. સમજાણું કાંઈ? તો મુનિને, સાચા મુનિ હોય એને વસ્ત્ર-પાત્ર હોય નહિ એક વાત. સાચા મુનિ હોય એને વસ્ત્ર-પાત્ર હોય નહિ એ એક વાત, પણ અંદર મિથ્યાત્વ હોતું નથી, સમ્યગ્દર્શન હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર ન હોય એથી કરીને મુનિ થઈ જાય એમ નથી. અંદરમાં જેને દયા, દાન, ભક્તિનો વિકલ્પ રાગ ઉઠે છે એનાથી પણ પોતાનો અનુભવ ભિન્ન થાય છે એને. જેને આત્માના આનંદનું વેદન આવે છે. સ્વસંવેદન. ઝીણી વાત, ભાઈ!

અંદર નિર્વિકારી આત્મા પરમાનંદનો જેને સ્વાદ આવે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! એ ઉપરાંત વિશેષ અતીન્દ્રિય આનંદની અનુભવ દશા એને ચારિત્ર કહે છે. એવા ચારિત્રવંત હોવા છતાં જ્યારે રાગમાં છે છઠ્ઠે ગુણસ્થાન આદિ રાગ. તો એને અપ્રતસંયમમાં ખામીવાળા કહેવામાં આવે છે. આહા..હા..! સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન છે, તો એ ઉપરાંત ત્રણ કષાયનો અભાવ થઈને ચારિત્રની વીતરાગતા પણ છે. પણ અત્યારે હજી પૂર્ણ વીતરાગ નથી અથવા સાતમા ગુણસ્થાનને યોગ્ય ઉપયોગ નથી, એને મહાવ્રતાદિનો વિકલ્પ આવે છે એને અપહૃયતસંયમી કહેવામાં આવે છે. સંયમમાં ખામીવાળા સંયમી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આ છે, ભાઈ! સમજાણું કાંઈ? છે નીચે?

'અપવાદ...' સંયમી એને કહે છે. જેને આત્મજ્ઞાન છે એ ઉપરાંત ત્રણ કષાયના અભાવનું શાંતિ અને ચારિત્ર અંદરમાં હોય. અંતરમાં. એને જે મહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે છે અથવા પુસ્તક આદિ લેવા-મૂકવાનો વિકલ્પ ઉઠે છે એ અપવાદિક સંયમી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ 'વ્યવહારનય,...' નામ મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ છે. નિશ્ચયનય છે એને તો વ્યવહારાભાસ છે એ તો નહિ, પણ જેને અંતરમાં જ્ઞાયક ચિદાનંદ પ્રભુ રાગના વિકલ્પથી દયા, દાન, મહાવ્રતનો વિકલ્પ જે રાગ એ રાગ છે. એનાથી ભિન્ન પોતાના આત્માના અનુભવમાં નિવાસ કર્યો છે અંતરમાં. જેણે અંતર સ્વભાવમાં નિવાસ કર્યો છે. આહા..હા..! એને પણ જ્યાં સુધી રાગ છે પોથી, કમંડળ આદિ લેવા-મૂકવાનો વિકલ્પ છે, જ્યાં સુધી એ ઉપકરણ છે તો એવા મુનિને વ્યવહારનયના સંયમી કહેવામાં આવે છે. આહા..હા..! માર્ગ, બાપુ! વીતરાગમાર્ગ એવો છે. અત્યારે વીખાઈ ગયું બધું. એ વ્યવહારનયના સાધુ કહેવાય. આહા..હા..!

**શ્રોતા :-** છૂપાયેલો હતો એને આપ પ્રકાશમાં લાવ્યા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? બાહ્યમાં નગ્ન થાય છે, અભ્યંતરમાં આનંદનું વેદન થાય છે અને અભ્યંતરમાં ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર આનંદ વિશેષ થાય છે. એને પણ જ્યાં સુધી લેવા-મૂકવાનો વિકલ્પ ઉઠે છે કે પુસ્તક લઉં, પુસ્તક છોડું, કમંડળ લઉં, કમંડળ મૂકું એવો વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી એને વ્યવહારનયનાં

સાધુ કહેવામાં આવે છે. આહા..હા..!

**'એકદેશપરિત્યાગ,...'** કહેવામાં આવે છે. નીચે છે. એને એકદેશપરિત્યાગ છે. આહા..હા..! માર્ગ તો માર્ગ વીતરાગનો. ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, બાપુ! જેને સાધુપણું પ્રગટ કરવું એ ચીજ એવી છે. સમજાણું કાંઈ? એને એકદેશપરિત્યાગ કહે છે. સમ્યગ્દર્શન ચારિત્ર ત્રણ કષાયનો અભાવ છે એને વિકલ્પ ઉઠે છે પુસ્તક લેવા-મૂકવાનો તો એને એકદેશ પરિત્યાગ છે. આહા..હા..! એ એકદેશપરિત્યાગ તો અણુવ્રતિ શ્રાવકને પણ કહે છે. એ નહિ. સમજાણું કાંઈ? એ જયસેનાચાર્યની ટીકામાં છે. નીચે લખ્યું છેને. જયસેનાચાર્યની ટીકામાં છે. આહા..હા..! જેને અંદર આનંદનો નાથ પ્રભુ વીતરાગ સ્વભાવે શાંતરસે જાગૃત થઈ ગયો છે અંદરમાં. આહા..હા..! અંદરમાં વિકલ્પ ઉઠે છે જરી થોડો પુસ્તક લેવા-મૂકવા વગેરે. એવો જે વિકલ્પ છે તો એને એકદેશપરિત્યાગ કહેવામાં આવે છે. સાતમા ગુણસ્થાનને યોગ્ય પૂર્ણ વીતરાગતા નથી એ. એને **'અપહૃયતસંયમ...'** કહે છે. **'(હીણ-ઓછપવાળો સંયમ), સરાગચારિત્ર...'** કહે છે એને. આહા..હા..! છે તો ત્રણ કષાયનો અભાવ, પણ રાગનો ભાગ છે એ અપેક્ષાએ સરાગચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! માર્ગ, ભાઈ!

**'શુભોપયોગ...'** એને શુભોપયોગી કહે છે. આહા..હા..! શુભ-પુણ્યભાવ ઉપયોગ. બંધનું કારણ છે એ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એને મુનિપણું કેવું હોય એ જાણવું તો પડશે કે નહિ? જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એની શ્રદ્ધા કરવી પડશે. આહા..હા..! એની જ્યાં ખબર ન મળે ત્યાં. **'શુભોપયોગ...'** આહા..હા..! જેને બાહ્યમાં નગ્નદશા હોય, અભ્યંતરમાં આનંદ અને ત્રણ કષાયના અભાવની દશા હોય અને એને શુભોપયોગ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે, લેવા-દેવાના ઉપકરણમાં વિકલ્પ ઉઠે છે, એને શુભોપયોગી સાધુ કહેવામાં આવે છે. આહા..હા..! એ અપહૃયતસંયમી. છે? પહેલી લીટી.

**'અપહૃયતસંયમીઓને સંયમજ્ઞાનાદિકના ઉપકરણો...'** એનું સંયમ અને જ્ઞાનાદિકના **'ઉપકરણો લેતી-મૂકતી વખતે ઉત્પન્ન થતી સમિતિનો પ્રકાર કહ્યો છે.'** આહા..હા..! વ્યવહારસમિતિ. આહા..હા..!

**શ્રોતા :-** ઉત્પન્ન થનારી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉત્પન્ન થનારી. સમિતિ... વિકલ્પ ઉઠે એવો. આહા..હા..!

**'ઉપેક્ષાસંયમીઓને...'** પણ જે મુનિ તો ધ્યાનમાં મસ્ત છે. સાચા મુનિને તો છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારોવાર આવે છે. છઠ્ઠી ભૂમિકા ગુણસ્થાન અને સાતમી ભૂમિકા. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. એવું હોય છે. જેને સેકન્ડના ઓછા ભાગમાં છઠ્ઠી ગુણસ્થાન દશા રહે છે અને એના અડધા ભાગમાં સાતમું રહે છે. આહા..હા..! સાચા મુનિને એટલી દશા ક્ષણમાં છઠ્ઠું-સાતમું આવે છે અને એને એને નિદ્રા પણ એક સેકન્ડની અંદર રહે છે સાચા

સાધુને. અડધો કલાક, કલાક નિદ્રા લે એ સાધુ નથી. આહા..હા..! આવો માર્ગ! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ આખી દુનિયાથી જુદો છે. '**ઉપેક્ષાસંયમીઓને પુસ્તક, કમંડળ વગેરે હોતા નથી;...**' જુઓ, એ તો પુસ્તક, કમંડળ રાખે છે વિકલ્પ છે એ તો છઠ્ઠે ગુણસ્થાને શુભોપયોગીઓને જ હોય છે. એકલા શુભોપયોગી નહિ. અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક ત્રણ કષાયના અભાવનું ચારિત્ર પ્રગટયું હોય એને જે લેવા-મૂકવાનો વિકલ્પ છે એને શુભોપયોગી કહેવામાં આવે છે. આહા..હા..! શરતો ઘણી. ભગવાન પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. સાક્ષાત્ વિદ્યમાન છે. ત્યાં આ જ માર્ગ ચાલે છે. સમજાણું કાંઈ? શું કહે છે?

**શ્રોતા :-** પુસ્તક અને કમંડળ હોતા જ નથી કે એના તરફ લક્ષ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ હોતા જ નથી આને. લક્ષ નથીનો અર્થ એને હોતા જ નથી અને એને નથી. એ તો વિકલ્પ આવે ત્યારે હોય છે. ઈ ભલે હોય, પણ વિકલ્પ નથીને એના તરફનો. એ તો એના ક્યાં છે? એની પાસે છેને એ? વિકલ્પ ઉઠે તો આ પુસ્તક.. એમ કહેવામાં આવે. ક્ષણમાં ધ્યાનમાં આવી જાય મુનિ સાતમા ગુણસ્થાને. આહા..હા..! એ તો ક્યાં છે અત્યારે? દ્રવ્યલિંગી નથી ત્યાં ભાવલિંગી તો ક્યાં છે? સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! વીતરાગનો માર્ગ દિગંબર માર્ગ બહુ અલૌકિક માર્ગ છે. એકલા નગ્ન થઈ જાય માટે દિગંબર મુનિ થઈ ગયા એમ છે નહિ. આહા..હા..!

'**ઉપેક્ષાસંયમીઓને પુસ્તક, કમંડળ વગેરે હોતાં નથી;...**' વિકલ્પ નથી પછી એને ક્યાં છે? આનંદમાં મસ્ત છે. આહા..હા..! '**પરમજિનમુનિઓ એકાંતે...**' એ તો '**પરમજિનમુનિઓ એકાંતે (-સર્વથા) નિસ્પૃહ હોય છે...**' આહા..હા..! '**તેથી જ તેઓ બાહ્યઉપકરણરહિત હોય છે.**' એને બાહ્યઉપકરણ હોતા જ નથી. આહા..હા..! હવે અભ્યંતર ઉપકરણ હોય છે એને. એને '**અભ્યંતર ઉપકરણ...**' અભ્યંતર ઉપકરણ. ભાષા તો જુઓ, '**નિજ પરમતત્ત્વને પ્રકાશવામાં...**' આહા..હા..! અભ્યંતર ઉપકરણ કોને કહે છે? કે '**નિજ પરમતત્ત્વ...**' આનંદનો નાથ, જ્ઞાયકમૂર્તિ પરમેશ્વર પરમાત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ પરમાત્મા એને પ્રકાશવામાં ચતુર. આહા..હા..! જ્ઞાનાનંદ પ્રભુને જ્ઞાનના પ્રકાશ અને આનંદનો પ્રકાશ કરવામાં ચતુર. આહા..હા..! જાણવું તો પડશેને એણે (કે) સાધુ કેવા હોય? દેવ કેવા હોય? શાસ્ત્ર કોને કહીએ? સમજાણું કાંઈ? આહા..હા..! આ શાસ્ત્ર વીતરાગના શાસ્ત્રો કોતરેલા છે. વીતરાગી દિશગંબર મુનિઓના. શ્વેતાંબરના આગમ છે ત્યાં પાલિતાણા પણ એ ભગવાનના કહેલા નથી. છેને પાલિતાણા? નીચે આગમમંદિર. એ કલ્પિત કરેલા છે, ભાઈ! શું થાય? સત્ય તો આવી વાત છે. સમજાણું કાંઈ? આ તો મહામુનિઓ વીતરાગી સંત કેવળજ્ઞાનીના કેડાયતો એણે બનાવ્યું છે, એને પરમાગમ કહે છે. આહા..હા..!

એ મુનિઓને અંદર આનંદનો નાથ પ્રભુ સોળે કળાએ ખીલ જાય અંદરમાં. '**પ્રકાશવામાં ચતુર એવું જે નિરુપાધિસ્વરૂપ સહજજ્ઞાન...**' આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્યનું

સહજજ્ઞાનપ્રકાશ થાય છે. સાચા મુનિ, ઉપેક્ષા સંયમીઓને જ્ઞાનના પ્રકાશનું તેજ નીકળે છે અંદરમાં. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. શક્તિરૂપે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા છે. સર્વજ્ઞસ્વભાવી. આહા..હા..! **'સહજજ્ઞાન તેના સિવાય બીજું કંઈ તેમને ઉપાદેય નથી.'** નિરાવરણ આનંદકંદ પ્રભુ શુદ્ધ આનંદ જ્ઞાયકભાવ એનો નિર્મળ પ્રકાશ પ્રગટ કરવો એ જ એક ઉપાદેય છે. બાકી મુનિને બીજી કોઈ ચીજ ઉપાદેય છે નહિ. આહા..હા..! ઉપેક્ષાથી. અપેક્ષાસંયમવાળાને શુભરાગ હોય છે. સમજાણું કાંઈ? ગુરુને વંદન કરવા એ પણ ઉપકરણ છે. આહા..હા..! મન પણ એક ઉપકરણ છે. વંદન કરવામાં મન કામ કરે છેને? આ તો ઉપેક્ષાસંયમીને એવું કાંઈ નથી. આહા..હા..! એકલા મોરપંખ જેમ ખીલી જાય છે. શું કહે છે ઈ? મોર-મોર. કળા-કળા. મોર છેને? એની કળા ખીલે છે. એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન અંતરમાં એકાગ્ર થવાથી ખીલી જાય છે. આહા..હા..! એ જ્ઞાનીનું ઉપકરણ છે. આવી વાત. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સહજજ્ઞાન તેના સિવાય બીજું કંઈ તેમને ઉપાદેય નથી.'** આહા..હા..! ભગવાનને વંદન કરવા કે ગુરુને વંદન કરવાનો કોઈ વિકલ્પ નથી એને. આહા..હા..! ધ્યાન આનંદમાં મસ્ત. એને જ્ઞાનની શાંતિ. જ્ઞાન એટલે આત્મા. જ્ઞાનસ્વભાવી વસ્તુ. એને પ્રકાશવામાં ચતુર એ એનું ઉપકરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું તો સાંભળ્યું પણ ન હોય કેટલાયે આખી જિંદગી. આહા..હા..! **'તેના સિવાય બીજું કંઈ તેમને ઉપાયેદ નથી.'** આહા..હા..! એકલા આનંદનો જ્ઞાનસ્વભાવ, વસ્તુસ્વભાવ પ્રભુ આત્માનો, એનો વિકાસ કરવામાં ચતુર એ એનું ઉપકરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે? આહા..હા..!

**'અપહૃયતસંયમધરોને...'** પણ જે છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પવાળા છે, શુભરાગવાળા છે એ **'પરમાગમના અર્થનું ફરીફરીને પ્રત્યભિજ્ઞાન થવામાં...'** પ્રત્યભિજ્ઞાન થવામાં **'કારણભૂત એવું પુસ્તક...'** એ પુસ્તક એને વિકલ્પ છે તો વાંચવા માટે પુસ્તક હોય છે. આહા..હા..! **'પરમાગમના અર્થનું ફરીફરીને પ્રત્યભિજ્ઞાન...'** એટલે આ આ છે, આ આ એવું **'થવામાં કારણભૂત એવું પુસ્તક તે જ્ઞાનનું ઉપકરણ છે;...'** વિકલ્પવાળો છઠ્ઠા ગુણસ્થાનમાં રહેનારને આ પુસ્તક જ્ઞાનનું વારંવાર ફેરવવું-પર્યટનમાં એ ઉપકરણ એને છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પુસ્તક તે જ્ઞાનનું ઉપકરણ છે; શૌચનું ઉપકરણ કાયવિશુદ્ધિના હેતુભૂત કમંડળ છે;...'** કમંડળ હોય છે. પાત્રબાત્ર એને નથી હોતા. શૌચને માટે કમંડળ હોય છે, પણ અંતર આનંદકંદનું ભાન છે, અનુભવી છે એની વાત ચાલે છે. એકલા બહારથી રાખે એ કાંઈ સંયમ મુનિ નથી. આહા..હા..!

જેને રાગનો વિકલ્પ આવે, હોય છે. એ ઉત્પન્ન થાય છે, પણ કર્તા નથી. આહા..હા..! રાગનો કર્તા છે તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ ... આહા..હા..! અને જેનું ફળ કેવળજ્ઞાન, અનંત આનંદ, મુક્તિ એના ઉપાયનો માર્ગ એવો

જ હોય છેને. સમજાણું કાંઈ? એ '**શૌચનું ઉપકરણ કાયવિશુદ્ધિના હેતુભૂત કમંડળ છે;...**' આહા..હા..! '**સંયમનું ઉપકરણ—હેતુ પીંછી છે,...**' મોરપીંછ હોય છે એને. સમજાણું કાંઈ? આ ઉનનું રજોવરણ મુનિને હોય નહિ. ઉન-ઉન હોય છેને તો એને અડે તો હાથ ધોવા પડે. એવી વાત. રજોવરણ આ ઉનના ગુચ્છા કરે છેને. મુનિ એને અડતા જ નથી. સમજાણું કાંઈ? અરે! આવો માર્ગ! વાણિયાને નવરાશ ન મળે. આખો દિ' વેપાર-ધંધો કરવો. કલાક વખત મળે સાંભળવા મળે જે ઓલો કહેતો હોય એ જય નારાયણ. વજુભાઈ! આ પણ શેઠિયા બેઠા છે જોડે વજુભાઈ, ઢેબરભાઈ. આ નિવૃત્તિનો વખત મળે નહિ અને મળે ત્યારે ઓલા માથે કહે એ જય નારાયણ.

**શ્રોતા :-** પ્રમાણ વચન!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણ. આ તો વીતરાગનો માર્ગ, ભાઈ! પરીક્ષા કરીને સમજવો જોઈએ. એવી (સાધારણ) ચીજ નથી આ. આ તો અલૌકિક ચીજ છે. એક અનાજ લેવા જાય તો માલ મીંઢવે છે કે આ જુવાર એવી .. મોતીના દાણા જેવી છે, પોચી છે કે કાચી છે એમ. ઘઉં લે છે તો મેળવે છે. તો આ ચીજ શું છે, ભાઈ! અનંતકાળમાં વીતરાગ પરમેશ્વરનો માર્ગ કદી સાંભળવા મળ્યો નથી. યથાર્થપણે સાંભળવા મળ્યો નથી. સાંભળવા મળે તો એની રુચિ થાય તો એને સાંભળ્યો કહેવાય. આહા..હા..!

કહે છે, મુનિને એ '**સંયમનું ઉપકરણ—હેતુ પીંછી છે, આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે...**' જુઓ, '**વખતે ઉદ્‌ભવતી...**' જોયું? '**પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ...**' એ શુભરાગ થાય છે પ્રયત્નપરિણામ. આહા..હા..! '**તે જ આદાનનિક્ષેપણસમિતિ છે...**' આદાન.. નિક્ષેપણ નહિ. શ્વેતાંબરમાં આદાન..નિક્ષેપણ આવે છે. કારણ કે એણે પાત્ર નાખ્યાને? કલ્પિત નાખ્યાને એણે? નવા શાસ્ત્ર બનાવી અને એણે કલ્પિત નાખ્યું બધું. ભગવાન પછી (અત્યારથી) બે હજાર વર્ષ પહેલાં. અત્યારે બે હજાર વર્ષ પહેલા. શ્વેતાંબર પંથ બાર (વર્ષનો) દુકાળ પડ્યા હતો એમાંથી નીકળ્યા. ત્યારે તો સ્થાનકવાસી પંથ હતો જ નહિ. એ બાર વર્ષનો દુકાળ પડ્યો એમાંથી શ્વેતાંબર પંથ નીકળ્યો દિગંબરમાંથી. એમાથી આ સ્થાનકવાસી હજી પાંચસો વર્ષ પહેલા મૂર્તિને ઉથાપીને નીકળ્યા. સમજાણું કાંઈ? આ માર્ગ છે, ભાઈ!

આ મુનિને તો '**આદાનનિક્ષેપણસમિતિ છે...**' લેવું-મૂકવું. શું? કે પુસ્તક અને કમંડળ આદિ. આહા..હા..! તો '**આ ઉપકરણોને લેતી-મૂક્તી વખતે ઉદ્‌ભવતી...**' ભાષા જુઓને. ઉત્પન્ન થતી. કરે છે એમ છેને? આહા..હા..! '**પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ તે જ આદાનનિક્ષેપણસમિતિ છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.**' આહા..હા..!

નીચે ઓલું રહી ગયું હોં. ઉપેક્ષાસંયમ નહિ? '**ઉપેક્ષાસંયમવાળા મુનિ. (ઉત્સર્ગ,...**' માર્ગી. અંદર ધ્યાનમાં, આનંદમાં. આહા..હા..! સાતમું ગુણસ્થાન. '**નિશ્ચયનય,...**' અંદર ધ્યાનમાં, આનંદમાં છે એ નિશ્ચયનય. '**સર્વપરિત્યાગ,...**' એને વિકલ્પનો પણ ત્યાગ છે.

'**ઉપેક્ષાસંયમ,...**' બધા નામ. '**વીતરાગ-ચારિત્ર અને શુદ્ધોપયોગ—એ બધાં એકાર્થ છે.)**' આહા..હા..! એ જયસેનાચાર્યની ટીકામાં છે. એમાંથી નાખ્યું છે.

'**(હવે, ૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' ૮૭મો કળશ છેને ૮૭?

(मालिनी)

समितिषु समितीयं राजते सोत्तमानां
परमजिनमुनीनां संहतौ क्षांतिमैत्री।
त्वमपि कुरु मनःपंकेरुहे भव्य नित्यं
भवसि हि परमश्रीकामिनीकांतकांतः।।८७।।

'**શ્લોકાર્થ :- ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ...**' આહા..હા..! ભાષા કેટલી છે! '**ઉત્તમ પરમજિનમુનિ...**' એક તો વીતરાગપણું જેને પ્રગટ્યું છે. આહા..હા..! અને તે ઉત્તમ છે અને પરમ છે. આહા..હા..! '**ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ...**' આદાન- લેવા-મૂકવાની ચીજ. '**સમિતિઓમાં શોભે છે.**' પાંચ સમિતિમાં આ સમિતિ શોભે છે, કહે છે. '**તેના સંગમાં ક્ષાંતિ મૈત્રી હોય છે...**' આહા..હા..! ભગવાન આત્માના જ્ઞાનાનંદ પ્રકાશમાં જે શાંતિ પ્રગટ થઈ અંદરમાં આનંદ થયો એની સાથે જે વિકલ્પ ઉઠે છે એની સાથે ક્ષાંતિ અને મૈત્રી હોય છે. '**(અર્થાત્ આ સમિતિયુક્ત મુનિને ધીરજ-સહનશીલતા-ક્ષમા...**' ત્રણ બોલ લીધા. મુનિ તો સહનશીલ ધીર... ધીર... ધીર... ધીર... આહા..હા..! આત્માના સમ્યગ્દર્શનના જ્ઞાન, ભાનસહિત. આ કુંદકુંદાચાર્ય વર્ણન કરે છે કે મારી ભાવના માટે મેં નિયમસાર બનાવ્યું છે. લ્યો! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.' એ કુંદકુંદાચાર્ય કહે છે કે મારી ભાવના માટે મેં આ નિયમસાર બનાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે આ સમિતિની સાથે ધર્માત્માને સહનશીલતા હોય છે, ધીરજ એટલે ધીરજ હોય છે. ક્ષમા હોય છે '**અને મૈત્રીભાવ હોય છે).**' આહા..હા..!

'**હે ભવ્ય!**' મુનિરાજ કહે છે. '**તું પણ મન-કમળમાં સદા તે સમિતિ ધારણ કર,...**' મુનિને ઉદ્દેશીને છેને. આ મનરૂપી કમળમાં, હે ભવ્ય! સદા ધારણ કર '**કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો પ્રિય કાન્ત થઈશ...**' મુક્તિરૂપી સ્ત્રીનો પ્રિય કાન્ત થઈશ. એ પરિણતિ કદી છોડશે નહિ. આહા..હા..! '**(અર્થાત્ મુક્તિલક્ષ્મીને વરીશ).**' લ્યો! એ ચોથી સમિતિ થઈ. પાંચમી.

पासुगभूमिपदेसे गूढे रहिए परोपरोहेण।
उच्चारादिच्चागो पइट्ठासमिदी हवे तस्स।।६५।।

જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,
મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.

**'ટીકા :- આ, મુનિઓને કાયમળાદિત્યાગના સ્થાનની શુદ્ધિનું કથન છે.'** ૬૫. ટીકા. **'મુનિઓને કાયમળાદિ...'** જંગલ, પેશાબ આદિ ત્યાગનું સ્થાન કોણ? ત્યાગનું સ્થાન કોણ? આહા..હા..! એ શુદ્ધિનું કથન. **'શુદ્ધનિશ્ચયથી જીવને દેહનો અભાવ હોવાથી...'** આહા..હા..! ભગવાન આત્માને તો દેહ છે જ નહિ. આહા..હા..! શુદ્ધનિશ્ચયની દૃષ્ટિમાં તો આત્માને દેહ નથી, રાગ નથી. આહા..હા..! **'દેહનો અભાવ હોવાથી...'** દેહ દેહમાં છે, આત્મા આત્મામાં છે. ભિન્ન છે. આહા..હા..! ક્યારે? અત્યારે. શુદ્ધનિશ્ચયથી જુઓ તો ભગવાન આત્માને દેહ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** કયા ભગવાનને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ આત્મા ભગવાનને. ભગવાન તો ભગવાન પાસે રહ્યા. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા ભગ નામ અનંતી આનંદ અને જ્ઞાનની લક્ષ્મીવંત પ્રભુ આત્મા છે. આહા..હા..! ભગ નામ લક્ષ્મી. અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. એવી અનંતી લક્ષ્મી ભગવાન આત્મામાં છે. એ ભગ નામ લક્ષ્મી અને વાન નામ વાળા. લક્ષ્મીવાળો ભગવાન છે. આ ધૂળની લક્ષ્મીવાળો નહિ. સમજાણું કાંઈ? લક્ષ્મીપતિ એ જડનો પતિ થાય છે. જડનો પતિ જડ હોય છે, ભેંસનો ધણી પાડો હોય છે. પાડો કહે છેને? શું કહે છે? ભેંસનો ધણી પાડો હોય છે. એ લક્ષ્મીનો ધણી જે હોય તે જડ છે. લક્ષ્મીપતિ, લખપતિ, કરોડપતિ નથી કહેતા? જડ છે એ તો કહે છે. આહા..હા..! ભગવાન તો એમ કહે છે. જડ છે એનો સ્વામી થાય તે જડ છે. લક્ષ્મી તો માટી, ધૂળ જડ છે. એ આત્માની ક્યાંથી થઈ? આહા..હા..! એને પતિ માને છે કે અમે લક્ષ્મીપતિ, કરોડપતિ, અબજપતિ. લ્યો! છેને અત્યારે વાણિયા ઓલા? ગોવામાં છે. ગુજરી ગયા એ. પૈસા છે બે અબજ ચાલીસ કરોડ. આ જયપુર છે શિવશંકર. દુર્લભજી ..ના દીકરા. અબજપતિ છે. ચાર કરોડ રૂપિયા છે કાંઈક. નાનાને મોટા વનેચંદના છોકરા એની પાસે એક અબજ રૂપિયા બે ભાઈના. અબજ રૂપિયા અત્યારે જયપુર. .. નહિ? આપણે ભાઈ ઉતર્યા હતાને પૂનમચંદના એની જોડે ૩૫ લાખનો નહિ? .. નહિ. હોસ્પિટલ. હોસ્પિટલ કરી. ૩૫ લાખ નાખ્યા એમાં. એમાં શું થયું? જડ છે એ તો. આહા..હા..! જડનો સ્વામી, જડનો ધણી, જડનો પતિ જડ માને કે આ મારું છે. આહા..હા..!

અહીં તો આ જુઓ કહ્યુંને? **'શુદ્ધનિશ્ચયથી જીવને...'** દેહ જ નથીને, લક્ષ્મી તો ક્યાં રહી કહે છે. આહા..હા..! **'દેહનો અભાવ હોવાથી અન્નગ્રહણરૂપ પરિણતિ નથી.'** ભગવાન શુદ્ધનિશ્ચયનયથી આત્મામાં અન્ન ગ્રહણરૂપી સમિતિ છે નહિ. આહા..હા..! પરિણતિ નથી. અને ગ્રહણનો જે વિકલ્પ છે એ તો રાગ છે. આહા..હા..! પાંચમી સમિતી કહેવી છેને?

**'અન્નગ્રહણરૂપ પરિણતિ નથી.'** નિશ્ચયમાં અન્ન ગ્રહણ કરવું એ આત્માના સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! **'વ્યવહારથી (જીવને) દેહ છે;...'** નિમિત્ત. નિમિત્તથી જીવને દેહ કહેવામાં આવે છે.

**'તેથી તેને જ દેહ હોતાં આહારગ્રહણ છે;...'** એ વ્યવહારથી આહારગ્રહણનો વિકલ્પ છે. આહા..હા..! **'આહારગ્રહણને લીધે મળમૂત્રાદિક સંભવે છે જ.'** આહાર ગ્રહણ કરે તો મળમૂત્ર હોય છે. આહા..હા..! **'આહારગ્રહણને લીધે મળમૂત્રાદિક...'** આદિ એટલે આ બળખા. કફ નીકળે છેને? **'સંભવે છે જ. તેથી જ સંયમીઓને મળમૂત્રાદિકના ઉત્સર્ગનું (-ત્યાગનું) સ્થાન જંતુરહિત...'** હોવું જોઈએ. જેમાં કોઈ જીવાત ન હોય. પૃથ્વી, પાણીના જીવ ન હોય. એકેન્દ્રિયના જીવ ન હોય ત્યાં પ્રસવે, ત્યાં નાખે. **'જંતુરહિત...'** વનસ્પતિ ઉગી હોય ત્યાં ન નાખે. વનસ્પતિ સમજ્યા? આ હરિકાય. લીલા હોયને જ્યાં ત્યાં મળમૂત્ર ન કરે. એમાં જીવ છે અંદર. આહા..હા..! આ લીમડો હોય છેને લીમડો? લીમડાના ફૂલ, ફળ એની એક કટકીમાં અનંત જીવ છે. લીમડાના કોર ફૂલ-ફૂલ. એક રાઈ જેટલી કટકી લ્યો તો એમાં અનંત જીવ છે. આહા..હા..! તો એ ઉપર બળખા નાખનાર કે પેશાબ.. એ હોઈ શકે નહિ. આહા..હા..!

એ જીવ **'સ્થાન જંતુરહિત...'** એક વાત. એમાં જીવ ન હોય ત્યાં મળમૂત્ર કે બળખા. બળખો કહે છેને? કફ. **'પરના ઉપરોધ રહિત હોય છે.'** બીજો કોઈ એનો સ્વામી થાય કે અહીં નહિ નાખવું તો ત્યાં ન નાખે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પરના ઉપરોધ રહિત હોય છે. તે સ્થાને શરીરધર્મ કરીને...'** શરીરનો ધર્મ એ પેશાબ ને જાડા કરવાનો. આહા..હા..! **'પછી જે પરમસંયમી તે સ્થાનથી ઉત્તર દિશામાં કેટલાંક પગલાં જઈને...'** ઉત્તર દિશા તરફ જાય ભગવાનના... તે **'ઉત્તરમુખે ઊભા રહીને, કાયકર્મોનો (શરીરની ક્રિયાઓનો), સંસારના કારણભૂત હોય...'** આહા..હા..! એ વિકલ્પ છે એ સંસારનું કારણ છે. એ ગજબ છે.

**'સંસારના કારણભૂત હોય એવા પરિણામનો...'** આહા..હા..! એ મળમૂત્ર એક સ્થાનમાં નાખવાનો તો એ વિકલ્પ છેને અંદર. આહા..હા..! મુનિને સંસારનું કારણ છે. રાગ છેને. ભલે શુભરાગ હોય. આહા..હા..! એ **'સંસારના કારણભૂત હોય એવા પરિણામનો તથા સંસારના નિમિત્તભૂત મનનો ઉત્સર્ગ કરીને,...'** એ પરિણામોનું અને મનનું. બેયનો ત્યાગ કરીને. આહા..હા..! **'નિજ આત્માને અવ્યગ્ર (-એકાગ્ર) થઈને ધ્યાવે છે...'** એ વખતે .. વિકલ્પ આવ્યો તો આનંદના ધ્યાનમાં આવે છે. અતીન્દ્રિય છે અવ્યગ્ર. એકાગ્ર થઈને આનંદનું ધ્યાન કરે છે. જુઓ, આ મુનિની દશા! સમજાણું કાંઈ? આ જૈનમાર્ગના મુનિઓનો આ માર્ગ છે. આહા..હા..!

**'આત્માને અવ્યગ્ર (-એકાગ્ર) થઈને ધ્યાવે છે અથવા ફરીફરીને કલેવરનું...'** આ

શરીર કલેવર. '**અશુચિપણું સર્વ તરફથી ભાવે છે,...**' આહા..હા..! મળમૂત્રથી ભરેલું શરીર છે, વિષ્ટાનું સ્થાન છે, પેશાબનું સ્થાન છે, કફનું સ્થાન છે, હાડમાંસનું સ્થાન છે. એવી વારંવાર વિચારણા કરે છે. આહા..હા..! '**સર્વ તરફથી ભાવે છે,...**' ચારેબાજુથી અશુચિ શરીર એમ ભાવના કરે છે. '**તેને ખરેખર પ્રતિષ્ઠાપનસમિતિ હોય છે.**' લ્યો ચોથી. '**બીજા સ્વચ્છંદવૃત્તિવાળા...**' આહા..હા..! જેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, સમ્યક્ચારિત્ર નથી અને સ્વચ્છંદવૃત્તિવાળા. આહા..હા..! એ '**યતિનામધારીઓને કોઈ સમિતિ હોતી નથી.**' યતિ નામ ધરાવે અમે સાધુ છીએ, દિગંબર છીએ, પણ એને આ સમિતિ હોતી નથી. આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દર્શન નથી ત્યાં સ્વચ્છંદવૃત્તિ જ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દર્શન નથી ત્યાં સ્વચ્છંદ જ વૃત્તિ છે. આહા..હા..! ભારે કામ, બાપા! માર્ગ (કોઈ અલૌકિક છે).

'**કોઈ સમિતિ હોતી નથી.**' આહા..હા..! એનો શ્લોક કહે છે. ત્રણ શ્લોક કહે છે જોયું. ૬૫મી ગાથા.

(मालिनी)

समितिरिह यतीनां मुक्तिसाम्राज्यमूलं
जिनमतकुशलानां स्वात्मचिंतापराणाम्।
मधुसखनिशितास्त्रव्रातसंभिन्नचेतः
सहितमुनिगणानां नैव सा गोचरा स्यात्।।८८।।

'**શ્લોકાર્થ :- જિનમતમાં કુશળ...**' મુનિ હોય છે. આહા..હા..! વીતરાગ શું કહે છે આત્મા? કે આ પરિણતિ ધર્મ, શાંતિ એ બધામાં કુશળ હોય છે. '**સ્વાત્મચિંતનમાં પરાયણ...**' રહે છે. ભગવાન સાચા મુનિ તો આત્માના આનંદની પરાયણમાં રહે છે. આહા..હા..! સ્વાત્મચિંતા. ભગવાનમાં એકાગ્રતા ચિંતા નામ. આહા..હા..! આ આત્માની તો વાત ન મળે, પછી આ કરું ને આ કરું ને આ કરું. થોથા છે બધા. આહા..હા..! આનંદનો નાથ પ્રભુ અંદર શુદ્ધ ચૈતન્યઘન એના ચિંતનમાં રહેવું. આહા..હા..! છે? પરાયણ છે એમાં. આહા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં મુનિ તો પરાયણ તત્પર રહે છે. વિકલ્પ આવે છે પણ એમાં તત્પર નથી. આહા..હા..!

'**એવા યતિઓને આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે.**' એવા મુનિઓને જેને સ્વાત્મધ્યાન. અતીન્દ્રિય આનંદનું જેને ધ્યાન છે એમાં પરાયણ છે એવા યતિ. યતિ કેમ કહ્યું? યતિ ઓલા સતિ થાય છે એ નહિ. આ તો યતિ સ્વરૂપની યતના કરનારા. ભગવાન આનંદકંદની યતના કરનારા યતિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**યતિઓને આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે.**' આહા..હા..! મુક્તિરૂપી મહારાજ એનું આ મૂળસમિતિ છે. છે?

સામ્રાજ્ય આવ્યુંને? મુક્તિરૂપી સામ્રાજ્ય. મહા મોટું રાજ. આહા..હા..! '**કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિઓને તે (સમિતિ) ગોચર નથી થતી.** ' આહા..હા..! પણ જેને ઇચ્છા વર્તે છે બહારમાં, બાહ્ય પદાર્થની એ કામદેવના તીક્ષ્ણ અસ્ત્રથી હણાઈ ગયા છે. આહા..હા..!

'**કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી...**' વાસના. સુંદર સ્ત્રી, સુંદર લક્ષ્મી, સુંદર મકાન જોઈને જેને અંદર પ્રેમ ઉઠે છે એ કામદેવના શસ્ત્રથી હણાઈ ગયા છે. આહા..હા..! '**કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિઓને તે (સમિતિ) ગોચર નથી થતી.**' એને એ સમિતિ હોતી નથી. આ આનંદનું ભાન ન મળે જેને. સ્વચ્છંદવૃત્તિ એકલી આમ કરવું ને તેમ કરવું. આહા..હા..! એ સમિતિ ગોચર થતી નથી. એને સમિતિ ગમ્ય થતી નથી. એને સમિતિ છે નહિ. આહા..હા..! જુઓ, આ મુનિઓ! આ પદ્મપ્રભમલધારિદેવ આ. લખે છેને? એ ટીકાકાર એ છે. આ પદ્મપ્રભમલધારિદેવ. આ ટીકા એની છે. ૯૦૦ વર્ષ પહેલાં દિગંબર મુનિ સંત થયા. એ આ કહે છે. મુનિનીદશા એવી છે. ૮૮ થયો. ૮૯.

(हरिणी)

समितिसमितिं बुद्ध्वा मुक्त्यङ्गनाभिमतामिमां
भवभवभयध्वान्तप्रध्वंसपूर्णशशिप्रभाम्।
मुनिप तव सद्दीक्षाकान्तासखीमधुना मुदा
जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम्।।८९।।

'मुनिप' એટલે? 'मुनिप' એટલે શું? પતિ? 'मुनिप' છે. ...

'**શ્લોકાર્થ :- હે મુનિ!**' મુનિરાજ મુનિને કહે છે. આહા..હા..! '**સમિતિઓમાંની આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે,...**' નિશ્ચયસમિતિ હોં. આનંદઘનમાં રમણતા એ નિશ્ચયસમિતિ છે. સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ પ્રભુતાની ઈશ્વર શક્તિથી ભરેલો છે આત્મા. આહા..હા..! એમાં જેની શુદ્ધ પરિણતિની પ્રાપ્તદશા છે. વીતરાગ પરિણતિની પ્રાપ્તદશા. આહા..હા..! એ '**મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે,...**' એટલે એને મુક્તિરૂપી સ્ત્રી અલ્પકાળમાં વરશે. આહા..હા..! કેવી વાતું! લૂખી લહ જેવી લાગે. આ કરવું, આમ લેવું, આમ દેવું અને આ લેવું એમ હોય તો કાંઈક (લાગે કે ધર્મ કર્યો)! અહીં તો કહે છે કે સમિતિનો વિકલ્પ ઉઠે એ પણ બંધનું કારણ છે. આહા..હા..! વ્યવહાર. આહા..હા..! એને વ્યવહારનયના સાધુ કહ્યા છે. શુભોપયોગી. શુભોપયોગ એ બંધનું કારણ. આહા..હા..!

'**સમિતિઓમાંના આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે, જે ભવભયના ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે...**' આહા..હા..! શું કહે છે? ભવભવના ભય. આ ચોર્યાસીના અવતારનો ભય. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિયના ભવ તે અનંત કર્યા. એવા ભવ, ભવના ભય એવો જે અંધકાર, '**ભવભયના ભયરૂપી અંધકાર...**'

આહા..હા..! એ '**નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે...**' પૂર્ણ ચંદ્રમાં જેમ ખીલે અને અંધકારનો નાશ થાય છે એમ ભગવાન આત્માની સમિતિ અંતર આનંદમાં રમણતા એ રાગ અને અજ્ઞાન આદિનો નાશ કરનારી છે. આહા..હા..! રાગ એ અંધકાર છે. ચાહે તો શુભરાગ હોય એ અંધકાર છે, એમ કહે છે. આહા..હા..! જોઈને ચાલવું, નિર્દોષ આહાર લેવો એ વિકલ્પ છે. એ અંધકાર છે. આહા..હા..! મુનિઓની કથની તો જુઓ! વ્યવહારનો અધિકાર છે તો કહે રાગ એ અંધકાર છે. આહા..હા..! અધિકાર વ્યવહારનો કરે અને એમાંથી નિશ્ચય કાઢે છે. આહા..હા..! જ્યારે પૂર્ણ ચંદ્રમા ખીલે છે ત્યારે અંધકારનો નાશ થાય છે. એવા ભવભયના ભયરૂપી અંધકાર એનો નાશ કરવામાં અંતરની વીતરાગપરિણતિ, સમિતિ શુદ્ધ સમિતિ પરિણતિનું પરિણમન એ ભવભયના અંધકારનો નાશ કરનારી છે. આહા..હા..!

'**તથા તારી સત્-દીક્ષારૂપી કાન્તાની...**' આહા..હા..! સત્ દીક્ષા. ભાષા જુઓ! અંદર વીતરાગી પરિણતિ એ સત્‌દીક્ષા. વિકલ્પ એ નહિ. આહા..હા..! '**તારી સત્...**' સાચી દીક્ષા, વીતરાગ દશા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અંતર વીતરાગ કાન્તા એ સત્ દીક્ષારૂપી તારી પ્રિય એ સ્ત્રી. આહા..હા..! મુનિઓને વીતરાગી પરિણતિ પ્રિય છે. રાગ પ્રિય નથી. અહીં જુઓ ભાષા. આહા..હા..! '**સત્-દીક્ષારૂપી કાન્તાની...**' એવી જે પરિણતિ-સ્ત્રી પોતાની એની સખી છે આ સમિતિ. એની સખી છે આ સમિતિ. એની બહેનપણી છે એ. આહા..હા..! બહેનપણી હોય છેને? એમ કહે છે કે આત્મા સત્‌દીક્ષા, આનંદની દીક્ષા. રમણતા વીતરાગી પરિણતિ જે છે એ દીક્ષા. એને સમિતિ સખી છે. વીતરાગી પરિણતિ એ એની સખી છે. આહા..હા..! આ સિદ્ધાંત કહેવાય છે જુઓને. વ્યવહારને કાળે વ્યવહાર સમજાવ્યો, પણ કાઢ્યો નિશ્ચય.

'**હવે પ્રમોદથી જાણીને,...**' આહા..હા..! હે મુનિ! પ્રમોદથી, આનંદથી જાણ એ સમિતિને. આહા..હા..! અનાકુળ અણિન્દ્રિયનો પ્રમોદથી સ્વાદ લઈને '**જિનમતકથિત તપથી સિદ્ધ થતા...**' આહા..હા..! વીતરાગના અભિપ્રાયથી કહેલી તપની સિદ્ધિ મુનિપણું. વીતરાગચારિત્રની સિદ્ધિ એ તપની સિદ્ધિ. આહા..હા..! '**સિદ્ધ થતા એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ.**' આહા..હા..! વીતરાગના અભિપ્રાયથી કહેલી વીતરાગી તપની પરિણતિ અનાકુળ આનંદની. એવા કોઈ ધ્રુવ ફળને પામીશ, સિદ્ધપદને પામીશ. આહા..હા..! ભવભયનો નાશ કરનારી અને આને ઉત્પન્ન કરનારી. આહા..હા..! 'ધ્રુવં અચલં અનુપમ' આવે છેને પહેલી ગાથા. ધ્રુવ અચલનને અનુપમ ગતિ પ્રાપ્ત... તો આ ધ્રુવ ઈ. જેમાંથી જન્મ કરવો નહિ, ગતિ ફરે નહિ એવા પદને તું પામીશ. એ સમિતિને સમિતિ (કહે છે). આનંદના નાથમાં રમણતા, વીતરાગી પરિણતિને સમિતિ કહે છે. સમિતિ પરિણતિ. આહા..હા..! આ વ્યવહારસમિતિ છે એ જાણવાલાયક છે. આદરવાલાયક તો આ છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૧, બુધવાર, તા. ૧૧-૦૨-૧૯૭૬,**
**કળશ-૯૦ થી ૯૨, ગાથા-૬૬-૬૭, પ્રવચન નં. ૧૭૬**

૬૫ ગાથાનો ૯૦ કળશ.

(द्रुतविलंबित)
समितिसंहतितः फलमुत्तमं
सपदि याति मुनिः परमार्थतः।
न च मनोवचसामपि गोचरं
किमपि केवलसौख्यसुधामयम्।।९०।।

આ અધિકાર કાયાનો ચાલે છેને? કાય, મળનો ત્યાગનો છે. પાંચમી સમિતિ.

‘**શ્લોકાર્થ :- સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ મન-વાણીને પણ અગોચર એવું કોઈ કેવળસુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે.**’ શું કહે છે? હિન્દુસ્તાની નથીને? આજ તો નથી. નથીને? આજ ગુજરાતી. આનંદસ્વરૂપ એનો જેને અંતરમાં સ્વસ્વરૂપને જ્ઞેય બનાવી જ્ઞાન કરીને અનુભવમાં પ્રતીતિ થઈ છે એને હજી તો સમ્યગ્દષ્ટિ કહીએ. સમજાણું કાંઈ? એ ઉપરાંત અહીંયાં તો ચારિત્રવંત મુનિની વાર્તા છે. મુનિ પણ એ હોઈ શકે જેને પહેલો ‘આત્મા જ્ઞાયકસ્વરૂપ રાગાદિ પરની ક્રિયાનો કર્તા નહિ’ એવું જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી ભરેલો એનો એને પહેલો અનુભવ હોય. પછી એને અંતરસ્વરૂપમાં શુદ્ધ ચૈતન્યનો ઉગ્ર આશ્રય લઈને જે અંતર ચારિત્રદશા, અંતર ચારિત્રદશા એ અંતરની છે. અંતર જ્ઞાયકભાવનો ઉગ્ર આશ્રય લીધો ત્યારે ચારિત્ર થાય. આહા..હા..!

ચારિત્રવંતને પાંચમી સમિતિ હોય છે એમ કહેવું છે. એ સમિતિની સંગતિ એટલે જે આત્માની વીતરાગી પરિણતિ છે એની સંગતિ એટલે એકાકાર એમાં થવું. એ ‘**દ્વારા ખરેખર મુનિ...**’ આહા..હા..! અતીન્દ્રિય આનંદની સમાધિ દ્વારા મુનિ. સમજાય છે કાંઈ? ઈ સમિતિ. સમ્યક્ સ્વભાવની પરિણતિ. શુદ્ધ ચૈતન્યઘન એવો શુદ્ધ ભગવાન આત્મા પરિણતિ પર્યાયમાં શુદ્ધ થવી એને અહીંયાં સમિતિ કહે છે. આહા..હા..! એ ‘**સમિતિની સંગતિ દ્વારા...**’ એટલે તેની એકતા દ્વારા ‘**ખરેખર મુનિ...**’ એને શું ફળ પ્રાપ્ત થાય? ‘**મન-વાણીને પણ અગોચર...**’ આહા..હા..! ‘(**-મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય**)...’ મનથી ચિંતવી શકાય નહિ અને વાણીથી કહી શકાય નહિ. આહા..હા..!

‘**એવું કોઈ કેવળસુખામૃતમય...**’ કેવળ આનંદ સુખ અમૃતમય. આહા..હા..! જેના ફળ તરીકે શુદ્ધ સ્વભાવની શુદ્ધ પરિણતિરૂપી સમિતિ દ્વારા જેને ‘**કેવળસુખામૃતમય ઉત્તમ**

**ફળ શીઘ્ર પામે છે.**' આહા..હા..! બધી. એકલો આનંદમય કેવળ આનંદ અમૃતમય, અમૃતમય કીધું જોયું? આહા..હા..! મોક્ષ એટલે કેવળ અમૃતમય સ્વરૂપ. આહા..હા..! એવા '**ઉત્તમ ફળને શીઘ્ર પામે છે.**' સમજાણું કાંઈ? ઈ વ્યવહારમાં આ (નિશ્ચય) હોય તો એટલે એનાથી પામે. વ્યવહારથી પામે એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? પણ નિશ્ચયથી પામે એને સમિતિ કહે છે અહીંયાં. આહા..હા..! એ પાંચ સમિતિ થઈ. ૬૬. મનોગુપ્તિ.

**कालुस्समोहसण्णारागद्दोसाइअसुहभावाणं।**
**परिहारो मणुगुत्ती ववहारणयेण परिकहियं।।६६।।**
**કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના**
**પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.**

'**ટીકા :- આ, વ્યવહારમનોગુપ્તિના સ્વરૂપનું કથન છે.**' એનું નીચે. '**મુનિને મુનિત્વોચિત શુદ્ધપરિણતિ...**' અહીં તો મુનિનિ વ્યાખ્યા છેને વિશેષ? '**મુનિને મુનિત્વોચિત...**' એની જે ત્રણ કષાયના અભાવવાળી શુદ્ધપરિણતિ. આહા..હા..! '**મુનિને મુનિત્વોચિત...**' આહા..હા..! શુદ્ધપરિણતિ, વીતરાગી દશા જે મોક્ષમાર્ગ. શુદ્ધ ચૈતન્યઘનને અવલંબે સમ્યગ્દર્શન, એને અવલંબે જ્ઞાન, એના અવલંબનમાં સ્થિરતા. આહા..હા..! એનું નામ શુદ્ધપરિણતિ મોક્ષનો માર્ગ કહેવાય છે. આહા..હા..!

'**મુનિને મુનિત્વોચિત...**' એને યોગ્ય એમ. શુદ્ધપરિણતિ તો સમ્યગ્દર્શનમાં એ સમકિતીને હોય છે. જે સમ્યગ્દર્શન થયું એટલી શુદ્ધપરિણતિ તો સમ્યગ્દષ્ટિને હોય છે ચોથે ગુણસ્થાને. આહા..હા..! પણ અહીં એમ કહેવું છે કે મુનિને મુનિ-ઉચિત શુદ્ધપરિણતિ. આહા..હા..! ધર્મી જીવ સમ્યગ્દર્શન પામ્યો ત્યારથી એને શુદ્ધપરિણતિ શરૂ થઈ ગઈ છે. એટલી. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, શુદ્ધ સ્વભાવની સ્થિરતાનો અંશ. આહા..હા..! સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને ધર્મની પહેલી સીઢીવાળો એને કહીએ કે જેને અંદર શુદ્ધસ્વરૂપ પૂર્ણ આનંદસ્વરૂપ એની સન્મુખ થઈને જેને શુદ્ધપરિણતિ સમ્યગ્દર્શનને અનંતાનુબંધીના અભાવની શુદ્ધદશા પ્રગટ થઈ છે. આહા..હા..! ત્યારે તો એને હજી સમ્યગ્દષ્ટિ કહીએ. આહા..હા..! એ શબ્દને વિશેષ કરવા માટે કે '**મુનિને મુનિત્વોચિત શુદ્ધપરિણતિ...**' સમજાણું કાંઈ? શ્રાવક જે પાંચમા ગુણસ્થાનવાળા સાચા હોય. સાચાની વાત છે હોં. આ વાડામાં છે એ કાંઈ શ્રાવક નથી. આહા..હા..!

જેને અંતરમાં સમ્યગ્દર્શનની શુદ્ધદશા પરિણતિ પ્રગટી છે એ ઉપરાંત જેને અંતરમાં શાંતિનો અંશ વૃદ્ધિ પામ્યો છે. બીજો કષાય ટળ્યો છે એટલે જેને શાંતિ... શાંતિ... આહા..હા..! તેવો જેને અંશ વિશેષ પ્રગટ્યો છે એને શ્રાવક કહીએ. આ તો વાત.

**શ્રોતા :-** વ્રત ક્યાં ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને વ્રત હોય એ વિકલ્પ છે, આસ્રવ છે. એ હમણા કહેશે

અહીંયાં. અશુભપરિણામ પ્રત્યય. અશુભપરિણામ આસ્રવ તો એની સાથે શુભપરિણામ પણ આસ્રવ. સમજાણું કાંઈ? તો અહીંયાં અશુભનો ત્યાગ બતાવવો છે આમાં. મનોગુપ્તિ વ્યવહાર. બાકી તો શુભભાવ એ પણ આસ્રવ છે, બંધનું કારણ છે. એ શુભભાવ પણ મલિન છે. એ ખુલાસો કરશે.

'**મુનિને મુનિત્વોચિત...**' આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદ પર્યાયમાં ભરતી આવી છે. ભરતી સમજો છો? બાઢ. તમારી ભાષામાં બાઢ કહે છે, અમારે અહીંયાં ભરતી કહે છે. દરિયો સમુદ્ર ભર્યો છે અંદર અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો ભગવાન આત્મા. એમાં જેને પરિણતિ અંદર નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા છે એને આનંદની ધારા વહે છે. આહા..હા..! એને '**મુનિત્વોચિત શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) મન-આશ્રિત, વચન-આશ્રિત કે કાય-આશ્રિત શુભોપયોગ...**' આવો જેને શુદ્ધપરિણતિ પ્રગટી છે એની સાથે મન, વચન અને કાયાના શુભોપયોગ શુભરાગ જે આસ્રવ છે, બંધનું કારણ છે, પણ એ ભાવ એને આવે છે. આહા..હા..! વાતે વાતે ફેર છે. ઓલા નથી કહેતા કે 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે કે તારે અને મારે વાત-વાતમાં ફેર છે, ભાઈ! ધર્મની શ્રદ્ધાના જ્ઞાનમાં વાતે વાતે ફેર પ્રભુ. આહા..હા..!

એવી '**શુદ્ધપરિણતિની સાથે વર્તતો...**' વર્તતો હોં. કર્તા એમ નહિ. '**જે (હઠ વગરનો) મન-આશ્રિત, વચન-આશ્રિત કે કાય-આશ્રિત શુભોપયોગ તેને વ્યવહારગુપ્તિ કહેવામાં આવે છે,...**' શુભભાવ છેને? એથી વ્યવહાર. છે તો આસ્રવ, પણ અશુભ નથી, તેથી શુભ છે તેને વ્યવહારગુપ્તિ કહેવામાં આવે છે. '**કારણ કે શુભોપયોગમાં મન, વચન કે કાય સાથે અશુભોપયોગનું જોડાણ નથી.**' આહા..હા..! શુભોપયોગમાં હિંસા, જૂઠું આદિ એવા અશુભોપયોગનું જોડાણ નથી. શુદ્ધપરિણતિ ન હોય, જેને અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદની પરિણતિ જેને પ્રગટી નથી આહા..હા..! એવા જીવનો શુભોપયોગ પંચમહાવ્રતનો અથવા આ કાયા, મનની ગુપ્તિનો, ઓલો ઓલાનો છે. સમજાણું કાંઈ? મનગુપ્તિ આવી શુભભાવ. એ '**હઠસહિત હોય છે. તે શુભોપયોગ તો વ્યવહારગુપ્તિ પણ કહેવાતો નથી.**' આહા..હા..!

જેને ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદ એની જેની શુદ્ધપરિણતિ સ્વને આશ્રયે પ્રગટી છે, એને જે શુભભાવ વર્તતો તેને અહીંયાં વ્યવહારમનોગુપ્તિ કહેવામાં આવે છે. પણ જેને સમ્યગ્દર્શન જ નથી, શુદ્ધપરિણતિ પ્રગટી જ નથી આહા..હા..! એ જે આ દયા, દાન, વ્રતના આદિ પરિણામ એ તો હઠસહિત છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? હઠાગ્રહી. ઘડી-ઘડીકમાં આમ લઈ જઈએ, ઘડી-ઘડીમાં શું કાંઈ ઠેકાણા ન મળે. અંદર શુદ્ધદશા નથી એટલે હઠના પરિણામ એને આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠસહિત હોય છે. તે શુભોપયોગ તો**

**વ્યવહારગુપ્તિ પણ કહેવાતો નથી.'** કોને? એને. જેને આત્માનું દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ પ્રગટી નથી એના શુભોપયોગને વ્યવહાર મનોગુપ્તિ પણ કહેવામાં આવતી નથી. અરેરે! કેટલી જવાબદારી! શરતો કેટલી આમાં! આહા..હા..! ઓલા વાણિયા પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોયને. પછી ભાગીદાર રાખે. ભાગીદાર. પાંચ લાખ આપે. એવા ચાર ભાગીદાર રાખે. પોતે કાંઈ કામ ન કરી શકે એટલે ભાગીદાર. પાંચ લાખ આપે. બાર આનાનું વ્યાજ. અત્યારે તો .. થઈ ગયું છે. આ તો પહેલાની વાત છે. બાર આનાનું વ્યાજ અને બાર મહિને પેદા થાય એમાં અડધો ભાગ. આવી શરત છે એને. આહા..હા..! અહીં આવી શરત છે વેપારમાં એમ કહે છે. સમજાણું કાંઈ? આ કરે છેને વાણિયા કરે છે એ. ઝાઝી મૂડી હોય અને પોતે એકલો વેપાર ન કરવો હોય પછી ભાગીદારને ગોતે એવો હોય હુશિયાર. લ્યો! પછી પાંચ લાખ એને આપે, પાંચ લાખ આને. જો ભાઈ! આઠ આનાનું વ્યાજ. એ તો પહેલાની વાત છે હોં. અત્યારે તો ટકો કે દોઢ ટકો થઈ ગયો. આઠ આનાનું વ્યાજ. એ તો લેવાનું. એ ઉપરાંત જે રળે બાર મહિના એમાં અડધો ભાગ. અને મહિને-મહિને ચોપડા તપાસવા હું આવીશ પાછો. વળી પાછો ગોટા વાળે નહિ અંદરથી.

એમ અહીંયાં ભગવાન કહે છે, શુદ્ધપરિણતિની શરત પહેલી. આહા..હા..! એની સાથે શુભભાવ હઠ વિનાનો. સમજાણું કાંઈ? એને અહીંયાં વ્યવહારમનોગુપ્તિ કહેવામાં આવે છે. આહા..હા..! શુદ્ધપરિણતિનો વેપાર છે, એની સાથે શુભભાવનો પણ વેપાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્યાં સહજદશા સમ્યગ્દર્શન-જ્ઞાનની નથી એને તો હઠ આવ્યા વિના રહે જ નહિ. હઠથી કરે પચ્ચખાણ, વ્રત, નિયમ એ બધા વ્યવહારગુપ્તિ પણ ન કહેવાય એને. આહા..હા..! એ. શું કહે છે?

**શ્રોતા :-** સમ્યગ્દર્શન થયા પછી થોડી હઠ તો રહેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હઠ જરીએ નહિ. હઠ કેવો? હઠાગ્રહી એ તો મિથ્યાદૃષ્ટિ છે. લોકોને કઠણ પડ્યું છે. અહીં પડ્યુંને આ બધું મોટું. બાયુને કઠણ પડ્યું બધા માણસને. છે ભાઈ! માણસને ખબર નથી બિચારાને. વસ્તુની શું સ્થિતિ છે. આહા..હા..! અહીં કેટલીક બાયુના પાણી ઉતરી ગયા. એનું હૃદય કેટલું હતું એ બહાર આવી ગયું. આહા..હા..! વસ્તુ એવી બાપુ આકરી છે, ભાઈ! આહા..હા..!

અહીંયાં તો **'વ્યવહારમનોગુપ્તિના સ્વરૂપનું કથન છે.'** એટલે કે જેને શુદ્ધપરિણતિ છે એવા જીવને શુભભાવ હઠ વિનાનો હોય એના સ્વરૂપનું કથન છે. આહા..હા..! એને વ્યવહાર કહેવાય અને એને વ્યવહાર હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે વ્યાખ્યા કરે છે. કાલુષની વ્યાખ્યા. **'ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર કષાયોથી ક્ષુબ્ધ થયેલું ચિત્ત...'** એનાથી આકુળતાવાળું ચિત્ત **'તે કલુષતા છે.'** એને કલુષતા કહીએ. એવા અશુભપરિણામનો જેને ત્યાગ હોય એમ કહેવું છે. આગળ કહેશે. **'દર્શનમોહ**

**અને ચારિત્રમોહ એવા (બે) ભેદોને લીધે મોહ બે પ્રકારે છે.'** મોહના બે પ્રકાર છે એટલું હોં. એમાં રાગનો ભાગ એ ચારિત્રનો આવે શુભરાગ. એ તો એક વર્ણન કર્યું, પણ એમાં ત્યાગ ઓલા શુભરાગનો અહીં નથી બતાવવો. અહીં અશુભરાગનો ત્યાગ બતાવવો છે.

**શ્રોતા :-** અશુભરાગ તો હોય જ ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; માટે ત્યાગ કીધોને? અશુભપરિણામ પ્રત્યેનો પરિહાર. એ અશુભપરિણામ પ્રત્યેનો પરિહાર કેમ લખ્યું? કે શુભપરિણામ પણ આસ્રવ છે. વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ આસ્રવ છે. એ બતાવવા અહીં એમ કે અશુભપરિણામ પ્રત્યયનો પરિહાર. એટલે એનો અર્થ થયો કે શુભપરિણામ પ્રત્યય છે. શુભપરિણામ પ્રત્યય એને વ્યવહારગુપ્તિવાળાને છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપુ એનો જે ન્યાય છે એનો. આ તો જૈનદર્શન સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! એ બે ભેદ છે.

**'આહારસંજ્ઞા,...'** આહારની સંજ્ઞા **'ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા...'** વિષય **'અને પરિગ્રહસંજ્ઞા એવા (ચાર) ભેદોને લીધે સંજ્ઞા ચાર પ્રકારે છે.'** એ ચારેય પાપ છે. **'પ્રશસ્તરાગ અને અપ્રશસ્તરાગ...'**ના બે ભેદ છે. અહીં તો ભેદનું વર્ણન કરે છે, પછી એમાંથી અપ્રશસ્તનો ત્યાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'પ્રશસ્તરાગ અને અપ્રશસ્તરાગ એવા (બે) ભેદને લીધે રાગ બે પ્રકારનો છે. અસહ્ય જનો પ્રત્યે અથવા અસહ્ય...'** સહન ન થઈ શકે એવા. ગાળ આપે, માર પડે એના **'પ્રત્યે વૈરનો પરિણામ તે દ્વેષ છે.' 'અસહ્યજનો પ્રત્યે...'** આહા..હા..! **'અથવા અસહ્ય પદાર્થસમૂહો પ્રત્યે વૈરનો પરિણામ તે દ્વેષ છે.--ઈત્યાદિ અશુભપરિણામપ્રત્યયોનો...'** ઈત્યાદિમાં કોઈને એમ લે કે ઓલો પ્રશસ્ત રાગ પણ ઈત્યાદિ અશુભમાં આવે એ નહિ. એ તો એક વર્ણન જણાવ્યું. સમજાણું કાંઈ?

**'ઈત્યાદિ અશુભપરિણામપ્રત્યયોનો પરિહાર જ (અર્થાત્ અશુભપરિણામરૂપ ભાવાપાપાસ્રવનો ત્યાગ જ) વ્યવહારના અભિપ્રાયથી મનોગુપ્તિ છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? એનો નીચે ખુલાસો કર્યો છે. કારણ કે અશુભપરિણામ પ્રત્યય એટલે આસ્રવ. એ પાપાસ્રવ. એટલે નીચે ખુલાસો કરવો પડ્યો કે પ્રત્યય આને કીધો અશુભને, ત્યારે શુભ પરિણામ પણ પ્રત્યય છે, આસ્રવ છે. શુભભાવ, મહાવ્રતના ભાવ—દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ વિકલ્પ એ આસ્રવ છે, એ ધર્મ નથી. આહા..હા..! રાડ આવી છેને નહિ કાલે મોટી? સાંભળ્યુંને બધું શિબિરનું, 'એને ધર્મ નથી કહેતા, એનાથી ધર્મ નથી.' અરે! ભગવાન! ભાઈ! ધર્મ તો ધર્મ હોય ઈ હોયને, બાપા! અરે! આહા..હા..!

ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અંતરંગ શુદ્ધતા પ્રગટ કરે એને ધર્મ કહીએ. આહા..હા..! બાકી આવા જે બહારને આશ્રયે થતાં પરિણામ એ તો આસ્રવ છે. એટલે અહીં કહે છે. **'પ્રત્યયો = આસ્રવ;** કારણો. **(સંસારના કારણોથી આત્માનું ગોપન-રક્ષણ કરવું**

તે ગુપ્તિ છે.)' એ નિશ્ચયગુપ્તિ. '**ભાવપાપાસ્રવો તેમ જ ભાવપુણ્યાસ્રવો સંસારના કારણો છે.)**' જોયું! અશુભભાવ ભાવપાપાસ્રવ છે, શુભભાવ ભાવપુણ્યાસ્રવ છે. આહા..હા..! આમાંથી નીકળ્યુંને? આ શું કરવા કરવું પડ્યું આ? કે અશુભપરિણામ પ્રત્યય લીધો છે. અશુભભાવ તે આસ્રવ. ત્યારે એની સામે આવ્યું કે શુભભાવ પણ આસ્રવ. સમજાણું કાંઈ? આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આસ્રવ છે. આહા..હા..! આકરી વાત. કારણ કે અશુભ પરિણામ પ્રત્યય. એમ મૂક્યું ટીકામાં, તેનો અર્થ થયો કે શુભપરિણામ પ્રત્યય. એ પુણ્યાસ્રવ છે અને અશુભપરિણામ પ્રત્યય એ પાપાસ્રવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચોપડા નામામાં કાંઈ એક રૂપિયાનો ફેર પડે કે ચાર આનાનો ફેર તો ઘાસતેલ બાળે આખી રાત અને ચોપડામાં નક્કી કરે. આ નક્કી કરવા નવરાશ ન મળે. દરકાર નથી. એમ ને એમ થઈ જાય તો થઈ જાય જાવ લ્યો. આહા..હા..! બાપુ! માર્ગ વીતરાગનો! શુદ્ધ જુદું, શુભ જુદું, અશુભ જુદું. આહા..હા..! શુભ-અશુભભાવ બે આસ્રવ છે, બેય ભાવ બંધ છે અને દ્રવ્યબંધનું એ કારણ છે. અને શુદ્ધભાવ તે અનાસ્રવ-સંવર છે અને તે નિર્જરાનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ અશુભપરિણામરૂપ ભાવપાપાસ્રવનો ત્યાગ જ) વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ છે.**' આહા..હા..!

'**(હવે, ૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(वसंततिलका)

गुप्तिर्भविष्यति सदा परमागमार्थ–
चिंतासनाथमनसो विजितेन्द्रियस्य।
बाह्यान्तरङ्गपरिषङ्गविवर्जितस्य
श्रीमज्जिनेन्द्रचरणस्मरणान्वितस्य।।९१।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે,...**' પરમાગમ જૈનસિદ્ધાંત જે ભગવાનના છે તે. એમ શબ્દ મૂકવો પડ્યો 'પરમાગમ.' આહા..હા..! કુંદકુંદાચાર્ય આદિ મુનિઓએ જે શાસ્ત્રો કહ્યા એ પરમાગમ છે. બીજાઓએ જે આગમના નામ આપીને રચ્યા એ આગમ નથી, પરમાગમ નથી. આગમ છે, આગમ એટલે ઘણા ચાલ્યું આવ્યું એટલી અપેક્ષાએ. બાકી તો આકરી વાત, બાપુ! બહુ ઝીણી. સમજાણું કાંઈ? શ્વેતાંબરના જે આગમ છે એ આગમ જ નથી, એ કલ્પિત છે. સમજાણું કાંઈ? એમાં જે ઉતરાધ્યયન ને દશવૈકાલિક, આચારાંગ અને સૂયગડાંગ નામ આપ્યા છે એ બધા કલ્પિત આપ્યા અને કલ્પિત રચ્યા છે. આકરી વાતું બહુ પડે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** લાભવર્ધક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાત્વ વર્ધક છે. આમાં આવે છે, તમારે નથી? આ શું કહેવાય?

'એ પ્રમાણે શ્વેતાંબર મત કલ્પિત જાણવો. કારણ કે ત્યાં સમ્યગ્દર્શનાદિનું અન્યથા નિરૂપણ હોવાથી મિથ્યાત્વ દર્શન આદિના .. થાય છે.' રાગ એમ નહિ. આ મોક્ષમાર્ગપ્રકાશક. જેને શ્રીમદ્ સત્શ્રુત કહીને પ્રસિદ્ધ કર્યું છે. છે? આકરી વાતું છે બાપુ આ તો. સત્ય તો આ છે. 'એ શ્વેતાંબરોમાં ઢુંઢીયા પ્રગટ થયા. તેઓ પોતાને સાચા ધર્માત્મા માને છે, પણ તે ભ્રમ છે.' આ તો પહેલાથી ચાલ્યું આવે છે શાસ્ત્ર. આ કાંઈ નવું નથી. 'તે પ્રમાણે જૈનમાં શ્વેતાંબર મત છે તે પણ દેવ-ગુરુની, તત્ત્વાદિની અને મોક્ષમાર્ગનું અન્યથા નિરૂપણ કરે છે, માટે તે પણ મિથ્યાદર્શન આદિકના પોષક છે.' આ તો પહેલાનું છે.

**શ્રોતા :-** આચાર્યનું કથન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભગવાનનું જ કથન છે આ. એને ઘરનું ક્યાં કહ્યું? શાસ્ત્રમાં છે એ કહ્યું છે. એ તો કહ્યું નહિ બોધપાહુડમાં ઓલા દર્શનપાહુડમાં ન કહ્યું? માર્ગ આવો છે, બાપુ! કોઈ ઉપર વિરોધ નહિ. કોઈ પ્રત્યે દુશ્મનાઈ, વેર નહિ. એ પણ ભગવાન આત્મા છે. આહા..! પણ દૃષ્ટિ જે વિપરીત છે એ તો બરાબર જાણવી જોઈએ. કોઈ વ્યક્તિ પ્રત્યે વેર નહિ, વિરોધ નહિ, દ્વેષ નહિ. સમજાય છે કાંઈ? પણ વસ્તુનું સ્વરૂપ તો આવું છે એનો તો બરાબર એણે નિર્ણય કરવો પડશે. આવો છે. આહા..હા..! જુઓ, છેને.

**શ્રોતા :-** નિર્ણય શું કરવા કરે? આપ કહો એ બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ સમજ્યા વિના નિર્ણય એ અનિર્ણય છે. નથી આવતું એમાં? આમાં આવે છે. બીજાના વચનેથી નિર્ણય તે અનિર્ણય છે, વાસ્તવિક નિર્ણય નથી. આમાં આવે છે. આ મોક્ષમાર્ગપ્રકાશકમાં તો બહુ નાખ્યું છે. હજારો... આહા..હા..! ૮૨માં પહેલું મળ્યું હતું આ મોક્ષમાર્ગપ્રકાશક. કેવા? દામોદર ચત્રભુજ, ભાઈ! દામોદર ચત્રભુજ લાખાણી. મુળજીભાઈના મોટા ભાઈ. ૮૨માં એના ઘરે ઈ પુસ્તક રાખતા હતા દામોદરભાઈ. એ ભાઈઓએ પૈસા ઘણા પેદા કર્યા હતા ૧૬ લાખ કે ૧૮ લાખ કાંઈક. તે મુંબઈ મૂકીને પૈસા લઈને વયા આવ્યા. ધંધો મૂકી દીધો. એ લાખાણી. દામોદર મૂળજી ચત્રભુજ. એ બેય ગુજરી ગયા. છોકરાઓ છે. એ રાખતા ઘરે પુસ્તક. દામોદરભાઈ. બધા દિગંબરના વાંચતા. એમાંથી એક અમે અહીં આવ્યા હતા રાજકોટ ૮૨ની સાલ. ઓલા મેડી ઉપર ભાઈ એનું મકાન છે. જોયું? બહાર. એ ત્યાં રહેતા. હીરાભાઈ ત્યાં રહે છે. દામોદરભાઈના હીરાભાઈ એ ત્યાં રહે છે. એનો છોકરાઓ નહિ આ બચુભાઈ અને લક્ષ્મીચંદને. એ પુસ્તક ત્યાં પહેલું મળ્યું હતું. ૮૨ની સાલ. કેટલા વર્ષ થયા? ૫૦. સમયસાર પહેલું મળ્યું દામનગર ૭૮. આ મોક્ષમાર્ગ ત્યાં. પંચાધ્યાય પણ ૮૨માં જામનગર. જુઓને કેવો ખુલાસો છે! આહા..હા..! વસ્તુની સ્થિતિ તો જેમ હોય એમ આવેને. એમાં કાંઈ કોઈનો પક્ષ ત્યાં ચાલે? આહા..હા..!

**'જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે,...'** આહા..હા..! ભગવાનના કહેલા સંતો, સાચા વીતરાગી સંતોના કહેલા એવા પરમાગમનો અર્થોમાં જેનું મન ચિંતનયુક્ત છે.

એની વિચારણા જેને ચાલતી હોય છે. '**જે વિજિતેંદ્રિય છે (અર્થાત્ જેણે ઇન્દ્રિયોને વિશેષપણે જીતી છે),...**' મુનિ છેને? '**જે બાહ્ય તેમ જ અભ્યંતર સંગરહિત છે...**' નિર્ગ્રંથ છેને? નિર્ગ્રંથ. અંતરમાં ગ્રંથિ નથી અને બાહ્યમાં વસ્ત્રાદિની ગ્રંથિ નથી. આહા..હા..! '**અભ્યંતર સંગરહિત છે અને જે જિનેન્દ્રચરણના સ્મરણથી સંયુક્ત છે,...**' આહા..હા..! વીતરાગી ભાવનું વારંવાર એને સ્મરણ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અહીં તો (પગલા) મૂક્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પગ ઈ. ચરણકમળ પગ ક્યાં હતા અહીં? ભગવાનને પગ જ ક્યાં હતા? આહા..હા..! આત્માવલોકનમાં કહ્યું છેને? આત્માવલોકનમાં શ્લોક છે નહિ? મુનિ મુહુ મુહુ વીતરાગભાવનો ઉપદેશ કરે. એવો પાઠ છે. આત્માવલોકન. મુહુ-મુહુ વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... રાગથી અભાવ એવી આત્માની સમ્યગ્દર્શન વીતરાગ, આત્માનું સમ્યગ્જ્ઞાન વીતરાગ, આત્માની ચારિત્રદશા વીતરાગ એ વીતરાગનો જ ઉપદેશ એ આપે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ક્યાં આવ્યું એમાં? પુણ્યનો ઉપદેશ તો એને આવે, પણ નિષેધ માટે આવે. સ્થાપન માટે, વીતરાગતા માટે આવે એમ કહે છે. આહા..હા..! વર્ણન તો બધું આવે. પુણ્યનો વ્યવહારવ્રતાદિનો નથી? એ હેય તરીકે જણાવા વર્ણન બધું આવે, પણ સ્થાપન તરીકે તો એકલી વીતરાગતાને સ્થાપે. આહા..હા..!

**શ્રોતા :-** થાપ-ઉથાપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ થાપ-ઉથાપ વિકલ્પ હોય છે. જ્યાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી એવો વિકલ્પ આવે છે. લખ્યું છેને એમાં? ૧૪૪ કર્તાકર્મ. પાછળ એમ કે જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી પ્રશસ્ત ઉથાપન પણ કરે એટલો દ્વેષનો અંશ પણ છે. ઉથાપન કરે કે આ નહિ. આહા..હા..! છે? સમયસાર. 'જેમ કેવળી ભગવાન સદા નય પક્ષના સ્વરૂપના સાક્ષી છે, તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નય પક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા છે.' હવે અહીંયાં આપણે સ્થાપન લેવું છે. 'એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય. પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે.' જોયું? ખુલાસો બહુ સરસ કર્યો છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ... અને એમાં આવ્યું છે ઓલા આત્માનુશાસન. એ સ્થાપે છે. જેટલો ઉથાપે છે એટલો દ્વેષનો અંશ છે. આવે છે. એ રાગ છે. સ્થાપે છે એવો રાગ છે, ઉથાપે એ તો દ્વેષ. રાગભાગ અંદર કષાય આવે છે શુભ. આહા..હા..! ઝીણી વાત

ઘણી, ભાઈ!

'**નયને પ્રધાન કરી ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુને કેવળ અનુભવે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે.**' લ્યો! અનુભવ કાળમાં. આહા..હા..! કેવળીને તો રાગ છે નહિ એટલે ઈ જે સત્ય કહે તો ઈચ્છા વિના વાણી સહજ નીકળે છે અને જેને પરિણામપૂર્વક વચન છે... એ નિયમસારમાં આવે છે પાછળનો અધિકાર. આ નિયમસાર. પરિણામપૂર્વક છે એને રાગ હોય છે. છદ્મસ્થને રાગ હોય છે, પણ સત્યને સ્થાપે છે એટલો શુભરાગનો અંશ છે. અસત્‌ને ઉથાપે છે એટલો દ્વેષનો શુભ દ્વેષ અંશ છે. એટલે એ દ્વેષ પણ શુભ છે. આહા..હા..!

'**બાહ્ય તેમ જ અભ્યંતર સંગરહિત છે અને જે શ્રીજિનેન્દ્રચરણના સ્મરણથી સંયુક્ત છે,...**' વીતરાગભાવના સ્મરણથી સંયુક્ત છે. જેને વીતરાગી આત્મા વારંવાર યાદ આવે છે અને પરિણતિમાં વીતરાગતા શુદ્ધપરિણતિ કરી રહ્યો છે. આહા..હા..! આવો માર્ગ ભારે ભાઈ આવો. આહા..હા..! '**તેને સદા ગુપ્તિ હોય છે.**' લ્યો! એને અંદરમાં વીતરાગભાવમાં રમે છે એને સદાય ગુપ્તિ છે.

**શ્રોતા :-** નિશ્ચયગુપ્તિ આવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિશ્ચયગુપ્તિ આવી. એ નિશ્ચય ખબર છે. આ ભેગુ એનું ફળ આ હોય છેને.

હવે ૬૭ ગાથા. વચનગુપ્તિનું સ્વરૂપ. છેને ૬૭?

**थीराजचोरभत्तकहादिवयणस्स पावहेउस्स।**
**परिहारो वयगुत्ती अलियादिणियत्तिवयणं वा।।६७।।**

**સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની**
**તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.**

.. હવે જડ છે એ તો ધૂળ. પણ આહારના રસીયા. એય..! એ વાતુમાં મશગુલ હોય. અસત્‌ની નિવૃત્તિ પણ વચનગુપ્તિ છે. આ કીધું એનો ત્યાગ અને એ સિવાય અસત્યની નિવૃત્તિ પણ વચનગુપ્તિ. જૂઠા બોલવાનો ત્યાગ. અથવા .. બીજા અપ્રશસ્ત વચનોની નિવૃત્તિ તે જ વચનગુપ્તિ છે.

'**ટીકા :- જેમને કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય એવા કામીજનો વડે કરવામાં આવતી...**' આહા..હા..! '**અને સાંભળવામાં આવતી એવી જે સ્ત્રીઓની સંયોગવિયોગજનિત વિવિધ વચનરચના...**' એ સ્ત્રીનો સંયોગ થાય અને વિયોગ થાય. એની વાર્તા એ બધી પાપકથા છે. આહા..હા..! વિષયના રસીલાઓ વાત કરે બધી કામની જ વાત કરે છે. સમજાણું? આહા..હા..! આ પૈસામાં રળાઉમાં રસીયા હોય એ વાત પૈસાની જ કરે છે. આને આમ રળાય, આનું આમ થાય અને એનું આમ થાય. હવે ધૂળમાંય થાય

સાંભળને.

**શ્રોતા :-** એ તો એમ માનેને પૈસો મારો પરમેશ્વર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ માને પરમેશ્વર. આત્મા મારો પરમેશ્વર છે. આહા..હા..! ઈ પૈસાવાળા ઈ છે. એ તો વાતું જ કર્યા કરે ઈ. હવે ધર્મનું સાંભળવા બેઠો હોય તો એને રસમાં ઈ જ વાતું કરે અંદર. આનું આમ થાય અને પછી આમ થાય અને પછી આમ થાય.

અહીં કહે છે કે '**કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય એવા કામીજનો વડે કરવામાં આવતી અને સાંભળવામાં આવતી...**' કરવામાં આવતી અને સાંભળવામાં આવતી '**એવી જે સ્ત્રીઓની સંયોગવિયોજનિત...**' સ્ત્રીનો સંગ થવો અને એનો વિયોગ થવો. '**એવી વિવિધ વચનરચના (-સ્ત્રીઓ સંબંધી વાત) તે જ સ્ત્રીકથા છે;...**' એ પાપકથા છે. એ કથા છોડી દે. '**રાજાઓનું યુદ્ધહેતુક કથન (અર્થાત્ રાજાઓ વડે કરવામાં આવતા યુદ્ધાદિકનું કથન) તે રાજકથાપ્રપંચ છે;...**' એ છોડી દે. '**ચોરોનું ચોરપ્રયોગકથન તે ચોરકથાવિધાન છે...**' આમ ચોરી થાય, આમ થાય ને ફલાણું થાય. આહા..હા..! '**(ચોરો વડે કરવામાં આવતા ચોરીના પ્રયોગની વાત તે ચોરકથા છે); અતિ વૃદ્ધિ પામેલી ભોજનની પ્રીતિ વડે...**' આહારની ગૃદ્ધિઓ '**મેંદાની પુરી ને ખાંડ, દહીં-ખાંડ,...**'ના વખાણ કરે. મેંદાની પુરી આજે હતું, ઢીંકણું હતું. હવે શું છે પણ હોળી. વિષ્ટા છે બધું. આઠ કલાકે જેનું વિષ્ટા થશે. આ સંચો વિષ્ટા થવાનો છે. આહા..હા..! સ્ત્રીનું શરીર પ્રજાને પોષીને મોટો થાય એ પેટમાં એ સંચો છે ઈ. આ સંચો જે કાંઈ અનાજ પડે અને વિષ્ટા થાય...

(अनुष्टुभ्)

''एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः।
एष योगः समासेन प्रदीपः परमात्मनः।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- એ રીતે બહિર્વચનોને ત્યાગીને...**' મૌનપણું કહે. વાણી છોડી દે. આહા..હા..! '**અંતર્વચનોને અશેષતઃ ત્યાગવાં.**' અંતર વિકલ્પ ઉઠે છે એ અંતર વચન છે. આહા..હા..! મનમા સ્મરેને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ અંતર વિકલ્પ છે. આહા..હા..! '**બહિર્વચનોને ત્યાગીને અંતર્વચનોને અશેષતઃ (સંપૂર્ણપણે) ત્યાગવા.—આ, સંક્ષેપથી યોગ (અર્થાત્ સમાધિ) છે...**' આહા..હા..! આત્મામાં શાંતિ અને આનંદની ઉત્પત્તિ આ છે. અભ્યંતરમાં વિકલ્પનો ત્યાગ અને બહારમાં વચનનો ત્યાગ. એને અંદરમાં આનંદની શાંતિ પ્રગટ થાય છે. આહા..હા..! બોલવામાં વિકલ્પ છેને એ છોડે અને અંતરમાં મનના સંગથી આ સ્મરણ કરે 'આમ છે, તેમ છે' એ પણ વિકલ્પ છે. એને છોડી પ્રભુ નિર્વિકલ્પ આત્મા એટલે એ વિકલ્પ છે તે અશાંતિ છે એને

છોડીને ભગવાન શાંતિ, સમાધિ, આનંદસ્વરૂપ છે, તેમાં લીન થાય એને આનંદ પ્રગટ થાય. આહા..હા..!

આ યોગ-સમાધિ **'કે જે યોગ પરમાત્માનો પ્રદીપ છે...'** આહા..હા..! પરમાત્મા પોતાનું સ્વરૂપ છે એમાં સમાધિ નામ એકાગ્રતા એ પરમાત્માને પ્રગટ કરવાનો દીવો છે. પરમાત્માનો પ્રદીપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શું કહ્યું? કે બાહ્યથી મન, વચનના વિકલ્પોને છોડે, અંતરથી પણ વિકલ્પને છોડે એને અંતરમાં નિર્વિકલ્પ સમાધિ અને શાંતિ પ્રગટ થાય છે કે જે પરમાત્માનો દીવો છે એ. આહા..હા..! **'જે યોગ પરમાત્માનો પ્રદીપ છે...'** આહા..! સમજાણું કાંઈ? ત્યારે વળી એમ કોઈ કહે કે જ્યારે આમ કહો છો ત્યારે તમે પ્રરૂપણા શું કરવા કરો છો? આ પ્રશ્ન થયો હતો સંપ્રદાયમાં. .. શું વચનગુપ્તિથી લાભ થાય? તો એનાથી મૌનમાં વચનગુપ્તિથી લાભ થાય ત્યારે તમે પ્રરૂપણા એ વચનગુપ્તિથી કેમ નથી કરતા? ભાઈ! એ ટાણે હોય છે. એનું સ્થાપન શું કરવું છે એ ઉપર વજન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કીધુંને જુઓને. તો આ વખતે ટીકા કરે છે જ્યારે ત્યારે વિકલ્પ તો છે. અંતર્વિકલ્પ છે. એનો સમજનાર ન સમજે અને એનો આક્ષેપ કરે કે તમે કહો છો કે આમ થાય તો તમે કેમ કરતા નથી? તમે કેમ લખો છો આ? સમજાણું કાંઈ? બાપુ! એમ ન જોવાય. એમાં શું કહેવા માગે છે? એનો અભિપ્રાય શું છે? એ શું સિદ્ધ કરવા માગે એ તારે જાણવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! પાંચમી ગાથામાં ન કહ્યું કુંદકુંદાચાર્યે કે **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज'** દેખાડીશ તો અનુભવ કરજે, પ્રમાણ કરજે. **'छलं ण घेत्तव्वं'** ત્યાં કોઈ વાણીમાં, ઓલામાં ભૂલું તો પકડી ન રાખીશ ત્યાં ઊભો ન રહીશ, છલ ન પકડવું. આહા..હા..! તને કદાચ સંસ્કૃત, વ્યાકરણનું જ્ઞાન બહુ સૂક્ષ્મ હોય અને વાણીમાં એમાં કાંઈક ભૂલ આવે તો એમાં ઊભો ન રહીશ. આવે છેને પાંચમી ગાથામાં?

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

**'चुक्केज्ज छलं ण घेत्तव्वं'** આહા..હા..! કારણ કે મારી તો અનુભવની સ્થિતિ જે વસ્તુની એ વર્ણવવી છે. એને તું પ્રમાણ કરજે. એમાં કોઈ વચન વાણીમાં, ભાષામાં ફેર પડ્યો ત્યાં તને એનું એ જાતનું જ્ઞાન હોય કદાચ. પણ એ સાંભળીને ત્યાં ઊભો ન રહીશ કે આ.. ઓલું શું કહે છે એ સાંભળને હવે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્ય કુંદકુંદાચાર્ય જેવા અનુભવની વાત છે તે હું તને કહીશ અને તે અનુભવજે. બીજી વાત એના વ્યાકર, સંસ્કૃત ને વિભક્તિ ને ફલાણું ઢીંકણું, આ ધાતું છે અને આ ફલાણું, એમાં કોઈ ફેર પડે-ચુકી જાઉં, છલ ન ગ્રહવો. આહા..હા..! જુઓને એક નિર્માનતા!

યોગ નામ સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ એમાં જોડાણ થઈ જવું એવો જે યોગ. શુદ્ધ

નિર્મળ પરિણતિની દશા તે પરમાત્માનો પ્રદીપ છે. એ પરમાત્મસ્વરૂપ કેવું છે તેને બતાવનાર દીવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત આ ચાલે વ્યવહારવચનગુપ્તિની ત્યાં આ નાખ્યું પાછું. વ્યવહાર હોય એટલો જાણવાલાયક છે, આદરવાલાયક એ નહિ. આહા..હા..! વ્યવહારના વચનને પણ છોડી દેજે એમ કહે છે. આહા..હા..!

**'વળી (આ ૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

(मंदाक्रांता)

त्यक्त्वा वाचं भवभयकरीं भव्यजीवः समस्तां
ध्यात्वा शुद्धं सहजविलसच्चिच्चमत्कारमेकम्।
पश्चान्मुक्तिं सहजमहिमानन्दसौख्याकरीं तां
प्राप्नोत्युच्चैः प्रहतदुरितध्वांतसंधातरूपः।।९२।।

આહા..હા..! **'શ્લોકાર્થ :- ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડી...'** આહા..હા..! વાણી તો જડ છે, પણ વાણી બોલવાકાળે વિકલ્પ છેને, એને છોડ. આહા..હા..! સમજાણું કાંઈ? **'ભવ્યજીવ ભવભયની કરનારી...'** વાણીને ભવભયની કરનારી, જડ એનો અર્થ કે ઈ વાણીમાં વિકલ્પ ઉઠે છે. આહા..હા..! સત્યનું સ્થાપન કરવામાં પણ વિકલ્પ છે એ ભવનું કારણ છે, કહે છે. આહા..હા..! ભાષા તો ઓહો..હો..! સમજાણું કાંઈ? આહા..હા..! ભલે શુભવિકલ્પ છે, પણ એ સંસારને ઉત્પન્ન કરે છે. આહા..હા..! ભવમાં પ્રવેશ કરાવે છે. આહા..હા..!

**'ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડી શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...'** આહા..હા..! **'શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કાર...'** પ્રભુ અંદર. જ્ઞાનાનંદનો દરિયો પ્રભુ છે. આહા..હા..! ચૈતન્યચમત્કાર. જેના એક ક્ષણમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી ચૈતન્યચમત્કાર વસ્તુ છે આ. આહા..હા..! **'શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...'** ભાષા દેખો, આહા..હા..! એકનું. એકલું નહિ, એકનું. અખંડ જ્ઞાયકભાવ એકનું ધ્યાન કર. આહા..હા..! સમજાણું? વિશેષ છે. થોડું આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૨, ગુરુવાર, તા. ૧૨-૦૨-૧૯૭૬,
કળશ-૯૨-૯૩, ગાથા-૬૮, પ્રવચન નં. ૧૭૭**

નિયમસાર. વ્યવહારચારિત્ર અધિકાર. વ્યવહારચારિત્ર એટલે શુભભાવ. એની ૬૭ ગાથા. એનો ૯૨મો કળશ છે. વ્યવહારવચનગુપ્તિનું સ્વરૂપ છે, પણ એમાંથી નિશ્ચય કાઢે છે.

'**શ્લોકાર્થ :- ભવ્યજીવ...**' લાયક પ્રાણી મોક્ષને માટે એમ કહે છે. આહા..હા..! '**ભવભયની કરનારી સમસ્ત વાણી...**' વાણી છે એ ભવભયની કરનારી છે? વાણીના વખતે બોલવાનો જે વિકલ્પ છેને એને ભવભયની કરનારી કહી છે. ભલે કહે છે ભાષા બોલવામાં સત્ય આદિ શુભભાવ હોય, પણ છે તો એ રાગ. આહા..હા..! એ '**ભવભયની કરનારી વાણી...**' એ વિકલ્પ છે. સમજાણું? એવી '**વાણીને છોડી...**' આહા..હા..! '**શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...**' ભગવાન આત્મા સહજશુદ્ધ પવિત્ર ભગવાન અંદર છે, તે સહજ છે અને શુદ્ધ છે, પવિત્ર છે. આહા..હા..! એવી '**વિલસતા ચૈતન્યચમત્કાર...**' વસ્તુ એવી છે અંદર. કોઈ દિ' સાંભળ્યું ન હોય એટલે આ શું છે? ભગવાન આત્મા શરીર, વાણી, મનથી તો ભિન્ન છે. પણ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી પણ ભિન્ન છે. અને એવું જે વસ્તુ છે ભગવાન ચૈતન્ય એ તો '**સહજ-વિલસતા ચૈતન્યચમત્કાર...**'નો પિંડ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ત્યાં હોય છે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! પંડિતજી નથી આવ્યા?

આ તો બંધન-છેદનનું આવશેને. એમાં જરી જાણવા જેવું છે. બંધન-છેદન. અંતરંગ કારણ આવે છેને આ? આહા..હા..! વચન તરફના વિકલ્પની, રાગની દશા એને છોડી દઈને ગ્રહવો આત્મા. આહા..હા..! આ વીતરાગમાર્ગ. શુદ્ધ, સહજ, પવિત્ર અને સ્વભાવિક આત્મા વિલસતો. આહા..હા..! અંદરમાં આનંદનું ધામ ભગવાન. આહા..હા..! '**વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...**' આહા..! એવો ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય વસ્તુ છે, તેનું ધ્યાન કરીને. ધ્યાન છે તે પર્યાય છે, અને પર્યાય અને દ્રવ્ય, પણ એનો વિષય જેનું ધ્યાન કરે છે તે દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. કાલે ભાઈ આવી હતીને જૈનપ્રકાશમાં વાત, નહિ? અમરચંદ. એ ભાઈ કહેતા શાંતિસાગર. ત્યાં દિલ્હી ચોમાસું હતું. તો એને ત્યાં લેવા આવ્યા હતા આ પુસ્તક જ્ઞેય-જ્ઞાયકનું. આજ વાત કરી. અહીંના પુસ્તકો ખાનગી હવે ઘણા વાંચે છે. ભાઈ! શાંતિસાગર છેને. ત્યાં એનો અપાસરો છેને દિલ્હીમાં? જોડે એમનું ઘર છે આમ. ત્યાં પોતે લેવા આવ્યા હતા કે આગ્રામાં મારા પુસ્તકો. બધા છે અહીંના. પણ અહીં નથી એટલે મને આપો. હું તમને પાછું આપી દઈશ.

બે મહિના વાંચીને પછી આપ્યું. અહીંના પુસ્તકો બહાર હવે વાંચીને વાતું કરવા મંડ્યા છે બધા. વસ્તુસ્થિતિ ક્યાં છે અને ક્યાં હોય છે એની ખબર નથી.

**શ્રોતા :-** પોતાના માન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! હા, એ બતાવવા. એ તો ભાઈએ સવારમાં વાત કરી કે મારે ત્યાં લેવા આવ્યા હતા. જ્ઞેય-જ્ઞાયક શું? જ્ઞેય-જ્ઞાયક? જ્ઞેય-જ્ઞાયક છેને આપણે પુસ્તક.

**શ્રોતા :-** નય પ્રજ્ઞાપન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નય પ્રજ્ઞાપન. હા, નય પ્રજ્ઞાપન લ્યો. આ ૪૭ નયનું. એ લેવા આવ્યા હતા. વાંચ્યું. વાંચે પણ બાપુ! ક્યાં એ સંપ્રદાયમાં આ ચીજ જ નથી. એને શું ખબર, બાપુ! હવે વાતું કરવા માંડ્યા આત્માની વાતું અહીં ચલવી એટલે. પણ ભાઈ! આત્મા કોણ છે? કેવો છે? અને એની દૃષ્ટિ કેવી હોય? અને એ દૃષ્ટિનો વિષય કેવડો આત્મા હોય છે એ વાતનું વર્ણન સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..!

અરે! કહે છે કે '**શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કાર...**' આહા..હા..! જેના જાણવાનો સ્વભાવ, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી જ્ઞાનનો ઘન. છતાં જેનો જાણવાનો સ્વભાવ ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે એવી તાકાતવાળું તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** વર્તમાનમાં જ્યારે જોઈ ત્યારે અનંત પર્યાયો બાકી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત-અનંત બાકી છે અંદર. એક સમયની પર્યાય કેવળજ્ઞાન સિવાય અનંત-અનંત અંદર છે. આહા..હા..! ભાઈ! કેવળજ્ઞાન છે એ એક સમયની પર્યાય છે. એય..! ઝવેરચંદભાઈ! આ કે દિ' આ પર્યાય-ફર્યાયનું ધ્યાન રાખ્યું હતું? શેઠિયા અમારા મોઢા આગળ એટલે જ્યાં ત્યાં જે-તે કરે, પણ આ તત્ત્વની શું વાત એ દરકાર કરી જ નથી. નહિ, ઝવેરચંદભાઈ? આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યચિંતામણિ રત્ન છે. અંદર ચૈતન્યચિંતામણિ ચમત્કાર રત્ન છે. જેમાં કેવળજ્ઞાનની પર્યાય જે એક સમયની ભગવાનને છે ત્રણકાળ, ત્રણલોકને જાણવાની, એવી પર્યાયો તો અનંતો અનંતો સમૂહ જ્ઞાનગુણના અંદરમાં પડી છે. અરેરે! આહા..હા..! સમજાણું કાંઈ? હું કોણ છું? કેવડો છું? ક્યાં છું? કેમ છું? એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય હવે. આહા..હા..! લીલાધરભાઈ! બધા શેઠિયાઓને લાગુ પડે છેને આ વાત નહિ? આહા..હા..! અરે! આ આત્મા પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનની પર્યાયમાં એમણે જોયો. દરેકનો આત્મા હોં. કે જેમાં સહજ વિલસતા ચૈતન્યચમત્કારનું પુંજ છે પ્રભુ. આહા..હા..! એકલો ચૈતન્યસૂર્ય. આ સૂર્ય જડ છે. આ ચૈતન્યસૂર્ય છે આ. એનો આ પ્રકાશ જડ છે. ચૈતન્ય ભગવાનનો પ્રકાશ ચૈતન્ય છે. આહા..હા..! અરેરે! શું થાય? સમજાણું કાંઈ?

એવા '**ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...**' આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્ર

બીજું બધું એકકોર મૂકો, કહે છે. અને રાગનું, વિકલ્પનું ધ્યાન છોડી દે. એક સમયની પર્યાયનું ધ્યાન છોડી દે. આહા..હા..! શું કહ્યું? '**શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું...**' આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક ભગવાન ચૈતન્ય પુંજ છે પ્રભુ. ધ્રુવ. એ એકનું ધ્યાન કરીને. આહા..હા..! તેના સન્મુખ થઈને, એનાથી અનાદિનો વિમુખ છે. અને પુણ્ય અને પાપના ભાવ એક સમયની પર્યાયની સન્મુખ છે એ સ્વભાવથી, અનાદિથી વિમુખ છે. આહા..હા..! આ શું કહે આવો ધર્મ! જૈનધર્મ, બાપુ! જૈનધર્મ પરમેશ્વરનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે.

એ અહીંયાં એનું એકનું ધ્યાન કરીને. જોયું? ધ્યાનની પર્યાય છે ધ્યાનની પર્યાય, પણ પર્યાય ધ્યાન એકનું કરે છે. આહા..હા..! જેને હજી ખબર પણ નથી કે પર્યાય શું? દ્રવ્ય શું? શ્રીમદ્‌માં આવે છેને ૧૬ વર્ષે કહે છે. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' આ ખરું સ્વરૂપ. 'કોના સંબંધે વળગણા છે, રાખું કે પરહરું? એના વિચાર...' ૧૬ વર્ષે કહે છે. દેહની ૧૬ વર્ષની. આત્માને ક્યાં ઉંમર છે? 'એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' આહા..હા..! 'હું કોણ છું?' હું આત્મા છું. 'ક્યાંથી થયો?' અનાદિનો છું. 'શું સ્વરૂપ છે મારું ખરું?' આ, સહજ વિલસતો ચૈતન્યચમત્કાર એ મારું ખરું સ્વરૂપ છે. 'કોના સંબંધે વળગણા છે? રાખું કે પરહરું?' રાગાદિનો સંબંધ કર્યો છે એ પોતે અજ્ઞાનથી કર્યો છે કહે. આહા..હા..! છોડીને. 'એના વિચાર વિવેકપૂર્વક.' નિમિત્ત અને રાગથી ભિન્ન પડીને ભગવાન ચૈતન્યચમત્કારનો પૂંજ પ્રભુ. એના વિચારને અંતરમાં લઈને 'એના વિચારવિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા.' આહા..હા..! 'તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' આહા..!

ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, જેનાથી પરમ આનંદની પ્રાપ્તિ થાય. ઈ કહે છે જુઓ, આહા..હા..! '**સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું...**' બીજો નહિ. બીજા દ્રવ્ય નહિ, બીજા શાસ્ત્ર આદિ અને દેવ-ગુરુ પણ નહિ, પણ પર્યાય પણ નહિ. આહા..હા..! '**સહજ વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને,...**' આહા..હા..! શું વાત કરી છેને? પહેલું હજી લક્ષ તો કરે, જાણે તો ખરો કે શું ચીજ છે? આહા..હા..! '**પછી, પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરીને...**' પુણ્ય અને પાપ બધા પાપ છે, એ અંધકાર છે. આહા..હા..! શુભ અને અશુભભાવ—એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું આદિ એ બધા ભાવ પાપ છે. કેમકે એ તિમિર નામ અંધકાર છે. એ રાગમાં અંધકાર ત્યાં ચૈતન્ય નથી. આહા..હા..! ચૈતન્યની સામે આ નાખ્યું છે. સમજાણું કાંઈ?

'**પાપરૂપી તિમિર...**' નામ અંધકારના '**સમૂહને...**' આહા..હા..! શુભ-અશુભ વિકલ્પો જે વૃત્તિઓ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ ઉઠે, પૂજા, ભક્તિ આદિનો એ બધો શુભરૂપી અંધકાર છે. આહા..હા..! એમાં ચૈતન્યચમત્કાર ભગવાન એનો રાગમાં અભાવ છે. આહા..હા..! આ વાત કેમ બેસે? ઉપરટપકે સાંભળે અને ઉપરટપકે કરે કલાક આવે. ભાગે

જાવ. ચીતળમાં અમે જઈએને બધા વેપારીઓ બહુ ચીતળમાં. ૧૮ ઘર છે. બધા હોય ઘેર. બધા પૈસાવાળા અઢારેય ઘર. ચીતળમાં ભાઈ! તમારી નજીક છે. જઈએ તો એકદમ ભેગા થઈ જાય વ્યાખ્યાનમાં. પૂરું થાય એટલે એકદમ વયા જાય. બધા શેઠિયાઓ. હવે તો પૈસા વધી ગયા. તે દિ' તો ગયા ત્યારે તો બધા પોણો લાખથી તો ઓછું કોઈ પાસે નહોતું. તે દિ' ઘણા વર્ષની વાત છે હોં આ તો. હવે તો વધી ગયા બધા. આ તો બહારની ધૂળ વધે તો મોટા થઈ ગયા એમ માને. પણ એ તો વ્યાખ્યાન આમ શરૂ થાય ત્યારે આવે બસ. અને પૂરું થાય એટલે તરત.. શું કહ્યું અને શું? આવવું પડે મહારાજ ગામમાં હોય એટલે. નહિતર તો પાછું ઓલું થઈ જાય. વળી પાછા મહારાજ એવા હોય એટલે લોકોને એમ થાય કે ભાઈ! મહારાજ એવા આવ્યા અને અહીં તમે સાંભળવા આવતા નથી. પણ એ ભેગા થાય. પણ પાછા શું કહ્યું, એ પૂછવા-બુછવાનો ચર્ચાનો પ્રશ્ન નહિ. વખત ન મળે. આહા..હા..! ભાઈ! આ તત્ત્વ શું છે, બાપુ? આ તો પરમેશ્વર ત્રણલોકના નાથ કેવળજ્ઞાની અરિહંત પરમેશ્વરની આ તો વાણી છે. એના વાણીના વેપાર બહુ ઉંચા છે. આહા..હા..! તો શું કહ્યું? ભગવાન ચૈતન્ય ચમત્કારનો પુંજ પ્રભુ છે વસ્તુ. એનું ધ્યાન કરીને. નાશ થવું થાય છેને એમાં. એનું ધ્યાન કરતાં નિર્મળદશા ઉત્પન્ન થાય. કેવી? એ કહેશે. એ ફુલની વાત છે અહીં.

અને '**પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરીને સહજમહિમાવંત આનંદસૌખ્યની ખાણરૂપ...**' એ મોક્ષ હોં. આહા..હા..! પોતે તો ભગવાન ચૈતન્યચમત્કાર અનંત મહિમાવંત આનંદના સુખની ખાણ છે. એનું ધ્યાન કરીને, એમાં એકાગ્ર થઈને. આહા..હા..! શું પ્રાપ્ત થાય છે? '**સહજમહિમાવંત આનંદસૌખ્યની...**' આહા..હા..! '**ખાણરૂપ એવી તે મુક્તિને...**' મુક્તિ એટલે સિદ્ધપદને '**અતિશયપણે પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! કે જે અભૂતપૂર્વ—પૂર્વે નહિ પ્રાપ્ત થયેલી એવી આનંદની સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. આહા..હા..! એને ફરીને પછી અવતાર હોતો નથી. આ અવતાર કલંક છે. ભગવાન આનંદનો નાથ. આહા..હા..! મેસુબ સમજો છો? મેસુબપાક. મણ, અધમણ મેસુબપાકને ગધેડાના મરી ગયેલા મડદામાં સડેલામાં વીંટે, એમ આ સડેલું શરીર માંસ, હાડકા, ચામડા એમાં અનંત આનંદનો નાથ સાગર અંદર. આહા..હા..! એને એ વીંટ્યો છે અંદર. આહા..હા..! ત્યાં પ્રભુ અંદર બિરાજે છે આ હાડકા, ચામડા, માંસ અંદર. આહા..હા..! એનાથી ભિન્ન છે. એવી મુક્તિને આનંદની ખાણ છે, કહે છે. મુક્તિ હોં. ભગવાન તો આનંદની ખાણ સ્વભાવ છે જ, પણ જેને ધ્યાન કરીને પ્રગટ જે દશા થાય મુક્તિની એટલે સિદ્ધની (તે પણ આનંદની ખાણ છે).

'**તે મુક્તિને અતિશયપણે પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! આનંદના સુખની ખાણ આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદ. અતીન્દ્રિય આનંદના સુખરૂપની ખાણ છે એ તો.

આહા..હા..! એ સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. એ આવો આનંદ છે ત્યાં, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૬૭ થઈ. ૬૮. પંડિતજી ન આવ્યા આજે. એને જાણવા જેવું હતું. કાંઈક કારણ હશે. ૬૮.

**बंधणछेदणमारणआंकुचण तह पसारणादीया।**
**कायकिरियाणियत्ती णिद्दिट्ठा कायगुत्ति त्ति।।६८।।**
**વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી**
**ઈત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.**

જડની પર્યાયની નિવૃત્તિ. એ તો કથન તો વિકલ્પ એનો જે વિકલ્પ છે એનાથી નિવૃત્ત. પણ એમાં નિમિત્ત છે તેની નિવૃત્તિ એમ ભાષા લેવી છે.

એની '**ટીકા :- અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.**' આ દેહ જે માટી-જડ એનું આમ હાલવું, ચલવું આદિ પ્રવૃત્તિમાં દેહની ચેષ્ટા તો દેહને કારણે, જડને કારણે, પણ ચેષ્ટાના કાળમાં જે વિકલ્પ ઉઠે છે એને અહીંયાં કાયનું વચન છે તેને કહ્યું એને ગુપ્તિ. એને ગોપવવું એટલે છોડી દેવું. ભાષા કાયની પ્રવૃત્તિને છોડવી એવી ભાષા છે. ઈ પ્રવૃત્તિ તો આત્મા કરી શકતો જ નથી, તેમ ગ્રહી નથી અને છોડી નથી. આહા..હા..! આ ભાષા થાય છે, આમ થાય છે એ બધી જડની ચેષ્ટા છે. એ આત્મા કરતો નથી, કરી શકતો નથી, પણ નિમિત્તથી કથન કર્યું છે. આહા..હા..! એ કાયને, કાયાની પ્રવૃત્તિને ગોપવવી એટલે છોડવી એટલે કે કાયાસંબંધી ચેષ્ટાના કાળમાં જે વિકલ્પ ઉઠે તેને છોડું. અરે! સમજાણું કાંઈ?

'**કોઈ પુરુષને બંધનનું અંતરંગ નિમિત્ત કર્મ છે,...**' હવે આમાં જરી સમજવાની વાત છે. ધીરેથી સમજજો જરી. કોઈ પુરુષને કોઈ બંધન કરે લાકડામાં, સાંકળે બાંધે એને અંતરંગનિમિત્ત એનું કર્મ છે. સમજાય છે કાંઈ? કોઈ પુરુષને બાંધે. આ બાવળ સાથે બાંધે, આ બાંધે. આ ચોર આવેને જઈને સૂતો હોય તો પછી લાકડા, ખાટલા સાથે બાંધે. ઘરનું .. હોયને એને એક જ હોય. પગ-બગ બાંધીને. ઈ બંધન જે છે એનું મૂળ કારણ તો એનું અંતરંગકર્મ છે. સમજાણું કાંઈ? '**બંધનનો બહિરંગ હેતુ કોઈનો કાયવ્યાપાર છે;...**' ઈ ચોર કે આદિ જે માણસ હોય એને બંધન એને કાયાનો વેપાર બહિરંગ હેતુ નિમિત્ત છે. બહિરંગ નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે,...**' એને કોઈ છેદે, હાથ કાપે, પગ કાપે ઈ એનું મૂળ કારણ તો અંતર એનું કર્મ છે. બીજા તો નિમિત્તકારણ છે બહારના. નાક કાપે, આ બધા કાપે છેને જુઓને. આ બસનું હતુંને બસ અહીં બસ. ઢસા પાસે બસમાં એ એક લુંટારો આવ્યો હતો ઓલો એનો શું કહેવાય ડ્રાઈવર? બસનો ચલાવનાર. એનું નાક કાપી નાખ્યું. અહીં ઢસા આગળ. બધાને નીચે ઉતારી નાખ્યા. વીરજીભાઈ ભેગા હતા તે દિ' આપણે વીરજી વકીલ. જામનગરવાળા. બધાને નીચે ઉતારી નાખ્યા. બધા ઓલીકોર

જુઓ. એટલે આનીકોરથી પોતાને ભાગી જવું હોયને, વઈ જાવું હોય એને ખ્યાલ જાય એટલે ખબર ન પડે. ઓલીકોર વયા જાવ અને એમાં ડ્રાઈવરનું નાક કાપી નાખ્યું એણે. વિરોધ હશે કાંઈક ગમે તે. પણ અમારે વીરજીભાઈ હતા કે ભાઈ એનું નાક કાપીને અહીં નાખી દે તો લઈ લે. તો એને બિચારાને આપીએ. પણ માળો એ કાપીને લઈ ગયો. ઈ કપાણુ છે એમાં ખરેખર તો એનું અંતરંગકર્મ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઉપાદાન-કારણ તો...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ પછી. ઈ અંતરંગ કારણ નિમિત્ત છે. અહીં તો પહેલું એ કહેવું છેને? ભાવ થયો એ તો ઓલાનો થયો. આને બંધનનું-છેદનનું નિમિત્ત કોણ? અંતરંગકર્મ એટલું લેવું છે. સમજાણું કાંઈ? બંધનનું ઉપાદાન કારણ એ અહીં ક્યાં લેવું છે? એ પરમાણુ એટલો પર્યાય છે ઈ. પણ અહીં બંધાય છે એનું જે મૂળ અંતરંગ કારણ એનું કર્મ નિમિત્ત છે એટલું. આહા..હા..! સમજાણું?

'**છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે,...**' એનું. '**બહિરંગ કારણ પ્રમત્તજીવની કાયક્રિયા છે;...**' પ્રમત્તજીવની કાય એ બહિરંગનિમિત્ત છે. '**મારણનો પણ અંતરંગ હેતુ...**' આયુષ્યનો ક્ષય છે. મરી જાય છે પ્રાણી, એનો મૂળ તો ભલે બીજો મારી નાખે આમ, પણ એનું અંતરંગ કારણ તો આયુષ્યનો ક્ષય છે. એનું પોતાનું આયુષ્ય ક્ષય છે માટે તે મરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**અંતરંગ હેતુ આંતરિક (નિકટ) સંબંધનો (આયુષ્યનો) ક્ષય છે,...**' અંદર આયુષ્ય પૂર્ણ થયું છે એ અંતરંગ કારણ છે. '**બહિરંગ કારણ કોઈની...**' કાયક્રિયા છે. ગળે.. દે, ફલાણુ કરે એ કાયની ક્રિયા એને બહાર નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**આકુંચન, પ્રસારણ...**' આ શરીરને આમ સંકોચવું કે વિસ્તાર કરવો. '**આકુંચન, પ્રસારણ...**' આમ કરવું કે આમ કરવું. આકુંચન એટલે આમ સંકોચવું અને પ્રસારણ. એનો '**સંકોચ-વિસ્તારાદિકના હેતુભૂત સમુદ્‌ઘાત છે.—આ કાયક્રિયાઓની નિવૃત્તિ તે કાયગુપ્તિ છે.**' આહા..હા..! તેના પ્રત્યેનો વિકલ્પ જે છે એનાથી નિવર્તવું તેને કાયગુપ્તિ કહે છે. સમજાણું કાંઈ? એના બે ન્યાય આવ્યા હતા મગજમાં. એક તો ૧૪૮ પંચાસ્તિકાય. ભાઈ! આમાં મોટી તકરાર છે. એક ૫૩ ગાથા નિયમસારની. એમાં તકરાર છેને અર્થમાં? જુઓ, ૫૩ છે? ગાથા છે? '**सम्मत्तस्स णिमित्तं**' છે? એ અહીં શરૂ થાય છે ૧૦૭થી, પણ ૧૦૮માં એનો અર્થ છે. ૧૦૮ પાનું નથી નીકળતું? ૧૦૮ પાનાની ખબર નથી પડતી આમાં? બસ એમાં વચ્ચે બીજો પેરેગ્રાફ. ઘરના ચોપડામાં જોવામાં તો તરત માળા હુશિયાર હોય. એકદમ પાના ફેરવે. '**सम्मत्तस्स णिमित्तं**' છે? શું કહે છે? સમકિતનું નિમિત્ત. આત્માને સમ્યગ્દર્શન થાય એનું નિમિત્ત. ઉપાદાન પોતે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય એનું મૂળ કારણ તો પોતે. નિમિત્ત કોણ?-જિનસૂત્ર. વીતરાગ સર્વજ્ઞની વાણી

તે નિમિત્ત છે. પરમેશ્વર જિનેન્દ્રદેવ એની દિવ્યધ્વનિ એ એનું બાહ્ય નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' અંતરમાં સમ્યગ્દર્શન આત્માની જે પ્રતીતિ, સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીઢી એનો મૂળ હેતુ તો ત્રિકાળી કારણપરમાત્માની શ્રદ્ધા. ત્રિકાળી ભગવાન આત્માની પ્રતીતિ તે મૂળ ઉપાદાન કારણ. બહિરંગમાં વીતરાગની વાણી ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણી તે નિમિત્ત. બીજા કોઈપણ વાણી અજ્ઞાનીની એને બાહ્ય નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને સમકિતનો અંતર હેતુ '**જિનસૂત્રના જાણનારા પુરુષો...**' એ જે જિનસૂત્ર છે બોલવાનું એ વાણી બાહ્ય નિમિત્ત અને જિનસૂત્ર કહેનારા જે પુરુષ છે ધર્માત્મા એનો અભિપ્રાય તે અંતર નિમિત્ત. છે તો બાહ્ય એ પણ. બેની અપેક્ષાએ (અંતરંગ નિમિત્ત કહ્યું છે). સમજાણું કાંઈ? આજ બરાબર ન મળ્યા પંડિતજી. એને જાણવા જેવું હતું બધું. પહેલું આવે એ કાંઈ... આહા..હા..!

શું કહ્યું? કે ધર્મ જે આત્મા સમ્યગ્દર્શન પામે એનું મૂળ કારણ તો કારણપરમાત્મા ચૈતન્ય ચમત્કાર વસ્તુનો આશ્રય એનાથી સમ્યગ્દર્શન પામે. પણ એ સમ્યગ્દર્શનમાં બાહ્ય નિમિત્ત કોણ? કે જિનસૂત્ર એટલે વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરની વાણી. એ સિવાય અજ્ઞાનીની વાણી બાહ્ય નિમિત્ત હોઈ શકે નહિ. બીજું. અંતરંગનિમિત્ત કોણ? છે તો (એ પણ) બાહ્ય. કે જે ધર્માત્મા સમકિતી જ્ઞાની એની જે વાણી છે એને બાહ્ય નિમિત્ત કીધું અને એનો જે અભિપ્રાય છે એને અંતરંગનિમિત્ત કીધું. પોપટભાઈ! બેની અપેક્ષાએ હોં. છે તો (બંને) બાહ્ય. પણ જિનવાણીની જે વાણી કહે છે ધર્માત્મા એ એને બાહ્યનિમિત્ત સમકિતીને કહેવાય અને એનો અભિપ્રાય છે તે અંતરંગનિમિત્ત. છે તો બાહ્ય, પણ વાણી કરતા આનો અભિપ્રાય પકડવો છે એથી એને અંતરંગનિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એ કેવા પુરુષનું નિમિત્ત છે એને?

'કારણ કે **તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.**' આહા..હા..! આમાં મોટો અર્થ ફેર છે. આનો અર્થ એવો કરે છે બધા કે અંતરંગકર્મ ક્ષયોપશમ છે એવો જે ઈ એને નિમિત્ત કારણ છે. એમ નથી. દર્શનમોહ આદિનો જેને ક્ષય છે એ પુરુષનો અભિપ્રાય એને અંતરંગ નિમિત્ત છે અને એ વાણી બાહ્યનિમિત્ત છે. નવરંગભાઈ! આ તો વાત થઈ ગઈ છે પહેલી ઘણી. શું સમજાણું આમાં? આહા..હા..! વીતરાગમાર્ગ એવો ગહન વિષય છેને. આહા..હા..! એ અર્થ ઓલા કરે છે પંડિતો બધા આનો ઊંધો અર્થ કરે છે. આપણે હિમંતભાઈએ એનો સવળો અર્થ કર્યો છે કે જેને આત્મજ્ઞાન થાય છે એટલે કે સમ્યગ્દર્શન એનું મૂળ કારણ તો ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે. હવે નિમિત્ત કોણ? કે જિનની વાણી નિમિત્ત છે. વીતરાગ પરમેશ્વર એ જ્ઞાની ધર્માત્મા ભલે કહે, પણ એ વાણી તો જિનની છેને? જિનેશ્વરદેવની વાણી એ બાહ્યનિમિત્ત છે અને એ પુરુષનો

જે અભિપ્રાય જે છે અંતર, વાણી કહેનારા પુરુષનો અભિપ્રાય છે એ સમકિતીને અંતરંગ નિમિત્ત કહેવામાં આવે છે. કેમ? કે એ પુરુષને દર્શનમોહનો ક્ષયાદિ છે માટે. આ પામનારને દર્શનમોહનો ક્ષય છે એમ નહિ. આ બીજા અર્થ એમ કરે છે બધા. આ રતચંદનજીને બધા ઘણા અર્થ. સમજાણું કાંઈ? શીતલપ્રસાદે પણ એવો અર્થ કર્યો, નહિ? પહેલા વાંચ્યું આપણે બે હજારની સાલમાં. સમજાણું કાંઈ આમાં?

**'કેમકે તેમને...'** એટલે? જે ધર્મી જીવ બીજાને ઉપદેશ કરે છે અને ઓલો સમકિત પામવાને લાયક થયો છે એ સમકિત તો પામે છે એના પોતાના કારણે. અભ્યંતર તો પોતાનું કારણ છે એને આશ્રયે સમકિત પામે છે. સમજાણું કાંઈ? જે ધર્માત્મા જે ધર્મ પામનારો સમકિતી છે એ સમ્યગ્દર્શનનું મૂળ કારણ તો એનો આત્મા ત્રિકાળી છે તે. ઉપાદાનકારણ એ. મૂળ કારણ એ. પણ નિમિત્તકારણના બે પ્રકાર—એક વીતરાગની વાણી જે ધર્માત્મા કહે છે તે વાણી એને બાહ્યનિમિત્ત અને એ કહેનારનો અભિપ્રાય જે છે એ અભ્યંતર નિમિત્ત. કેમ અભ્યંતરનિમિત્ત? કે કહેનાર જીવનો દર્શનમોહનો ક્ષય થયો છે માટે. સમજાણું કાંઈ? આ વાત તો થઈ ગઈ છે ઘણી. નવરંગભાઈ! નથી સાંભળી?

એનો અર્થ એ લોકો એવો કરે છે કે આમાં જે કરે છેને એવો અર્થ કરે છે, પણ અહીં બીજી જાત છે. છેને અહીં જુઓ, કોઈ પુરુષને બંધનનું અંતરંગનિમિત્ત કર્મ છે. અંતરંગનિમિત્ત અહીં કર્મ લીધું છે. એનું કર્મ. ઈ અહીં નથી લેવું. અહીંયાં જે સમકિતમાં છે એ અંતરંગનિમિત્ત એનું કર્મ ક્ષયોપશમ એમ નથી લેવું ત્યાં. સમજાણું કાંઈ? એને અંતરંગનિમિત્ત તો ધર્માત્માનો અભિપ્રાય અંતરંગ નિમિત્ત કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતું. પરમેશ્વરના શાસ્ત્રો બાપુ ગંભીર ઘણા. જિનેશ્વર ત્રણલોકના નાથ આનંદનો કંદ. આહા..હા..! એક વાત. એ થઈને ત્યાં?

બીજી વાત પંચાસ્તિકાયમાં ૧૪૮ ગાથા છે. આ પંચાસ્તિકાય. ૧૪૮ ગાથા છે. પરમાણુઓ જે કર્મના છે એ આવે છે એમાં યોગ તે નિમિત્ત છે. કર્મના રજકણો જે આવે છે પ્રદેશ અને પ્રકૃતિ. બંધનના ચાર પ્રકાર છે—પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. એટલે? કે પરમાણુનો જે સમૂહ આવે તેને પ્રદેશ કહીએ અને એમાં પ્રકૃતિનો સ્વભાવ થાય એનું નામ પ્રકૃતિ કહીએ. અને એ પરમાણુઓમાં સ્થિતિ અને રસ પડે એને અનુભાગ અને સ્થિતિ કહીએ. હવે કહે છે એ જે કર્મ આવે છે એનું **'जोगणिमित्तं गहणं'** એ આત્માનું કંપન્ન યોગ જે છે એ એને બાહ્યનિમિત્ત છે આવનારને. આવે છે તો એના પોતાને કારણે. સમજાણું કાંઈ? ભાષા કેટલી વાપરી છે? **'जोगणिमित्तं गहणं'** એ તો ગ્રહણ એટલે આવે છે ફક્ત. અને **'भावणिमित्तो बंधो'** અને પુણ્ય અને પાપના ભાવ જે છે એ મૂળ બંધનું કારણ છે. એની સ્થિતિ અને અનુભાગનું કારણ છે. ફરી વધારે.

**'जोगणिमित्तं गहणं'** શબ્દ છે અને **'भावणिमित्तो बंधो'** શબ્દ છે. ઓલામાં બંધ

શબ્દ પડ્યો નથી. ફક્ત આત્માનું કંપન્ન જે છે યોગનું એ પ્રકૃતિ અને પરમાણુ બે આવવાને માટે ગ્રહણ થવામાં નિમિત્ત છે બસ. અને એ કર્મમાં સ્થિતિ-મુદત અને રસ પડે ફળ દેવાનો એનું નિમિત્ત આત્માના રાગી પરિણામ છે. **'भावणिमित्तो बंधो'** આહા..હા..! રાગના નિમિત્તે બંધ પડે છે. એટલે કે રાગ-દ્વેષને કારણે કર્મમાં સ્થિતિ અને અનુભાગ પડે છે. આહા..હા..! હવે એ જોગ નિમિત્તને બાહ્ય ગણ્યું છે. સમજાણું? **'ગ્રહણનું (-કર્મગ્રહણનું) નિમિત્ત યોગ છે;...'** એ બહિરંગ કારણ છે. અને રાગ પરિણામ, રાગ-દ્વેષના પરિણામ જે બંધનું કારણ છે, જે કર્મમાં સ્થિતિ અને રસનું કારણ છે એને અંતરંગ કારણ કહ્યું છે. આહા..હા..! કેટલું યાદ રાખવું આમાં? આહા..હા..! કહો, સમજાય છે કે નહિ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર અંદરમાં આ યોગને બહિરંગનિમિત્ત કહ્યું. ફક્ત પ્રકૃતિ અને પ્રદેશનું નિમિત્ત છે માટે ગ્રહણ શબ્દ વાપર્યો અને રાગ-દ્વેષના ભાવને કર્મમાં આવવામાં જે સ્થિતિ અનુભાગ પડે છે એમાં આ કષાયનો ભાવ નિમિત્ત ગણ્યું. આહા..હા..! છે તો બેય બાહ્યનિમિત્ત. કારણ કે આવવું કર્મના રજકણોનું ઉપાદાન તો એનું પોતાનું છે, પણ એને બાહ્યનિમિત્ત જોગને ગણ્યું અને કષાયને અંતરંગનિમિત્ત કહ્યું. છે તો બેય બાહ્ય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિમિત્તનો ભેદ પાડ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તનો ભેદ પાડ્યો. એમ અહીંયાં નિમિત્તનો ભેદ પાડ્યો છે. અહીં ૫૩ ગાથામાં કે સર્વજ્ઞની વાણી જિનેશ્વરની છે બાહ્યનિમિત્ત અને ધર્માત્માનો અભ્યંતર અભિપ્રાય છે. છે તો બાહ્ય, પણ ઓલાની અપેક્ષાએ એને અભ્યંતરનિમિત્ત કીધું. સમજાણું કાંઈ? એમ અહીંયાં હવે આપણે આ ચાલતી ગાથા.

**'કોઈ પુરુષને બંધનનું અંતરંગનિમિત્ત કર્મ છે,...'** ઈ બીજી ચીજ થઈ. અહીંથી ત્યાં લગાવી દે છે કે જુઓ, કર્મ અંતરંગનિમિત્ત છે. પણ કોની વાત છે અહીં? જેને કોઈ બંધન કરે છે, છેદે છે. એનું મૂળ કારણ તો એનું અંતરનું કર્મ નિમિત્ત છે. એટલો ઉદય આવ્યો છે માટે થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને **'બંધનનો બહિરંગ હેતુ કોઈનો કાયવ્યાપાર છે;...'** ઓલો મારે છરીથી. જુઓને, આ હમણા બિચારા સદામીલાલ મોટો કરોડોપતિ, ઘણા કરોડપતિ. ફીરોજાબાદ. કેટલા લાખો તો ખર્ચ્યા છે એણે આ બહારને નામે ધર્માદિ. એક મંદિર બનાવ્યું છે કેટલા લાખનું મોટું દિગંબર મંદિર, એક મોટી પાઠશાળા, એક મોટું માનસ્તંભ. એવું ઘણું બનાવ્યું છે. ઘણું મોટું ખેતર મોટું પૈસા ખર્ચવામાં બહુ જબરો. એના બાહુબલની પ્રતિમા હમણા લાવ્યા છે. ૩૮ ફૂટની ઉંચી કે જેને લાખ રૂપિયાથી ઉપર તો જેને લાવવા માટેનો ખર્ચ થયો છે. એની મૂર્તિના પૈસા જુદાં. મોટી ૩૭ ફૂટની છે. હમણા આવ્યા હતાને ત્યારે બેંગલોર હતા ત્યાં નીકલી હતી તો આવ્યા હતા દર્શન કરવા.

બે દિ' રહ્યા હતા. હવે એને મારવા આવ્યો ઓલો એને અંતરંગ તો નિમિત્ત કર્મ છે. આયુષ્યનો ક્ષય થયો જુઓ, આવ્યુંને? છેને? **'મારણનો પણ અંતરંગ હેતુ આંતરિક સંબંધનો (આયુષ્યનો) ક્ષય છે,...'** ખરેખર તો આયુષ્યનો ક્ષય છે તે એનું મરણનું કારણ છે. સમજાણું? **'બહિરંગ કારણ કોઈની કાયવિકૃતિ છે;...'** આમ કહે કે એ બહિરંગ નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એથી અહીંયાં અંતરંગકારણ જે આયુષ્યનો ક્ષય કીધો તેથી ઓલા સમકિત પામનારને અંતરંગકારણ એના દર્શનમોહનો ક્ષયોપશમ એમ નથી. આ શાસ્ત્રના અર્થ પણ સમજવા કઠણ, બાપા! આ તો જિનેન્દ્રની વ્યાખ્યા છે, ભાઈ! આહા..હા..! એનો કોયડો કળવો કઠણ. સમજાણું? અહીં કહ્યું કે આયુષ્યનો ક્ષય અંતરંગ કારણ એ મરણ વખતે. એ તો એનો ક્ષયનો જ કાળ હતો માટે દેહ છૂટ્યો છે. કોઈ બીજાએ માર્યો માટે દેહ છૂટી ગયો છે એમ નથી. આહા..હા..! એમ એને બાંધ્યો. ઈ ચોર બાંધે છેને? કાં જરી ચોર આવીને મોઢે ડુચો નાખે. બાંધે, પછી બોલી ન શકે અને ઓલો લૂંટે પછી બધું જે કાંઈ હોય એ. આમાં એ હજી આવ્યું નથી શું કરવા? પૈસાનું હશે કારણ એવું લાગે. પણ કોઈ નહોતું. છોકરો નહોતો. આ પૈસા ક્યાંથી ક્યાં મોટો ગૃહસ્થ ધનાઢ્યા. સાધરણ ૨૫ હજાર તો પડ્યા જ હોય એની પાસે. ઉદાર ઘણો હતો આમ બહારની સ્થિતિ. વસ્તુસ્થિતિ જુદી છે. સમજાણું કાંઈ? એને તો ક્યાં બિચારાને પડી નહોતી. પણ આ ફેરે બિચારો આવ્યો હતા હમણા. અમે બેંગ્લોર હતાને. ૧૬ દિ' ત્યાં હતાને. આવ્યા હતા. બે દિ' સાંભળવા ખાસ આવ્યા હતા. પહેલા કરતા મેં ફેર જોયો એમાં. પહેલા જે અમે ત્યાં ફીરોજાબાદ બે દિ' રહ્યા એના મકાનમાં. અને ત્યાં વ્યાખ્યાનમાં ઘણા માણસ. આ ફેર જરી નરમાશ હતી અંદર સાંભળવામાં. આ મહારાજ શું કહે છે! બાપુ! આ માર્ગ જુદી જાત છે. એ કાંઈ પૈસા ખર્ચે અને લાખો-કરોડો ખર્ચે માટે ધર્મ થઈ જાય, લીલાધરભાઈ! એમ નથી. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય થાય. બાપુ! ધર્મ તો જુદી ચીજ, ભાઈ! આહા..હા..!

જેને રાગની ક્રિયા પુણ્યની... એ કાલે આવ્યું હતું નહિ? એમાં આવ્યું હતું અમરચંદજી. એ આ આપણું વાંચ્યું ને બધું વાંચીને. ત્યાં ભાઈ લેવા આવ્યા હતા એણે કહ્યું. ભાઈ ત્યાં પુસ્તક લેવા આવ્યા હતા અમરચંદજી આગ્રાવાળા. એમ કે અમારા આગ્રામાં બધાય પુસ્તક છે તમારા, એમ કહ્યું. પણ મારી પાસે અહીંયાં નથી, મને આપો. અમે તમને બે મહિના વાંચીને આપી દેશું પાછું. એય..! હિંમતભાઈ! આ બાપુ! આ સાહિત્ય જ કાંઈક જુદી જાતનું છે. ઘણા લોકો ખાનગી વાંચે છે. સ્થાનકવાસીના, દેરાવાસીના. દિગંબર વાંચે છે કેટલા બિચારા. પણ આ વાતનો મેળ આકરો, ભારે આકરો!

કહે છે કે સામાને કોઈ બાંધે. બાવળ સાથે બાંધે લ્યોને. આ બાંધે છેને? વચમાં અમારે ત્યાં થાતું હતું. ગારિયાધારથી ઉમરાળા આવેને. બાર ગાઉ થાય. રેલ નહોતી ત્યાં. એક્કામાં

જાય, ગાડામાં જાય ઉમરાળાથી બહાર. એમાં એક જણાને જાવું હતું ત્યાં ગારિયાધારથી ઉમરાળા આવવું હતું એમાં અંદરના માણસે બાંધ્યો બીજાએ કોકને બાવળ સાથે. આહા..હા..! ઈ બાંધવાનું અંતરંગકારણ તો એના કર્મનો ઉદય છે માટે બંધાય છે. બહિરંગકારણ ઓલા ચોરાદિની કાયની ક્રિયા બહિરંગ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કર્મગ્રહણ થવામાં. કર્મગ્રહણ થાય છે તો એને કારણે. પરમાણુ આવે છે એને કારણે. આણે રાગ કર્યો માટે આવે છે એમ નથી. આહા..હા..! પરમાણુ જે આવે અંદર કર્મના. એ તો પોતાની ઉપાદાનની લાયકાતને કારણે તે આવે છે. એ આવે છે તેમાં જે પ્રકૃતિના પરમાણુમાં સ્વભાવ પડે જેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય સ્વભાવ અને એ પ્રકૃતિ અને પરમાણુની સંખ્યા એ પ્રદેશ. એ પરમાણુની પ્રદેશ સંખ્યા અને પ્રકૃતિ આવે છે એને કારણે. એનું અહીં બાહ્યનિમિત્ત યોગ છે. તેથી '**जोगणिमित्तं गहणं**' શબ્દ વાપર્યો છે. અને અંતરંગકારણ એને કષાયનો ભાવ. છે તો એ નિમિત્ત બાહ્ય, પણ ઓલા ઉપરથી વજન વધારે દેવા કે ખરું બંધનું કારણ તો કષાય છે. કર્મમાં સ્થિતિને અનુભાગ પડવાનું ખરું કારણ તો કષાય છે. નિમિત્ત તરીકે હોં! અનુભાગ અને સ્થિતિની યોગ્યતા તો પરમાણુ પોતાની છે. આહા..હા..! એ કર્મ જે આવે છે એની મુદત પડે એનો રસ દેવાની લાયકાત એ તો ઉપાદાન એની પોતાને લઈને છે. આહા..હા..! એને યોગ છે તે બાહ્યનિમિત્ત તરીકે ગહણ શબ્દ વાપર્યો છે. અને કષાયનો ભાવ તે અંતરંગનિમિત્ત છે તો બાહ્ય ઓલાની અપેક્ષાએ. પણ ઓલા યોગ કર્તાનું વજન દેવા કષાયને અંતરંગનિમિત્ત બંધનનું કારણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં સમકિતમાં અંતરંગ પરમાર્થકારણ તો સમકિતનું ભગવાન આત્મા. એ મૂળ કારણ. હવે બહિરંગ કારણના બે ભાગ પાડ્યા. એક તો વીતરાગની વાણી તે બહિરંગનિમિત્ત અને ધર્માત્મા પુરુષનો અભિપ્રાય કે રાગથી તારી ચીજ ભિન્ન છે. સમજાય છે કાંઈ? એવો જે કહેનારનો અભિપ્રાય એ સમકિત પામનારને વાણી કરતા અભિપ્રાયનું વજન દેવા અંતરંગ કારણ, છે તો બહિરંગકારણ એ, પણ અંતરંગકારણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ મૂળ તો શાસ્ત્રના અર્થો કરવાની પદ્ધતિ ખોરવાઈ ગઈ. એટલે ઘરની કલ્પનાએ કરવા માંડ્યા એ કાંઈ પત્તો ન ખાય, ભાઈ! આહા..હા..! આ તો વીતરાગમાર્ગ પરમેશ્વર. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સાચી દૃષ્ટિ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (સાચી દૃષ્ટિ) થઈ નથી આહા..! અને પોતાની દૃષ્ટિ પોષવા માટે કાંઈકના કાંઈક અર્થ કરે. આ ૬૮ ગાથા થઈને?

બીજી રીતે કે કાયા આમ જે થાય છે એનું મૂળ કારણ તો એ કાયા છે, પણ એને થવામાં અંતરંગકારણ નિમિત્ત કર્મ છે. પણ અહીંયાં એ કાયાની પ્રવૃત્તિને નિવૃત્તિ કરવી એમ કીધું છે. તો એ તો જડની ચેષ્ટા છે. ઈ એના પ્રત્યેની વૃત્તિ જે છે, એ વખતે કાયચેષ્ટા

થાય ત્યારે જે વૃત્તિ છે એને કાયચેષ્ટા નિવર્તે તો વૃત્તિથી નિવર્તે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! વાણિયા વ્યાજ કાઢેને શું કહેવાય ઈ? ચક્રવર્તી વ્યાજ. પાંચ લાખ રૂપિયા આપ્યા હોય ટકાને વ્યાજે દસ લાખ. એક દિ'નું વ્યાજ કાઢે. દસ લાખ રૂપિયા, ટકાનું વ્યાજ અને એક દિ'નું વ્યાજ કાઢે. પછી દસ લાખ અને એક દિ'નું વ્યાજ ભેગું કરીને પછી બીજે દિ' પાછું એનું વ્યાજ કાઢે. સમજાણું કાંઈ? એને ચક્રવર્તી વ્યાજ કહીએ. એક સાથે બાર મહિનાનું ભેળવીને નહિ.

**શ્રોતા :-** રોજે રોજનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોજે રોજનું એનું વ્યાજ હોય કે ભાઈ આ બે લાખ આપ્યા છે. એનું જે વ્યાજ આઠ આના તરીકે. પહેલા બાર આના હતા. દામોદર શેઠ ભાઈ ધીરતા આ ..દરબારને. આ દામોદર શેઠ ..દરબારને બબ્બે લાખ આપતા. અત્યારે આ બાજુના ગૃહસ્થ એક જ હતા એ. દામનગરમાં દામોદર શેઠ. જગજીવન ગોપાલજીની પેઢી છે અહીં ભાવનગરમાં. ત્યાં અમારા બોટાદ સંઘાડાનું એ ગામ છેને અને અહીં બોટાદનું હતું ગામ. ત્યાં અમારે રહેવાનું હતું વધારે. એ બબ્બે લાખ આપતા દરબારને. પણ શું કહેવું છે? એ ચક્રવ્યાજ નહોતું તે દિ'. એ નહોતું ત્યાં. એ તો આપે એને બાર આઠ આના એ બાર મહિનાનું. પણ ખરા એવા વાણિયા હોય કે જેને આપે અને ચક્રવર્તિનું વ્યાજ કાઢે. પાંચ લાખ આપ્યા, એનું બાર આના તરીકે એક દિવસનું વ્યાજ આવે એને પાંચ લાખમાં ભેળવે અને પછી બીજા દિવસનું પાંચ લાખ ભેળવેલું સહિતનું વ્યાજ કરે. એમ કરતાં ભેળવી-ભેળવીને બારેય મહિનાનું કરે. એને ચક્રવર્તી વ્યાજ કહીએ. એમાં વાણિયા હુશિયાર હોય. ભગવાનજીભાઈ! આહા..હા..! એને ભાડાના ઉપજતા હતા આને ભગવાનજીભાઈને નહિ ત્યાં? મોમ્બાસા. દોઢ લાખ ભાડુ હતું એને. ઘરના મકાન ઘણા હતાને. દોઢ લાખ રૂપિયાનું ભાડું આવતું મહિને. બાર મહિને. આ ભગવાનજીભાઈ. પછી આપી દીધા. વેચી નાખ્યા. વેચી નાખ્યા ખબર છે સાંભળ્યું છે. તો ત્યાં એને કાંઈ ચક્રવર્તીના વ્યાજ ન ચાલે ત્યાં. એ તો જે ભાડુ હોય એ.

અહીંયાં તો પહેલા ચક્રવર્તી વ્યાજ. એમ અહીંયાં ચક્રવર્તિ વ્યાજ જ્યારે કાઢવામાં હુશિયારી છે, એમ વીતરાગના માર્ગને સમજવા માટે બાહ્યનિમિત્ત બાહ્યવસ્તુ અંતરંગનિમિત્ત બાહ્યવસ્તુ, અંતરંગકારણ ઉપાદાન વસ્તુ. સમજાણું કાંઈ? એને ત્રિપટીની વ્યાખ્યા સરખી કરીને સમજે તો સાર સમજાય. આહા..હા..! એ વાત અત્યારે ચાલતી નથી. આ તો હિંસા ન કરો ને આ કરો ને આ કરો સામાયિક કરો ને પોષા કરો ને પડિક્કમણા કરો. ધૂળેય નથી સામાયિક ત્યાં ક્યાં સામાયિક. હજી વસ્તુની જ ખબર નથી ત્યાં. સામાયિકનો અર્થ સમતાનો લાભ છે. વીતરાગપણાનો લાભ થાય એ સામાયિક. પણ વીતરાગપણાનો લાભ ક્યાંથી થાય? હજી વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા છે એનો અનુભવ કરે તો વીતરાગપર્યાય. આ તો

વીતરાગસ્વરૂપની ખબર નથી, એનો અનુભવ કરવાની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આહા..હા..! માર્ગ, બાપા! એવો છે, ભાઈ! આહા..હા..!

'(હવે, **૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** શ્લોક કહે છે :)' ૧૪૮ સાથે મેળવ્યું પંચાસ્તિકાય. ૫૩ સાથે મેળવ્યું આ નિયમસાર. એની સાથે આ ૬૮ મેળવ્યું. સમજાણું? એ પહેલા મેળવ્યું હતું તે દિ' કહેતા વખતે. ભાષા એમ છે જોયું!

(अनुष्टुभ्)

मुक्त्वा कायविकारं यः शुद्धात्मानं मुहुर्मुहुः।
संभावयति तस्यैव सफलं जन्म संसृतौ।।९३।।

'**શ્લોકાર્થ :- કાયવિકારને છોડીને...**' એટલે કાયા તરફના વિકૃતિભાવને છોડીને. કાયવિકારની પ્રવૃત્તિ તો કાયાથી થાય છે અને એ ન થાય તો એને લઈને થાય છે. આહા..હા..! પણ '**કાયવિકારને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના કરે છે,...**' આહા..હા..! ભગવાન શુદ્ધ આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ અનાકુળ આનંદની ખાણ એવા ભગવાનની સંભાવના. એ શુદ્ધાત્માની વ્યાખ્યા. સંભાવના એ પર્યાય છે. એ ત્રિકાળી આનંદકંદનો નાથ પ્રભુ એ શુદ્ધાત્મા. એની ભાવના એ વર્તમાન પર્યાય, એ કરે છે. '**તેનો જ જન્મ સંસારમાં સફળ છે.**' બાકી તો બધા જન્મે અને મરે ગલુડિયાની જેમ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કાયવિકારને છોડીને...**' એટલે કે કાયાની ચેષ્ટા થતા વિકલ્પને છોડીને. એટલે છોડ્યું ઓલું પણ ન થાય એને કારણે. '**ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના...**' વારંવાર. આહા..હા..! ચૈતન્યઘન શુદ્ધ પ્રભુ જે દૃષ્ટિનો વિષય છે તેને વારંવાર ભાવના કરીને '**તેનો જ જન્મ સંસારમાં સફળ છે.**' જેણે જન્મીને જન્મના બંધ કર્યા. જન્મીને જન્મ થવું બંધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? જન્મ લેવો એ કલંક છે. ભગવાન આનંદનો નાથ. ભવ અને ભવના ભાવ વિનાનો પ્રભુ, એને ભવ તો કલંક છે. સમજાણું કાંઈ? લ્યો, પોપટભાઈ! આ સફળ છે એમ કહે છે. પૈસા મળ્યા માટે (જન્મ) સફળ છે (એમ નહિ)!

**શ્રોતા :-** વ્યવહાર હોય પછી નિશ્ચય હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી વ્યવહારમાં. આહા..હા..!

'**તેનો જ જન્મ...**' ભાષા છેને? આહા..હા..! જેણે વાણી, મન અને દેહની ચેષ્ટા સંબંધીનો જે વિકલ્પ છે, ચેષ્ટા થવાના કાળમાં, એને જેણે છોડ્યું છે, આહા..હા..! અને આનંદનો નાથ પ્રભુ ચૈતન્યઘન એની જેને સંભાવના-ભાવના-એકાગ્રતા કરી છે. તેનો જ જન્મ સંસારમાં સફળ છે. આહા..હા..! બાકી બધા કુતરીના ગલુડિયાની જેમ જન્મે અને મરે એ બધા અફળ છે. આહા..હા..! એ ૬૮મી ગાથાનું કહ્યું. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૩, શુક્રવાર, તા. ૧૩-૦૨-૧૯૭૬, કળશ-૯૩-૯૪, ગાથા-૬૮-૬૯, પ્રવચન નં. ૧૭૮**

૬૮ ફરીને લઈને. ૬૮ ગાથા. પંડિતજી નહોતાને કાલે. '**અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.**' ૬૮-૬૮. નિયમસાર. '**કોઈ પુરુષને બંધનનું અંતરંગનિમિત્ત કર્મ છે,...**' કોઈ પુરુષને કોઈ બાંધે—પગ બાંધે, હાથ બાંધે, શરીર બાવળ સાથે બાંધે, ખાટલા સાથે બાંધે. આ ચોર લોકો આવેને ખાટલે બાંધે અને પછી લૂંટે. તો કહે છે કે એમાં બંધનનું અંતરંગ નિમિત્ત તો એનું પોતાનું કર્મ છે. પોપટભાઈ! બંધન જે થાય છે એનું અંતરંગ કારણ તો એનું પૂર્વનું કર્મ છે. '**બંધનનો બહિરંગ હેતુ કોઈનો કાયવ્યાપાર છે;...**' કોઈપણ જે ચોર હોય કે ઓલો મારનારો એનો જે .. એનો કાયાનો વેપાર એને બહિરંગનિમિત્ત છે. એમ '**છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે,...**' છેદે કોઈ આંગળા પગ કાપે કે. એનું અંતરંગ કારણ કર્મનો ઉદય એનો છે પોતાનો.

'**બહિરંગ કારણ પ્રમત્ત જીવની કાયક્રિયા છે;...**' પ્રમત્ત પ્રાણી ઓલો જે એને મારે, છેદે એનું નિમિત્ત કાયાની ક્રિયા. '**મારણનો પણ અંતરંગ હેતુ...**' મરણનો અંતરંગ હેતુ '**આંતરિક સંબંધનો ક્ષય છે,...**' આયુષ્યનો ક્ષય તે મરણનો અંતરંગ હેતુ છે. આહા..હા..! '**બહિરંગ કારણ કોઈની કાયવિકૃતિ છે;...**' બીજાનું કાય છેદે કે આદિ. '**આકુંચન, પ્રસારણ...**' આ શરીરને આમ પ્રસાર કરવા કે સંકોચ કરવા. એનો '**હેતુ સંકોચ-વિસ્તારાદિક હેતુભૂત સમુદ્દ્ઘાત છે.—આ કાયક્રિયાઓની નિવૃત્તિ તે કાયગુપ્તિ છે.**' ભાષા તો એ છે. કાયક્રિયાઓની નિવૃત્તિ. એ તો જડની ક્રિયા છે. પણ એમાં વિકલ્પ જે હતો એનાથી નિવર્તવું એ કાયગુપ્તિ નિવૃત્તિ કહેવામાં આવે છે. હવે આની સાથે આપણે મેળવી ૫૩ ગાથા. ૫૩ છેને. ૫૩. એનું આપણે ૧૦૯ પાને લ્યો. પહેલો પેરેગ્રાફ. એની બીજી લીટી.

'**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારીકારણ...**' છે? સમકિત પામનાર પ્રાણીને '**બાહ્ય સહકારીકારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' એ બહિરંગનિમિત્ત છે. શું કહ્યું ઈ? સમ્યગ્દર્શન પામનાર પ્રાણીને બહિરંગ કારણ નિમિત્ત કોણ? કે ભગવાનના મુખથી નીકળેલું દ્રવ્યશ્રુત. એ કોઈ સંત કહે સમકિતી, પણ એ દ્રવ્યશ્રુત. એ સમ્યગ્દર્શન પામનારને બહિરંગનિમિત્ત દ્રવ્યશ્રુત જૈનની વાણી છે. છે? '**જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' એટલે શું કહ્યું ઈ? જે સમ્યગ્દષ્ટિ, જ્ઞાની આદિ મુનિ છે એ જીવને પણ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને**

લીધે...' સમ્યક્ પામનારને સમકિત પરિણામમાં નિર્ણયમાં હેતુપણાને લીધે સમ્યગ્દષ્ટિ જ્ઞાની એ સમ્યક્ પરિણામના અંતરંગ હેતુ કહ્યા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પામનારને જિનની વાણી, શ્રુત શબ્દો, દ્રવ્યશ્રુત એવું તત્ત્વ જ્ઞાન દ્રવ્યશ્રુત તે બહિરંગનિમિત્ત કારણ કહેવામાં આવે છે અને તે સમ્યક્ પામનારને સમકિતી, જ્ઞાની જીવ. મુમુક્ષુ કહ્યા છેને? એ સામો બીજો લેવો જીવ.

'**મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી...**' એ છે તો એ પરદ્રવ્ય. એનો અભિપ્રાય. છે તો ઉપચાર પર પણ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' એનો જ્ઞાનીનો જે અભિપ્રાય છે એ સમ્યગ્દર્શન પામનારને અંતરંગનિમિત્ત કહેવામાં આવે છે. છે તો બાહ્ય, પણ ઓલો વાણીની અપેક્ષાએ વાણી જ્યારે બાહ્યશ્રુત છે, બાહ્યનિમિત્ત છે, તો એનો અભિપ્રાય તે અંતરંગનિમિત્ત છે. છે તો બેય બાહ્ય, પણ બેમાં આંતરો પાડવા, વજન દેવા અભિપ્રાયનો અંતરંગકારણ તેને ઉપચારથી અંતરંગકારણ એમ કહ્યું. સમજાણું કાંઈ? '**કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' કોને? સમકિત પામનારને નહિ. જેના અભિપ્રાયને એ પકડે છે અને એ અભિપ્રાય સમકિતીને અંતરંગહેતુ ઉપચારથી કહેવામાં આવ્યો છે એ જીવને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિ છે. જરી આમાં કેટલાક આમાં એવો અર્થ કરે છે ઈ. કે જે સમકિત પામે છે એને આ દર્શનમોહાદિ અંતરંગકારણ. અહીં અંતરંગકારણ કહ્યું ખરુંને આપણે અહીંયાં કર્મ? પણ ત્યાં બીજી વાત છે, આ બીજી વાત છે. સમજાય છે કાંઈ?

ત્યાં તો બંધનના અંતરંગકારણ તરીકે એનું કર્મ. બહિરંગકારણ તરીકે કાયની દશા એને બીજા જીવને. અહીં સમકિત પામનારને. પામવાનો ઉપાદાન પુરુષાર્થ તો એ જીવનો પોતાનો છે, પણ એને બહિરંગનિમિત્ત કારણ જિનવાણી દ્રવ્યશ્રુત કહેવામાં આવી છે, અને જ્ઞાનીનો જે અભિપ્રાય એને સમકિત પામનારને ઉપચારથી અંતરંગહેતુ કહેવામાં આવ્યો છે. અને તે કોને? કે જે જીવને ક્ષાયિકસમકિત આદિ થયું છે, દર્શનમોહનો ક્ષયાદિ થયો તે બીજાને અંતરંગનિમિત્ત કહેવામાં આવે છે. ભારે ભાઈ! આ થોડો અભ્યાસ હોય તો .. એય..! લીલાધરભાઈ! લીલાધરભાઈ કાલે કહેતા કે થોડો અભ્યાસ જોઈએ આમાં. લીલાધરભાઈ! અભ્યાસ થોડો હોય તો આ જરી (સમજાય). આ તો તદ્દન નવી વાત છેને. આહા..હા..!

શું કહ્યું? કે અહીંયાં નિયમસારની ૬૮મી ગાથામાં બંધન અને છેદન અને મરણનું આદિ અંતરંગકારણ તેના કર્મનો ઉદય અને ક્ષય. મરણમાં ક્ષય અને ઓલામાં ઉદય નિમિત્ત. અને બહિરંગકારણ બીજા કાયની વિકૃત અવસ્થા. બીજા જે એને કરે એની. અહીંયાં સમકિતમાં અંતરંગકારણ એનો દર્શનમોહ ક્ષય ઈ અહીં નથી લેવું. અહીંયાં તો સમ્યક્ પામનારને બહિરંગ નિમિત્ત કારણ જિનવાણી દ્રવ્યશ્રુત કહેવામાં આવ્યું છે. અને દ્રવ્યશ્રુત કહેનાર જે ધર્માત્મા, સમકિતી કે મુનિ છે તેના અભ્યંતર અભિપ્રાયને, સમકિત પામનારને ઉપચારથી અંતરંગહેતુ કહેવામાં આવ્યો છે. એક શબ્દ ફેર તો ન્યાય ફરી જાય એવું છે અહીં તો. સમજાણું કાંઈ?

અને આમાં પંચાસ્તિકાય ૧૪૮. જુઓ,

**जोगणिमित्तं गहणं जोगो मणवयणकायसंभूदो।**
**भावणिमित्तो बंधो भावो रदिरागदोसमोहजुदो।।१४८।।**

પંચાસ્તિકાયમાં છે. આ છે એક. અહીં ૪૮. પણ આ તો પંડિતજી પછી વાંચશે લ્યોને. શું કહે છે? '**આ, બંધના બહિરંગકારણ અને અંતરંગકારણનું કથન છે.**' ૧૪૮. '**ગ્રહણ એટલે કર્મપુદ્‌ગલોનો જીવપ્રદેશવર્તી કર્મસ્કંધોમાં પ્રવેશ;...**' જીવના પ્રદેશની સાથે એક ક્ષેત્ર રહેલા કર્મસ્કંધોનો પ્રવેશ '**તેનું નિમિત્ત યોગ છે.**' '**जोगणिमित्तं**' '**યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય છે એવો આત્મપ્રદેશોનો પરિસ્પંદ.**' '**બંધ એટલે કર્મપુદ્‌ગલોનું વિશિષ્ટ શક્તિરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે; તેનું નિમિત્ત જીવભાવ છે.**' ઓલાને જીવભાવ ન કહ્યો. કર્મ પુદ્‌ગલો જે આવે છે એનું નિમિત્ત યોગ કીધો. સમજાણું કાંઈ? અને કર્મપુદ્‌ગલો આવે છે એના ઉપાદાનને કારણે, આવે છે એના ઉપાદાન કારણે અને એમાં સ્થિતિ અને રસ પડે છે એ પણ એના ઉપાદાનને કારણે. આહા..હા..! ફક્ત એનામાં જે આવે છે પ્રકૃતિ અને પ્રદેશ એ આવે એના રજકણની ઉપાદાનની યોગ્યતાને કારણે એને યોગ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! બહિરંગકારણ એને કહેવામાં આવે છે અને જીવભાવને અંતરંગ કારણ કહેવામાં આવે છે. છે તો એ યોગ અને ભાવ બેય આત્માથી ભિન્ન, પણ એને યોગનું સાધારણ કર્મનો પ્રવેશ થાય એમાં એક નિમિત્ત તરીકે બહિરંગકારણ કહેવામાં આવ્યું છે અને કર્મમાં સ્થિતિ અને રસ પડે એનું અંતરંગકારણ જીવનો ભાવ રાગ, દ્વેષ અને મોહ કહેવામાં આવ્યો છે. આમાં કેટલું યાદ રાખવું? વસ્તુ એવી આ તો. છે? આહા..હા..!

'**(બંધને વિષે), બહિરંગકારણ યોગ છે...**' નવા કર્મ જો એને કારણે એ સમયે એની પર્યાય થવાની લાયકાતથી આવે, એને બહિરંગકારણ નિમિત્ત યોગ છે. આહા..હા..! એને તેથી શબ્દ લીધો '**जोगणिमित्तं गहणं**' બસ, '**કારણ કે તે પુદ્‌ગલોના ગ્રહણનો હેતુ છે,...**' પુદ્‌ગલનું આવવું એને કારણે. એમાં જોગ તેને નિમિત્ત કહેવામાં આવે. તેથી તે કર્મના પુદ્‌ગલોને યોગ બહિરંગકારણ કહેવામાં આવે છે. '**અને અંતરંગકારણ જીવભાવ જ છે...**' કોને? કર્મમાં જે રસ અને સ્થિતિ પડે છે એ તો એના પોતાને કારણે, પણ એ સ્થિતિ અને રસ.. અંતરંગનિમિત્ત કારણ જીવનો ભાવ રાગ અને દ્વેષ આદિ. સમજાણું? કાલે તો ઘણું કહ્યું હતું. આહા..હા..! બહિરંગ અને અંતરંગકારણની અપેક્ષાઓ ભિન્ન-ભિન્ન છે. એક જ ઠેકાણે આ લેવું એમ નહિ. સમજાણું કાંઈ? અહીંયાં બંધનમાં અંતરંગકારણ કર્મ કહ્યું આ ચાલતા અધિકારમાં અને બહિરંગકારણ એ બીજા કાયની અવસ્થા સામાના બીજા પ્રાણી.

આ ૫૩મી ગાથામાં સમ્યગ્દર્શન પામનારને સમ્યગ્દૃષ્ટિની વાણી અથવા જિનની વાણી

તે બહિરંગનિમિત્ત કહેવામાં આવે છે અને તે સમકિત પામનારને સમકિતી જીવનો અભિપ્રાય તેને ઉપચારથી અંતરંગનિમિત્ત કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને તે કોનો અભિપ્રાય તેને અંતરંગ ઉપચારથી નિમિત્ત કહેવાય? કે જેને દર્શનમોહનો ક્ષય અને ઉપશમ અને ક્ષયોપશમ થયો છે તે, થનારને નહિ. જેને થયો છે તેનો અભિપ્રાય એને ઉપચારથી અંતરંગહેતુ કહેવામાં આવે છે. આહા..હા..! એમાં વસ્તુની સ્વતંત્રતા સિદ્ધ કરે છે કે સમ્યક્ પામનાર છે એ તો પોતાના પુરુષાર્થથી પામે છે, પણ એને બહિરંગ જિનવાણી બહિરંગનિમિત્ત કારણ કહેવામાં આવે છે અને એને જ્ઞાનીનો અભિપ્રાય, મુમુક્ષુજીવનો અભિપ્રાય, પામનારને નહિ, પમાડનારમાં નિમિત્ત એ મુમુક્ષુ જીવનો અભિપ્રાય એ સમકિત પામનારને ઉપચારથી અંતરંગહેતુ કહેવામાં આવે છે. છે તો બાહ્ય, પણ ઓલા બહિરંગહેતુ હોવા છતાં વાણીને બહિરંગનિમિત્ત કહ્યું અને એના અભિપ્રાયને ઉપચારથી અંતરંગહેતુ કહ્યો. આહા..હા..! ભારે વાતું, ભાઈ! સમજાય છે કે નહિ આ?

ત્યારે આમાં ૧૪૮માં એમ કહ્યું કે જે કાંઈ જીવને પરમાણુઓ કર્મના આવે છે, પ્રકૃતિ અને પ્રદેશ એ તો પોતાના ઉપાદાનને કારણે. એને જીવનો યોગ બહિરંગનિમિત્ત કહેવામાં આવે છે. અને તે કર્મના પુદ્ગલમાં પડતી મુદત અને રસ તેનું જીવનો રાગ-દ્વેષનો ભાવ અંતરંગકારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓલા યોગની અપેક્ષાએ ભાવને અંતરંગ કારણ કહ્યું, યોગને બહિરંગકારણ કહ્યું. આહા..હા..! કહો, નવરંગભાઈ! આ બધું ક્યાંથી પકડી શકે આવું બધું?

નિયમસારની જે ૫૩મી ગાથા, એ સમ્યગ્દર્શન પામનાર તો પોતાના દ્રવ્યને આશ્રયે પામે છે. અખંડાનંદ પ્રભુ ચૈતન્યસ્વરૂપ પરમાત્મતત્ત્વને અવલંબે, આશ્રયે, ધ્યેયે પામે છે. પણ તેને બાહ્યનિમિત્ત તરીકે જિનની વાણી દ્રવ્યશ્રુત તત્ત્વજ્ઞાન દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. અને તેને અંતરંગકારણ એનો કર્મનો ક્ષયોપશમ અંતરંગકારણ અહીં નહિ. કોને? સમકિત પામનારને કર્મનો ક્ષયોપશમ ક્ષય અંતરંગકારણ એ અહીં નથી લેવું. આહા..હા..! એને જે ધર્મી બીજો જીવ છે, જેને દર્શનમોહાદિના ક્ષય થાય છે એનો અભિપ્રાય સમકિત પામનારને ઉપચારથી અંતરંગહેતુ કહેવામાં આવે છે. આહા..હા..! આ પ્રકાર છે, ભાઈ! સમજાણું કાંઈ? આ કાલ તો કહેવાઈ ગયું છે. આ તો પંડિતજી કાલે નહોતા એટલે ફરીને લીધું. આહા..હા..!

વસ્તુનું માપ તો તોલ તો જેવું અંદર હોય છે એમ આવવું જોઈએ. હીનાધિક કાંઈપણ ફેરફાર થાય તો આખું તત્ત્વ ફરી જાય છે. સમજાણું કાંઈ? ત્યારે એ લોકો એમ કહે છે કેટલાક કે દર્શનમોહ આદિ ક્ષય અંતરંગકારણ કોને? કે જે સમકિત પામનાર છે એને. એમ નથી અહીં. સમકિત પામનારને અંતરંગકારણ તો દ્રવ્યનો આશ્રય થયો અખંડાનંદનો એ કારણ છે. સમજાય છે? અને બહિરંગકારણ જિનવાણી તે બહિરંગકારણ છે અને તે ધર્માત્મા જેને દર્શનમોહનો ક્ષય-ક્ષયોપશમ થયો છે એ જીવનો અભિપ્રાય પામનારને ઉપચારથી અંતરંગહેતુ

કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ તો પાક્કો ગડીયો થઈ ગયો. આહા..હા..!

**શ્રોતા :-** કાલે કહ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાલે ખૂબ કહ્યું હતું. આહા..હા..! સમકિત પામનારને પોતાના ઉપાદાનમાં જ્ઞાયકભાવ તે કારણ છે. હવે એને નિમિત્ત કેવા પ્રકારના હોય? કે એક તો જિનની વાણી નિમિત્ત હોય. અજ્ઞાનીને બીજાની વાણી સમકિત પામનારને નિમિત્ત હોઈ શકે નહિ. અને જે સમકિત પામનાર છે એને, છે તો ધર્માત્મા જેનો દર્શનમોહાદિ ક્ષય થયો છે એવા ધર્માત્માનો અભિપ્રાય સમકિત પામનારને અંતરંગહેતુ ઉપચારથી કહેવામાં આવે છે. આવો વીતરાગમાર્ગ છે. આહા..હા..!

**શ્રોતા :-** અભિપ્રાય કેવી રીતે બાંધવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભિપ્રાય છેને. ઈ જ પકડવો છેને એને. કામ કરે તો પોતાની રીતે, પણ એ અભિપ્રાય એનો. 'રાગથી ભિન્ન જ્ઞાયકભાવ ચિદાનંદસ્વરૂપ છે.' એવું જેને કહીએ એણે નિમિત્તથી પકડ્યું. એને ઉપચારથી અંતરંગનિમિત્ત કીધું છે. એને અંતરંગનિમિત્ત દર્શનમોહનો ક્ષયાદિ સમકિતને એમ અહીં નથી કહ્યું, પણ જે સમકિત પામનારને ઉપચારથી અંતરંગહેતુ સમકિતીનો, જ્ઞાનીનો અભિપ્રાય કહેવામાં આવે છે કે જે જ્ઞાનીને મોહાદિનો ક્ષય થયો છે તે. આહા..હા..! તે હોં, તેને નહિ. કહો, શાંતિભાઈ! આવી વાતું છે. બહુ સ્પષ્ટ. દિગંબર સંતોએ તો ઓહો..હો..! વસ્તુની સ્પષ્ટતા એટલી ચોખ્ખી કરી છે! પણ લોકોને અભ્યાસ નહિ અને ઉપર ઉપરથી એકદમ માની લે એ કાંઈ ચીજ નથી. આહા..હા..! એમ આ લેવું આપણે.

કાયગુપ્તિ. ખરેખર કાયાની ક્રિયા છે તેને ગોપવવી કે છોડવી એમ નથી. કાયાની ક્રિયા તો જે છે ઈ છે. એ તો એને કારણે ત્યાં થાય છે, પણ તે વખતે જે વિકલ્પ હતો કાયગુપ્તિ કાયાની પ્રવૃત્તિ થવામાં, તે વિકલ્પને છોડવો છે એને અહીં કાયગુપ્તિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ સૂક્ષ્મ ભાઈ બહુ. એને સમજવો. બહારમાં લોકો ક્રિયાકાંડમાં રોકાઈ ગયા. આ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા એમાં રોકાઈ ગયા. એમાં કાંઈ ધર્મ નથી. આહા..હા..! એ તો રાગ-રાગ.

**શ્રોતા :-** અત્યાર સુધી તો એમાં ધર્મ માન્યો હતો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન્યો હતો, એમાં હતો કે દિ'? આહા..હા..! એ તો શુભરાગ છે. એવું તો અનંતવાર કર્યું છે દરેક પ્રાણીએ.

**શ્રોતા :-** અમારો શું દોષ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમારો કાંઈ દોષ નહિ. ઉલટી માન્યતા એ દોષ.

**શ્રોતા :-** ..હોનહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોનહાર તે હોનહારનો નિર્ણય કોને હોય? હોનહારનો નિર્ણય જેને આત્મજ્ઞાન હોય એને હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, એ આવ્યું. હવે આપણે અહીં ગાથા. '(**હવે ૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**)' ઈ શ્લોક આવી ગયો છે. ફરીને લઈએ છીએ. ફરી લઈએ છીએ. '**કાયવિકારને છોડીને...**' ભાષા એવી છે. આ દેહની ક્રિયા છેને એ કાયનો વિકાર કહ્યો. એ છોડવું નથી અને ગ્રહવું પણ નથી. એ નિમિત્તનું કથન છે. આને ગ્રહે કેમ અને છોડે કેમ? આ ક્રિયા પ્રવચન થાય છે એ કાંઈ આત્માથી થતું નથી, એ તો જડની ક્રિયા છે અને અટકે તો જડને કારણે એ પોતે અટકે છે પોતાને કારણે. પણ એમાં થતો વિકલ્પ જે છે રાગ, એને છોડીને, એવો અર્થ એમાં છે. આહા..હા..! સમજાણું?

'**જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના કરે છે,...**' આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ કહે છે કે આ કાયાની ક્રિયા જે પ્રવૃત્તિ છે એ તો જડની છે, પણ તેમાં તે વખતે કાયયોગનો વિકલ્પ જે હતો જે કંપન્ન અને વિકલ્પ એ આસ્રવનું કારણ અને એ બંધનું કારણ છે. એને છોડીને જેને ધર્મ કરવો છે એણે '**શુદ્ધાત્માની સંભાવના...**' આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે, શુદ્ધ પવિત્ર ચૈતન્યઘન છે, જેનો દ્રવ્યસ્વભાવ નિર્મળાનંદ અનાદિ-અનંત છે, આહા..હા..! એવા '**શુદ્ધાત્માની...**' આહા..હા..! એ વસ્તુ ત્રિકાળી. એની સંભાવના એ પર્યાય વર્તમાન. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ. આ શરીર, વાણી, મન તો જડ છે. એનાથી જુદો ભગવાન. આ ભગવાન એટલે આ હોં. અંદર કર્મ છે જડ, માટી, ધૂળ એનાથી જુદો ભગવાન. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય એનાથી પણ આત્મા ભિન્ન જુદો છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ થાય એનાથી પણ એ જુદી ચીજ છે. અને એક સમયની પર્યાય જે વર્તમાન રાગ થાય તેને જાણવાની લાયકાતવાળી પર્યાય એટલો પણ એ આત્મા નથી. આહા..હા..!

અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ શુદ્ધ પિંડ ચૈતન્ય પવિત્રતાનો પિંડ આત્મા, આહા..હા..! તેની સંભાવના. તેની સંભાવના એટલે સમ્યક્ પ્રકારે ભાવના, એકલી ચિંતવના કે કલ્પના નહિ. અંદર સમ્યક્ પ્રકારે ચૈતન્ય દ્રવ્ય આનંદનો નાથ પ્રભુ... ધર્મી એવો જે આત્મા એટલે કે અનંત ધર્મના ગુણોને ધરનાર એવો શુદ્ધ પ્રભુ આત્મા એના સન્મુખની એકાગ્રતાની ભાવના જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ધર્મ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**કાયવિકારને છોડીને...**' એ નાસ્તિ કીધી. અસ્તિ શું કરવું હવે? '**ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના...**' વારંવાર જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર સ્વભાવ, નિર્મળાનંદ અનાદિ-અનંત એવી ચીજ. તેની સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને પર્યાયની વિમુખ થઈને, ત્રિકાળની સન્મુખ થઈને એકાગ્ર થવું. આહા..હા..! '**તેનો જ જન્મ સંસારમાં સફળ છે.**' કહે છે. આહા..હા..! જેણે જન્મીને પોતાને જન્મવું નવું નહિ એવો ભાવ પ્રગટ કર્યો એનો

જન્મ સફળ છે. આહા..હા..! બાકી બધા રાંકા-ભિખારા જન્મે અને મરે એય..! પોપટભાઈ! એ કરોડોપતિ અને અબજોપતિ બિચારા રાંકા-ભિખારા છે. પોતાની નિજલક્ષ્મીની જેને ખબર નથી અને ધૂળની લક્ષ્મી મારી માનનારા. આહા..હા..! રાંકા-ભિખારા-ગરીબ પ્રાણી છે એ બિચારા. આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પોકારે છે. સમજાણું કાંઈ? જેને જન્મીને. આહા..હા..! જન્મ સંસારમાં જેણે સફળ કર્યો. ઓહો..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની સન્મુખની એકાગ્રતા જેણે કરી એનો જન્મ સંસારમાં સફળ. બાકી કોઈ પાંચ-પચાસ લાખ ભેગા કર્યા અને બહારમાં આબરૂ મોટા નાક કાઢ્યા લાંબા. એય..! ઝવેરચંદભાઈ! એ તમારે શેઠિયા મોટા હતા ત્યાં ભાઈઓમાં બધા. આબરૂ. કાંઈ બહારની મોટપ કોઈ થઈ કે આ કરોડ, બે કરોડ પૈસા ભેગા કર્યા, માટે મોટો થયો. ધૂળેય નથી. મરી ગયો છે એ તો. એય..! પોપટભાઈ!

**શ્રોતા :-** ધર્મમાં એની ગણતરી શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની ગણતરી સંસારીમાં ગણતરી છે રખડનાર. રખડનારો. આહા..હા..! ભાષા કેવી ટૂંકી કરી છે! આહા..હા..!

કે ભગવાન આત્મા અંતર સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ સ્થાન છે ઈ. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું સ્થાન અને ધામ આત્મા છે. પોતાની કેમ બેસે એને? એવા શુદ્ધાત્માની ફરીફરીને-વારંવાર. આહા..હા..! અંતરમાં શુદ્ધાત્માની એકાગ્રતા કરવી એ જીવને એનો જન્મ સંસારમાં સફળ થયો છે. એને અવતાર નહિ થાય અને મુક્તિ થશે એનો જન્મ સફળ છે. બાકી બધા ગલુડિયા, કુતરીના બચ્ચા જેમ મરે ને જન્મે એવા બધા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મ આમ થાય, કહે છે. ધર્મી એવો આત્મા અનંત ધર્મનો ધરનાર શક્તિ તત્ત્વ આખું એનામાં એકાગ્રતા થાય, વીતરાગ પર્યાય પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે, એને જિનેશ્વરનો કહેલો ધર્મ એને કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે જેણે જન્મીને જેણે આત્માનો ભાવ, ધર્મ પ્રગટ કર્યો એનો જન્મ સફળ છે. બાકી તો બધા ધૂળધાણી અને વા-પાણી છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..! બહુ ટૂંકું! હવે ૬૯. ૬૯ ગાથા.

जा रायादिणियत्ती मणस्स जाणीहि तं मणोगुत्ती।
अलियादिणियत्तिं वा मोणं वा होइ वइगुत्ती।।६९।।

**મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
**અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.**

'**ટીકા :-** આ, **નિશ્ચયનયથી મનોગુપ્તિની અને વચનગુપ્તિની સૂચના છે.**' વ્યવહારથી તો અશુભથી રહિત થઈ અને શુભમાં આવે એ સમ્યગ્દૃષ્ટિ જીવની વાત હોં. સમ્યગ્દૃષ્ટિ જેને આત્માનો અનુભવ, આનંદનો અનુભવ થયો છે, જેને ધર્મના અંકુરો ફૂટ્યા છે અંદરથી, એ

જીવને અશુભભાવથી રહિત થાય અને શુભમાં રહે એને વ્યવહારમનોગુપ્તિ કહે છે. શુભમં આવે એ. એ પુણ્યબંધનું કારણ છે. અને જેને શુભ-અશુભભાવ બેય છોડી અને સ્વરૂપમાં લીનતા થાય છે આહા..હા..! એને નિશ્ચયથી મનોગુપ્તિ અને વચનગુપ્તિ કહે છે. ઝીણી વાત, બાપુ! ભગવાન માર્ગ એવો વીતરાગનો. એમાં આ પ્રવૃત્તિમાં માણસ પડ્યા એને સાંભળવાનું મુશ્કેલ છે. સંપ્રદાયમાં તો આ ક્રિયા કરો અને આ કરો અને આ કરો એ વાત ચાલે છે. એ કોઈ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે...**' ભાષા દેખો હવે. તેને મન અને વચનગુપ્તિ નિશ્ચયથી સાચી હોય છે. આહા..હા..! કે જે '**સકળ મોહ..**' મિથ્યાત્વ. રાગમાં ધર્મ માનવો, પુણ્યની ક્રિયામાં ધર્મ માનવો, પૈસામાં સુખ છે, સ્ત્રીના વિષયમાં મજા છે, એવી માન્યતા તે મિથ્યાદષ્ટિની અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ જેણે ટાળ્યા છે જેણે. આહા..! એવો મોહ જેણે ટાળ્યો છે અને રાગ-દ્વેષના પરિણામ જે છે, શુભ-અશુભ બેય હોં, એના અભાવને લીધે. આહા..હા..! એ નાસ્તિ લીધી. અસ્તિ. '**અખંડ અદ્વૈત પરમચિદ્રૂપમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું...**' આહા..હા..! ભગવાન આત્મા અખંડ છે, જેમાં ભેદ નથી, પર્યાયનો પણ ભંગ નથી, એવી અખંડ ચીજ વસ્તુ છે. આહા..હા..!

અદ્વૈત છે-બે નથી, એક જ રૂપ છે એનું ત્રિકાળી. આહા..હા..! પર્યાયસહિત ગણે તો દ્વૈત થઈ જાય છે. આ તો એકલો અદ્વૈત. આહા..હા..! '**અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ...**' પરમ જ્ઞાનરૂપ પ્રભુ આત્મા છે. એકલી જ્ઞાનચક્ષુ, જ્ઞાનસ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..હા..! તે પણ પરમચિદ્રૂપ. ઉત્કૃષ્ટ જ્ઞાન જેના રૂપ છે. આહા..હા..! '**અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ...**' જ્ઞાનરૂપમાં '**સમ્યક્‌પણે...**' સાચાપણે '**અવસ્થિત રહેવું...**' બરાબર એવા ચીજમાં અંદર સ્થિર થવું એને '**નિશ્ચયમનોગુપ્તિ કહે છે.**' આહા..હા..! બહુ ધર્મ. આહા..હા..! એને ધર્મ કહે છે, એને વીતરાગી પરિણતિ કહે છે. એ વીતરાગી પરિણતિ તેને હોય, જે જે અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ વીતરાગ સ્વભાવથી ભરેલો પદાર્થ તેને અવલંબીને એકાગ્રતા કરે તેને વીતરાગી પરિણતિનો ધર્મ હોય છે. ઓલું તો સહેલું હતું એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તે ઇન્દ્રિયા જાઓ. તસ્સમિચ્છામી દુક્કડમ. તાવકાયં ઠાણેણં જાણેણં અપ્પાણં ધૂળેય નહોતું કાંઈ ત્યાં. એ તો બધી રાગની, જડની ક્રિયાની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! સહેલું હતું. આ પૈસા મળ્યા એ સહેલું નહોતું. આહા..હા..!

જુઓ, એ ટૂંકી કેવી ભાષા છે! જેને મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ. એનો અભાવ થયો છે. એને લઈને હવે સદ્‌ભાવથી જ છે પ્રભુ પોતે આ આત્મા. અખંડ અદ્વૈત. ખંડ નથી અને જેમાં બે ભાગ નથી દ્રવ્ય અને પર્યાય એવા (ભાગ) પણ નહિ. દ્રવ્ય એકલું અખંડ. એવા પરમચિદ્રૂપ એકલો જ્ઞાનરસ. જ્ઞાનનો પિંડ ચિદ્રૂપ. જ્ઞાન જેનું રૂપ છે, જ્ઞાન જેનું સ્વરૂપ છે ત્રિકાળ. આહા..હા..! '**સમ્યક્‌પણે અવસ્થિત રહેવું...**' એ વસ્તુ છે ત્રિકાળી

ભગવાન આત્મા. ભગવાન બિરાજે છે બધા દેહમાં આત્મા. સ્ત્રી અને પુરુષ એ બધા દેહ તો હાડકા-માટીના છે, ઈ આત્મા નથી. આ શરીરનો આકાર સ્ત્રીનો, પુરુષનો એ તો માટી, જડના આકાર, આ તો માટી-ધૂળના છે, એ આત્માના નથી. આહા..હા..! એમાં ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અંદર બિરાજે છે. કેમ મનાય? રાંકો થઈને ફરે. બે બીડી સરખી સીગરેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને જંગલ ઉતરે. આવા તો અપલક્ષણના પાર ન મળે. આહા..હા..! અને કાંઈક જ્યાં પાંચ-પચ્ચીસ હજાર પેદા થાય તો મૂકો લાપસીના આંધણ. આહા..હા..! આવી મૂર્ખાઈમાં પડે એને આત્મા કેમ સમજાય? સમજાણું કાંઈ? કહો, હિંમતભાઈ! આહા..હા..!

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશાંતિ, અનંત પ્રભુતા એવી શક્તિઓનો પિંડ ચિદ્રૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ, શાંતરૂપ, વીતરાગરૂપ. આહા..હા..! પૂર્ણ ઈશ્વરરૂપ. એવો જે ચિદ્રૂપ ભગવાન આત્મા એ વસ્તુ, એમાં અંતર એકાગ્ર થવું. સમ્યક્ કીધુંને? સમ્યક્પણે અવસ્થિત રહેવું એનું નામ ધર્મ. એનું નામ મોક્ષનો માર્ગ વીતરાગની અંદર. અને આવી વાત વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. ઓહો..હો..!

'**તે જ નિશ્ચયમનોગુપ્તિ છે.**' આ જ મનને રાગથી પાછુ વાળી અને સ્વરૂપની અખંડતામાં લીનતા કરી એને સાચી મનોગુપ્તિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**હે શિષ્ય!**' ગુરુ કહે છે. આહા..હા..! '**તું તેને ખરેખર અચલિત મનોગુપ્તિ જાણ.**' એને મનોગુપ્તિ જાણ. જેને અખંડ આનંદકંદમાં જેણે સ્થિરતા કરી છે એને, હે શિષ્ય! અચલ મનોગુપ્તિ જાણ. આહા..હા..! એમ કહેવામાં આશય શું છે? કે ઓલો વ્યવહારમનોગુપ્તિ હતીને અશુભથી ખસીને શુભમાં, એની અહીંયાં તુચ્છતા કરવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ પણ અશુભમાંથી ખસીને મનોગુપ્તિમાં આવે વ્યવહાર એની અહીંયાં તુચ્છતા બતાવી છે.

'**હે શિષ્ય!**' ગુરુ કહે છે અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય, સંતો, દિગંબર મુનિઓ. આહા..હા..! '**તું તેને ખરેખર અચલિત મનોગુપ્તિ...**' તેને ખરેખર, તું તેને મનોગુપ્તિ જાણ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલો વ્યવહાર કહ્યો હતો ખરોને? એ તો એક જાણવા માટે. આદરવા માટે તો આ છે. આહા..હા..! વીતરાગ જિનેશ્વરનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! લોકોને મળ્યો નથી, સાંભળવા મળ્યો નથી. વાડામાં પડ્યા અને વાડાની વાતું કરે. સાધુને પણ ખબર નથી કે ધર્મ શું કહેવાય? સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત, ભાઈ! અહીં તો અખંડ-અદ્વૈત ચિદ્રુપ પ્રભુ આત્મા હવે ઈ શી રીતે સમજવો એને? શું હશે આ તે. ભાઈ! એ આત્મા વસ્તુ છેને, એ વસ્તુમાં શરીર, વાણી, મન, કર્મ એ તો એમાં છે જ નહિ, એ તો પર જડ છે. કર્મ જે આઠ કર્મ છે એ માટી-જડ છે એ પણ આમાં આત્મામાં નથી અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય, શુભરાગ એ પણ કાંઈ આત્મામાં નથી. અને એક સમયની વર્તમાન અવસ્થા વ્યક્ત પ્રગટ છે એમાં એ આખો આત્મા નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? એ એક સમયની પર્યાય. હવે પર્યાયની પણ ખબર ન મળે અને નામ પણ સાંભળ્યા ન હોય.

એક આવ્યો હતો અહીંયાં પંડિતજી! કેવા શાસ્ત્રી? ..શાસ્ત્રી આવ્યા હતા. મહારાષ્ટ્રના છે. ..શાસ્ત્રી. છે નરમ માણસ બિચારો. કઈ સાલ? આઠને? આપણે આ. ... કરવું હતું ત્યારે. આ પરમ દિ' ગયુંને પાંચમે. તે દિ' આવ્યા હતા બિચારા. નરમ પંડિત છે. પણ અહીંયાં વ્યાખ્યાન સાંભળતા, 'અરે! આ પર્યાય ક્યાંથી આવી? કે આ પર્યાય શું?' આમ પંડિત. શાસ્ત્રી. પર્યાય? અરે! પંડિત પર્યાય! દ્રવ્યની વર્તમાન અવસ્થા તે પર્યાય. પણ કાંઈ (ભાન ન મળે). માણસ નરમ હતા. પછી એને થયું આવી વાત તો. પણ તમે પંડિત શેના? શાસ્ત્રી શેના થયા ત્યારે? અને આ ભગવાનની પૂજા કરવાનો એનો આગ્રહ ઓલો વીસપંથી ખરાને. એટલે જરી કેસરને નાખીને વાટકી લાવે ટબુડી. કીધું ભાઈ! અહીં એ રિવાજ નથી. અહીં કરવું નહિ. નરમ માણસ. પછી તો મહારાષ્ટ્રમાં ગયા ત્યાં હમણા બેંગ્લોરમાં આવ્યા હતા. બેંગ્લોર આવ્યા હતા, નહિ? નરમ માણસ બિચારા. પણ આ વસ્તુનો પ્રચાર (થયો નથીને)! બાહ્યની ક્રિયાકાંડ આ કરું ને આ કરું ને આ લીધું ને આ મૂક્યું, ફલાણું, ઢીંકણું. એકલી ધર્મક્રિયાથી વિરુદ્ધ વાત. તે રાગની ક્રિયામાં ધર્મ માનીને બેઠા અને બિચારાની જિંદગી નિષ્ફળ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ મનની વાત કરી.

બે છેને અંદર? '**આ નિશ્ચયનયથી મનોગુપ્તિની અને વચનગુપ્તિની સૂચના છે.**' એમાં મનોગુપ્તિની વ્યાખ્યા કરી એટલી. હવે વચનગુપ્તિની વ્યાખ્યા કરે છે. '**સમસ્ત અસત્ય ભાષાનો પરિહાર...**' જૂઠી ભાષાના વિકલ્પનો ત્યાગ. '**અથવા મૌનવ્રત...**' તદ્દન મૌન શુભાશુભભાવરહિત '**તે વચનગુપ્તિ છે. મૂર્તદ્રવ્યને ચેતનાનો અભાવ હોવાને લીધે...**' આહા..હા..! એ વાણી જે છે આ જડ છે આ તો અવાજ એ તો મૂર્ત છે, જડ છે, અચેતન છે, એ ભગવાન આત્મામાં એનો અભાવ છે. આ ધ્વનિ ઉઠે છે એ તો જડ, માટી, ધૂળ છે. આહા..હા..! એવા '**મૂર્તદ્રવ્યને ચેતનાનો અભાવ...**' છે. એમાં ચેતનાનો અભાવ. વાણીમાં ચેતના નથી. આહા..હા..!

'**અને અમૂર્તદ્રવ્ય ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે...**' અહીં તો શું કહે? કોની સાથે હું બોલું એમ કહે છે. સમાધિશતકમાં છેને એ? '**મૂર્તદ્રવ્યને ચેતનાનો અભાવ હોવાને લીધે...**' વાણીમાં ચેતનાનો અભાવ '**અને અમૂર્તદ્રવ્ય ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે...**' આત્મા છે એ ઇન્દ્રિય જ્ઞાનથી તો અગમ્ય છે. '**બન્ને પ્રત્યે વચનપ્રવૃત્તિ થતી નથી.**' ક્યારે કોની સાથે વચનપ્રવૃત્તિ કરું? આહા..હા..! '**આ રીતે નિશ્ચયવચનગુપ્તિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.**' લ્યો! આહા..! શુભ-અશુભભાવનો વિકલ્પ જે છે વચન બોલવામાં, વાણી તો વાણી છે, એને રોકવી નથી અને છોડવી નથી, પણ વાણીને કાળે જે શુભાશુભવિકલ્પ હતો, એનાથી રહિત થઈને અંતર નિર્વિકલ્પ આત્મામાં ઠરવું એને નિશ્ચયવચનગુપ્તિ કહેવામાં

આવે છે. સમજાણું કાંઈ? એને વચનગુપ્તિ છેને? પહેલા મનનું તો આવી ગયું.

'**(હવે, ૬૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' ૯૪. ૯૪ને?

(शार्दूलविक्रीडित)

शस्ताशस्तमनोवचस्समुदयं त्यक्त्वात्मनिष्ठापरः
शुद्धाशुद्धनयातिरिक्तमनघं चिन्मात्रचिन्तामणिम्।
प्राप्यानंतचतुष्टयात्मकतया सार्धं स्थितां सर्वदा
जीवन्मुक्तिमुपैति योगितिलकः पापाटवीपावकः ।।९४।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવો યોગીતિલક...**' મુનિ. જેને આત્માના આનંદનું ભાન છે, અનુભવ અંતર પ્રગટ્યો છે અને જેને વીતરાગતાની દશાની ભરતી પર્યાયમાં આવી છે. જેમ દરિયામાં પાણીની ભરતી આવે. બાઢ તમારે હિન્દીમાં કહે છે. અમારે ભરતી કહે છે. એમ ભગવાન આનંદ પડ્યો છે અંદર અતીન્દ્રિય આનંદ. યોગી જેણે અંતરમાં જોડાણ કર્યું એની પર્યાયમાં આનંદનો ઉભરો આવે છે, આનંદની બાઢ આવે છે. આહા..હા..! એને મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે એ તો '**પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન...**' છે. પાપશબ્દે પુણ્ય અને પાપના ભાવ બેય પાપ છે. પુણ્ય પણ પાપ થઈ ગયું. સ્વરૂપથી વિરુદ્ધ છે માટે. 'પાપ પાપને સૌ કહે પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે.' યોગસારમાં આવે છે. યોગસારમાં આવે છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ રાગ અને બંધન છે. આહા..હા..! ભાઈ! વીતરાગમાર્ગ બહુ આકરો, બાપુ! એને તે સમજવા દરકાર પણ કરી નથી. પાળવાની તો પછી વાત. આહા..હા..! અરે! જીવન ચાલ્યા જાય છે. દેહની સ્થિતિ પૂરી થવાને સન્મુખ જાય છે. જેટલી મુદત લાવ્યો એમાં એક સમય વધવાની નથી. માણસ એમ કહે છે કે મોટા થઈએ. પ્રભુ એમ કહે છે કે મૃત્યુની સમીપ તારી સ્થિતિ જાય છે. અરે! એમાં આવો આત્મા કોણ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે જે આત્મા કહ્યો એને નહિ ઓળખે, એને નહિ અનુભવે ત્યાં એના જન્મ બધા અફળ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! તમે તો પૈસા ભેગા કર્યા. લોકોને તો એમ થાય કે ઓહો..હો..! તમારી પાસે તો બીજા પાંચ કરોડ એવી બધા વાતું કરે છે. ઓહો..હો..!

**શ્રોતા :-** વાતું તો અનેક જાતની કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેક કરે વાતું. આહા..હા..! હવે લાખ, કરોડ, અબજ હોય તો એમાં આત્માને શું? આહા..હા..! જુઓને, આ છે નહિ ભાઈ આપણે અત્યારે આપણા દશાશ્રીમાળી ગોવા શાંતિલાલ ખુશાલ. ગોવા છે દશાશ્રીમાળી. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. બે અબજ અને ચાલીસ કરોડ. એ બાર મહિના પહેલા મરી ગયો બિચારો ૬૧ વર્ષની

ઉંમરે. એક દસ મિનિટમાં. હાર્ટ ફેઈલ. પૈસા પડ્યા રહ્યા. બે અબજ ચાલીસ કરોડ. હવે એની વહુ સવા વર્ષથી અસાધ્ય પડી છે. હેમરેજ. સવા વર્ષથી અસાધ્ય છે. શું ધૂળ કરે તારી ત્યાં પૈસા? એ તો માટી, જડ, જગત છે. આહા..હા..! અસાધ્ય છે લ્યો. મહિને પંદર હજારનો ખર્ચ છે. સવા વર્ષથી પડી છે. મોટા પૈસાવાળા માણસ છે. શું કહેવાય એ? નર્સ. નર્સને ફર્સને એવું બધું કાંઈક રાખે. એક દિવસનો પાંચસો ખર્ચ. સવા વર્ષથી જડ જેવી પડી છે. મરી ગયો ત્યારે અસાધ્ય હતી. પછી વળી મહિને સહેજ ખ્યાલ આવ્યો હતો. .. કે ભાઈ ગુજરી ગયા છે. પાછી અસાધ્ય થઈ ગઈ. આહા..હા..! પૈસા જડ, શરીર જડ. તને શું કરે આ? અરે! પુણ્ય અને પાપના ભાવ પણ જડ અને અચેતન છે. એમાં ચૈતન્ય ચિદ્રુપનો અંશ એમાં નથી. એવો જે ચિદ્રુપ ભગવાન આત્મા એને જાણનારો મુનિ યોગીતિલક. આહા..હા..! આત્માના સવરૂપમાં યોગ જોડવામાં તિલક જેવો. ભાષા '**(મુનિશિરોમણિ)**...' એ મુનિ બાહ્યમાં નગ્ન હોય છે. આ વસ્ત્રસહિતને એ તો પછી કલ્પિત નીકળ્યું છે, જૈનદર્શનનું એ રૂપ નથી. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં તો મુનિ નગ્ન જ હોય, વસ્ત્રનો કટકો પણ એને ન હોય અને અંદરમાં આનંદના ઉછાળા જેને આવતા હોય અતીન્દ્રિય આનંદની ભરતી, એવો '**(મુનિશિરોમણિ) પ્રશસ્ત-અપ્રશસ્ત મનવાણીના સમુદાયને છોડીને**...' આહા..હા..! એ મનનો શુભ અને અશુભરાગ બેય છોડે. એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ શુભરાગ છે. એ પુણ્ય છે એ ધર્મ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** તીર્થયાત્રાનો ભાવ પણ પુણ્ય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તીર્થયાત્રા લાખ કરે સમ્મેદશિખરની તોપણ પુણ્ય છે, ધર્મ નથી. 'એકવાર વંદે કોઈ...' નથી આવતું? 'નરક પશુ ન હોય.' પણ એમાં શું દાળિયા થયા? દેવ થાય કદાચિત્ એકવાર, પણ એમાં આત્માને શું? આહા..હા..! એ લાખ જાત્રા કરે સમ્મેદશિખરની કે શેત્રુંજયની. શુભભાવ પુણ્ય, ધર્મ નહિ. અશુભથી બચવા હોય, પણ એ ધર્મ નથી. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ એ ધર્મ નથી. એ આસ્રવ અને રાગ છે. આકરું કઠણ પડે ભાઈ! શું થાય? માર્ગ તો આ છે. દુનિયાએ કાંઈક બીજી રીતે ચલવ્યો માર્ગ વીતરાગનો. આ તો પરમેશ્વર ત્રિલોકનાથ. ..તો બિરાજે છે મહાવિદેહમાં. મહાવિદેહમાં સીમંધર ભગવાન તો બિરાજે છે. આહા..હા..! એનો કહેલો આ માર્ગ છે. પરંપરા મહાવીરથી આવેલો છે. અહીં .. આહા..હા..!

'**પ્રશસ્ત**...' એટલે શુભરાગ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભભાવ એને પણ છોડીને. આહા..હા..! '**મનવાણીના**...' બેય હોં. શુભ-અશુભરાગ મન, વાણી, દેહના છોડીને. આહા..હા..! '**આત્મનિષ્ઠામાં પરાયણ રહેતો થકો**,...' આહા..હા..! આત્મા આનંદ અને જ્ઞાનનો પિંડ પ્રભુ. એમાં જે નિષ્ઠામાં સ્થિર રહેતો થકો એમાં. આહા..હા..! '**શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત**...' વિકલ્પથી રહિત હોં એમ મૂળ કહેવું. અને શુદ્ધ અખંડ અભેદ

શું એવો જે વિકલ્પ રાગ એને છોડીને 'હું પરમાત્મસ્વરૂપે બિરાજ્યો છું. અંતર આનંદકંદ છું.' એવો જે વિકલ્પ ઉઠે તેને પણ છોડી દે. એ શુદ્ધનયનો વિકલ્પ અને પર્યાયમાં રાગ છે આદિ અશુદ્ધનયનો વિકલ્પ એનાથી રહિત. આહા..હા..!

**'એવા અનઘ (નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણિને...'** ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે અંદર. નિર્દોષ છે. આત્મા જેને કહીએ એ તો તદ્દન વીતરાગમૂર્તિ નિર્દોષ છે. એની પર્યાયમાં રાગ-દ્વેષ ભલે હોય, વસ્તુમાં એ નથી. વસ્તુ ચૈતન્યરત્ન ચિંતામણિ પડી છે અંદર. આહા..હા..! કહે છેને? **'શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત...'** વિકલ્પથી. **'એવા અનઘ (નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણિ...'** ભગવાન તો ચૈતન્યપ્રકાશમય મૂર્તિ છે, જેમાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પનો પણ અભાવ છે, એવા ચિંતામણિને પ્રાપ્ત કરી. ભાષા જુઓ, પૂર્ણાનંદનો નાથ ચિંતામણિ છે આત્મા. એમાં પ્રાપ્ત કરી એમાં દૃષ્ટિ થઈને. આહા..હા..!

**'અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત એવી જીવન્મુક્તિને પામે છે.'** આહા..હા..! શું કહે છે? કે પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓ છે એને છોડીને. મન અને વાણી બેયના. નિર્દોષ ભગવાન અંતર પવિત્ર જ્ઞાનાનંદ ધામ છે. એવું ચૈતન્યમાત્ર ચિંતામણિ. એને અંતરમાં પામીને, એને પ્રાપ્ત કરીને, ચૈતન્યચિંતામણિને પ્રાપ્ત કરીને. આહા..હા..! જેમ આ ચિંતામણિરત્ન હોય છેને દેવ અધિષ્ઠિત. ઈચ્છે પ્રમાણે ત્યાં થાય ધૂળાદિ. એની પાસે ઈચ્છે કે મોક્ષ થાય તો ત્યાં ન થાય. આ ચૈતન્યચિંતામણિ એવું છે અંદર કે જેમાં એકાગ્ર થાય તો એને મોક્ષપદની પ્રાપ્તિ થઈ જાય. આહા..હા..! આવો ઉપદેશ વીતરાગનો હશે આ? જૈનધર્મમાં આવું હશે? જૈનધર્મમાં તો ભાઈ એકેન્દ્રિયની દયા પાળવી, છ કાયને હણવા નહિ, છપરબી પાળવું, બ્રહ્મચર્ય પાળવું, બીજ, ચૌદશ, આઠમ પાળવી. આવું તો સાંભળતા હતા કે રાતે ચોવિહાર કરવો. વળી આ ક્યાંથી કાઢ્યું આવું?

**શ્રોતા :-** નવો ધર્મ નીકળ્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવો ધર્મ નીકળ્યો છે ભાઈ! આ ધર્મ જ વીતરાગનો આ છે. વાત સાચી કોઈ એમ કહે. બાપુ! ખબર નથી તને. આ સામાયિક કર્યા, પોષા કર્યા, પડિક્કમણા કર્યા ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ત્યાં. રાગની મંદતા હોય તો કદાચિત્ પાપાનુબંધી પુણ્ય બાંધે. મિથ્યાત્વભાવે છેને? આહા..હા..!

અહીં તો કહે છે જેણે ચૈતન્યચિંતામણિરત્ન પ્રાપ્ત કર્યું છે અને પુણ્ય-પાપના મન, વાણી, દેહના ભાવને છોડ્યા છે અને આને પ્રાપ્ત કર્યું, આ છોડ્યું છે અને આને પ્રાપ્ત કર્યું છે. એ અનંતચતુષ્ટયપણા સાથે એ અનંત જ્ઞાન, દર્શન, આનંદને પ્રાપ્ત કરી **'સર્વદા સ્થિત એવા જીવન્મુક્તિને પામે છે.'** એને કેવળજ્ઞાન થઈને જીવન્મુક્ત થશે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૫, રવિવાર, તા. ૧૫-૦૨-૧૯૭૬,**
**કળશ-૯૫-૯૬, ગાથા-૭૦-૭૧, પ્રવચન નં. ૧૭૯**

શ્રી નિયમસાર, ગાથા-૭૦. 'આ, **નિશ્ચયશરીરગુપ્તિના સ્વરૂપનું કથન** છે.'

कायकिरियाणियत्ती काउस्सग्गो सरीरगे गुत्ती।
हिंसाइणियत्ती वा सरीरगुत्ति त्ति णिद्दिट्ठा।।७०।।
જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;
હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ છે. ૭૦.

'**ટીકા :- સર્વ જનોને કાયાસંબંધી બહુ ક્રિયાઓ હોય છે;...**' શું કહે છે? આ શરીર છેને આ જડ-માટી? એની હાલવા-ચાલવા આદિની ક્રિયાઓ જડની ઘણી હોય છેને? આખો દિવસ આમ... એ કાયાસંબંધી સર્વ જનોને બહુ ક્રિયાઓ જડની અવસ્થાઓ હોય છે. '**તેમની નિવૃત્તિ...**' એ વાત નિમિત્તથી કથન છે. એના તરફના વિકલ્પો છે એની નિવૃત્તિ કરવી એ કાયાની નિવૃત્તિ કહેવામાં આવે છે. આહા..હા..! કાયોત્સર્ગની વ્યાખ્યા છે આ. કાયોત્સર્ગ કોને કહેવું અને કાયોત્સર્ગનું શું સ્વરૂપ છે? '**તેમની નિવૃત્તિ તે કાયોત્સર્ગ છે;...**' જોયું? '**સર્વ જનોને...**' આ શરીર, માટી, અજીવ જડ એની જે ક્રિયાઓ હોય છે '**તેમની નિવૃત્તિ તે કાયોત્સર્ગ છે;...**' કહો, પોપટભાઈ! કાયોત્સર્ગ કર્યા છેને? નથી આ તમારે તાવકાંય ઠાણેણં અપ્પાણં વોસરે. તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. અપ્પાણં એટલે શું અને શું કરવું? કાંઈ ખબર ન મળે. આહા..હા..!

**શ્રોતા :-** બેયે સાથે કર્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાથે કર્યા છે. એકલા નથી કર્યા. પણ ઈ તો પંડિત થઈ ગયા. આહા..હા..! કેવી રીતે વર્ણન કર્યું જુઓ તો ખરા! આહા..હા..! કે આ શરીરની જેટલી પ્રવૃત્તિ છે એ છે તો એ પર્યાય જડની, પણ જડની પ્રવૃત્તિને કાળે જે કાંઈ વિકલ્પ છે એ ખરેખર તો એ કાયા છે! એનાથી નિવર્તવું. આવશે આગળ હજી. આ શરીર પોતાનું જે આત્મશરીર છે જ્ઞાનશરીર. કહેશે. પોતાનું જે શરીર છે એ તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક શરીર છે. આ તો જડશરીર છે.

**શ્રોતા :-** ઈ કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જડનું, અજીવનું, માટીનું, આત્માનું નહિ. આહા..હા..!

કાયા બે પ્રકારની—એક આ શરીરની પ્રવૃત્તિ એ પણ કાયા કહેવાય છે અને એક તે સંબંધીના શુભાશુભવિકલ્પો છે એ પણ કાયા કહેવાય છે. પરકાયા. કાય એટલે વિકારનો સમૂહ.

પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓ એનો જે સંગ તેને કાયા કહેવાય છે. એક કાયા આને કહેવાય, એક કાયા આને કહેવાય. ત્રીજી કાયા ચૈતન્યસ્વરૂપ તે જ્ઞાયકકાયા છે. સમજાણું કાંઈ?

આહા..હા..! માર્ગ એવો છે, બાપા! પ્રભુ વીતરાગ ત્રિલોકનાથ એણે કહેલો કાયોત્સર્ગ એણે કહેલો ધર્મ અલૌકિક છે. સમજાણું કાંઈ? કેમ તમારા પદ્મચંદજી ન દેખાણા? રોકાણા હશે કામમાં. સમજાણું કાંઈ? ત્રણ પ્રકારની કાયા—એક આ શરીર રજકણનો પિંડ તે કાયા જડ, એક અંદરમાં શુભ-અશુભ રાગનો વિકારનો સમૂહ તે મલિન પરિણામરૂપી એક કાયા અને એ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા તે ચૈતન્યકાયા. આહા..હા..! એમાથી હજી કાયાની પ્રવૃત્તિ અને નિવૃત્તિ ભાષા એવી છે. છેને? એવી છેને? બહુ ક્રિયાઓ કાયાસંબંધી ક્રિયાઓ હોય તેની નિવૃત્તિ. એટલે કાયા તરફના વલણવાળો જે રાગ છે—આ હાલવું, આમ બોલવું, આમ ચાલવું—એ બધા રાગનો સમૂહ તે ખરેખર તો મલિન કાયા છે. આહા..હા..! કાયા એટલે? પરિણામનો, મલિન પરિણામનો સમૂહ. આહા..હા..! એકકોર નિર્મળાનંદ ભગવાન આત્મા. આહા..હા..! નિર્લેપ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આ. એ નિર્લેપ નિર્મળ કાયા છે એની. સમજાણું કાંઈ? આહા..હા..!

‘**તે જ ગુપ્તિ છે.**’ જોયું? આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ પણ મલિન કાયા છે અથવા મલિન પરિણામનો સમૂહ છે. આહા..હા..! એનાથી નિવૃત્તિ થવી એ કાયગુપ્તિ છે, એનું નામ કાયોત્સર્ગ છે. કાય-ઉત્સર્ગ. કાયાનો ઉત્સર્ગ છોડી દેવું. એટલે? કે વિકારી પરિણામ શુભ-અશુભ જે કાયા મલિનનો સમૂહ એને છોડી દેવું એનું નામ કાયોત્સર્ગ છે. આહા..હા..! તસ્સઉતરીમાં પણ કાયોત્સર્ગ આવે છેને, ભાઈ! લીલાધરભાઈ! કર્યું છે કે નહિ એ તસ્સઉતરીમાં? તાવકાયં ઠાણેણં નથી આવતું? તસ્સુતરી કરણેણં, ... છેલ્લું આવે છે. તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં. શબ્દની ખબર પણ ન હોય. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળતો ખરો, નાથ! આહા..હા..! તારું શરીર તો જ્ઞાનશરીર છે. ચૈતન્યસૂર્ય જ્ઞાયકભાવ પવિત્ર આનંદધામ આહા..હા..! એ તારું શરીર છે, ઈ તું છો. આહા..હા..! અને પુણ્ય અને પાપના મલિનભાવોનો સમૂહ તેનો ત્યાગ થઈને જ્ઞાયકભાવ ચૈતન્ય પિંડ પ્રભુ શરીર એમાં એકાકાર થવું એનું નામ કાયોત્સર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**અથવા પાંચ સ્થાવરોની...**’ પાંચ સ્થાવર જીવ છેને એકેન્દ્રિય—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. ઈચ્છામી પડિક્કમણામાં આવે છે. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિયા. એ એકેન્દ્રિયના પાંચ પ્રકાર—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. એ સ્થાવર કહેવાય અને ત્રસ બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિય ત્રસ. એની હિંસાની નિવૃત્તિ તે કાયગુપ્તિ. એ વ્યવહારથી વાત કરી. ઓલી નિશ્ચયથી અંદરમાં છે.

‘**જે પરમસંયમધર...**’ આહા..હા..! ‘**જે પરમસંયમધર...**’ બધા એકાક્ષરી. એકાક્ષરી

છે. પરમ સંયમ અને ધર આઠેય અક્ષર કાનોમાત્ર વિનાના છે. એકાક્ષરી. ભગવાનની વાણી એકાક્ષરી ૐ ધ્વનિ નીકળે છે. ભગવાન તો પરમાત્મા થઈ ગયા છે. એને આમ ભાષા ન હોય એને. હોઠ હલે નહિ, કંઠ નહિ. ૐ એકાક્ષરી ધ્વનિ ઉઠે. એમાંથી ગણધરો, સંતો બાર અંગની રચના કરે. લ્યો, અહીં '**પરમસંયમધર...**' પરમ-પરથી ખસીને સંયમ નામ સમ-સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં જેની સ્થિરતા જામી છે એને પરમસંયમધર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું?

'**પરમજિનયોગીશ્વર...**' આહા..હા..! પરમ જિન વીતરાગીભાવમાં જેનો યોગ જોડાઈ ગયો છે. આહા..હા..! ભગવાન આત્મા વીતરાગી સમૂહનો પિંડ છે. વીતરાગી શક્તિઓ ગુણનો પિંડ આત્મા છે, એમાં જેનું જોડાણ છે. રાગથી જોડાણ તોડ્યું છે અને સ્વભાવમાં જોડાણ જોડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમજિનયોગીશ્વર...**' એવા ઈશ્વર. મુનિ છેને? સમ્યગ્દષ્ટિ પણ યોગી છે. કેમકે પૂર્ણ આનંદકંદ પ્રભુ એમાં જેણે દૃષ્ટિ જોડી છે એ પણ યોગી છે, પણ એ જઘન્ય દરજ્જાનો યોગી છે. સમજાય છે કાંઈ? આ ઉંચા દરજ્જાના મુનિની વાત લીધી. આહા..હા..! '**પરમજિનયોગીશ્વર...**' આહા..હા..! જેને પૂર્ણ આનંદનું ધામ ભગવાન એમાં જેણે પોતાની નિર્મળ વીતરાગી પરિણતિને વીતરાગી સ્વભાવમાં જોડી દીધી છે. આવી વ્યાખ્યા વીતરાગની બહુ ઝીણી. સમજાણું કાંઈ?

એ '**પોતાના શરીરમાં...**' છે? શું છે અંદર? '**પોતાના શરીરમાં...**' આહા..હા..! પોતાનું શરીર એટલે? જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ કેવળજ્ઞાન આદિ કંદ પ્રભુ આત્મા એ પોતાનું શરીર છે. આહા..હા..! પાઠ છે સંસ્કૃત જુઓ, '**स्वकीयं वपुः स्वस्य वपुषा विवेश**' આહા..હા..! '**स्वकीयं वपुः**' '**वपुः**' નામ શરીર. '**स्वकीयं**' નામ પોતાનું શરીર. આત્માનું પોતાનું શરીર શું? જે જ્ઞાન અને આનંદ આદિ અનંતગુણોનો સ્વભાવ તે પોતાનું શરીર છે. આહા..હા..! મૂળ આત્મજ્ઞાન એવી ચીજ છે કે પહેલી શરૂઆતની ભૂમિકા એ થાય છે, પછી બધી વાતું. સમજાણું કાંઈ? પણ ઈ વાત આખી મૂળ પડી રહી અને ડાળા-પાંખડા તોડવા માંડ્યા. મિથ્યાત્વનું મૂળ સાજુ રહ્યું. આહા..હા..!

અહીંયાં કહે છે જુઓને એક ટીકાકારે કેવી અહીં ઓલી શરીરથી નિવૃત્તિ કીધી છેને? તો આ શરીરથી નિવૃત્તિ તો આ શરીરમાં પ્રવૃત્તિ. ટીકા એવી કાઢી. આહા..હા..! આ શરીર આ તો જડ છે. એનું હાલવું, ચાલવું આ બધું એ તો જડ છે. એની પર્યાય બધી જડ છે.

**શ્રોતા** :- જીવ કરે ત્યારે થાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય કરે ત્યારે થાતું નથી. એની મેળાએ થાય છે. જીવ કરે રાગ અને દ્વેષના પરિણામ. જડની ક્રિયા જડથી થાય છે. આહા..હા..!

**શ્રોતા** :- રાગ-દ્વેષ તો આત્મામાં નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ તો કઈ અપેક્ષાએ? સ્વભાવમાં નથી, પર્યાયમાં છેને. આહા..હા..! એનો સ્વભાવ છે એ તો વીતરાગમૂર્તિ છે. એટલે કે અકષાય ગુણનો પિંડ પ્રભુ વીતરાગ ચૈતન્યમૂર્તિ પ્રભુ એ આત્માનું શરીર. આહા..હા..! પર, બાયડી, છોકરા, મકાન એ તો ક્યાંય રહી ગયા. એ તો એના નહિ. આ શરીર અને વાણીની ક્રિયા પણ આત્માની નહિ. અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ પણ આત્માના નહિ. રહ્યો હવે આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભરેલો એ આત્મા. એ એનું શરીર. આહા..હા..! વળી આત્માનું શરીર આ બધા આવા! આવી વ્યાખ્યા તો કોઈ દિ' સાંભળી ન હોય. આહા..હા..! ત્રણ પ્રકારની કાયા—એક જડના પરમાણુનો સમૂહ તે આ કાયા, એક અવગુણના પરિણામનો સમૂહ તે કાયા, એક અનંતા ગુણનો સમૂહ તે કાયા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ ચીજ ભાઈ! એ ચીજ મૂકીને પછી કાલે એક આવ્યું છેને આપણે નહિ? ઓલું ભવ્ય સાગરનો રાત્રે પત્ર આવ્યો છે. દિગંબર સાધુ. પછી આજ ત્રણ પત્ર આવ્યા છે એના. 'મારે ત્યાં આવવું છે. હું સાધું નથી. હું યતિ નથી.' છે હુશિયાર કવિ છે કોક. '૧૭ વર્ષથી સાધુ થયો છું હું, પણ તમે જે વાત કરો છો એ વાતની મને ખબર નહોતી. અમે તમારામાં શંકા કરતા એ મારો સંશય હવે નાશ થયો છે. મારે ત્યાં અભ્યાસ કરવા આવવું છે. હું સાધુ નથી. ૧૭ વર્ષની દીક્ષા છે.' આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ તો સાધુ છેને એટલે બહારથી એવું બધું ચાલે મોટું. પણ એણે લખ્યું છે હોં. કે આ આત્મજ્ઞાન વિનાના સાધુ થયા એ બધા ખોટા છે એમ લખ્યું છે. આત્મજ્ઞાન વિનાના સાધુ છીએ અમે બધા એ બધા ખોટા છીએ એમ લખ્યું છે. આહા..હા..! ભાઈને કહ્યું હતું સવારમાં, નહિ? એના બિચારાના ત્રણ કાગળ આવ્યા. કાલે પણ કાગળ આવ્યો. વળી કવિ છે તો દોહરા લખે છે.

**શ્રોતા :–** આત્મજ્ઞાન વિના સાધુ થાય છે તે ખોટી પ્રવૃત્તિ થઈ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખોટી પ્રવૃત્તિ થઈ છે એમ લખ્યું છે. આત્મજ્ઞાન વિના સાધુની દીક્ષા આપે છે એ ગંદો પ્રચાર થઈ ગયો છે.

**શ્રોતા :–** જૈનધર્મમાં કલંક છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કલંક છે. વાત તો સાચી પણ હવે શું થાય, ભાઈ! અત્યારે આખી મોટો હો..હા..હો..હા.. જામી છે. આહા..હા..! એય..! નવરંગભાઈ! બાપુ! માર્ગ તો એ છે. અંદરમાં પ્રથમ આત્મજ્ઞાન. આત્મજ્ઞાન હોં. એટલે શું? આત્માની પર્યાયનું જ્ઞાન કે એ નહિ. આ તો આત્મજ્ઞાન. આહા..હા..! આત્મ જે દ્રવ્ય છે તેનું જ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા જે જ્ઞાન, દર્શન આદિ ગુણોનો સમૂહ ધ્રુવ એ આત્મા. અને

તેનું જ્ઞાન, તેના સન્મુખ થઈને થાય તે આત્મજ્ઞાન. આહા..હા..! આત્મજ્ઞાન કહ્યું છેને કે પર્યાયનું જ્ઞાન કહ્યું છે? કે ભેદનું જ્ઞાન કહ્યું છે? આહા..હા..! ભેદજ્ઞાન પણ જ્ઞાન અભેદનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ત્રિકોલનાથ જિનેશ્વરદેવનો માર્ગ છે, બાપા! આ કાંઈ આલીદુઆલીની વાતું નથી. આહા..હા..! લોકોએ જૈનને અજૈનને નામે ખતવી નાખ્યો છે આખો વાડામાં. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણનો સમૂહ. એ ચૈતન્યની કાયા એટલે ચૈતન્યનું શરીર. છેને? પાઠ છે જુઓ, **'स्वकीयं वपुः' 'स्वकीयं वपुः'** સંસ્કૃત છે. પોતાનું શરીર. **'स्वकीयं'** એટલે પોતાનું શરીર. એટલે? નેમિચંદભાઈ! આ તો આવું બધું નવું આવ્યું. આહા..હા..! પોતે અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એ પોતાનું શરીર છે. છે? **'પોતાના (ચૈતન્યરૂપ) શરીરમાં...'** આહા..હા..! આ કાયોત્સર્ગની વ્યાખ્યા કરે છે કે આ શરીર અને રાગાદિ મેલનો સમૂહ તેનાથી નિવૃત્તિ અને પોતાનું ચૈતન્યસ્વરૂપ શરીર એમાં **'(ચૈતન્યરૂપ) શરીરમાં પ્રવેશી ગયા,...'** પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા જેણે દૃષ્ટિમાં લીધો અને તેની દૃષ્ટિ અને નિર્મળ પરિણતિ એ સ્વભાવમાં પ્રવેશ કરી ગઈ. પોતાનું જ્ઞાયક શરીર છે તેમાં નિર્મળ પરિણતિ પ્રવેશ કરી ગઈ એનું નામ કાયગુપ્તિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં એમ કહે છે, પ્રભુ! તું મોટો છો, ભાઈ! તને ખબર નથી. તું પરમેશ્વર છો, પરમાત્મા છો, એને અમે આ વાત કરીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! તું સાક્ષાત્ પરમાત્મા શક્તિ ભંડાર સ્વભાવ પરમાત્માનો છો. એ જ તારું શરીર... સમજાણું કાંઈ? એ તારું શરીર. આ શરીર નહિ, પુણ્ય-પાપના વિકલ્પો રાગ દયા, દાન એ તારું શરીર નથી, એ તારું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ સ્વકીય શરીરમાં, સ્વકીય શરીરથી એટલે કે નિર્મળ આનંદની પર્યાય અને સમ્યગ્દર્શન આદિની પર્યાયથી અંતરમાં ચડી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્મળ સ્વભાવના ગુણનો પિંડ પ્રભુ એ સ્વશરીર. એ પોતાનું સ્વરૂપ અને પોતાનું શરીર. એમાં નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા તેમાં પ્રવેશ કર્યો એનું નામ કાયગુપ્તિ કહેવામાં આવે છે, એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! વાત એ ફેરફાર થઈ ગયોને એટલે લોકોને બિચારાને આ એવું લાગે કે આ તો બધું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એ સત્ય! સમજાણું કાંઈ? એણે બિચારાએ લખ્યું છે ભવ્યસાગરે, 'મારે ત્યાં આવવાનો ભાવ છે, પણ પાંચસો આત્મધર્મના ગ્રાહક કરીને ત્યાં આવીશ.' એય..! પાંચસો આત્મધર્મ. આત્મધર્મ એટલે અત્યારે ચીજ... આહા..હા..! કંઈકનો ઉદ્ધાર કર્યો આણે. એમ કરીને બહુ લખ્યું છે બિચારાએ. ૬૦ ગ્રાહક કર્યા છે લખ્યું. પહેલા પાંચ કર્યા હતા. હવે ૬૦ આવ્યા છે. પાંચસો કરીને આવવાનો ભાવ છે. પણ અહીં કોણ લખે? કોને લખે? બાપુ! આહા..હા..! એટલું માણસ જરી પોતે કહે, 'હું સાધુ નથી, હું જતિ નથી' પણ આ ઘર છોડીને બેઠા છીએ તો અણગાર એમ

માનીએ છીએ. અણગાર પણ ક્યાં છે. આહા..હા..! કર્ણાટકમાં છે કર્ણાટક. ... છે. ત્યાં એનો અહીંનો વાંચનાર છે કોક. એ હુશિયાર છે. ત્યાં હશે. આપણે કાંઈ બધા આવ્યા નહોતા. પણ બધે પહોંચી ગયું છે ઘણે ઠેકાણે. આહા..હા..! બહુ આવવાનો ભાવ કરે છે. કાલે પણ પત્રમાં હતું. આહા..હા..!

આ વસ્તુ, ભાઈ! મૂળ આત્મદર્શન અને આત્મજ્ઞાન. આત્મદર્શન એટલે સમ્યગ્દર્શન આત્માની પ્રતીતિ. આત્મજ્ઞાન એટલે આત્મા ત્રિકાળીનું જ્ઞાન. એને પછી આત્મામાં સ્થિરતા થાય એનું નામ ચારિત્ર. પણ હજી આત્મજ્ઞાન અને દર્શનના ઠેકાણા નહિ, એને વ્રત ને તપ ને આવ્યા ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પંચમકાળમાં!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમકાળમાં. પંચમકાળનો શેરો થાતો હશે લોટ, ઘી, ગોળ (કે) બીજાનો થાતો હશે? ચોથા આરામાં વળી ઈ ત્રણનો થાતો હશે અને અત્યારે લોટને ઠેકાણે ધૂળ નખાતી હશે? શેરો થાય એ ત્રણનો જ થાય. શેરો સમજો છો? હલવો. ઘી, સાકર ને લોટ. ત્રણનો થાય. ચોથે આરે પણ ઈ અને પાંચમે આરે પણ ઈ અને છઠ્ઠે આરેને છેડે પણ ઈ. છેડો તો ક્યાં છે ત્યાં? મીઠાશમાં ફેર હોં, વસ્તુમાં ફેર નહિ. આહા..હા..!

અહીં કહે છે, જુઓને એક કાયા. આહા..હા..! '**પોતાના શરીરમાં પોતાના શરીરથી પ્રવેશી ગયા,...**' પોતાનું શરીર ભગવાન આનંદકંદ જ્ઞાયકસ્વરૂપ. ચૈતન્યના પ્રકાશના નૂરના તેજથી ભરેલો પૂર એ આત્મા એ એનું શરીર. આહા..હા..! આ શરીર એનું નહિ અને પુણ્ય-પાપના ભાવ એ કાયા વિકારનો સમૂહ એ પણ આત્માનું શરીર નહિ અને આત્માની ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતાના શરીરમાં પોતાના શરીરથી પ્રવેશી ગયા,...**' આહા..હા..! એટલે કોઈ એમ કહે કે વળી રાગની ક્રિયાથી અંદરમાં જઈ શકે. (એમ નથી). એથી ખુલાસો કર્યો છે. આહા..હા..! વ્યવહારની ક્રિયા હોય, રાગની મંદતા પછી આત્મા તરફ જુકાવ થાય. એ જૂઠી વાત છે ઈ કહે છે. આહા..હા..! એ તો સીધો વીતરાગી પરિણતિ દ્વારા વીતરાગી સમૂહમાં જોડાઈ જાય છે. સમજાણું કાંઈ? અરે! વાતુ ગઈ ક્યાં? માર્ગ રહી ગયો ક્યાં અને લોકો ક્યાં ચાલે છે? જૈનમાર્ગને અન્ય માર્ગ કરીને આ અપવાસ કરવા અને આ એ કરીને એ બધી તપસ્યાઓ અને એ બધો ધર્મ! અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ખાવું, પીવું ને મજા કરવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખાવું, પીવું, મજા કરવી એ ધર્મ ક્યાંથી આવ્યો? કોણ ખાય? કોણ પીવે? ખાવા-પીવાની ક્રિયા તો જડની છે. એ તો માટી, ધૂળની છે. આત્માની ક્રિયા છે ઈ? આત્મા તો બહુ તો અજ્ઞાન અને રાગ-દ્વેષ કરે, બીજું એ શું કરે? આહા..હા..! એનો અહીંયાં ત્યાગ કરીને જ્ઞાન વીતરાગીમાં પ્રવેશ કરવો ઈ કહે છે. આહા..હા..! આમ

બહારથી સ્થિર થાય છેને? તો કહે છે કે અંદર આનંદસ્વરૂપમાં સ્થિર થવું. એ જ્ઞાયકસ્વભાવ અનંત-અનંત શક્તિનો સમૂહ એવું જે આત્માનું નિજરૂપ એ નિજશરીર એ પોતાની કાયા એ પોતાનું રૂપ. એને નિર્મળ પરિણતિ દ્વારા... સમજાણું કાંઈ? એને ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ તેને કાયોત્સર્ગ કહે છે. આહા..હા..! કહો, લીલાધરભાઈ! સાંભળ્યું છે ત્યાં કલકત્તામાં આવું? હવે ઠીક છે અહીં આવ્યાને. આહા..હા..! ભાઈ! આ તો માર્ગ, પરમેશ્વરનો માર્ગ છે, ભાઈ! આહા..હા..! અને તે આ પરમેશ્વર આત્મા. એને પર્યાયમાં પરમેશ્વર થવાનો આ માર્ગ છે. પરમેશ્વર સ્વરૂપ ભગવાન આત્મા છે. પરમ ઈશ્વર, અનંત શક્તિની ઈશ્વરતાથી ભરેલો ભગવાન એની પર્યાયમાં પરમેશ્વર થવું એ જિનનો માર્ગ છે. આહા..હા..! ભારે વાત કરી આ તે!

ભાષા કેવી લીધી છે? પોતાનું શરીર. એમાં પોતાના શરીરથી. જેણે કાયા અને રાગથી પાછો વળી અને સમૂહ જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એમાં જેણે દૃષ્ટિને સ્થિરતાને જોડી દીધી છે એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :–** આત્મા એક છે બીજી ક્યાંથી આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજી પરિણતિ આવી. આત્મા ત્રિકાળી છે એની પરિણતિ એમાં જોડી દેવી. પરિણતિ અને ધ્રુવ બે. આહા..હા..! પછી આ ભગવાનનું સ્વરૂપ લેશે. પાંચ પદનું પછી સ્વરૂપ લેશે હવે. આ પૂરું કરીને. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આવા કેવળી પરમાત્મા હોય. એની વ્યવહારશ્રદ્ધા, વ્યવહાર છેને? આહા..હા..!

પોતાના સ્વયં ચૈતન્યરૂપી જાણક-જાણક, દેખનસ્વભાવ ઈ સ્વભાવ એ જીવનું શરીર. એમાં નિર્મળ '**(ચૈતન્યરૂપ) શરીરથી પ્રવેશી ગયા,...**' એમ કીધું છેને? રાગથી પ્રવેશ કર્યો છે? દયા, દાન, વ્યવહાર વ્રત એ તો રાગ છે. રાગથી અંદર જઈ શકાય નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં નાખીને બહુ ઝીણી વાત મૂકી છે. જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એને એમાં એની નિર્મળ પરિણતિરૂપી ચૈતન્ય, નિર્મળ પરિણતિરૂપ ચૈતન્યથી એમાં પ્રવેશ કરવો. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય ક્યાંય. આહા..હા..! અત્યારે ભવસાગરનું .. ત્રણકાળના.. અહીંયાં આવવાનો ભાવ છે. અહીંયાં ક્યાં પણ અહીં? બહારમાં કેટલો ફેરફાર થઈ જાય. એવા ત્યાગી નામ ધરાવનારા આવીને પછી બહાર પણ ગોટા ઉઠે છે અહીં. ઓલો દયાસાગર આવ્યો હતો ત્યારે પણ ગોટો ઉઠ્યો. આ એક આવ્યો નિર્મળ ત્યારે મોટો ગોટો ઉઠ્યો મોટો ગોટો વળી. એમાં બાયુમાં ખળભળાટ થઈ ગયા અંદર. આહા..હા..! એ મોટા કલંક લગાડ્યા. આહા..હા..!

..પ્રભુ! તારું સ્વરૂપ છે. આહા..હા..! આ તારા સ્વરૂપમાં તો પૂર્ણસ્વરૂપ છે. એમાં વર્તમાન નિર્મળ પરિણતિ વીતરાગી પરિણતિ દ્વારા વીતરાગી પરમાત્મસ્વરૂપમાં જા. આહા..હા..! '**પ્રવેશી ગયા,...**' આહા..હા..! '**તેમની અપરિસ્પંદમૂર્તિ...**' આહા..હા..! જોયું! '**(–અકંપ દશા**

જ) **નિશ્ચયકાયગુપ્તિ છે.**' આહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એણે જેણે અતીન્દ્રિય આનંદની પરિણતિ પ્રગટ કરી છે એ પરિણતિ દ્વારા અતીન્દ્રિય આનંદમાં લીન છે. આહા..હા..! તેને સાચી નિશ્ચયગુપ્તિ છે, એને ખરો કાયોત્સર્ગભાવ છે, એને સાચું કાયોત્સર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, જેઠાભાઈ! હતું આવું ક્યાંય ત્યાં? ઉના પાણી પીતા અને ... કાથીનું. કાથીનું હોયને ઉના પાણી રાખવાનું. અરે! ભગવાન! '**તેમની અપરિસ્પંદમૂર્તિ (-અકંપ દશા જ) નિશ્ચયકાયગુપ્તિ છે.**' આહા..હા..!

'**એવી રીતે શ્રી તત્ત્વાનુશાસનમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' દાખલો આપે છે.

(अनुष्टुभ्)

''उत्सृज्य कायकर्माणि भावं च भवकारणम्।
स्वात्मावस्थानमव्यग्रं कायोत्सर्गः स उच्यते।।

'**શ્લોકાર્થ :- કાયક્રિયાઓને...**' આહા..હા..! એ જડની ક્રિયા '**તથા ભવના કારણભૂત (વિકારી) ભાવને...**' બેય લીધા જુઓ, આહા..હા..! આનું તો લક્ષ છોડવું છૂટેલું જ પડ્યું છે. પણ આ એક કથન છે. '**કાયક્રિયાઓને તથા ભવના કારણભૂત (વિકારી)...**' જુઓ, ઓહો..હો..! એ શુભભાવ પણ ભવનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**ભવના કારણભૂત (વિકારી) ભાવને છોડીને અવ્યગ્રપણે નિજ આત્મામાં સ્થિત રહેવું,...**' આકુળતા વિના અનાકુળપણે આત્મામાં સ્થિર રહેવું. આહા..હા..! વ્યગ્રતા નહિ, ઉદ્વેગ નહિ, આકુળતા નહિ. આકુળતા વિના અવ્યગ્રપણે શાંતિથી સ્થિર રહેવું અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે કાયોત્સર્ગ કહેવાય છે.**' આહા..હા..! આ કેટલીવાર તો .. કરી કરીને કાયોત્સર્ગ કર્યા હશે. આહા..હા..!

'**અવ્યગ્રપણે...**' એટલે કે આનંદપણે એમ કહેવું છે. પુણ્ય-પાપના ભાવ જ્યારે વિકારી અને દુઃખરૂપ છે ત્યારે ભગવાન આત્મામાં અવ્યગ્રપણે સ્થિર થવું તે આનંદરૂપ છે. આહા..હા..! એવા '**નિજ આત્મામાં...**' ભાષા છે? ભગવાનનો આત્મા તો પર છે. ત્યાં જઈને શું કરીશ? તને વિકલ્પ થાશે. આહા..હા..! ભગવાનનું સ્મરણ કર અને ભગવાનની ભક્તિ આદિમાં તો શુભરાગ છે. આહા..હા..! '**નિજ આત્મામાં સ્થિત રહેવું,...**' પોતાનો ભગવાન આત્મા નિર્વિકલ્પ ચિદાનંદ પ્રભુ એમાં સ્થિર રહેવું એ પર્યાય થઈ. આનંદની પર્યાયથી આનંદમાં સ્થિર રહેવું. વીતરાગી પર્યાયથી વીતરાગભાવમાં સ્થિર રહેવું. વીતરાગભાવ એટલે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એને '**કાયોત્સર્ગ કહેવાય છે.**' છે? આને કાયોત્સર્ગ કહેવાય છે. લીલાધરભાઈ! આહા..હા..! એક તો પૈસા રળવામાં વખત જાય અને માંડ થોડો વખત મળે ત્યાં ઓલી ઉંધી પ્રરૂપણા મળે એમાંથી જાય. આહા..હા..! શ્રીમદ્ે કહ્યુંને કુગુરુ લૂંટી લે છે એને. શ્રીમદ્ે એમ કહ્યું છે કે અરેરે! છ-સાત કલાક ઉંઘમાં જાય, આઠ વાગે, નવ વાગે સૂવે તે સવારે

ચાર વાગે ઉઠે, પાંચ વાગે. ભોગમાં જાય, કોક ખાવા-પીવામાં જાય, રળવામાં જાય, થોડો કાળ બાકી રહે તો કુગુરુ લૂંટી લે. એને બતાવે કે તમે આ કરો એમાં ધર્મ થાશે, આ કરો એમાં ધર્મ થાશે, દયા પાળો એમાં ધર્મ થાશે. આહા..હા..! અહીં તો કહે છે કે પરની દયા આત્મા પાળી શકતો નથી, પણ પરની દયા પાળવાનો ભાવ તે હિંસા છે.

**શ્રોતા :-** ..બુદ્ધિને હિંસા કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે.

**શ્રોતા :-** પોતાની હિંસા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રાદુર્ભાવ નહિ પણ .. એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છેને. રાગનું ઉત્પન્ન થવું તે હિંસા છે. આહા..હા..!

**શ્રોતા :-** ખૂણે ખૂણેથી એક-એક .. ગોતી રાખે....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત સાચી કહે છે એ. એ તો ઓલા કર્મથી વિકાર ન થાય એમ કહેતા હતા ઈ. વીતરાગમાર્ગમાં એવી અનીતિ સંભવે નહિ એમ કહ્યું હતું. એ મોક્ષમાર્ગપ્રકાશક. કર્મથી વિકાર થાય એમ માનનારા અનીતિ કરે છે. એવો અનીતિનો માર્ગ જૈનનો હોય નહિ. ત્યારે કહે એ ટૂકડો લીધો. પણ બીજો ક્યો લે? ત્યારે જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય એ લે? જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ કાયોત્સર્ગ કહેવાય છે. લાખ વાતની વાત અને કરોડની વાત. નથી આવતું છ ઢાળામાં? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહા..હા..! છ ઢાળામાં આવે છે. હવે એ તો પાઠશાળામાં ભણાવે છે. અરે! મૂળ વાત રહી ગઈને, ડાળા, પાંખડા તોડ્યા. મૂળ સાજું હોય તો પંદર દિ'એ ઝાડ પાંગરી જશે. આંબલીના ઝાડના પાંદડા તોડે. આમ ખાલી થઈ જાય પાંદડા નથી, પંદર દિ'એ પાછું પાંગરે. મૂળ સાજું છેને. એમ રાગની મંદતાની કેટલીક ક્રિયા કરી, એમાં મિથ્યાત્વ સાજું છે અંદર. રાગથી ધર્મ થાય એવું મિથ્યાત્વ તો પડ્યું છે અંદર મોટું મૂળિયું. આહા..હા..!

'**વળી (આ ૭૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**' હવે પોતે. ઓલો આધાર હતો.

(अनुष्टुभ्)

अपरिस्पन्दरूपस्य परिस्पन्दात्मिका तनुः।
व्यवहाराद्भवेन्मे ऽतस्त्यजामि विकृतिं तनोः।।९५।।

'**શ્લોકાર્થ :- અપરિસ્પંદાત્મક એવા મને...**' શું કહે છે? હું ચૈતન્ય કોણ છું? પરિસ્પંદન જેમાં કંપન જ નથી. રાગનું નથી અને યોગનું કંપન એ મારા સ્વરૂપમાં નથી '**અપરિસ્પંદાત્મક એવા મને પરિસ્પંદાત્મક શરીર વ્યવહારથી છે;...**' નિશ્ચયથી પરિસ્પંદક આત્મા મારો છે નહિ. અકંપ મારું સ્વરૂપ ભગવાન આત્મા એવા કંપસ્વરૂપ જે શરીર એ મારામાં છે નહિ.

વ્યવહારથી કહેવાય છે કે આ શરીર આનું. ભાષાથી. '**તેથી હું શરીરની વિકૃતિને તજું છું.**' આહા..હા..!

**શ્રોતા :-** એ વિકલ્પ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકલ્પ છે, પણ નિમિત્તથી કથન છે બધું. શરીરની વિકૃતિ નામ વિશેષ દશા થાય, તેના તરફનો રાગ થાય તેને હું છોડું છું.

હવે પાંચ ગાથા આવી પંચપરમેષ્ઠીની. વ્યવહારનો અધિકાર છેને આ? પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ એ બધો અધિકાર આવ્યો. હવે પંચપરમેષ્ઠીની પાંચ. હવે અરિહંત ભગવાન કેવા હોય? પરમેશ્વર, જિનેશ્વર અરિહંત કેવા હોય? સમકિતી એને માને એ વિકલ્પ અને શુભરાગ છે. સમજાણું કાંઈ? ઈ વાત કરે છે.

घणघाइकम्मरहिया केवलणाणाइपरमगुणसहिया।
चोत्तिसअदिसयजुत्ता अरिहंता एरिसा होंति।।७१।।

અરિહંત એવા હોય.

**ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે;**
**કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.**

'**ટીકા :- આ, ભગવાન અર્હત્ પરમેશ્વરના સ્વરૂપનું કથન છે.**' '**(ભગવંત અર્હંતો કેવા હોય છે?) (૧) જેઓ આત્મગુણોના ઘાતક...**' ભાષા દેખો, ઘાતિકર્મ એ નિમિત્તથી કથન છે. પોતાની પરિણતિ જ્યારે પોતાના સ્વરૂપમાં ઘાત કરે છે ત્યારે ઘાતિકર્મનું નિમિત્ત હોય છે, પણ એમ ને એમ પકડે કે જુઓ, આ ઘાતિકર્મે ગુણનો ઘાત કર્યો પરદ્રવ્યે. આ '**આત્મગુણોના ઘાતક...**' ગુણ શબ્દે તો શક્તિ છે. એનો કાંઈ ઘાતક નથી, પર્યાયમાં ઘાત થાય છે. ગુણમાં તો ઘાત કોઈ છે નહિ. અનંતગુણોને કર્મનું નિમિત્ત નથી. એની વિકારી પર્યાયને એ કર્મનું નિમિત્ત છે. જ્ઞાયકભાવને કર્મનું નિમિત્ત નથી. આહા..હા..! ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ નથી. આહા..હા..! એક વાત.

'**(૧) આત્મગુણોના ઘાતક...**' એટલે પર્યાયની વાત. આત્માની પર્યાય નિર્મળ છે એ પોતે જ્યારે હીણીપણે પરિણમે છે ત્યારે તેને ઘાતિકર્મનું નિમિત્ત છે એથી ઘાતિએ હણ્યું એમ કહેવામાં આવે છે. વ્યવહાર છે એ ભાષા. આહા..હા..! આ વાંધા પાછા. જ્ઞાનવરણીયે જ્ઞાન રોક્યું. લ્યો! આ નથી આવતું ગોમ્મટસારમાં જ્ઞાનવરણીય?

**શ્રોતા :-** સિદ્ધ ભગવાનને આઠ કર્મનો અભાવ થયો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પોતાની નિર્મળ પર્યાય થઈ એટલે આઠ કર્મનો અભાવ એને કારણે થયો છે. આહા..હા..! એવી વાતું ભારે, ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફેરવી નાખે. વાત સાચી છે. વાત એની ખોટી નથી. જેવો એનો

અર્થ હોય એવો અર્થ કરીએ. કઈ નયનું વાક્ય છે? સિદ્ધાંતમાં એ શબ્દ છે કે કોઈપણ ગાથા બોલતા તેનો શબ્દાર્થ કરવો, નયાર્થ કરવો, આગમાર્થ કરવો, અન્યમતાર્થ કહેવો. અન્યમતનું શું કહેવું છે એમાં. અને છેવટે તાત્પર્ય શું છે. આહા..હા..! શબ્દ જે આવ્યો એ કયા નયનું વાક્ય છે? હવે એ નયનું વાક્ય ત્યાં સમજ્યા વિના થઈ ગયું લ્યો. ઘાતિકર્મે જીવનો ઘાત કર્યો લ્યો! પણ કયા નયનું એ વાક્ય છે? એ તો વ્યવહારનયનું વાક્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્મગુણોનાં...'** એટલે મૂળ તો પર્યાયનો ઘાત થાય, ગુણોનો ક્યાં ઘાત થાય છે? ગુણ તો ત્રિકાળ રહે છે. એની પર્યાયમાં ઘાતક ઘાતિકર્મો છે. **'અને જેઓ ઘન...'** છે. ઘનઘાતિ છેને? ઘનઘાતિકર્મ કહેવાય છેને? એટલે ઘન અને ઘાતિ બેનો અર્થ કર્યો. **'ઘન એટલે ઘાટાં છે...'** ઘાટાં. **'એવા જે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ને મોહનીય કર્મો તેમનાથી રહિત વર્ણવવામાં આવેલા;...'** અરિહંત પરમેશ્વર તો ચાર ઘનઘાતિથી રહિત છે. મહાવિદેહમાં ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે. સમજાણું કાંઈ? એ ચાર ઘાતિકર્મથી રહિત છે. **'રહિત વર્ણવવામાં આવેલાં;...'** છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું છે એમ કહે છે. આહા..હા..!

**'(૨) જે પૂર્વે વાવેલાં ચાર ઘાતિકર્મોના નાશથી પ્રાપ્ત થાય છે...'** પૂર્વે જે ઘાતિ બાંધ્યા હતાને એનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે એમ કહે છે. **'પ્રાપ્ત થાય છે એવા ત્રણલોકને પ્રક્ષોભના હેતુભૂત...'** આહા..હા..! ભગવાનને જ્યાં કેવળજ્ઞાન થાય છે તો લોકમાં જરા શાંતિનો ખળભળાટ થાય છે. શાંતિ એટલે આ બહારનું સુખ. ઓલી શાંતિ નહિ. સમજાણું કાંઈ? અર્થ કર્યો છે માથે. ૮૫ પાનામાં. 'તીર્થંકરના જન્મકલ્યાણાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.' એ આનંદ અતીન્દ્રિય ન લેવો. એક અંશ આનંદનો થાય થઈ રહ્યું એ તો જન્મ-મરણનો નાશ થઈ જાય. શાતાના સુખનો. આહા..હા..! ભગવાનનો જન્મ થાય, દીક્ષા થાય, કેવળ થાય ત્યારે એકવાર ક્ષણમાત્રમાં સાતમી નરકમાં પણ શાતા થઈ જાય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહા..હા..! ઈ છેને એ કીધું.

**'પ્રક્ષોભના હેતુભૂત સકળવિમળ (સર્વથા વિમળ) કેવળજ્ઞાન, કેવળદર્શન,...'** કેવળ વીર્ય. એ શક્તિ એટલે વીર્ય. **'ને કેવળસુખસહિત;...'** ઈ ચાર શક્તિના સ્વભાવના ભાનસહિત. **'(૩) સ્વેદરહિત,...'** પરસેવો ન હોય. ભગવાન અરિહંતને પસીનો ન હોય. **'મળરહિત,...'** એને મેલ ન હોય. આહા..હા..! અરિહંતને જંગલ જાવું પડે અને એને છ મહિના પીસોટી થઈને એવું આવે છેને શ્વેતાંબરમાં? એ બધી જૂઠી વાત છે. ભગવાનને મેલ હોય જ નહિ. મળ હોય નહિ. તીર્થંકર તો જન્મે ત્યારથી એને દીશા અને મૂત્ર-પેશાબ ન હોય. આહાર હોય પણ પેશાબ અને જાડો ન હોય એવું શરીર હોય છે. અને કેવળજ્ઞાન થયા પછી તો પરમોદારિક શરીર. આનું પરમોદારિક પહેલેથી તીર્થંકરને છે. કેવળ થાય એને પછી પરમોદારિક

શરીર હોય છે. **'મળરહિત ઈત્યાદિ ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ;...'** એ પુણ્ય લીધું. પહેલા ગુણ લીધા અને આ પુણ્ય એટલું છે ભગવાનને. ચોત્રીશ અતિશય. આહા..હા..! જ્યાં સિંહ અને વાઘ. સિંહ પાસે હરણ બેઠું હોય. મોટા વાઘ પાસે હરણ બેઠું હોય, સર્પ પાસે ઉંદર બેઠો હોય. કોઈ કોઈને દુઃખ ન ઉપજાવે. એવો ભગવાનનો અતિશય નિમિત્ત છે. સમજાણું કાંઈ?

**'ચોત્રીશ અતિશયગુણોના...'** એ ગુણ એટલે પુણ્યની સ્થિતિ છે. ઓલા ગુણ એટલે પર્યાય પ્રગટ થાય તે. સમજાણું? એ **'ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ; આવા, ભગવંત અર્હંતો હોય છે.'** આહા..હા..! લાખો કેવળીઓ મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકર તરીકે તો વીસ બિરાજે છે. સીમંધર ભગવાન આદિ વીસ વીરહમાન આવે છેને? મનુષ્યક્ષેત્રમાં, **'આવા, ભગવંત અર્હંતો હોય છે.'** આહા..હા..! એની સમકિતીને શ્રદ્ધા હોય છે એમ કહે છે. એ શ્રદ્ધાનો ભાગ એ વિકલ્પ અને રાગ છે. સમજાણું? વ્યવહારનો અધિકાર છેને? પંચપરમેષ્ઠીની શ્રદ્ધા એ પરદ્રવ્ય છે. એની શ્રદ્ધામાં રાગનો વિકલ્પ છે. એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. સમકિત નથી ઈ રાગ છે.

**'(હવે, ૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :)'** પાંચ શ્લોક કહે છે. ગાથા એક અને શ્લોક પાંચ.

(मालिनी)

जयति विदितगात्रः स्मेरनीरेजनेत्रः
सुकृतनिलयगोत्रः पंडिताम्भोजमित्रः।
मुनिजनवनचैत्रः कर्मवाहिन्यमित्रः
सकलहितचरित्रः श्रीसुसीमासुपुत्रः।।९६।।

પદ્મપ્રભમલધારિદેવ પદ્મપ્રભુ આ છે. પોતે પદ્મપ્રભ ટીકા છેને એમની? એટલે પદ્મપ્રભને યાદ કર્યા છે. પોતાનું નામ. સમજાણું? પોતે પદ્મપ્રભમુનિ ટીકા કરનાર છે. એટલે પદ્મપ્રભને યાદ કર્યા છે. કેવા છે પદ્મપ્રભ ભગવાન? આહા..હા..!

**'શ્લોકાર્થ :- પ્રખ્યાત જેમનું શરીર છે,...'** એટલે કે પરમૌદારિક શરીર છે એને. શરીરમાં રોગ હોય નહિ, પસીનો હોય નહિ. આહા..હા..! અને જેના તેજમાં નજર કરે એના ભામંડળમાં તો નજર કરનારને સાત ભવ ભાસે. ગયાના ત્રણ ભવ, ભવિષ્યના અને વર્તમાન. એવું તો જેને શરીર ભામંડળ હોય છે. ભા-પ્રકાશ. સમજાણું કાંઈ? **'પ્રખ્યાત જેમનું શરીર છે,...'** જુઓ, પ્રખ્યાત એટલે પરમૌદારિક. આહા..હા..! **'પ્રફુલ્લિત કમળ જેવાં જેમનાં નેત્ર છે,...'** તીર્થંકર. આંખ આમ લાંબી હોય. કમળ ખીલ્યું હોય એવું હોય. પૂરા પુણ્યના ધણી છે. પૂરા પુણ્યના ધણી છે. જેના રૂપ નીરખવા ઈન્દ્રો હજાર નેત્ર કરે છે. આહા..હા..! એવા તો એના પુણ્ય છે. પવિત્રતાની તો વાત શું કરવી કહે છે. આહા..હા..!

'**પુણ્યનું રહેઠાણ...**' છે. તીર્થંકરપદ છે ઈ. આહા..હા..! અરિહંત કેવળજ્ઞાન થાયને ત્યારે તીર્થંકરપદનો ઉદય આવે. ત્યારે ઉદય આવે છેને? પુણ્યનું રહેઠાણ છે. આહા..હા..! સર્વોત્કૃષ્ટ પુણ તીર્થંકરદેવને હોય છે. આહા..હા..! પવિત્રતામાં પૂર્ણ અને પુણ્યમાં પણ પૂર્ણ. બીજા સામાન્ય કેવળી હોય એ પવિત્રતામાં પૂર્ણ હોય, પણ પુણ્યમાં પૂરા ન હોય. .. કેવળ પામે બીજા. આ તો પવિત્રતામાં અને પુણ્યમાં પૂર્ણ છે. આહા..હા..! '**રહેઠાણ જેમનું ગોત્ર છે,...**' જોયું? '**પંડિતરૂપી કમળોને જેઓ સૂર્ય છે,...**' પંડિતોને ખીલવામાં ભગવાન સૂર્ય છે. કમળ ખીલે અને જેમ સૂર્ય હોય છે એમ પંડિતોને ખીલલવામાં ભગવાન સૂર્ય હોય છે.

'**મુનિજનરૂપી વનને જેઓ ચૈત્ર છે...**' વસંતઋતુ છે. આહા..હા..! '**(અર્થાત્ મુનિજનરૂપી વનને ખિલવવામાં જેઓ વસંતઋતુ સમાન છે), કર્મની સેનાના જેઓ શત્રુ છે...**' આહા..હા..! અરિહંત છેને? અરિ-કર્મરૂપી દુશ્મનનો નાશ કરનાર. '**સર્વને હિતરૂપ જેમનું ચારિત્ર છે,...**' આહા..હા..! '**તે શ્રી સુસીમા માતાના સુપુત્ર (શ્રી પદ્મપ્રભ તીર્થંકર) જયવંત છે.**' આહા..હા..! પોતાની દશામાં એનું ભાન વર્તે છેને એટલે ભગવાન પદ્મપ્રભ જયવંત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૧, સોમવાર, તા. ૧૬-૦૨-૧૯૭૬, કળશ-૯૭ થી ૧૦૨, ગાથા-૭૨, પ્રવચન નં. ૧૮૦

વ્યવહાર અધિકાર છે. નિશ્ચયસ્વભાવનું જેને અંતર ભાન હોય છે અને આત્મા આનંદસ્વરૂપ એમાં જેની રમણતા હોય છે એનું નામ નિશ્ચયચારિત્ર કહેવાય છે. એને આ વ્યવહાર પંચમહાવ્રતાદિના વિકલ્પ હોય છે. એ પુણ્યબંધનું કારણ છે. એને અહીંયાં વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. વર્તમાન તો તીર્થંકરની સ્તુતિ ચાલે છે. પાંચ પદ છેને? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એની ભક્તિ અને એનું માનવું એ વ્યવહાર છે. પરદ્રવ્ય છેને એ? પરદ્રવ્યને માનવું, શ્રદ્ધવું, એની સ્તુતિ, પૂજા વગેરે શુભભાવ છે, પુણ્યભાવ છે. પોતાનો આત્મા જે આનંદસ્વરૂપ ભગવાન એને આશ્રયે જે નિર્મળદશા થાય એ ધર્મ છે. એ સંવર અને નિર્જરા છે. આ મુનિરાજ શાશ્વત જાણે બિરાજતા હોય ભગવાન એમ સ્તુતિ કરે છે. પોતે પદ્મપ્રભમલધારિદેવ છે પોતે એટલે ભગવાન પદ્મપ્રભને યાદ કર્યા છે અને તે પણ જાણે સમવસરણમાં વર્તમાન બિરાજતા હોય એવી રીતે સ્તુતિ કરી છે. પદ્મપ્રભ તો અત્યારે મોક્ષ

પધાર્યા છે, અત્યારે તો સિદ્ધપદમાં છે, છતાં પૂર્વે જ્યારે સમવસરણ ધર્મસભામાં બિરાજતા હતા એવું વર્તમાન તાદશ્ય ખડું કરીને ભક્તિ કરે છે. ઈ આવ્યુંને જુઓને, ૯૭મો શ્લોક.

(मालिनी)

स्मरकरिमृगराजः पुण्यकंजाह्निराजः
सकलगुणसमाजः सर्वकल्पावनीजः।
स जयति जिनराजः प्रास्तदुःकर्मबीजः
पदनुतसुरराजस्त्यक्तसंसारभूजः।।९७।।

'**શ્લોકાર્થ :- જેઓ કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે,...**' સર્વજ્ઞ પરમેશ્વર પદ્મપ્રભ એમ અનંત તીર્થંકર. આ તો પોતાનું નામ છે પદ્મપ્રભમલ એટલે પદ્મપ્રભને યાદ કર્યા છે. ભગવાન અરિહંત પરમેશ્વર કેવા છે? કે '**કાવદેવરૂપી હાથીને માટે સિંહ છે,...**' જેને કામની વાસનાનો વિકલ્પ પણ નાશ થઈ ગયો છે. આહા..હા..! પરમાનંદના સ્વભાવને આશ્રયે, પરમ અતીન્દ્રિય આનંદનો સિંહ ગરજતો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? એ પરમાનંદના આશ્રયે, પરમાનંદ જેણે પ્રગટ કર્યો છે અને કામદેવને જેણે મારી નાખ્યો છે. આહા..હા..!

'**જેઓ પુણ્યરૂપી કમળને માટે ભાનુ છે,...**' ભગવાન તીર્થંકરદેવ સમવસરણમાં સાક્ષાત્ જાણે બિરાજતા હોય એ રીતે કહે છે કે એ પ્રભુ કેવા છે? કે સામાના પુણ્યને વિકસાવવામાં એ ભાનુ છે. ધર્મ તો એના આત્માને આશ્રયે થાય, પણ ભગવાન તીર્થંકરદેવ સામાના પુણ્યને વિકસાવવામાં ભાનુ સમાન છે. જેમ કમળને વિકસાવવામાં સૂર્ય ભાનુ નિમિત્ત છે એમ ભગવાન પરમેશ્વર અરિહંત પદ્મપ્રભ સામાના પુણ્યને ખીલવવામાં સૂર્ય સમાન છે. આહા..હા..! એને જે માને, પૂજે એને પુણ્યની ખીલવટ થઈ જાય છે-પુણ્ય ખીલે છે. સમજાણું કાંઈ? ભગવાન પોતાનો આત્મા એનો આશ્રય કરે તો તો પવિત્રતા ખીલે છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, આત્મા અતીન્દ્રિય આનંદનું નિધાન છે. આહા..! બધા ભગવાન હોં આત્મા બધા. આહા..હા..! અનંત ભગવાન છે. આહા..હા..! ભગવાનનું ગોદામ છે. ભગવાનના સ્વભાવથી ભરેલા બધા આત્માઓ છે. આહા..હા..! એને એનું ભાન નથી. એટલે પામર થઈને વિષયમાં મજા છે, પૈસામાં મજા છે, દેહમાં ધૂળમાં મજા એમ અજ્ઞાની મૂઢ થઈને કલ્પે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા તો છે. આહા..હા..! એવા જીવને પોતાના આશ્રયે અતીન્દ્રિય આનંદની દશા કમળ ખીલે છે. એવા જીવને ભગવાનને આશ્રયે પુણ્ય ખીલે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સાક્ષાત્ ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. એમને યાદ ન કર્યા, પણ પોતે અહીંના છેને. અહીં એમાં પદ્મપ્રભ ભગવાનને યાદ કર્યા છે. સમવસરણમાં બિરાજે છે જાણે સ્તુતિ કરું છું. આહા..હા..!

'**જેઓ પુણ્યરૂપી કમળને (વિકસાવવા) માટે ભાનુ છે,...**' આહા..હા..! જે

ભગવાનની સ્તુતિ, પૂજા, બહુમાન, વંદન આદિ કરે એને પુણ્ય ખીલી જાય છે. આહા..હા..! પુણ્યરૂપી કમળ એ ખીલી જાય છે એને. આહા..હા..! '**જેઓ સર્વ ગુણોના સમાજ (સમુદાય) છે,...**' અનંતગુણનો સમાજ છે પ્રભુ આત્મા. આહા..હા..! અસંખ્ય પ્રદેશી દેહ એમાં અનંતગુણનો સમાજ વસેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેઓ સર્વ કલ્પિત દેનાર કલ્પવૃક્ષ છે,...**' આહા..હા..! કલ્પવૃક્ષ હોય છેને ભોગભૂમિમાં. એમાં જે માણસ જાય એને જોતું હોય તે મળે જ છે. પછી ભાષા કલ્પવૃક્ષ એટલે કલ્પિત મળે એમ કહે. જે ઇચ્છા કરે તે મળે. એમ ભગવાન પરમાત્મા એની જે ભક્તિ અને એને જે ઓળખે એ કલ્પે તે એને પ્રાપ્ત થાય અંદરથી. આહા..હા..! જેણે અરિહંતને જાણ્યા. ૮૦ ગાથા આવે છેને. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं**' સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એના દ્રવ્ય એટલે વસ્તુ, એના ગુણ એટલે શક્તિ સ્વભાવ અને પર્યાય એટલે પ્રગટ વર્તમાન અવસ્થા. અરિહંત ભગવાનના જે દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણે અને પછી આત્મા સાથે મેળવે એને સમ્યગ્દર્શન થઈને મોહનો નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો સર્વગુણનો સમાજ છે. આ દુનિયા કહે છેને ભાઈ પૈસાવાળો બહુ આ અબજપતિ છે અને કરોડપતિ છે. એ બધા ધૂળના પતિ માનેલા છે. આહા..હા..! આજનો સમાજ ગુણનો પિંડ એનો સમાજ છે અહીં તો. આહા..હા..!

'**જેઓ સર્વ કલ્પિત (-ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે,...**' કલ્પવૃક્ષ ભગવાનનું જ્ઞાન અને દર્શન કરે અને પોતાનું અવલંબન કરે તો જેવી એકાગ્રતા થાય એવું એને શાંતિ તરત મળે. આહા..હા..! સમાધિશતકમાં આવ્યું છેને. એમ કહ્યું છે કે ભગવાન સિદ્ધને સ્મરે એને... બે આપ્યું હતુંને. ઝાડ ઝાડમાં ઘસાઈને થાય અને દીવો દીવાને કરીને થાય. સમાધિશતકમાં આવ્યું હતું. એમ ભગવાનને જે યાદ કરે છે પરમાત્મસ્વરૂપ એને અંદરમાં ધ્યાન કરીને સિદ્ધપદ પ્રાપ્ત થાય છે અને કોઈ પોતે વૃક્ષ ઘસાઈ-ઘસાઈને જેમ અગ્નિ થાય છે, એમ આત્મા પોતામાં એકાગ્રનો ઘસારો કરીને. આનંદનો નાથ પ્રભુ આત્મા, પૂર્ણ આનંદનું ગોદામ છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં વર્તમાન પર્યાયથી એકાગ્રતાનો ઘસારો કરે તો કેવળજ્ઞાન ખીલી જાય એવો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**જેઓ સર્વ કલ્પિત (-ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે,...**' આહા..હા..! '**જેમણે દુષ્ટ કર્મના બીજને નષ્ટ કર્યું છે,...**' ભગવાન પદ્મપ્રભ પરમાત્મા કે અનંત તીર્થંકરો છે એ બધા. જેણે કર્મના બીજને જેમાંથી બીજ ઉગે સંસાર એવા બીજને જેણે નાશ કર્યું છે. આહા..હા..! અને આનંદના અંતર સ્વભાવના બીજને જેણે ખીલવ્યું. ઉત્પાદ કર્યો છે. આહા..હા..! '**જેમના ચરણમાં સુરેંદ્રો નમે છે...**' વર્તમાન લીધું છેને. અત્યારે તો પદ્મપ્રભ ભગવાન સિદ્ધમાં છે. નમો સિદ્ધાણં. લોકાગ્રે. પણ અહીંયાં સમવસરણમાં હતા એને યાદ કર્યા છે. '**જેમના ચરણમાં સુરેંદ્રો નમે છે...**' લોકના નાયકો અધિપતિઓ, ઇન્દ્રો જેના

ચરણકમળમાં આવીને નમે છે. જગતના મોટાઓ મોટાને આવીને નમે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**અને જેમણે સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે,...**' '**भूजः**' '**संसारभूजः**' જમીનમાંથી ઉપજે એ ઝાડ એમને? આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ જેણે સંસારના વૃક્ષનો ત્યાગ કર્યો છે. આહા..હા..! સંસારરૂપી વૃક્ષ જ જેને નાશ થઈ ગયું છે અને મોક્ષની લક્ષ્મી જેને અંતરમાં પ્રગટ થઈ છે. આહા..હા..! '**તે જિનરાજ જયવંત છે.**' ઈ જયવંત છે. સિદ્ધમાં છે એમ નહિ. આવા જિનરાજ વર્તમાન જયવંત છે એમ કહે છે. આ તો મોક્ષ પધાર્યા છે, પણ અહીંયાં સમવસરણમાં હતા ત્યારે જયવંત.. એટલે? એવી જે દશા અંદરમાં પ્રગટી છેને પોતાને? એના ભાનની એ જયવંત વર્તે છે અમને અમારામાં. આહા..હા..!

**શ્રોતા :–** પોતાની ભક્તિ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમજાણું કાંઈ? આહા..હા..! આ હાડકા, ચામડાની અંદર ભગવાન અંદર હીરો બિરાજે છે. ચૈતન્ય હીરલો જેમાં અનંતા-અનંતા આનંદ આદિ ગુણોનો ભંડાર છે. એ કહે છે કે અમે અમારા આત્માનો આનંદ સ્વભાવનો આશ્રય કરીને પ્રગટ કર્યો છે એ જયવંત વર્તો. અમારી નિર્મળ વીતરાગ પરિણતિ આહા..હા..! વીતરાગને પ્રગટી છે એવી અમને પ્રગટી અમારી યોગ્યતા પ્રમાણે. જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપા બીજી જાતનો છે દુનિયાથી. આમ એકલી ભક્તિ કરે અને જાણે ધર્મ થઈ જાય એમ નથી. જેને આત્માના આનંદની ભક્તિ પ્રગટ થઈ છે. ઈ જ્યારે ભગવાન પરમાત્માની ભક્તિ કરે ત્યારે એનું પુણ્ય ખીલી જાય છે અને જે સ્વભાવ તરફની જેટલી એકાગ્રતા છે તે આનંદ ખીલી જાય છે. સમજાણું કાંઈ?

'(**શ્રી પદ્મપ્રભ ભગવાન**) **જયવંત છે.**' કહે છે. સુરેન્દ્રો જેને નમે છે તે ભગવાન અત્યારે છે એમ કહે છે. અત્યારે તો સિદ્ધ તો પરોક્ષ ભક્તિ થઈ ગઈ. આ તો પ્રત્યક્ષ ભક્તિ. આહા..હા..! ૯૮.

(मालिनी)

जितरतिपतिचापः सर्वविद्याप्रदीपः
परिणतसुखरूपः पापकीनाशरूपः।
हतभवपरितापः श्रीपदानम्रभूपः
स जयति जितकोपः प्रह्वविद्वत्कलापः।।९८।।

'**कीनाश**' કેમ કહ્યું ઈ? જમ '**कीनाश**'નો અર્થ જમ કર્યો છે. ઈ બે વાર આવ્યું છે.

ભગવાન અરિહંત પરમાત્માએ '**શ્લોકાર્થ :– કામદેવના બાણને જેમણે જીતી લીધાં છે,...**' આહા..હા..! વિષયના તીખા બાણ જે વાગતા એને જીતી લીધા છે. પરમ આનંદની દશા આત્મબાગમાં ખીલી ગઈ છે જેને. જેને કામની વાસનાની મજા ઉડી ગઈ છે અને

અંદરના આનંદની મજા જેને પ્રગટ થઈ છે. **'કામદેવના બાણને જેમણે જીતી લીધાં છે,...'** જુઓ, આ અરિહંતનું કેવું સ્વરૂપ છે એવું એણે જાણ્યું છે. એ જાણનારો યથાર્થ ભક્તિ કરી શકે છે. એમ ને એમ સમજ્યા વિના અરિહંત કોણ છે? ક્યાં છે? કેમ છે? એની ખબર ન હોય ને ભગવાન .. સિદ્ધાસિદ્ધં મમં દિસંતુ. લોગસ્સમાં આવે છે. ગડિયો હાંકે જાય. એ કોને કહેવા અરિહંત અને કોને કહેવા સિદ્ધ? અને ઈ આત્મા હતા અને ઈ આત્માની દશા જેણે મોક્ષરૂપી પ્રગટદશા કરી છે. આ અરિહંત એ મોક્ષરૂપ છે. ભાવમોક્ષ છે. આહા..હા..!

**'સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ છે,...'** ભગવાન તો સર્વ વિદ્યાના પ્રદીપ છે. બધી વિદ્યાઓ જેને પ્રગટ થઈ ગઈ છે. **'સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે,...'** આહા..હા..! અરિહંત પરમાત્મા પદ્મપ્રભુ એમ અનંત તીર્થંકરો જેમનું સુખરૂપ સ્વરૂપ પરિણમ્યું ગયું છે. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ, સુખસ્વરૂપ છે. એની પર્યાયમાં સુખરૂપ પરિણતિ પ્રગટ થઈ ગઈ છે, સુખરૂપે પરિણમી ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ સુખના દરિયા સુખને અનુભવે છે. એને આહાર અને પાણી હોતા નથી. આહાર-પાણી લે તો સુખ થાય અને નહિતર દુઃખ થાય એવું હોતું નથી એમ કહે છે.

**શ્રોતા :-** કવલાહાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કવળ આહાર હોતો નથી. તમારે ત્યાં છે ઈ. આવી વાત છે. આહા..હા..! અહીં તો સુખદશા જેને પરિણમી ગઈ છે. અતીન્દ્રિય આનંદનો નાથ ખીલી ગયો છે અંદર. અતીન્દ્રિય આનંદ જેની પર્યાયમાં પરિણતિમાં, અવસ્થામાં દશા થઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પાપને (મારી નાખવા) માટે જેઓ યમરૂપ છે,...'** લ્યો, ઈ આવ્યુંને એ? **'कीनाश'** પુણ્યને, પાપને મારી નાખવા માટે યમ છે. યમ છેને? જમ. આહા..હા..! પરમાનંદને અંતરમાં જીવતો પ્રગટ કરી અને પાપને જેણે માર્યો એ યમરૂપ છે. આહા..હા..! પાપનો યમરૂપ છે ભગવાન. **'ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે,...'** આહા..હા..! જોયું! ચારેય ગતિનો પરિતાપ છે, સ્વર્ગમાં પણ દુઃખ છે, દુઃખ છે બધે એમ કહે છે. કહો, પોપટભાઈ! પૈસાવાળા દુઃખી છે.

**શ્રોતા :-** અહીં દુઃખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં દુઃખી છે અને પછી ભવિષ્યમાં પણ દુઃખી એની મમતા કરીને ઢોરમાં જશે તો. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે **'ભવના પરિતાપ...'** ભાષા શું કરી? ચારેય ગતિ હોં. ચારેય ગતિના પરિતાપ. પરિતાપ શબ્દ વાપર્યો છે. સમસ્ત તાપ દુઃખ છે ચારેકોર. કષાયના સ્વર્ગમાં પણ રાગના કષાયથી બળી રહ્યા છે. આહા..હા..! આપ્યો છેને દાખલો? જેમ અગ્નિ બાળે એમ

ઉનું ઘી પણ બાળે. અગ્નિ લાગે તો તો બળે પણ ઉનું ઘી હોય તો એ બાળે. એમ સ્વર્ગમાં ઉના ઘી જેવો આતાપ છે, દુઃખ છે. આહા..હા..! આનંદ તો એક આત્મામાં છે. આહા..હા..! એથી કહ્યું '**ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે, ભૂપતિઓ જેમના શ્રીપદમાં નમે છે,...**' ભૂ નામ જમીનના પતિઓ જે રાજા, ચક્રવતર્તી આદિ. આહા..હા..! જેમના પદમાં '**(-મહિમાયુક્ત પુનિત ચરણોમાં) નમે છે, ક્રોધને જેમણે જીત્યો છે...**' એમ કે દુશ્મનને જીતે છેને એ ક્રોધ છે એને જીતે છે.

'**વિદ્વાનોનો સમુદાય જેમની આગળ ઢળી પડે છે,...**' સર્વજ્ઞ પરમાત્મા સમવસરણમાં બિરાજે છે. ત્યારે વિદ્વાનોનો સમુદાય. જેમની આગળ આમ ઢળી પડે છે. નમી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાસ્તવિક અરિહંતનું સ્વરૂપ જો જાણે તો એવો જ મારો આત્મા છે એમ આત્માને અનુભવ થાય. આહા..હા..! કારણ કે એ આત્મા છે, એની પ્રગટદશા કરી છે. હું પણ આત્મા છું, તો એવી દશા જેણે પ્રગટ કરી એવી શક્તિ મારામાં છે. આહા..હા..! એવી દશા હું પણ પ્રગટ કરી શકું છું. એમ જેને અરિહંતના પર્યાયનું, ગુણનું વાસ્તવિક જ્ઞાન થાય એને આવું સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિદ્વાનોનો સમુદાય જેમની આગળ ઢળી પડે છે,...**' નમી ગયો છે આમ. આહા..હા..! '**તે જિનરાજ (શ્રી પદ્મપ્રભ ભગવાન) જયવંત છે.**' બધામાં એ જ લખ્યું છે એક-એકમાં. બિરાજે છે. આહા..હા..! એટલે? એમની જે દશા હતી એનું અમને ભાન થયું છે અને અમારી દશામાં તે જાતની નિર્મળદશા જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન જયવંત વર્તે છે તે અમારો આત્મા .. જયવંત વર્તે છે. આહા..હા..! એ ૯૮ થયો. ૯૯.

(मालिनी)

जयति विदितमोक्षः पद्मपत्रायताक्षः
प्रजितदुरितकक्षः प्रास्तकंदर्पपक्षः।
पदयुगनतयक्षः तत्त्वविज्ञानदक्षः
कृतबुधजनशिक्षः प्रोक्तनिर्वाणदीक्षः।।९९।।

દરેકમાં 'क्षः' 'क्षः' મૂક્યા આઠેયમાં. '**શ્લોકાર્થ :- પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે,...**' અરિહંત પરમાત્માને પ્રસિદ્ધ મોક્ષ છે, મોક્ષ થઈ ગયો છે. આહા..હા..! 'પ્રસિદ્ધ સિદ્ધ' નથી આવતું? આ સ્તુતિ 'પ્રસિદ્ધ સિદ્ધ.' અહીં તો પ્રસિદ્ધ છે ભગવાન બિરાજે છે આહા..હા..! પ્રસિદ્ધ સિદ્ધ છે વર્તમાન હોં. આહા..હા..! '**પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે, પદ્મપત્ર (-કમળના પાન) જેવાં દીર્ઘ જેમનાં નેત્ર છે,...**' વર્તમાન લીધું છેને. પુણ્યવંતના નેત્ર પણ કમળ જેમ ખીલ્યું હોય એવા હોય છે એને. લાંબી શેર હોય છે આમ. '**જેવા દીર્ઘ જેમનાં નેત્ર છે,...**' પદ્મપત્ર જેવા. લ્યો, પદ્મપત્ર જોયું? પદ્મપ્રભમલધારિ પોતે, પદ્મપ્રભુ, પદ્મકમળ

લીધું. **'પદ્મપત્ર (-કમળના પાન) જેવાં દીર્ઘ જેમનાં નેત્ર છે, પાપકક્ષાને જેમણે જીતી લીધી છે,...'** પુણ્ય અને પાપની ભૂમિકા, એની શ્રેણી, પુણ્ય-પાપની સ્થિતિ અને પુણ્ય-પાપનું પડખું જીતી લીધું છે. એ પાપ શબ્દ બેય. પુણ્ય અને પાપના ભાવ જેણે નાશ કર્યા છે. સમજાણું કાંઈ?

**'કામદેવના પક્ષનો જેમણે નાશ કર્યો છે,...'** કામદેવનો પક્ષ એમનો જેમણે ભગવાન અરિહંતે નાશ કર્યો છે. આહા..હા..! **'યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે,...'** ઓલો ક્ષ છેને ક્ષ એટલે. **'યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે, તત્ત્વવિજ્ઞાનમાં જેઓ દક્ષ (ચતુર) છે,...'** ભગવાન. આહા..હા..! પૂર્ણજ્ઞાન જેને કેવળજ્ઞાન પ્રગટ થયું એ તત્ત્વજ્ઞાનમાં જેઓ ચતુર છે. **'બુધજનોને જેમણે શિક્ષા (શિખામણ) આપી છે...'** ભાષા જુઓ, મૂઢને નહિ કહે. આહા..હા..! **'બુધજનોને જેમણે શિક્ષા (શિખામણ) આપી છે...'** સર્વજ્ઞ પરમાત્મા વિદ્વાન અને જ્ઞાનીઓને જેણે શિખામણ આપી છે. આહા..હા..! **'અને નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે,...'** આહા..હા..! નિર્વાણ સિદ્ધપદને પ્રાપ્ત થવાની જેણે દીક્ષા લીધી છે. આહા..હા..! એવા પદ્મપ્રભ જિનેન્દ્ર જયવંત છે. લ્યો! એવા ભગવાન જાણે વર્તમાન જયવંત છે. નજરે અરિહંત ભગવાનની દશા નજરે તરવરે છે. આહા..હા..! કામીને જેમ કામનો પ્રેમ હોય અને જેના ઉપર પ્રેમ હોય એ એને આમ નજરે તરવરે. એ આવ્યું... એ આવ્યું... એમ અહીં પરમાત્માનો પ્રેમ છે. આહા..હા..! નજરે કેવળજ્ઞાનાદિ અમને તરે છે, કહે છે. આહા..હા..! એવા જિનેન્દ્રદેવ જયવંત છે. છેલ્લો કળશ. પાંચ કળશ લીધા પાંચ.

(मालिनी)

मदननगसुरेशः कान्तकायप्रदेशः
पदविनतयमीशः प्रास्तकीनाशपाशः।
दुरघवनहुताशः कीर्तिसंपूरिताशः
जयति जगदधीशः चारुपद्मप्रभेशः।।१००।।

**'શ્લોકાર્થ :- કામદેવરૂપી પર્વતને માટે (અર્થાત્ તેમને તોડી નાખવામાં) જેઓ (વજ્રધર) ઈન્દ્ર સમાન છે,...'** ઈન્દ્રને જેમ વજ્ર હોય અને મારે પ્રહાર કરીને. કરોડો મનુષ્યનો સંહાર થાય, એમ ભગવાને **'કામદેવરૂપી પર્વતને માટે (અર્થાત્ તેમને તોડી નાખવામાં) જેઓ (વજ્રધર) ઈન્દ્ર સમાન છે,...'** વજ્રને ધરનાર ઈન્દ્ર. આહા..હા..! અતીન્દ્રિય આનંદના ભાનમાં પ્રગટ દશા છે એને કામ જીતી ગયેલો છે. આહા..હા..! **'કાન્ત (મનોહર) જેમનો કાયપ્રદેશ છે,...'** શરીર જ જેનું મનોહર છે. કાન્ત કીધુંને? મનોહર. જેમનો કાયપ્રદેશ. શરીરના અણુએ અણુઓ કાન્ત-મનોહર છે. આહા..હા..! એના જેવા પુણ્ય ઉતત્કૃષ્ટ તીર્થંકરને જ હોય છેને? આહા..હા..! એવું તો શરીર સુંદર હોય છે કહે. જેમાં હજાર નેત્ર કરીને ઈન્દ્ર જોવે તોપણ સંતોષ ન થાય. જેની પવિત્રતાની તો વાત શું કરવી? આહા..હા..!

શરીરનો પ્રદેશ. જોયું? એમ શબ્દ છે. કાયના અવયવે અવયવ અણુઓ કાન્ત નામ મનોહર છે જેના.

**'મુનિવરો જેમનાં ચરણમાં નમે છે,...'** ક્યાં? સિદ્ધ થયા એને? અહીંયાં. સમવસરણમાં જાણે બિરાજે છે અને મુનિવરો તેના ચરણમાં નમે છે એવી રીતે ભગવાન યાદ આવ્યા છે. સમજાણું કાંઈ? અલંકિત. આહા..હા..!

**'કાન્ત (મનોહર) જેમનો...'** મનને હરે એવા તો કાયાના પ્રદેશ છે. એક-એક અવયવ સુંદર છે, કહે છે. **'મુનિવરો જેમનાં ચરણમાં નમે છે, યમના પાશનો જેમણે નાશ કર્યો છે,...'** આહા..હા..! સંસારના ભવરૂપી યમ એનો નાશ કર્યો છે. બંધન-બંધન. યમરૂપી પાસડો બાંધે છેને. સંસારનું બંધન જેણે નાશ કર્યું છે. **'દુષ્ટ પાપરૂપી વનને (બાળવા) માટે જેઓ અગ્નિ છે,...'** આહા..હા..! પાપનું મોટું વન હોય અગ્નિ મોહને બળી જાય એમ પાપરૂપી દુષ્ટ વન એને બાળી નાખવા ભગવાન અગ્નિ સમાન છે. એવો જ આ આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વ દિશાઓમાં જેમની કીર્તિ વ્યાપી ગઈ છે...'** તીર્થંકર છેને. ચારેય દિશામાં જેમની કીર્તિ વ્યાપી છે **'અને જગતના જેઓ અધીશ (નાથ) છે,...'** જાણનાર છેને? આહા..હા..! **'તે સુંદર પદ્મપ્રભેશ જયવંત છે.'** સુંદર પદ્મપ્રભ અધીશ જયવંત છે. આહા..હા..! બધામાં જયવંત છે એમ લખ્યું છે હોં. પાંચેય શ્લોકમાં. એ અરિહંતની વ્યાખ્યા આપી. કેમકે અરિહંત આવા છે ઈ બરાબર જાણે અને ઓળખે, એનું બહુમાન કરે એને શુભભાવ થાય. એને ઓળખીને અંદરમાં ઓળખે તો કલ્યાણ થાય. એટલે વ્યવહારચારિત્રમાં નાખ્યું છે. શુભભાવ છેને. પુણ્ય છે ઈ. અરિહંતની ભક્તિ, પૂજા, સ્તુતિ પુણ્ય શુભભાવ છે. એ સો ગાથા થઈ. સો કળશ. ગાથા ૭૧. ગાથા ૭૧ થઈ. એ અરિહંતની વ્યાખ્યા આપી વ્યવહારચારિત્રમાં. કેમકે અરિહંતને ઓળખવા, માનવા એ જાતનું પરલક્ષી છેને. એથી એને શુભભાવ થાય. એ શુભભાવ એ વ્યવહારચારિત્રમાં આવે, પુણ્યબંધમાં આવે છે. આહા..હા..!

કુંદકુંદાચાર્ય કહે, મારી ભાવના માટે મેં આ નિયમસાર બનાવ્યું છે. એમ નાખ્યું કે અરિહંતનું આ પ્રમાણે પરપદાર્થ છેને આત્માથી? આ આત્માથી ભિન્ન ચીજ છે. એવા અરિહંતને માનવા, શ્રદ્ધવા, ભક્તિ, પૂજા એ બધો પુણ્યભાવ છે, ધર્મભાવ નહિ. સમજાણું કાંઈ? એથી વ્યવહારચારિત્રમાં નાખ્યા આ બધા. પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ અને પંચપરમેષ્ઠી. આહા..હા..! સિદ્ધ ભગવાન. નમો સિદ્ધાણં.

**णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा।**
**लोयग्गठिदा णिच्चा सिद्धा ते एरिसा होंति।।७२।।**

સિદ્ધ ભગવાન આવા હોય.

**છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,**
**શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.**

એ સિદ્ધ ભગવાન '**ટીકા :- સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' કોની? આ આત્માની સિદ્ધિના. સાક્ષાત્ હેતુ તો પોતે ભગવાન આત્મા છે પોતાનો, પણ ભગવાન છે એ સિદ્ધિની પરંપરાનો હેતુ નિમિત્ત છે વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ? પણ કોને? જેને આત્મજ્ઞાન અને દર્શન જેને આત્માના...

**શ્રોતા :-** આપ 'કોને' કહો છો તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે ઈ અહીં તો કહેવું છે. અહીં તો નિશ્ચયસહિત વ્યવહાર લેવો. આહા..હા..! એકલા છે ભગવાન એ તો ભક્તિ આદિ કરે એ તો પુણ્ય છે. અને આત્માના ભાન, ઓળખાણ, અનુભવસહિત નિર્વિકલ્પ આનંદના વેદનની ભૂમિકામાં સિદ્ધિને, સિદ્ધને યાદ કરે તો એ શુભભાવ થાય, તો પછી શુભને ટાળીને મુક્તિ પામશે. માટે પરંપરા હેતુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુક્તિના '**પરંપરાહેતુભૂત એવા ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓનું સ્વરૂપ અહીં કહ્યું છે.**' '**(ભગવંત સિદ્ધો કેવા હોય છે?) (૧) નિરવશેષપણે અંતર્મુખાકાર, ધ્યાનધ્યેયના વિકલ્પરહિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે એવા;...**' સાથે વર્ણન કર્યું છે. સિદ્ધ ભગવાને આઠ કર્મનો શી રીતે નાશ કર્યો? આ અપવાસ કર્યા ને ઉણોદરી કરી ને રસત્યાગ કરીને એને લઈને આઠ કર્મનો નાશ થયો? અને .. એ તો વિકલ્પ છે. અહીં તો અંતર્મુખ '**નિરવશેષપણે = અશેષત; કાંઈ બાકી રાખ્યા વિના; સંપૂર્ણપણે; સર્વથા. (પરમ-શુક્લધ્યાનનો આકાર અર્થાત્ સ્વરૂપ સંપૂર્ણપણે અંતર્મુખ હોય છે.)**' પૂર્ણાનંદનો નાથ પ્રભુ ત્યાં અંતર્મુખ પરિણામ જેણે પૂરા કર્યા છે. આહા..હા..!

ભગવાનની સ્તુતિ તો શુભભાવ છે, બહિર્મુખ ભાવ છે. સમજાણું કાંઈ? પણ એમણે સિદ્ધપદ કેમ મેળવ્યું? કાંઈ બાકી રાખ્યા વિના એટલે બહારનો કોઈપણ અંશ રાખ્યા વિના અંતર્મુખ ઉતરી ગયા હતા ઈ. આહા..હા..! '**નિરવશેષપણે અંતર્મુખાકાર,...**' એટલે અંતર્મુખ જેનું સ્વરૂપ. આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ આત્મા એ એણે અંતર્મુખ અંદર ધ્યાન કરીને. આહા..હા..! સિદ્ધ ભગવાનનું ધ્યાનાદિ તો વિકલ્પ છે, કહે છે. જેણે સિદ્ધપદ કેમ મેળવ્યું? આહા..હા..! બહારના કોઈપણ લક્ષ વિના-સર્વથા બહારનું લક્ષ છોડી દઈ-સર્વથા ભગવાન પૂર્ણાનંદનું નિધાન એમાં સ્વરૂપમાં, એમાં જોડી દઈ. આહા..હા..! જેણે નિર્વિકલ્પપણે પૂર્ણ ધ્યાન પ્રગટ કર્યું. એટલે સ્વનો આકાર .. ગળી ગયો છે.

**શ્રોતા :-** સિદ્ધ બનવાની રીત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ રીત છે.

'**નિરવશેષપણે અંતર્મુખાકાર,...**' અંતર્મુખ. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા બિરાજે છે એની સન્મુખ. બાહ્યથી વિમુખ અને અંતરથી સન્મુખ. આહા..હા..! એવું જે '**ધ્યાનધ્યેયના વિકલ્પરહિત...**' 'હું ધ્યાન કરું છું અને ધ્યાતા છું' એવો જે રાગ છે એનાથી રહિત '**નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી...**' લ્યો! નિશ્ચય-પરમશુક્લધ્યાન-ઉજળું ધ્યાન-આનંદની રમતમાં નિર્વિકલ્પ સ્વસંવેદનની ઉગ્રતાનું ધ્યાન. આહા..હા..! એના '**બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે...**' કહો, સમજાણું કાંઈ? એટલે સિદ્ધપદ કેમ પામ્યા એ વાત નથી. સિદ્ધપદ એ કાંઈ બહારની ક્રિયાકાંડથી પમાતો નથી. આહા..હા..! સિદ્ધપદ તો અંતરસ્વરૂપ ભગવાન અનાકુળ આનંદનો રસનો કંદ પ્રભુ એવો અંતર્મુખ સ્વરૂપ જેનું છે એવું શુક્લધ્યાન કરીને આઠ કર્મનો નાશ કર્યો છે. આહા..હા..! આવો સિદ્ધપદ પામવાનો માર્ગ છે એમ કહે છે. જ્યાં પૂર્ણ આનંદ પડ્યો છે તેના સમીપમાં એના સ્વરૂપનું ધ્યાન કર્યું એણે એમ કહે છે.

'(૨) **ક્ષાયિક સમ્યક્ત્વાદિ અષ્ટ ગુણોની પુષ્ટિથી તુષ્ટ;...**' છે. એ ગુણ લીધા છે એ અહીં પર્યાય છે. ક્ષાયિકસમકિત આદિ છેને? '**સિદ્ધભગવંતો ક્ષાયિક સમ્યક્ત્વ,...**' એ પર્યાય છે હોં. એ ગુણ લીધા છે એનો અર્થ પર્યાય છે. આહા..હા..! આ સમકિતને પર્યાય કીધી હતીને? આત્મધર્મમાં આવ્યું હતું. સમ્યગ્દર્શન એ પર્યાય છે. ત્યારે એક હતા ક્ષુલ્લક .. એનો આવ્યો હતો લ્યો. એ કહે વિચારીને તો લખો. સમકિત આદિ.. એને તો ગુણ પ્રગટ્યા છે. એને તો ગુણ છે. એને તમે પર્યાય કહો છો? સિદ્ધ ભગવાનને અનંતા ગુણ પ્રગટ્યા છે. અરે! ગુણ એટલે પર્યાય. આહા..હા..! ગુણ તો ત્રિકાળ છે. ગુણ પ્રગટ્યા છે એનો અર્થ પર્યાય પ્રગટી છે. ગુણ પ્રગટતા હશે? ગુણ તો ત્રિકાળ છે. એને આશ્રયે પર્યાય પ્રગટ થાય એને અહીંયાં ગુણ પ્રગટે કહેવામાં આવે છે. ... સમકિત આદિને.. પર્યાયનો ગુણ છે. અહીંયાં એમ નથી જુઓ, '**ક્ષાયિક સમ્યક્ત્વાદિ અષ્ટ ગુણોની...**' શબ્દ ગુણ છે મૂક્યો પણ પર્યાય છે. ક્ષાયિકસમકિત આદિ આઠ ગુણ એટલે પર્યાય છે એ તો. મોટી ચર્ચા ચાલી હતી પહેલી. ક્ષાયિકસમકિત આદિ અષ્ટ ગુણો એની પર્યાય. અહીં ત્યાં હતુંને જરી ઇંદોરમાં થોડું. કેવળજ્ઞાનાદિ બધા ગુણ છે. એમ હતું. પ્રકાશચંદ. ઇંદોરમાં. ગુણ તો શબ્દ વાપર્યો છે. રાગ, વિકાર જે અવગુણ હતા ઈ હતી તો પર્યાય, પણ એના અવગુણ હતા એનો નાશ થયો એટલે ગુણ પ્રગટ્યા એટલે છે તો પર્યાય. આહા..હા..! અને દ્રવ્ય, ગુણ અને પર્યાયની ખબર ન મળે. આહા..હા..! '**ક્ષાયિક સમ્યક્ત્વાદિ અષ્ટ ગુણોની...**' વ્યવહારથી. નિશ્ચયથી તો અનંતા ગુણો અંદર પ્રગટ્યા પર્યાયમાં.

'(૩) **વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી...**' સિદ્ધ ભગવાન '**વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી તત્ત્વનાં ત્રણ સ્વરૂપોમાં પરમ;...**' છે. આહા..હા..! બહિઃતત્ત્વ, અંતઃતત્ત્વ અને પરમતત્ત્વ એવા ત્રણ તત્ત્વસ્વરૂપમાં પરમતત્ત્વસ્વરૂપ છે. બહિઃતત્ત્વ રાગાદિને પોતાનો માનનારો

અથવા નિર્મળ પર્યાય તે બહિઃતત્ત્વ. અંતઃતત્ત્વ એ ત્રિકાળી. આહા..હા..! સમજાણું કાંઈ? અને પરમતત્ત્વ નિર્મળ પર્યાય પૂર્ણ થઈ ગઈ. એવા પરમતત્ત્વ જેવા ત્રણ તત્ત્વસ્વરૂપમાં પરમતત્ત્વ છે ભગવાન. અંતરાત્માને પ્રગટ થઈ છે ત્યાં હજી પરમસ્વરૂપ નથી. ભગવાનને હોય નહિ.. જેણે પરમાત્મપદ સિદ્ધપદ પ્રગટ થયું એને પોતાના પદથી ચ્યુત થવાનો એને અભાવ છે. આહા..હા..! એટલે કે સિદ્ધપર્યાય એમ ને એમ સાદિ-અનંત રહેવાની છે. આહા..હા..! અહીંયાં તો આજે જન્મે અને મરે ત્યાં સુધી દેહ. એટલો કાળ રહે. પછી જાઓ. એને એમ નથી. એ તો જે ઉત્પન્ન થઈ પર્યાય એ સાદિ-અનંત રહેશે એમ ને એમ. અહીં જન્મ થયો કહેવાયને શરીરને વ્યવહારે એ મૃત્યુ સુધી રહેશે. થઈ રહ્યું જાઓ રખડવા.

અહીં તો કહે છે કે અભૂત નામ ભૂતકાળે સિદ્ધની પ્રગટી નહોતી એ પ્રગટી એટલે હવે એને ચાર નાશ નહિ થાય. પ્રવચનસારમાં આવે છે. ઉત્પાદ વિનાનો વિનાશ, વિનાશ વિનાનો ઉત્પાદ. એવો પાઠ છે. એટલે? કે સિદ્ધ ભગવાનને સંસારનો નાશ થયો એ ઉત્પાદ વિનાનો નાશ થયો. હવે એ ઉત્પાદ કદી નહિ થાય. અને સિદ્ધ ભગવાનને જે કેવળજ્ઞાનાદિ ઉત્પાદ થયો એ વ્યય વિનાનો ઉત્પાદ છે. સમજાય છે કાંઈ? પ્રવચનસારમાં છે. એ તો ઉપજ્યા એ ઉપજ્યા કહે છે. હવે એ સિદ્ધપદની પર્યાયનો વ્યય થાય એમ બને નહિ. અને વ્યય થયો એ થયો સંસારનો હવે એનો ઉત્પાદ કદી થાય નહિ. ઈ અહીં કહેવા માગે છે. **'સિદ્ધપર્યાયમાંથી) ચ્યુત થવાનો અભાવ હોવાને લીધે નિત્ય;...'** છે એ. એ અપેક્ષાએ હોં. પર્યાય કાયમ રહેવાની છેને? આવા સિદ્ધ ભગવંત એ પરમેષ્ઠી હોય છે. આવા ભગવાન સિદ્ધપરમેષ્ઠી. અહીંયાં કીધુંને સિદ્ધિના પરંપરા હેતુ પહેલું. સિદ્ધ ભગવાન મુક્તિના પામનારા જીવને પરંપરા હેતુ છે. આહા..હા..! સાક્ષાત્ હેતુ આત્મા. પોતાનો આત્મા સિદ્ધિનો સાક્ષી. આ વચમાં શુભભાવ આવે એને પરંપરા હેતુનો ઉપચાર કરીને કહી દીધું, છે તો બંધનું કારણ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. અભાવ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભાવ કરશેને.

**'(હવે, ૭૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :)'** લ્યો.

(मालिनी)

व्यवहरणनयेन ज्ञानपुंजः स सिद्धिः
त्रिभुवनशिखराग्रग्रावचूडामणिः स्यात्।
सहजपरमचिच्चिन्तामणौ नित्यशुद्धे
निवसति निजरूपे निश्चयेनैव देवः।।१०१।।

**'શ્લોકાર્થ :- વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા તે સિદ્ધભગવાન ત્રિભુવનશિખરની**

**ટોચના...**' વ્યવહારથી છે એમ કહે છે. ઉપર રહે એમ કહેવું એ વ્યવહાર છે. અંદરમાં જે રહ્યા છે તે નિશ્ચય છે. ત્રિભુવનના શિખર ઉપર સિદ્ધ ભગવાન છે ઈ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**વ્યવહારનયથી...**' એટલે પછી. '**જ્ઞાનપુંજ એવા તે સિદ્ધભગવાન...**' સિદ્ધ ભગવાન કેવા છે? કે જ્ઞાનનો પુંજ છે. એકલો જ્ઞાનનો ઢગલો છે. સિદ્ધભગવાન એટલે જ્ઞાનનો પુંજ. જેમાં નથી રાગ, નથી સંસાર, નથી ભવ, નથી ભય નથી. એવા સિદ્ધ ભગવાન એકલા જ્ઞાનના પુંજ છે સિદ્ધ ભગવાન. નમો સિદ્ધાણં. અહીંયાં નમો સિદ્ધાણંની ખબર ન મળે. જય નારાયણ બોલીને હાંકે જાય. સિદ્ધ જેણે આત્માના આનંદના ધ્યાનથી જેણે સિદ્ધપદની પ્રાપ્તિ કરી છે એ વ્યવહારનયથી લોકને અગ્રે રહે છે તેમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ત્રિભુવનશિખર...**' ત્રણ ભુવનના શિખર ઉપર સિદ્ધ ભગવાન અધો, મધ્ય અને ત્રીછો એમાં ઉપર બિરાજમાન છે. '**ત્રિભુવનશિખરની ટોચના (ચૈતન્યઘનરૂપ) નક્કર ચૂડામણિ છે;....**' છે? '**શિખામણિ; કલગીનું રત્ન; ટોચ ઉપરનું રત્ન.**' ચૌદ બ્રહ્માંડની ઉપર સિદ્ધ ભગવાન બિરાજે છે. આહા..હા..! ત્રિભુવનશિખર. ત્રણ ભુવનના શિખર ઉપર બિરાજે છે ભગવાન. આહા..હા..! '**નક્કર ચૂડામણિ છે;...**' કહે છે. મજબુત ચૂડામણિ. ઓલું ચૂડામણિ તો પોલું હોય આમ. આહા..હા..! '**નિશ્ચયથી તે દેવ...**' સિદ્ધ ભગવાન નમો સિદ્ધાણં કેવા છે? '**નિશ્ચયથી તે દેવ સહજપરમચૈતન્યચિંતામણિસ્વરૂપ...**' સ્વભાવિક પરમચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ એવા ચિંતામણિ સ્વરૂપ છે. આહા..હા..! '**નિત્યશુદ્ધ...**' નિત્યશુદ્ધ છે. સિદ્ધ ભગવાનને હવે કદી અશુદ્ધતા થતી નથી. આહા..હા..! પરમ ચૈતન્ય ચિંતામણી જોયું? અંદરનું ચિંતામણિરત્ન ભગવાન આત્મા. ચૈતન્યસ્વરૂપ ભગવાન નિત્ય ચિંતામણિ છે. એકાગ્રતા વર્તે છે એમાં આનંદની ધારા વહે છે. આહા..હા..!

'**નિજરૂપમાં જ વસે છે.**' એ નિશ્ચય. બે લીધાને? '**વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા તે સિદ્ધભગવાન ત્રિભુવનશિખરની ટોચના નક્કર ચૂડામણિ છે;...**' એ વ્યવહારથી. '**નિશ્ચયથી...**' શિખર ઉપર લોકમાં કહેવું એ તો વ્યવહાર છે. '**દેવ સહજપરમચૈતન્યચિંતામણિસ્વરૂપ નિત્યશુદ્ધ નિજ રૂપમાં વસે છે.**' ઈ. સિદ્ધ ભગવાન પોતાના રૂપમાં વસે છે. શિખરમાં લોકાગ્રે કહેવું એ તો વ્યવહાર છે. આહા..હા..! ૧૦૨.

(स्नग्धरा)

नीत्वास्तान् सर्वदोषान् त्रिभुवनशिखरे ये स्थिता देहमुक्ताः
तान् सर्वान् सिद्धिसिद्धयै निरुपमविशदज्ञानदृक्शक्तियुक्तान्।
सिद्धान् नष्टाष्टकर्मप्रकृतिसमुदयान् नित्यशुद्धाननन्तान्
अव्याबाधान्नमामि त्रिभुवनतिलकान् सिद्धिसीमन्तिनीशान्।।१०२।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેઓ સર્વ દોષોને નષ્ટ કરીને દેહમુક્ત થઈને ત્રિભુવનશિખરે સ્થિત છે,...**' એ વ્યવહાર પાછો.. આહા..હા..! '**સર્વ દોષો...**' શબ્દે એ પુણ્ય અને પાપ બધા દોષ હતા. '**નષ્ટ કરીને...**' આહા..હા..! દેહમુક્ત થયા. ભગવાન સિદ્ધ તો દેહમુક્ત થઈ ગયા. '**ત્રભુવનશિખરે સ્થિત છે,...**' આહા..હા..! '**જેઓ નિરુપમ વિશદ (-નિર્મળ) જ્ઞાનદર્શનશક્તિથી યુક્ત છે,...**' શું કહે છે? ભગવાન, સિદ્ધ ભગવાનને જ્ઞાન-દર્શન કેવા છે? કે જેને કોઈ ઉપમા નથી. અને તે વિશદ નામ નિર્મળ છે. આહા..હા..! વસ્તુ છેને. પત્થરનો હીરો એ વસ્તુ છે. એમ આ ચૈતન્ય અરૂપી ભગવાન એ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેના જ્ઞાન અને આનંદની દશાને ઉપમા નથી કોઈ. એવા નિર્મળ શક્તિથીસહિત છે ભગવાન.

'**જેમણે આઠ કર્મની પ્રકૃતિના સમુદાયને નષ્ટ કર્યો છે,...**' એ વ્યય કર્યો. પહેલા આઠ હતા એમ સિદ્ધ કર્યું. પછી નાશ કર્યા છે. '**જેઓ નિત્યશુદ્ધ છે,...**' નિત્ય નિર્મળ કાયમ નિત્ય નિર્મળાનંદ પ્રભુ અનંત કેવળજ્ઞાનની જ્યોતથી નિત્ય શુદ્ધ નિર્મળ છે પ્રભુ. આહા..હા..! આમ સિદ્ધ થાય ત્યારે આવી દશા હોય છે. એવો જ આ આત્મા થઈ શકે એવી લાયકાતવાળો એમ સિદ્ધ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેઓ નિત્યશુદ્ધ છે, જેઓ અનંત છે,...**' આહા..હા..! અનંત એટલે? જેના આનંદ આદિની માપ-શક્તિ નથી. અનંત-અનંત છે. આહા..હા..! અને સંખ્યા લો તો સિદ્ધ પણ અનંત છે. '**અવ્યાબાધ છે,...**' આહા..હા..! જેને કોઈ વિઘ્ન કરનાર કોઈ ત્યાં છે નહિ. આહા..હા..!

'**ત્રણલોકમાં પ્રધાન છે...**' ત્રણલોકમાં એ ઉંચા છે. પ્રધાન એટલે? રાજા અને પ્રધાન એમ નહિ. પ્રધાન એટલે ઉત્કૃષ્ટ. ત્રણલોકમાં જે ઉત્કૃષ્ટ છે. કોઈ કહે વળી રાજા છે અને પ્રધાન નીચો હોય. અહીં તો ત્રણલોકમાં પ્રધાન છે. ઉંચામાં ઉંચી ચીજ એ છે. આહા..હા..! '**અને મુક્તિસુંદરીના સ્વામી છે,...**' આહા..હા..! પરમાનંદ શિવરમણિ જેને પ્રગટી છે. પરમાનંદની શાંતિ અને આનંદની પરિણતિ જેને પ્રગટ થઈ છે એના એ સ્વામી છે. આહા..હા..! અહીં કહે છેને કે ભાઈ! આ પત્નીનો પતિ સ્વામી છે. ધૂળનોય નથી. એ તો માન્યું છે અજ્ઞાનીએ. આહા..હા..! આ તો મુક્તિસુંદરીનો સ્વામી '**તે સર્વ સિદ્ધોને...**' આહા..હા..! '**સિદ્ધિની પ્રાપ્તિ અર્થે...**' મુનિરાજ કહે છે. આવા સર્વ સિદ્ધોને, અનંત સિદ્ધોને મારી મુક્તિની '**પ્રાપ્તિ અર્થે હું નમું છું.**' એનો અર્થ કે મારે તો મુક્તિ જોઈએ, પણ તમને નમું છું એવા વિકલ્પથી મુક્તિ થશે એમ નહિ. નમું છું એવા વિકલ્પથી મારી મુક્તિ થશે એમ નહિ, પણ મારે તો સિદ્ધપદની પ્રાપ્તિ માટે તમને નમું. એટલે મારું ધ્યેય ત્યાં છે. '**પ્રાપ્તિ અર્થે હું નમું છું.**' એ ૧૦૨ કળશ થયો લ્યો. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૨, મંગળવાર, તા. ૧૭-૦૨-૧૯૭૬,**
**કળશ-૧૦૩-૧૦૪, ગાથા-૭૩, પ્રવચન નં. ૧૮૧**

આ નિયમસાર. વ્યવહારચારિત્ર અધિકાર. ૭૨ ગાથાનો છેલ્લો કળશ. ૧૦૩.

पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा।
धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति।।७३।।

(अनुष्टुभ्)

स्वस्वरूपस्थितान् शुद्धान् प्राप्ताष्टगुणसंपदः।
नष्टाष्टकर्मसंदोहान् सिद्धान् वंदे पुनः पुनः।।१०३।।

સિદ્ધની વ્યાખ્યા છે આ. અરિહંતની વ્યાખ્યા ગઈ. સિદ્ધ ભગવાન જે નમો લોએ સવ્વ સાહુણં એ સિદ્ધ કેવા છે? '**શ્લોકાર્થ :- જેઓ નિજ સ્વરૂપમાં સ્થિત છે,...**' પૂર્ણાનંદને પ્રાપ્ત ભગવાન સિદ્ધ પરમાત્મા અનંત સિદ્ધો, પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ તેમાં સ્થિત છે. એમ કહીને કોઈનું કાંઈ કરતા નથી, કોઈને મદદ કરતા નથી. એ પોતાના સ્વરૂપમાં સ્થિત છે. '**જેઓ શુદ્ધ છે,...**' જે કાયમ એ પવિત્ર છે અનાદિ. એ સિદ્ધ છે એ તો કાયમ પવિત્ર જ છે. '**જેમણે આઠ ગુણરૂપી સંપદા પ્રાપ્ત કરી છે...**' ગુણ શબ્દે પર્યાય છે. અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન એવા ગુણો જે એટલે પર્યાયને જેણે પ્રાપ્ત કરી છે. શક્તિમાં હતી એ પર્યાયમાં જેણે પ્રાપ્ત કરી છે. આહા..હા..!

'**જેમણે આઠ કર્મોનો સમૂહ નષ્ટ કર્યો છે,...**' આઠ કર્મો છે તેનો જેણે નાશ કર્યો છે. '**તે સિદ્ધોને...**' આવા સિદ્ધ હોય તેને હું જાણીને '**હું ફરીફરીને વંદું છું.**' આહા..હા..! છે શુભવિકલ્પ, શુભરાગ. સિદ્ધને વંદન, પાંચ નોકારને વંદન એ બધો શુભરાગ છે. એ બધો વ્યવહાર આવે. વ્યવહારનો અધિકાર છેને? સમજાણું કાંઈ? સિદ્ધને નમસ્કાર કરતાં સંવર-નિર્જરા થાય એમ નથી. સંવર-નિર્જરા તો આત્મા આનંદસ્વરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ એનો આશ્રય કરે તો એને સંવર-નિર્જરા થાય. આહા..હા..! ભગવાનને વંદન પણ કહે છે એ પુણ્યનું કારણ છે. આહા..હા..! વ્યવહાર નાખ્યો છેને. છતાં એને પરમાત્માને વંદન કરવાનો ભાવ આવે. એ સિદ્ધની વ્યાખ્યા થઈ.

હવે ત્રીજું. ત્રીજું પદ. નમો લોએ સવ્વ આઈરિયાણં. એ તો નમો લોએ સવ્વ અરિહંતાણં પદ તો ટૂંકું કર્યું છે. નહિતર છે તો નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આમ પદ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ત્રણે કાળમાં વર્તનારા અરિહંતોને ધવલમાં એ રીતે પાઠ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. પછી નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી

આઈરિયાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એ ત્રિકાળવર્તી કાઢી નાખીને પછી નમો લોએ સવ્વ સાહુણં રાખ્યું. ત્રિકાળવર્તી કાઢી નાખ્યું અને પહેલામાં આ કાઢી નાખ્યું નમો લોએ સવ્વ અરિહંતાણં. નમો લોએ સવ્વ સિદ્ધાણં સાધુમાં નાખ્યું નમો લોએ સવ્વ સાહુણં. પણ ઈ બધાને લાગુ પડે. અરિહંતને, સિદ્ધને, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ પાંચેયને લાગુ પડે છે.

**શ્રોતા :–** નિગોદમાં હોય તેને પણ લાગુ પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હો ભલે ભવિષ્યમાં તે થવાના છે એને વર્તમાન નમસ્કાર. આહા..હા..! ત્રિકાળવર્તી અરિહંતાણં, ત્રિકાળવર્તી સિદ્ધાણં. આ તો જૈનદર્શનની ગહનતા છે. હજી એ જેને ભવિષ્યમાં તીર્થંકર થવાના, કેવળી થવાના, પણ વર્તમાન ભલે નિગોદમાં હોય. પણ ઓલી દશાને વંદન કરે છેને? આહા..હા..! સમજાણું કાંઈ? એથી અહીંયાં આચાર્યની વાત છે. જૈનના આચાર્ય કેવા હોય? આહા..હા..! જૈનમાં નમો લોએ સવ્વ આઈરિયાણં અથવા નમો આઈરિયાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં. એ કેવા આચાર્ય હોય? એનું જ્ઞાન જોશેને એને? જેને-તેને આચાર્ય માને (એ ન ચાલે). વીતરાગ કોને આચાર્ય કહે છે? આહા..હા..! એ ગાથા બોલાઈ ગઈ છે.

> पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा।
> धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति।।७३।।
> **પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,**
> **પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.**

'**ટીકા :– અહીં આચાર્યનું સ્વરૂપ કહ્યું છે.**' છે? ૭૩ ગાથા. '**(ભગવંત આચાર્યો કેવા હોય છે?)**' ભાષા દેખો, છેલ્લે શબ્દ છે ટીકામાં. એ અહીંયાં નાખ્યું છે. ભગવંતો આચાર્ય. છેલ્લે એ પહેલું નાખ્યું ઓળખાવા. આચાર્ય તો ભગવાન કહેવાય. આહા..હા..! ભગવંત મહિમાવંત જેનું સ્વરૂપ છે એવા આચાર્ય કેવા હોય છે? આહા..હા..! પોતે જ્ઞાન નામના આચાર્યમાં પરિપૂર્ણ હોય છે. એટલે? આત્માનો જે જ્ઞાનસ્વભાવ છે. તેની પર્યાયમાં જ્ઞાનની પર્યાય પ્રગટ કરીને તેમાં તત્પર છે. આહા..હા..! જ્ઞાનમાં પરિપૂર્ણ છે પર્યાયમાં હોં. વસ્તુ તો જ્ઞાનપૂર્ણ છે, દ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે આત્મા પરિપૂર્ણ છે. પણ આ આચાર્ય પર્યાયમાં જ્ઞાનમાં પરિપૂર્ણ છે. આહા..હા..! જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન એના જ્ઞાનની પર્યાયમાં, આચરણમાં, નિર્વિકલ્પ આનંદરૂપી આચરણમાં તે પરિપૂર્ણ છે. આહા..હા..! આ છે નિશ્ચયની વાત, પણ વંદન કરે છે એને એ વ્યવહાર લાગુ પડ્યો. કારણ કે વંદન કરનાર છે એ આચાર્યને વંદન કરે છે. આચાર્ય તો પરદ્રવ્ય છે. એને વ્યવહાર કહ્યો. એથી આ વ્યવહારનો અધિકાર છે. સમજાણું કાંઈ?

વ્યવહારનો અધિકાર છે એટલે આ પાંચ વ્યવહાર છે એમ નથી. શું કીધું સમજાણું?

આ જે છે જ્ઞાનમાં આચાર્યથી. આચાર્ય એટલે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એની વર્તમાન પર્યાયમાં જ્ઞાનની પ્રગટતાની દશામાં એ પરિપૂર્ણ છે. આહા..હા..! જેને જ્ઞાનાચાર ઉગ્રપણે જેને પ્રગટ થયો છે. આહા..હા..! ભણતર-બણતરની અહીં વાત નથી. અંદર જ્ઞાનની પર્યાયનો અંકુર ફૂટ્યો છે. જે જ્ઞાનસ્વરૂપ આખો, જ્ઞાનસ્વરૂપ સાગર ભગવાન એની પર્યાયમાં જ્ઞાનની અંકુરદશા ફૂટી છે. એ જ્ઞાનની પર્યાયના આચરણમાં એ પરિપૂર્ણ છે. આહા..હા..! તેથી ભગવાન આચાર્ય કીધા છે.

'દર્શન,...' આચારમાં પરિપૂર્ણ છે. સમ્યગ્દર્શન. આહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનો અનુભવ થઈને પ્રતીત થવી એનું જે આચરણ, સમ્યગ્દર્શનની આચરણદશા એને દર્શન-આચાર કહે છે. આ નિશ્ચયની વાત છે બધી. વ્યવહારચારિત્ર અધિકાર છે, પણ પંચપરમેષ્ઠી જે છે એ તો નિશ્ચયસ્વરૂપ છે. એને વંદન કરનારો છે એ વ્યવહારમાં જાય છે શુભભાવમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! 'ચારિત્ર,...'માં જે પરિપૂર્ણ છે. આહા..હા..! જે આચાર્ય એને કહીએ કે આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં. આહા..હા..! ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા એમાં પરિપૂર્ણ છે. આહા..હા..! ચારિત્ર એટલે આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મદળ એમાં એની રમણતા ચરવું, ચરવું, રમવું, જમવું. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું. એમાં એ ચારિત્રમાં એ પૂર્ણ છે. આહા..હા..! આ વ્રતાદિની વાત નથી હોં. પંચમહાવ્રતને એ તો બધો વિકલ્પ રાગ છે. આ તો આનંદસ્વરૂપ ભગવાન એની પર્યાયમાં રમણતા, સ્વરૂપ ત્રિકાળમાં રમણતા, ચરવું, રમવું. આહા..હા..! ઢોર હોય છેને. ઘાસ ચરે છેને. નથી કહેતા કે ચરવા ગયા છે આ ઢોર. એમ આ આત્મા પર્યાયમાં ચરવા ગયો છે. આનંદને ચરે છે, શાંતિને ચરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનના આવા આચાર્ય હોય છે. એ સિવાય અન્યમાં તો હતા નહિ. વસ્તુ જ નથી. એ તો પરમાત્મા ત્રિલોકનાથ જૈનદર્શનમાં આવા આચાર્ય હોય છે.

'તપ...' આચારમાં તપ-તપ. ઈચ્છા નિરોધ. 'તપંતિ ઈતિ તપઃ' સોનું જેમ ગેરુથી ઓપે અને શોભે છે એમ જેનો આત્મા ચારિત્રની ઉગ્રદશાથી અંદર આત્મા પવિત્રતાથી શોભે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું તપ હોં. આ તપ એટલે અપવાસને કરવું એ તો બધી નિમિત્તની વાતું છે. 'તપંતિ ઈતિ તપઃ' આનંદનો નાથ એની ચારિત્રની રમણતામાં ઉગ્રપણે પુરુષાર્થથી જે એકાગ્ર થાય છે એને અહીંયાં તપ કહેવામાં આવે છે. એ તપના આચરણમાં તે પરિપૂર્ણ છે. આહા..હા..! 'વીર્ય...' આચાર, પુરુષાર્થનો આચાર એ પંચાચાર દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિમાં વીર્યની આચરણદશા, પુરુષાર્થ પૂર્ણ પ્રાપ્તિ માટે જે આચરણ એને વીર્યાચાર કહે છે. વ્યવહારવ્રત વિકલ્પ એની અહીં આચરણની વાત નથી. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર અને ઈચ્છા નિરોધરૂપી પરિણતિ નિર્મળદશા એમાં વીર્યનો આચાર, પુરુષાર્થ ફોરવે છે. આહા..હા..! કે જે વીર્યનું સ્વરૂપ પોતાના પવિત્ર સ્વભાવની પરિણતિના આચરણમાં વીર્ય

જાય છે એને વીર્યાચાર કહે છે. આહા..હા..!

'**એવા પાંચ આચારોથી પરિપૂર્ણ;...**' છે આચાર. આહા..હા..! વળી પાંચ ઈન્દ્રિયોના '**સ્પર્શન,...**' ઈન્દ્રિ આ. '**રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઈન્દ્રિયોરૂપી મદાંધ હાથી...**' આહા..હા..! પાંચ ઈન્દ્રિયોરૂપી મદમાં ચડેલો હાથી જેમ હોય એમ ઈન્દ્રિયો પુષ્ટ હોય ત્યારે મદમાં ચડી જાય છે. આહા..હા..! એ '**પાંચ ઈન્દ્રિયોરૂપી મદાંધ...**' મદમાં અંધ થયેલા '**હાથીના દર્પનું દલન કરવામાં...**' આહા..હા..! આચાર્યો પાંચ ઈન્દ્રિયોને દમન કરવા, અતીન્દ્રિયમાં રમણ કરવા. આહા..હા..! પાઠ છેને? '**पंचिंदियदंतिदप्पणिद्दलणा**' પંચેન્દ્રિયરૂપી હાથી, એનો દર્પ ગર્વ મદ-મદ. એનું '**णिद्दलणा**' એને દળી નાખે, નાશ કરી નાખે છે. આહા..હા..! અણિન્દ્રિય આનંદનો નાથ જ્યાં અણિન્દ્રિયની દશાથી જ્યાં પર્યાયમાં ઉભરા. ઉભરાને શું કહે? ઉફાન. અણિન્દ્રિયની ઉફાન દશા જેને પર્યાયમાં પ્રગટી છે એણે ઈન્દ્રિયનું દમન કર્યું છે. આહા..હા..!

'**ઈન્દ્રિયોરૂપી મદાંધ હાથી...**' આહા..હા..! એના મદને દલવા માટે સંપૂર્ણ વીર્ય.. છે. '**(-પંચેન્દ્રિયરૂપી મદમત્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ);...**' છે. ધીરા. ધીરા છેને? '**સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતા હોવાથી...**' પ્રતિકૂળ કે અનુકૂળ ઉપસર્ગને ભોગ. આહા..હા..! પ્રતિકૂળ કોઈ મારે પ્રહાર કરે આદિ, અનુકૂળ કોઈ સ્ત્રી આદિના અને વંદન કરવાની અનુકૂળતાનો જે ઉપસર્ગ હોય એમાં ધીર હોય છે. આહા..હા..! '**ઘોર ઉપસર્ગો...**' '**સમસ્ત ઘોર ઉપસર્ગો...**' એમ. '**પર વિજય પ્રાપ્ત કરતા હોવાથી...**' આહા..હા..! '**ધીર...**' છે. એટલે? પ્રતિકૂળ અને અનુકૂળ એવા ઉપસર્ગો આવતા જેને તે તરફના વિકલ્પનો નાશ થયો છે. આહા..હા..! આનંદમાં, આનંદમાં ઠરી ગયા છે. તરબોળ અતીન્દ્રિય આનંદમાં. આહા..હા..! પુરણપોળી જેમ થાયને તો ઈ કરીને ઘીના તપેલામાં નાખે પુરણપોળી. ઉંચી કરે તો આમ ઘીથી તરબોળ. આહા..હા..! એમ ભગવાન અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં તે ધીરા છે. ધીરજ છે. અથવા ધી નામ બુદ્ધિ જેણે પુરુષાર્થમાં પાંચ આચારમાં ફોરવી છે. ર-પ્રેરણે. ધીર. ધીને ર પ્રેરી છે. આનંદ અને જ્ઞાનના સ્વરૂપમાં જેણે બુદ્ધિને પ્રેરી છે. એને અહીંયાં ધીર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિયમસારમાં છે એ. આ નિયમસાર છેને? ટીકામાં છે ધીરની વ્યાખ્યા. ધીર અને વીર. ધી નામ બુદ્ધિ-જ્ઞાન. તેને અનંત આનંદ આદિમાં પ્રેરણા કરીને પ્રગટ કરી છે જેણે. વીર નામ વિશેષે વીર્યને સ્વભાવમાં પ્રેરણા કરી છે તેને વીર કહીએ. બીજાને મારે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ધીર અને...**' છેને? '**ગુણગંભીર;...**' આહા..હા..! જેના જ્ઞાનની ગંભીરદશા પાર ન દેખાય. એવા ગંભીર... ગંભીર... ગંભીર... આહા..હા..! ગુણે કરીને ગંભીર. પર્યાયની વાત છે હોં આ ગુણ એટલે. નિર્મળ ગુણની પર્યાય એમાં ગંભીર. એવી દશા છે કે એનો સામાને પત્તો ન લાગે કે આ ક્યાં છે. આહા..હા..! શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા. રાગથી

ભિન્ન પડી ગયું અને અતીન્દ્રિય આનંદના દશામાં ગુણમાં ગંભીર. ગુમડું જેમ ગંભીર હોય અને પત્તો ન ખાય ઉંડું ક્યાં ક્યાં સડેલું છે. એમ આના ગુણની ક્યાં ક્યાં પવિત્રતા પહોળી થઈ છે... આહા..હા..! એવા **'ગુણગંભીર—આવા લક્ષણોથી લક્ષિત,...'** જુઓ, **'તે ભગવંત આચાર્યો હોય છે.'** આહા..હા..!

**શ્રોતા :-** આવા લક્ષણથી આચાર્ય ઓળખાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવા લક્ષણવાળા છે. અહીં તો હજી સમ્યગ્દર્શન કોને કહેવા એના ઠેકાણા ન મળે અને આચાર્ય થઈ ગયા!

**શ્રોતા :-** જૈન થઈ ગયો એટલે આચાર્યપદ દઈ દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દઈ દીધું. આત્માને આચાર્ય કહે છેને. આહા..હા..! અનંત-અનંત ગુણગંભીર ભગવાન એને જેણે અનુભવીને આનંદની ધારા પર્યાયમાં પ્રગટ કરી છે એના ગુણગંભીરની શું વાતું? આહા..હા..! કેટલાક એવા પૈસાવાળા હોય કે એ પૈસા કેટલા છે એની ખબર ન પડે. એ તો બહારની ચીજ. આ તો અનંત-અનંત. આહા..હા..! પરિણતિ જેની જ્ઞાન અને આનંદની ગંભીર... ગંભીર... ગંભીર... ઠરી ગયા છે અંદરમાં. આહા..હા..! શીતળતા... શીતળતા... શીતળતા... શાંતિ-શાંતિ અકષાયભાવ શાંતિ ગંભીર છે. આહા..હા..! આવા જૈનના આચાર્ય હોય છે. સમજાણું કાંઈ?

જે કાંઈ પંચનમસ્કાર કરે છે નોકારમાં પણ ઈ કોણ છે એનું એણે જ્ઞાન તો કરવું પડશે કે નહિ? કે જ્યાં ત્યાં માથા ફોડશે? સમજાણું કાંઈ? એક છેને સુશીલકુમાર છે. સ્થાનકવાસી સાધુ. મુહપતિસહિત ગયા છે ત્યાં વિલાયતમાં. અમેરિકામાં ભાષણ આપવા. તે અહીં એમ કહે કે **નમો** લોએ સવ્વ સાહુણં. એમાં ક્યાં કીધા છે કે જૈનના જ સાધુ? બધા આવે એમાં. ધૂળેય ન આવે સાંભળને.

**શ્રોતા :-** ક્રિશ્ચિયન સાધુ આવી ગયાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાય આવે, બાવા આવે બધા આવે.

અહીં તો વીતરાગમાર્ગના અનુયાયી જે અંતરમાં જેને અંતરની દશા વીતરાગ પ્રગટ થઈ છે એવા સાધુ જૈનના આ પાંચ પદમાં આવે છે. જૈનના વ્યવહારક્રિયાકાંડીને નિશ્ચય નથી એ પણ જેમાં આવતા નથી. સમજાણું કાંઈ? તો અન્યતી તો ક્યાં વાત, ભાઈ! એવી વાત છે આ. ઈ એમ કહે છે, વિશાળ માર્ગ ભગવાનનો. નમો લોએ સવ્વ. સર્વ સાધુને નમસ્કાર. પણ સાધુ હોય એ જોવું જોઈએ. પંડિતજી! એ સુશીલકુમાર છે સ્થાનકવાસી. એ આવું ત્યાં પ્રરૂપણા દિલ્હીમાં ભાષણ કરતા હતા. હમણા વિલાયત ગયા છે. સ્થાનકવાસી છે.

**શ્રોતા :-** અમેરિકા ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમેરિકા. અહીં પણ વિલાયત એટલે બહાર એમ. અને ત્યાં બધા

લખાણ છાપામાં આવે છે. બધાની ભેગું ઓલા ખ્રિસ્તી લોકો ભાષણ કરે પોતપોતાના ધર્મના. ખીચડો કરે. અરે! ભાઈ! આ જૈનદર્શન તે કેવી ચીજ છે! એવી ક્યાંય છે નહિ. અન્યમતમાં ક્યાંય નથી, ભાઈ! આહા..હા..!

અહીંયાં તો જૈનમાં રહેલા વ્યવહારસમકિત જ્ઞાનાદિના વિકલ્પવાળા હોય એને પણ અહીં ગણવામાં આવ્યા નથી. આહા..હા..! અહીં તો આનંદનો નાથ જાગીને અંદર રમણતામાં પડ્યો હોય છે. નિર્વિકલ્પ .. થઈ છે. પરમેશ્વર સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્ર કહે તેવી. આહા..હા..! આચાર્યોને કહે છે અમે નમન કરીએ છીએ. એ કહેશે નીચે.

**'એવી રીતે (આચાર્યવર) શ્રી વાદિરાજદેવે કહ્યું છે કે :—'** બીજો આધાર આપે છે.

(शार्दूलविक्रीडित)

''पंचाचारपरान्नकिंचनपतीन्नष्टकषायाश्रमान्
चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन्।
स्फाराचंचलयोगचंचुरधियः सूरीनुदंचद्गुणान्
अंचामो भवदुःखसंचयभिदे भक्तिक्रियाचंचवः।।''

આહા..હા..! વાદિરાજ મુનિ છે ઈ પોતે સ્તુતિ કરે છે.

**'શ્લોકાર્થ :- જેઓ પંચાચારપરાયણ છે,...'** શરીરની ક્રિયા જડની જુદી. અંદર રાગની ક્રિયા એ જુદી. ક્રિયા ત્રણ પ્રકારની છે—એક શરીરની પર્યાય બદલે તે જડની ક્રિયા છે, એક પુણ્ય-પાપના પરિણામ પ્રગટ થાય તે વિભાવી વિકારની ક્રિયા છે અને એક આનંદસ્વરૂપમાં રમણતા થઈને નિર્વિકલ્પ ક્રિયા પ્રગટ થાય તે નિર્વિકલ્પ ક્રિયા છે. આહા..હા..! વીતરાગમાર્ગ ભાઈ ઘણો ગંભીર છે. જુદો છે. લોકો બહારમાં પડી ગયા છે એકલા. એને અંતરની ચીજ શું છે એનો પત્તો ન મળે અને અમે જૈન છીએ... જૈન છીએ... કોણ બાપા? કોથળામાં? કોથળીમાં કાળીજીરી ભરી હોય અને ઉપર લખે સાકર. કાળીજીરી સમજો છો? કડવી આવે કડવી. કરિયાતું નહિ. કિરાતા તો કરિયાતુ. આ તો કાળીજીરી એક આવે છે. કોથળાના કોથળા આવે છે. કાળીજીરી. માથે લખ્યું હોય સાકર તો મીઠી થઈ જાય ઈ? એમ ઉપર જૈન આચાર્ય છીએ, જૈનના સાધુ છીએ. અંતર દૃષ્ટિના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? દયા, દાન, રાગાદિમાં ધર્મ મનાવે, માને, પુણ્યની ક્રિયાને ધર્મ મનાવે, માને એ જૈન ક્યાં છે? આહા..હા..!

આત્માવલોકનમાં તો કહ્યું છે. કહ્યું નહિ? જૈનના ગુરુ એવા હોય છે કે. આત્માવલોકનમાં છે. દીપચંદજીએ શ્લોક મૂક્યો છે. છે નહિ ને અહીં? મુહુમુહુ. જૈનના ગુરુઓ એને કહીએ કે જે વીતરાગપણાની જ વાત અને વીતરાગપણાનો ધર્મ છે એમ બતાવે. વીતરાગ... વીતરાગ... વીતરાગ... ઓલું દયા, દાન, વ્રતના વિકલ્પ છે તે ધર્મ નથી. અંદર વીતરાગપણું જે પ્રગટ

થાય. કેમકે આત્મા વીતરાગસ્વરૂપ છે. એમાંથી ... પરિણતિ પ્રગટ કરે એમ ગુરુ ઉપદેશ કરે. .. તે ધર્મ છે, ..પણું તે કરવા જેવું છે, ..તે પરની અપેક્ષા છોડીને આશ્રય કરવા જેવો છે. આહા..હા..! એવું કહે તે ગુરુ જૈનના હોય. આ તો કહે આ માટે ધર્મ થાય, પંચમહાવ્રત પાળો ધર્મ થાશે, આ કરો, દયા કરો તો ધર્મ થાશે, અપવાસ કરો તમને નિર્જરા થશે, એ જૈનના ગુરુ નથી, એ જૈન જ નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ! ઈ છે. કડી છે એમાં. દીપચંદજી આત્માવલોકનમાં નાખ્યું છે. આહા..હા..!

કહે છે કે જૈનના આચાર્ય તો એવા હોય. આહા..હા..! કે પંચાચાર છે. ભાષા જુઓ, જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, તપ અને ચારિત્રમાં એ અંદર તત્પર છે. નિર્વિકલ્પદશામાં એ તત્પર છે. તો વિકલ્પ આવે એમાં તત્પર નથી, એને જાણે છે. આહા..હા..! વસ્તુ પોતે આત્મા નિર્વિકલ્પસ્વરૂપ છે. નિર્વિકલ્પ એટલે? રાગ વિનાનું અને રાગની ક્રિયા વિનાની એ ચીજ છે. એવી નિર્વિકલ્પ ચીજમાં, નિર્વિકલ્પની પરિણતિ દ્વારા રમવું એ એનો આચાર કહેવામાં આવે છે. આહા..હા..!

'**જેઓ અકિંચનતાના સ્વામી છે,...**' આહા..હા..! કાંઈ જેની પાસે બીજું નથી. એક વિકલ્પ પણ નહિ, કપડાનો ટૂકડો નહિ, પાત્રા નહિ. આહા..હા..! અકિંચનતાનો તો ધણી–સ્વામી છે. કાંઈ બીજું નહિ એનો એ સ્વામી છે. પોતાના સ્વરૂપનો સ્વામી અને બીજું કાંઈ નહિ એનું. આહા..હા..! આ કપડાબપડાથી જે સાધુપણું મનાવ્યું છે એ જૈનદર્શનથી વિરુદ્ધ છે. જૈનનો એ માર્ગ નથી. સમજાણું કાંઈ? ઈ કહે છે. '**અકિંચનતાના સ્વામી છે,...**' આહા..હા..! દસ પ્રકારના ધર્મ આવે છેને. અકિંચન. ..અકિંચન. કાંઈ મારું નહિ. વિકલ્પ પણ નહિ. શરીર તો ક્યાંય રહી ગયું એ તો પર જડ. વિકલ્પ ઉઠે દયા, દાનનો એ પણ મારો નહિ. અકિંચન. કાંઈ મારું નહિ. છે મારું તે મારું પૂર્ણાનંદ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આ મારા શિષ્ય છે અને હું એનો ગુરુ છું એવું કાંઈ નથી, કહે છે. આહા..હા..! અકિંચનતાના તો એ ધણી–સ્વામી છે.

'**જેમણે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે,...**' આહા..હા..! એ શુભાદિ ભાવને પણ જેણે નષ્ટ કર્યો છે એમ કહે છે. ઘણા સ્થાન કહ્યાને? શુભવિકલ્પના અસંખ્ય પ્રકાર છેને? અશુભ તો હવે એને હોય જ નહિ, પણ શુભભાવ જે અસંખ્ય પ્રકારના છે એણે એના સ્થાનને જેણે નષ્ટ કર્યા છે. આહા..હા..! આવો માર્ગ લુખો. લોકોને સમજવો કઠણ પડે. આહા..હા..! અહીં તો કહે એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા દયા પાળો. બસ જાઓ ધર્મ થાશે. અહીં કહે કે આત્માની દયા પાળી શકતા જ નથી પરની. દયા પાળવાનો ભાવ થાય તે રાગ છે અને હિંસા છે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :–** બચાવવાનો ભાવ પાપનો ભાવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બચાવવાનો ભાવ મિથ્યાત્વનો ભાવ છે. 'હું પરને બચાવી શકું'

એ (માન્યતા) મિથ્યાત્વનો ભાવ છે. કહો, અમરશીભાઈ! આવું છે. કર્તા થઈ ગયો એ તો. મિથ્યાદષ્ટિ થઈ ગયો. આહા..હા..! 'હું બીજાને જીવાડી શકું, બચાવી શકું' એવી માન્યતા તે અજ્ઞાની મૂઢ જીવની છે. બંધ અધિકારમાં છે. સમયસાર. સમજાણું કાંઈ?

**'કષાયસ્થાનોને નષ્ટ કર્યા છે,...'** આહા..હા..! બંધ અધિકારમાં તો પરમાત્મા કુંદકુંદાચાર્ય ભગવાને કહ્યું છે કે હું કોઈ જીવને બચાવી શકું કે તેં શું એને આયુષ્ય આપ્યું? તેં બચાવ્યું? અને તેં એને મારી નાખ્યો છે? એણે આયુષ્ય તારું નાશ કર્યું? એના આયુષ્યના નાશે મરે અને એનું આયુષ્ય હોય તો જીવે. એ કાંઈ તારાથી જીવે અને બચે, મરે એમ છે નહિ. આહા..હા..! પરને બચાવવાનો ભાવ... તેરાપંથી છેને ઈ એમ કહે છે જુઓ, કાનજીસ્વામી પણ એમ કહે છે કે બીજાને બચાવવાનો ભાવ મિથ્યાત્વ, માટે બચાવવો નહિ. પણ બીજાની દયા પાળવાનો ભાવ છે એ શુભ છે, પુણ્ય છે. પણ બચાવી શકું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ઈ કહે છે જુઓ, કાનજીસ્વામી એમ કહે છે કોઈને બચાવવા નહિ. અમે પણ એમ કહીએ છીએ. પણ તું એમ કહે છે કે પરને બચાવવાનો ભાવ છે એ પાપ છે એમ કહે છે. બચાવી શકું એ પ્રશ્ન છે જ ક્યાં?

**શ્રોતા :-** બચાવવાના ભાવને પાપ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવને પાપ કહે છે. અહીંયાં બચાવવાનો ભાવ છે, ન મારવાનો ભાવ છે એ પુણ્ય છે પુણ્ય, ધર્મ નહિ. અને એ પુણ્ય છે એ નિશ્ચયથી તો હિંસા છે. રાગ પ્રાદુર્ભાવ પુરુષાર્થસિદ્ધિમાં છે. રાગની ઉત્પત્તિ તે હિંસા છે. આહા..હા..! આવો માર્ગ. ભાઈ! દુનિયાથી આ તો જાત જુદી છે, બાપુ! આ તો વીતરાગ પરમેશ્વર...

**શ્રોતા :-** પુણ્યભાવમાં પણ હિંસામાં આવી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિંસામાં આવ્યો. પુણ્યભાવ તે હિંસા છે. આહા..હા..! અહિંસા પરમો ધર્મ એનો અર્થ રાગની ઉત્પત્તિ ન થવી અને વીતરાગ પરિણતિ ઉત્પન્ન થવી એ અહિંસા પરમોધર્મ છે.

**શ્રોતા :-** તમે એમ કહેશો તો અમે પુણ્ય છોડી દઈશું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ છોડે અને કોણ કરે? સ્પષ્ટિકરણ કરાવે છે. કોણ છોડે અને કોણ કરે? કરી શકતો નથી અને છોડી શકતો નથી. આહા..હા..! ભાવ હોય, પણ એ ભાવ પરને બચાવવાનો છે એ પુણ્ય છે, પણ 'બચાવી શકું છું' એવી માન્યતા તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે.'** આહા..હા..! આચાર્ય આવા હોય. જૈનના દિગંબર આચાર્ય. જુઓ, આ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. આ મુનિરાજ છે આ. આહા..હા..! જુઓ તો ખરા મુનિ શું કહે છે? **'પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે,...'** પંચાસ્તિકાય ભગવાને જે કહ્યું એને સમજાવે છે એટલે?

જેને નિર્મળ પરિણતિ પ્રગટ થઈ છે, વીતરાગી પરિણતિ પ્રગટ થઈ છે અને પરિણમતા જ્ઞાન વડે પંચાસ્તિકાયને પ્રરૂપે છે. આહા..હા..! જુઓને આ દિગંબર સંતોની શૈલી તો જુઓ, આહા..હા..! '**પરિણમતા જ્ઞાનના બળ વડે...**' એકલી ધારણા કરી છે પંચાસ્તિકાય જીવ છે અને ફલાણું આમ છે અને ઢીંકણું આમ. એમ નહિ. આહા..હા..! જેને ભગવાન જ્ઞાનસ્વરૂપે પરિણમ્યો છે અંદર પર્યાયમાં, નિર્મળ નિર્વિકલ્પ પરિણતિ જેને જ્ઞાનની પરિણમી છે, એવા '**પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે,...**' પંચાસ્તિકાયની સત્તા છે એ પરિણામ વડે કરીને સમજાવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એમ કહીને કહે છે કે જેને પંચાસ્તિકાયની સત્તાનું પ્રરૂપણ હોય એને અંતર જ્ઞાનનું પરિણમન હો, એની પ્રરૂપણા સાચી છે. આહા..હા..! સમજવું કઠણ પડે પહેલું.

જ્ઞાનસ્વરૂપ ભગવાન એની પર્યાયમાં જ્ઞાનનું નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણતિ જેને હોય છે, દશા જેને એ હોય છે. જ્ઞાનના પરિણમનની નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદના વેદનવાળી જ્ઞાનની દશા હોય છે. એના બળ વડે પંચાસ્તિકાયને સ્થાપે છે એ. આહા..હા..! એ કાળ મૂકીને અસ્તિકાય નથીને. પંચાસ્તિકાયની '**જેઓ મહા પંચાસ્તિસકાયની સ્થિતિ...**' નામ સત્તાને '**સમજાવે છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ પંચાસ્તિકાયમાં ૬૨ ગાથામાં એમ જે કહ્યું કે વિકાર જેટલો છે ઈ જીવની પર્યાયમાં ષટ્કારકરૂપે પોતે પરિણમીને વિકાર કરે છે. જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, જેને પરકર્મના કારકની અપેક્ષા નથી, એવા અસ્તિકાયને સિદ્ધ કરે છે. આહા..હા..! ત્યાં આગળ વિકારની પર્યાય એ ૬૨મી ગાથાની ચર્ચા થઈ હતી ત્યાં ૧૯ વર્ષ પહેલાં. ૧૩ની સાલ. મૂળ તો પંચાસ્તિકાય કીધુંને '**પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિ સમજાવે છે,...**' એટલે કે એને પણ જ્યાં અંદર નિર્મળ વીતરાગદશા થઈ છે અને પંચાસ્તિકાયનું અસ્તિત્વ જીવને વિકાર જીવની પર્યાયથી, પર્યાયથી એને લઈને થાય છે. એવું એનું અસ્તિકાયનું સ્વરૂપ પરિણમતા જ્ઞાનના બળ વડે એને સમજાવે છે. એ રાગ છે એ કર્મને લઈને થાય છે, તો એ પંચાસ્તિકાયના સ્વરૂપને ઈ સમજાવતો જ નથી. સમજાણું કાંઈ? એનું અસ્તિત્વ જે એક સમયનું છે. આહા..હા..! મિથ્યાત્વપણે થવું કે રાગ કે દ્વેષપણે પુણ્ય-પાપપણે થવું એ પર્યાયનું ષટ્કારકનું પરિણમન એનું સ્વતંત્ર છે. એ જ અસ્તિકાયના પર્યાયને અસ્તિ તરીકે આ રીતે સાબિત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

.. સમયસારમાં કે ભાઈ વિકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિ જે છે એને જ વિકારનું પરિણામનું વ્યાપપણું નથી. ત્યાં તો બીજી વાત કરવી છે. ત્યાં તો સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એનું પરિણમન સ્વભાવ જ હોય એમ કહીને વિકાર જે થાય છે એ ધર્મી જીવને કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય એમ કરીને બહાર કાઢી નાખ્યા છે. આહા..હા..! ..દૃષ્ટિ અને

સ્વભાવના પરિણમનને બતાવવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? પણ આ પંચાસ્તિકાયમાં નાખી દે કે વિકાર કર્મને લઈને થાય તે અસ્તિકાયના સ્વરૂપને જાણતો નથી. સમજાણું કાંઈ આમાં? આહા..હા..!

**'પરિણમતા જ્ઞાનના બળ વડે...'** આહા..હા..! નિર્વિકલ્પ આનંદની પરિણતિમાં ઉભો મુનિ એના બળ વડે પંચાસ્તિકાય જગતમાં છે. અનંત આત્માઓ છે, અનંત રજકણો છે. એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. કાળને માનેને પંચાસ્તિકાય? આહા..હા..! જૈનના આચાર્ય આવા હોય. હવે જેને હજી પંચાસ્તિકાયની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. આત્મા પવિત્ર પૂર્ણાનંદનું પરિણમનની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ન મળે અને એ પ્રરૂપણા કરે કે ધર્મ આમ થાય. આહા..હા..! જુઓને, વાદીરાજ. **'પરિણમતા...'** પાઠ છેને. **'चंचज्ज्ञानबलप्रपंचित'** છે? જુઓ, પાઠમાં ઈ છે. **'चंचज'** 'જ' છેને? **'चंचज'** એટલે પરિણમતા. **'ज्ञानबलप्रपंचित'** **'જ્ઞાનના બળ વડે...'** આહા..હા..! **'મહા પંચાસ્તિકાયની સ્થિતિને...'** આહા..હા..! મારે આચાર્ય વાદીરાજ આ પણ કહેતા હતા. કોઢ થઈ ગઈને? ...

વાદીરાજ આમ ભગવાનની સ્તુતિ કરે છે. કોઢ, શરીરમાં કોઢ છે. એક સમકિત શ્રાવક છે ઈ રાજા પાસે જાય છે અને (રાજા) એમ કહે જુઓ, તારા મુનિતો કોઢીયા છે અને તું વખાણ શું બહુ કરે છો? મહારાજ! મારા મુનિને કોઢ નથી. કોઢ હતો હોં. જઈને (મુનિરાજને) કહ્યું, સાહેબ! મારાથી આમ કહેવાણું છે રાજાને. આહા..હા..! ભગવાનની સ્તુતિ કરે છે વાદીરાજ. પ્રભુ! તમે જેના માતાના ઉદરમાં આવો છો એને છ મહિના પહેલા તો ઈન્દ્રો એની સેવા કરે અને એના ગામ સોનાના ગઢ રચે. એવી સ્થિતિ થાય. પ્રભુ! હું તારી સ્તુતિ કરું અને આ શરીરે કોઢ રહે? એ તો એક વિકલ્પ હતો અને એ રીતે થવાના કાળે થઈ ગયું. એ સ્તુતિ કરતાં... કરતાં... કરતાં... ભગવાનની સ્તુતિ કરે છેને અને એકદમ શરીર કોઢરહિત થઈ ગયું. હવે? ઓલા શ્રાવકે કીધું હતું. ઓલો કહે કોઢસહિત છે. એમ તો બહાર આવ્યું હતું થોડું. અને કોઢરહિત ઓલાએ કહ્યું. કોઢસહિત છે એ સાચી વાત હતી. એ થોડું રાખ્યું છે... કે જો હતું તો આવું, પણ થઈ ગયું આવું. આહા..હા..! એ પવિત્રતા અને એ પુણ્યના ફળ આવે છે. કુદરતી આવે છે. આહા..હા..! સીતાજીને આમ બાળવા (અગ્નિમાં) મૂકે છે. પરીક્ષા દે. રામચંદ્રજી જેવા મહાપુરુષ જેને એક ભવે મોક્ષ છે. એ સીતાજીને કહે છે કે તું રાવણ પાસે રહી છે. પરીક્ષા દે પહેલી. આહા..હા..! પછી (મહેલમાં) પ્રવેશ કરાવો કહે. અગ્નિ ઝળહળતી કરે છે. બેસે છે આમ. કુદરત છે એકદમ શાંતિ. કમળ થઈ જાય છે અને પાણી પાણી થઈ જાય અંદર. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત-નૈમિત્તિકનો મેળ....!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેવો મેળ ખાય છે! અને પછી (રામ) કહે છે, 'ચાલો હવે' બસ! હવે અમે અર્જિકા થશું. હવે મહેલમાં નહિ આવીએ. આ રામ જેવા પુરુષે અમને

ઓળખે છે કે (અમે) કોણ છીએ એણે આવી પરીક્ષાઓ કરી અમારી? આ સંસાર નહિ. જોતો નથી. અર્જિકા થઈ જાય છે. અત્યારે સ્વર્ગમાં છે. આહા..હા..! ધર્મીના અંતરના હૃદયો નિર્મળ જેમ ફાટે છેને સ્ફટિક એવું નિર્મળ થઈ ગયું હોય છે. આહા..હા..! એ વડે પંચાસ્તિકાયને સમજાવે છે કે આહા..હા..! એમ કહીને એમ કહે છે કે સત્યને પ્રરૂપનારો સત્યના પરિણમનવાળો હોવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને એ વાત. જૈનધર્મનું સ્વરૂપ તો જુઓ, ઓહો..હો..!

પરિણમતા આત્માના આનંદ અને જ્ઞાનના બળ વડે. સમજાવે છે એ તો ભાષા છે. એ કાંઈ પરિણમતા બળ વડે ભાષા આવે છે? '**પરિણમતા જ્ઞાનના બળની...**' ભૂમિકા વડે જેને પંચાસ્તિકાય સમજાવે છે, વાણી નીકળે છે. આહા..હા..! એ ભૂમિકામાં આવી વાણી નીકળી છે. આહા..હા..!

'**વિપુલ અચંચળ યોગમાં જેમની બુદ્ધિ નિપુણ છે...**' આહા..હા..! સમાધિ. અંતર સમાધિ... સમાધિ... સમાધિ... આધિ, વ્યાધિ, ઉપાધિરહિત તે સમાધિ. આહા..હા..! યોગ એટલે સમાધિ. આધિ એટલે સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ એટલે શરીરનો રોગ, ઉપાધિ એટલે આ બહારના ધંધા આદિ. ત્રણથી રહિત છે. ઉપાધિ, વ્યાધિ, આધિથી રહિત સમાધિ વીતરાગ પરિણતિ જેને પ્રગટી છે. આહા..હા..! ઓલા સમાધિ બાવા કરે એ નહિ હોં. આ તો આનંદની લહેરમાં ચડી ગયા છે અંદર. વીતરાગ પરિણતિમાં ડોલે છે અંદર. એવી સમાધિ એને સમાધિ કહીએ. ઓલા બાવા આમ કરે અને આમ કરે એની અહીં વાત નથી. આહા..હા..! '**વિપુલ અચંચળ...**' ઓહો..હો..! '**(-વિકસિત સ્થિર સમાધિમાં)...**' આહા..હા..! વિપુલનો અર્થ વિકસિત કર્યું, અચંચળનો અર્થ સ્થિર કર્યું, યોગનો અર્થ સમાધિ કર્યું. આહા..હા..! '**(-વિકસિત સ્થિર સમાધિમાં)...**' રમણતા. આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... સમાધિ. અકષાય પરિણતિરૂપી સમાધિ. આહા..હા..! સમજાણું કાંઈ? એની બુદ્ધિ નિપુણ છે, કહે છે. એમાં બુદ્ધિ નિપુણ છે. આહા..હા..! જુઓ, આચાર્ય જૈનના આવા હોય. એકલા લૂગડા ફેરવ્યા અને નગ્ન થઈ ગયા માટે સાધુ થઈ જાય એમ નથી. આહા..હા..! લૂગડાવાળા તો લૂગડા રાખે એ તો સાધુ પણ નથી, એ તો મિથ્યાદષ્ટિ છે. લૂગડા રાખીને સાધુ માને છે અને મનાવે છે એ મિથ્યાદષ્ટિ જૈનના વિરોધીઓ છે. હવે પછી ઓલા માણસ કહે છેને છાશ લેવા જાય અને દોરણું ક્યાં સંતાડવું? કહે છેને કે ભાઈ! આટલું જોશે અમારે.

અમારે સંસારમાં મામી હતાને મામા પૈસાવાળા હતા અને અહીં કાંઈક મહેમાન આવે તો છાશ ઝાઝી જોતી હોય. દરરોજ તો આપે, પણ જ્યારે મહેમાન આવ્યા હોય તો કઢી કરવી હોય એટલે મોઢા આગળ બોઘરું. લ્યો, મામી આજે બોઘરામાં દસ શેર છાશ જોશે. એમ માણસ નથી કહેતા કે ભાઈ છાશ લેવા જાય અને દોરણું સંતાડે? પાછળ રાખે નાની-મોટી છે? એમ આ ભગવાન એ વસ્ત્ર-પાત્ર વિનાના સાધુ હોય છે. વસ્ત્ર-પાત્રવાળા એ સાધુ

નહિ, એ સમકિતિ નહિ. એવી વાત છે. 'ચિત સમાધિ હુએ દસ બોલ' એવું આવે છે. શાંતિ-શાંતિ. સમકિતની શાંતિ, ચારિત્રની શાંતિ એવા સમાધિના બોલ આવે છે આમાં શ્વેતાંબરમાં.

અહીં કહે છે કે '**વિપુલ...**' આહા..હા..! અતીન્દ્રિય શાંતિના રસમાં વિકસિત અચંચળ સ્થિર એવો યોગ એટલે સમાધિ છે. વીતરાગી શાંતિ-શાંતિ જેને પ્રગટી છે એવા જૈનના આચાર્ય કહેવામાં આવે છે. આને તો કાંઈ ખબર ન મળે જય નારાયણ. જે આવ્યા એ જય નારાયણ કરે. આહા..હા..! '**જેમની બુદ્ધિ નિપુણ છે અને જેમને ગુણો ઉછળે છે,...**' આહા..હા..! ભાષા તો જુઓ, જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવે, એમ કહે છે કે જેની પર્યાયમાં ગુણની પર્યાય ઉછળે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ આદિની દશા. આહા..હા..! સમજાણું કાંઈ? સંતોની મસ્તી તો જુઓ! આ ગુણ શબ્દે પર્યાય હોં. ગુણ તો શબ્દ આવે જ છે ઈ. જેમને અંતરગુણની શક્તિ વ્યક્ત થઈને પર્યાયમાં ઉછળે છે. આનંદની ભરતી એમ કહે. આહા..હા..! જ્ઞાનની ભરતી, શાંતિની ભરતી આવે. આહા..હા..! વીર્યની ભરતી. એવા આચાર્યને આચાર્ય કહેવામાં આવે છે. આહા..હા..!

'**તે આચાર્યોને...**' હવે પોતે કહે છે મુનિરાજ. આવા '**આચાર્યોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે...**' અમે જાણનાર છીએ કે ભક્તિ કરવી અને કોની કરવી? આહા..હા..! '**તે આચાર્યોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે...**' વાદીરાજ પોતે કહે છે. '**ભવદુઃખરાશિને ભેદવા...**' ભવના દુઃખના ઢગલાને છેદવા. '**માટે પૂજીએ છીએ.**' એટલી ઉપમા કરી છે. છે તો શુભભાવ અંદરનો, પણ અંદરમાં દૃષ્ટિ સ્વભાવ ઉપર છેને જોર. ભવના છેદવા માટે અમે વંદન કરીએ છીએ. આહા..હા..! કુશળ છીએ અમે કહે છે. આવા આચાર્યોને વંદન કરવા અને ભક્તિ કરવામાં અમે ડાહ્યા છીએ. અમને ખબર છે કે કોને (વંદન કરવા)! આહા..હા..!

'**વળી, (આ ૭૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**' ઈ? એ આવી ગયો છે. બીજો શ્લોક. ઓલીકોર.

(हरिणी)

**सकलकरणग्रामालंबाद्विमुक्तमनाकुलं**
**स्वहितनिरतं शुद्धं निर्वाणकारणकारणम्।**
**शमदमयमावासं मैत्रीदयादममंदिरं**
**निरुपममिदं वंद्यं श्रीचन्द्रकीर्तिमुनेर्मनः।।१०४।।**

આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ મુનિ પોતાના ગુરુને વંદન કરે છે. મુનિ આવા છે. આહા..હા..! પોતે કહે છે કે મારા મુખમાંથી પરમાગમ ઝરે છે. બે-ત્રણ ઠેકાણે. એ મુનિ કહે છે કે હું આવા મુનિના ભાવને વંદન કરું છું, એની પરિણતિને વંદન કરું છું. આહા..હા..! જાણી ગયા મુનિની પરિણતિ? છદ્મસ્થ છેને. એ આ ૯૦૦ વર્ષ પહેલાં. ભગવાન પછી

તો ૧૧૦૦ વર્ષ થઈ ગયા. ઘણા વર્ષ થઈ ગયા. ૧૧૦૦ શું? ૨૫૦૦ ગયાને? આ ૧૬૦૦. ઈ કહે છે કે અમારા જે મુનિ છે ઈ કેવા છે? **'સકળ ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...'** જેનું ચૈતન્ય પરિણમન **'સકળ ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...'** થઈ ગયું. અમે જોઈએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ઈન્દ્રિયોનું જેને અવલંબન નથી. એકલો આત્માના અવલંબનથી વીતરાગી પરિણતિ જેને પર્યાયમાં પ્રગટી છે એવા ચંદ્રકીર્તિ મુનિનું ચૈતન્ય પરિણમન એને અમે વંદન કરીએ છીએ. આહા..હા..! એના નગ્ન ભેખને નહિ, એના મહાવ્રતના વિકલ્પને નહિ.

**'સકળ ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું, અનાકુળ,...'** આહા..હા..! અરે! પ્રભુ! કેટલી પરીક્ષા જોઈએ તને? એ ચંદ્રકીર્તિનું પરિણમન અનાકુળ છે, કહે છે. આનંદવાળો છે. આહા..હા..! આ હમણાના સાધુ આ નવસો વર્ષ પહેલા. પંચમ આરાના સાધુ. સાધુ પાધરો ક્યાં ... હતો? આહા..હા..! એ **'સકળ ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...'** શું? ચૈતન્યનું પરિણમન. મોક્ષનો માર્ગ જે પરિણમ્યો છે અંદર વીતરાગી પરિણતિ એ ઈન્દ્રિયના સમૂહના આલંબન વિનાની છે. અનાકુળ પરિણતિ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદની દશા જેને થઈ છે એવા મુનિને અમે વંદન કરીએ એના પરિણમનથી. આહા..હા..! **'સ્વહિતમાં લીન,...'** છે. કેવા છે મુનિ ચંદ્રકીર્તિ? પોતાના આનંદના સ્વરૂપમાં, હિતમાં લીન છે. આહા..હા..! પરનું હિત થાય ન થાય એ તો વિકલ્પ (નથી). અહીં તો પોતાના હિતમાં લીન છે.

**'નિર્વાણના કારણનું કારણ...'** છે. એ ચંદ્રકીર્તિનું પરિણમન વીતરાગીદશા નિર્વાણનું કારણ જે શુક્લધ્યાન એનું એ કારણ છે. નિર્મળ પરિણતિ. આહા..હા..! અરેરે! આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૩, બુધવાર, તા. ૧૮-૦૨-૧૯૭૬, કળશ-૧૦૪, ગાથા-૭૪, પ્રવચન નં. ૧૮૨

આ નિયમસાર. નિયમસાર એટલે મોક્ષનો ઉપાય. એનો આ અધિકાર છે. કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં આ ભરતક્ષેત્રમાં હતા દિગંબર મુનિ. જમીનથી ચાર તસુ ઉંચે ચાલવાની લબ્ધિ હતી. એથી ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર(ની રચના કરી હતી). એમાં કહે છે કે આ શાસ્ત્ર મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. આહા..હા..! ભાવલિંગી

સંત હતા નગ્નદિગંબર. જૈનના મુનિઓ તો અનાદિ નગ્નદિગંબર જ હતા. પછી આ ફેરફાર બધો થયો. મૂળ તો અનાદિ માર્ગ એ હતો. એ ભગવાન પાસે જઈ ત્યાં આઠ દિ' રહ્યા હતા. આ શાસ્ત્ર બનાવ્યું. એમાં પાંચ પદની વ્યાખ્યા છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કોને કહેવા? એમાં આ આચાર્યની વ્યાખ્યા આપણે છેને ૧૦૪. ૧૦૪ કળશ છે. પાનું-૧૪૪ ગુજરાતીમાં. આહા..હા..! જરી ઝીણી વાત છે, ભાઈ!

કહે છે કે આચાર્યનું મન કેવું હોય છે? એટલે? આચાર્યનો જે આત્મા છે એના ચૈતન્યની પરિણમનની દશા કેવી હોય છે? આહા..હા..! ઈ કહે છે કે ઈ '**સકળ ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...**' આહા..હા..! શાંતિથી આ તો ઝીણી વાત છે, ભાઈ! અત્યારે તો બધું બહારનું ચાલે થોથા-થોથા. અંદરની મૂળ વાત આખી પડી રહી છે. કહે છે કે ધર્માત્મા જે આચાર્ય હોય જૈનના એનું ચૈતન્ય પરિણમન, ચૈતન્ય વસ્તુ જે ભગવાન આત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનનું અખંડ તત્ત્વ પ્રભુ, એની પર્યાયમાં, એની અવસ્થામાં શુદ્ધ ચૈતન્યનું પરિણમન જેને આનંદની ધારા વહેતી હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેવો આનંદ? આ તમારા પૈસામાં અને ધૂળમાં હોય ઈ છે? એ તો બધું દુઃખ છે. ધૂળમાં ત્યાં ક્યાં સુખ હતું? આહા..હા..! ભગવાન આ આત્મા જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો, અનંત આત્મા જોયા, એવો આ એક આત્મા. એ આત્મામાં અનંત આનંદ અને અતીન્દ્રિય અનંત શાંતિ અને અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણ ભર્યું છે. આહા..હા..! એવો જે ભગવાન આ આત્મા દેહ, વાણી આ જડથી જુદો, પુણ્ય-પાપના વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ બધા રાગ વિકાર છે. એનાથી ભગવાન અંદર ચિદાનંદ જુદો, એનો જેને અનુભવ થયો છે એ આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની ગાંઠડી છે એ તો. સાંભળ્યો નથી કેવો આત્મા છે. આહા..હા..! એવા આત્મામાં એનું પરિણમન એટલે આનંદની દશા. આહા..હા..! જે આનંદસ્વરૂપ છે એ પૂર્ણ વસ્તુ અને એનો આશ્રય લઈને જેને અતીન્દ્રિય આનંદની વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદની ધારા વહે છે. અરે! આ શું?

ઈ અહીં કહે છે. '**ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...**' એનું પરિણમન છે. આહા..હા..! હજી તો પહેલી ચીજ શું છે એ સમજવાને જગતને ઠેકાણા ન મળે. અહીંયાં તો કહે છે કે ધર્માત્મા નમો આઈરિયાણં એ આચાર્ય કેવા હોય? કે જેના આનંદનો સાગર ભગવાન એનું અંદર પરિણમન દશામાં અતીન્દ્રિય આનંદની ભરતી આવી હોય છે. અરેરે! આ શું? સમજાણું કાંઈ? ઈ '**ઈન્દ્રિયસમૂહના આલંબન વિનાનું,...**' એ પરિણમન છે. પરિણમન શું એ પણ હજી.... આહા..હા..! જેને અંતર આનંદસ્વરૂપ ભગવાન એનો અંતર અનુભવ થઈને, અતીન્દ્રિય આનંદની જ્યાં દશામાં પર્યાયમાં સ્વાદ આવ્યો છે. લે, એ વળી કેવો હશે? સ્વાદ તો આ દૂધપાક અને પેંડા એનો કહે છે માણસ. ધૂળમાંય નથી ત્યાં. એ તો જડ છે. આહા..હા..! એ પેંડા અને દૂધપાકનો જ સ્વાદ આત્માને નથી આવતો. એ 'ઠીક

છે' એમ માનીને રાગનો સ્વાદ અજ્ઞાનીને આવે છે.

અહીંયાં તો આત્માના આનંદની વાત છે ધર્મની. ધર્મી એને કહીએ, આહા..હા..! આચાર્ય એને કહીએ, આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા એની વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદ ઉછળી ગયો છે. આવું કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. આ તો દયા પાળે, વ્રત પાળે એ સાધુ. ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ? આહા..હા..! જેને અંતર આનંદની દશામાં પરિણમન એટલે અવસ્થામાં જેને ઇન્દ્રિયના વિષયોનું આલંબન નથી. આહા..હા..! અનાકુળ છે, આનંદ છે. આહા..! જેની દશામાં અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો છે. આહા..હા..! એને આચાર્ય કહીએ એમ કહે છે. સમ્યગ્દષ્ટિને ધર્મની પહેલી સીઢીવાળા સમકિત દૃષ્ટિને અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોય છે, પણ તેને થોડો હોય છે. સમકિતી જેને કહીએ, ધર્મની પહેલી સીઢીવાળા કહીએ, પહેલી શ્રેણીવાળા એને અતીન્દ્રિય આનંદની ધારા પર્યાયમાં હોય છે, પણ થોડી હોય છે. અને આ તો આચાર્ય છે. આહા..હા..! એ 'સુખીયા જગતમાં સંત દુરિજન દુઃખીયા.' સંત તો એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદના અનાકુળ શાંતિની ધારા વહે છે અંદર. આહા..હા..! અરે! આ શું હશે? આવું તો કોઈ દિ' સાંભળ્યું નથી, પોપટભાઈ! આહા..હા..! આ તો ભગવાનના ઘરની ભગવાન કહે છે. પરમાત્મા કહે છે આ જુઓ, આહા..હા..!

જિનેશ્વરદેવ કેવળી પરમાત્મા ત્રિલોકનાથ અરિહંતની ધ્વનિનો આ ભાવસાર છે. આહા..હા..! કહે છે કે અનાકુળ છે. આચાર્યના સંતની દશા અંતરમાં આનંદરૂપ છે. જેને વિકલ્પ નથી એવી અનાકુળ દશા છે. આહા..હા..! **'સ્વહિતમાં લીન,...'** છે. પોતાના આનંદસ્વરૂપમાં એ તો લીન છે. પરનું હિત થાય, ન થાય એનો વિકલ્પ એને છે નહિ. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે કહ્યો તે આત્મા હોં. અજ્ઞાની કહે તે એ નહિ. આહા..હા..! એવા આત્મામાં જે લીન છે. આહા..હા..! **'શુદ્ધ,...'** છે. પવિત્ર પરિણતિ છે જેની. વીતરાગધારા, અવસ્થા જેની વીતરાગધારા શુદ્ધ છે. આહા..હા..! દયા, દાન વિકલ્પ છે એ બધો અશુદ્ધ અને વિકાર છે. આહા..હા..! ભારે આકરું કામ આવું. જેની અંતર ધારા સમ્યગ્દષ્ટિ મુનિની શુદ્ધદશા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પંચમહાવ્રતના પરિણામ પણ અશુદ્ધ છે, એ વિકલ્પ છે અને રાગ છે. આહા..હા..! ત્યારે આમ પરિણમન ધર્માત્માનું શુદ્ધ છે. આહા..! ભારે કામ ભાઈ! આકરું જગતને. આ તે ક્યાંનો ધર્મ હશે આવો? જૈનધર્મ હશે આવો? એ જૈનધર્મ આ છે. આહા..હા..! આ એક જ ધર્મ છે. બીજે ક્યાંય બીજો ધર્મ છે જ નહિ. આહા..હા..!

ભાઈ! કહે છે, **'નિર્વાણના કારણનું કારણ,...'** છે. આહા..હા..! કોણ? કે મોક્ષનું કારણ શુક્લધ્યાન, મોક્ષનું કેવળજ્ઞાનનું કારણ શુક્લધ્યાન. શુક્લધ્યાનનું કારણ મુનિઓના આચાર્યનું ચૈતન્ય પરિણમન. આહા..હા..! આ આવો ઉપદેશ કઈ જાતનો? ઓલું તો છ કાયની દયા

પાળો, ઈચ્છામી પડિક્કમણું તસ્સ મિચ્છામી દુક્કડમ. લીલાધરભાઈ! આ બાપુ! એ મારગડા જુદાં, પ્રભુ! જિનેન્દ્રના માર્ગ વીતરાગના બહુ જુદી જાતનો માર્ગ છે. કહે છે કે મુનિઓનું પરિણમન વીતરાગીદશા થઈ હોય તે મુનિ હોં. આમ લૂગડા છોડીને નાગા થયા કે મુનિ થઈ ગયા પંચમહાવ્રત માટે મુનિ એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** જૈન મુનિ.. સાધુ હોય ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને કહેવા પણ સાધુ?

**શ્રોતા :-** બાવા ઈ સાધુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાવા ઈ સાધુ નહિ. અહીં તો સ્વરૂપને સાધે તે સાધુ. આ અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ તેને સાધે અંતર અતીન્દ્રિયની દશા દ્વારા તે સાધુ. આહા..હા..! જુદી વાત, ભાઈ! હજી પાંચ પરમેષ્ઠીની હજી ખબર ન મળે. બોલે જાય નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ગડીયો હાંકે જાય. પણ શું કોને કહેવા અરિહંત? કોને કહેવા સિદ્ધ? કોને કહેવા આચાર્ય, સાધુ ખબર ન મળે. વાડાના સાધુ માને એને સાધુ માને. આહા..હા..! વસ્તુ જુદી છે, બાપુ! કહે છે, મોક્ષના કારણનું કારણ, મોક્ષ પરમાનંદની પ્રાપ્તિ સિદ્ધદશા એનું કારણ શુક્લધ્યાન અને એ શુક્લધ્યાનનું કારણ મુનિનું નિર્મળ ચૈતન્ય પરિણમન. આહા..હા..! અરે! આવું ક્યાંથી લાવ્યા? કોક કહે. આવું? આહા..હા..!

'**શમ-દમ-યમનું નિવાસસ્થાન,...**' આનંદસ્વરૂપ ભગવાન. અતીન્દ્રિય આનંદ હોં. આ દુનિયાના ઈન્દ્રિયના સુખ અને પૈસાના સુખ ધૂળ ઝેર છે એ તો. ચક્રવર્તીના ઈન્દ્રના સુખ છે એ બધા ઝેર સુખ છે. આહા..હા..! એ તો ઝેરના પ્યાલા પીને અમે સુખી છીએ એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આ તો અંદર અતીન્દ્રિય આત્માનું પરિણમન. ઈ કેવું છે? કે શમ. જેમાં ઉપશમભાવ પડ્યો છે. આહા..હા..! અકષાય શાંતિ... શાંતિ... શાંતિ... એનું એ નિવાસસ્થાન છે. કોણ? મુનિઓનું અંતર જે પરિણમન નિર્મળ ધામ શુદ્ધદશા એ શમનું સ્થાન છે-સમતાનું એ સ્થાન છે. આહા..હા..! સમતા પૂર્ણ સમતાનું સ્થાન તો ભગવાન ધ્રુવ આત્મા છે. આહા..હા..! એના ધ્રુવને અવલંબે અંતરમાં જે શમતા, વીતરાગતા, અકષાયતા, શાંતિદશા અંતર આનંદના સહિતની શાંતિદશા પ્રગટે તેને શમ કહે છે. આ સામાયિક નથી કહેતા? સામાયિક કોને કહેવી સામાયિકની ખબર ન મળે. આહા..હા..! જેના આત્માના આનંદની દશામાં શમતાનો એ વાસ છે, ઈ કહે છે. વીતરાગ ત્યાં વસે છે વીતરાગતા. આહા..હા..! શું કીધું ઈ?

જેનો આત્મા.. આચાર્ય એને કહીએ. આચાર્ય, ઉપાધ્યાય, મુનિ એને કહીએ. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન પૂર્ણ ભર્યો છે. એમાંથી જેણે અતીન્દ્રિય આનંદની ધારા પરિણતિ દશામાં કાઢી છે એમાં શમતા વસે છે. સમજાણું કાંઈ? અરે! આ કેવો ઉપદેશ આવો? ઓલું તો ઈચ્છામી પડિક્કમણું તસ્સ મિચ્છામી દુક્કડમ લ્યો. અને ઓલું તાવકાંય

ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. મનસુખભાઈ! એમ હતું કે નહિ? કાંઈ ખબર નહોતી. બધી ખબર છેને અહીં તો ત્યાં. અહીં તો ૬૩ તો દીક્ષાના થયા. ૬૦ ને ૩. ઘણું જોયું. કાંઈ ઠેકાણા ન મળે. ધર્મ કોને કહેવો અંતરમાં. સમ્યગ્દર્શન કોને કહેવું એના ઠેકાણા ન મળે.

અહીં તો કહે છે ધર્માત્મામાં ચૈતન્યની દશા વીતરાગી એમાં સમતા વસે છે. એ સમતાનું ઘર છે, એ દમનું ઘર છે. આહા..હા..! ઇન્દ્રિયો દમન થઈ ગઈ છે. પાંચેય ઇન્દ્રિય તરફથી વસવાટ ખસી ગયો છે અને અતીન્દ્રિય આનંદમાં જેનો વસવાટ વસ્યો છે. આહા..હા..! પોપટભાઈ! અલૌકિક વાત. આ તમારા પૈસાવાળાને સુખી-દુઃખી તો અહીં કાઢી નાખ્યા. વાત જ નથી. આહા..હા..!

'**દમ...**' પાંચેય ઇન્દ્રિય તરફનું વલણ વિકલ્પ છૂટી ગયો છે અને ઇન્દ્રિયના આનંદનું દમન અંદર થઈ ગયું છે અને અતીન્દ્રિય આનંદની શાંતિ પ્રગટ થઈ છે. એનો ઈ દ્રવ્ય નહિ હોં એની પર્યાય. આહા..હા..! પર્યાયરૂપી પરિણમનમાં જેને દમ વસેલો છે. ઇન્દ્રિયનું દમન ત્યાં થઈ ગયું છે. અતીન્દ્રિય દશા પ્રગટી છે. યમ નામ સંયમ. સંયમ એટલે? આ બહારની ક્રિયા નહિ. અંદરમાં આનંદરૂપી સમ્યગ્દર્શનસહિત યમ નામ લીનતા જેને અંતર વસે છે એવા સંયમનું ચૈતન્યની પરિણતિ એ સંયમનું સ્થાન અને ઘર છે. ભાષા પણ જુદી.

'**મૈત્રી-દાયા-દમનું મંદિર...**' છે. આહા..હા..! અવિકારી પરિણતિ આખી દુનિયાની સાથે, કોઈ સાથે વિરોધ નથી. મૈત્રી-મૈત્રી. અને દયા, અહિંસાભાવ, રાગની ઉત્પત્તિ નહિ એવી દયા અને દમ. એ ઇન્દ્રિયનું દમન. એ મંદિર એનું મંદિર છે. એ ધર્માત્માની પરિણતિ દશા આનું મંદિર છે. આ મંદિરમાં ભગવાન બિરાજે એ તો સ્થાપના નિક્ષેપ છે. આહા..હા..! '**એવું આ શ્રી ચંદ્રકીર્તિમુનિનું નિરુપમ મન...**' મુનિ કહે છે હોં! પદ્મપ્રભમલધારિદેવ મુનિ ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. ભાવલિંગી સંત. દિગંબર મુનિ નવસો વર્ષ પહેલાં આ ટીકા કરે છે. પોતે ભાવલિંગી સંત છે. ઈ કહે છે કે અમારા આચાર્ય આવા પરિણમનવાળા છે એને અમે વંદન કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહીને એના ગુણની પરિણમન દશા બતાવી અને એમ કહીને એમનું શરીર, નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ તે અમારે વંદ્ય નથી (એમ કહ્યું). સમજાણું કાંઈ? આહા..હા..!

'**એવું આ શ્રી ચંદ્રકીર્તિમુનિનું...**' એમના આચાર્ય ગુરુ. એમનું '**નિરુપમ મન...**' પરિણતિ જેની નિર્મળ પરિણતિ જેને ઉપમા ન મળે એવી વીતરાગદશાની ધારા વહે છે એ અમારે વંદ્ય છે. આહા..હા..! મુનિરાજ ભાવલિંગી સંત સમકિતી એ એમ કહે છે કે આવા મુનિનું પરિણમન અમારે વંદ્ય છે. આહા..હા..! શું છે આ? ભાઈ! મારગડા બહુ જુદાં છે જિનેશ્વરદેવના. જિનેશ્વર, પરમેશ્વર એનો પંથ કોઈ નિરાળો જગતથી છે. આ વાડામાં તો અત્યારે આ ક્રિયા કરો, પંચમહાવ્રત પાળો, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, એ બધી ક્રિયાકાંડોમાં ધર્મ માની બેઠા છે. એ ધર્મ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નથી કરવી એને શું ભાન? શું કરવું છે એને? રાગ કરવો છે ઈ ક્રિયા છે ત્યાં તો. આ તો રાગ નથી અને વીતરાગી પરિણતિ પ્રગટ કરવી એ ધર્મ છે. આહા..હા..! છે એવી વાત. જગતથી ઉથલ-પાથલની વાત છે આ તો. ઈ ૧૦૪ થઈ.

૭૪ ગાથા. હવે જૈનના ઉપાધ્યાય કેવા હોય? **નમો લોએ** ઉવજ્ઝાયણં આવે છેને? **નમો** ઉવજ્ઝાયણં. આ ત્રણની વાત થઈ ગઈ. અરિહંતની, સિદ્ધની, આચાર્યની. હવે ઉપાધ્યાય કેવા હોય જૈનના? ૭૪. ઈ શું છે પહેલો શબ્દ? 'ર' .. છે એમાં? આમાં ભુલાઈ ગયો છે.

**रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा।**
**णिक्कंखभावसहिया उवज्झाया एरिसा होंति।।७४।।**
**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

'**ટીકા :- આ અધ્યાપક (અર્થાત્ ઉપાધ્યાય) નામના પરમગુરુ...**' જૈનના ઉપાધ્યાય. જૈન પરમેશ્વરના માર્ગમાં ઉપાધ્યાય કોને કહેવા? એના સ્વરૂપનું આ વર્ણન છે. '**(ઉપાધ્યાય કેવા હોય છે?) (૧) અવિચલિત અખંડ...**' આહા..હા..! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ પોતે પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા છે અંદર. ઈ કેવો છે? કે '**અવિચલિત...**' ચળે નહિ એવી ધ્રુવ ધાતુ પડી છે એ. નિત્યાનંદ પ્રભુ આત્મા, નિત્ય આનંદનો નાથ, પ્રભુ! આહા..હા..! અવિચલિત છે. એ કોઈ દિ' પોતાના સ્વભાવથી ચળતો નથી. ત્રિકાળી ધ્રુવસ્વભાવથી ચળતો નથી. આહા..હા..! '**અખંડ...**' છે. એ વસ્તુ અંદર અખંડ છે. જેમાં ભેદ નથી, પર્યાયનો પણ ભેદ નથી એવી એ ચીજ છે. પર્યાય શું કહેવું? અને દ્રવ્ય શું કહેવું? વસ્તુ છે એ ત્રિકાળી ધ્રુવ છે અને એની વર્તમાન અવસ્થા છે તેને પર્યાય કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાય વિનાનું અખંડ ચીજ છે ધ્રુવ. આહા..હા..!

'**અદ્વૈત...**' છે. બેપણું નથી. એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, નિત્યભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ, પરમપારિણામિકસ્વભાવભાવ. '**પરમચિદ્રૂપનાં...**' એવું પરમજ્ઞાનરૂપ જેનું છે. આહા..હા..! જે ત્રિકાળી જ્ઞાન ધ્રુવરૂપ પ્રભુ એ અવિચલિત છે, અખંડ છે, અદ્વૈત છે અને પરમજ્ઞાનરૂપ છે ઈ. એ આત્માનો સ્વભાવ ત્રિકાળની વાત ચાલે છે આ. આહા..હા..! એ '**ચિદ્રૂપના શ્રદ્ધાન,...**' એનું સમકિત. એવી ત્રિકાળી ચીજની શ્રદ્ધા સમકિત. હજી સમકિત કોને કહેવું એની ખબર ન મળે. આ દેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા અને થઈ ગયું સમકિત. નવ તત્ત્વને માન્યા થઈ ગયું સમકિત. ધૂળેય નથી સાંભળને. એવા તો ખોખા અનંતવાર કર્યા.

'**અવિચલિત...**' પ્રભુ અંદર ધ્રુવ ધાતુ. શરીર, વાણી, મનથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી

ભિન્ન. એક સમયની અવસ્થાથી પણ જે ચીજ અંદર ભિન્ન છે. આહા..હા..! આવો ઉપદેશ જૈનનો હશે? એને જૈનની ખબર નથી. જૈન સિવાય બીજે ક્યાંય છે ક્યાં? પણ જૈનનું શું સ્વરૂપ છે એ સાંભળવા ક્યાં મળ્યું છે એને? આહા..હા..! એક તો જાણે ધંધા આડે નવરો ન થાય. પાંચ-છ-આઠ કલાક ધંધામાં જોવે, સૂવામાં આઠ કલાક જોવે. હવે કાંઈક ખાવું, ભોગમાં બે કલાક જોવે. એમાં વખત કલાક આદિ મળે તો સાંભળવા જાય તો માથે કીધું હોય એ જય નારાયણ થઈ રહ્યું. આહા..હા..! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ વીતરાગ પરમેશ્વરની દિવ્યધ્વનિમાં આવેલું આ સ્વરૂપ છે. આહા..હા..! ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, સીમંધર પરમાત્મા, પાંચસો ધનુષનો દેહ છે, કરોડપૂર્વનું આયુષ્ય છે, કરોડપૂર્વનું આયુષ્ય છે. બિરાજે છે ભગવાન. મનુષ્ય ક્ષેત્રે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. વાણિયાને આકરું પડે એવું છે. એક પૂર્વના કાળમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય. એવા-એવા કરોડપૂર્વનું ભગવાનનું આયુષ્ય છે અત્યારે. મહાવિદેહમાં મનુષ્યપણે બિરાજે છે. છે કેવળીપણે હોં. એ મનુષ્યપણે કહેવું એ. આહા..હા..! ઈ ભગવાન પાસેથી જઈને આ વાત લાવ્યા છે. આહા..હા..!

કહે છે કે એની શ્રદ્ધા, સમ્યગ્દર્શન એ શ્રદ્ધા, પણ શેની? કે '**અવિચલિત અખંડ અદ્વૈત પરમચિદ્રૂપનાં શ્રદ્ધાન,...**' આહા..હા..! નિત્યાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ જે છે આત્મા. ધ્રુવ એ ચળ્યા વિનાની અખંડ અને એકરૂપ એવું પરમજ્ઞાનરૂપ વસ્તુ એની શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવા ઠેકાણા નહિ અને ચારિત્ર અને વ્રત ને તપ લઈને બેઠા, થઈ ગયા સાધુ. ધૂળેય નથી સાધુ. પણ વાણિયાને દરકાર પણ ક્યાં છે ઓલા રળવા આડે, ભોગ આડે. પાંચ-પચાસ લાખ મળે ધૂળ લાખ તો થઈ રહ્યું જાઓ. પરમ દિ' આવ્યો નહોતો અહીં એક તમારે. મહાજન નહોતા બેઠા તમારી પાસે? એક પાસે પાંચ કરોડ હતા અને એક પાસે એક કરોડ. બેય બેઠા હતા ત્યાં. અહીં ઘણા આવે એવા તો. પાંચ કરોડ. નહિ? આફ્રિકામાં એને મોટું કારખાનું છે પાંચ કરોડનું. આજે બેઠા હતા વ્યાખ્યાનમાં. એણે બિચારા સાંભળ્યું. કોઈ દિ' સાંભળ્યું ન હોય ધૂળમાં. કહે, મહારાજે પાંચ લિટીમાં તો એક કલાક ગાળ્યો કહે.

**શ્રોતા :-** રૂપિયામાં હોંશ કેટલી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળનીય હોંશ નથી. સોજા છે. એ સોજાના સુખડા! સોજા સમજો છો? ઈ નિરોગતા છે? એમ પૈસાના સોજા ચડ્યા છે એને. આહા..હા..! બાપુ! તને ખબર નથી, ભાઈ! તું કોણ છો? તું પૈસામાં નહિ, પૈસા તારા નહિ, શરીરમાં તું નહિ, શરીર તારું નહિ, પુણ્ય-પાપના ભાવ તારા નહિ, પુણ્ય-પાપમાં તું નહિ. અરેરે! એની ખબરું ન મળે. આહા..હા..! ભગવાન તો એમ કહે છે કે આવું અંતર વસ્તુ અખંડ પ્રભુ છે. અદ્વૈત અખંડ ચિદ્રૂપની શ્રદ્ધા ઈ જેને નથી, એ ચાલતા મડદાં છે બધા. જયંતિભાઈ! સમજાણું

કે નહિ આ? તમારા બાપને કહીએ છીએ. પૈસા-પૈસા હુંડીના ધંધા. ધૂળમાંય નથી ત્યાં. મૂર્ખાઈ મૂર્ખ થઈને માને છે. આહા..હા..!

અહીં કહે છે કે આવો ભગવાન અંદર બિરાજે છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું પરમાત્મસ્વરૂપે ધ્રુવ છો. આહા..હા..! અરે! એણે શબ્દો પણ સાંભળ્યા ન હોય એ જાતને જાણવા કે દિ' પ્રયત્ન કરે? સમજાણું કાંઈ? કહે છે, આહા..હા..! શું પણ ટીકા કરી છેને! આ શરીર નહિ, વાણી નહિ, મન નહિ. પૈસા તો ક્યાંય ધૂળ બહાર રહી ગઈ. પુણ્ય-પાપના ભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ રાગ છે, એ પણ નહિ. આહા..હા..! અરે! રાગને જાણવા કાળે જ્ઞાનની પર્યાય જાણે કે આ રાગ છે. એક સમયની પર્યાય એ પણ નહિ. આહા..હા..! એવો જે આ ભગવાન અંદર આનંદનો નાથ અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, **'અવિચલિત અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ...'** એની શ્રદ્ધા એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! અને જ્યાં આવું સમ્યગ્દર્શન નથી એના જ્ઞાન અજ્ઞાન છે, એના વ્રત અને તપ બધા બાળ તપ અને મૂર્ખાઈ ભરેલા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવું જે સ્વરૂપ અવિચલિત અખંડ પરમપારિણામિકભાવ. ભાષા તમને ન બેસે. પરમપારિણામિક એટલે સહજસ્વભાવ. ત્રિકાળી સહજ ધ્રુવસ્વભાવ અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ જ્ઞાનરૂપ જેનું છે. જેનું જ્ઞાન એ રૂપ છે. સમજણનો પિંડ એ આત્મા છે. આહા..હા..! એની શ્રદ્ધા એનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ નહિ. આહા..હા..! **'અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપ...'**નું જ્ઞાન, એની શ્રદ્ધા સન્મુખ થઈને, અનુભવ કરીને પ્રતીતિ અને એ અવિચળ અખંડ અદ્વૈત ચિદ્રૂપનું જ્ઞાન. એની આ વસ્તુ એમ છે એનું જ્ઞાન. આહા..હા..! એને જ્ઞાન કહેવામાં આવે છે. એકલા શાસ્ત્રના ભણતરને આ તમારા વકીલાતના એલ.એલ.બી.ના પૂંછડા અને આ એમ.એ.ના એ બધા અજ્ઞાન છે.

**શ્રોતા :-** ..નીકળી ગઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નીકળી ગઈ. આહા..હા..! અહીં તો કહે છે ચિદ્રૂપ જ્ઞાન જેનું ત્રિકાળી રૂપ છે. જ્ઞાનસ્વભાવભાવ જેનું ત્રિકાળી સ્વરૂપ છે. એનું જ્ઞાન. આહા..હા..! એને જ્ઞાન કહેવામાં આવે છે. બાકી બધા એકડા વિનાના મીંડા છે. કહો, સમજાણું કાંઈ? નેમિચંદભાઈ! એવો ભગવાન આત્મા અંદર અવિચલિત અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ એનું અનુષ્ઠાન-એમાં રમવું એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. નગ્નપણું અને પંચમહાવ્રતના વિકલ્પ એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'અવિચલિત અખંડ અદ્વૈત પરમચિદ્રૂપ...'** આહા..હા..! એનું શ્રદ્ધાન, એનું જ્ઞાન, એનું અનુષ્ઠાનરૂપ. નીચે અર્થ કર્યો છે. એવો જે ભગવાન જ્ઞાનસ્વરૂપમાં આચરણ. તો આચરણ એટલે ઠરવું એમાં. રમવું. આનંદના ધામમાં રમણતા એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ વિધાન છે. જ્ઞાનાનંદસ્વરૂપમાં રમવું એ વિધાન એની વિધિ છે મોક્ષની. અમલમાં મૂકવું. જે જાણ્યું, શ્રદ્ધામાં લીધું હતું કે આનંદનો નાથ પ્રભુ

આ છે, એને અમલમાં મૂકવું, ઠરવું. આહા..હા..! એનું નામ ચારિત્ર છે, એનું નામ આત્માનું અનુષ્ઠાન છે, એનું નામ આત્માનું આચરણ છે, એનું નામ આત્માના મોક્ષમાર્ગની નિર્મળદશા છે. સમજાણું કાંઈ?

એવું '**અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા;...**' હોય છે લ્યો. આહા..હા..! ઉપાધ્યાય. જૈનના ઉપાધ્યાય આવા હોય છે. '**શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રય...**' ભાષા દેખો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે શાસ્ત્રની શ્રદ્ધા એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે, એ વસ્તુ નથી. પરમાનંદ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ, જિનેશ્વરે આ આત્માને જોયો એવો જે પૂર્ણ ધ્રુવસ્વભાવ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું અનુચરણ એ નિશ્ચયસ્વભાવરત્નત્રયવાળા છે. નિશ્ચય સ્વભાવરત્નત્રય. રત્નત્રય એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન ત્રણ. જેની મૂળમાં સિદ્ધપદ મળે.

**શ્રોતા :-** રતન કાયમ રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ રતન તો કાયમ રહે ત્યાં. દાખલો નથી આપ્યો કે ભાઈ! સમકિતથી મોક્ષ થાય અને મોક્ષમાં પણ સમકિત રહે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. છેને. આહા..હા..! દાખલો આપ્યો મોક્ષમાર્ગપ્રકાશક. મોક્ષનો માર્ગ રત્નત્રય છે અને પાછું મોક્ષમાં એ સમકિત તો રહે છે. આહા..હા..!

**શ્રોતા :-** એક ન્યાયે પૂરો થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૂરું-પૂરું. ત્યાં પણ પૂરું. સમકિત પૂરું, જ્ઞાન પૂરું અને ચારિત્ર. આહા..હા..! કોઈ કહે છેને કે સિદ્ધમાં ચારિત્ર ન હોય. ઈ તો સંયમ, ઈન્દ્રિય દમન આદિ એ ન હોય. ચારિત્ર તો સિદ્ધમાં પૂર્ણ છે. આહા..હા..! અંતર પૂર્ણાનંદનો નાથ પરિણતિમાં પૂર્ણ જ્યાં રમણતા પ્રગટ થઈ છે તેનું નામ સિદ્ધદશા છે. આહા..હા..! એનું નામ સિદ્ધાણં. નમો સિદ્ધાણં. આહા..હા..! આવા ઉપાધ્યાય જૈનના હોય છે. એ સિવાય કલ્પિત હોય તે જૈનના ઉપાધ્યાય નહિ. બહારના નગ્નપણા, લૂગડા ફેરવ્યા, નગ્ન થયો એ પંચમહાવ્રતના કદાચિત્ પરિણામ કરતો હોય, પણ આ સ્વભાવરત્નત્રય ન હોય તો તે સાધુ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાનની .. છે ... આ ભગવાનનું છેને. ભગવાનનો માર્ગ સંતો આડિતયા તરીકે વેચે છે જગતને. માલ ભગવાનનો છે આ. મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ જગતને જાહેર કરે છે. માર્ગ આ છે, બાપા! આહા..હા..! એક સેકન્ડ પણ એણે અનંતકાળમાં આ રીતે જાણ્યું નથી. બાકી કલ્પના વ્યવહાર કર્યા, ભક્તિ, જાત્રા, પૂજા, દયા, દાન, વ્રત ને અપવાસ. બધી ક્રિયાઓ રાગની છે. એમાં માન્યો ધર્મ. મિથ્યાત્વને સેવ્યા. ચાર ગતિમાં રખડ્યો. આહા..હા..! એવા નિશ્ચયસ્વભાવરત્નત્રયવાળા આહા..હા..! તે જૈનના ઉપાધ્યાય હોય છે. વળી કેવા હોય છે એ ઉપાધ્યાય?

'**જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા...**' જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા એના મુખરૂપી

અરવિંદ-કમળ એમાંથી નીકળેલ આ વાણી ભગવાનની. '**જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને...**' જીવ, અજીવ, નવ તત્ત્વ અથવા છ દ્રવ્ય '**સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર;...**' છે. જિનેન્દ્રદેવે નીકળેલા-કહેલા નવ તત્ત્વો, જિનેન્દ્રદેવે કહેલા છ દ્રવ્ય. છ દ્રવ્યની હજી ખબર ન હોય. દ્રવ્ય કહેતો હતો અહીં. કીધું હતું અહીં ઘણા વર્ષ પહેલા. આ વ્યાખ્યાનની સામે લખ્યું છેને? 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' હવે આ ફેરી આમ છે. પહેલા આમ સામે હતું. એક માણેકચંદભાઈ હતા ..વાળા થાનના. અહીં આવ્યા. બેઠા હતા બહાર. ઘણા વર્ષ થઈ ગયા. ૨૫-૩૦ વર્ષ થયા હશે. આમ લખ્યું હતું. 'દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' છે આ બાજુમાં. હવે આ ફેરી આ બાજુ છે. તે દિ' સામે હતું. પછી એણે પૂછ્યું, મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. એને ખબર કે કરોડોપતિ અહીંયાં આવે છે અને નાનાલાલભાઈ એના સગા થાય. એ કરોડપતિ રાજકોટ. નાનાલાલ કાળિદાસ કરોડપતિ દશાશ્રીમાળી દેરાવાસી. એટલે બધા આવે જાણે કે આ દ્રવ્યદૃષ્ટિ તે પૈસાવાળા તે સમકિતદૃષ્ટિ? એમ પૂછયું એણે. ભાઈ! તમને જૈન થઈને એટલી ખબર ન મળે. દ્રવ્ય એટલે પૈસા? અહીં પૈસાનું અમારે શું કામ છે? દ્રવ્ય એટલે આત્મા જે ત્રિકાળી આનંદમાં કીધું એ. અવિચળ, અખંડ, અદ્વૈત પરમચિદ્રૂપ એ દ્રવ્ય એ પદાર્થ એની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. માણેકચંદભાઈ હતા અને ઓલા હતા. અહીં આવે ઘણા કરોડપતિઓ. અને બેસે સાધારણ રીતે. ... આ કરોડપતિને દ્રવ્ય સમકિતી કહેતા હશે આ. હવે તારા કરોડપતી. અબજોપતિ ધૂળના એની અહીં ક્યાં ગણતરી છે?

દ્રવ્ય નામ ચિદાનંદ ભગવાન જે આ અવિચળ અખંડ આનંદનો કંદ પ્રભુ એને દ્રવ્ય એટલે વસ્તુ કહે છે, એની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. નેમિચંદભાઈ! આ બધા પૈસાવાળા છે. ૪૦-૪૦ લાખ અને ૫૦ લાખ અને ધૂળ લાખ. એમાં શું થયું પણ હવે? એ કાંકરા ક્યાં એના હતા? આ તો લક્ષ્મી ચૈતન્યની લક્ષ્મી અંદર છે. આહા..હા..! એના રત્નત્રયવાળા અને '**જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા...**' જુઓ, આવા હોય. અન્યમતિની વાતું એ ન કરે. જૈનના ઉપાધ્યાય, 'એ અન્યમતિઓ આવા છે અને એને પણ આમાં કાંઈક ધર્મ છે' એ વાત ઉપાધ્યાય જૈનના સાચા ન કરે. માર્ગ વીતરાગમાર્ગમાં જ માર્ગ છે, બીજે ક્યાંય નથી. આહા..હા..!

**શ્રોતા :-** ... કહેવામાં શૂરવીર છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શૂરવીર છે. દુનિયાની દરકાર નથી એને કે અમે આમ કહેશું તો દુનિયા શું માનશે? એને બેસશે કે નહિ? એને ઘરે રહ્યા ઈ. સાચો ઉપદેશ દેવામાં ઉપાધ્યાય મુનિરાજ સાચા સંત નગ્ન દિગંબર તે ઉપદેશ દેવામાં શૂરવીર છે. કહો, નેમચંદભાઈ! આહા..હા..!

'**જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા...**' આહા..હા..! પરમેશ્વર બિરાજે છે. મહાવીર ભગવાન આદિ જિનેન્દ્રો અનંત થઈ ગયા. મોક્ષપદને પામ્યા છે. એમને અરિહંતપદે જ્યારે હતા. એમના મુખથી નીકળેલી વાણી. આહા..હા..! એમના કહેલા છ દ્રવ્યો, આત્મા, પુદ્ગલ,

ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ—છ દ્રવ્ય છે. આહા..હા..! એવા ભગવાનના કહેલા '**જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર;...**' હોય છે ઈ. વીર હોય છે, શૂરવીર હોય છે. એને જગતની દરકાર હોતી નથી કે આ બધા માનશે કે નહિ? આ સમાજ સરખો રહેશે કે નહિ? માર્ગ આ છે. બેસે, ન બેસે તમારા ઘરે રહો. આ શૂરવીર કીધા જુઓને. આહા..હા..!

'**સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જે નિરંજન નિજપરમાત્મતત્ત્વ તેની ભાવનાથી...**' શું કહે છે? સમસ્ત પરિગ્રહનો ત્યાગ છે જેના સ્વરૂપમાં. રાગ પણ નથી, વિકલ્પ પણ નથી, પરિગ્રહ કાંઈ નથી. એવું અંતરસ્વરૂપ હોં. સમસ્ત પરિગ્રહ. કપડા-ફપડા તો એને હોય જ નહિ. એ વાત જ નહિ. મુનિને કપડા ત્રણકાળમાં ન હોય. કપડા હોય એ મુનિ નહિ. જૈનદર્શનની આ રીત છે. સમજાણું કાંઈ? એક વસ્ત્રનો ધાગો રાખીને પણ જો 'અમે મુનિ છીએ' એમ માને અને મનાવે, ભગવાનના વચનો કુંદકુંદાચાર્યના છે કે નિગોદગામી છે એ. બટાટા અને શક્કરકંદમાં અવતરશે એ. છે આમાં. છે કે નહિ? (અષ્ટપાહુડ, સૂત્રપાહુડની) ૧૮મી.

जह जायरूवसरिसो तिलतुसमेत्तं ण गिहदि हत्थेसु।
जइ लेइ अप्पबहुयं तत्तो पुण जाइ णिग्गोदम्।।१८।।

આહા..હા..! 'મુનિ યથાજાતરૂપ હોય છે' જૈનદર્શનમાં. શ્વેતાંબર પંથ નીકળ્યો છે એ પછી નીકળ્યો છે સત્ય ધર્મમાંથી ભ્રષ્ટ થઈને. માને, ન માને જગતની તૈયારી હોય તેમ કરે. સમજાય છે કાંઈ? મુનિ જૈનદર્શનમાં યથાજાત-જેવા માએ જન્મ્યા એવા હોય છે. છે? 'જન્મતા બાળક નગ્ન હોય છે એ નગ્નરૂપ દિગંબર મુદ્રાના ધારક હોય છે. અપને હાથમેં તીલકે તુષમાત્ર કુછ ગ્રહણ નહીં કરતા.' તલનું ફોતરું પણ ગ્રહણ ન કરે. વસ્ત્ર તો શેના હોય એને? આહા..હા..! આવો માર્ગ બાપુ છે. આહા..હા..! છે? 'ઔર યદિ કુછ થોડા બહુત લેવે, ગ્રહણ કરે તો યહ મુનિ ગ્રહણ કરને સે નિગોદમેં જાતા હૈ.' ૧૮મી ગાથા છે આ ભગવાનની. માર્ગ આવો છે, બાપુ! આ વાડાવાળાને આકરું પડે એવું છે. સમજાણું કાંઈ? દિગંબર ધર્મ અનાદિ સનાતન પંથ છે જૈનદર્શન. એમાંથી શ્વેતાંબર બે હજાર વર્ષ પહેલાં જુદાં પડ્યા શ્રદ્ધા ભ્રષ્ટ થઈને. અને એમાંથી સ્થાનકવાસી હમણા પાંચસો વર્ષ પહેલાં જુદાં પડ્યા મૂર્તિ ઉથાપીને. એ જૈનધર્મ નથી. આકરું લાગે, બાપા! શું થાય ભાઈ? સત્ય તો આવું છે. પરમાત્માએ કહ્યું છે, સંતોએ આચર્યું છે. આહા..હા..! બબ્બે હજાર વર્ષ પહેલાં પંથ નીકળ્યા એનું અત્યારે એને બેસે કે આ મારો પંથ સાચો નથી કાંઈ કહે શું કરે? બાપુ! શું કરે? સમજાણું કાંઈ? અહીંયાં પરિવર્તન કરીને બેઠા એનું કાંઈ કારણ હશે કે નહિ? સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો તો એક વસ્ત્રનો ધાગો રાખે અને મુનિ માને અને એને મુનિ માને બીજા એ બધા નિગોદગામી છે.

**શ્રોતા :-** એની સંખ્યા ઘણી વધી ગઈ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંખ્યા ઝાઝી જ એ હોય છે. કીડીયુંના નગરા ઝાઝા હોય છે. માણસના ઘર ઝાઝા ન હોય. આહા..હા..! ભગવાન! માર્ગ આવો છે, ભાઈ! પરમેશ્વર કેવળીએ, સર્વજ્ઞ પરમેશ્વરે તો આમ કહ્યું, બાપુ! બીજાને દુઃખ લાગે કે ન બેસે. સ્વતંત્ર પ્રભુ છે. અનંતા કેવળીઓ, અનંતા જિનેન્દ્રનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય જેવા સૂત્રપાહુડમાં આમ કહે, ભાઈ! જૈનસિદ્ધાંતમાં વસ્ત્રને રાખે અને મુનિપણું એ જૈનસિદ્ધાંત તત્ત્વ જ નથી. એ જૈનના સિદ્ધાંત જ નથી. જેમાં મુનિને વસ્ત્ર ખપે એવું લખાણ એ જૈનસિદ્ધાંત જ નથી, કલ્પેલા શાસ્ત્રો છે. માનો, ન માનો સ્વતંત્ર જગત છે. આ પરમાગમ છે આ. આ પોણા ચાર લાખ અક્ષર ભગવાનની વાણી છે આ. સમજાણું કાંઈ? શ્વેતાંબરના જે આગમ લખાણા એ ભગવાનના આગમ નથી. એ તો કલ્પિત કરેલા છે બધા. આવું ઉઘાડું-નાગું કહેવું પડે છે. વસ્તુ આવી છે, ભાઈ! આ પરમાગમ કોતરાણા છે હિન્દુસ્તાનમાં પહેલું વહેલું. વીતરાગ દિગંબર સંતોની આ વાણી છે. મશીન હિન્દુસ્તનામમાં પહેલુંવહેલું આવ્યું છે. અમારે પોપટભાઈ છેને આ. પોપટભાઈના દીકરા લઈ આવ્યા છે. આ પોપટભાઈ. હસમખુ. છ છોકરાઓ છે. બે કરોડ રૂપિયા છે એની પાસે. છ છોકરા છે. એમ કહેવાય છે બહારમાં. કોક વળી ઝાઝા કહે છે. એ ધૂળ.. એ હસમુખ લઈ આવ્યો ત્યાંથી-ઈટાલીથી. ૨૯ હજારનો સંચો છે. ૧૯ હજારના ટાઈપ છે, ૨૦ હજારનો ખર્ચ થયો છે. ૬૯ હજારનું મશીન આવ્યું છે. પડ્યું છે ત્યાં ઓલાપણે છાપખાને. જોયુંને? મશીન જોયું, ભાઈ! લક્ષ્મણભાઈ! .. એ ત્યાં ઓલાપણે છે. જોતા તો હોય કોક દિ' આવ્યા છો તો. આહા..હા..! એ હસમુખભાઈ એમના દીકરા ગયા હતા. બહુ મહેનત કરી. કોઈને આપતા નહોતા. કે અમારે ભાઈ ત્યાં ધર્મનું કામ છે. ત્યાં અમારે ધંધો નથી કરવાનો. શાસ્ત્રના લખાણ છે. આખા હિન્દુસ્તાનમાં પહેલું વહેલું આપ્યું. આહા..હા..! આ તો વીતરાગની વાણી છે આ. વીતરાગ સંતોના કથનો છે ઈ કોતરાણા છે. પોણા ચાર લાખ અક્ષર! એ પરમાગમ તે આ આગમ છે. જેમાં વસ્ત્ર અને પાત્ર રાખવાના જેમાં લખાણ છે એ આગમ નહિ, એ તો કલ્પિત કરેલા શાસ્ત્ર છે. આહા..હા..! એવું છે, બાપુ! નેમિદાસભાઈ!

**'સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જે નિરંજન નિજપરમાત્મતત્ત્વ...'** આ તો પરમાત્મતત્ત્વની વાત છે. આ આત્મા પરમાત્મતત્ત્વ. પરમાત્મતત્ત્વ કેવું છે? કે સર્વ વિકલ્પ આદિ, રાગાદિ પરિત્યાગસ્વરૂપ નિરંજન નિજપરમાત્મતત્ત્વ પોતાનું **'તેની ભાવનાથી ઉત્પન્ન થતા...'** આહા..હા..! જૈનના ઉપાધ્યાય, સાધુ આવા હોય છે કે જેને **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...'** જે છે આત્મા. **'તેની ભાવનાથી...'** એટલે એકાગ્રતા.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૪, ગુરુવાર, તા. ૧૯-૦૨-૧૯૭૬, કળશ-૧૦૫, ગાથા-૭૫, પ્રવચન નં. ૧૮૩

નિયમસાર. વ્યવહારચારિત્રની ૭૪ ગાથા. એનો કળશ-૧૦૫. '(હવે, ૭૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(अनुष्टुभ्)

रत्नत्रयमयान् शुद्धान् भव्यांभोजदिवाकरान्।
उपदेष्टद्दनुपाध्यायान् नित्यं वंदे पुनः पुनः।।१०५।।

ઉપાધ્યાયની વ્યાખ્યા છેને. નમો લોએ ઉપાધ્યાય. કેવા હોય છે ઉપાધ્યાય? '**શ્લોકાર્થ :- રત્નત્રયમય,...**' હોય છે. ભગવાન પરમાનંદસ્વરૂપ પરમપારિણામિકભાવ એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એની રમણતા જેને હોય છે. છેને મૂળ પાઠમાં છેને? '**रयणत्तयसंजुत्ता**' એટલે કળશમાં નાખ્યું. એ નિશ્ચયરત્નત્રય. પોતાનો જે ધ્રુવસ્વભાવ, પરમભાવ એકલો જ્ઞાયક પરમશુદ્ધ ચૈતન્યઘન એવી એક ચીજ એની સન્મુખ થઈને એ પરમસ્વભાવભાવની પ્રતીતિ, એનું જ્ઞાન, એમાં રમણતા એને અહીંયાં રત્નત્રય કહે છે. આહા..હા..! એને મહાવ્રતાદિ હોય છે, પણ એની અહીંયાં ગણતરી નથી લીધી. કારણ કે એ ચીજ કાંઈ રત્નત્રયમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અને એ મહાવ્રતના વિકલ્પો છે એ હો, પણ એ વંદ્ય નથી. આહા..હા..! છેલ્લે કહેને વંદે. રત્નત્રયમય, રત્નત્રયવાળો એમ ન લીધું. આહા..હા..!

ભગવાન પરમસ્વભાવ ચૈતન્ય પારિણામિકભાવ એની શ્રદ્ધા નિશ્ચય, એનું જ્ઞાન અને એની લીનતા તે રત્નત્રયમય છે. આહા..હા..! રત્નત્રયવાળો છે એમ ન કહેતા રત્નત્રયમય છે. આહા..હા..! અભેદ. ઝીણી વાત, ભાઈ! આને ઉપાધ્યાય કહીએ, કહે છે. આહા..હા..! જેને અંદર ભગવત્‌સ્વરૂપ ભગવત્‌સ્વરૂપ પંચમભાવની જેને પ્રાપ્તિ થઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવત્ મહિમાવંત જેનું સ્વરૂપ પરમભાવ. એની જેને શ્રદ્ધામાં પ્રાપ્તિ થઈ છે અને તેના જેને જ્ઞાન થયા છે. આહા..હા..! આ પર્યાય છે. વસ્તુ છે એ ત્રિકાળ ભગવત્‌સ્વરૂપ ત્રિકાળ છે, પણ એની સન્મુખની પ્રતીતિ, જ્ઞાન અને લીનતા તે મય ઉપાધ્યાય હોય છે. આહા..હા..!

લોકોમાં આવ્યું હતુંને. લોકોને આગમની પદ્ધતિનો વ્યવહાર સુગમ છે. એ ક્રિયાકાંડ બતાવીને બતાવે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. આહા..હા..! વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન કે ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિના ભાવ એ આગમનો વ્યવહાર છે. એ વ્યવહાર એને સુગમ પડે છે. એને એમ લાગે છે કે હું કાંઈક કરું છું અને બીજાને દેખાડવા કે આ કાંઈક કરે છે

બીજું. એથી એને એ સહેલું છે. એવી આગમ પદ્ધતિની ક્રિયાઓ વ્યવહારની તો અનંતવાર કરી છે. એને અહીં ગણી નથી. આહા..હા..! અહીંયાં તો અધ્યાત્મ ભગવાનસ્વરૂપ સાક્ષાત્ વીતરાગ ભગવત્‌સ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! તેની શ્રદ્ધા ખ્યાલમાં, જ્ઞાનમાં એ ચીજ આવી. એથી એની પ્રતીતિ થઈ. આહા..હા..! એનું જ્ઞાન અને એની લીનતા એ ત્રણમય જે આત્મા છે, કહે છે. આહા..હા..!

'**શુદ્ધ,...**' છે. એ શબ્દ કેમ મૂક્યો? પાછો રત્નત્રય વળી કોઈ વ્યવહાર લઈ લે. એ નથી. આહા..હા..! શુદ્ધસ્વરૂપ છે એ તો. ભગવત્‌સ્વરૂપ આત્માનું જેમ શુદ્ધ છે, એમ આ રત્નત્રયની પરિણતિ પણ નિશ્ચય શુદ્ધ છે. આહા..હા..! આવી વાત, એ '**ભવ્યકમળના સૂર્ય...**' છે. ઉપાધ્યાય છેને? આહા..હા..! ભવ્યરૂપી કમળની લાયકાતવાળા જીવો તેને ઉપાધ્યાય સૂર્યસમાન છે. સૂર્યથી જેમ કમળ ખીલે એમ ભવ્ય જીવો ઉપાધ્યાયની ઉપદેશ શૈલીથી જેનો આત્મા ખીલી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભવ્યરૂપી કમળના એ સૂર્ય છે. આહા..હા..! '**અને (જિનકથિત પદાર્થોના) ઉપદેશક...**' આહા..હા..! ઉપદેશવું એમ શબ્દ છેને એટલે પછી ખુલાસો કર્યો. કારણ કે પાઠમાં છેને. પાઠમાં છેને અહીંયાં '**जिणकहियपयत्थदेसया**' મૂળ ગાથામાં છેને. '**जिणकहिय**' પદાર્થ દેશના. એટલે આમાં કૌંસમાં નાખ્યું. શબ્દ તો એટલો છે કે એ ઉપદેશક છે. પણ શેના? સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ એમણે જે પદાર્થનું સ્વરૂપ કહ્યું એના કથિત પદાર્થના–એના કહેલા પદાર્થના ઉપદેશક છે. આહા..હા..! અજ્ઞાનીઓએ કહ્યા પદાર્થની વાત એ કહે જ નહિ, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વર પરમ પરિણતિમાં પૂરા પર્યાયમાં થઈ ગયા એવા ભગવાને કહેલા પદાર્થો એને ઉપદેશવામાં સમર્થ છે. આહા..હા..! શૂરા આવ્યું હતુંને? અહીં ઉપદેશક સાધારણ. પાઠમાં એ આવ્યું હતું. '**जिणकहियपयत्थदेसया सूरा**' શૂરવીર છે. આહા..હા..! પણ હવે ઈ વાણીમાં શૂરવીર છે? ભાવમાં શૂરવીર છે એને ઉપદેશકમાં શૂરવીર છે એમ કથન કર્યું છે. વાણી તો જડ છે, પણ વાણીની પાછળ જિનેશ્વરદેવે કહેલા પદાર્થોને ઉપદેશવાનો ભાવ એમાં એ શૂરવીર છે. આહા..હા..!

'**એવા ઉપાધ્યાયોને...**' મુનિરાજ પોતાને પ્રમોદ છે. આ મુનિરાજ છે પદ્મપ્રભમલધારિદેવ. '**એવા ઉપાધ્યાયોને હું નિત્ય ફરીફરીને વંદું છું.**' આહા..હા..! એ કેવા હોય એ મારા જ્ઞાનમાં છે. મારી વસ્તુની શું સ્થિતિ એ પણ શ્રદ્ધામાં છે, વસ્તુમાં રમણતા પણ છે, પણ હવે આવા જે ઉપાધ્યાય છે એ મારે વંદનીય છે. આહા..હા..! એવો વિકલ્પ છેને. આ વ્યવહારચારિત્ર છેને. આહા..હા..! '**એવા ઉપાધ્યાયોને...**' ઉપ નામ જેના સમીપમાં શાસ્ત્રનું અધ્યયન થાય. આહા..હા..! '**એવા ઉપાધ્યાયોને હું...**' આત્મા. આહા..હા..! '**નિત્ય ફરીફરીને વંદું છું.**' એ તો એક વિકલ્પની શૈલીથી વાત કરી છે. નિત્ય ફરીફરીને. નિત્ય એટલે પોતાના સ્વરૂપમાં નિત્ય પરિણમન છેને અને એની ભૂમિકામાં આવો એક વિકલ્પ ઉઠ્યો છે. આહા..હા..! એ ઉપાધ્યાયની વ્યાખ્યા થઈ. પાંચ પદમાં ચાર પદની વ્યાખ્યા થઈ. અરિહંતની,

સિદ્ધની, આચાર્યની, ઉપાધ્યાયની. જૈનના સાધુ-જિનેન્દ્રના સાધુ-જિનેન્દ્રમાર્ગના સંતો કેવા હોય? આહા..હા..! એ કહે છે. ૭૫.

वावारविप्पमुक्का चउव्विहाराहणासयारत्ता।
णिग्गंथा णिम्मोहा साहू दे एरिसा होंति।।७५।।

**નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
**ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.**

ટીકા. ઓહો..હો..! સાધુ જૈનના એને કહીએ. જૈનના જ સાધુ હોય. બીજે તો સાધુ હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એવો ઈજારો ક્યાંથી મળ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુનું સ્વરૂપ એવું છે. ઈજારો શું? આહા..હા..! ભગવત્સ્વરૂપ પરમાત્માની જે ચીજ છે એ જિનેશ્વરે જોઈ ને જાણી ને કહી છે. બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેવા છે સાધુ? એ બધા સાધુ આવા હોય. જૈનના સાધુ બધા આવા હોય. આવા ન હોય તો એ સાધુ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ... કરેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કાંઈ.. શું થાય? સ્વરૂપનું અંદરનું ભાન ન હોય અને બાહ્ય ક્રિયાકાંડ કરતા હોય એ કાંઈ વસ્તુ નથી. અહીંયાં તો જેનાથી જન્મ-મરણરહિત થવાય અને જે જન્મ-મરણરહિત સ્વભાવભાવ ત્રિકાળ છે આહા..હા..! એનો આશ્રય લઈને પરિણમન કરે એને અહીંયાં સાધુ કહેવામાં આવે છે. પરિણમન તે પારિણામિકભાવનું. વ્યવહારના રત્નત્રયનું પરિણમન હોય એ તો જ્ઞાતાનું જ્ઞેય છે. વ્યવહાર હોય ખરો, પણ એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નહિ. આહા..હા..! એ તો બારમી ગાથામાં કહ્યું **'तदात्वे प्रयोजनवान्;'** **'तदात्वे'** જાણેલો પ્રયોજનવાન. આહા..હા..! વ્યવહાર હોય છે, પણ એ જાણેલો પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? આ તો પરમાર્થે ભગવાન, સાધુ કોને કહીએ? આહા..હા..!

કે **'આ...'** ઓહો..! પ્રત્યક્ષ જાણે સિદ્ધ કર્યું. **'નિરંતર અખંડિત પરમતપશ્ચરણમાં નિરત (-લીન)...'** કેવા મુનિ હોય છે? દીક્ષા-કલ્યાણકને તપકલ્યાણક કહે છેને? તપ કલ્યાણક કહો કે ચારિત્રવંત કહો. આહા..હા..! એ **'નિરંતર અખંડિત પરમતપશ્ચરણમાં લીન...'** છે. આહા..હા..! પરમપારિણામિક સ્વભાવમાં અતીન્દ્રિય આનંદના ઉલ્લસિત ભાવમાં એ પરમતપશ્ચરણ એમાં એ લીન છે. આહા..હા..! **'નિરંતર અખંડિત પરમતપશ્ચરણ...'** વર્તમાન દશાની વાત છે હોં. **'નિરંતર અખંડિત...'** ખંડ નહિ એવી વીતરાગ પરિણતિ એવી જે તપશ્ચરણ દશા એ વીતરાગી નિરાકુળ આનંદની દશા એમાં જે લીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા કહે છેને કે જૈન સાધુ એકલા લેવા એમાં? **'નમો લોએ સવ્વ સાહુણં'** એમાં

સર્વ સાધુને લીધા છે. એ સર્વ સાધુ આ. નીચે આવે છે જુઓ, તે બધાય સાધુઓ. નીચે. આવા સાધુ હોય. સાધુ બીજા અન્યમતિના બાવા ને... આહા..હા..! અહીં તો શ્વેતાંબરના સાધુ પણ આમાં ન આવે. આવી વાત છે. એ સાધુ જ નથી. અરેરે! બહુ આકરું પડે, ભાઈ! સંપ્રદાયનું પોષણ થઈ ગયું ૫૦-૬૦-૬૦ વર્ષ ૭૦. હવે એને એમ કહેવું કે આ માર્ગ (ખોટો છે!) માર્ગ તો એ છે, ભાઈ! આહા..હા..!

તપસ્યા એટલે આ અપવાસ નહિ હોં. વીતરાગપરિણતિ જેની અંતરમાં વીતરાગમૂર્તિ ભગવત્સ્વરૂપ આત્મા એને આશ્રયે જ્યાં લીનતા, વીતરાગતા, આનંદતા, ઉલ્લાસિત વીર્યથી જ્યાં આનંદની ધારા વહે છે. આહા..હા..! એવી તપસ્યામાં પરમતપસ્યા શબ્દ છેને? કેટલા શબ્દ વાપર્યા છે. આહા..હા..! વીતરાગીપરિણતિ આનંદની નિરંતર અખંડિત. એમાં ખંડ ન પડે, કહે છે. આહા..હા..! '**નિરંતર અખંડિત પરમતપશ્ચરણ...**' નામ અતીન્દ્રિય આનંદની પરિણતિરૂપી વીતરાગદશા. આહા..હા..! એમાં એ '**નિરત...**' નિરત-લીન છે. આહા..હા..! નિ વિશેષે રત છે. આહા..હા..! '**એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.**' આવા જ. આવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે. આહા..હા..! '**એવા...**' એવા. આ કહ્યા એવા. '**નિરંતર અખંડિત પરમ...**' આનંદની દશામાં જે લીન છે. આહા..હા..! અનાકુળ શાંતિના રસકંદમાં જે લીન છે. આહા..હા..! '**એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.**' આહા..હા..!

'**(સાધુઓ કેવા હોય છે?)**' હવે આવે છે. 'महान्तः'. 'महान्तः'નો અર્થ કર્યો છેને મહાપુરુષો. 'महान्तः' છેને સંસ્કૃતમાં 'महान्तः' મહાપુરુષો. '(૧) **પરમસંયમી મહાપુરુષો...**' આહા..હા..! પહેલી સંસ્કૃત ટીકા છેને. '**ये महान्तः परमसंयमिनः**' આહા..હા..! '**પરમસંયમી...**' એટલે કે સમ્યગ્દર્શન અનુભવસહિત જેની યમતા લીનતા પ્રગટ થઈ છે એવા પરમસંયમી. આહા..હા..!

**શ્રોતા :-** આરોપિત કરીને સાધુપણું, એમ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આરોપિત બધી ઈ ક્યાં વસ્તુ છે? એ બિચારા શું કરે? શ્વેતાંબરમાં એવી શૈલી છે. સાધુને દીક્ષા આપેને દ્રવ્યસમકિત આરોપે. એ બધી કૃત્રિમ વાતું છે, બાપા! આહા..હા..! આ તો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથના ઘરની વાતું છે આ તો. સમજાણું કાંઈ?

'**પરમસંયમી...**' પરમ ઉત્કૃષ્ટ જેનો સંયમ સમ્યગ્દર્શનસહિતની લીનતા છે. આહા..હા..! '**મહાપુરુષો...**' એને મહાપુરુષ કહીએ. એવા '**મહાપુરુષો હોવાથી...**' '**પરમસંયમી મહાપુરુષો હોવાથી...**' આહા..હા..! એને મહા આત્મા, મહાપુરુષ, કહીએ. હવે ઈ શું કરે છે, કહે છે. '**वावारविप्पमुक्का**' એમ છેને પાઠ પહેલો? '**वावारविप्पमुक्का**' '**वावारविप्पमुक्का**' એની વ્યાખ્યા છે આ. આહા..હા..! ભગવાન ભગવત્સ્વરૂપ નિરાવરણ નિરંજન પરમ પંચમભાવ. આહા..હા..! જે સ્વભાવભાવ છે એ પરમભાવ ભગવત્સ્વરૂપ છે, પરમેશ્વરસ્વરૂપ જ પોતે

છે. આહા..હા..! આ આત્માનો હોં અંદર છે એ. આહા..હા..! કેવો છે? '**ત્રિકાળનિરાવરણ...**' છે. ભગવત્ ધ્રુવ ચૈતન્યઘન પરમાત્મા નિત્યાનંદ, સહજાનંદ પ્રભુ ત્રિકાળ નિરાવરણ છે. આહા..હા..!

'**નિરંજન...**' જેને અંજન નથી. આવરણ નથી એમ મેલ નથી કાંઈ ભાવથી... આહા..હા..! '**પરમપંચમભાવ...**' આહા..હા..! '**પરમપંચમભાવ...**' પર્યાય વિનાનો. આહા..હા..! જે ક્ષાયિકભાવની પર્યાય છેને એ પર્યાય વિનાનો પંચમભાવ છે. આહા..હા..! એકલો જ્ઞાયક, આનંદ, શાંતિ, અકષાય વીતરાગમૂર્તિ એવું જે સ્વરૂપ છે આત્મતત્ત્વ. એ ત્રિકાળ નિરાવરણ છે. સમજાણું કાંઈ? અને નિરંજન છે એ. અંજન-મેલ નથી. નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! એવો '**પરમપંચમભાવ...**' જોયું? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ એ પરમભાવ નહિ, એ અપરમભાવ છે. આહા..હા..! એવો '**પરમપંચમભાવ...**' અનાદિ-અનંત નિત્યાનંદ ધ્રુવ સત્‌નું એકલું સત્ત્વ, ચૈતન્ય સત્ત્વ, આત્મતત્ત્વ. આહા..હા..! એવો જે '**પરમ પંચમભાવ...**' આહા..હા..! એની '**ભાવનામાં પરિણમેલા હોવાને લીધે...**' આહા..હા..! જુઓ તો વચનો! દિગંબર સંતોની શૈલી તો જુઓ! ક્યાંય સાંભળવા મળે નહિ એવી વાત છે. આહા..હા..!

કહે છે કે મહાપુરુષો કેવા હોય છે સંયમી સંતો? આહા..હા..! કે જે વસ્તુ છે, તત્ત્વ છે, આત્મતત્ત્વ છે, સત્‌નું સત્ત્વ છે એ એકલો પંચમ પારિણામિકભાવ વસ્તુ, આખું દળ, ધ્રુવ, નિત્ય, અચળ, અવિનાશી, પર્યાય વિનાનું તત્ત્વ. આહા..હા..! એવી '**પંચમભાવની ભાવના...**' આહા..હા..! હવે એ પર્યાય થઈ. ત્રિકાળી પંચમભાવ, આનંદદળ, જ્ઞાનદળ, શાંતિનો સાગર, અખંડ અવિચળ ભગવત્‌સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એવો પંચમભાવ એ સમકિતીનું ધ્યેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની '**ભાવનામાં પરિણમેલા...**' એવો પંચમભાવ સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, આનંદભાવ એ ત્રિકાળી. એની ભાવના વર્તમાન ભાવની ભાવના, પંચમભાવની ભાવના. આહા..હા..! જુઓ તો સિદ્ધાંત. મુનિરાજ પંચમ આરાના ૯૦૦ વર્ષ પહેલાંના આ ટીકા કરે છે. આહા..હા..! ભાઈ! તને ખબર નથી, પ્રભુ! આહા..હા..! અતીન્દ્રિય અનંત અમૃત સાગરનો પિંડ છો તું. આહા..હા..! અતીન્દ્રિય અનંત આનંદનો સાગર પ્રભુ તું છો. એને અહીંયાં પંચમભાવ કહીએ. આહા..હા..! ક્ષાયિકભાવ પણ એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન ક્ષાયિકભાવ પણ એક સમયની પર્યાય છે. આ ત્રિકાળી જ્ઞાયકભાવ દળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે ભગવાન સ્વભાવભાવ જ્ઞાન ભગવાન જ્ઞાનસ્વભાવ નહોતું આવ્યું? ૩૧, ૩૨, ૩૩. આહા..હા..!

સ્વરૂપની સન્મુખમાં એની એકાગ્રતા. આહા..હા..! જે વીતરાગી દશામાં પરિણમેલા છે. આહા..હા..! એકલી ધારણા કરી છે કે આવું પરિણમન હોય અને આવી પર્યાય, એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આ તો વીતરાગના ઘરના અમૃતના દરબારમાં પેસવાની વાતું છે. આહા..હા..! પરમપંચમભાવ એ વસ્તુ ત્રિકાળી ભગવત્‌સ્વરૂપ, એની ભાવના એ

વર્તમાન પર્યાય. આહા..હા..! એ વીતરાગી અનાકુળ આનંદરૂપી ભાવના. એમાં એ પરિણમેલા છે. એ અવસ્થારૂપ થઈ ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા હોવાને લીધે. જુઓ, આહા..હા..!

'**પરમપંચમભાવ...**' '**ત્રિકાળનિરાવરણ નિરંજન...**' એની ભાવનામાં એ તરફની એકાગ્રતામાં પરિણમી ગયેલા હોવાને લીધે જ '**સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત;...**' છે. શબ્દ તો આ કહેવો છે. '**वावारविप्पमुक्का**' '**वावारविप्पमुक्का**' વેપારથી મુક્ત. ક્યો વેપાર હશે? આ તમારો ધંધો ઈ? આહા..હા..! રાગાદિનો વેપાર એનાથી વિમુક્ત છે. કેમ? કે પંચમભાવની ભાવનામાં પરિણમી ગયેલા છે માટે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પને, રાગ ને દ્વેષ શુભાદિ જે છે એ બધો બાહ્યવેપાર છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ પણ બાહ્યવેપાર છે. આહા..હા..! આ ઓલા તમારા ધંધાનું કામ નથી અહીં. ધંધા તો બાહ્યવેપારમાં પણ ન આવે. એ તો બાહ્ય પરનીતિ છે. અહીંયાં તો વિકલ્પની જે વૃત્તિઓ ઉઠે છે. આહા..હા..! વ્યવહારની વૃત્તિઓ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, ભણતરનો વિકલ્પ. આહા..હા..! એવો જે બાહ્યવેપાર. આહા..હા..! તે પણ સમસ્ત. આવી વાત ક્યાં છે, બાપા? આહા..હા..! સમજાણું કાંઈ?

એવી '**ભાવનામાં પરિણમેલા...**' એ વીતરાગી પરિણતિ જ જેની પ્રગટ થઈ ગઈ છે, કહે છે. ત્રિકાળી આનંદના નાથનું અવલંબન લઈને. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદની પર્યાયરૂપે પરિણમન થઈ ગયું છે. આહા..! પ્રચુર સ્વસંવેદન આવી ગયું પાંચમી ગાથામાં. કુંદકુંદાચાર્ય કહે છે કે અમને પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ વૈભવ અમને પ્રગટ્યો છે. આહા..હા..! પ્રચુર સ્વસંવેદન સ્વરૂપ વૈભવ ઈ આ. પંચમભાવની ભાવનામાં પરિણમન થઈ ગયું છે. આહા..હા..! એવી અવસ્થા વીતરાગી આનંદની દશા, અકષાય અતીન્દ્રિય આનંદના રસનું પરિણમન થઈ ગયું છે, કહે છે. આહા..હા..! એ સંતો આનંદમાં ઝૂલે છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને લીધે '**સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત;...**' છે. આ રીતે પરિણમન છે, માટે વિકલ્પાદિના બાહ્યવેપારથી વિમુક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ભાઈ! પરમાર્થ સત્ય શું છે? એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય, (એમ નથી). ભાઈ! આહા..હા..! જ્યાં ધર્મની પરિણતિની આખી ખાણ છે. આવી જે પરિણતિ જે અહીં કહેવાય છે એની તો ચિદાનંદ પ્રભુ આખી ખાણ છે. આહા..હા..! એવી વીતરાગી પરિણતિ તો નીકળ્યા જ કરે. છતાં ત્યાં ખૂટે નહિ એવી ખાણ છે. આહા..હા..! અરેરે! એ વાત એને સાંભળવા મળે નહિ. એની જાતમાં શું ભાત છે? આહા..હા..! એ એને સાંભળવા મળે નહિ એ ક્યાં જાય? સમજાણું કાંઈ? જે માન્યું હોય અને જાણ્યું હોય એમાં જાય. આ જાણ્યું નથી, માન્યું નથી. આહા..હા..!

કહે છે... શું પણ ટીકા જુઓને! મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ એ આગળ કહેશે કે મારા

મુખમાંથી પરમાગમ ઝરે છે. એટલે ભગવાનનું જેવું સ્વરૂપ છે એવું જ પરમાગમમાં-અમારી વાણીમાં આવે છે. સમજાણું કાંઈ? આવા પરિણમેલા હોવાને લીધે 'જ' એમ પાછું. આહા..હા..! **'સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત;...'** છે. વિમુક્ત શબ્દ પડ્યો છેને? **'वावारविप्पमुक्का' 'मुक्का'** એકલું નહિ. **'वावारविप्पमुक्का'** વેપારથી **'विप्पमुक्का'** પ્રકૃષ્ટ મૂકાણા છે. આહા..હા..! જેની વીતરાગી હીલોળા અંદર થાય છે, કહે છે. અતીન્દ્રિય આનંદના પરિણમનના જેને હીલોળા ઉછળે છે અંદરથી, એવા સાધુ જૈનના હોય છે. ..ભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું પણ નહોતું ક્યાંય કલકત્તામાં. એય..! ઝવેરચંદભાઈ!

**શ્રોતા :-** એટલે તો સાંભળવા આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યા છેને. આવી વાત છે, બાપા! આહા..હા..! આ તો વીતરાગ પરમાત્મા જિનેન્દ્રદેવ પરમેશ્વર પર્યાયમાં ભગવત્સ્વરૂપ થઈ ગયા. આનું વસ્તુસ્વરૂપ છે એ ભગવત્સ્વરૂપ જ છે. આહા..હા..! એ ભગવત્‌ની વાણીમાં આવ્યું ઈ આ છે. આહા..હા..! આ સત્ય વસ્તુ છે. આ નગ્ન થઈ જાય અને મહાવ્રત કાંઈક પાળ્યા અને ઢીંકણું થયું. બાપુ! માર્ગ જુદો, ભાઈ! તારી તુચ્છતા અનાદર કરવા માટેની વાત નથી, પ્રભુ! આહા..હા..! વસ્તુસ્થિતિ આવી છે. જિનેન્દ્ર પંથમાં-માર્ગમાં જેને વીતરાગ સ્વરૂપ ભગવાન એની પરિણતિમાં વીતરાગપણું જ જ્યાં ઝૂલી રહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જૈનના સાધુ, વિકલ્પના બાહ્યવેપારથી તે મુક્ત છે. સમજાણું કાંઈ? વિમુક્ત છે. આહા..હા..!

હવે કેટલાક કહે છે કે અત્યારે શુદ્ધોપયોગ ન હોય. આહા..હા..! ભગવાન! શું કહે છે, ભાઈ! શુદ્ધોપયોગ તો આ વિમુક્ત છે એ શુદ્ધોપયોગ છે અંદર. એ વિના સાધુપણું ક્યાંથી આવ્યું? ભાઈ!

**શ્રોતા :-** પંચમકાળના મુનિરાજ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમકાળના મુનિ પોતાની દશામાં છે એ જયવંત વર્તે છે એમ કહેશે. આહા..હા..! ભલે લખવા ટાણે વિકલ્પ છે, વાણી-વાણીને કાળે ટીકા થઈ જાય છે, પણ અમે તો આ અંતરમાં આવા છીએ આવા. સાધુ છેને, મુનિ છેને. આહા..હા..! આવો વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જિનેન્દ્રના માર્ગમાં આવા સંતો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ એક બોલ થયો. એક થયોને? આહા..હા..!

**'આરાધનામાં સદા અનુરક્ત;...'** બીજો બોલ હવે. છેને? **'चउव्विहाराहणासयारत्ता'** આ પહેલા પદની વ્યાખ્યા થઈ. **'वावारविप्पमुक्का'** ઈ એક પદની વ્યાખ્યા થઈ. હવે બીજું. **'चउव्विहाराहणासयारत्ता'** આહા..હા..! જ્ઞાન, સમ્યક્‌જ્ઞાન. આરાધના છેને? તો એનો પહેલો બોલ જ્ઞાન મૂકે છે એમાં. અને આમાં પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર લીધું છે પહેલી શરૂઆતમાં નિયમસાર. **'જ્ઞાન,...'** એટલે સમ્યગ્જ્ઞાન, નિર્મળ પરિણતિ, વીતરાગભાવના સ્વભાવરૂપ પ્રભુ એનું જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાનની પરિણતિ. એનું **'દર્શન,...'** ત્રિકાળી ભગવાન પરમાનંદસ્વરૂપની

પ્રતીતિ સમ્યગ્દર્શન. '**ચારિત્ર,...**' સ્વરૂપમાં રમણતા. સ્વરૂપ જે ભગવત્ ત્રિકાળી ભગવાન એમાં રમણતા તે ચારિત્ર. '**પરમતપ...**' ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થથી જે વીતરાગતા ઓપી નીકળે, શોભી નીકળે એ પરમતપ. આહા..હા..! ચારિત્રના પુરુષાર્થથી પણ વિશેષ પુરુષાર્થથી સ્થિરતા જામી જાય એને અહીંયાં તપ કહેવામાં આવે છે. વ્યાખ્યા જ બીજી. આહા..! પ્રભુ! તારા ઘરને તું જોતો ખરો. તારા ઘરમાં શું છે? ભાઈ! તને ખબર નથી. આહા..હા..! તારું મોટું ઘર છે. મોટા ઘરનો તું છો, ભાઈ! આહા..હા..!

એ '**જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમતપ નામની ચતુર્વિધ આરાધના...**' વર્તમાન પરિણતિની વાત છે આ હોં. એ ચારનું સેવન. એમાં '**સદા અનુરક્ત;...**' છે. સદાય ચોવીસ કલાક. આહા..હા..! નિદ્રા નહિ આવતી હોય એમને જરી? પાછલા પહોરમાં નથી કહ્યું? 'પિછલી રયણ' અહીં તો સદા અનુરક્ત છે. આહા..હા..! '**ચતુર્વિધ આરાધનામાં...**' ચતુર્વિધ એટલે ચાર પ્રકાર. એવી આરાધનાના સેવનમાં '**સદા અનુરક્ત;...**' છે. આહા..હા..! આવા જૈનના પંચપરમેષ્ઠી માયલા પંચમ સાધુ આવા હોય છે. નમો લોએ સવ્વ સાહુણં. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને કેવા છે એ ઓળખવા તો પડશેને એને. ઓળખીને શ્રદ્ધા કરવીને કે એમ ને એમ આંધળી શ્રદ્ધા થાય એ વસ્તુ કહેવાય? વ્યવહારશ્રદ્ધામાં પણ આની ઓળખાણ કરવી પડશે એને. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચાર પ્રકારની આરાધના સ્વરૂપનું સેવન એમાં સદા અનુરક્ત છે. અનુરક્ત છે. '**सयारत्ता**' છેને? '**रत्ता**'માંથી અનુરક્ત કાઢ્યું. અનુસરીને લીન છે એ ચાર આરાધનામાં.

'(૩) **બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણરહિત હોવાને લીધે...**' બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહ આગ્રહ શબ્દ છે. આગ્રહ છે અંદર. આગ્રહ એટલે ગ્રહવું. આગ્રહ શબ્દ છેને? પરિગ્રહ આગ્રહ એટલે ગ્રહવું. આગ્રહ એટલે ઓલો આગ્રહ તો છૂટી ગયો છે. એથી અહીંયાં આગ્રહ એટલે ગ્રહણ કરવું. શબ્દ પડ્યો છે આગ્રહ. પણ આગ્રહનો અર્થ ઓલો અભિપ્રાયનો આગ્રહ એ અહીં નથી લેવો. એ તો સમકિતી છે, મુનિ છે. આહા..હા..! પડ્યો તો શબ્દ આગ્રહ. પણ એનો અર્થ કે પરપદાર્થ જે વસ્ત્રાદિ છે તેને તે ગ્રહતા નથી. સમજાણું? આહા..હા..! '**પરિગ્રહના ગ્રહણરહિત હોવાને લીધે...**' આહા..હા..! મુનિઓ જૈનના સાધુ પરમેશ્વર એને કહે. જેને વસ્ત્ર અને પાત્રનો વિકલ્પ એક અંશ પણ ન હોય. એવો બાહ્યપરિગ્રહ અને અંદર રાગની ગાંઠ ન હોય અસ્થિરતાની હોં. રાગની એકતાની ગાંઠ તો મિથ્યાત્વ છે. રાગની અસ્થિરતાની પણ જ્યાં ગાંઠ ન હોય. આહા..હા..! નિર્ગ્રંથ કહેવા છેને? નિર્ગ્રંથ. ગ્રંથ જેને નીકળી ગયો છે. આહા..હા..! જેને રાગની ગાંઠ છૂટી ગઈ છે. સમકિત તો છે એ તો એકતાબુદ્ધિ તો નથી, પણ રાગની અસ્થિરતાની ગાંઠ છૂટી ગઈ છે. આહા..હા..! અને વસ્ત્ર-પાત્રનો બાહ્યનો ત્યાગ થઈ ગયો છે. આવો માર્ગ છે. વસ્ત્ર-પાત્ર રાખે અને નિર્ગ્રંથ કહેવડાવે. મોટા પોટલા રાખે માથે અને સાથે મજુર ફરે. આ સાધુ નીકળે છેને શ્વેતાંબરના તો માથે એક-એક માણસ

ઉપાડીને રેકડીયુંમાં માલ હોય. અરે! ભગવાન! માર્ગ તે આવો છે, ભાઈ? ભગવાનના વિરહે આ શું કર્યું તે આ? પરમાત્માના વિરહ પડ્યા. એનો માર્ગ છે એને આ કર્યું છે તમે. આહા..હા..!

'**બાહ્ય-અભ્યંતર...**' બાહ્ય નામ વસ્ત્ર, પાત્ર, લક્ષ્મી આદિ બધું. અભ્યંતરમાં રાગાદિ વિકલ્પ. '**સમસ્ત પરિગ્રહના...**' ચૌદ પ્રકારનો અભ્યંતરપરિગ્રહ છેને? દસ પ્રકારનો બાહ્ય અને ચૌદ પ્રકારનો અભ્યંતર. આહા..હા..! '**સમસ્ત પરિગ્રહના ગ્રહણરહિત હોવાને લીધે...**' વસ્ત્ર લેતો નથી, પાત્ર લેતો નથી. હાથમાં તલતુષમાત્ર પણ. તલના ફોતરા જેવો પણ .. લેતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** તલ નહિ, પણ તલનું ફોતરું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફોતરું. તલ તો ક્યાં? આહા..હા..! એ આવ્યું હતું, નહિ? ૧૮મી ગાથા. સૂત્ર(પાહુડ)ની ૧૮મી ગાથા. ઓહો..! એવી વાત હોય છેને એ કેટલાકને સંપ્રદાયની વાત લાગે છે. સમજાણું? એ આ સંપ્રદાયની વાત છે એમ કહે. સંપ્રદાયની નથી, બાપુ! સ્વરૂપ આવું છે. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ એવું છે. સંપ્રદાયનું નથી. એ ઓલા હતા ભાઈનું નહિ? ચુનિભાઈ. ચુનિભાઈ છેને એક? તો એ ઘણા વર્ષ પહેલા અષ્ટપાહુડ વાંચેલું. તો વાંચે એમાં આવું આવે ત્યાં લીટી કરે કે સંપ્રદાયનું છે આ. અરે! સંપ્રદાયનું નથી. વસ્ત્રરહિતપણું, નગ્નપણું, મુનિપણું એ કહે સંપ્રદાયનું છે. અરે! બાપા! વસ્તુનું સ્વરૂપ છે આ. આહા..હા..! 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથે. એ તો આવી ગયું નહિ જન્મ્યા પ્રમાણે પ્રવચનસાર. આહા..હા..! આ વસ્ત્રસહિતના જે છે એ તો સાધુ નથી, પણ સાધુ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :-** ... જેને ગૃહિત મિથ્યાદર્શન હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૃહિત આવી ગયા. આવી વાત છે, ભાઈ! વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..! અરેરે! વીતરાગનો માર્ગ, જૈનશાસનનું સ્વરૂપ એને મળ્યું નહિ.

'**નિર્ગ્રંથ...**' છે. આહા..હા..! જેનો ગ્રંથ નીકળી ગયો, છૂટી ગયો છે. બાહ્યગ્રંથ વસ્ત્રાદિ અને અંતરંગગ્રંથ રાગાદિ. આહા..હા..! ધન્ય છેને એ અવતાર. વસ્તુ આ છે. આહા..હા..! જેને મોક્ષ નજીક છે. આવશે ઈ. આહા..હા..! એ આમાં જ આવશે હમણા. પરમ નિર્વાણ સુંદરીની સુંદર સેંથીની શોભા. '**મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા...**' નીચે છે ગાથામાં. આહા..હા..! પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એને અવલોકવામાં .. છે. આહા..હા..! '**નિર્ગ્રંથ...**' છે. આ કારણે એમ. કહ્યુંને '**બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણરહિત હોવાને લીધે...**' એમ. એ રાખતો નથી, લેતો નથી માટે નિર્ગ્રંથ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો પરમસત્ય વસ્તુ છે. દિગંબર સંપ્રદાય કોઈ સંપ્રદાય નથી કે વાડો નથી, એ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! જેને મોક્ષના ભાવ લેવાને ભાવના થઈ એ દશા કેવી હોય? ભાઈ! આહા..હા..! 'સાદી અનંત અનંત

સમાધિ સુખ.' જ્યારથી મોક્ષનો આનંદ પ્રગટ્યો તે અનંતકાળ. સાદી અનંત, સાદી શરૂ થઈ પણ અનંત સમાધિ સુખમાં. એનો ઉપાય મોક્ષમાર્ગ તો કેવો હોય, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ નિર્ગ્રંથદશા છે. આહા..હા..! માતાએ જન્મ્યા એવો બાહ્યભાવ. અંદરમાં જેવું એનું યથાર્થ સ્વરૂપ છે તે યથાજાત ભાવ. એની જાત જે વીતરાગસ્વભાવે છે આહા..હા..! એવી પર્યાયમાં યથાજાત. શરીરમાં યથાજાત. નગ્ન જેવો જન્મ્યો એટલે એ યથાજાત. આહા..હા..! પરમેશ્વર છેને. પાંચમાં પરમેશ્વર. આહા..હા..! એ ત્રણ બોલ થયા.

**'णिग्गंथा'** હવે **'णिम्मोहा'** ઈ છેને ચોથો બોલ? '(૪) **સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપના સમ્યક્ શ્રદ્ધાન,...**' આહા..હા..! **'णिम्मोहा'** કહેવું છેને? કહે છે કે જેને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એવો જે મોહ એથી રહિત છે. આવા સહિત છે માટે એનાથી રહિત છે. આહા..હા..! કેવા સહિત છે? કે '**સદા નિરંજન નિજકારણસમયસાર...**' આહા..હા..! માથે કહ્યું હતુંને નિરંજન પરમપંચમભાવ. એને અહીં સમયસાર કીધો. આહા..હા..! '**સદા નિરંજન...**' ત્યાં નિરાવરણ નિરંજન હતું. આહા..હા..! '**નિજકારણસમયસાર...**' ભગવાન કારણસમયસાર. ભગવત્સ્વરૂપ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ. કારણસમયસાર ધ્રુવસ્વરૂપ. '**નિરંજન નિજકારણસમયસાર...**' ભગવાનનું કારણસમયસાર ભગવાન પાસે રહ્યું. આહા..હા..!

'**સદા નિરંજન નિજકારણસમયસારના સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન,...**' કારણ સમયસાર ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એના સ્વરૂપની શ્રદ્ધા. એવા સ્વરૂપની શ્રદ્ધા. આહા..હા..! ભગવાનસ્વરૂપે આત્મા એના સ્વરૂપની શ્રદ્ધા. આહા..હા..! '**સદા નિરંજન નિજ કારણસમયસાર...**' કારણસમયસાર જોયું? કારણપરમાત્મા. પંચમભાવ કારણપરમાત્મા. એક સમયની નિર્મળ પર્યાય વિનાનો. આખો ભગવાન તળ જે તત્ત્વ એ કારણભગવાન, કારણસમયસાર, કારણપરમાત્મા, કારણજીવ. આહા..હા..!

**શ્રોતા :-** શબ્દો ઓછા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શબ્દો ઓછા પડે એની વાતું ક્યાં કરે? આહા..હા..!

વસ્તુ આત્મતત્ત્વ શું છે? આહા..હા..! આત્મતત્ત્વ સ્વરૂપનું સત્ત્વ એકલું ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... જેને આદિ નહિ, જેને અંત નહિ, જેને ઉણપ નહિ, જેને વિપરીતતા નહિ. આહા..હા..! એવું જે ભગવંતસ્વરૂપ ત્રિકાળ એવું નિજકારણસમયસાર. આહા..હા..! લ્યો, આ સમયસાર આવ્યું. આ પાના સમયસાર નહિ. આહા..હા..! '**સદા નિરંજન...**' જેને મેલ નથી, જેને આવરણ નથી. ત્રિકાળી જેમાં પર્યાય નથી પછી આવરણ-ફાવરણની ક્યાં વાત રહી? આહા..હા..! '**સદા નિરંજન...**' આ શાસ્ત્ર કોનું છે? હમણાનું કરેલું છે? આ તો કુંદકુંદાચાર્યનું કરેલું છે.

**શ્રોતા :-** નવસો વર્ષ પહેલાંની ટીકા. મૂળ ગાથા તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને બે હજાર વર્ષ થયા. આહા..હા..! કેટલાક એમ કહે છે કે એ સોનગઢિયાએ આમ કાઢ્યું. ભાઈ! રહેવા દે એ વાત છે. સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો આવો. આહા..હા..! નેમિચંદભાઈ! આવો માર્ગ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કરે છે. શું થાય? એમાં કાંઈ... આહા..હા..!

'**સદા નિરંજન નિજકારણસમયસારના...**' નિજકારણસમયસાર નિત્યાનંદ પરમસ્વભાવ એના '**સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન,...**' એનું સ્વરૂપનું સમ્યક્ શ્રદ્ધાન. આહા..હા..! એના સ્વરૂપનું '**સમ્યક્ પરિજ્ઞાન...**' લ્યો! બધાની સાથે સમ્યક્ મૂક્યું છે. છે એમાં? સ્વરૂપ સમ્યક્ શ્રદ્ધાન પરિજ્ઞાન એ પછી ઓલાની સાથે મેળવ્યું. બરાબર છે. '**સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણ...**' એમ લઈ લેવું. ટીકામાં છેને? એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. એટલું એણે ગોઠવી લેવું. એ તો બરાબર છે. અહીંયાં તો સમયસારસ્વરૂપને સમ્યક્ શ્રદ્ધાનને એ સમ્યક્ લાગુ પાડ્યું એમ. છતાં ઈ બધાને પાછું લાગુ પાડવું. સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ પરિજ્ઞાન, સમ્યક્ આચરણ એમ. સંસ્કૃતમાં તો એણે શબ્દ જોડાણ કરીને કર્યું છેને? એવું જે ભગવત્‌સ્વરૂપ પરમાત્મા નિત્યાનંદ ચૈતન્ય પ્રતિમા એમાં આ સમયસારના સ્વરૂપના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ શ્રદ્ધાન. એને જ્ઞાનમાં લઈને સમ્યક્ શ્રદ્ધાન. આહા..હા..! એવા પૂર્ણાનંદના નાથને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને સમ્યક્ શ્રદ્ધાન. આહા..હા..!

એનું '**સમ્યક્ પરિજ્ઞાન...**' કોનું? '**સદા નિરંજન નિજકારણસમયસારના સ્વરૂપનાં સમ્યક્ પરિજ્ઞાન...**' એનું પરિજ્ઞાન. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન પણ ક્યાંય રહી ગયું. એ જ્ઞાન જ ક્યાં છે? અરે! આહા..હા..! અરે! દિવ્યધ્વનિ સાંભળીને તે વખતે ક્ષયોપશમનો પર્યાય પ્રગટે પોતાને કારણે ઉપાદાનથી એ પણ સમ્યગ્જ્ઞાન નથી. આહા..હા..! ત્રિલોકનો નાથ અંદર સમ્યક્ સ્વરૂપે બિરાજમાન છે. એનું જ્ઞાન તે પરિજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આ તો થોડું-ઘણું જાણપણું જ્યાં થાય બહારમાં ત્યાં એમ થઈ જાય બસ અભિમાન અમે વધી ગયા. અરે! ભગવાન! બાપુ! આહા..હા..! શાસ્ત્રના મદ થઈ જાય મદ એને. અમને આવું આવડે. અરે! પ્રભુ! શું કરે છે? ભાઈ! ક્યાં તું રોકાણો? આહા..હા..! ત્રિકાળી ભગવાનનું સ્વરૂપ પરિજ્ઞાન થવું તે જ્ઞાન છે. આહા..હા..! શાસ્ત્રને યાદ કર્યા, ગોખ્યા, ધાર્યા, વાંચ્યા. એને એમ થઈ ગયું બસ હવે આપણને જ્ઞાન થઈ ગયું. આવડે છે. આહા..હા..!

આનું સમ્યક્ પરિજ્ઞાન. કોનું? '**સદા નિરંજન નિજકારણસમયસારના સ્વરૂપનાં...**' સમયસારના સ્વરૂપનું સમ્યક્ પરિજ્ઞાન, એનું સમ્યક્ આચરણ. આહા..હા..! નિરંજન સદા સમયસારસ્વરૂપનું અંદર સમ્યક્ આચરણ, સ્વરૂપનું અંદર નિજસ્વરૂપનું આચરણ. આહા..હા..! અરે! એને હજી ઓળખે નહિ, શ્રદ્ધામાં લે નહિ અને એમ ને એમ માની બેસે બહાર.

બાપુ! આ અવતાર ચાલ્યા જાય છે. દુનિયા માનશે એથી કરીને તને ત્યાં ધર્મ થઈ જશે (એમ નથી). દુનિયા તને એમ માને કે ઓહો..હો..! ભારે વિદ્વાન, ભારે જ્ઞાની! એથી કરીને તને શું છે? આહા..હા..!

ભગવાન કારણસમયસારનું સમ્યક્ આચરણ. હવે '**णिम्मोहा**' કહેવું છેને. આનાથી '**પ્રતિપક્ષ એવાં મિથ્યાદર્શન,...**' એ મોહ. આહા..હા..! આનાથી વિરુદ્ધ શ્રદ્ધા તે મિથ્યાદર્શન. આનાથી વિરુદ્ધ જ્ઞાન તે મિથ્યાજ્ઞાન. આહા..હા..! '**અને મિથ્યાચારિત્રનો અભાવ હોવાને લીધે...**' નિર્મોહ કહેવું છેને? નિર્મોહ છે. સંતો નિર્મોહ છે. કેમ? કે ત્રિકાળી કારણસ્વરૂપના શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રને કારણે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો અભાવ છે, માટે નિર્મોહ છે. આહા..હા..! આવા સાધુ હોય છે, લ્યો. હવે લાંબી થોડી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૫, શુક્રવાર, તા. ૨૦-૦૨-૧૯૭૬, કળશ-૧૦૬-૧૦૭, ગાથા-૭૫-૭૬, પ્રવચન નં. ૧૮૪

નિયમસાર. અધિકાર વ્યવહારચારિત્ર છે. પણ એ વ્યવહાર આવે છે એને જાણવાલાયક કરીને પરમાર્થે નિશ્ચય સાધુનું વર્ણન છે આ ૭૫માં. ૭૫ છેને? ફરીને લઈએ છીએ. '**આવા,...**' શબ્દ છેને? ત્યાંથી પડ્યું છે. આવા કેવા? એમ. ચાલે છે વ્યવહારચારિત્ર અધિકાર, પણ વ્યવહાર કોને હોય? જેને અખંડ આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વભાવ આત્મા એવો ભગવાન આનંદસ્વભાવ આત્મા. એવા આત્માની અંતરની દૃષ્ટિનો અનુભવ હોય. જેણે આનંદના સ્વાદને લીધો હોય એવા સમ્યગ્દૃષ્ટિ જીવને આગળ વધીને સ્વરૂપમાં લીનતા થાય એને ચારિત્ર કહેવામાં આવે છે. એવા ચારિત્રવંતને વિકલ્પ આદિ વ્યવહાર હોય તો એ જાણેલો છે, આદરવા જેવો છે નહિ. આહા..હા..! છતાં આવ્યા વિના રહે નહિ. આવી વાત છે. વ્યવહારનો અધિકાર છતાં નિશ્ચય નાખ્યો. જુઓ, ફરીને ટીકા ૭૫મી.

'**આ, નિરંતર અખંડિત પરમતપશ્ચરણમાં નિરત (-લીન) એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.**' સાધુ. જૈનના સંત, મુનિ એને કહીએ... બીજે તો હોતા જ નથી જૈન સિવાય તો ક્યાંય. એ પણ દિગંબર જૈન. એ સિવાય ક્યાંય સાધુપણું હોતું નથી. જૈન પણ નથી એ તો આમાં નાખશે. '**બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણરહિત હોવાને લીધે નિર્ગ્રંથ;...**' આવ્યું છેને? જૈનના મુનિ તો એવા હોય જેને બાહ્યમાં... રાતે કહ્યું હતું, દસ પ્રકારનો પરિગ્રહ ન હોય. અભ્યંતરમાં ચૌદ પ્રકારનો પરિગ્રહ, બાહ્યમાં દસ

પ્રકારનો. એટલે? મકાન અને ખેતર જેને ન હોય. ગામમાં મકાન અને બહારમાં પાદર-ખેતર જેને ન હોય. બાહ્યપરિગ્રહ એને હોતો નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ બાગમાં રહે તો એમ માને કે આ મારો બાગ છે અને આ મારું ખેતર છે હું અહીં રહું છું. એમ વાત છે. વનખંડમાં રહે છતાં 'એ વનખંડ મારું છે' એમ મુનિને હોતા નથી. મકાન નથી એને ગામમાં, વનમાં એને કોઈ ખેતર-જમીન નથી, એમ કહેવું છે. આહા..હા..! અને ચાંદી અને સોનું એને હોતું નથી બાહ્યપરિગ્રહ. એ સોનામાં આવી જાય કે નહિ? આહા..હા..! ચાંદી અને સોનું-ગીની એને હોય નહિ. ધન-ધાન્ય એને હોય નહિ. લક્ષ્મી ન હોય તેમ અનાજનો સંગ્રહ અનાજ રાખે એ તો બધો પરિગ્રહ છે. સમજાણું? ધન-ધાન્ય, દાસ-દાસી. માણસ અને કોઈ બાઈ કામ કરનારી નોકર ન હોય એને. એ બાહ્યપરિગ્રહ એને હોય જ નહિ. અને કપડા અને વાસણ એ દસ બોલ થયા. દસ બોલ થયાને? મકાન અને પાદર એટલે ખેતર, ચાંદી અને સોનું, ધન અને ધાન્ય, દાસી અને દાસ, કપડા અને વાસણ. આહા..હા..! જેને કપડા ન હોય અને વાસણ નામ પાત્ર ન હોય એમ. આહા..હા..! સમજાય છે કાંઈ? એવો બાહ્ય દસ પ્રકારના પરિગ્રહનો જેને ત્યાગ હોય છે. અભ્યંતરમાં ચૌદ પ્રકારના પરિગ્રહનો ત્યાગ હોય છે. આહા..હા..! નિર્ગ્રંથ કોને કહે? જેના ગ્રંથ નામ રાગની ગાંઠ તો ગળી ગઈ છે સ્વભાવના એકત્વના ભાનમાં. પણ જેને રાગની અસ્થિરતા પણ ટળી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો દસ પ્રકારના પરિગ્રહનો ત્યાગ અને અંતર મિથ્યાત્વના પરિગ્રહનો ત્યાગ. રાગની એકતા, રાગથી ધર્મ થાય એવી માન્યતા મિથ્યાત્વ એ પરિગ્રહ છે. પુણ્યની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિથી જીવને સંવર-નિર્જરા થાય, ધર્મ થાય એ માન્યતા મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહા..હા..! એ મિથ્યાત્વનો પરિગ્રહ જેને ન હોય. આહા..હા..! અને ચાર કષાય. સોળ કષાયમાંથી ચાર લેવા ભેગા. ક્રોધ, માન, માયા, લોભ. ક્રોધ, માન એ દ્વેષના ભાગ છે, માયા અને લોભ એ રાગના ભાગ છે. એટલે ક્રોધ, માન, માયા, લોભ ચાર અને નવ નોકષાય રતિ આદિ છેને. ૯ ને ૪, ૧૩ અને મિથ્યાત્વ (થઈને) ૧૪—એ અભ્યંતરપરિગ્રહ હોય છે. આહા..હા..! જેને શુભરાગ પણ લાભકર્તા છે એવી માન્યતા મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગ એવો છે. અત્યારે તો બધો ફેરફાર ઘણો થઈ ગયો. આહા..હા..! એને હાસ્ય, રતિ, અરતિ, વેદ, વાસના. આહા..હા..! એ પણ જેને અંતરપરિગ્રહ પક્કડ નથી. આહા..હા..! 'એવા' હવે શરૂ અહીં કરે છે.

'**ટીકા :- આ, નિરંતર અખંડિત પરમ...**' સાધુપણામાં '**નિરત...**' તપશ્ચરણ એટલે સાધુપણું, ચારિત્ર. આહા..હા..! જે '**નિરંતર અખંડિત પરમતપશ્ચરણ...**' આહા..હા..!

ભગવાન નિરંતર અખંડ સ્વરૂપ પોતે આત્મા છે એની દૃષ્ટિ અને અનુભવ તો છે, પણ અહીં તો હવે નિરંતર અખંડ પરમચારિત્રમાં લીન છે. આહા..હા..! શું કહ્યું ઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની પહેલી સીઢીવાળો એ '**નિરંતર અખંડિત પરમ...**' સ્વભાવમાં લીન છે. સમજાય છે કાંઈ? '**નિરંતર અખંડિત પરમ...**' સ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, સવચ્છતા, વીતરાગસ્વભાવ એવા અનંત સ્વભાવરૂપ વસ્તુ એમાં જેનું નિરંતર શ્રદ્ધા અને જ્ઞાનપણું પરિણમે છે, એને તો સમ્યગ્દૃષ્ટિ કહીએ હજી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ઉપરાંત તો અહીંયાં ચારિત્રની વાત છે.

નિરંતર અખંડ પરમચારિત્રમાં નિરત છે. તપશ્ચરણ એટલે ચારિત્ર. આહા..હા..! એવો ભગવાન અખંડ પરમશુદ્ધ ચૈતન્યઘન નિરંતર એવો આત્મા છે વસ્તુ. એમાં જેની પ્રતીતિ જ્ઞાનના ભાનસહિત જામી છે. આહા..હા..! એને તો સમ્યગ્દૃષ્ટિ હજી કહીએ. એને તો ધર્મની પહેલી સીઢીવાળો, પહેલા પગથિયા-સોપાનવાળો કહીએ. આહા..હા..! આ તો એનાથી વિશેષ છે હવે. આહા..હા..! જેને સમ્યગ્દર્શન શું અને એનો વિષય શું એ પ્રગટ્યો જ નથી એને તો ચારિત્ર હોતા નથી. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે નિરંતર પરમ અખંડ ચારિત્રમાં નિરત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એમાં દૃષ્ટિ અને અનુભવ તો છે, પણ વર્તમાનમાં વીતરાગપરિણતિમાં એ લીન છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ વીતરાગ સ્વભાવ ચૈતન્યમાં દૃષ્ટિ હોવાથી તેમાં એ લીન છે. ચારિત્રવંત વીતરાગી પરિણતિમાં લીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમતપશ્ચરણમાં નિરત એવા સર્વ સાધુઓના સ્વરૂપનું...**' જૈનના સાધુ સર્વ આવા હોય છે. સમજાણું કાંઈ? '**(સાધુઓ કેવા હોય છે?) (૧) પરમસંયમી,...**' પરમસંયમી. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદની રમત ઉગ્ર થઈ ગઈ છે એટલે બાહ્ય બાજુથી સંયમી થઈ ગયા છે. આહા..હા..! વિકલ્પ અને બાહ્યની ચીજથી ખસી ગયા છે. આહા..હા..! સાધુપણું કેવું હોય એ લોકોને સાંભળવા મળતું નથી અને જે-તે વેષ પહેર્યા ને બેઠા સાધુ. નગ્નપણું થઈ ગયા સાધુ એ સાધુ જ નથી. આહા..હા..! જેને અંતરમાં પરમસંયમ છે. આહા..હા..! અણિન્દ્રિય દશામાં એટલી રમત છે જેની કે બાહ્યથી પરમસંયમ થઈ ગયા છે. આહા..હા..!

એવા '**મહાપુરુષો હોવાથી ત્રિકાળનિરાવરણ નિરંજન પરમપંચમભાવ...**' આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ, ભગવત્ જ્ઞાનસ્વભાવ, ભગવત્ સુખસ્વભાવ, ભગવત્ શાંતિ સ્વભાવ, ભગવત્ વીર્યસ્વભાવ. એવા ભગવત્ અનંત સ્વભાવસ્વરૂપ પરમ પારિણામિકભાવ. આહા..હા..! એ નિરાવરણ છે. વસ્તુ નિરાવરણ છે એમ ત્રિકાળી સ્વભાવ પણ નિરાવરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિરંજન છે. જેમાં મેલ કેવા? અંજન નિર્મળાનંદ પ્રભુ. એવો '**પરમપંચમભાવ...**' પરમપંચમભાવ. એમ કેમ કહ્યું? કે પર્યાયને પણ પારિણામિકભાવ કહેવામાં આવે છે. રાગ છેને રાગ? એને પારિણામિકભાવ કહેવામાં આવે છે. જયધવલમાં

પાઠ છે. સમજાણું કાંઈ? પણ આ તો પરમપારિણામિકભાવ, પરમપંચમભાવ. આહા..હા..! એક સમયની કેવળજ્ઞાનની પર્યાયને પણ પારિણામિકભાવ કહેવાય. અરે! રાગના ભાવને પણ પારિણામિક કહેવાય, પણ પરમપારિણામિક નહિ. આહા..હા..! એ આખો પટારો જે અનંતગુણનો છે એને પરમપંચમભાવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો '**પરમપંચમભાવ...**' એ વસ્તુ, આનંદદળ, જ્ઞાયકદળ, સ્વભાવદળ, શુદ્ધભાવ તત્ત્વ, સત્ત્વરૂપ. આહા..હા..! અનાદિ-અનંત નિત્ય ધ્રુવ સામાન્ય સદશ્ય એકરૂપ. આહા..હા..! એવો જે પંચમભાવ, એવો ભગવાન આત્મસ્વભાવ એની ભાવના. ઈ ચીજ પંચમભાવની ભાવના. પંચમભાવ એ ત્રિકાળ, એની ભાવના એ વર્તમાન પર્યાય. આહા..હા..! જિનેશ્વરનો માર્ગ કોઈ જુદો પણ લોકોને બિચારાને બહારમાં મથીને મરી ગયા છે. .. એને તો. આહા..હા..! એવા '**ભાવનામાં પરિણમેલા...**' જ્ઞાનરસકંદ પરમસુખકંદ એવો પંચમભાવ. એની એકાગ્રતામાં પરિણમેલા. આહા..હા..! છે? '**હોવાને લીધે...**' આવા હોવાને લીધે '**જ સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત;...**' છે. અંતરના પરિણમનમાં વેપારમાં પડ્યા એ બાહ્યવેપારથી વિમુક્ત છે, એ કારણ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? અંતરના આવા પરિણમેલા હોવાને લીધે જ સમસ્ત બાહ્યવેપારથી વિમુક્ત છે. આહા..હા..! આવા પંચમભાવની પરિણતિસહિત છે, બાહ્યના વેપારથી વિમુક્ત છે. અસ્તિ-નાસ્તિ કરી. આહા..હા..! ગજબ છેને પાઠ! એ એક બોલ થયો.

બીજો. '**જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમતપ નામની ચતુર્વિધ આરાધના...**' પર્યાયમાં આરાધના. નિર્મળ વીતરાગી પરિણતિનું સેવન એમાં '**સદા અનુરક્ત;...**' આહા..હા..! સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્ર, સમ્યક્ ઈચ્છાનિરોધ અતીન્દ્રિય આનંદની દશાની ઉગ્રતાનું થવું એવી ચાર આરાધનામાં અનુરક્ત છે. આહા..હા..! માર્ગ, ભાઈ! એવી ચીજ છે. આમાં એમ ન કહ્યું કે પંચમહાવ્રતમાં અનુરત છે. અધિકાર તો વ્યવહારનો ચાલે છે. સમજાણું કાંઈ? એને હોય વ્યવહાર, પણ અનુરક્તતા આમાં છે. આહા..હા..! આ વ્યવહાર-વ્યવહાર કરે છેને? વ્યવહાર હોય છે, પણ એમાં જ્ઞાનીની લીનતા હોતી નથી. વ્યવહારને જાણેલો પ્રયોજનવાન વર્તે છે. આહા..હા..! આ નિશ્ચય અને વ્યવહારના મોટા ઝઘડા. ભાઈ! ઝઘડા નથી. એ તો ઝઘડા ટાળવાની ચીજ છે. સમજાણું કાંઈ? જે '**સદા અનુરક્ત;...**' છે. આહા..હા..!

ત્રીજો બોલ. '**બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણરહિત હોવાને લીધે નિર્ગ્રંથ;...**' છે. નિર્ગ્રંથ બાહ્યમાં દસ પ્રકાર કહ્યા એ. અભ્યંતરમાં ચૌદ પ્રકાર કહ્યા એ. આહા..હા..! જેને રાગ છે એ મારો છે એવી મિથ્યાદષ્ટિ વર્તે છે એને તો મિથ્યાત્વ અભ્યંતર પરિગ્રહ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ સાધુ એને કહીએ. આહા..હા..! પરમ નિર્વાણ સુંદરીની શોભાને જોવાને આતુરવાળો તત્પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અથવા અવલોકવામાં ચતુર બુદ્ધિવાળો છે એ. આહા..હા..! તે '**બધાય સાધુઓ હોય છે.**' આવા

બધાને સાધુ કહેવામાં આવે છે.

'(**હવે, ૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** શ્લોક કહે છે :)'

(आर्या)

भविनां भवसुखविमुखं त्यक्तं सर्वाभिषंगसंबंधात्।
मंक्षु विमंक्ष्व निजात्मनि वंद्यं नस्तन्मनः साधोः।।१०६।।

આહા..હા..! અરે! સાધુ કોને કહે, ભાઈ! આહા..હા..! અને એ સાધુપણા વિના ત્રણકાળમાં મુક્તિ નથી. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી કાંઈ મુક્તિ નથી. એ કહેશે હમણા ૭૬માં. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત આવી રમણતા ચારિત્રની દશા હોય એને મુક્તિની પ્રાપ્તિ થાય. આહા..હા..!

'**શ્લોકાર્થ :- ભવવાળા જીવોના ભવસુખથી...**' આહા..હા..! ભવવાળા જીવો ભવસુખથી લીન છે. એવા '**ભવસુખથી જે વિમુખ છે...**' ભવવાળા જીવો, ભવના સુખના પ્રેમવાળા છે. સંસારી. ભવવાળા એટલે સંસારી જીવ એ ભવસુખમાં સન્મુખ છે. ત્યારે સાધુ ભવસુખથી વિમુખ છે. આહા..હા..! '**ભવવાળા જીવોના ભવસુખથી...**' જે અતીન્દ્રિય આનંદના સુખમાં લીન છે, એ ભવવાળા જીવોના ભવસુખથી વિમુખ છે. આહા..હા..! જે સંતો અતીન્દ્રિય આનંદનું નિધાન ભગવાન અતીન્દ્રિય આનંદનું એમાં લીન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદની સન્મુખની પરિણતિ છે. એને ભવસુખથી વિમુખ છે. અજ્ઞાનીને અતીન્દ્રિય આનંદના સુખથી વિમુખતા છે એને ભવસુખની સન્મુખતા છે. આહા..હા..!

'**અને સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે,...**' સર્વસંગ છૂટી ગયો. આહા..હા..! અસંગ એવો ભગવાનનો સંગ તેને છે. '**સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે, એવું તે સાધુનું મન અમને વંદ્ય છે,...**' આહા..હા..! મુનિરાજ કહે છે પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે પોતે. અહો..! એવું જે સાધુનું પરિણમન, મન શબ્દે ચૈતન્યની વીતરાગી પરિણતિ એ અમને વંદ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સાધુપણું તો સમ્યગ્દષ્ટિ જીવને સ્વરૂપમાં લીનતા હોય એને હોય છે. આ તો હજી બહિર્ જે છે. શ્વેતાંબરના સાધુઓ જે છે એ તો બધા ગૃહીતમિથ્યાદષ્ટિ છે.

**શ્રોતા :-** કોઈ અપવાદ હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અપવાદમાં એકેય નહિ. શ્વેતાંબર મૂર્તિપૂજક કે સ્થાનકવાસી બધાય ગૃહીતમિથ્યાદષ્ટિ છે. સાધુ અને આર્જિકા. સમકિતી નહિ, એકલા અગૃહીતમિથ્યાત્વી નહિ, ગૃહીતમિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ગજબ વાત છે. એય..! ..ભાઈ! આહા..હા..! આકરી વાતું, ભાઈ! વસ્તુનું સ્વરૂપ તો આવું છે. આહા..હા..! જુઓને '**સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે,...**' આહા..હા..! જેને બાહ્યસંગ છૂટ્યો છે અને અંતર સંગ છૂટી ગયો છે. આહા..હા..!

અને જેને મિથ્યાત્વનો સંગ છે એને તો બધું સંગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે. એવું તે સાધુનું...**' ચૈતન્ય-પરિણમન. મન એટલે પરિણમન આપણે આવી ગયું છે. '**અમને વંદ્ય છે. હે સાધુ!**' આહા..હા..! તે ચૈતન્યના પરિણમનને '**મનને શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો.**' એ તારું પરિણમન આમ લીન થઈ જા તું અંદર. આહા..હા..! જુઓ, હવે વ્યવહારચારિત્રનો અધિકાર છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્યપરિણતિને આમ ઢાળી નાખ. આહા..હા..! મગ્ન થા. નિજાત્મામાં મગ્ન થા. નિજ આત્મા આનંદનો નાથ પ્રભુ આહા..હા..! એમાં મગ્ન થા, લીન થા. ઓહો..હો..! કેવી વાત છે! થોડા શ્લોકમાં પણ માલ ભર્યો છે એકલો.

ભગવાન ધ્રુવસ્વભાવ પરમપારિણામિકસ્વભાવ અનંતગુણનું નિધાન છે, અનંતગુણનું ગોદામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમપરમભાવ, ધ્રુવભાવ, નિત્યાનંદભાવ, સહજાનંદભાવ, ધ્રુવભાવ એ અનંત-અનંત ગુણનું ગોદામ છે. આહા..હા..! જેમાં અનંતગુણ સદૃશ્ય સામાન્ય ત્રિકાળ ભર્યા છે, શાશ્વત ભર્યા છે. સમજાણું કાંઈ? 'હે સાધુ! તેમાં લીન થા તું.' એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તારે કરવાનું છે, કહે છે. અધિકાર વ્યવહારનો ચાલે છે. એ આવે છે વચ્ચે રાગ. આહા..હા..! પણ કરવાનું તો આ છે, કહે છે. વ્યવહારચારિત્રની છેલ્લી ગાથા.

एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं।
णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि।।७६।।

**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

આહા..હા..! '**ટીકા :- આ, વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.**' પછી નિશ્ચય આવે છેને. પ્રતિક્રમણનું. પાંચ રત્નનું. એ વંચાઈ ગયું છે. '**આવી જે પૂર્વોક્ત પંચમહાવ્રત,...**' એ વ્યવહાર, વિકલ્પ. '**પંચસમિતિ,...**' એ વ્યવહાર, એ રાગ. '**નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ...**' એ પણ વિકલ્પની અપેક્ષા લેવી ત્યાં. નિશ્ચયમાં ભલે ન હોય તો વિકલ્પવાળી. '**પંચપરમેષ્ઠીના ધ્યાન...**' એ પણ રાગ. પંચપરમેષ્ઠી આવા છે એવા હોં પંચપરમેષ્ઠી. એવાનું ધ્યાન એ પણ શુભરાગ છે. આહા..હા..! આ કહ્યા એવાથી વિરુદ્ધ હોય તો પંચપરમેષ્ઠી નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પહેલે સમયે કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધો ફેરફાર ઘણો થઈ ગયો. આહા..હા..! શ્વેતાંબરમાં પહેલે સમયે કેવળજ્ઞાન, બીજે સમયે કેવળદર્શન. ઉપયોગનો એવો પાઠ કર્યો છે. બધું જોયું છેને બધું ઘણું, બાપુ! એ વસ્તુમાં ફેર ઘણો છે. મીઠાશથી કહીએ તો તે વીતરાગે તો એમ કહ્યું છે કે એ જૈન નથી. શ્વેતાંબર અને સ્થાનકવાસી તે જૈન જ નથી. હવે તો ૪૧ વર્ષ થયા.

હવે સાંભળવામાં શું? મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ કહ્યું છેને. પાંચમાં અધ્યાયમાં એને નાખ્યા છે. મુસલમાન, વિશેષિક, વેદાંતિ એમાં એને ભેગા નાખ્યા છે. ગૃહીતમિથ્યાદૃષ્ટિ બધા છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં તો લખ્યું છે કે .. ખોટા ઠરાવશો તો નરકમાં જશો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... પોતામાં ન કહે? પોતાની વાત મનાવવા માટે. આહા..હા..! ભગવાનના કહેલા એ નથી. શું થાય, ભાઈ! જેને 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું' એમ પ્રવચનસારમાં કુંદકુંદાચાર્યનો પોકાર અને અહીંયાં એના શાસ્ત્રોમાં વસ્ત્રો, આ ખપે, આટલા ખપે, આ ખપે. એ મિથ્યાદૃષ્ટિના કરેલા છે.

**શ્રોતા :-** જૈનમાં સાધુને વહોરવવા લાયક કપડા તૈયાર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, થાય છેને મીલમાં. આ અમદાવાદમાં. અમને દેવા આવે છેને મલમલ જેવા. આ સાધુ માટે કરેલું છે. આવે છેને.

'**આ વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું...**' કથન છે. તેમાં '**પંચમહાવ્રત, પંચસમિતિ, નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ અને પંચપરમેષ્ઠીનું ધ્યાનથી સંયુક્ત, અતિપ્રશસ્ત શુભભાવના...**' છે. તે કોને? કે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે એને. એને વ્યવહાર હોય એની આ વાત છે. આહા..હા..! ભારે શરતું ભાઈ ઘણી! '**અતિપ્રશસ્ત શુભભાવના...**' શુભભાવ છે એ બધો. પંચપરમેષ્ઠીનું ધ્યાન, પંચમહાવ્રતના ભાવ, પાંચસમિતિ ભાવ એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ, સંવર-નિર્જરા નહિ. આહા..હા..! ત્યારે એક જણી બાઈ કહે છે આર્જિકા અત્યારે કે એ દિગંબરના શાસ્ત્રમાં પંચમહાવ્રતને આસ્રવ કહ્યો છે. અમારા શાસ્ત્રમાં એને નિર્જરા કીધી છે એમ કહે. વાત સાચી છે. એના શાસ્ત્રમાં લખ્યું છે. ઠાણાંગમાં પાંચમું ઠાણાંગ છે. પંચમહાવે નિર્જરા ઠાણા. એની વાતમાં ક્યાં ઠેકાણા છે?

**શ્રોતા :-** ... નિશ્ચયચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં હતું નિશ્ચય અને વ્યવહાર પણ ક્યાં હતો? કુલિંગ છે બધા. આહા..હા..! ભગવાને એમ સ્પષ્ટ કર્યું છે. કુંદકુંદાચાર્યે દર્શનપાહુડમાં, બોધપાહુડમાં એ સ્પષ્ટ કર્યું છે. ચૌદમી ગાથા. જૈનદર્શન એને કહીએ જેને ત્રણ કષાયનો અભાવ, જેને નગ્નદશા, જેને ઉભા-ઉભા આહાર એને જૈનદર્શન કહ્યું છે. ચૌદમી ગાથા. આહા..હા..! એ વિના જૈનદર્શન નહિ. કહો, મનસુખભાઈ! હવે તો આવી ગયાને આ બાજુ. આહા..હા..! પણ જૂના માણસને આકરું લાગે આ. આવો માર્ગ, ભાઈ! મીઠાશથી કહે, ધીમાશથી કહે, પણ વસ્તુ તો આ છે, ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનું કહેલું આવું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**અતિપ્રશસ્ત શુભભાવના...**' છે. તે કોને? જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે એને આવા ભાવ હોય એને પ્રશસ્ત શુભભાવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો,

બાપુ! શું થાય? અરેરે! '**તેમાં વ્યવહારનયના અભિપ્રાયે પરમચારિત્ર છે;...**' જોયું? એને પરમ શબ્દ લગાડ્યો. જેને નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે એને આવા ભાવને પરમવ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે, ભાઈ! '**હવે કહેવામાં આવનારા પાંચમા અધિકારને વિષે, પરમપંચમભાવમાં લીન,...** ' આહા..હા..! મુનિરાજે તો પંચમભાવને વખાણ્યો છે જ્યાં. કારણપરમાત્મા, ધ્રુવ કારણજીવ, કારણસમયસાર, પંચમભાવ, નિત્યભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, સદશભાવ, એકરૂપભાવ. આહા..હા..!

એવા '**પંચમભાવમાં લીન,...**' આહા..હા..! ઓલો વ્યવહાર કહ્યો પહેલો. પણ જે '**પરમપંચમભાવ...**' એકલું ધ્રુવસત્ત્વ, અનંત સામાન્ય શક્તિનો પિંડ પ્રભુ. આહા..હા..! જીવતરશક્તિ છેને? તો એને એવી રીતે લાગુ પાડ્યું કે જેમ ભગવાન જ્ઞાનસ્વભાવ એનો ત્રિકાળ છે એવો ભગવાન જીવતર શક્તિ એની ત્રિકાળ છે. આહા..હા..! પરમપંચમભાવમાં. સમજાણું કાંઈ? પરમપંચમભાવમાં ત્રિકાળ જેમ જીવતરશક્તિ છે, એમ ચિતિશક્તિ ત્રિકાળ છે. આહા..હા..! ભગવાન ચિતિશક્તિ, ભગવત્સ્વરૂપ ચિતિશક્તિ ત્રિકાળ છે. આહા..! એમ ૪૭ લીધી હતી. તે દિ' ઉતાર્યું હતુંને નિત્ય ઉપયોગ. એમ અહીંયાં ભગવત્ જીવતરશક્તિ, ભગવત્ ચિતિશક્તિ ભગવત્ જ્ઞાનશક્તિ, દશિશક્તિ, સુખશક્તિ એ ભગવત્ શક્તિ બધી ભગવાન શક્તિ છે બધી. આહા..હા..! ગુણરૂપ, ધ્રુવરૂપ, નિત્યરૂપ. આહા..હા..! એવો જે પંચમભાવ એમાં જે લીન. આહા..હા..! એ વર્તમાનદશા.

એ લીનતા '**પંચમગતિના હેતુભૂત,...**' એ મોક્ષનું કારણ એ. પંચમભાવમાં લીનતા એ મોક્ષનું કારણ. એમ કરીને વ્યવહાર અધિકાર છે. વ્યવહાર જાણવાલાયક છે, મોક્ષને માટે કારણ નથી. આહા..હા..! દિગંબર સંતોની કથની તો જુઓ! ચારેય બાજુથી અવિરોધભાવ ઉભો થાય છે. આહા..હા..! '**પરમપંચમભાવમાં લીન, પંચમગતિના હેતુભૂત,...**' ઓલા વ્યવહારનો અધિકાર આવે પણ વ્યવહાર છે એટલી વાત કરી, પણ એ મોક્ષનું કારણ છે એમ નહિ. આહા..હા..! શુભભાવ છે, બંધનું કારણ છે. આહા..હા..! એ કોને? જે પંચમભાવમાં લીન છે દષ્ટિ-જ્ઞાન-ચારિત્ર એની વાત છે. એને એવો શુભભાવ હોય એ અતિપ્રશસ્ત-જાણવાલાયક છે. આહા..હા..! આવી વાત છે.

શ્રીમદ્ કહે છે, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે કે શું એ કહેવા માગે છે. શ્વેતાંબરની મોળાશને લઈ રસ ઠંડાતો ગયો. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. એનો અર્થ વિપરીત થતું ગયું એમ છે મૂળ તો. આહા..હા..! દિગંબર સંતોની શૈલી તો જુઓ! આહા..હા..! અતીન્દ્રિય આનંદના ઘરમાં જવાની વાત. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! શું થાય?

'**પરમપંચમભાવમાં લીન...**' આહા..હા..! એવો જે નિશ્ચયમોક્ષમાર્ગ એ '**પંચમગતિના હેતુભૂત,...**' એ પાંચમી ગતિનું કારણ મોક્ષનું. '**શુદ્ધનિશ્ચયનયાત્મક...**' શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ.

એ પંચમભાવમાં લીનતા એ શુદ્ધનિશ્ચયસ્વરૂપ **'પરમચારિત્ર દ્રષ્ટવ્ય (-દેખવાયોગ્ય) છે.'** હવે એ કહેશું એમ કહે. આહા..હા..! છેને દ્રષ્ટવ્ય? આહા..હા..! અધિકાર વંચાઈ ગયો છે ઈ. આ તો વચ્ચે નહોતું વાંચ્યું એટલે આ લીધું.

**'એવી રીતે માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** જુઓ, હવે આવ્યું.

(वंशस्थ)

''कुसूलगर्भस्थितबीजसोदरं
भवेद्विना येन सुदृष्टिबोधनम्।
तदेव देवासुरमानवस्तुतं
नमामि जैनं चरणं पुनः पुनः।।''

આહા..હા..! **'શ્લોકાર્થ :- જેના વિના...'** એટલે કે સ્વરૂપની રમણતા ચારિત્ર વિના. આહા..હા..! **'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલા બીજ (-અનાજ) જેવાં છે,...'** કોઠારમાં બીજ પડ્યા છે. આહા..હા..! **'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન...'** અંતરના સ્વરૂપની રમણતાની વીતરાગપરિણતિ વિના. આહા..હા..! **'કોઠારની અંદર પડી રહેલા બીજ (-અનાજ) જેવાં છે,...'** આહા..હા..! કારણ કે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ થઈને છે. કાંઈ બેથી મોક્ષમાર્ગ નથી. ચારિત્ર સાથે હોય છે ત્યારે મોક્ષનો માર્ગ પૂરો થાય છે. કાંઈ સમ્યગ્દર્શન અને જ્ઞાન બે થઈને મોક્ષમાર્ગ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપ કોઈવાર એમ કહેતા હતા કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યક્ચારિત્ર હોય જ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય જ છે. પણ આ તો જરી પૂર્ણ નથી પૂર્ણ. એ તો આમાં કહ્યું છેને. કળશટીકામાં છે. ખબર છે ક્યાં? બે ઠેકાણે છે. જ્યાં મોક્ષમાર્ગ કહ્યો એમ કે સમ્યગ્દર્શન કીધું ત્યાં ત્રણે આવી જાય છે ભેગું. આઠમું પાનું છે. 'અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે મળવાથી થાય અને તમે કહો છો કે આ સમ્યગ્દર્શન સમકિતભાવ થતાં મોક્ષમાર્ગ ફળ્યો.' એમ. 'શુદ્ધજીવસ્વરૂપ અનુભવતા ત્રણે છે.' જવા માટે. 'શુદ્ધજીવસ્વરૂપ અનુભવતા ત્રણે છે.' આહા..હા..! ભલે સ્વરૂપનું આચરણ થોડું, પણ ચારિત્રનો ભાગ છે. એમ છે. જુઓ, આહા..હા..! ત્રણે છે.

'કેવો છે શુદ્ધજીવ? નિર્વિકલ્પ વસ્તુમાત્ર જોતાં શુદ્ધપણું તેરૂપે આત્મા છે.' એનો અનુભવ થવો એ કહે છે જુઓ, આ 'સમ્યક્ભાવ થતાં .. જ્ઞાનાવરણીય દ્રવ્યકર્મ મટે છે. નિર્જરે છે. તેથી મોક્ષમાર્ગ.' તેથી મોક્ષમાર્ગ. સમ્યક્ભાવ થતાં મોક્ષમાર્ગ છે એમ કહ્યું. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે મોક્ષમાર્ગ તો ત્રણ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર થઈને એક. એક જીવસ્વરૂપ અનુભવતાં ત્રણે આવી જાય છે. જીવનો સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવ થતાં સ્વરૂપનો-ચારિત્રનો

અંશ પણ ભેગો હોય છે. એમ કરીને લીધું છે. આહા..હા..! પાનું-૩૪. પાનું-૯૫. એમ બીજે ઠેકાણે છે હોં. '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' એ ૩૧ કળશ છે. છે? શું કીધું? '**ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં,...**' ઓલી નાસ્તિ અને આ અસ્તિ. '**સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' ભેગું. દર્શન-જ્ઞાન-ચારિત્ર ભેગું આવી જાય છે. સમજાણું?

૯૫. 'કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે મળીને છે. અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં...' શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહજગર્ભિત છે.' બહુ સારું લખ્યું છે. આમાંથી આ બનાવ્યું છે સમયસારનાટક. આહા..હા..! શું કહ્યું? કે સમ્યગ્દર્શન જ્ઞાન આત્માની શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ, એની પ્રતીતિ-દર્શન અને જ્ઞાન. એવા બે હોવા છતાં. વિશેષ ચારિત્ર લેવું છેને ઓલું? સ્વરૂપ આચરણનો અંશ લેવો હોય પણ એ '**કોઠારની અંદર પડી રહેલાં બીજ જેવાં છે,...**' વીતરાગપરિણતિ ભેગી જોઈએ. તો મોક્ષમાર્ગ આખો થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જ દેવ-અસુર-માનવથી સ્તવવામાં આવેલા...**' આહા..હા..! દેવ-અસુર-માનવથી સ્તુતિ કરવામાં આવેલું વીતરાગી ચારિત્ર. મુનિને વીતરાગી ચારિત્ર હોય છે. આહા..હા..! '**આવેલા જૈન ચરણને (-એવું જે સુર-અસુર-મનુષ્યોથી સ્તવવામાં આવેલું જિનોક્ત ચારિત્ર તેને) હું ફરીફરીને નમું છું.**' મુનિરાજ પોતે કહે છે. આહા..હા..! માર્ગપ્રકાશકમાં છેને?

'**વળી (આ વ્યવહારચારિત્ર અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**' લ્યો.

(आर्या)

शीलमपवर्गयोषिदनंगसुखस्यापि मूलमाचार्याः।
प्राहुर्व्यवहारात्मकवृत्तमपि तस्य परंपरा हेतुः।।१०७।।

'**શ્લોકાર્થ :- આચાર્યોએ શીલને (-નિશ્ચયચારિત્રને)...**' સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત નિશ્ચય સ્વરૂપની સ્થિરતાને '**મુક્તિસુંદરીના...**' મોક્ષરૂપી સુંદરી પરિણતિ એના '**અનંગ (-અશરીરી) સુખનું મૂળ કહ્યું છે;...**' મોક્ષનું સુખ એ અશરીરી સુખ છે. અનંગ-અંગ વિનાનું સુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આચાર્યોએ શીલને (-નિશ્ચયચારિત્રને, મુક્તિસુંદરીના અનંગ (-અશરીરી) સુખનું મૂળ કહ્યું છે; વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે.**' વ્યવહાર. શુભભાવ નાખ્યો. ઓલો નિશ્ચયસહિત છે એને વ્યવહાર અત્યારે અશુભ ટળ્યો છે, પછી શુભ ટાળશે એથી વ્યવહાર પરંપરા કારણ કહેવામાં આવ્યું, પણ ઓલા

નિશ્ચયવાળાને. એકલા જ્યાં નિશ્ચય નથી, શુભ કરતાં-કરતાં વ્યવહારાત્મક પરંપરા કારણ છે એમ નથી. આહા..હા..! નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન જ્યાં નથી એના વ્યવહારક્રિયાકાંડ પરંપરા કારણ છે એમ નથી. એને વ્યવહાર કેવા? જેને આત્મદર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે એને વ્યવહાર જે આવ્યો છે એ પરંપરાએ પછી છોડીને સ્થિર થશે, એથી વ્યવહારથી પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. લ્યો, એ અધિકાર પૂરો થયો.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** મુનિ આવા હોય. દેહમાત્ર વસ્ત્રનો ટૂકડો પણ એને હોય નહિ. આહા..હા..! **'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) વ્યવહારચારિત્ર અધિકાર નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


મહાપુરાણ ભાગ-૧
દૃષ્ટિનાં નિધાન
ગુરુ કહાન - દૃષ્ટિ મહાન
કહાન દેશના
પાહુડ-દોહા
મહાવીર પુરાણ
પરમ-પારિણામિકભાવ
બોધિ-સમાધિ-નિધાન
ભાગવત શાસ્ત્ર